વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૧ ● ● તા. ૧૬-૧-૯૮ ●
Licence to post without prepayment No. 37
● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. લાડકચંદભાઇ વોરા

સાયલાના રાજસોભાગ આશ્રમની સ્થાપનાના પ્રેરક, અનેક મુક્ષુઓના ગુરુદેવ, 'બાપુજી'ના નામથી ભક્તોમાં પ્રિય અને ાદરણીય, સાયલાના સંત તરીકે ખ્યાતિ પામેલા એવા સ્વ. ાડકચંદભાઇ માણેકચંદ વોરાનો મંગળવાર, તા. ૯મી ડિસેમ્બર ૧૯૯૭ના રોજ ૯૩ વર્ષની વયે દેહવિલય થયો. એમના સ્વર્ગવાસથી મમારી જેમ અનેકને અધ્યાત્મમાર્ગના એક અનુભવી પથપ્રદર્શકની ોટ પડી છે.

(સ્વ. લાડકચંદભાઇ વોરાના જીવન અને કાર્ય વિશે ઘણું લખાયું અને ઘણું લખી શકાય એમ છે, પણ આ ટૂંકા શ્રદ્ધાંજલિ લેખમાં યત્વે અમારાં સ્મરણો, સંક્ષિપ્ત જીવનરેખા સાથે, તાજાં કરીશું. એ .ટે 'લાડકચંદભાઇ'ને બદલે 'બાપુજી' શબ્દ જ પ્રયોજીશું.)

બાપુજીનો પહેલો પરોક્ષ પરિચય મને લંડનનિવાસી સુધાબહેન નુભાઇ દ્વારા થયો હતો. ૧૯૮૪ના જુલાઇમાં લેસ્ટરથી મુંબઇ ાવતાં અમે લંડનમાં સુધાબહેનને ઘરે રોકાયાં હતાં. તે વખતે પોતાના વાનખાનામાં એક ફોટો બતાવી એમણે કહ્યું, 'આ સાયલાના ાડકચંદ બાપા'. ધ્યાનમુદ્રામાં એ ફોટો હતો. એ જોતાં જ કોઇ ભાવશાળી સાધક વ્યક્તિ હોય એવો ખ્યાલ આવે. સુધાબહેન ભારત ાવે ત્યારે સાયલા અચૂક જાય. તેમણે લાડકચંદ બાપાને પોતાના ાધ્યાત્મિક ગુરુ માન્યા હતા. તે વખતે જ મનમાં ઇચ્છા ઉદ્ભવેલી કે ાયલા જવાની તક મળે તો સારું.

યુનિવર્સિટીની અધ્યાપકીય જવાબદારી અને અન્ય રોકાણોને ારણે સાયલા જવાનું તરત બન્યું નહિ, પણ ૧૯૮૮માં લેસ્ટરમાં તિષ્ઠા હતી ત્યારે બાપુજી ત્યાં પધારેલા અને ત્યારે એમનો પહેલી વાર રિચય થયેલો. તે વખતે બાપુજી ગળાની - સ્વરતંત્રીની તકલીફને ારણે બહુ બોલતા નહિ, પણ એમના પવિત્ર વ્યક્તિત્વની સુવાસ નમાં અંકિત થઈ ગઇ હતી.

ત્યારપછી, મુંબઇ આવ્યા બાદ, લીંબડીમાં પૂ. શ્રી અજરામરજી ામીની દ્વિશતાબ્દીના કાર્યક્રમમાં જવાનું થયું ત્યારે મેં આયોજકોને ંતી કરેલી કે થોડી વાર માટે પણ જો સાથે સાથે સાયલાની મુલાકાત ઠવાય તો જરૂર ગોઠવી આપવી. તે ગોઠવાઇ અને એકાદ કલાક માટે યલાના આશ્રમમાં જવાની અને બાપુજીને મળવાની તક મળી. પુજી તે વખતે સાધકનિવાસની એક રૂમમાં સાંજ સુધી રોકાતા. અમે યલા ગયાં ત્યારે મારા મિત્ર લંડનનિવાસી શ્રી અભયભાઇ મહેતા ત્યાં જ હતા. બાપુજી સાથે અમારે ત્યારે અંગત સરસ પરિચય થયો ો.

એક દિવસ દાંતના ડૉક્ટર ડૉ. જીતુભાઇ નાગડા બહેન મીનળને લઇને મારે ઘરે આવ્યા. ડૉક્ટરે પરિચય કરાવ્યો. મીનળે વાત કરી. કામ હતું બાપુજીએ કરાવેલા સ્વાધ્યાયની કેસેટ ઉપરથી પોતે જે ઉતારો કર્યો છે તેને છપાવવા માટે સુધારી આપવાનું. Spoken Word અને Written Word વચ્ચે ઘણો ફરક હોય છે. પુનરુચ્ચારણો કાઢી નાખી, વાક્યરચના સરખી કરી, જોડણી સુધારી વ્યવસ્થિત લખાણ કરવામાં ઠીક ઠીક સમય લાગે એવું હતું. સામાન્ય રીતે આવાં કામ કરવાનું મને ગમે કે ફાવે નહિ, તો પણ ડૉક્ટર અને મીનળના પ્રેમભર્યા આગ્રહને વશ થઇ એ કાર્ય મેં સ્વીકાર્યું, પરંતુ મુંબઇના વ્યસ્ત જીવનમાં દોઢ વર્ષ સુધી એ કાર્ય થઇ શક્યું નહિ. કેટલાંક શંકાસ્થાનો વિશે બાપુજીને પૂછાવવાનું પણ થતું. પરંતુ એક દિવસ બહેન મીનળે સૂચન કર્યું કે જો હું સાયલા આશ્રમમાં જઇને રહું તો જે કંઇ પૂછવું હોય તે બાપુજીને તરત પૂછી શકાય અને કામ આગળ ચાલે. બહેન મીનળનું એ સૂચન ગમ્યું. મારાં પત્ની અને હું સાયલા ગયાં. આ ઉપાય સફળ નીવડ્યો. ટેલિફોન નહિ, ટપાલ નહિ, છાપું નહિ, મુલાકાતીઓ નહિ, વ્યાવહારિક અવરજવર નહિ, એટલે કામ ઝડપથી થયું. પછી તો જ્યારે જ્યારે સાયલા જવાનું નક્કી કરીએ એટલે બહેન મીનળ ચીવટપૂર્વક બધી વ્યવસ્થા ગોઠવી આપે. પરિણામે ડાયરીઓનું 'શિક્ષામૃત' સ્વરૂપે પ્રકાશન થયું.

સાયલામાં તે વખતે એક દિવસ બાપુજીના કહેવાથી કોઇપણ એક વિષય પર વ્યાખ્યાન આપવાનું સ્વીકાર્યું. મારા વિષય તરીકે મેં લોગસ્સના કાયોત્સર્ગ ધ્યાનનો વિષય પસંદ કર્યો. મારા વક્તવ્યમાં મૂલાધારથી સહસ્રાર ચક્ર સુધી લોગસ્સની સાત ગાથાઓનું અને ચોવીસ તીર્થંકરોનું ધ્યાન કેવી રીતે ધરવું અને કુંડલિનીની સાધનાની પ્રક્રિયા લોગસ્સસૂત્રના ધ્યાન દ્વારા કેવી રીતે કરી શકાય તે હરિભદ્રસૂરિએ બતાવ્યા પ્રમાણે મેં સમજાવ્યું. મારા વક્તવ્યને અંતે ઉપસંહાર કરતાં બાપુજીએ કહ્યું, 'રમણભાઇએ કુંડલિનીની સાધનાની વાત કરી છે. પરંતુ અહીં આશ્રમમાં આપણી સાધના પદ્ધતિ જુદી છે અને તે વધુ સરળ છે.'

ત્યાર પછી બાપુજીએ મને શાંત સુધારસની પ્રક્રિયાની વાત કરી અને કૃપાળુદેવના વચનામૃતમાંથી કેટલાક પત્રો વંચાવ્યા. કાયાવરોહણ તીર્થના સ્વામી કૃપાલુઆનંદની અથવા કેટલાક કબીરપંથી તથા અન્ય પંથના સાધકોની જે સાધનાપદ્ધતિ છે લગભગ તેવા જ પ્રકારની, ગુરુગમ દ્વારા બીજજ્ઞાનની સાધના અહીં આશ્રમમાં સ્વીકારેલી છે. શ્રી સુધાબહેન વિનુભાઇની પ્રેરણાથી આ પ્રકારની સાધના બાપુજીના

માર્ગદર્શન હેઠળ કરવાનું મેં સ્વીકાર્યું અને એમાં યથાશક્તિ પ્રગતિ કરી શક્યો છું.

પંદર દિવસ આશ્રમમાં રહેવાનો અમને એક સરસ અનુભવ થયો. બાપુજીની એટલી વ્યાવહારિકતા કે અમને વિદાય આપવા જાતે અમારી મોટરકાર પાસે આવી પહોંચ્યા. બીજી વાર જલદી આશ્રમમાં આવવા માટે નિમંત્રણ આપ્યું. મેં બાપુજીને કહ્યું કે 'ઘણે ઠેકાણે ફરવાનું થયું છે. તેમાં સાયલાનો આપણો આશ્રમ પણ એક એવું સ્થળ છે કે જ્યાં ફરી ફરી આવવાનું મન થાય. આપણા આ આશ્રમની જે કેટલીક વાત મને વધુ ગમી છે તેમાં એક છે સ્વતંત્ર શિખરબંધી જિનમંદિર અને નિત્યના ક્રમમાં ચૈત્યવંદનને સ્થાન. આપણા આ આશ્રમમાં તીર્થંકર પરમાત્માને ગૌણ કરવામાં આવ્યા નથી અથવા 'કૃપાળુ દેવ એ જ અમારે મન તીર્થંકર, બીજા તીર્થંકરની અમારે જરૂર નથી એવી માન્યતા પ્રવર્તતી નથી. વળી આપણા આ આશ્રમમાં નવકાર મંત્રનું વિસ્મરણ થવા દીધું નથી. રોજે રોજ પ્રાર્થના, ચૈત્યવંદન, સ્વાધ્યાય વગેરેમાં નવકારમંત્ર બોલાય છે અને ચૈત્યવંદન પહેલાં નવકારમંત્રની એક માળા ગણાય છે. તદુપરાંત સ્વાધ્યાયમાં ફક્ત વચનામૃત (ઉપદેશામૃત અને બોધામૃતસહિત) સિવાય બીજા કશાનું વાંચન નહિ જ એવો આગ્રહ ન રાખતાં, રોજેરોજ વચનામૃતના સ્વાધ્યાય ઉપરાંત અધ્યાત્મસાર, જ્ઞાનસાર, આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી વગેરેનાં સ્તવનો, સજ્ઝાયો, પદોના અર્થને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મોટી પૂજામાં આત્મસિદ્ધિની પૂજા ઉપરાંત પંચકલ્યાણકની પૂજા, અંતરાયકર્મની પૂજા, સ્નાત્રપૂજા વગેરેને પણ સ્થાન આપવામાં આવ્યું છે. તદુપરાંત સ્વાધ્યાય-વાંચન તથા પ્રાર્થના-સ્તુતિ, પદો ગાવાં જેવી પ્રવૃત્તિમાં મહિલાઓ સહિત જુદી જુદી વ્યક્તિઓને સ્થાન આપી દરેકની શક્તિને ખીલવવાની સારી તક આપવામાં આવે છે. સાયલાના આશ્રમની આ વિશિષ્ટતાઓ અને એની સાધનાપદ્ધતિને કારણે અમને સાયલા વારંવાર આવવાનું મન થાય એવું છે.'

અને આ બધામાં સૌથી મોટું આકર્ષણ તે બાપુજીના સાન્નિધ્યનું હતું. એમનું જીવન એવું સભર અને સુવાસમય હતું.

બાપુજીનો જન્મ વિ. સં. ૧૯૬૧ના ફાગણ સુદ બીજ તા. ૮મી માર્ચ ૧૯૦૫ના રોજ સાયલા તાલુકાના ચોરવીરા નામના એક નાનકડા ગામમાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ માણેકચંદ અને માતાનું નામ હરિબાઈ હતું. ચોરવીરાનું આ સંસ્કારી જૈન કુટુંબ એની ઉદારતા, દયાભાવના, પરગજુવૃત્તિ માટે જાણીતું હતું. વિ. સં. ૧૯૫૬ના એટલે કે છપ્પનિયા દુકાળ વખતે ભૂખે ટળવળતા દુકાળિયાઓની એમના આંગણે લાઈન લાગતી અને તેઓ સૌને ખાવાનું આપતા. બાળક લાડકચંદમાં ધર્મના સંસ્કાર પડેલા. એમનો કંઠ પણ બુલંદ હતો. (એમના નાના ભાઈ ન્યાલચંદભાઈ કે જેમને આશ્રમમાં સહુ કાકા કહીને બોલાવે છે તેમનો કંઠ પણ એવો જ બુલંદ છે.) જિનમંદિરમાં સવારે પૂજા કરવા અને સાંજે આરતી ઉતારવા તેઓ નિયમિત જતા. તેમણે પાસેના ગામ સરામાં અને પછી ચોરવીરામાં શાળા થતાં ચોરવીરામાં પ્રાથમિક ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો અને ત્યારપછી રાજકોટની દશાશ્રીમાળ બોર્ડિંગમાં રહીને કરણસિંહજી સ્કૂલમાં તથા ઓલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. વિદ્યાર્થી તરીકે એમની કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. તેમણે પાઠશાળામાં જૈન ધાર્મિક શિક્ષણનો પણ સંગીન અભ્યાસ કર્યો હતો અને તેની પરીક્ષામાં પ્રથમ નંબરે આવી રાજકોટમાં બહુમાન પણ મેળવ્યું હતું.

મેટ્રિક પછી તેમને આગળ ભણાવવાની માતાપિતાની ઈચ્છા નહોતી. એ જમાનામાં મેટ્રિક સુધી ભણવું એ પણ ઘણું અઘરું હતું અને બહુ ઓછા વિદ્યાર્થીઓ મેટ્રિક સુધી પહોંચી શકતા. કૉલેજમાં ભણવા માટે તો બહારગામ જ જવું પડતું, કારણ કે સમગ્ર મુંબઈ ઈલાકામાં પાંચ છ શહેરમાં જ કૉલેજ હતી.

મેટ્રિક પાસ થયા તે પહેલાં બાપુજીની સગાઈ એમના પિતાશ્રીએ સરા ગામના બેચરદાસનાં પુત્રી સમરથ સાથે કરી હતી. ૧૯મા વર્ષે એમનાં લગ્ન થયાં. લગ્ન પછી કંઈક વ્યવસાય કરવા માટે તેઓ મુંબઈ આવ્યા. પરંતુ સાયલાના ઠાકોરે આવા તેજસ્વી યુવાનને સાયલામાં જ રાખવાનો વિચાર કર્યો અને તાર કરી એમને પાછા સાયલામાં બોલાવ્યા અને રાજ્યમાં નોકરી આપી. તેઓ શિરસ્તેદાર બન્યા અને એમ કરતાં આગળ વધતાં સાયલા રાજ્યના ન્યાયાધીશની પદવી સુધી પહોંચ્યા. આઝાદી પછી ગુજરાત સરકારમાં તેમની નોકરી ચાલુ રહી. તેઓ બોટાદ, મહુવા અને ભાવનગરમાં મામલતદાર તરીકે અને ભાવનગરમાં એસિસ્ટન્ટ કલેક્ટર તરીકે પોતાનું કાર્ય કરતા રહ્યા હતા. ૧૯૬૧માં તેઓ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા હતા.

સરકારી અમલદારોને આમ જનતાના વિવિધ પ્રકારના કડવામીઠા અનુભવો થતા. બાપુજીને પણ ન્યાયાધીશ હતા ત્યારે અને એસિસ્ટન્ટ કલેક્ટર હતા ત્યારે લાંચ આપવા માટે પ્રયત્નો થયેલા. પરંતુ તેઓ એને વશ થતા નહિ એ આપનારને ધમકી આપતા કે ફરી વાર એવો પ્રયાસ કરશે તો પોતે એને જેલમાં બેસાડશે. ન્યાયાધીશ તરીકે એક ગુનેગારને ફાંસીની સજા આપવાની, બીજા બે ન્યાયાધીશો સાથે પોતાને સંમતિ આપવી પડેલી એનું એમને પારાવાર દુઃખ થયેલું.

ન્યાયપ્રિય નીતિવાન અમલદાર તરીકે બાપુજીની સુવાસ જ્યાં જ્યાં એમણે કામ કર્યું હતું ત્યાં ત્યાં પ્રસરી હતી. સાયલામાં પચીસેક વર્ષ કામ કરેલું એટલે સાયલાના રહેવાસીઓમાં તે સૌથી વધુ આદરપાત્ર હતા. વયને કારણે તથા આશ્રમની સ્થાપનાના પ્રેરક તરીકે એમનું માન ઉત્તરોત્તર વધતું જતું હતું. બાપુજી પણ પ્રત્યેક વ્યાવહારિક પ્રસંગે રોજ દરબારમાં, વૈષ્ણવ મંદિરમાં તથા અન્ય સ્થળે જઈ આવતા, પરિચિતોમાં માંદગી પ્રંગે ખબર કાઢવા તેઓ અચૂક ગયા હોય અને યથાશક્તિ આર્થિક મદદ પણ કરી હોય. આથી સાયલાવાસીઓનો પણ બાપુજી પ્રત્યે પૂજ્યભાવ હંમેશા નીતરતો રહેતો.

બાપુજીનું ગૃહસ્થજીવન નિર્વ્યસની, સદાચારી અને ધર્મપરાયણ હતું. સાયલા રાજ્યની નોકરીમાં ફાજલ સમય મળતો એટલે સવાર-સાંજના નવરાશના સમયમાં તેઓ આધ્યાત્મિક ગ્રંથો વાંચતા. કૃપાળુ દેવનું વચનામૃત તો તેઓ અનેક વાર સાદ્યંત વાંચી ગયા હતા. તદુપરાંત અન્ય ગ્રંથો પણ તેઓ વાંચતા. યુવાનોની સત્સંગમંડળીમાં તેઓ જતા અને સત્યંગ કરતા. આગમોદ્ધારક પૂ. શ્રી સાગરાનંદસૂરિ (સાગરજી મહારાજ)ના એક મુખ્ય શિષ્ય શ્રી માણેકસાગરસૂરિ જેવા આચાર્ય ભગવંતે સાયલા જેવા નાના ગામની ચાતુર્માસ માટે પસંદગી કરી હતી તેનું મુખ્ય કારણ તે સાયલાના અધ્યાત્મરુચિ ધરાવતા યુવાનો હતા અને એ યુવાનોના અગ્રેસર તે બાપુજી હતા. શ્રી માણેકસાગર-સૂરિએ ચાતુર્માસ દરમિયાન ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસાર, અધ્યાત્મસાર અને અધ્યાત્મ ઉપનિષદ જેવા ગ્રંથો પસંદ કર્યા હતા અને તે ચાતુર્માસ દરમિયાન પૂર્ણ ન થતાં શેષકાળમાં આવીને પૂરા કરાવ્યા હતા. એ ગ્રંથો ઉપરાંત આનંદઘનજીનાં સ્તવનોના ગૂઢ રહસ્યાર્થ પણ એમને સમજાવ્યા હતા. બાપુજીને આનંદઘનજીની ચોવીસી કંઠસ્થ હતી અને મધુર બુલંદ કંઠે તેઓ ગાતા.

સાયલા એટલે કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રના પરમ સખા સોભાગભાઈનું ગામ. સોભાગભાઈના દેહવિલય પછી પણ એમની આધ્યાત્મિક સાધનાનો વારસો સાયલામાં જળવાઈ રહ્યો હતો. ઈ.સ. ૧૯૩૦ના ગાળામાં સાયલામાં કાળિદાસભાઈ, વજાભાઈ, છોટાભાઈ વગેરે સત્સંગ કરતા અને આધ્યાત્મિક સાધના માટે પુરુષાર્થ કરતા હતા. એ દિવસોમાં એક વખત કોઈકના મરણ પ્રસંગે સ્મશાનમાં જઈ, પછી તળાવે નહાવા ગયા ત્યારે પોતાનું ધોતીયું ધોતાં ધોતાં કાળિદાસભાઈએ બાપુજીને આત્મસિદ્ધિની ગાથાઓ સંભળાવેલી અને પછી એમને યોગ્ય પાત્ર જાણી અધ્યાત્મસાધના તરફ વાળ્યા હતા અને સત્સંગ મંડળીમાં

જોડાતાં છોટાલાલભાઇએ બાપુજીને બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવી હતી ત્યાર પછી એ સાધનામાં સતત પુરુષાર્થ કરી બાપુજીએ આત્મસાક્ષાત્કાર કર્યો હતો.

બાપુજીની સાધના એકાંતમાં ગુપ્તપણે ચાલતી હતી, પરંતુ મુંબઇના શ્રી શાન્તિલાલ અંબાણીને આત્મજ્ઞાની સત્પુરુષની શોધ કરતાં કરતાં બાપુજીનો મેળાપ થયો. બાપુજીએ પોતાના ગુરુ શ્રી છોટાલાલભાઇ વિદ્યમાન છે અને કલકત્તામાં રહે છે ત્યાં સુધી પોતે અજ્ઞાતવાસમાં જ રહેવા ઇચ્છે છે એમ જણાવેલું. પરંતુ છોટાલાલભાઇના સ્વર્ગવાસ પછી શાન્તિલાલભાઇના આગ્રહથી બાપુજીએ જાહેરમાં આવવાનું સ્વીકાર્યું. એમ થતાં ૧૯૭૬માં સાયલા ગામમાં સત્સંગમંડળ ચાલુ થયું અને બાપુજીના ગુરુપદે સાધના માટે માર્ગદર્શન મળવા લાગ્યું. સાધકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હોવાથી ૧૯૮૫માં ગામ બહાર, હાઇવે પાસે લગભગ પાંચ એકર જમીનમાં 'શ્રી રાજ-સોભાગ આશ્રમ'ની સ્થાપના કરવામાં આવી, જેમાં જિનમંદિર, સ્વાધ્યાય હોલ, ભોજનશાળા, સાધકોના નિવાસ માટેની સુવિધા, ગૌશાળા, બાપુજીની કુટિર, સોભાગસ્મૃતિ વગેરેની રચના કરવામાં આવી અને એમ આશ્રમનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. સમય જતાં એમાં નેત્રયજ્ઞ, અનાજવિતરણ, છાશકેન્દ્ર વગેરે અનુકંપાની પ્રવૃત્તિઓનો પણ ઉમેરો થતો રહ્યો. ઇંગ્લંડ, આફ્રિકા, અમેરિકા વગેરેના મુમુક્ષુઓને આવીને રહેવું ગમે એવું સુવિધાવાળું તથા વૃક્ષવનરાજિવાળું, પ્રસન્ન વાતાવરણ આશ્રમમાં નિર્માયું એમાં બાપુજીનાં પ્રેરણા અને માર્ગદર્શન રહેલાં છે.

આશ્રમની સ્થાપના વખતે જ એના આયોજન માટે તથા ભાવિ વિકાસવૃદ્ધિ માટે બાપુજીએ વહીવટી અમલદાર તરીકેના પોતાના અનુભવને આધારે તથા આંતરસૂઝથી, વ્યવહારદક્ષતા અને દીર્ઘદૃષ્ટિપૂર્વક કેટલાક નિયમો કરાવ્યા હતા. બાપુજીએ આશ્રમની સ્થાપનાની પ્રેરણા આપી, પરંતુ એનું ટ્રસ્ટીપદ સ્વીકાર્યું નહિ, વ્યવસ્થામંડળમાં જોડાયા નહિ. પોતે આશ્રમમાં સવારે નવથી સાંજે પાંચ-સાડા પાંચ સુધી રહેવાનું સ્વીકાર્યું. આશ્રમને પોતાનું કાયમી નિવાસસ્થાન ન બનાવતાં રાત્રે રહેવાનું (ઉત્સવના પ્રસંગો સિવાય) પોતાના ઘરે જ રાખ્યું. આશ્રમ ઉજ્જડ ન બની જાય એ માટે ટ્રસ્ટીઓને વારાફરતી પંદર દિવસ આશ્રમમાં રહેવાનું ફરજિયાત બનાવ્યું. સાધકોને વિશિષ્ટ સાધના માટે સળંગ બારપંદર દિવસ આશ્રમમાં રહેવાની ભલામણ થવા લાગી. સાધારણ સ્થિતિના સાધકોને પણ આશ્રમમાં વધુ દિવસ રહેવાનું પરવડે એ માટે, સરખું નિભાવફંડ કરાવી, રહેવા જમવાના ખર્ચ પેટે નજીવી રકમ લેવાનું ઠરાવ્યું અને આશ્રમના નિયમો એટલા બધા કડક ન રાખવામાં આવ્યા કે જેથી સાધક કંટાળીને ભાગી જાય. આશ્રમ જીવંત રહેવો જોઇએ એ એમની મુખ્ય ભાવના હતી. એટલા માટે એમણે પોતાના આધ્યાત્મિક ઉત્તરાધિકારીઓ તરીકે સૌ. ડૉ. સદ્‌ગુણાબહેન સી. યુ. શાહની તથા શ્રી નલિનભાઇ કોઠારીની નિમણૂક કરી દીધી અને તે પછીના ઉત્તરાધિકારી તરીકે બહેન મીનળ રોહિત શાહ અને ભાઇ વિક્રમ વજુભાઇ શાહની પણ નિમણૂક કરી દીધી હતી કે જેથી સુદીર્ઘ કાળ સુધી વિસંવાદ વિના આશ્રમની પ્રગતિ થતી રહે.

બાપુજીનું મનોબળ ઘણું મોટું હતું. પોતાની શારીરિક અસ્વસ્થતા હોય તો પણ અગાઉ જો નિર્ણય કર્યો હોય તો તેનો અમલ કરવા-કરાવવા માટે તેઓ સ્વસ્થ થઇ જતા. તેમનો પુણ્યોદય એટલો પ્રબળ હતો કે પોતાની ઇચ્છાનુસાર બધી પ્રવૃત્તિઓ ગોઠવાઇ જતી. સોભાગભાઇના દેહવિલયનો શતાબ્દી મહોત્સવ ઊજવવાનું આશ્રમ તરફથી નક્કી થયું, પરંતુ સમારંભ પહેલાં જ બાપુજીને તાવ આવ્યો હતો. આશ્રમમાં હોવા છતાં સમારંભમાં ત્રણ કલાક તેઓ બેસી શકશે કે કેમ એ વિશે શંકા હતી. પરંતુ તેઓ પોતાના મનોબળથી સ્વસ્થ થઇ ગયા અને કાર્યક્રમમાં બરાબર ઉપસ્થિત રહી શક્યા. આ મનોબળને કારણે જ તેઓ ૮૦ની ઉંમર પછી ઇંગ્લંડ, આફ્રિકા, અમેરિકા એકથી વધુ વાર જઇ શક્યા હતા.

બાપુજી પત્રવ્યવહારમાં સરકારી અમલદારની જેમ બહુ ચીવટવાળા હતા. જે કોઇનો પત્ર આવે અને એમાં પણ કોઇએ માર્ગદર્શન માંગ્યું હોય એને અચૂક જવાબ લખાયો હોય. રોજ ઘણુંખરું સાડા અગિયાર વાગે જમવા જતાં પહેલાં જો ટપાલ આવી ગઇ હોય તો ત્યારે અને નહિ તો પછી જમ્યા બાદ બધી ટપાલો બીજા પાસે વંચાવી લેવામાં આવે અને અનુકૂળતા મળતાં જવાબ પણ લખાઇ જાય. આફ્રિકા, ઇંગ્લંડ અને અમેરિકામાં કેન્દ્રો થતાં અને ભક્તો વધતાં રોજેરોજ વિદેશથી કોઇક ને કોઇકનો પત્ર આવ્યો જ હોય. અને રોજેરોજ જવાબો લખાવાતા જતા હોય. સાયલા જેવા નાના ગામની પોસ્ટ ઓફિસમાં અગાઉ વિદેશ માટેના એરલેટર જવલ્લે જ મળે, પણ આશ્રમની સ્થાપના પછી વિદેશનો ટપાલવ્યવહાર વધતાં એરલેટર જ્યારે જોઇએ ત્યારે મળવા લાગ્યા.

બાપુજી પાસે બીજાનું હૃદય જીતવાની સ્વાભાવિક કળા હતી. તેઓ ગુણાનુરાગી, ગુણપ્રશંસક હતા. બીજી બાજુ પોતાની મહત્તાનો ભાર કોઇને લાગવા દેતા નહિ. પોતે ઉંમરમાં ઘણા મોટા હતા. સામાજિક દરજ્જાની દૃષ્ટિએ એસિસ્ટંટ કલેક્ટરની પદવી સુધી પહોંચેલા હતા. આધ્યાત્મિક સાધનામાં તેઓ ઘણા આગળ નીકળી ચૂક્યા હતા. એટલે એમની હાજરીમાં બીજાઓ અલ્પતા અનુભવી શકે. પરંતુ બાપુજી ક્યારેય પોતાની કાર્યસિદ્ધિની વાત કરે નહિ. કોઇ પૂછે અને કહેવી પડે તો એમાં બીજાને પ્રભાવિત કરવાનો આશય હોય નહિ. એને લીધે જેઓ એમના સંપર્કમાં આવે તેઓ જેમ જેમ એમને વધુ ઓળખે તેમ તેમ એમના પ્રત્યેનો આદરભાવ વધતો જાય. બાપુજી વ્યવહારદક્ષ પણ એટલા જ. ઊઠવા બેસવામાં, ખાવાપીવામાં દરેકનું ધ્યાન રાખે. એથી જ એમના સંપર્કમાં આવેલી વ્યક્તિ એમના તરફ ખેંચાયા વગર રહે નહિ.

બાપુજી અત્યંત સરળ પ્રકૃતિના અને નાનામોટા, ગરીબતવંગર સૌ કોઇને આવકાર આપવાના સ્વભાવવાળા હતા. એમનું વ્યક્તિત્વ વાગે કે ખૂંચે એવું નહોતું. કોઇને પણ બાપુજીને મળવું હોય તો કોઠા વટાવવા પડતા નહિ, કારણ કે કોઠા હતા જ નહિ. સીધા બાપુજી પાસે જઇને ઊભા રહી શકાતું. નાનામાં નાની વ્યક્તિ આવી હોય અને બાપુજી સૂતા હોય તો પણ બેઠા થઇને જ વાત કરતા. માંદગીમાં પણ તેઓ બેઠા થવાનો આગ્રહ રાખે તો આપણે ના કહેવી પડતી. એમની સાથેની વાતચીતમાં ક્યારેય એમના વ્યક્તિત્વનો બોજો લાગે નહિ. એમની વાણીમાં 'હું' શબ્દ આવે જ નહિ. સામી વ્યક્તિને પોતાના કાર્યથી આંજી નાખવાનો ભાવ ક્યારેય જણાય નહિ. લઘુતાનો ઉચ્ચ ગુણ એમનામાં હંમેશાં જોવા મળતો.

નિરામયતા, ચિત્તની સ્વસ્થતા તથા યોગાદિ સાધના માટે કાયાની નિયમિતતા પર તેઓ બહુ ભાર મૂકતા. પોતાના આહાર, નિહાર, વિહાર, સ્વાધ્યાયના રોજિંદા કાર્યક્રમ માટે યથાશક્ય સમયની નિયમિતતા તેઓ જાળવતા કે જેથી કાયાની નિયમિતતા જળવાય. તેઓ કહેતા કે ઘરે અને આશ્રમમાં જેઓ મારો નિત્યક્રમ જાણતા હોય તેઓ મુંબઇમાં હોય, નૈરોબી, લંડન કે અમેરિકામાં હોય, તેઓ ઘડિયાળ જોઇને કહી શકે કે, 'બાપુજી અત્યારે દેરાસરમાં પૂજા કરતા હશે' અથવા સ્વાધ્યાયમાં બેઠા હશે અથવા જમવા બેઠા હશે કે આશ્રમમાંથી ઘરે જવા માટે ગાડીમાં બેસતા હશે.

આશ્રમમાં પહેલી વાર અમે ગયાં ત્યારથી તે છેલ્લી વાર ગયાં ત્યાં સુધી બાપુજીએ જાણે અમને વિશેષાધિકાર આપ્યો હોય તેમ જમવા માટે હંમેશાં પોતાની બાજુમાં જ બેસાડતા. બહારથી કોઇ મહાનુભાવ મળવા આવ્યા હોય અને અમે આશ્રમમાં હોઇએ તો અમને અચૂક સાથે રાખે.

'પ્રબુદ્ધ જીવન'નો મારો તંત્રીલેખ અવશ્ય વાંચી જાય અને મળીએ ત્યારે એની વાત કાઢે. સાંજે કોઇ વખત કુટિર પાસે ધર્મસભા યોજાઇ હોય તો ઉદ્બોધન કરવા માટે મને આગ્રહ કરે જ. આશ્રમમાં અમે જઇએ ત્યારે પહેલા અને છેલ્લા દિવસે પોતે અમારી રૂમ પર મળવા આવી જાય. વચ્ચે પણ કંઈક કામ હોય તો બોલાવે નહિ પણ જતાંઆવતાં રૂમ પર પોતે આવી જાય. આથી કેટલીક વાર અમને ક્ષોભ થતો, પરંતુ બીજી બાજુ એમની સરળતા અને નિરભિમાનિતા માટે બહુ આદર થતો. અમે આશ્રમમાં જઈએ ત્યારે અમારી બધી સગવડ બરાબર થઇ છે કે કેમ તેની કાળજી રાખવા માટે પોતાના પુત્ર દિલીપભાઇને ખાસ સૂચના આપતા. અમે આશ્રમમાં લેખનકાર્ય માટે જતા, એટલે સ્વાધ્યાયમાં ઉપસ્થિત રહેવાનું અમારે માટે કોઇ બંધન રાખતા નહિ અને કોઇ વિશિષ્ટ સ્વાધ્યાય કે પ્રસંગ હોય તો અગાઉથી જણાવતા અને પોતાની પાસે બેસાડતા. દર મહિનાની સુદ પાંચમ સુધીમાં દેરાસરમાં નવસ્મરણ બોલાય. અમે જ્યારે આશ્રમમાં હોઇએ ત્યારે નમિઊણ સ્તોત્ર, અજિતશાંતિ, ભક્તામર અને બૃહદ્શાન્તિ મને કંઠસ્થ હોવાથી તેમાંથી કોઇપણ એક સૂત્ર બોલવા માટે ખાસ યાદ રાખીને આગલે દિવસે કહેવડાવી દેતા.

અમે કોઇ કોઇ વખત દિવાળી પર્વ દરમિયાન આશ્રમમાં રહેતા. એ પર્વની ઊજવણી પણ સરસ રીતે થતી. મહાવીર સ્વામીના નિર્વાણ કાળની માળા રાતના બાર પછી અને ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનના સમયની માળા સવારે પાંચ છ વાગે કરતા. બાપુજી આ ઉંમરે પણ રાતનો ઉજાગરો વેઠતા. અને બધા કાર્યક્રમોમાં ઉલ્લાસપૂર્વક ભાગ લેતા.

તીર્થયાત્રા પણ બાપુજીની એક પ્રિય પ્રવૃત્તિ હતી. એટલે આશ્રમ તરફથી વખતોવખત તીર્થયાત્રાનું આયોજન થતું. છેલ્લાં બેએક વર્ષમાં અવારનવાર તાવ આવતો અને માંદગી રહેતી તે સિવાય તેઓ હંમેશાં અમે જ્યારે સાયલા આશ્રમમાં ગયાં હોઇએ ત્યારે પાસે આવેલા ડોળિયાની યાત્રાએ અચૂક લઇ જતા. ડોળિયા જવા માટે તો આશ્રમમાંથી જ સવારે પૂજાનાં કપડાં પહેરીને જતાં અને દોઢબે કલાકમાં પાછાં આવી જતાં. બાપુજીને અમારે માટે કેટલી બધી લાગણી હતી તેનો ત્યારે પ્રત્યક્ષ અનુભવ થતો.

'શિક્ષામૃત'નું કાર્ય ચાલતું હતું તે દરમિયાન એક દિવસ બાપુજીએ સ્વાધ્યાયના કાર્યક્રમ દરમિયાન મને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત 'અધ્યાત્મસાર'ના થોડા શ્લોકો સમજાવવાનું કાર્ય સોંપ્યું. આશ્રમ તરફથી પ્રકાશિત 'અધ્યાત્મસાર' (વીરવિજયજીના ટબા સહિત)ના ગ્રંથમાં એટલી બધી છાપભૂલો રહી ગઇ હતી કે જુદું શુદ્ધિપત્રક છપાવવું પડ્યું હતું અને એમાં પણ કેટલીક અશુદ્ધિઓ રહી ગઇ હતી. 'અધ્યાત્મસાર'ના સ્વાધ્યાય પછી બાપુજીએ મને એના વિશે નવેસરથી અનુવાદ અને વિવરણનો ગ્રંથ તૈયાર કરી આપવા માટે કહ્યું. મેં એ માનદ્ કાર્ય સહર્ષ સ્વીકાર્યું. કામ ધાર્યા કરતાં ઘણું મોટું અને ઠીક ઠીક સમય માંગી લે એ પ્રકારનું હતું. તો પણ સવા ત્રણસો શ્લોકનું લખાણ પ્રથમ ભાગ તરીકે પ્રકાશિત કરવાનું મેં નક્કી કર્યું કે જેથી એટલા શ્લોક પર બાપુજીની નજર ફરી જાય. એ પ્રમાણે થયું અને એમની હયાતીમાં જ પ્રથમ ભાગ પ્રકાશિત થયો અને એને એમણે આશ્રમમાં સ્વાધ્યાય-વાંચનમાં દાખલ પણ કરી દીધો. મારે માટે આ પરમ સંતોષ અને આનંદની વાત હતી.

ભગતના ગામ તરીકે ઓળખાતા એવા સાયલાના અપકીર્તિત નામને લૌકિક દૃષ્ટએ પુનર્પ્રતિષ્ઠા અપાવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર સુધી જાણીતું કરવામાં અને કેટલાયે રૂડા જીવોને મોક્ષમાર્ગની સાધના તરફ વાળવામાં, જીવનની ઉત્તરાવસ્થામાં ભારે પુરુષાર્થ કરીને બાપુજીએ પોતાના દીર્ઘાયુષ્યને સાર્થક કર્યું છે અને શોભાવ્યું છે.

પૂજ્ય બાપુજીનો દેહવિલય થયો, પરંતુ સૂક્ષ્મ સ્વરૂપે તેઓ અનેકના હૃદયમાં બિરાજમાન છે. એમના પુણ્યાત્માને નતમસ્તકે વંદન કરીએ છીએ !

□ રમણલાલ ચી. શાહ

# ઇડરની આત્મવલ્લભ હોસ્પિટલ માટે નિધિ-અર્પણનો કાર્યક્રમ

□ અહેવાલ : તારાબહેન ર. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રતિ વર્ષ ગામડાંની કોઇ એક સેવાભાવી સંસ્થાને આર્થિક સહાય કરવા માટેની યોજના હાથ ધરવામાં આવે છે. ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઇડરની શ્રી વિશ્વ કલ્યાણ સોસાયટી સંચાલિત શ્રી આત્મવલ્લભ હોસ્પિટલ માટે આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. તે મુજબ વ્યાખ્યાનમાળા દરમિયાન રૂપિયા તેર લાખ જેટલી સારી રકમ એકત્ર થઇ હતી.

આ સહાયનિધિ આત્મવલ્લભ હોસ્પિટલને અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૪મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ ઇડર મુકામે સુપ્રસિદ્ધ દાનવીર તથા દિવાળીબહેન મહેતા ટ્રસ્ટના સૂત્રધાર શ્રી મફતલાલ મોહનલાલ મહેતા (શ્રી મફતકાકા)ના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. અતિથિવિશેષ તરીકે ચીખોદરાની આંખની હોસ્પિટલના સેવાભાવી ડૉક્ટર રમણીકલાલ દોશી (દોશીકાકા) પધાર્યા હતા.

મુંબઇથી સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ડૉ. રમણભાઇ શાહ, હોદ્દેદારો તથા સમિતિના સભ્યો અને આજીવન સભ્યો આ કાર્યક્રમ માટે ઇડર આવ્યા હતા. હોસ્પિટલના ટ્રસ્ટીઓ પણ આ પ્રસંગે મુંબઇથી પધાર્યા હતા.

શ્રી ચંપકલાલ પરીખ, શ્રીમતી શારદાબહેન પરીખ, ડૉ. દિનેશભાઇ પરીખ વગેરે હોસ્પિટલના કાર્યકર્તાઓએ સૌનું બેન્ડવાજાં સહિત ભાવભીનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમ માટે સરસ સભામંડપની રચના કરવામાં આવી હતી. શ્રીમતી શારદાબહેને સૌ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. ડૉ. દોશીકાકાએ દીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું હતું અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રીઓ શ્રી ચુડાસમા તથા શ્રી રમણલાલ વોરા, કલેક્ટર શ્રી બુખારી, જિલ્લા તથા તાલુકા પંચાયતના પ્રમુખો, વિવિધ સહકારી સંસ્થાઓના હોદ્દેદારો, અમદાવાદના કેન્સરના નિષ્ણાત ડૉ. દેવેન્દ્ર પટેલ, ઇડર તાલુકાના આગેવાન ડૉક્ટરો, હોસ્પિટલના ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંઘ વતી ડૉ. રમણભાઇ શાહ, શ્રી રસિકભાઇ શાહ, શ્રી નિરુબહેન શાહ, ડૉ. ધનવંતભાઇ શાહ, શ્રી તારાબહેન શાહ વગેરેએ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યાં હતાં. સ્થાનિક તથા જિલ્લાના પધારેલા મહાનુભાવોએ સુંદર પ્રતિભાવ રજૂ કર્યો હતો અને સર્વેએ શિક્ષકદંપતી શ્રી ચંપકભાઇ તથા શ્રી શારદાબહેનની અને એમના પુત્ર ડૉ. દિનેશભાઇની સેવાઓની ભારે પ્રશંસા કરી હતી. જિલ્લા કલેક્ટરે ફાજલ સરકારી જમીન આપવાની ઓફર કરી હતી. જુદાં જુદાં ગામો તરફથી તથા દાનવીરો તરફથી અનાજની, દૂધની તથા રોકડ રકમની જાહેરાત થઇ હતી.

કાર્યક્રમના પ્રમુખ મુરબ્બી શ્રી મફતકાકાએ હોસ્પિટલને માટે રૂપિયા બે લાખનું દાન જાહેર કર્યું હતું. આ રીતે હોસ્પિટલને કુલ રૂપિયા પંદર લાખની સહાય થઇ હતી.

મુનિશ્રી પૂ. ધર્મરત્નવિજયજીએ આશીર્વચન કહ્યા હતા.

શ્રી ચંપકભાઇ પરીખે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને સન્માન પત્ર અર્પણ કર્યું હતું. ડૉ. દિનેશભાઇએ આભારવિધિ કરી હતી. આ રીતે ઇડરમાં હોસ્પિટલને આર્થિક સહાય કરવા માટે યોજાયેલો નિધિ અર્પણનો શાનદાર કાર્યક્રમ યાદગાર બની રહે એવો હતો.

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી ચાલુ-૬)**

**મતિજ્ઞાન કેવળજ્ઞાનથી વિરુદ્ધ દશાવાળું હોવા છતાં મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનના વિશેષણોની વિચારણા :**

આત્મા+જ્ઞાન+નિરાવરણતા=કેવળજ્ઞાન.

આત્મા+જ્ઞાન+આવરણતા=મતિજ્ઞાન.

મતિજ્ઞાન એટલે જ્ઞાનાવરણીય કર્મ અર્થાત્ પુદ્ગલ-કાર્મણવર્ગણા અને ચૈતન્ય ઉપયોગનું મિશ્રણ. પારમાર્થિક પ્રત્યક્ષજ્ઞાન એક માત્ર કેવળજ્ઞાન જે છે, જે અતીન્દ્રિય સંપૂર્ણજ્ઞાન છે. જ્યારે બાકી બીજાં બધાંય જ્ઞાન ઇન્દ્રિયજનિત હોવાથી પરોક્ષ જ્ઞાન છે, કારણ કે ઇન્દ્રિયો પોતે જ પર છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન જો કે દિવ્ય અતીન્દ્રિય જ્ઞાન હોવા છતાં સંકલ્પપૂર્વકનું સીમિતજ્ઞાન હોવાથી તે જ્ઞાન પણ સહજ પ્રત્યક્ષ જ્ઞાન નથી.

કેવળજ્ઞાન પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાન હોવા ઉપરાંત તે સ્વાધીન, અવિકારી, અવિનાશી પૂર્ણ જ્ઞાન છે. જ્યારે મતિજ્ઞાન ઇન્દ્રિયજનિત, વિકારી, વિનાશી અને અપૂર્ણજ્ઞાન છે. એ અવિકલ્પક જ્ઞાન છે. છતાં આવા ઇન્દ્રિયજનિત મતિજ્ઞાનની અલ્પતા-સીમિતતા હોવા છતાં વિશેષ અને વિશેષ જાણવાની અને ભોગ-સુખ આનંદ માણવાની ઇચ્છા અને ખોજ જે સતત ચાલુ જ રહે છે એ જ બતાડે છે-સૂચવે છે કે જીવનું જ્ઞાન અસીમ છે, અનંત છે અને જીવોનો આનંદ પણ અસીમ-અનંત છે. કેવળજ્ઞાનનો જેવો નિર્વિકલ્પ ઉપયોગ છે તેવો આકાર મતિજ્ઞાનના ઉપયોગને નિરંતર આપવો જોઇએ; કારણ કે મતિજ્ઞાન વડે જ કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. આમ મતિજ્ઞાનને-મતિજ્ઞાનના ઉપયોગને જે સવિકલ્પ છે તેને નિર્વિકલ્પ ઉપયોગનો ઘાટ આપવો એ કેવળજ્ઞાનની ભવ્ય દિવ્ય પૂજા છે. ધ્યાન એ અવિકલ્પ મતિજ્ઞાનના ઉપયોગને નિર્વિકલ્પ કેવળજ્ઞાનના ઉપયોગનો આકાર આપવાની પ્રક્રિયા છે.

દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન દ્વારા આત્માના શુદ્ધ જ્ઞાન અને શાશ્વત આનંદને સત્ય સ્વરૂપે જાણવાનાં છે. અનાદિકાળથી આપણે જ્ઞાનથી કામ લઇએ છીએ. પરંતુ નથી તો જ્ઞાનથી જ્ઞાનને જાણ્યું એટલે કે મતિજ્ઞાનથી કેવળજ્ઞાનને જાણ્યું છે કે જ્ઞાનથી આનંદને માણ્યો છે, અર્થાત્ કેવળજ્ઞાનના લક્ષ્યે આત્મલીન થઇ ધ્યાન દ્વારા આનંદને માણ્યો-અનુભવ્યો છે.

આપણા મતિજ્ઞાનથી આપણા કેવળજ્ઞાનને સમજવું એ આપણું ખરું જ્ઞાનધન છે. તેમ કેવળજ્ઞાનને નિરાવરણ કરવા રૂપ સાધના કરવી તે સાચું જીવન છે. અર્થાત્ જીવન જ્ઞાનમય અને ધ્યાનમય હોવું જોઇએ. એ ન ભૂલવું જોઇએ કે મતિજ્ઞાન, કેવળજ્ઞાનને જાણી તો શકે છે પણ માણી કે અનુભવી શકતું નથી. એ તો કેવળજ્ઞાન જ કેવળજ્ઞાનને વેદી શકે છે-અનુભવી શકે છે. માટે જ મતિજ્ઞાનનાં જે કેવળજ્ઞાનથી વિરુદ્ધ વિશેષણ છે જેવાં કે ઇન્દ્રિયજનિતજ્ઞાન, વિકારીજ્ઞાન, વિનાશીજ્ઞાન, અલ્પજ્ઞાન, અપૂર્ણજ્ઞાન, સવિકલ્પ જ્ઞાન, ક્રમિક જ્ઞાન, પરાધીન, પરોક્ષજ્ઞાનમાંની ઇન્દ્રિય આધીનતા, પરાધીનતા, વિકારીતા, વિનાશીતા, અલ્પજ્ઞતા, સવિકલ્પકતા, અપૂર્ણતા, ક્રમિકતાને કાઢીશું તો જ જ્ઞાન, દિવ્ય અતીન્દ્રિય જ્ઞાન, સ્વાધીન, પ્રત્યક્ષજ્ઞાન, અવિકારીજ્ઞાન, અવિનાશીજ્ઞાન, સર્વજ્ઞતારૂપ પૂર્ણજ્ઞાન, અક્રમિક જ્ઞાન બનાવી શકીશું. અર્થાત્ કેવળજ્ઞાનું પ્રગટીકરણ કરી શકીશું.

મતિજ્ઞાન જાતે અરૂપી હોવા છતાં મતિજ્ઞાનાવરણીય કર્મના સંબંધે ભાત રૂપીની છે. પોત અરૂપીનું છે પણ ભાત રૂપી છે.

કેવળીભગવંત કેવળજ્ઞાનને વેદી શકે છે જ્યારે આપણે આપણા મતિજ્ઞાનથી માત્ર કેવળજ્ઞાનના સ્વરૂપને જાણી શકીએ છીએ. ભલે કેવળજ્ઞાનને વેદી શકતા નહિ હોઇએ તો પણ સંજ્ઞી મનુષ્યભવમાં કેવળજ્ઞાન અરૂપી તત્ત્વનું માનસચિત્ર તૈયાર કરી શકીએ છીએ. જે ધ્યાનના કામમાં આવે છે.

જ્ઞાન તો ચૈતન્યના હોવાપણાનું ચિહ્ન છે અને સુખનું સાધન છે. આત્મા લક્ષણથી જેમ જ્ઞાનસ્વરૂપ છે તેમ કેવળજ્ઞાન સ્વયં પરમાત્મ સ્વરૂપ છે. જ્ઞાન પરમ તત્ત્વ છે. જ્ઞાન જ પરમાત્મા છે. જીવ કદી પણ જ્ઞાન વગરનો નથી. એટલે કે જડ નથી. તેમ જીવ કદી પણ સુખની ઇચ્છા વિનાનો નથી. માટે જ જ્ઞાનીએ મિથ્યાજ્ઞાનની સામે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને પૂર્ણજ્ઞાન - કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું લક્ષ્ય આપ્યું છે. એ જ પ્રમાણે અસત્, વિનાશી, પરાધીન, મિથ્યા સુખ ત્યાગીને તેમાં વિવેક કરી સત્, અવિનાશી, શાશ્વત, સ્વાધીન, અનંત એવાં આત્મસુખને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય આપ્યું છે.

મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ચાર મૂંગા જ્ઞાન છે. અબોલ, અવાચ્ય જ્ઞાન છે. માત્ર શ્રુતજ્ઞાન જ વાચિક જ્ઞાન છે-બોલ જ્ઞાન છે. જ્યારે મતિજ્ઞાન એ વિચાર જ્ઞાન છે. શ્રુતજ્ઞાનમાંથી મતિજ્ઞાનમાં જવાનું છે. અંતે મતિજ્ઞાનને કેવળજ્ઞાનમાં પરિણમવવાનું છે. બોલમાંથી અબોલમાં જવાનું છે. શ્રવણ કરી મનન, ચિંતન, મંથન, ઉહાપોહ, કરી અંતે નિર્વિકલ્પ કેવળજ્ઞાન પામવાનું છે. અર્થાત્ શ્રુતજ્ઞાન વડે મતિજ્ઞાનનો વિકાસ સાધીને વિકસિત મતિજ્ઞાનથી શુકલ ધ્યાન ધરી કેવળજ્ઞાનનું પ્રગટીકરણ કરવાનું છે - કેવળજ્ઞાન અનાવૃત કરવાનું છે. જ્ઞાનાચારની પરાકાષ્ટા દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન છે, જ્યારે જ્ઞાનની પરાકાષ્ટા કેવળજ્ઞાન છે. મતિજ્ઞાનમાં સ્મરણ, વિચારણા, કલ્પના હોય છે, જ્યારે કેવળજ્ઞાનમાં સ્મરણ, વિચારણા, કલ્પના નથી હોતાં. સર્વ કાંઇ સહજ પ્રત્યક્ષ હોય છે. કેવળજ્ઞાન ક્ષેત્રાતીત અને કાળાતીત હોય છે. જ્યારે છદ્મસ્થ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ ચારે ય જ્ઞાન દેશ (ક્ષેત્ર) કાળ પરિચ્છિન્ન હોય છે અર્થાત્ દેશ કાળના ભેદવાળાં હોય છે.

આત્મા સમ સ્વરૂપ છે. કેવળજ્ઞાન સમ છે. બાકીનાં ચારે ય જ્ઞાન વિષમ છે. જેમાં બે ભેદ પડે છે. અર્થાત્ જેનું પર્યાયાંતર - રૂપાંતર થાય છે તે વિષમ છે. જેટલાં ઉપયોગ એટલા ભેદ. સમ એવું કેવળજ્ઞાન ક્યારે પ્રાપ્ત થાય? ચિત્તવૃત્તિ નિરોધ યોગ દ્વારા મતિજ્ઞાનના ઉપયોગને સ્થિર કરવાથી સમ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.

'સમત્વમ્ યોગ ઉચ્ચતે'

આપણું મતિજ્ઞાન તો વર્તમાનમાં એવું છે કે...કાંઇક વિચારીએ છીએ, કાંઇક ઇચ્છીએ છીએ, કાંઇક સમજીએ છીએ, કાંઇક જાણીએ છીએ, કાયાથી કાંઇક કરવા ઇચ્છીએ છીએ અને કાંઇક કાંઇક કરી શકીએ છીએ.

શુદ્ધ જ્ઞાન, બ્રહ્મજ્ઞાન, કેવળજ્ઞાનનું સ્વરૂપ મતિજ્ઞાન જેવું કાંઇક કાંઇક વાળું અલ્પ, અપૂર્ણ, આંશિક નથી. એ તો સર્વ છે-પૂર્ણ છે. એ કાંઇ દેશ તત્ત્વ નથી. એ તો સર્વ તત્ત્વ છે. શુદ્ધ જ્ઞાન-કેવળજ્ઞાનમાં તો એક જ સમયે સર્વકાળના, સર્વક્ષેત્રના, સર્વ પદાર્થોનું તેના સર્વ ગુણ-પર્યાય સહિત પ્રતિબિંબ પડે છે-સર્વ સમકાળ જણાય છે.

જેમ આકાશ દ્રવ્યને અગ્નિ કે હિમની, ઉષ્ણતા કે શીતળતા આદિની લેશ માત્ર કોઇ અસર થતી નથી તેમ શુદ્ધાત્માને - પરમાત્માને વિશ્વના કોઇ બનાવની લેશ માત્ર અસર થતી નથી.

શૂન્ય તત્ત્વ એટલે વસ્તુ-તત્ત્વ અભાવ નહિ પરંતુ શૂન્ય તત્ત્વ એટલે અરૂપીને અરૂપીની કોઇ વિરુદ્ધ અસર નહિ. અરૂપીને રૂપીની કોઇ વિરુદ્ધ અસર નહિ. તેમ રૂપીને પણ અરૂપીની કોઇ વિરુદ્ધ અસર નહિ.

શૂન્યાવકાશને કારણે જ થર્મોસ (Flask)માં ઠંડી વસ્તુ ઠંડી રહે છે અને ગરમ વસ્તુ ગરમ રહે છે. બહારની અંદરમાં કોઇ અસર નહિ તેમ અંદરથી બહારમાં કોઇ અસર નહિ. એના જેવી આ વાત શૂન્ય તત્ત્વની-શૂન્યતાની છે. શૂન્ય તત્ત્વ તો સ્થૂળ અને સૂક્ષ્મથી પર એવું અરૂપી તત્ત્વ છે. વ્યવહારમાં પણ શૂન્યને કોઇ રકમમાં ઉમેરો કે પછી કોઇ રકમમાંથી બાદ કરો તો તે રકમ તેની તે જ રહે છે અને શૂન્ય પણ શૂન્ય જ રહે છે.

મન પોતે પોતાને પકડીને રમે તે ઊંચી સાધના છે. એનાથી અપ્રમત્તતા આવતી જાય છે. મનથી મનને પકડવા વડે કરીને બાહ્ય સાધનો ભૂલાય છે, છૂટતાં જાય છે અને આગળ આગળની સાધનાની ભૂમિકાએ તો સ્વયંનો દેહ પણ ભૂલાઈ જાય છે અને દેહાતીત દશા વર્તે છે. ભેદજ્ઞાનથી માત્ર સ્થૂળ દેહના જ નહિ પરંતુ સૂક્ષ્મદેહ એટલે કે કારણદેહ અને મહાકારણ અર્થાત્ અવિદ્યા-અજ્ઞાનના પણ સાક્ષી બનવાનું છે. ભેદજ્ઞાનથી અંતરમનને જોવાનું છે. જોનારાથી જોવામાં આવતી ચીજ જુદી-ભિન્ન હોય છે. વિનાશી વિકલ્પ અર્થાત્ ઉપયોગ પણ 'સ્વ' હોવા છતાં તે ઉત્પાદ-વ્યય યુક્ત હોવાથી એટલે કે ઉત્પન્ન (સ્ફુરિત) થઇને ચાલી જવાવાળો હોવાથી 'પર' છે. એ ક્ષણિક 'સ્વ' છે. બીજી ક્ષણે 'પર' છે. જ્યારે અવિનાશી ઉપયોગ અર્થાત્ કેવળજ્ઞાન નિત્ય 'સ્વ' હોવાથી આત્માથી કદી ય છૂટો પડતો નથી. એવાં એ અવિનાશી ઉપયોગ-કેવળજ્ઞાનની પ્રાપ્તિ, વિનાશી ઉપયોગના-વિકલ્પના સાક્ષી બનીને અવિનાશી ઉપયોગ કેવળજ્ઞાન તરફ દૃષ્ટિ કરવાથી-લક્ષ્ય રાખવાથી પ્રાપ્ત થાય છે.

આત્માનું સ્વરૂપ પ્રદેશથી પરમ સ્થિર છે. અને ઉપયોગ તેમજ પર્યાયથી અવિનાશી છે. આત્માનું આ જે પરમ શુદ્ધ પરમાત્મ સ્વરૂપ પ્રદેશ સ્થિરત્વતા અને પર્યાય-ઉપયોગ અવિનાશીતાનું છે. તેથી વિપરીત દેહ છે. તે પુદ્ગલનો બનેલ હોવાથી અસ્થિર અને વિનાશી છે, તેને દેહભિન્નતાએ કરીને પ્રાપ્ત કરવાનું છે. આજે આત્માનું સ્વરૂપ છે તે જ કેવળજ્ઞાન-કેવળ ચૈતન્યત્વ છે. જ્યાં 'પર' અને 'જડ' એવાં દેહાદિ કશાનું નામનિશાન નથી. માત્ર શુદ્ધ ચૈતન્યત્વ જ છે. અબ્રહ્મ અર્થાત્ જડ જ ચેતનને એટલે કે બ્રહ્મને નડે છે, માટે જ છદ્મસ્થ અવસ્થામાં વેદાંત દર્શને 'अयम् आत्मा ब्रह्म' કહેલ છે. જેઓ બ્રહ્મસ્વરૂપ-સિદ્ધસ્વરૂપને પામ્યા છે તેઓને જડ-અબ્રહ્મ નડતા નથી. તેઓને અનૂકૂળ કે પ્રતિકૂળ જડની કોઇ જ અસર થતી નથી. એવી બ્રહ્માવસ્થામાં-કેવળી અવસ્થામાં- પરમાત્માવસ્થામાં રહેલાં માટે વેદાંતમાં 'सर्वं खलु इदम ब्रह्मं' કહેલ છે.

દિવ્યજ્ઞાન સ્થૂલ એવાં શરીર, ઇન્દ્રિય અને સૂક્ષ્મ એવાં પ્રાણ, મન અને બુદ્ધિથી પર છે, કારણ કે તે અતીન્દ્રિય જ્ઞાન-દિવ્યજ્ઞાન છે. જ્યારે શરીર ઝૂકે છે-નમે છે. ઇન્દ્રિયો અંતરમુખી થઇ હોય છે, પ્રાણ સમ ચાલે છે, મન શાંત - પ્રશાંત હોય છે અને બુદ્ધિ બુદ્ધ થઇ હોય છે ત્યારે દિવ્યજ્ઞાનનો સંપર્ક થાય છે અને પરમાત્માએ આપેલું જ્ઞાન દિવ્યજ્ઞાન બની જાય છે. સ્થૂલ પુદ્ગલદ્રવ્યના જે ગુણધર્મો છે તેનાથી વિરુદ્ધ ગુણધર્મો શૂન્ય એવાં આત્માના છે.

મોહની અસર સર્વથા જાય એટલે જીવ, શિવ બને છે. અરિહંત - કેવળી ભગવંત બને છે. કેવળજ્ઞાનનું પ્રગટીકરણ છે ત્યારે ય સ્થૂલ એવો દેહ અને વેદનીયની અસર તો રહે જ છે. દેહભાવ, દેહભાન ભલે ચાલ્યું ગયું હોય અને દેહાતીત દશામાં-વિદેહી દશામાં વર્તતા હોય તો પણ કેવળીભગવંતોને દેહ હોય છે અને દેહધર્મ હોય છે. કેવળજ્ઞાન ધ્યાન અને સમાધિથી પર છે. સમાધિમાં મન સમ થાય છે. પણ મન રહે તો છે જ ! જ્યારે કેવળજ્ઞાની ભગવંતને યોગ (મન-વચન-કાયા) રહ્યો પણ ઉપયોગમાંથી મોહ ગયો. પરંતુ જ્યારે વેદનીયની અસર સર્વથા જાય છે અને અદેહી-અશરીરી-નિરંજન-નિરાકાર- અવસ્થાને એટલે કે સિદ્ધત્વને જ્યારે જીવ - આત્મા પ્રાપ્ત કરે છે ત્યારે શૂન્યત્વ આવે છે. શૂન્યત્વ એટલે કાંઇ વસ્તુ અભાવ કે જીવત્વ અભાવ નહિ પરંતુ અસર અભાવ. પાંચે અસ્તિકાય સાથે સિદ્ધ પરમાત્મા એક ક્ષેત્રી વિદ્યમાન હોતે છતાં જે નિર્લેપતા છે તે જ અસર અભાવ શૂન્યત્વ છે. શૂન્યત્વ એટલે શિવત્વ !

શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની સાથે જીવ જીવે છે. એમાં શરીર સ્થૂલ છે; ઇન્દ્રિય સ્થૂલ- સૂક્ષ્મ છે; પ્રાણ સૂક્ષ્મ છે અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર સૂક્ષ્માતિસૂક્ષ્મ છે અર્થાત્ સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. મનમાં જ મોહ અને અજ્ઞાન રહેલ છે. મનોયોગ પ્રમાણે આઠેય કર્મોનો બંધ થાય છે. માટે જ પ્રથમ સૂક્ષ્માતિસૂક્ષ્મ શરીર એટલે કે મનને મારવાનું છે, મનને મનાવવાનું છે, મોહને દબાવવાનો છે અને મારી હઠાવવાનો છે. અને અંતે અમન, ઇચ્છારહિત, નિર્મોહી, નિરીહી, વીતરાગી, સર્વજ્ઞ બનવાનું છે .

મન માટે લીલા કરવાની ભૂમિ, રંગભૂમિ, રંગમંચ સ્થૂલ દેહ છે. મન, દેહને સુખનું સાધન માનીને ચાલે છે. મનને-મોહને રમવાના રમકડાં ભોગસુખની, દેહના-ઇન્દ્રિયોના ભોગસુખની સાધન સામગ્રી છે. એટલું જ નહિ તે મનને ગલગલિયાં કરાવનારી, મનના અહંને પોષનારી સામગ્રી છે. એટલે સુધી કે લોકેષણાને પણ મનનો મોહ-મનના ગલગલિયાં કહેલ છે.

મનને મનાવીને સુધારવાનું છે. અંતે સુધરેલા મનથી, સુમનથી મનને ખતમ કરી અમન થવાનું છે. મોહનીયકર્મનો પ્રથમ ક્ષયોપશમ કરવાનો છે અને પછી મોહનો સર્વથા ક્ષય કરવાનો છે. સૂક્ષ્મ મનથી શૂન્ય એવાં આત્મામાં જઇ સ્થિર થવાનું છે. સૂક્ષ્મ સંબંધનો અભાવ થયા બાદ (ઘાતિકર્મોનો નાશ થયા બાદ) સ્થૂલ સંબંધ (દેહાદિ)નો (અઘાતિકર્મોનો) અભાવ થાય છે અને પછી શૂન્યમાં પ્રવેશ થાય છે-સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે.

આપણું શૂન્ય તત્ત્વ આત્મા, એ સૂક્ષ્મ મનમાં રહેલ છે અને સૂક્ષ્મ મન સ્થૂલ એવાં દેહમાં રહેલ છે. આત્માના શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય એ આત્માની શૂન્યાવસ્થા છે. જે નિર્લેપ, નિર્વિકારી, નિરંજન, નિરાકાર, નિષ્કષાય, નિર્મળ, નિરીહી અવસ્થા છે, જેને વિશ્વનું કોઇપણ તત્ત્વ, કોઇપણ બનાવ, ક્યારેય પણ, કશે પણ, કશીય અસર પહોંચાડી શકતું નથી. જ્યારે એથી વિપરીત સંસારી જીવ સાંજન, સલેપ, સમલ, સાકાર, આવરણ છે જે જીવની અશુદ્ધતા છે. જીવ જ્યારે નિરાવરણ થાય છે ત્યારે નિરંજન નિર્લેપ, નિર્મલ, નિરાકાર, નિરાવરણ બને છે.

ભાવમન એટલે કે જ્ઞાનના વિકલ્પોની સાદિ-સાન્ત ભાવોમાં ચાલી રહેલી પરંપરા. ટુંકમાં મનમાં વર્તતાં રાગ, મોહ, અજ્ઞાન એ જ ભાવમન છે. તીર્થંકર પરમાત્માઓએ તથા કેવળી ભગવંતોએ પોતાના ભાવમનનો, કેવળજ્ઞાન થયેથી નાશ કરેલ છે. એમને જ્યાં સુધી દેહ હોય છે ત્યાં સુધી કેવળ દ્રવ્યમન જ વર્તે છે. ભાવમનનો નાશ થયેથી જીવ નિશ્ચયથી દુઃખરહિત, દુઃખમુક્ત થાય છે. સર્વ દુઃખોનો સર્વથા અન્ત થાય છે. દુઃખાન્ત થાય છે અને નિતાંત સુખ પામે છે. કેવળજ્ઞાનની, ગુણસ્થાનક આરોહણની, સાધનાની, સ્વરૂપ પ્રાપ્તિની એ પ્રક્રિયા Process છે.

આત્માનું સ્વરૂપ કેવળજ્ઞાન એ માત્ર જ્ઞાન અને ઉપયોગરૂપ છે. જ્યારે મતિજ્ઞાન, જ્ઞાન, ધ્યાન અને વિકલ્પરૂપ ત્રણ પ્રકારે છે. કેવળજ્ઞાનના ધ્યાન વડે મતિજ્ઞાન, કેવળજ્ઞાનમાં પરિણમે છે. ધ્યાન-સમાધિ એ મતિજ્ઞાનને અને કેવળજ્ઞાનને જોડવા રૂપ કડી-મધ્યાવસ્થા છે. ધ્યાન-સમાધિ એ સ્વરૂપ નથી પણ સાધના છે.

મતિજ્ઞાનમાં-બુદ્ધિમાં સ્વરૂપ આવશે નહિ, સ્વરૂપ સમજાશે નહિ તો વેદાશે નહિ. મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનના સ્વરૂપને જેણે જાણ્યું તેણે બોધિ દર્શન કર્યું કહેવાય. એને બોધ થયો લેખાય. સ્વરૂપને જાણીને, સ્વરૂપને સમજીને, સ્વમાં સ્વજ્ઞાનને વેદીએ તેને ચારિત્ર કહેવાય.

ચારિત્ર આવતાં બુદ્ધિ છૂટી જશે અને અંતે કેવળજ્ઞાન થતાં મતિજ્ઞાન એમાં લય પામશે.

કેવળજ્ઞાન જેમ સત્તા છે તેમ મતિજ્ઞાન પણ સત્તા છે. આપણા મતિજ્ઞાન પ્રમાણે જ આપણે પ્રકૃતિ અને રસ રેડીએ છીએ. પછી એ પુદ્ગલ કાર્મણવર્ગણા કર્મ બની આપણા ઉપર ચઢી બેસી આપણા ઉપર સત્તા ચલાવે છે તે વાત જુદી છે. મૂળમાં આપણે જ આપણી સત્તા તેમાં સીંચીએ છીએ અને વાઘ મટી બકરી બનીએ છીએ.

**ક્રોધાદિ ચાર કષાયની વિકૃતિથી કેવળજ્ઞાનની મૂળ પ્રકૃતિ સ્વરૂપની સમજ :**

જ્ઞાન-અજ્ઞાનનો આત્મા સાથે પ્રકૃતિ-વિકૃતિ સંબંધ છે જ્યારે જ્ઞાનાવરણીય આદિ કર્મ એ બદ્ધ સંબંધ છે, આવરણ છે. વિકૃતિએ (અજ્ઞાને), પ્રકૃતિ (જ્ઞાન)નો આધાર લીધો છે. વિકૃતિનો પ્રકૃતિમાં લય કરવાથી પ્રકૃતિ નિરાવરણ થાય છે. વિનાશી તત્ત્વો અવિનાશીને આધારે રહેલ છે, જે આપણે જોતાં નથી-વિચારતા નથી. અવિનાશી તત્ત્વ - સત્ તત્ત્વ આત્મા સ્વયં છે. આત્મસુખ, આનંદ અવિનાશી છે. કર્મજનિત સુખદુઃખ ઉભય વિનાશી છે. વિનાશીપણું કદી સ્વયંભૂ ન હોય. જે સ્વયંભૂ હોય છે તે અવિનાશી હોય છે અને એનો કદિ નાશ ન થાય. વિકૃતિ થઇ હોય તેનો નાશ થઇ રહે છે.

અધર્મને આશરો ધર્મ તત્ત્વે આપેલ છે. અધર્મ, ધર્મ વડે ટળે છે. જેણે આશરો આપેલ છે, આધાર, આશ્રય આપેલ છે, તે પોતે જ આશ્રિતને, આધેયને, અધ્યસ્થને કાઢી શકે છે. અધર્મને કાઢીએ એટલે સક્રિય, સહજ ધર્મ થાય. ધર્મમાંથી અધર્મ થયો તો, અધર્મ જ ધર્મરૂપે દેખાયો. અને ધર્મ અધર્મરૂપે દેખાયો જે પ્રકૃતિમાં થયેલ વિકૃતિ છે.

અનિત્ય, નિત્યનો આધાર થઇને જ ઉત્પન્ન થાય છે. અને નિત્યને જ દબાવે છે, છૂપાવે છે. બાંધેલાં કર્મો જીવના સ્વરૂપને આવરણરૂપ છે. કર્મ વિપાકોદયને વેદવો પડે છે, તે અર્થમાં જીવે કરેલું કોઇપણ કર્મ તે છૂપાવી શકતો નથી. પરંતુ જીવ ચાહે તો તે કર્મનો નાશ કરી શકે છે. સાથે સાથે એ પણ ભૂલવા જેવું નથી કે કર્મો જીવના સ્વરૂપને આવરણરૂપ છે, તે સ્વરૂપને છૂપાવી-દબાવી શકે છે પણ સત્-અવિનાશી સ્વરૂપનો અભાવ તો ક્યારેય કરી શકતાં નથી. પરંતુ દબાયેલા-આવરાયેલા સ્વરૂપને સર્વ આવરણ હઠાવી પ્રગટ થઇ શકે છે. જ્યારે આવરણ અર્થાત્ કર્મોનો સર્વથા અભાવ કરી શકે છે.

બધાંને સમાવે એવું પ્રેમતત્ત્વ છે. પ્રેમ એ સર્વ તત્ત્વ છે-પ્રકૃતિ છે. (૧) પ્રેમમાં જો વિકૃતિ, વિકાર હોય તો તે દ્વેષ છે, (૨) અને આનંદમાં કોઇ વિકાર હોય તે સુખદુઃખ છે. (૩) જ્ઞાનમાં જો વિકાર હોય તો તે અજ્ઞાન, અપૂર્ણજ્ઞાન છે. આત્માની સ્વ સ્વરૂપ ચીજ બે છે. જ્ઞાન અને આનંદ. જ્ઞાન અને આનંદ એના મૂળ શુદ્ધ સ્વરૂપે નિર્મળ છે. જ્ઞાનને આનંદ ઉભય કોઇના વડે પણ નથી અને કોઇના ભોગે પણ નથી. જ્ઞાન જગત માટે પર પ્રકાશક છે અને પોતાને માટે આનંદરૂપ છે. નિર્મળ એવાં જ્ઞાન અને આનંદને આપણે મલિન કરેલ છે - સદોષ બનાવેલ છે. પરિણામે જ્ઞાન, અજ્ઞાનમાં પરિણમેલ છે. અને આનંદ સુખ-દુઃખ રૂપે પરિવર્તિત થયેલ છે.

પૂર્ણ તત્ત્વ ખંડિત થતાં અનેક ભેદે, અપૂર્ણ સ્વરૂપે, ખંડિત સ્વરૂપે પરિણમે છે. વીતરાગતા ખંડિત થતાં એમાંથી રાગ-દ્વેષ જન્મ્યાં, રાગ-દ્વેષમાંથી ક્રોધ, માન, માયા, લોભ ઉદ્ભવ્યા જેમાંથી હાસ્યાદિ નોકષાય નીપજ્યા. આમ અખંડ તત્ત્વ ખંડિત થતાં અનેક ખંડોમાં-ટૂકડામાં વહેંચાઈ જાય છે. અખંડ એકરૂપે હોય. ખંડ ખંડ અનેકરૂપે હોય. ચાર આંકડાની ચાર રકમનો સરવાળો સાચો એક જ હોય. ખોટા જવાબ અનેક હોય. એ ટૂકડા-ખંડો ભેગાં થઇ એક અખંડ તત્ત્વ બનતાં તેના પૂર્વ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. જેમકે... મોહનીય કર્મના આશ્રયે વીતરાગતા આવે છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયે જ્ઞાન પૂર્ણપ્રકાશ-કેવળજ્ઞાન બને છે. ક્રમથી જાણવાવાળું સક્રિય જ્ઞાન, અક્રમિક, અક્રિય-અવિનાશી જ્ઞાન બને છે, અંતરાયકર્મના ક્ષયે જ્ઞાન પૂર્ણ બને છે. અલ્પજ્ઞતા, સર્વજ્ઞતામાં પરિણમે છે. દર્શનાવરણીયકર્મના ક્ષયે કેવળદર્શન-સ્વાધીન દર્શન પ્રગટે છે. જે સામાન્ય હોઇ વિશેષ એવાં કેવળજ્ઞાનમાં સમાય જાય છે. આમ જ્ઞાન એના પૂર્ણ સ્વરૂપમાં કેવળજ્ઞાનરૂપે પ્રગટતાં ચારેય ઘાતિકર્મના ક્ષયથી પ્રગટતા ગુણો એ કેવળજ્ઞાનના વિશેષણ બની જાય છે.

દર્શનના બે ભેદ, ચક્ષુ દર્શન અને અચક્ષુદર્શન એમ બે ભેદ પડે છે. દર્શનાવરણીયકર્મના નવ ભેદમાં ચક્ષુદર્શનાવરણીકર્મ, અચક્ષુદર્શનાવરણીયકર્મ, અવધિદર્શનાવરણીયકર્મ, કેવલદર્શનાવરણીયકર્મ, નિદ્રા, નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા, થિણદ્ધિ છે. કર્મસંયોગે જડ એવાં કર્મની પરાધીનતા વડે પદાર્શને જુએ છે. જોનાર, દર્શન તત્ત્વ સ્વયં આત્મપ્રદેશે છે. પરંતુ જોવા માટે તો જડ એવી ઇન્દ્રિયોનો અને કર્મનો ઉઘાડ અર્થાત્ ક્ષયોપશમની અપેક્ષા રહે છે તે પરાધીનતા છે, જે કેવળદર્શનના પ્રગટીકરણે, રહેતી નથી અને સ્વાધીન દર્શન થાય છે.

આત્માના સ્વયં ગુણો છે જે તે આત્માનો સ્વભાવ છે. એ જ આત્માની પ્રકૃતિ છે. ઘાતિકર્મોથી આત્માના જે ચાર ગુણો આવરાયેલ છે એ આત્માના વિશેષગુણો છે અને અઘાતિકર્મોથી જે ચાર ગુણો આવરાયેલ છે તે આત્માના સમાન્ય ગુણો છે કેમકે ધર્મ, અધર્મ, આકાશાસ્તિકાયમાં પણ એ ગુણો છે.

અપૂર્ણ એ પૂર્ણનો અંશ છે. પૂર્ણની નિશાની-ઝલક છે. અપૂર્ણનું પૂર્ણ સાથે અંશે પણ સામ્ય હોય છે. પૂર્ણજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાનની છાંટ-છાયા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનમાં હોય છે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય જ્ઞાન ક્રમથી જાણે છે. કેવળજ્ઞાનમાં અક્રમથી જણાય છે. કેવળજ્ઞાનમાં લબ્ધિ અને ઉપયોગની અભેદતા હોય છે. એટલે કે કેવળજ્ઞાન ઉપયોગવંત છે. લબ્ધિ અને ઉપયોગ કેવળજ્ઞાનમાં એક સાથે અને એક સરખાં હોય છે.

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે. કષાય એ વિકૃતિ છે. જેમ મોહ એ વીતરાગતાની વિકૃતિ છે એમ ક્રોધાદિ ચાર કષાય પણ કેવળજ્ઞાનના મૂળ સ્વરૂપની વિકૃતિ છે.

કેવળજ્ઞાન જે જ્યોતિ, તેજ, પ્રકાશ સ્વરૂપ છે તે સંસારી જીવને આવરણને કારણે વિકૃત થઇ ક્રોધ રૂપે પરિણમેલ છે. ક્રોધમાં વ્યક્તિ આગબબુલો થઇ જાય છે. લાલચોળ થઇ જાય છે. ક્રોધ એ અગ્નિ સ્વરૂપ છે જે આધારને જ બાળે છે. આમ કેવળજ્ઞાન જે પ્રકાશસ્વરૂપ તેજ તત્ત્વ છે તે ક્રોધરૂપે વિકૃત થઇ બહાર આવે છે.

કેવળજ્ઞાન પ્રકાશ સ્વરૂપ તો છે જ પણ તે સર્વોચ્ચ પ્રકાશ છે. વિશ્વમાં ઊંચામાં ઊંચું પરમતત્વ પણ પૂર્ણ પ્રકાશ સર્વજ્ઞપણાને કારણે છે. કેવળજ્ઞાન પ્રકાશની એ સર્વોચ્ચ પ્રકાશરૂપતા સંસારી જીવને આવરણને કારણે વિકૃત થઈ માન રૂપ પરિણમેલ છે. માન, અભિમાન, ઘમંડ એ જીવનું વિકૃત ઊંચાપણું-અહં છે. કોઇપણ જીવ સંસારમાં, વ્યવહારમાં સંપત્તિ, સમૃદ્ધિ, કલા, શક્તિ, હોય તો અભિમાન કરી શકે છે. પણ સંસારમાં રસ્તે રખડતો ભિખારી દીન-હીન, શક્તિહીન શું અભિમાન કરે? આપો મા-બાપ કહીને બાપડો હાથ ફેલાવી ઊભો રહે.

જીવ અભિમાન કરે તે ખોટું છે. પરંતુ મૂળ પ્રકૃતિ સર્વોચ્ચ પ્રકાશ છે તે વિકૃત થઇ માન-અભિમાન રૂપે બહાર આવે છે.

કેવળજ્ઞાન પ્રકાશરૂપ છે, કેવળજ્ઞાન સર્વોચ્ચ પ્રકાશ છે તેમ કેવળજ્ઞાન સ્વ-પર પ્રકાશક પણ છે. કેવળજ્ઞાનની આ સ્વ-પર પ્રકાશકતા સંસારી જીવને આવરણને કારણે વિકૃત થઇ માયારૂપ પરિણમેલ છે. કેવળજ્ઞાનમાં સર્વ હેય પ્રતિબિંબિત થાય છે. અરીસો જ્યારે ચકલીનું પ્રતિબિંબ અરીસામાં પાડે છે ત્યારે ચકલી, અરીસામાંના પોતાના જ પ્રતિબિંબને જીવંત ચકલી માનીને ચાંચ મારે છે. કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેયના પ્રતિબિંબ પડે છે. પરંતુ તે જ્ઞેયની કેવળજ્ઞાનને

કોઇ અસર નથી તેમ તે જ્ઞેયને પણ કેવળજ્ઞાનની કોઇ અસર પહોંચતી નથી. જ્ઞાનમાં જે જ્ઞેય દેખાય છે-જણાય છે તેનાથી જ્ઞાન નોખું-અનોખું છે. જેવો હોય તેવો દેખાય નહિ તેનું જ નામ માયા છે. કેવળજ્ઞાનની આ સ્વ પર પ્રકાશકતાની પ્રકૃતિ જ આવરણને કારણે વિકૃત થઇ માયા રૂપે પરિણમે છે જેથી સ્વયંના સ્વાર્થ કાજે સંસારી જીવ અન્યને અંધારામાં રાખી વ્યવહાર કરે છે. અર્થાત્ કપટ કરે છે, માયા કરે છે.

કેવળજ્ઞાન પ્રકાશરૂપ, સર્વોચ્ચ પ્રકાશ, સ્વ-પર પ્રકાશક હોવા સાથે સાથે સર્વપ્રકાશક છે. કેવળજ્ઞાનની આ એક સમયમાં સર્વ જણાવાની-સર્વપ્રકાશકતા, સર્વજ્ઞતાની પ્રકૃતિ જ સંસારીજીવને આવરણને કારણે વિકૃત થઇ લોભ રૂપે પરિણમેલ છે. જેથી સંસારી જીવ એક સાથે એક જ સમયે સર્વે પદાર્થોની પ્રાપ્તિની ઇચ્છા કરે છે જે લોભ છે. મૂળમાં આત્મા એક સમયે બધું જ-સર્વ કાંઇ જોવા-જાણવાની શક્તિવાળો છે અને વર્તમાનમાં આવરણને કારણે તે મૂળ શક્તિના અભાવમાં સુખની ઇચ્છા કરીને સુખને ઝંખી રહ્યો છે. વળી લોભમાં અને ઇચ્છામાં એની પરંપરા એટલી ચાલે છે કે ક્યાંય તેનો અંત નથી આવતો અને પૂર્ણાહુતિ થતી નથી. ઉત્તરાધ્યન સૂત્રમાં કહ્યું છે કે લોભ અને ઇચ્છાનું ક્ષેત્ર આકાશ જેટલું મહાન છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

જી રે મારે ઉત્તરાધ્યયનને અનંત ઇચ્છા આકાશ સમી કહી જી.

એ પણ કહ્યું છે -

જલમેં કુમ્ભ, કુમ્ભમેં જલ હૈ, બાહિર ભીતર પાની;

ફૂટા કુમ્ભ, જલ હી જલ સમાના, યહ તત્ કથૌ ગિયાની.

-કબીરજી

પ્રકૃતિ અને વિકૃતિનું આવું જ કુંભના જલ અને બહારના જલ જેવું છે. કુંભ ફૂટતાં અંદરનું જલ બહારના જલમાં ભળી જાય છે તેમ વિકૃતિ, પ્રકૃતિમાં લય પામી જાય છે એ તત્ત્વ જ્ઞાની કહે છે. ક્રોધ, માન, માયા, લોભ, કષાય જે વિકૃતિ પોતાની છે તે પોતાની વિકૃતિ, કષાયો નાશ પામતાં, પ્રકૃતિમાં લય પામે છે. 'પિંડે સો બ્રહ્માંડે' જે કહ્યું છે તે આ સંદર્ભમાં છે.

છતાંય પ્રકૃતિ જે વિકૃતિ રૂપે પરિણમેલ છે તેથી અન્ય જીવો ક્રોધ, માન, માયા, લોભ કરે તો વિચારવું કે તેના મૂળમાં તો પ્રકૃતિ જ રહેલ છે અને તે જીવો તેમની વિકૃતિને પ્રકૃતિમાં લય કરે અને પોતાના વિકૃત સ્વરૂપમાંથી પ્રાકૃતિક સ્વરૂપમાં આવે ! વિરૂપમાંથી સ્વરૂપમાં આવે ! એ તો એના જેવું છે કે નિર્ધન માણસ પૂરું ન થતું હોય તો ચોરી કરે એમાં શી નવાઇ ? ચર્મરોગ થયો હોય અને ખણજ ઊપડતી હોય તે ખંજવાળે અને એ રોગી નિરોગી ન થાય ત્યાં સુધી ખણજમાં જ આનંદ માને એમાંશી નવાઇ ? સખત ભૂખ લાગી હોય ત્યારે ગમે તે વસ્તુ તે ભૂખ્યો ખાઇ નાંખે એમાં આશ્ચર્ય શું ? શું આપણે ઉકરડા ફંફોળીને પેટનો ખાડો પૂરનારા જોયાં નથી ? જે વિરૂપ થયો હોય, જે વિકૃત થયો હોય, જે ગાંડો થયો હોય તે ગાંડી ચેષ્ટા કરે એમાં તે શી નવાઇ ? કરોડપતિની પત્ની એકી ધડાકે પાંચ પચ્ચીસ લાખનાં ઘરેણાં ખરીદી નાંખે એમાં શું આશ્ચર્ય ? મૂળમાં પ્રકાશરૂપ, સર્વોચ્ચ પ્રકાશરૂપ, સ્વપર પ્રકાશરૂપ અને સર્વપ્રકાશરૂપ એવાં કેવળજ્ઞાનનો ધણી એના અજ્ઞાનમાં, વિરૂપમાં, વિકૃતરૂપમાં પણ મૂળ સ્વરૂપને અનુલક્ષીને જ વિકૃત ચેષ્ટા અજાણતાં અજ્ઞાન દશામાં કરે છે તે જ તેના મૂળ સ્વરૂપ ઐશ્વર્યના અસ્તિત્વના સૂચન સ્વરૂપ, લક્ષણરૂપ છે. એ તો કેવળજ્ઞાન જેમ સત્તા છે તેમ મતિજ્ઞાન પણ સત્તા છે. આપણા મતિજ્ઞાન પ્રમાણે જ આપણે પ્રકૃતિ અને રસ પુદ્‌ગલમાં રેડીએ છીએ. પછી એ પુદ્‌ગલ, કાર્મણવર્ગણા કર્મ બની આપણા ઉપર ચડી બેસીને આપણી ઉપર જ સત્તા ચલાવે છે. મૂળમાં આપણે જ આપણી સત્તા તેમાં સીંચીએ છીએ અને વાઘ મટી બકરી બનીએ છીએ. અનંત સ્વરૂપ ઐશ્વર્યના ધણી રાંક, ગરીબ, નિર્ધન, ભિખારી બની ભીખ માંગતા એંઠું જૂઠું ખાઇએ છીએ અને શાણા, ડાહ્યા, એવાં ગાંડા થઇ ગાંડી ચેષ્ટા કરીએ છીએ. જેમ રાજાનો હજૂરીયો રાજાના નામે જ રાજ ઉપર પોતાની સત્તા, પોતાનું રાજ ચલાવે છે તેમ વિકૃતિ, પ્રકૃતિનો જ આધાર લઇને પ્રકૃતિને જ દબાવીને, તે પ્રકૃતિનું અસ્તિત્વ છે કે નહિ તેનું અભાન કરાવીને પોતાનું જ રાજ ચલાવે છે-પોતાની જ સત્તા ચલાવે છે. આ તો એવી અજ્ઞાનદશા, અભાન-બેભાન દશા છે કે છતે પૈસે ભિખારીની જેમ જીવ સ્વયં પરમાત્મા હોતે છતે પોતાના પરમાત્મત્વને આવરણાદિએ કરીને વેદી શકતો નથી.

જેને શુદ્ધ થવાનું છે તેના મૂળમાં શુદ્ધતા હોવી જોઇએ. એમ હોય તો જ અશુદ્ધિ ટાળી શુદ્ધતા બહાર લાવી શકાય. કપડું મૂળમાં જે શુદ્ધ, શુભ્ર, સ્વચ્છ, સફેદ છે તે મેલું થયું હોય તો તેને મેલ દૂર કરીને ઊજળું સફેદ દૂધ જેવું શુભ્ર બનાવી શકાય છે, કારણ મૂળમાં કપડું મેલ વિનાનું ઊજળું, સફેદ, સાફ, સ્વચ્છ, શુભ્ર છે. શુદ્ધતામાં અશુદ્ધતા બીજા પદાર્થોના સંગે હોય. પર વિરુદ્ધ ગુણધર્મવાળા પદાર્થના સંબંધથી, પર પદાર્થની અસરથી અશુદ્ધિ આવે. પર પદાર્થનો સંયોગ હોય છે અને સંયોગ હોય તેનો વિયોગ હોય જ છે.

કેવળજ્ઞાનના બીજરૂપ, અંશરૂપ એવાં મતિજ્ઞાનની વર્તમાનકાળમાં સાવરણદશામાં પણ એવી શક્તિ છે કે...એ મતિજ્ઞાન વર્તમાનકાળે અનંત ભૂતવત્ (સ્મૃતિ), અનંત ભવિષ્યવત્ (કલ્પના-સોણલાં) અને પરક્ષેત્રે રહેલ દ્રવ્ય, ચીજ-વસ્તુ અને વ્યક્તિ વિષે વિચારી શકે છે. એ જ તો અપૂર્ણ, અધૂરાં એવાં મતિજ્ઞાનમાં પૂર્ણ એવાં કેવળજ્ઞાનની છાયા છે.

જ્ઞાનમાં અજ્ઞાન વિકૃતિ છે. આનંદમાં સુખ-દુઃખ વિકૃતિ છે. અને પ્રેમમાં મોહ વિકૃતિ છે. સ્વરૂપભાવમાં સ્થિર થવાથી જ્ઞાનમાંથી અજ્ઞાન, આનંદમાંથી સુખદુઃખ અને પ્રેમમાંથી મોહ નીકળી જાય છે.

જ્ઞાન એટલે કે કેવળજ્ઞાનમાં એક સમયે સર્વ કાંઇ દેખાવું, જણાવું, અનંત આનંદમાં આત્માના સર્વ સ્વરૂપગુણોનું વેદન થવું અને પ્રેમમાં સંસાર-બ્રહ્માંડ સમગ્રના પ્રતિ સમભાવ, વીતરાગદશા આવવી એ સ્વગત અભેદતા છે. સ્વગત અદ્વૈત છે. રાગસુખ એ દુઃખ છે. જ્યારે વીતરાગસુખ એ આનંદ છે-પ્રેમ છે. જ્ઞાન જ આનંદ સ્વરૂપ છે. રાગમાંથી દ્વેષ નીકળે છે પણ પ્રેમમાંથી ક્યારેય દ્વેષ નીકળતો નથી.

આપણા જ્ઞાન અને આનંદ અભિન્ન હોવા છતાં વર્તમાન કાળે આપણા મોહ, અજ્ઞાન, રાગાદિ ભાવોએ કરીને તે ભિન્ન બની ગયાં છે. જ્ઞાન આનંદથી વિખૂટું પડી ગયું છે અને તેથી જ આત્મા, જ્ઞાન બધે સુખ-આનંદ શોધે છે. પ્રતિ સમયે પ્રત્યેક આત્મામાં સુખની ઇચ્છા પ્રવર્તે છે. અને તે જ પ્રત્યક્ષ સ્વાનુભૂત સાબિતી છે કે જ્ઞાન આનંદથી વિખૂટું પડી ગયું છે.

સ્વરૂપનું લક્ષણ લઇને વિરૂપ સમજવું જોઇએ. કારણ કે સ્વરૂપ શાશ્વત છે, અવિનાશી છે. જ્યારે વિરૂપ તો વિનાશી છે-અને તેથી તેનું કોઇ લક્ષણ જ નથી. વિકૃતિ કાંઇ સ્વયંભૂ નથી. ધરીને લઇને પરિઘ સમજવું જોઇએ અને પરિઘ ઉપર ફેરા મારવા છોડી ધરી-કેન્દ્ર તરફ પ્રગતિ કરવી જોઇએ. નિશ્ચય નિરપેક્ષ વ્યવહારને નહિ સમજતાં નિશ્ચય સાપેક્ષ વ્યવહારને સમજવો જોઇએ. જ્ઞાનના અંતિમ શુદ્ધ નિરપેક્ષ સ્વરૂપ કેવળજ્ઞાનને લક્ષમાં રાખી વર્તમાનના વિકારીજ્ઞાનની વિકારિતા સમજવી જોઇએ અને સમજાવવી જોઇએ. અપૂર્ણને અપૂર્ણથી સમજવું તે મર્યાદિત સમજણ છે. પૂર્ણથી અપૂર્ણ સમજવું તે પૂર્ણ સમજણ છે.

વાદળાંએ સૂર્યનો પ્રકાશ આવર્યો છે, પરંતુ જે પણ કાંઇ આછો પાતળો પ્રકાશ છે તે વાદળાનો નથી પણ સૂર્યનો જ છે, જે વાદળ આડે હોવા છતાં આપણા સુધી પહોંચી રહ્યો છે. તેજ પ્રમાણે વિકૃત સ્વરૂપે-અપૂર્ણ સ્વરૂપે-અનિત્ય સ્વરૂપે વિલસતા આત્મામાં મૂળ સંસ્કારી પૂર્ણ-નિત્ય સ્વરૂપ જ રહેલું છે.

(ક્રમશઃ)

# ટાગોર-સાહિત્યમાં ભૃત્ય-નિરૂપણ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

સ્વસ્થ સમાજનો પાયો સંવાદી કુટુંબ છે ને સંવાદી કુટુંબની કૃતાર્થતા સુખી ગૃહસ્થાશ્રમ પર નિર્ભર છે. ભગવાન મનુએ કહ્યું છે : 'જેમ વાયુને આધારે સર્વ જંતુઓ જીવે છે, તેમ ગૃહસ્થને આશ્રયે સર્વ આશ્રમો રહેલાં છે. જેમ સર્વ નદીઓ અને નદો (નાની-મોટી નદીઓ) સમુદ્રમાં જઇને ઠરે છે, તેમ સર્વ આશ્રમીઓ ગૃહસ્થ પાસે જઇને ઠરે છે.' (મનુસ્મૃતિ). આવા ગૃહસ્થાશ્રમમાં દંપતીએ કેવો વ્યવહાર રાખવો તે માટે 'યાજ્ઞવલક્ય સ્મૃતિ'માં કહ્યું છે : 'બાળક, સ્વવાસિની (પોતાના ઘરમાં રહેતાં બહેન (દીકરી), વૃદ્ધજન, ગર્ભવંતી સ્ત્રી, કન્યાઓ, અતિથિઓ અને નોકરો-એટલાંને જમાડીને પછી દંપતી (ગૃહસ્થ પતિ-પત્ની)એ જમવું.' આમ ઘરના નોકરોને પણ કુટુમ્બના સભ્યો તરીકેનો દરજ્જો-મોભો મળેલો છે. અરે, કેટલાંક કુટુમ્બોમાં તો માતા પિતા કરતાં પણ નોકરની સેવા-ચાકરી ને સાર-સંભાળથી બાળકો મોટાં થતાં હોય છે. ટાગોર-કુટુંબમાં નોકર-ચાકરોનું આવું સ્થાન હતું; કેટલીક બાબતોમાં તો વર્ચસ્વ હતું. કવિવર રવીન્દ્રનાથના શિશુ-માનસ પર નોકરોના વર્તન-વ્યવહારનો ખૂબ મોટો પ્રભાવ હતો. 'જીવનસ્મૃતિ'માં તેઓ લખે છે : 'અમારો એક નોકર હતો-એનું નામ શ્યામ. વર્ણે બમણો શ્યામ. માથા પર લાંબા વાળ, ખુલના જીલ્લાનો રહેવાસી. તે મને ઘરમાં એક નક્કી કરેલી જગાએ બેસાડીને મારી ચારે તરફ ખડી વડે કુંડાળું ચીતરી કાઢતો. પછી ગંભીર મોં કરી, આંગળી ઊંચી કરી કહેતો : 'કુંડાળાની બહાર પગ મૂક્યો તો ભયાનક આફત જાણજે.' આફત આધિભૌતિક કે આધિદૈવિક તે હું સ્પષ્ટ સમજતો નહિ, પરંતુ મન ખૂબ ભયભીત બની જતું. કુંડાળું ઓળંગવાથી સીતાની કેવી દુર્દશા થઇ હતી તે મેં રામાયણમાં વાંચ્યું હતું, એટલે સાવ અશ્રદ્ધાળુની પેઠે હું કુંડાળાને ફગાવી દઇ શકતો નહોતો.'

આગળ ઉપર 'જીવનસ્મૃતિ'માં લખે છે : 'અમે બધાં નોકરોના જ શાસન હેઠળ હતા...બહારના ઘરમાં બીજે માળ અગ્નિખૂણે નોકરોના વાસમાં અમારા દિવસો જતા. ઘરની બહાર જવાની અમને મનાઇ હતી, એટલું જ નહિ, ઘરની અંદર પણ બધે ફાવે ત્યાં અમે જાઆવ કરી શકતા નહિ . 'બે પંખી' કાવ્ય અને 'ડાક ઘર'માં આ દમિત મન, કાવ્ય-નાટકમાં સર્જનાત્મક અભિવ્યક્તિ પામ્યું છે.

ટાગોરને બાળમાનસ જેટલો જ નહીં તો જેવો ભૃત્ય-માનસનો પણ પરિચય છે. 'શિશુ'માં બાળમાનસનાં વિવિધ પાસાંની તાદશ ચિત્રાવલિ છે તો ટાગોરની અનેક વાર્તાઓમાં અને કોઇક લેખમાં ભૃત્ય-માનસનું - નોકરની મનોદશાનું અચ્છું નિરૂપણ છે. 'કાબુલી' નામની એમની પ્રખ્યાત વાર્તામાં-બે નોકર રામદયાળ અને ભોળો વિષે પાંચ વરસની મીની શું કહે છે તે સાંભળો : બાપા ! રામદયાળ દરવાન કાગડાને કૌઆ કહે છે, એને કશું આવડતું નથી, નહીં ?' અને ભોળા વિષે : 'બાપા ! ભોળો કહેતો'તો કે આકાશમાં હાથી રહે છે તે સૂંઢમાંથી પામી રેડે છે, તેથી વરસાદ પડે છે ! 'ઓ મા ! ભોળો કેવું ખોટું ખોટું બકે છે ! બસ, બક્યા જ કરે છે, રાત-દિવસ બક્યા જ કરે છે.' કુંડાળાનું અનુશાસન ફરમાવતા શ્યામ કરતાં ભોળો ખરેખર ભોળો છે. સ્વલ્પ તર્કપ્રધાન, બાકી બક્યા તો મીની જ કર્યા કરે છે !

'પોસ્ટ માસ્તર' નામની ટાગોરની એક વાર્તામાં, કલકત્તાનો એક શિક્ષિત નવજુવાન, જે કવિજીવ છે, તેની નિમણૂક એક દૂરના ગામડામાં થાય છે. પાણીની માછલીને જમીન ઉપર મૂકતાં જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ આ ભદ્ર-યુવાનની થાય છે, પણ ત્યં તેને બાર તેર વર્ષની રતન નામે એક છોકરી જનની-સ્વરૂપે મળી જાય છે. છે તો એની નોકરડી, પણ ઉભયપદી બધો વ્યવહાર એટલો બધો આત્મીય બની જાય છે કે જાણે નખ-માંસનો સંબંધ ! પોસ્ટ માસ્તર રતનને ભણાવે પણ છે...કિન્તુ એકવાર માંદગીમાં પોસ્ટ માસ્તર પટકાઇ પડે છે ત્યારે તેમના ગૃહની સ્મૃતિ અતિ પ્રબળ બની જાય છે. તે વિચારે છે : તદ્દન એકલવાયા આ પરદેશવાસમાં ભર ચોમાસામાં માંદા શરીરને જરા સેવા-શુશ્રૂષાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. તે વખતે તપતા કપાળ પર બંગડીવાળા કોમળ હાથનો સ્પર્શ યાદ આવે છે. આવા ભયાનક પરદેશવાસમાં માંદગીથી પીડાતી વખતે સ્નેહમયી નારીરૂપે માતા કે બહેન પાસે બેઠેલી છે એવો ખ્યાલ કરવાનું મનને ગમે છે અને અત્યારે આ પરદેશવાસીના મનની અભિલાષા વ્યર્થ ન ગઇ. બાલિકા રતન હવે બાલિકા મટી ગઇ છે. તે જ વખતે તેણે જનનીનું પદ કબજે કરી લીધું. તે વૈદ્યને બોલાવી લાવી. વખતસર દવા પીવડાવવા લાગી, આખી રાત જાગતી ઓશીકા આગળ બેસી રહી, જાતે જ પથ્ય તૈયાર કરીને લાવી અને સેંકડો વાર પૂછવા લાગી : 'હોં દાદાબાબુ ! હવે કાંઇ સારું લાગે છે ?' આ સ્થળથી કંટાળી પોસ્ટમાસ્તરે બદલી માગી જે ન મળતાં રાજીનામું ધરી દીધું. સ્થળ છોડતી વખતનો પોસ્ટ માસ્તરનો મનોભાવ કેવો તો મર્મઘ્ન છે ! 'જ્યારે નૌકામાં બેઠા અને નૌકા ઊપડી-ચોમાસામાં બે કાંઠે છલકતી નદી ધરતીનાં ઊભરાતાં આંસુની પેઠે ચારે તરફ છલછલ કરવા લાગી - ત્યારે પોસ્ટ માસ્તરનેં હૃદયમાં કોઇ ઊંડી વેદના થવા માંડી. એક સાધારણ ગ્રામ્ય બાલિકાની કરુણ મુખછબી જાણે કોઇ વિશ્વવ્યાપી બૃહત્ અવ્યક્ત મર્મવ્યથાને પ્રગટ કરવા લાગી. એક વખત તો એને એવું થઇ ગયું કે પાછો ફરું-અને જગતના ખોળામાંથી તરછોડાયેલી એ અનાથ બાળાને સાથે લેતો જાઉં.'

વિશ્વ-કવિ ટાગોરમાં બૃહદ્-ફઉલક પર ફેલાયેલ આવો નિર્ભેળ-નિરપેક્ષ માનવતાનો સંસ્પર્શ વિરલ નથી.

'ખોકાબાબાનું પુનરામગન' વાર્તા તો ભૃત્ય-વફાદારીની પરાકાષ્ઠા સૂચવે છે. એની શરૂઆત આ પ્રકારની છે : 'રાઇચરણ, બાબુઓને ઘેર જ્યારે પહેલ વહેલો નોકરી કરવા આવ્યો ત્યારે તેની ઉંમર બાર વરસની હતી. યશોહર જિલ્લામાં તેનું ઘર હતું. માથે લાંબા વાળ (યાદ કરો શ્યામને...'માથા પર લાંબા વાળ...') મોટી મોટી આંખો અને ચમકતો વાન. જાતે કાયસ્થ હતો. એના શેઠ પણ કાયસ્થ હતા. બાબુના એક વરસના છોકરાને સંભાળવાનું તેનું મુખ્ય કામ હતું. આ છોકરો કાળક્રમે રાઇચરણનો ખોળો છોડીને સ્કૂલમાં ગયો, સ્કૂલ છોડીને કોલેજમાં ગયો અને છેવટે કોલેજમાં મુનસફ બની કચેરીમાં દાખલ થયો. રાઇચરણ હજીયે એનો નોકર છે.'

મુનસફ અનુકૂલ બાબુને પણ પુત્રરત્નની પ્રાપ્તિ થઇ છે ને એ પુત્રને ઉછેરવાની જવાબદારી પણ રાઇચરણને શિરે છે. રાઇચરણ ઉત્સાહથી એને રમાડતો ને છોકરો પણ રાઇચરણને જોતાં જ પુલકિત થઇ જતો. એકવાર સાટીનનો જામો, જરીની ટોપી, હાથે સોનાનાં બે કડાં, પગમાં ઝાંઝર પહેરાવીને રાઇચરણ નવકુમારને ઠેલણગાડીમાં બેસાડી પદ્માને કિનારે ફરવા લઇ ગયો. ત્યાં, કદંબના ઝાડે ફૂલ જોતાં નવકુમારે તે લેવાની રઢ લીધી. રાઇચરણ ફૂલ લેવા ગયો ને નવકુમાર ઠેલણગાડીમાંથી ઊતરી પડ્યો. તટે ગયો ને તણાઇ ગયો. રાઇચરણને નોકરીમાંથી પાણીચું મળ્યું...તે દેશમાં ગયો ને પોતાને ત્યાં નયકુમાર જેવો જ પુત્ર જન્મ્યો. પુત્રનો નોકરની જેમ જ ઊછેર કરી થોડાંક વર્ષો બાદ અનુકૂલબાબુને ઘરે આવી કહેવા લાગ્યો, 'મા ! હું જ તમારા છોકરાને ચોરી ગયો હતો. પદ્માયે નહીં અને બીજુંયે કોઇ નહીં ! પણ હું જ નિમકહરામ નરાધમ-' દંપતીએ દીકરાને સ્વીકારી લીધો ને રાઇચરણ દેશમાં ગયો. 'મહિના પછી અનુકૂલે તેના દેશના સરનામે

કંઇક જિવાઇ મોકલી પણ એ રૂપિયા પાછા આવ્યા...ત્યાં કોઇ હતું નહીં.'

હળવી, રસળતી શૈલીમાં લખાયેલા 'મન' નામના એક નિબંધમાં ટાગોર લખે છે : 'સભ્યતાને ખાતર માણસે મન નામના પોતાના એક અંશને અમર્યાદ લાડ લડાવીને ખૂબ બહેકાવી મૂક્યો છે. હવે તમે કદાચ એને છોડવા જશો પણ તે તમને છોડે એમ નથી'. આ પછી ખૂબ જ નૈસર્ગિક જીવન જીવતા એમના એક નોકરની વાત કરે છે. પેલો એક માણસ તડકો ખાળવાને માટે માથે ચાદર નાખીને જમણા હાથમાં શાલનાં પાંદડાંના પડિયામાં થોડું દહીં લઇને રસોડા તરફ જાય છે...એ મારો નોકર છે. એનું નામ છે નારાયણસિંગ. ખાસો હૃષ્ટપુષ્ટ, નિશ્ચિંત, પ્રફુલ્લ મનનો, સારી પેઠે ખાતર મળેલા, પુષ્કળ પાંદડાંવાળા, લીસા, સુંવાળા ફણસનાં ઝાડ જેવો. એવો માણસ આ બહારની પ્રકૃતિમાં બરાબર ભળી જાય છે. પ્રકૃતિ અને એની વચ્ચે ઝાઝું અંતર નથી. આ જીવોની ધાત્રી સમી ધાન્યથી ભરપૂર વસુંધરાના અંગ સાથે લોટપોટ થઇ જઇને એ માણસ ખૂબ જ સહજ ભાવે જીવે છે. એના પોતામાં લેશ પણ આત્મવિરોધ કે વિસંવાદ નથી. પેલું ઝાડ જેમ મૂળિયાંથી માંડીને પાંદડાંની ટીશી સુધી કેવળ એક સીતાફળનું ઝાડ બની રહ્યું છે. બીજા કશાને વિશે તેને કશી માથાફોડ કરવાની નથી, તે જ પ્રમાણે મારો હૃષ્ટપુષ્ટ નારાયણ પણ આદિથી તે અંત સુધી કેવળ માત્ર એક આખો નારાયણસિંગ જ છે.'

'જૂનો નોકર' નામના એક (કથા) કાવ્યમાં ટાગોરે કેષ્ટા (કૃષ્ણકાન્ત) નામના એક જૂના વફાદાર નોકરની હૃદયભેદક કથા આલેખી છે. કાવ્યની શરૂઆત આવી છે : 'ભૂતના જેવો એનો ચહેરો હતો, તેવો જ એ મહામૂર્ખ પણ હતો. કંઇ ખોવાય તો ગૃહિણી કહે : 'બેટો કેષ્ટો જ ચોર છે. ઊઠતાં બેસતાં હું એને ગાળો ભાંડું છું કે તારો બાપુ મરે, પણ એ સાંભળ્યું ન સાંભળ્યું કરી કાઢે છે. જેટલો એ માર ખાય છે એટલો તો એ પગાર ખાતો નથી... ત્રણ ચીજ એને આપી હોય તો એમાંથી એક રહે છે ને બાકીની બે ક્યાં ગઈ તે એ જાણતો નથી. એને જો એક આપી હોય તો આંખના પલકારામાં (એને ભાંગીને) એકની ત્રણ કરી લાવે છે...! પાજી, પાજી, અભાગિયા ગધેડા કહી ગાળો દઉં છું પણ એ તો બારણા આગળ ઊભો ઊભો હસ્યા કરે છે...એ જોઇને મારો તો પિત્તો ઊકળી જાય છે, પણ તો ય, એની માયા છોડવી મારે માટે મુશ્કેલ છે, કારણ એ મારો બહુ જૂનો નોકર છે.'

આ પછી કાવ્ય આગળ વધે છે...કેષ્ટાથી કંટાળીને ગૃહિણી ઘર છોડવા તૈયાર થાય છે ત્યારે ગૃહપતિનો પિત્તો જાય છે : 'પાજી ! આજે જ તું અહીંથી ચાલી જા. હું તને નોકરીમાંથી કાઢી મૂકું છું !'...એ ધીરે ધીરે ચાલી જાય છે, પણ બીજે દિવસે સવારે ઊઠીને જોઉં છું તો બેટો મૂરખનો સરદાર હાથમાં હુક્કો લઇને તે મારી સામે ધરી ઊભો છે. એનું મોઢું ખુશખુશાલ છે. છોડવા છતાં પણ જે છોડતો નથી, તેનું કરવું શું? એ મારો બહુ જૂનો નોકર છે.'

'એ મારો બહુ જૂનો નોકર છે.' એ ધ્રુવપદમાં કથા-કાવ્ય આગળ ધપે છે. એક વરસે દલાલીમાં માલિકને સારો નફો થાય છે ને તે કેટલાકની સાથે શ્રી વૃંદાવન ધામ જવા ઊપડે છે. કેષ્ટાને બદલે, ગૃહિણીના કહેવાથી શેઠ રામનિવારણને સાથે લઇ જાય છે. પણ બાપ રે ! વર્ધમાનમાં ઊતરીને જોઉં છું તો કૃષ્ણકાન્ત (કેષ્ટો) અત્યંત શાંત ચિત્તે હૂકો તૈયાર કરીને લાવે છે. પણ હું એનો ગમે એટલો દોષ કાઢું તો પણ મારા એ જૂના નોકરને જોઇ મને ખૂબ આનંદ થયો.

શ્રી વૃંદાવન ધામમાં શેઠને વસંત (બળિયા) નીકળે છે. સૌ સાથીઓ છોડીને ભાગી જાય છે. બચવાની કોઇ શક્યતા લાગતી નથી ત્યારે એ (કેષ્ટો) મારા મોંમાં પાણી ટોવે છે, કુશળ પૂછે છે, મારા માથા પર હાથ મૂકે છે, ચૂપચાપ ઊભો રહે છે, એની આંખોમાં ઊંઘ નથી...અને એના મોંમાં અનાજનો દાણો નથી...રહી રહીને એ કહે છે : 'માલિક ! તમારે બીવાનું કોઇ કારણ નથી ! સાંભળો, તમે દેશમાં પાછા જશો...અને મા-ઠાકુરાણીને ફરી જોવા પામશો.'

કથા-કાવ્યનો અંત આવો છે : 'હું સાજો થઇને ઊઠ્યો, એને તાવે પકડ્યો...મારા કાલવ્યાધિનો ભાર એણે પોતાના દેહ પર લઇ લીધો. બેભાન અવસ્થામાં તેણે બે દિવસ કાઢ્યા, નાડી બંધ થઇ ગઇ. આટઆટલી વાર હું તેને છોડવા ગયો, પણ આજે આટલે દિવસે તે મને છોડી ગયો ! ઘણા દિવસ પછી જાત્રા પૂરી કરીને મારે ઘેર પાછો ફર્યો...પણ આજે ચિરસાથી મારો એ જૂનો નોકર સાથે નથી.'

બહોળા સંયુક્ત ટાગોર-કુટુમ્બમાં, કવિવર રવીન્દ્રનાથના દાદાના સમયથી અનેક નોકરો સાથેનો ગાઢ નાતો ચાલ્યો આવતો હતો. કિશોરકાળમાં ટાગોરને ભાતભાતના નોકરોનો ભિન્ન ભિન્ન પ્રકારનો કટુ-મધુ અનુભવ થયો, તો જમીનદારી સંભાળ્યા બાદ પણ પાકટ વયે તેમને અનેક નોકરોનો વિવિધરંગી અનુભવ થયો. એમના માનવતાવાદી દષ્ટિબિન્દુ અને જીવન વ્યવહારે આ બધા નોકરો પ્રત્યે ઋજુ સમભાવભરી રીતી-નીતિ અપનાવી છે. કટુતાનો ક્યાંય પણ અનુભવ થતો નથી. કેવા અહોભાવથી એ સરલ,ભોળા, અશિક્ષિત પણ અતીવ કૃતજ્ઞ સમાજનું તેમણે સુરેખ આલેખન કર્યું છે !

'વૃન્દાવન' નામના એમના એક આત્મલક્ષી કાવ્યમાં, અંતર્મુખ બની સિદ્ધિ-મર્યાદાનો નિખાલસ એકરાર કરતાં સુંદર કાવ્યમાં તેઓ કહે છેઃ 'આ વિપુલ પૃથ્વીનું હું કેટલું તો ઓછું જાણું છું...હું જાણું છું કે મારી કવિતા વિવિધ માર્ગે ગઇ છે, છતાં તે સર્વત્ર-ગામી થઇ નથી.' 'સર્વત્ર-ગામી'નો એમનો આદર્શ ભલે સર્વાશ્લેષી હોય પણ 'વિવિધમાર્ગે' વિહરતી પ્રતિભાનું મૂલ્ય પણ શા માટે ઊણું આકવું જોઇએ ? એમનાં બાલમાનસને નિરૂપતાં કાવ્યો અને ભૃત્ય-સૃષ્ટિનું આલેખન કરતું સાહિત્ય પણ અન્ય સાહિત્યની તુલનાએ ઓછું રોચક નથી.

# સંઘ-સમાચાર

## સાપુતારામાં રોગનિદાન કૅમ્પ

સંઘના ઉપક્રમે, ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાપુતારામાં ત્યાંની ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠમાં રોગનિદાન કેમ્પનું આયોજન રવિવાર, તા. ૪-૧-૧૯૯૮ના રોજ કરવામાં આવ્યું હતું. પ્રેમપુરી આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી તથા ઋતંભરાના મુ. શ્રી હરિભાઇ ડ્રેસવાલાએ મુંબઇથી દવાઓ, કપડાં વગેરે લઇ જવા માટે તથા સંઘના સભ્યોને જવા આવવા માટે જીપગાડીની વ્યવસ્થા કરી આપી હતી, જે માટે તેમના આભારી છીએ. ડૉ. પ્રવીણભાઇ મહેતા તથા ડૉ. રમણભાઇ શાહ, શ્રી નિરુબહેન શાહ, શ્રી રમાબહેન વોરા, શ્રી ભૂપેન્દ્ર ઝવેરી વગેરે સંઘના સભ્યો સાપુતારા ગયા હતા. ઋતંભરા વિશ્વવિદ્યાપીઠની ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓની ચામડીના રોગો, કૃમિના રોગો, આંખો, માથાના વાળમાં લીંખ-જૂ વગેરેની દૃષ્ટિએ તપાસ કરી તેઓને દવા આપવામાં આવી હતી. ડાંગ જીલ્લાના મથક આહવામાં સ્વાતંત્ર્ય સેનાની શ્રી ઘેલુભાઇ નાયકની આ પ્રસંગે મુલાકાત લેવામાં આવી હતી. ડાંગની કેટલીક શાળાના વિદ્યાર્થીઓ માટે વસ્ત્રો વહેંચવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. વસ્ત્રો માટે સંઘને શ્રી પ્રભાવતીબહેન હિંમતલાલ શાહ તરફથી રૂપિયા ત્રણ હજાર ભેટ મળ્યા છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

☐ મંત્રીઓ

# સમયસુંદરની સર્જક પ્રતિભાને મૂલવતો સઘન શોધસ્વાધ્યાય

□ રમણલાલ ચી. શાહ

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય એ મારા રસ અને અભ્યાસનો વિષય રહ્યો છે. એમાં પણ વિપુલ સાહિત્યના સર્જક કવિવર સમયસુંદર મારા અત્યંત પ્રિય કવિઓમાંના એક છે. વસ્તુતઃ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન-અધ્યયનના કાર્યમાં મારો પ્રવેશ સમયસુંદરના સાહિત્યથી થયો હતો. નલદમયંતી વિશેના સાહિત્ય અંગે મારો શોધપ્રબંધ તૈયાર કરતો હતો ત્યારે ઇ.સ. ૧૯૫૫માં સમયસુંદરકૃત 'નલદવદંતી રાસ'નું હસ્તપ્રતોને આધારે સંપાદન તૈયાર કરવાનું પ્રાપ્ત થયું હતું. સમયસુંદરની કવિપ્રતિભાનો ત્યારે સવિશેષ પરિચય થયો હતો. એટલે સમયસુંદર વિશે ડૉ. વસંતભાઈ દવેએ શોધપ્રબંધ તૈયાર કર્યાનું જ્યારે જાણ્યું હતું ત્યારે ઘણો આનંદ થયો હતો. આ શોધપ્રબંધ હવે પ્રકાશિત થાય છે અને અનેક અભ્યાસીઓને હવે તે સુલભ બનશે, એટલે એને આવકારતાં હું અત્યંત હર્ષ અનુભવું છું.

યુનિવર્સિટીની કક્ષાએ પીએચ.ડી.ની ઉપાધિ માટે ભિન્નભિન્ન વિષયોમાં તૈયાર થતા અને સ્વીકારાતા બધા જ શોધપ્રબંધો ગ્રંથરૂપે પ્રગટ કરવાને યોગ્ય હોતા નથી. કેટલાક શોધપ્રબંધો યુનિવર્સિટીની ઉપાધિ માટે યોગ્ય જણાય તો પણ તેમાં રહી ગયેલી કેટલીક કચાશ કે ત્રુટિઓને કારણે તે પ્રકાશિત થવાને સમર્થ હોતા નથી. જે થોડા પ્રકાશિત થવાને યોગ્ય હોય તે પણ આર્થિક કારણોને લીધે તથા મર્યાદિત ભાવકવર્ગને કારણે પ્રકાશિત થઇ શકતા નથી. કેટલાકની સામગ્રી, નવાં સંશોધનો થતાં, થોડા વખતમાં જ કાલગ્રસ્ત બની જાય છે. એટલે બહુ ઓછા શોધપ્રબંધોને પ્રકાશિત થવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. ડૉ. વસંતભાઇ દવેનો સમયસુંદર વિશેનો આ શોધપ્રબંધ પ્રકાશિત થવાને સદ્‌ભાગી બન્યો છે એ એની ગુણવત્તાની પ્રતીતિ કરાવે છે.

યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના અભ્યાસ નિમિત્તે તૈયાર થયેલા શોધપ્રબંધોની એક વિશિષ્ટ મુદ્રા હોય છે. શોધપ્રબંધને નિમિત્તે કોઇપણ વિષયનો ઊંડાણપૂર્વક પરામર્શ સારી રીતે કરવો પડે છે. એ માટે ઠીક ઠીક પરિશ્રમ લેવો પડે છે. એ વિષયમાં પૂર્વે થયેલાં કાર્યોનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરી લેવું પડે છે. માહિતી અને સંદર્ભોની ચોકસાઇ, તુલનાત્મક તારતમ્ય અને અન્યના અભિપ્રાયોની પૂર્વગ્રહરહિત ચકાસણી વગેરે શોધપ્રબંધનાં મહત્ત્વનાં લક્ષણો છે. ડૉ. વસંતભાઇ દવેના આ શોધપ્રબંધમાં એ સુપેરે નિહાળી શકાય છે.

વિક્રમના સત્તરમાં શતકમાં થઇ ગયેલા, વીસથી વધુ રાસકૃતિઓ, ૫૫૦થી અધિક પદો તથા ચોવીસી, છત્રીસ, સંવાદ વગેરે પ્રકીર્ણ પ્રકારની કૃતિઓના રચયિતા, राजनो ददते सौख्यम् એ આઠ અક્ષરોના આઠ લાખથી વધુ અર્થ કરી બતાવનાર (આ 'અષ્ટલક્ષી' ગ્રંથ 'અનેકાર્થરત્નમંજૂષા'ના નામથી ૧૯૩૩માં સૂરતના દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી પ્રગટ થયો છે), સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત, મોગલ બાદશાહ અકબરના દરબારમાં ખ્યાતિ ધરાવનાર, પચાસથી વધુ શિષ્યો-પ્રશિષ્યો ધરાવનાર કવિવર સમયસુંદરનું ગુજરાતી (અને રાજસ્થાની) સાહિત્યના ક્ષેત્રે મોટું યોગદાન રહ્યું છે. એમની ઘણી કૃતિઓ હવે પ્રકાશિત થઇ ચૂકી છે. કેટલીક હજુ અપ્રકાશિત છે. એમની તીર્થમાળના પ્રકારની સ્તવનરચના જૈન મંદિરોમાં અને પદ્માવતી રાણીની આલોયણા નામની રચના પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓમાં આજ દિવસ સુધી જૈનોમાં ગવાતી આવી છે એ એની મૂલ્યવત્તાની પ્રતીતિ કરાવે છે.

શોધપ્રબંધમાં લેખકે આરંભમાં જ સમયસુંદરના જીવન વિશે પ્રમાણભૂત માહિતી આપી છે. સદ્‌ભાગ્યે સમયસુંદર વિશે ઠીક ઠીક માહિતી એમની કૃતિઓમાંથી અને એમના વિશે લખાયેલાં ગીતોમાંથી ઉપલબ્ધ થાય છે. જૈન સાધુઓ પોતાના પૂર્વાશ્રમની વાત જવલ્લે જ કરતા હોય છે. એટલે સમયસુંદર વિશે પણ એવી માહિતી ખાસ ન સાંપડે એ સ્વાભાવિક છે. પરંતુ સાધુકવિઓની કૃતિઓમાંથી એમની ગુરુપરંપરા અને શિષ્યપરંપરા વિશે, એમના ચાતુર્માસનાં વર્ષ અને સ્થળ વિશે, વિહારનાં સ્થળો વિશે, દીક્ષામહોત્સવ, પ્રતિષ્ઠામહોત્સવ વગેરે મહોત્સવો વિશે જે છૂટીછવાઇ માહિતી સાંપડી હોય તેને ક્રમાનુસાર ગોઠવવાથી એમના જીવનની મહત્ત્વની રૂપરેખા તૈયાર કરી શકાય છે. સમયસુંદરે ઘણી બધી કૃતિઓની રચના કરી હોવાથી એમના વિશે મળતી માહિતીનું પ્રમાણ ઠીક ઠીક છે એ આ ગ્રંથમાં જીવન વિશેના પ્રકરણ પર નજર ફેરવવાથી પણ જોઇ શકાય છે. સમયસુંદરે પોતે પોતાની રાસકૃતિ 'સીતારામ ચોપાઇ'માં પોતાના જન્મસ્થળ સાચોરનો નિર્દેશ કર્યો છે.

મુજ જનમ શ્રી સાચોરમાંહી,
તિહાં ચ્યાર માસ રહ્યાં ઉચ્છાદિ;
તિહાં ઢાલ એ કીધી એકે જ,
કહે સમયસુંદર ધરી હેજ.

સમયસુંદરે લગભગ ૯૦ વર્ષ જેટલું દીર્ઘાયુષ્ય ભોગવ્યું હતું. વિ. સં. ૧૭૦૨માં ચૈત્ર સુદ ૧૩ના દિવસે મહાવીર જયંતીના દિવસે તેઓ અનશન કરવાપૂર્વક કાળધર્મ અમદાવાદમાં, હાજા પટેલની પોળના ખરતર ગચ્છના ઉપાશ્રયમાં પામ્યા હતા, એ વિશે એમના એક પ્રશિષ્ય કવિ રાજસોમે નિશ્ચિત નિર્દેશ કર્યો છે.

અણસણ કરી અણસાર, સંવત સંતરસાય બીડોત્તરે;
અમદાવાદ મઝાર, પરલોક પહુંતા હો ચૈત્ર સુદિ તેરસે.

સમયસુંદરનો કવનકાળ છ દાયકા જેટલો હતો. એમણે વિ. સં. ૧૬૪૧માં 'ભાવશતક'ની રચના કરી હતી અને છેલ્લે વિ. સં. ૧૭૦૦માં 'દ્રૌપદી ચોપાઇ'ની રચના કરી હતી. આ પરથી જોઇ શકાય છે કે સમયસુંદર સતત સાહિત્યસર્જન કરતા રહ્યા હતા. જિનકુશલસૂરિ, જિનચંદ્રસૂરિ, જિનસિંહસૂરિ, સમયરાજ જેવા મહાત્માઓના સાન્નિધ્યમાં ઉજ્જ્વળ અને ઉલ્લાસમય જીવન પસાર કરનાર અને ઘણી ખ્યાતિ મેળવનાર સમયસુંદરનાં અંતિમ વર્ષો એટલાં ઉલ્લાસમય નહોતાં પસાર થયાં એવું એમની કૃતિઓમાંથી જોવા મળે છે. સામાન્ય રીતે પરીષહ-ઉપસર્ગ સહન કરનાર જૈન સાધુઓ પોતાની વાણીમાં પોતાના દુઃખની વાત કરે જ નહિ. વસ્તુતઃ બીજાને જણાતું દુઃખ એમને દુઃખ તરીકે દેખાય નહિ. અશુભ કર્મના વિપાકોદય વખતે તેઓ તો સમતાના ધારક જ હોય. પરંતુ સમયસુંદરે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું છે એ પરથી એ એમને માટે કેટલું બધું અસહ્ય બન્યું હશે એનો ખ્યાલ આપે છે. આ દુઃખનું એક મહત્ત્વનું કારણ તે વિ.સં. ૧૬૮૭માં પડેલો ભયંકર દુકાળ છે. ઘરેઘરેથી ગોચરી વહોરી લાવનાર અકિંચન, મહાવ્રતધારી જૈન સાધુની દુકાળના વખતમાં જ્યારે ગોચરી ન મળે ત્યારે ભારે કસોટી થાય છે. સમયસુંદરે 'સત્યાસિયા દુષ્કાળ વર્ણન છત્રીસી'માં એનો તાદશ ચિતાર આપ્યો છે. સમયસુંદરની અન્ય પરંપરાનુસારી કૃતિઓ કરતાં આ એક કૃતિ તદ્દન જુદી પડે છે અને દુષ્કાળની એ ઐતિહાસિક ઘટનાની સાક્ષી પૂરે છે. આ શોધપ્રબંધમાં લેખકે એ દુષ્કાળની ભયંકર વાસ્તવિકતાનો ખ્યાલ આપતી જે પંક્તિઓ ટાંકી છે તેમાંથી થોડીક જુઓ :

લાગી લૂંટાલૂંટ, ભયૈ કરિ મારગ ભાગ્યા,
લે તો ન મુકઇ લઠ, નારીનરનિ કરિ નાગા.
X X X

દોહિલઉ દંડ માથઇ કરી, ભીખ મંગાવિ ભીલડા;
સમયસુંદર કહઇ સત્યાસીયા, થારો કાલો મુંહ પગ નીલડા.
મૂઆ ઘણા મનુષ્ય, રાંક ગલીએ રડવડિયા,
સોજો વલ્યઉ સરીર, પછઇ પાજ માંહે પડિયા,
કાલિ કલણ વલાઇ, કુણ ઉપાડઇ કિહાં કાઢી,
તાંણી નાખ્યા તેહ, માંડિ થઇ સગલી માઠી.

X X X

એ વખતે ચીજવસ્તુઓના ભાવ કેવા આસમાને ચડ્યા હતા તે કવિએ એવી કેટલીક વસ્તુઓના લખેલા ભાવ પરથી જાણી શકાય છે.

સૂંઠિ રૂપઇયૈ સેર, મુંગ અઢી સેર માઠા,
સાકર ઘી ત્રિણ સેર, ભૂણ્ડો ગૂલ માંહિ ભાઠા.
ચોખા ગેહું ચ્યાર સેર, તૂઅર તો ન મિલે તેહી,
બહુલા બાજરી બાડ, અધિક ઓછા હુવૈ એહી,
શાલિ દાલિ ઘૃત ઘોલ, જે નર જીમતા સામઠઉ
સમયસુંદર કહઇ સત્યાસીયા, તઇં ખવરાવ્યો બાવટઉ

આવા આ દુકાળના સમયમાં સાધુઓની કેવી કફોડી સ્થિતિ હતી તે વર્ણવતાં કવિ લખે છે :

ચેલે કીધી ચાલ, પૂજ્ય પરિગ્રહ પરહઉ છાંડઉ,
પુસ્તક પાના બેચિ, જિમ તિમ અમ્હનઇ જીવાડઉ
વસ્ત્ર પાત્ર બેચી કરી, કતોક તો કાલ કાઢીયઉં.

આવા દુકાળની સાધુસમાજ ઉપર પડેલી માઠી અસરને કારણે તથા વૃદ્ધાવસ્થામાં પોતાના ચેલાઓથી અસંતોષ થવાને કારણે સમયસુંદરે પોતાના મનની વેદનાને વાચા આપતાં લખ્યું છે:

ચેલા નહીં તઉ મ કરઉ ચિંતા,
દીસઇ ઘણે ચેલે પણિ દુઃખ,
સંતાન કરંમિ હુઆ શિષ્ય બહુલા,
પણિ સમયસુંદર ન પાયઉ સુખ.

X X X

જોડ ઘણી વિસ્તરી જગત મઇ
પ્રસિદ્ધિ થઇ પાતસાહ પર્યંત,
પણિ એકણિ વાત રહી અણૂરતિ,
ન કિયઉ કિણ ચેલઇ નિશ્ચન્ત.

આ શોધપ્રબંધમાં લેખકે સમયસુંદરની 'નલ દવદંતી રાસ', 'સીતારામ ચોપાઇ', 'શાંબ-પ્રદ્યુમ્ન રાસ', 'મૃગાવતી રાસ', 'દ્રૌપદી રાસ', 'સિંહલ સુત પ્રિયમેલક રાસ', 'ચંપક શેઠ ચોપાઇ', 'પુણ્યસાર ચરિત્ર ચોપાઇ', 'શત્રુંજય તીર્થરાસ', 'સાધુવંદના રાસ', 'વસ્તુપાલ તેજપાલ રાસ', 'પુંજાઋષિ રાસ' વગેરે સર્વ રાસકૃતિઓ, તથા ક્ષમા, આલોયણા, પુણ્ય, કર્મ, સંતોષ ઇત્યાદિ વિવિધ વિષય પરની છત્રીસીઓ, ગીતરચનાઓ તથા અન્ય પ્રકીર્ણ કૃતિઓનો સવિગત પરિચય કરાવ્યો છે અને એની ગુણવત્તા તપાસીને એનું યોગ્ય મૂલ્યાંકન કર્યું છે. 'નલદવદંતી રાસ'ના પરિચયમાં એમણે મહાભારતની નલકથા અને જૈન પરંપરાની નલકથાનો તથા 'સીતારામ ચોપાઇ'ના પરિચયમાં વાલ્મીકિ રામાયણની રામકથા અને જૈન પરંપરાની રામકથાનો વિગતે તુલનાત્મક અભ્યાસ આપ્યો છે, જેમાં એમની વિદ્વત્તાનો પરિચય મળી રહે છે.

સમયસુંદરની સાહિત્યિક પ્રતિભાનું યથાયોગ્ય મૂલ્યાંકન લેખકે વિવિધ દૃષ્ટિકોણથી કર્યું છે. સમયસુંદરની કૃતિઓમાં શૃંગાર, વીર, કરુણ, હાસ્ય વગેરે રસનું નિરૂપણ કેવુંક થયું છે, નગર, નરનારી, યુદ્ધ વગેરેના વર્ણનમાં કવિની પ્રતિભા કેવી ખીલી છે, ઉપમા, રૂપકાદિ અલંકારોમાં કવિની મૌલિક કલ્પનાશક્તિ કેવી મહોરે છે, વિવિધ દેશીઓમાં ઢાળ પ્રયોજવામાં કવિની સંગીતપ્રિયતા અને લયસૂઝ કેવાં પ્રતીત થાય છે, કવિની પાત્રસૃષ્ટિ કેવી જીવંત વૈવિધ્યસભર છે અને એના આલેખનમાં માનવભાવનાં વિવિધ સ્વરૂપો કેવાં નિહાળી શકાય છે, કવિની કૃતિઓમાં સમાજજીવન કેવું પ્રતિબિંબિત થયું છે, કવિનું ભાષા પરનું પ્રભુત્વ કેવું છે વગેરેની વિશદ, ગહન, તટસ્થ અને પ્રમાણભૂત છણાવટ લેખકે કરી છે. પોતાના અભિપ્રાયના સમર્થનમાં તેમણે સંખ્યાબંધ ઉદાહરણો અવતરણ તરીકે આપ્યાં છે. સમયસુંદરની સાહિત્યિક પ્રતિભા માટે એમણે આપેલા અભિપ્રાયોમાંથી થોડીક પંક્તિઓ જોઇએ :

'વર્ણન પરત્વે કવિ પરંપરાને અનુસરતા હોવા છતાં તેમની આગવી મુદ્રા તેમાંથી ઉપસ્યા વગર રહેતી નથી...પાત્રના વ્યક્તિત્વની રેખાઓ કવિ આબેહૂબ ઉપસાવે છે...તેના આલેખનમાં તે દીર્ઘસૂત્રી બનતા નથી, એટલું જ નહિ, એમનું લાઘવ અપૂર્ણતાની કોઇ છાપ પણ મૂકી જતું નથી...તત્કાલીન રીતરિવાજો, માન્યતાઓ, ખાદ્યસામગ્રી, વસ્ત્રાભૂષણો, સ્ત્રીપુરુષના સામાજિક દરજ્જાનો પરિચય કરાવતી વિપુલ સામગ્રી સમયસુંદરની રચનાઓમાંથી મળે છે. વિવિધ રચનાઓમાંના પદોની ગેયતામાંથી પ્રગટતી કવિની સંગીતવિષયક જાણકારી તથા દેશીઓ અને ઢાળ પ્રયોજવાની કવિની શક્તિનો પરિચય, આપણને એમની વિવિધ કૃતિઓમાંથી મળી રહે છે.'

આ ગ્રંથમાં લેખકે 'ગીતકાર સમયસુંદર' નામના અલગ પ્રકરણની યોજના યોગ્ય રીતે જ કરી છે, કારણ કે સમયસુંદર મધ્યકાલના એક તેજસ્વી ગીતકાર છે. એમણે સ્તવન, સજ્ઝાય, ગુરુગીત, હિયાલી, રૂપકગીત વગેરે પ્રકારનાં અનેક પદ લખ્યાં છે, જેમાંથી ૫૫૦થી અધિક પ્રકાશિત થઇ ગયાં છે અને બીજાં કેટલાંયે હજુ અપ્રકાશિત રહ્યાં હોવાનો સંભવ છે. આટલી વિપુલ સંખ્યામાં વિવિધ રાગરાગિણીમાં અને દેશીઓમાં ભાવસભર ગીતો લખવાને કારણે જ એમના જમાનામાં લોકોક્તિ પ્રચલિત થઇ હતી કે 'સમયસુંદરનાં ગીતડાં, કુંભારાણાનાં ભીતડાં' અથવા 'સમયસુંદરનાં ગીતડાં, ભીંતો પરના ચીતરાં'. લેખકે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે 'સોમસુંદરનાં ગીતોની સંખ્યા અને વૈવિધ્ય એટલાં તો વિશાળ છે, કે તે એક સ્વતંત્ર સંશોધનનો વિષય બની રહે છે.' સમયકુંદરનાં ગીતો વિશે પોતાનો મત દર્શાવતાં લેખક લખે છે, 'તેમાં પાંડિત્યનો ભાર નથી, કશો શબ્દાડંબર નથી, શબ્દખેલ પણ નથી...ગીતોમાં કવિહૃદયની ઊર્મીઓ ઘૂંટાઇ ઘૂંટાઇને આલેખાતી જોવા મળે છે. શબ્દ અને ભાવની ફૂલગૂંથણીમાં મધ્યકાલીન જૈન તેમજ કવચિત્ જૈનેતર ગીતકારોમાં સમયસુંદર અદ્વિતીય છે. એમની ગીતરચનાઓ મધ્યકાળનું એક મહામૂલું નજરાણું છે.'

આ શોધપ્રબંધનાં પરિશિષ્ટોમાં લેખકે કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેની તથા ઇતર પ્રકીર્ણ પ્રકારની માહિતી આપી છે.

આમ, સમયસુંદર વિશેનો આ માહિતીસભર મૂલ્યવાન શોધપ્રબંધ એ વિષયના અભ્યાસીઓને અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના રસિક વાચકોને બહુ ઉપયોગી થઇ રહે એવો છે. આ શોધસ્વાધ્યાયમાં એના લેખક ડૉ. વસંતભાઇ દવેની મધ્યકાલીન સાહિત્યના અભ્યાસ માટેની સજ્જતા, રસિકતા, નિષ્ઠા અને યોગ્યતાની પ્રતીતિ થાય છે.

વર્તમાન સમયમાં ટી.વી. અને અન્ય પ્રકારનાં પ્રચાર માધ્યમોના વધતા જતા મોટા પ્રભાવને કારણે સાહિત્યના વિષયમાં જ જ્યાં રસ, રુચિ અને અભ્યાસનું વલણ ઘટતું જાય છે ત્યાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના એક કવિ વિશે અધ્યયનગ્રંથ પ્રકાશિત કરવો એ સાહસ છે એવું કેટલાકને લાગવાનો સંભવ છે. આવું સાહસ સાહિત્યપ્રીત્યર્થે સહૃદયતાપૂર્વક કરવા બદલ ડૉ. વસંતભાઇ દવે ધન્યવાદને પાત્ર છે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૨ ● ● તા. ૧૬-૨-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## શેરીનાં સંતાનો

થોડા સમય પહેલાં મુંબઈમાં તસવીરોનું એક લાક્ષણિક પ્રદર્શન યોજાયું હતું. એનો વિષય કોઈ ચીલાચાલુ નહિ, પણ વિભિન્ન અને વિલક્ષણ હતો. એ વિષય હતો : **'The wonderful world of street children.'** આ પ્રદર્શનમાં તસવીરો **street children**-શેરીનાં સંતાનોની હતી. ઘરબાર વિનાના, રસ્તે રઝળતા છોકરાઓનું જીવન કેટલું કપરું ગણાય ! પરંતુ એમના આવા કષ્ટમય જીવનમાં થોડીક મોજની, આનંદની, મસ્તીની ક્ષણો પણ રહેલી હોય છે. એવી ક્ષણોને કચકડામાં ઝડપી લેવા માટે ઇનામી સ્પર્ધા રાખવામાં આવી હતી. વૈવિધ્યસભર એવી આશરે બસો તસ્વીરોનું અવલોકન કરીએ તો બેહાલ સ્થિતિમાં પણ આનંદની છોળો અનુભવનાર શેરીનાં સંતાનો માટે અને એવી વિલક્ષણ ક્ષણને ઝડપી લેનારા તસવીરકારો માટે માન થાય.

આ પ્રદર્શનનું આયોજન મુંબઈની રોટરી કલબના ઉપક્રમે યોજાયું હતું. મારા મિત્ર રોટેરિયન શ્રી મહેન્દ્રભાઈ જી. મહેતાનાં ઉત્સાહ, ધગશ, દૃષ્ટિ અને ચીવટે આ પ્રદર્શનના આયોજનમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. પ્રદર્શનની આ વાસ્તવિક તસવીરો સમજદાર જાગૃત માણસને વિચાર કરતી કરી મૂકે એવી હતી. પ્રત્યેક તસવીરને જાણે કશુંક કહેવાનું હતું. તસવીરો ભારતનાં અમુક શહેરોના થોડાક વિસ્તારોનાં રઝળતાં સંતાનોની હતી, પણ એની વાત સમગ્ર વિશ્વને સ્પર્શે એવી હતી.

જીવનનો આનંદ માત્ર ધનાઢ્ય માણસો જ માણી શકે એવું નથી. ક્યારેક તો ધનાઢ્ય માણસો વધુ ચિંતિત અને વ્યથિત દેખાય છે. આનંદ એ જીવનું લક્ષણ છે. એટલે કપરી પરિસ્થિતિમાં પણ માણસ પોતાની કક્ષાનો, પોતાના સ્વરૂપનો નિર્દોષ આનંદ એકલા કે સમૂહમાં માણી શકે છે. નાના છોકરાઓને ભૂતકાળ કે ભવિષ્યકાળ કરતાં વર્તમાનકાળ જ વધુ વહાલો હોય છે. તેઓ પોતાની નિર્દોષ રમતગમતનો, તોફાનમસ્તીનો આનંદ માણતાં હોય છે. કંઈક નવું જોવા, જાણવા મળે તો તેઓ પણ પ્રસન્નતા અનુભવી શકે છે. વિપરીત સંજોગોમાં પણ તેઓ જીવનનો રસ લૂંટી શકે છે. એક લેખકે યોગ્ય જ કહ્યું છે કે,

**'Children think not of what is past, nor what is to come, but enjoy the present time, which few of us do.'**

જેનું કોઈ માલિક ન હોય, જેને માથે કોઈ ધણીધોરી કે દેખભાળ રાખવાવાળું ન હોય. જેની પાસે રહેવા માટે નિશ્ચિત વ્યવસ્થિત આશ્રયસ્થાન ન હોય, જે હરાયાં હોય, જે શેરીમાં, ખુલ્લા રસ્તાનો આશ્રય લઈ ગમે ત્યાં સૂઈ રહેતાં હોય એવાં કૂતરાં, બિલાડાં, ગાય, ઘોડા વગેરે માટે અંગ્રેજીમાં જૂના વખતથી **'street'**નું વિશેષણ વપરાતું આવ્યું છે, જેમકે **street dog, street cow** વગેરે. દુઃખની અને શરમની વાત એ છે કે હવે એ વિશેષણ શેરીઓમાં રખડતા, આશ્રયવિહોણા છોકરાઓ માટે પણ વપરાવા લાગ્યું છે. **street children** માટે હવે ઘણી ચર્ચાવિચારણા અને યોજનાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થવા લાગી છે.

દુનિયાના ઘણાં દેશોમાં શેરીમાં રખડતા રહીને પોતાનું ગુજરાન ચલાવતા છોકરાઓ નજરે જોવા મળશે. આવા છોકરાઓ આર્થિક દૃષ્ટિએ પછાત એવા દેશોમાં અને તેમાં પણ એનાં મોટાં મોટાં શહેરોમાં વધુ જોવા મળે છે. દુનિયામાં એક મોટો પ્રશ્ન તે અનાથ બાળકોનો છે. આ પ્રશ્ન સનાતન છે. એવો વખત ક્યારેય નહિ આવે કે જ્યારે કોઈ જ બાળક અકાળે અનાથ ન થાય. અનાથ બાળકોનો મોટો પ્રશ્ન ગુજરાનનો છે. અનાથ બાળકો ઉપરાંત વેશ્યાઓનાં બાળકો, રક્તપિત્તનો રોગ થયો હોય એવાં માતપિતાનાં બાળકો, ગંદાગીચ વિસ્તારોમાં રહેતા દરિદ્ર કુટુંબનાં બાળકો, પોતાના મનની મરજીથી કંઈક જુદું જીવન જીવવા માટે નીકળેલાં બાળકો, દેખાદેખીથી નીકળેલાં બાળકો, માબાપે ઘરમાંથી હાંકી કાઢેલાં બાળકો, ઘરનાં ત્રાસથી ભાગી નીકળેલાં બાળકો-આમ વિવિધ પ્રકારના દસ બાર વર્ષથી વીસેક વર્ષનાં સંતાનો ઘર છોડીને પેટ ભરવા નીકળી પડે છે. કેટલાક પોતાના શહેરમાં જ રખડે છે, તો કેટલાક નજીક કે દૂરના મોટા શહેરમાં જઈને રહે છે. અન્ન, વસ્ત્ર અને આશ્રય એ ત્રણેની સમસ્યાવાળાં આવાં બાળકો, કેટલીક વાર તો ઢોરની જેમ આમતેમ રખડીને ખાવાનું શોધે છે. કેટલાક તો એથી વધુ ખરાબ સ્થિતિમાં હોય છે. તેઓ કચરાના ઢગલામાંથી, એંઠવાડમાંથી ખાવાનાં દાણાં વીણે છે અને મોટી ગટરોના વિસ્તારોમાં પડ્યા રહે છે. એમાંના કેટલાયે અપૂરતા પોષણને કારણે કે રોગનો ભોગ બનવાને લીધે અકાળે મૃત્યુ પામે છે. આવાં શેરીના સંતાનોની-**street children** ની સમસ્યા વર્તમાન જગતની એક મોટી સમસ્યા છે.

સમાજમાં ઘરમાં રહેતાં ગરીબ બાળકો માટે સેવાનું કાર્ય કરવાનું ક્ષેત્ર પણ ઘણું મોટું છે. વળી યુવાન ગરીબ બેકાર માણસોને રોજી રોટી મળી રહે તે માટે સરકારી સ્તરે અને સામાજિક સ્તરે ભગીરથ કાર્ય કરવાની આવશ્યકતા છે. સામાજિક કલ્યાણ માટેના વિષયો અને ક્ષેત્રો ઘણાં બધાં છે. આર્થિક રીતે સદ્ધર ગણાતા દેશોમાં પણ છોકરા-છોકરીઓની જાતજાતની સમસ્યાઓ હોય છે. અજ્ઞાન, અંધશ્રદ્ધા, કુરિવાજો, વૃદ્ધાવસ્થા, અનાથ બાળકો, મંદબુદ્ધિનાં બાળકો, જાતજાતની બીમારીઓથી પીડાતા માણસો એમ અનેક ક્ષેત્રો માનવતાવાદી કાર્ય કરવા માટેનાં છે. બધાં બધું કરી શકતાં નથી. એટલે જ કેટલાક પોતપોતાની ભાવના, રૂચિ, શક્તિ, સાધનો,

કાર્યકર્તાઓની સંખ્યા ઇત્યાદિ અનુસાર પોતાનું નાનકડું સેવાનું ક્ષેત્ર પસંદ કરીને એમાં સંગીન કાર્ય કરે છે.

માનવતાભરી સેવાનાં કાર્યક્ષેત્રો બદલાતી પરિસ્થિતિ અનુસાર સમયે સમયે બદલાતાં રહે છે. જમાને જમાને નવી નવી દૃષ્ટિવાળાં નવા નવા સમાજસેવકો વિવિધ પ્રકારની યોજનાઓ હાથ ધરતા રહે છે. છેલ્લા થોડા દાયકામાં વિશ્વનાં રાષ્ટ્રો નજીક આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધ્યો છે. હવે માણસ પોતાનો જ દેશ, પોતાની જ કોમ કે પોતાની જ્ઞાતિ કે પોતાના શહેરના અમુક સમાજ પૂરતી સીમિત દૃષ્ટિ ન રાખતાં આંતરરાષ્ટ્રીય સ્તરે વિચારતો થયો છે. એથી જ એક દેશની સમજકલ્યાણ-**Social Welfare**ની યોજના બીજા દેશને કામ લાગે છે. એક દેશની આપત્તિમાં બીજા દેશો સહાયભૂત થવા દોડી જાય છે. જુદા જુદા દેશની જુદી જુદી સમસ્યાઓના અધ્યયન માટે અભ્યાસીઓની ટુકડીઓ આખી દુનિયામાં ફરી વળે છે અને પોતાની ભલામણો તૈયાર કરે છે. આવી રીતે જ કેનેડાની રોટરી ક્લબના એક સજ્જનને વિચાર આવ્યો કે દુનિયામાં શેરીમાં રખડતા બાળકોના ઉદ્ધાર માટે કશુંક કરવું જોઇએ. એ માટે એમણે તૈયાર કરીને વહેતી મૂકેલી યોજનાને ભારતમાં મુંબઇની રોટરી ક્લબે પણ ઝીલી લીધી છે અને પાંચેક વર્ષથી એ દિશામાં એણે ઠીક ઠીક સંગીન કાર્ય ચાલુ કર્યું છે, કારણ કે બીજા દેશો કરતાં ભારતમાં શેરીનાં સંતાનોની સંખ્યા ઘણી મોટી છે. ભારતમાં પણ સૌથી વધુ આવાં સંતાનો મુંબઇમાં છે. મુંબઇ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી, પટણા, બનારસ વગેરે મોટાં મોટાં શહેરોનાં રખડતાં સંતાનોની સંખ્યા બે કરોડથી વધુ થાય છે.

દુનિયાના જે પ્રદેશોમાં અસહ્ય ઠંડી પડે છે ત્યાં શિયાળામાં બહાર રસ્તા પર સૂઇ રહેવાનું શક્ય નથી. રસ્તા પર સૂઇ રહેનાર વ્યક્તિ ઠંડીમાં મૃત્યુ પામે. એવા પ્રદેશોમાં અનાથ રખડતાં બાળકો ન હોઇ શકે એવું નથી, પણ ત્યાં કાં તો એ કોઇ આશ્રયસ્થાન મેળવી લે છે અને કાં તો મૃત્યુને શરણ થાય છે. યુરોપના, અમેરિકાના, કેનેડાના, રશિયાના ઠંડા પ્રદેશોમાં આ સમસ્યા એટલી મોટી નથી. એશિયા અને આફ્રિકાના દેશોમાં આ સમસ્યા ઉગ્રપણે પ્રવર્તે છે.

પાશ્ચાત્ય દેશોમાં ઘરબાર છોડીને ભાગી નીકળેલા છોકરાઓ પોતાનું કોઇક આશ્રયસ્થાન શોધી લે છે. જાહેર સ્થળોમાં જ્યાં કનડગત ન હોય અને માથે છાપરા જેવું કંઇક હોય એવે સ્થળે આવા છોકરાઓ પડ્યા રહે છે. કુટુંબની ગરીબીને કારણે છોકરાને પેટ ભરવા માટે બહાર નીકળવું પડે એવું ત્યાં ઓછું છે. માતાપિતાએ છોકરાને કાઢી મૂક્યો હોય અથવા માતાપિતાના ત્રાસથી અથવા માતપિતાનાં માંહોમાંહેના કલહ, છૂટાછેડા વગેરેને કારણે છોકરો ઘર છોડીને ભાગી ગયો હોય અથવા શ્રીમંતાઇથી કંટાળી ગયો હોય એવા બનાવો વધુ બને છે. વળી ત્યાં પણ સરખેસરખા છોકરાઓની દોસ્તીને કારણે એકબીજાને સાથ આપવા છોકરાએ ઘર ત્યજી દીધું હોય અથવા ચરસગાંજા કે એવાં કેફી પદાર્થોના વ્યસનને કારણે ઘર છોડી દીધું હોય એવા બનાવો વધુ બને છે. એટલે પાશ્ચાત્ય દેશોમાં ઘર છોડી દેવા માટે આર્થિક કારણ કરતાં સામાજિક કારણો વધુ જોવા મળે છે. જે મોટી સંખ્યા એશિયાના દેશોમાં રખડતા છોકરાઓની છે તેટલી સંખ્યા પાશ્ચાત્ય દેશોમાં નથી; તો પણ એવા છોકરાઓની, ખાસ કરીને માદક દવાઓના વ્યસની રખડતા છોકરાઓની સમસ્યા ત્યાં સરકાર અને સમાજ માટે માથાના દુખાવારૂપ હોય છે. હિપ્પી થઇ ગયેલા છોકરાઓનો એક આખો યુગ ત્યાં આવી ગયો અને હજુ પણ એની અસર વરતાય છે. આજે પણ શિકાગો, સાન્ફ્રાન્સિસ્કો, લંડન, લેનિનગ્રાડ જેવાં મોટાં શહેરોમાં **street children**નો પ્રશ્ન ઉગ્ર છે.

શેરીનાં સંતાનોમાં મુખ્યત્વે છોકરાઓ જ હોય છે. છોકરીઓનું પ્રમાણ નહિવત્ જ હોય છે. ગામડામાંથી પોતાના ઘરમાંથી ભાગીને શહેરમાં દોડેલી છોકરીઓ કોઇક જ હોય છે. એમાં એકલદોકલ હોય તો અનેકના શિકારનો ભોગ બને છે. એવી રીતે આવેલી કેટલીયે છોકરીઓ કાચી ઉંમરમાં અનીતિના ધંધામાં સપડાઇ જાય છે. એ વ્યવસાયમાં પડેલા દલાલોની નજર આવી છોકરીઓને શોધી કાઢે છે. રસ્તે રઝળતી છોકરીઓ માટે રસ્તા પર રાતવાસો રહેવાનું સલામત નથી. બળ અને પ્રલોભનનો આગળ તેને ઝૂકી જવું પડે છે.

પોતાનાં માબાપ પણ શહેરમાં ફૂટપાથ પર રહેતાં હોય એવી નાની છોકરીઓ દિવસ દરમિયાન પરચૂરણ મજૂરી કરી રાત્રે માબાપની સાથે જ રહેતી હોય છે. ક્યારેક બેપાંચ કુટુંબો સાથે ફૂટપાથ પર રહેતાં હોય અને રાંધી ખાતાં હોય એવાં કુટુંબની છોકરીઓ ભેગી મળીને આસપાસના ઘરોમાં કંઇક કામ શોધી કાઢે છે અને થોડી કમાણી કરી લે છે. એવી નાની છોકરીઓ માટે પણ શારીરિક અને માનસિક એવા ઘણા પ્રશ્નો ઊભા થાય છે.

અર્ધવિકસિત કે અવિકસિત દેશોમાં અનેક કુટુંબોને પોતાનું ગુજરાન કેમ ચાલાવવું એ મોટો પ્રશ્ન હોય છે. એવાં ભૂખે મરતાં કુટુંબોના નાના સંતાનો બહારગામ જઇને જો પોતાનું પેટ ભરી શકે તો કુટુંબને એથી રાહત જ અનુભવવા મળે છે. કેટલાંક કુટુંબો એવું ઇચ્છે પણ છે. કુટુંબને મદદરૂપ થવાને બદલે ભારરૂપ બનેલાં અપંગ બાળકો પણ નીકળી પડે છે. ક્યારેક છોકરો એકલો પોતે અથવા બેચાર મિત્રો મળીને કોઇક શહેરમાં પહોંચી જાય છે અને ત્યાં પોતાની હોંશિયારીથી કંઇક પેટિયું કૂટી કાઢે છે.

મોટાં મોટાં શહોરોમાં શેરીનાં બાળકો માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેના જેટલા ઉપાયો હોય છે એટલા નાનાં ગામડાંઓ હોતા નથી. નાનાં ગામડાંઓમાં રસ્તે રખડતું બાળક તરત ઓળખાઇ શકે છે. કોના ઘરનું એ બાળક છે અને ભરણપોષણની જવાબદારી કયા કુટુંબની છે એ પણ ખબર પડી જાય છે. એ કુટુંબને શરમાવી શકાય છે. ગામમાં ગામનું જ બાળક હોય છે. બીજા ગામથી આવેલાં બાળકો ઓછાં હોય છે. ગામનું એ બાળક કંઇક મજૂરી કરીને, આજીવિકાનું સાધન મેળવીને, ક્યાંક ઓટલા પર, કોઇક છાપરા નીચે સૂઇને પોતાના દિવસો ગુજારે છે. આજીવિકા ન મળે તો એ ભીખ માંગીને પોતાનો નિર્વાહ કરે છે. દયાભાવનાવાળા લોકો એને ખાવાનું આપતા રહે છે. હોંશિયાર છોકરો હોય તો કોઇક એને પોતાની દુકાને, કારખાનામાં કે ખેતરમાં કામે લગાડી દે છે. ગામડાંઓમાં આવા છોકરાઓ એકલદોકલ હોય છે. એમનું કોઇ જૂથ બંધાય એટલી મોટી સંખ્યા સામાન્ય રીતે હોતી નથી. તેઓ ગામના લોકોથી ડરીને ચાલે છે. ચોરી વગેરેની ગુનાખોરીમાં ઓછા સંડોવાય છે. વ્યસનોમાં ક્યારેક કોઇકનાં ઠૂંઠાં ફૂંકવાની ટેવ પડી જાય છે, પણ એથી વધુ ખરાબ આદત તેઓને પ્રમાણે ઓછી પડે છે.

શહેરમાં ચાલ્યા આવેલા રખડતા છોકરાઓની કોઇ ઓળખ-**Identity** અન્ય નાગરિકો માટે એકંદરે હોતી નથી. આજે અહીં, તો કાલે બીજા વિસ્તારમાં તેઓ રખડે છે. એમની ઓળખ ન હોવાથી એમને કોઇની શરમ નડતી નથી કે નથી લાગતો કોઇનો ડર. અલબત્ત, બધાને પોતાની ધારણા પ્રમાણે જીવવાનું નથી મળતું. કેટલાકની દશા વધુ વરવી બની જાય છે.

રખડતા છોકરાઓનું એક મોટામાં મોટું આશ્રયસ્થાન તે રેલવે સ્ટેશન છે. દુનિયાના ઘણા દેશોમાં અને વિશેષતઃ ભારતમાં અનેક આશ્રયવિહોણાં લોકોને માટે તે આશ્રયનું સ્થાન બનેલું છે. રેલવેના સ્ટેશનના પ્લેટફોર્મ પર અને બહારના ભાગમાં મુસાફરો, મજૂરો, બાવાઓ, ભિખારીઓ વગેરે જેમ રાત ગુજારે છે તેમ રખડુ છોકરાઓ પણ આડીઅવળી મજૂરી કરીને, કંઇક વેચીને કે કંઇક ખોટા ધંધા કરીને પોતાની રાત રેલવે સ્ટેશનમાં ગુજારે છે. રેલવેનું આ દિશાનું યોગદાન ઘણું જ મોટું અને નોંધ લેવા યોગ્ય છે. યુરોપના એક લેખકે તો ફક્ત રેલવે સ્ટેશન પર રખડતાં અને કંઇક આજીવિકા મેળવતાં છોકરાઓ ઉપર ખાસ્સું સંશોધન કર્યું છે. રેલવે સ્ટેશન,

બસ સ્ટેશન, થિયેટરો, મંદિરો, મસ્જિદો, દેવળો વગેરે પ્રકારના ધર્મસ્થાનકોમાં કે એની આસપાસ આવા છોકરાઓને આશ્રયસ્થાન મળી રહે છે.

શહેરોમાં દોડી આવતા છોકરાઓમાં હિંમત તો હોય જ છે. અજાણ્યા સ્થળે અજાણ્યા લોકો વચ્ચે કશા ઠામઠેકાણા વગર રહેવાનો વિચાર સામાન્ય રીતે તો કોઇપણ નાના છોકરાને ગભરાવી મારે એવો છે. પરંતુ જેનું પોતાનું ભાવિ આમ પણ કઠોર હોય છે તેને પોતાના ભાવિની ચિંતા રહેતી નથી. વસ્તુતઃ ઘણા તો મોટી આશામાં શહેરમાં આવે છે. શહેરની શેરીમાં રખડતા છોકરાઓને મળીને, વિશ્વાસ જીતીને એમના જીવનનો અભ્યાસ કરનારા જણાવે છે કે શહેરોમાં દોડી આવતા મોટા ભાગના છોકરાઓ ઉપર ચલચિત્રોની માઠી અસર હોય છે. અચાનક શ્રીમંત થવાના સ્વપ્નાં સેવીને તેઓ શહેરમાં આવે છે. આપણાં ચલચિત્રોમાં અવાસ્તવિક ઘટનાઓનું પ્રમાણ ઠીક ઠીક હોય છે. ગરીબ છોકરો અચાનક શ્રીમંત બની જાય, વૈભવશાળી જીવન જીવવા લાગે, શેઠની દીકરી ડ્રાઇવરના કે ઘરનોકરના પ્રેમમાં પડી હોય અને ઘર છોડીને ભાગી જતી હોય, નોકરો ઘરમાં જલસા કરતા હોય એવાં એવાં દૃશ્યો ગરીબ ભૂખેમરતા છોકરાઓની કલ્પનાશક્તિને ઉત્તેજે છે અને તે ઘર છોડીને મોટા શહેરમાં દોડી આવે છે. વળી ચલચિત્રમાં જોવા મળતાં મોટાં શહેરો નજરે જોવાનાં પ્રલોભનો તેમને પણ હોય છે. શહેરમાં કંઇ કામધંધો નહિ મળે તો ભીખ માગીને પણ પેટનો ખાડો પૂરો કરી શકાશે આવી શ્રદ્ધાથી તેઓ શહેરમાં આવી પહોંચે છે. પોતાના ગામનો એક છોકરો ગયો હોય તો તે જોઇને બીજાને જવાનું મન થાય છે. અથવા અનુભવી છોકરો પોતાના ગામડે જઇને બીજા બેચાર છોકરાને શહેરમાં બોલાવી લાવે છે. આવી રીતે એમની જમાત વધતી જાય છે.

ઘરેથી ભાગી નીકળેલા છોકરાઓને થોડા વખત પોતાનાં માતાપિતા, ભાઇભાંડુ યાદ આવે છે, પણ પછી નવી જિંદગીમાં તે એવો ઓતપ્રોત થઇ જાય છે કે ઘર સાંભરતું બંધ થાય છે. તેને પોતાની સ્વતંત્ર રીતે જીવન જીવવા મળે છે અને પોતાની કલ્પના પ્રમાણે અમનચમન કરવા મળે છે એટલે ઘર માટેની એની લાગણી બુઠ્ઠી થઇ જાય છે. બીજી બાજુ ઘરની રજા લઇ શહેરમાં વ્યવસ્થિત રીતે નોકરી કરવા આવેલા છોકરાઓ વારંવાર ઘરને સંભારે છે, ઘરે જાય છે અને બચેલી રકમ માબાપને આપે છે, પરંતુ ભાગી નીકળેલા કે તરછોડાયેલા છોકરાઓનું એવું કશું અનુસંધાન ઘર સાથે રહેતું નથી.

રસ્તે રખડતાં ભૂખે મરતા છોકરાઓમાં ચોરીનું વ્યસન વહેલું આવે છે. જેમ અનુભવ થાય તેમ એની હોંશિયારી અને હિંમત વધતાં જાય છે. મોટા અનુભવી છોકરાંઓ, ટોળકીના સરદારો એમને ખિસ્સા કાપવા માટે, સ્ત્રીઓના ગળાની ચેન ઝૂંટવવા માટે માલસામાનની ઉઠાંતરી કરવા માટે તાલીમ આપતા રહે છે. પુખ્ત ઉંમરના થતાં તેઓ લૂંટ-ચોરીના મોટા મોટા કિસ્સાઓમાં સંડોવાતા જાય છે. આમ, શેરીનાં કેટલાંક સંતાનો સમય જતાં સમાજ માટે દૂષણરૂપ, ભયરૂપ બની જાય છે.

એકલા એકલા રખડતા છોકરાઓને પોતાની મજૂરીના કામમાંથી કોઇવાર ઓછી આવક થાય તો કોઇ વાર અણધારી વધુ આવક થાય. કેટલાક તો પોતાના રોજની ખાધાખરચી કરતાં પણ વધુ રૂપિયા કમાતા હોય છે. આ વધારાની આવક ક્યાં રાખવી ? ઘર નથી, સાચવવાની કે સંતાડવાની જગ્યા નથી. એટલે પૈસા આવતાં આવા છોકરાઓમાં મોજશોખ ચાલુ થાય. ચલચિત્રો જોવાની, ચા, પાન, સિગરેટની ટેવ પટે છે. જૂગાર રમાય, શરાબ પિવાય અને વેશ્યાગૃહોમાં જવાનું પણ ચાલુ થાય. મજૂરી કરીને કમાય, પણ પછી જિંદગી ધૂળધાણી થતી જાય. નાની કાચી ઉંમરમાં અશિષ્ટ કુટેવો આવવા માંડે. મોટા છોકરાઓમાં તો ગુંડાગીરીનું જોર પણ વધતું જાય. અંધારી આલમના માણસો પણ એવા જબરા છોકરાઓને મોટી લાલચ આપીને ચોરી, લૂંટ, દાણચોરી, ખૂન જેવાં મોટાં ગુનાહિત કાર્યોમાં ખેંચી જાય છે.

શહેરોમાં આવેલા કેટલાક છોકરાઓ એકલદોકલ રખડતા હોય છે, તો કેટલાક પોતાની ટોળી જમાવે છે. ટોળીમાં એકાદ મોટો છોકરો એમનો સરદાર બની બેસે છે અને લાલચ, ધમકી આપીને તેમને વશ રાખે છે. આવા ટોળકીવાળા છોકરાઓ પછી પોલિસને, પણ ગાંઠતા નથી. ઉંમરમાં મોટા થતાં, જબરા થતાં અને ફાવતા જતાં આવા કેટલાંક છોકરાંઓ મોટા ગુનેગારો બની જાય છે.

દુનિયાભરમાં કરોડો એવા રખડતા શેરીના સંતાનો-**street Children**ના જીવનને સુધારવા માટે શું કશું ન કરી શકાય ? પ્રત્યેક દેશમાં સરકારી સ્તરે જે યોજનાઓ થાય તે અપૂરતી જ રહેવાની. સામાજિક સ્તરે પણ સંગીન કાર્ય એ દિશામાં અવશ્ય થઇ શકે. આ વિશે કશુંક કરવાની ભાવના કેનેડાવાસી એક સજ્જનને થઇ. એમણે વિશાળ ધોરણે એક સરસ આયોજન વિચાર્યું અને પોતાના પ્રોજેક્ટ માટે નામ આપ્યું **Street Kids International.** એમણે આફ્રિકા અને એશિયાનાં કેટલાંક મોટાં શહેરો એ માટે પસંદ કર્યા. કિશોરો અને ઊગતા યુવાનો માટે એમણે વિવિધ પ્રકારની યોજનાઓનો અને ભલામણોનો જુદાં જુદાં કેન્દ્રો દ્વારા પ્રચાર કર્યો.

મુંબઇમાં રોટરી કલબનાં આવા પ્રકારના આયોજન માટે **Project Mainstream** એવું નામ રાખવાનું શ્રી મહેન્દ્રભાઇ મહેતાએ સૂચવેલું. આ યોજનાનો આશય એ છે કે સમાજમાં ભદ્ર લોકોનો જે મુખ્ય પ્રવાહ-**mainstream** છે એમાં રસ્તે રખડતા છોકરાઓને સુધારીને ભેળવવા જોઇએ કે જેથી તેઓ પણ ભદ્ર સમાજનું એક અંગ બની રહે. તેઓને જો ભેળવવા હોય તો તેઓને કેળવવા પડશે. તેઓને જો યોગ્ય રીતે કેળવવા હોય અને તેનું તાત્કાલિક સારું પરિણામ જોઇતું હોય તો તેઓને એમની વય અને પરિસ્થિતિ અનુસાર એવા પ્રકારની જુદી તાલીમ આપવી જોઇએ.

રખડુ છોકરાઓને સુધારવા હોય તો એમને સારું શિક્ષણ આપવું જોઇએ, એમને શાળામાં દાખલ કરાવી ભણતા કરી દેવા જોઇએ એવો વિચાર આપણને તરત આવે. માબાપ સાથે ઘરમાં રહેતા છોકરા રખડુ થઇ ગયા હોય તો તેમને માટે આવો વિચાર અમુક દૃષ્ટિએ કદાચ યોગ્ય ગણાય. પણ રસ્તે રખડતા, રીઢા થયેલા, ન ધણિયાતા છોકરાઓ માટે શાળાનું ભણતર તરત કામ ન પણ લાગે.

અનુભવને આધારે **Project Mainstream**ના આયોજકોનો એવો મત બંધાયો છે કે આ છોકરાઓને ફીની મદદ કરી શાળામાં દાખલ કરાવી શિક્ષણ આપવાની સગવડ કરી આપવામાં આવે તો તે બહુ સફળ નહિ થાય, કારણ કે જે જાતની આવા છોકરાઓને ટેવ પડી હોય છે એથી તેઓને શાળાના શિક્ષણમાં રસ નહિ પડે. શાળામાંથી ભાગી જવું એમને માટે એટલું જ સરળ છે. તેમનો મુખ્ય આશય તો પેટ ભરવાનો, રળી ખાવાનો છે. વળી તેઓમાં હોંશિયારી છે પણ સાધન અને સગવડનો અભાવ છે. ચોરી કરીને, ખિસ્સા કાતરીને કે પરચુરણ મજૂરી કરીને પોતાની આજીવિકા મેળવનારને વધુ ગૌરવવાળી કમાણીમાં રસ પડે અને તે જલ્દી ગ્રહણ કરી શકે એવા કામની તાલીમ આપવી જોઇએ. પ્રોજેક્ટ મેઇનસ્ટ્રીમ તરફથી એવા રખડતા છોકરાઓનો સંપર્ક કરીને, વિશ્વાસ જીતીને, તેમને ચા બનાવતાં, સમોસા, કચોરી કે સેન્ડવિચ બનાવતાં, ફૂલના ગજરા બનાવતાં તથા અન્ય પ્રકારનાં કામો વ્યવસ્થિત કોર્સ પ્રમાણે શીખવવામાં આવે છે. એવી તાલીમ બરાબર તે લઇ લે તે પછી એને પોતાનો વેપાર કરવા માટે સાધનો અપાવવામાં આવે છે. આર્થિક લોન આપવામાં આવે છે. આમ કરવાથી છોકરામાં પોતાની શક્તિ માટે આત્મવિશ્વાસ વધે છે. નવું કંઇક શીખ્યાનો તથા પોતાની મહેનતની કમાણી મેળવ્યાનો અનેરો આનંદ તે અનુભવે છે. વધુ હોંશિયાર છોકરાઓ હોય તો તેમને ડ્રાઇવિંગ શીખવવામાં આવે છે. લિફ્ટમેન, વોચમેન, ટેલિફોન ઓપરેટર કે મોટર મિકેનિકનું કામ

પણ શીખવવામાં આવે છે. છોકરીઓને ઘરકામ કરતાં, નાનાં બાળકો કે માંદાં વૃદ્ધોને સાચવતાં, ટેલિફોન પર વાત કરતાં, ઘરનાં મશિનો ચલાવતાં શીખવવામાં આવે છે. આવી રીતે એક વેડફાઇ જતી અને સમાજ માટે બોજારૂપ, ચિંતારૂપ બનતી જિંદગીને બચાવી લેવામાં આવે છે. આ યોજના હેઠળ મુંબઇમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ચાર હજારથી વધુ છોકરાઓને એમની મનપસંદ તાલીમ આપવામાં આવી છે.

આ યોજના હેઠળ જે છોકરાઓ પોતે કંઇક નાનું પ્રકીર્ણ કામ કરીને પોતાની રોજી રળવા ઇચ્છતા હોય અને એમની પાસે ધન કે સાધનનો અભાવ હોય તેવા છોકરાઓને નાની રકમની લોન આપીને એમને કામધંધે લગાડવાના પ્રયાસો થાય છે. એ માટે યોગ્ય છોકરાઓની પસંદગી થાય છે, ચકાસણી થાય છે, એને શાળાનું પ્રાથમિક શિક્ષણ અપાય છે અને એ જે જાતનો વ્યવસાય કરવા ઇચ્છતો હોય તેની તાલીમ અપાય છે. આ પ્રાથમિક ભૂમિકાની તૈયારીની ઘણી જરૂર રહે છે કે જેથી બિનઅનુભવી છોકરાઓ નિષ્ફળતા મળતાં ફરી પોતાની અનિષ્ટ પ્રવૃત્તિમાં પાછા ન ચાલ્યા જાય. છોકરાઓને કમાવામાં રસ પડે એટલે એને થોડી થોડી રકમ બચાવવા અને બેંકમાં ખાતું ખોલીને મૂકવા માટે પણ તાલીમ અપાય છે કે જેથી છોકરાઓ સ્વચ્છંદે ચડી વ્યસની ન બની જાય.

આવું કામ એકલે હાથે તો થાય નહિ. એ માટે કાર્યકર્તાઓની તથા સામાજિક સહકારની પણ જરૂર પડે જ. એ માટે આયોજકોને બાળકો-કિશોરોના ક્ષેત્રમાં કામ કરતી દોઢસોથી વધુ સામાજિક સંસ્થાઓએ સહકાર આપવાનું ચાલુ કર્યું છે. કેટલીક વ્યક્તિઓમાં કુદરતી રીતે જ બાળક માટે વહાલ હોય છે. એમની સાથે ભળી જવાની આવડત હોય છે. એવી બાળવત્સલ વ્યક્તિઓ આવી યોજનામાં માનદ્ કે સવેતન કાર્યકર્તા તરીકે જોડાય છે.

આયોજકોની એક સુંદર યોજના એવી પણ છે કે આવા છોકરાંઓની જે ટોળકીનો વિશ્વાસ જીતી શકાયો હોય એ ટોળકીમાં છોકરાંઓ રાત્રે જ્યારે સૂવા માટે એકત્ર થતા હોય ત્યાં પ્રૌઢ મહિલા કાર્યકર્તા તેમની પાસે જઇને તેમને માતાતુલ્ય વાત્સલ્ય આપી, ગીતો ગાઇ, વાર્તાઓ કહી, તેમની સાથે ભળી જઇ તેમ સાંસ્કારિક તાલીમ આપે છે અને તેમની ચોરી કે અન્ય વ્યસનોની અંગત, ખાનગી માહિતી મેળવી તેમાંથી છોડાવવા તેમને માર્ગદર્શન આપે છે. આ ઘણું કપરું કામ છે. મહિલા કાર્યકર્તાઓમાં પણ એવી નૈતિક હિંમત હોવી જરૂરી છે. આયોજકો માને છે કે આ દિશામાં જો સંગીન કાર્ય થાય તો એનાં ભાવિ પરિણામ ઘણાં સારાં આવી શકે.

આમ, શેરીનાં સંતાનોને સ્વમાનભેર સ્વનિર્ભર જીવન જીવવા માટે, રાષ્ટ્રના એક ઉત્તમ નાગરિક બનવા માટે યોગ્ય તક પૂરી પાડવાના આશયથી આંતરરાષ્ટ્રીય સ્તરે આયોજનો થવા લાગ્યાં છે. સમાજ માટે આ એક ઉજ્જ્વળ નિશાની છે. પોતાની મેળે કોઇ ખરાબ હોતું નથી. એને યોગ્ય તક આપવામાં આવે તો એનું જીવન પણ દીપી ઊઠે. अयोग्य पुरुषो नास्ति, योजकस्तत्र दुर्लभः । આવા નિઃસ્વાર્થ યોજક થવું એ પણ એક મોટું સામાજિક યોગદાન છે. જે સમાજમાં આવા યોજકો વધુ તે સમાજ રુગ્ણ થતાં બચી જાય છે.

☐ રમણલાલ ચી. શાહ

# રે ભાઇ, શબદ રહી ગયો રમતો !

☐ ડૉ. કનુભાઇ જાની

એક કવિની વાત કરતાં મેઘાણી કહે છે :

રે ભાઇ, શબદ રહી ગયો રમતો !

એક સ્કૉટિશ કવિની વાત કરે છે મેઘાણી. એ સ્કોટિશ કવિ કહે કે 'મને મારા દેશની લોકગીતની વાણીમાં ગાવા દો; પછી છોને કાયદા જેને ઘડવા હોય તે ઘડે.' 'વધુ ન માગું' નામે એ ગીતમાં મેઘાણી માગે છે :

> વતન કને બસ વધુ ન માગું
> ગાવા દો મને ઘર ઘર !

ને પછી ક્યારેક તમારી કવિતાનો મહાલય થાય ત્યારે, ભલે એમાં નહિ તો એની ગલીને નાકે, એક ગોખ હોય તો નારાજ ન થતા :

> ગલી ગીચ કોઈ ગોખ ખૂલે તો
> નવ કરજો કોઇ ખફગી !
> રે ભાઇ, શબદ રહી ગયો રમતો !

શબ્દ સ્વભાવે જ કંઠવાસી છે. કાગળ પર તો એ ચૂપ થઇ જાય ! ચિત્તની વસ્તુ બને !-જે મૂળે સૂરની વસ્તુ હતી, હૃદયની વસ્તુ હતી, વહેતી વસ્તુ હતી તે કાગળ પરનું સરોવર કે વાવ જરૂર બને, કલકલ નિનાદભરી નદી ન બને. કવિતાના મહાલયે મેઘાણીનો ગોખ અચૂક હશે તે આ જ કારણે-એ

'શબદ રહી ગયો રમતો !'

ખરેખર એ શબદ થઈ ગયો રમતો ! ૧૯૨૮માં એમનો પહેલો સંગ્રહ બહાર પડ્યો 'વેણીનાં ફૂલ'; ને ૧૯૪૪માં છેલ્લો-'રવીન્દ્રવીણા'. પ્રકાશનની દષ્ટિએ એમની આ સત્તર વર્ષની કાવ્યયાત્રા. એમાં, નવ સંગ્રહોમાં થઇને કુલ ૨૪૮ કાવ્યો ગ્રન્થસ્થ થયાં. એ સિવાયનાં ગ્રંથેથી છટકી ગયેલાં નિર્ગ્રંથ બેચાર ખરાં. એમ અઢીસોકની સંખ્યા થાય. આ કવિતાની પહેલી ખૂબી-કાગળને બાજુ પર રાખી કંઠ પર રમવું તે-કંઠપરસ્તી; બીજી, ગીતમાં-ગાતાં ફરવું તે-સૂરપરસ્તી; એ બન્ને લોકગીતદીધી દીક્ષા. પછીનાં લક્ષણોમાં સરળતા-ભાવની ને શબ્દની બન્નેની; પછી, પ્રવાહિતા : બોલચાલની જ બાની-વહેતી વાણી. પછી ? હૃદયની સચ્ચાઇ-જે લાગે તે ફટ લઇને, ભારપૂર્વક કહેવું- દબાતાં દબાતાં નહિ. એમાંથી આવે છે સોંસરવાપણું. બુદ્ધિના તેજ કરતાં, કળાના શિલ્પકામની બારીકી કરતાં, એમાં હૃદયનું ખુલ્લાપણું, જે હૈયે તે તરત હોઠે હોય એવું નિર્દંભપણું વિશેષ અનુભવાશે. કવિ અલગ પડી જવાને બદલે સૌનાં સંવેદનોને પોતીકાં કરી દે છે ને એમ સહભાગી બને છે ને ભાવ પણ સહભાગી બનાવે છે. વારંવાર કહેવાતી આવેલી હકીકત છે કે આપણી કવિતા ગાંધયુગમાં બળવન્તરાયની પૂરી અસર નીચે, અર્થઘન અને અગેય બનતી હતી, અને એવી કવિતાની જ પ્રતિષ્ઠા અને પ્રશસ્તિ હતાં, ત્યારે મેઘાણીએ કંઠને મોકળો મૂક્યો એટલું જ નહિ, વ્યક્તિમત્તા ને મૌલિકતાની મહત્તા હતી ત્યારે લોકસંવેદનોને, મોટે ભાગે પરંપરાગત ઢાળોમાં વહાવવાનું કામ કર્યું. છંદોની ફાવટ એમને નહોતી એમ નહિ;

> શી રીતે જાગિયો આ
> અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ ?
> x x x
> જાગ્યો મારો વિરાટઃ
> અમીભર નયનો ઊઘડ્યાં-
> લોક જાગ્યો !

એ સ્રગ્ધરા છંદની સહજ સચોટતાથી કોણ અજાણ છે ? છતાં વૃત્તો ય સૂરોના આવર્તનોવાળાં બન્યાં. એમાં પ્રાધાન્ય તો લોકબાનીનું ને એની લઢણનું રહ્યું. પ્રજાધબકારને પ્રજાવાણીએ એમણે મઢ્યા.

ગુજરાતના સાંસ્કૃતિક સમકાલીન પ્રજાઇતિહાસની સાથે એમની કવિતા જાણે સમાન્તરે ચાલે છે ! કેટકેટલા યાદગાર પ્રસંગો ને

પ્રકરણોના પડઘા એમની કવિતામાં છે ! રાજાઓની વાત હોય, પ્રજાની સબળાઇ કે નબળાઇની વાત હોય, અંગ્રેજી શાસનની વાત હોય કે ગાંધી કે અન્ય સેવકોના વર્તનની વાત હોય, હિન્દુ-મુસ્લિમ રમખાણની વાત હોય કે બીજા કામઠાણની વાત હોય, સૈનિકના છેલ્લા શ્વાસની વાત હોય કે ગાંધીએ બ્રિટન પર કે બીજા ત્રીજા પર મૂકેલા અંધવિશ્વાસની વાત હોય, વાટાઘાટોની કે અનશનની વાત હોય - ઇતિહાસે નોંધેલ ન નોંધેલ પ્રજાના ભાવોદ્રેકોનો સિસ્મોગ્રાફ અહીં તો-આ કવિતામાં-આ કવિહૃદયે તો આલેખાયાં જ કરે છે ! જાણે રાષ્ટ્રચિત્ત ચકરાવે ચડ્યું છે ! ત્યારે, રાષ્ટ્રના અતીતના આલેખો પણ કવિતા રૂપે પ્રજાને ટપારે છે : ખાંડવવનનું દહન કર્યું એમાં સમગ્ર નાગ લોકોનું નિકંદન વાળ્યું'તું અર્જુને ! યાદ છે ? અરે, રામ જેવા રામે શૂદ્રકનો શિરચ્છેદ કર્યો 'તો ! યાદ છે ? આ અત્યાચારોથી તમે વલોવાયા નથી ? હજી યે આવું ચાલુ ?- આ વેદનાને, યોગ્ય રીતે જ, ગાંધીના મુખમાં મૂકીને મેઘાણી એવું કવિતારૂપ આપે છે કે એમનું એક શ્રેષ્ઠ કાવ્ય બને છે : 'છેલ્લી સલામ'. કોમી ચુકાદા સામે ૧૯૩૩માં મહાત્માજીએ અનશન આરંભ્યાં. એ જેવી તેવી ચિન્તા નહોતી. સમગ્ર દેશની ચિન્તા હતી. સામ્રાજ્યની સેનાઓની સામેનો આ 'વનમેન ફોર્સ' એક જણનો મુકાબલો હતો. એ શક્તિનાં ને એ ચિન્તાનાં દર્શન આ કવિતા કરાવે છે :

ગાંધીની વાત તો સ્પષ્ટ હતી : 'આઇ હેવ લેઇડ ડાઉન માય લાઇફ ઇન ધ સ્કેઇલ્સ ઓફ જસ્ટિસ' : એ વાતને આ કાવ્યે કેવી અમર કરી મૂકી છે :

ટીપે ટીપે શોણિત મારાં
તોળી તોળી આપું તો યે
પૂરાં જેનાં પ્રાછત કદી યે જડશે ન જી,
સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે'જો રે !
ઝાઝેરાં જુહાર જગને દેજો હોજી !

આવા તો કેટલાંય પ્રસંગોના પડઘા એમની કવિતામાં કલાથી કંડારાયા છે છતાં એ પ્રાસંગિક નથી. બે કારણે : એમાં પ્રસંગ - નિમિત્તે થતું ચિન્તન ને સંવેદન છે એ દર્શન બનીને આવે છે - હૃદયની અનુભૂતિ-સંવેદનભર્યો ધબકાર થઈ જાય છે. પરિણામે આ રચનાઓ આજે ય ચિરંજીવ પ્રજાકીય સંસ્મરણો બની ગયાં ! 'છેલ્લી પ્રાર્થના' કે 'છેલ્લો કટોરો' કે આ 'છેલ્લી સલામ' છેલ્લાં નથી રહેતાં, પ્રજાચિત્તે પહેલાં ચડે છે. એ અતીતનું નહિ, આજનું ભાથું બને છે. આજેય કહેવું પડે એમ છે :

એવા પાપદાવાનળમાં જલે છે જનેતા મારી,
દિલડાના ડુંગર સળગ્યા ઠરશે ન જી
--સો સો રે સલામું

મીરાંની માફક એમને ય દિલે દવ લાગેલ હતો. એની ઝાળો શબ્દો બનીને પ્રગટતી હતી ને પ્રકાશતી પણ હતી. એ શબ્દ એમને સહજ હતો, કારણ કે એ એમનો સહજાત બંધુ હતો-Alter Ego-પરમ સખા. સરસ્વતીને કોઇ સ્વામી ન હોય-શબ્દને ય સ્વામી ન હોય. એ ન ગાંઠે સ્વામીત્વ. શબ્દ તો કવિનો અંતરતમ મિત્ર-પરમ સખા. બોલાવ્યો બોલ દે; સ્મરે કે હાજર. કવિની અનન્યાભૂતિનો જીવતો સાહેદ-એ કંઠે ચડીને, લય લઇને સંવેદનમાં વિલય થઇ જાય. આગળ તો કરે અનુભૂતિને જ. અનુભૂતિને સ્થાપી આપે. અનુભૂતિનું યુદ્ધ જીતાડી આપે.એ સ્વામી નહિ, મિત્ર. હૃદયની એકતા એ બે વચ્ચે. કવિચિત્તે શબ્દ વસે ન શ્વસે-પણ કવિ ને શબ્દ બન્ને આખરે તો અનન્યાનુભૂતિનાં નિમિત્તરૂપ ! અનુભૂતિનું દર્શન થયું કે બન્ને અલોપ ! એટલે જ મને તો શબ્દ ને કવિ બન્ને અજોડ બંધુ લાગે છે Alter Ego ! મેઘાણીનો શબ્દ જ્ઞાન કે શાસ્ત્ર કે વિદ્વતામાંથી નથી આવતો, જીવનના સંપર્કમાંથી આવે છે એ એની વિશેષતા. એ રીતે મેઘાણીએ એમની આ કવિતા દ્વારા એક બહુ મોટું કામ કર્યું - બોલાતી વાણીની કલાક્ષમતા સિદ્ધ કરી આપવાનું.

એમની કાવ્યપ્રવૃત્તિનાં ત્રણ મોટાં પરિબળો : લોકગીતની લગની, યુગ ચેતનાનો સંગ અને બંગાળી-અંગ્રેજી કવિતાનો નાદ. આ ત્રણેનાં ઉદાહરણો બહુ જાણીતાં છે. નાનાલાલ પછી મેઘાણી જ એક એવો કવિ છે જેણે ગુજરાતને ફરીથી ગુંજતું કર્યું. કવિતા જ્યારે કેવળ અધિકારી વર્તુળમાં ફરતી હતી ત્યારે એ વર્તુળ બહાર એને વિસ્તારી. લોક સામાન્યની રુચિમાં એનો પ્રવેશ કરાવ્યો. લોકગીતો સાથેનો સંપર્ક તો તૂટી જ ગયો હતો; પછી કવિતા સાથેનો નાતોય તૂટ્યો; ત્યારે એને સંધાડી આપ્યો. એ રસધર્મ બજાવ્યો; તો, લોકજાગૃતિનો યુગધર્મ પણ બજાવ્યો. નર્મદે એમ કર્યું હતું. પછી, કંઇક વધુ કપરા કાળમાં, વધુ સબળ રીતે, ને વધુ ત્યાગથી ને પ્રેમથી મેઘાણીએ કામ કર્યું. એમાં પત્રકારત્વની અનિવાર્યતાઓ, કંઠની ઇશ્વરી બક્ષિસ અને લોકગીતો- લોકઢાળોની હૃદયસંપત્તિ-એ ત્રણેય એમને પ્રેરતા ને દોરતાં રહ્યાં. એમ જે થયું તે શુદ્ધ કલાદૃષ્ટિએ કેવું છે ?

એ વિષે તો ખુદ મેઘાણી જે ચર્ચા કરી છે તે એમના કડકમાં કડક વિવેચકને ય મહાત કરે એવી છે. આવું કડક 'સેલ્ફ-એસેસમેન્ટ'- આત્મપરીક્ષણ, નિરપવાદ, બીજા કોઇનું નથી. પોતાને પ્રયોગકાર કહે છે, કવિતાકાર કહે છે-સંવેદનોનો દર્શાવક, બહુ બહુ તો ઉત્તમ કસબી: છતાં 'કુશળ કસબીપણું પણ કંઇ રસ્તામાં પડ્યું છે ? એ તો યોગ છે'. 'એક તારો'ની પ્રસ્તાવનામાં પોતાની માત્ર છ જ કૃતિઓને કળાકૃતિ તરીકે ઓળખાવે છે : 'શબદના સોદાગરને', 'વર્ષા', 'તકદીરની ત્રોફનારી', 'મોરપીંછનાં મૂલ', 'ગરજ કોને ?' અને 'ધીમાં ધીમાં લોચન ખોલો'. પોતાને હાઇમર-લયકાર જ ગણે છે ! હા, એક અભિલાષ હતો !...'જે (ભાષાધન) પ્રાંતિક હતું તેને સમગ્ર ગુજરાતનું ભાષાધન બનાવવાનો', પોતાનું ચિત્ર પોતે આંકી આપે છે : 'યુગવંદના' અને 'એકતારો'ના મુખપૃષ્ઠ પરનાં ચિત્રોમાં. વિરાટ યુગપુરુષ કે વિરાટના એકતારા સમક્ષ એક નાનકડો ગાયક બેઠેલો છે. હા, પલાંઠી વાળીને બેઠો છે. ઉપાસક છે. ને હા, એની પાસે એક ગઠડી છે-નાનકડી. દરેકને હોવાની. કર્મની, જવાબદારીની, સંવેદનાની જે ગણો તે કમાણી આ-જે એણે જ નિભાવવાની :

આપણ કાંધે લઇ ગઠડિયાં
ઊપડ ધણીને દુવાર...
જી જી શબદના વેપાર !

'બેર ધાય ઓન ક્રોસ'. તારે જ તારા જીવનની આ ગઠડી ઉપાડવાની. એની ખુમારીયે તારી ને ખુવારીએ તારી. ગાવાનું કામ તારું. કેવી રીતે ગાવાનું ?

હૈયા કેરી ધારણે તારે ઉર ઊઠે જે સૂર જી,
એ જ સૂરોના ઇમાની ભાઇ, ગાયા કર ચકચૂર...
જી જી શબદના વેપાર.

એમ જ એમણે ગાયું-જીવનધર્મ ગણીને. ગાવાનું આવ્યું'તું એમને ફાળે માટે યુગધર્મ ગણીને-લોકધર્મ ગણીને. એમની કવિતાનો હજી તો આરંભ જ હતો, (બે જ વર્ષ માંડ થયાં હતાં) ત્યાં એના શબ્દની શક્તિનો પરચો અંગ્રેજી હકૂમતને થઇ ગયો ! 'સિંધુડો' જપ્ત કર્યો. હજી તો એ અભિધાની જ શક્તિ હતી ! પણ એ સીધી વાણી પાણીદાર હતી : બળકટ અભિધા હતી:

તુંથી કો ન જોરદાર,
ખાલી ખા ન ડર મને

'તુંથી' એ પ્રેમભર્યો, એકતાને એહસાસ કરાવનાર તુંકારો, ને 'ખાલી ખા' એ ડરની નિરર્થકતાને ખંખેરી નાંખનારો-બન્ને પ્રયોગો બોલીના એવી જ હાકલ :

જાગો રે જનસમાજ
અરિને કરવા અવાજ
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે !

એ ઈન્સાફી તખ્ત પરના કરાલકાલની જાગૃતિના ચિત્રમાં કવિતા છે; એ પછી પેલી અભિધા જાણે આ કાળના મુખની વાણી બને છે- મુક્તિયજ્ઞનું ઈજન :

રહેજે મક્કમ મરણ લગ
મૌત બિચારું કોણ ?
તું મરતે જીવવું ગમે, એવો કાયર કોણ ?

આવો સબળ કાકુવિશેષ છેક હેમચંદ્રના સમયથી લોકગીતે વહેતો આવ્યો છે, એ પાછો મેઘાણીની કવિતામાં ફૂટ્યો.

અરે, તારે જીવતે જીવત તારી પિતૃભૂમિ અન્યને પગે ચંપાય!'

'જા બપ્પિકી ભૂંહડી ચંપ્પિજ્જઈ અવરેણ'-

તો તો તું જેવો પુત્તર હો તેથી શો લાભ ને ન હો તો શું ફેર પડે ?

પુત્તેં જાએ કવણ ગુણ અવગુણ કવણ મૂએંણ
જા બપ્પિકી ભૂંહડી ચંપ્પિજ્જઈ અવરેણ ?

એ જ હણહણાટ !

ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ,
વણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ !

આ ઠાલાં ઉદ્બોધનો નથી. હૈયાંની વેદનાને લઈ પ્રગટેલ ઓરતા છે.

તે દઈ દઈ પડકાર ભાગી ફોજું ભેડવી !'

એમ એમણે યુવાનોને સાબદા તો કર્યા. એ કામે ય સહેલું નહોતું.

ઉમાશંકરને : 'બધે મુર્દાની ગંધ આવે છે' તો મેઘાણીનો જમાનો ય કાંઈ બહુ જુદો નહોતો : મેઘાણી તો કહે છે :

અહીં કોઈ નથી બાકી પ્રભુસર્જેલ માનવી,
નથી મુર્દા, નથી માટી, અહીં સર્વ કરોળિયા !
ધીરી, ધીંગી, મૂંગી મૂંગી ઘાણી ભયની ફરે;
ઓરાણી સૌ જવાંમર્દી એરડીનાં બિયાં પરે !

છતાં એવું કાંઈક હતું ને હજીયે છે મેઘાણીની કવિતામાં જે અસર કરી જાય છે. શું છે ?

આષાઢી મેઘ અને થોડીશી વીજળી
લૈને બેઠેલ હશે બ્રહ્મા :
ભૂલકણા દેવ ! તમે પંખીડું વીસરી
ઘડી કેમ માનવીની કન્યા !

એ વીજચમકાર યુવાનોને જગાડે છે તો વર્ષાજળ ને વાદળલીલા બાળગોપાળને નચાવે છે ને માતાઓનાં ઘર પ્રસન્નતાથી ભરી પણ દે છેઃ

બાળકોને ને માતાઓને પ્રકૃતિ સમાજનાં સૌંદર્યો એમણે પાયાં: 'સાગરરાણો' યાદ કરો. જૂહુના દરિયાને જોઈને રચાયેલું. એની કલ્પનાલીલા જુઓ.

સાગરરાજાને એક બાગ-એમાં બે માળી : ચાંદો ને સૂરજ, ને એ ઉગાડે તારા ! ને એના ક્યારાને સીંચે નદીઓ, ને પછી સાગરરાણા ફૂલડાં ગૂંથે-એ વાતમાં કથા છે ને કલ્પના છે : નાનાલાલીય ઉડ્ડયન છે. આ ધરતીના કવિએ પ્રકૃતિને ય પીધી છે એની પ્રતીતિ આવાં ઘણાં કાવ્યોમાં છે :

ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે, સાગર રાણો, માળા...
આઘે આઘે એની અનુપમ વાડી
ચાંદો સૂરજ રૂડા રાખ્યા બે માળી,
વિધ વિધ વેલડી વાવે, સાગર રાણો....
ઊંડે પાતાળે ગાળ્યા એણે ક્યારા,
રોપ્યા રાતલડીના રંગત તારા,
નવલખ નદીઓ સિંચાવે-સાગર રાણો

એક જ શબ્દની બે બે પુનરુક્તિથી એનું મહત્ત્વ, સાદી સરળ રસાત્મક લોકબાની, ક્યારે થતો ઉચ્ચ કલ્પનાવિહાર, રણકતા અત્યાનુપ્રાસ ને ચમક, રૂપકની ધ્વન્યાત્મકતા ને કલ્પનાની લીલા, અને ચોટદાર ટેક કે ધ્રુવપંક્તિ-આવાં ગીતોને આપોઆપ કંઠે ચડાવે છે. 'હાથીઓનાં ટોળાં હાંકતી રાજબાલ 'વર્ષા' જુઓ કે ચોતરફ ફરકતી પ્રકૃતિની રાતી 'ચૂંદડી'ની શોધ જુઓ : ઉમાશંકરે ગીત ગોત્યું તો મેઘાણી કહે છે :

ચૂંદડી ચૌદ લોકમાં ગોતું...
આભમાં ગોતું ગેંબમાં ગોતું...
સાચું છે. 'રાતાં ફૂલ'માં ગાય છે :
એક નાર માથે ચૂંદડલી
ચૂંડડીએ રાતાં ફૂલ !
ભમ્મર રે રંગે ડોલરિયો !

ભજનો જુઓ ! 'તકદીરને ત્રોફનારી' જુઓ. મેઘાણીની કવિતા જીવનના આંતરબાહ્ય બેય પ્રદેશોમાં ફરી વળી છે ને બધે જ એની પેલી બોલાતી ગુજરાતી બળકટ બાનીની મુદ્રા તો એવી પાડતી જાય છે કે, કહેવાનું મન થાય કે પ્રેમાનંદ પછી કવિતામાં ગુજરાતી બાનીનું આવું-આટલું સ્થાપન બીજા કોઈમાં મળતું નથી. અંગ્રેજી, બંગાળી અનુસર્જનો જુઓ. નમૂના લેખે સાવ સાદી કૃતિ લો : ' જુતા આવિષ્કાર' રવિન્દ્રનાથની વાણી તો કથા માંડે ત્યાંય સંસ્કૃતાઢ્યા રહે છે. મૂળ સાથે મેઘાણીની 'જોડાની શોધ' સરખાવો : હકીકતે એમના ચૌદેક કથાકાવ્યોનો અલગ વિચાર હજી બાકી છે. 'રાતાં ફૂલડાં' જુઓ. મૂળમાં છરીથી બાળક હણાય, મા દેવળે જાય ત્યાં અન્ય બાળક જોઈને વેદના થાય-એ વિગતોને સ્થાને અહીં ડોક મરડાય, એકાદશીનો ઉપવાસ હોય, દેવળનો ઉલ્લેખ જ ન હોય, હિંડોળાતું બાળક જુએ.

થડક્યાં થાનોલાં થંભી ગઈ રે રાતાં ફૂલડાં
હાં રે બાઈની છાતીમાં છલછલ દૂધ
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

અહીં 'વનરામાં ગલ' એ રૂપક જ મુખથી આ કાવ્યને અલગ પાડી દે છે. છેલ્લે તો આ માતાને કૃષ્ણયશોદા સાંભરે છે ! આમ મેઘાણીની કૃતિ પુરી ભારતીય બની જાય છે. આવું ઘણેખરે સ્થળે બન્યું છે. મેઘાણી અનુવાદક નથી, અનુસર્જક બને છે. છેલ્લે મેઘાણીની જ એષણા : આ શબ્દસર્જનો-આ કવિતા શું છે ? 'આભને પાદર' આવેલ સર્જનદેવનું નિમંત્રણ તો આવ્યું છે. પણ પોતે આપમોલ્યા નથી. એને બોલાવવા આવનારને કહે છે : ભાઈ મારા વતી એ ચિતારાને કહેજો કે મને એક મોરપીંછું ચીતરી આપે, હોં !

આભને પાદર રંગચિતારાને આટલું કે'જો રે
જી રે ભાઈ આટલું કે'જોઃ
આટલું કે મુને ચીતરી આપે
મોરનું પીંછું રે
નાનું એક મોરનું પીંછું !

એ પીંછું તો ગુજરાતી કવિતાનું છોગું છે !
અમારા એકતારાની એ રંગભરી સૂરાવલિ છે.
એનો શબદ તો હજી રમે છે :
રે ભાઈ શબદ રહી ગયો રમતો !

# આપણાં ગામનામો પર એક નજર

□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

આપણાં ગામનામો પાછળ કોઇ ને કોઇ રહસ્ય ને વિશિષ્ટતા રહેલી હોય છે. કેટલાંક ગામનામો પર તેને વસાવનાર વ્યક્તિનો પ્રભાવ અંકિત હોય છે, તો કોઇ પર ઇતિહાસ, વૃક્ષ, કોમ કે ધર્મ, સંપ્રદાય યા ગુણની અસર હોય છે.

કેટલાંક ગામનામોની પાછળ 'આબાદ' અર્થાત્ વસાવેલું કે વસ્તીથી ભરપૂર એવો શબ્દ રહેલો નજરે પડે છે. ક્યાંક તેનો 'આવાદ' શબ્દ થઇ ગયો છે. હૈજરાબાદ, ગાઝિયાબાદ, ઔરંગાબાદ, સિકંદરાબાદ, ફત્તેહાબાદ, ફરીદાબાદ, ધનાબાદ, નસીરાબાદ, શાહાબાદ, બ્રહ્માબાદ, અલ્હાબાદ, સુંદરાબાદ, મુરાદાબાદ, ફરૂખાબાદ, ફૈઝાબાદ, નિઝામાબાદ, હોસંગાબાદ, જેહાનાબાદ, ખલીલાબાદ, ઝાફરાબાદ, શિકોહાબાદ, વિકાસાબાદ, તુગલકાબાદ આદિ એનાં દૃષ્ટાંતો છે. અમદાવાદ અને મહેમદાવાદ જેવાં ગામનામોમાં 'આબાદ' શબ્દ 'આવાદ' થઇ ગયો છે.

કેટલાંક ગામનાં નામોમાં અંતે 'ગંજ' અર્થાત્ 'જથ્થાબંધ અનાજનું બજાર'નો શબ્દ આવેલો હોય છે. ચંદ્રાવતીગંજ, કેશવગંજ, સ્વરૂપગંજ, આઝિમગંજ, ફોર્બસગંજ, દલ્તોનગંજ, અનવરગંજ, કમાનગંજ, કાસગંજ, કીશનગંજ, શાહીબાગંજ, વર્ધાગંજ અને શાહગંજ એનાં ઉદાહરણો છે. વળી 'રામગંજ મંડી', ગામનામમાં તો 'ગંજ'નો સમાનાર્થ શબ્દ 'મંડી' પણ ઉમેરાયો ને બેવડાયો છે. આ નામોમાં એને સ્થાપનાર વ્યક્તિનાં નામો જોડાયેલાં જોવા મળે છે.

કેટલાંક ગામનાં નામમાં છેવટે નગર અર્થ ધરાવતો પુર, તેમાંથી વ્યુત્પન્ન થયેલ પર, પુરી, પરા યા પોર શબ્દ આવેલો હોય છે. જમશેદપુર, વીરપુર, માધોપુર, અમરપુર, આદિપુર, ઉદયપુર, દુર્ગાપુર, આમલપુર, જબલપુર, માધવપુર, કાદરપુર, ખલીલપુર, અમરાપુર, ખાલીપુર, પાલનપુર, ગંગાપુર, ગેરતપુર, છોટાઉદેપુર, જયપુર, તારાપુર, ડુંગરપુર, જેતપુર, જેતલપુર, જેસલપુર, તાજપુર, ભાટપુર, જલાલપુર, જોધપુર, જામજોધપુર, નબીપુર, ખાંસીપહાડપુર, બારીપુર, મોહમદપુર, વેજલપુર, શુજાલપુર, સખપુર, બહાદરપુર, મેખલપુર, સારંગપુર, સાંતલપુર, સૈજપુર, સિદ્ધપુર, હરિપુર આદિ આ પ્રકારના 'પુર' નામના અંતવાળાં ગામ છે તો અમલપુરા, કંવલપુરા, કનકપુરા, રણછોડપુરા, કરમાલિયાપુરા, કરનપુરા, કાશીપુરા, કિસમાનપુરા, ખારીપુરા, ગંભીરપુરા, ગણપતપુરા, ગુલાબપુરા, જગતપુરા, ગૌતમપુરા, છુછાપુરા, તૈયબપુરા, દુર્ગાપુરા, ધાનપુરા, ધનપુરા, જીતપુરા, જેસાપુરા, રાવલપુરા, રૂસ્તમપુરા, લાભુપુરા, લક્ષ્મીપુરા, વગેરે ગામનામોમાં છેવટે 'પુરા' શબ્દ આવે છે. ધારાપુરી, ઇંગતપુરી, જગન્નાથપુરી, છાયાપુરી, ગોપાલપુરી, ઇછાપુરી, બિચપુરી, વગેરે ગામનામોમાં 'પુરી' અર્થાત્ નગરીવાળો શબ્દ સંલગ્ન છે. તો અમરેલીપરા, ભાવનગરપરા, ભાસ્કરપરા, માલોદપરા જેવાં ગામનામોમાં 'પરા' શબ્દ અને સાપર, આમલપર, આદિ નામોમાં 'પર' શબ્દ અંતે આવેલો છે. વળી પોર, જલાલપોર, વેજલપોર, ઝાઝપોર, હાંસાપોર જેવાં ગામનામો 'પોર' શબ્દ ધરાવે છે તો કદમાં જરા એનાથી નાના એવા ગામ પોરડા, દોલત પોરડા અને રાણીપોરડા જેવાં નામ પામ્યાં છે.

કેટલાંક ગામ 'ગઢ' જેવાં હોવાથી તેમનાં નામોમાં છેલ્લે 'ગઢ' શબ્દ આવેલો દૃષ્ટિગોચર થાય છે. ગોવિંદગઢ, જૂનાગઢ, ઇડરગઢ, કિશનગઢ, ઇકબાલગઢ, ચિતોડગઢ, ધનદયાળગઢ, અમીરગઢ, નવલગઢ, નવાગઢ, નહારગઢ, પાવાગઢ, બજરંગગઢ, શામગઢ, ટિટલાગઢ, પરતાપગઢ, દેવગઢ વગેરે આવાં ગામનામો છે તો એનાથી નાના કદવાળાં ગામો ગઢડા ને ગીરગઢડા જેવા નામો ધરાવે છે. વળી એનો સમાનાર્થી 'કોટ' શબ્દ અંતે ધરાવનાર ગામનામોમાં ધનકોટ, રાજકોટ, જેકોટ, અજમાવતકોટ, ચિત્રકોટ (ધામ) આદિને ગણાવી શકાય.

કેટલાંક ગામનામોને અંતે 'નગર' શબ્દ તેના સ્થાપક કે અન્ય પદાર્થ કે પ્રભાવિત નામ સાથે જોડાઇને વપરાયેલો નજરે પડે છે. વાસ્તનગર, મણિનગર, અવિકાનગર, શ્રીનગર, આદર્શનગર, કૃષ્ણનગર, કીડિયાનગર, કરુણનગર, જામનગર, ગાંધીનગર, ભાવનગર, વીસનગર, વડનગર, જોરાવરનગર, દામનગર, પટેલનગર, પ્રીતમનગર, ફત્તેહનગર, પ્રતાપનગર, ભક્તિનગર, સિરિગંગાનગર, આદિ આ પ્રકારનાં ગામનામો છે. 'નગર' પરથી 'નેર' કે 'નાર' થઇને ય કેટલાંક ગામોનાં નામોના અંતે આવેલ છે. આવાં ગામનામોમાં નાર, ચાંપાનેર, વાંકાનેર, અમલનેર, ભાનેર, જોબનેર, બદનેર, જામનેર, સાંગનેર, સંગમનેર, કોડીનાર, આદિને ગણાવી શકાય.

ગાંવ એટલે કે 'ગામ' અર્થવાળો શબ્દ અંતમાં વપરાયેલો હોય તેવાં ગામનામો ઘણાં મળી આવે છે. ખાટગાંવ, જલગાંવ, ગુરગાંવ, નૌગાંવ, માંગલિયાગાંવ, ધરનગાંવ, બનગાંવ, શાહદોરાગાંવ, ચાલીસગાંવ, નંદગાંવ, ન્યુ બોંગાઇગાંવ, રાજનાંદગાંવ, ફૂલગાંવ આદિ આ પ્રકારનાં છે તો એના સમાનાર્થી 'ગામ' શબ્દાંતવાળા ગામનામો પણ આપણે ત્યાં છે. પુદગામ, મિયાગામ, વડગામ, વિરમગામ, બામણગામ, જંબુગામ, ગોથણગામ, તુલસીગામ, દેવગામ, દહેગામ, નવાગામ, બેલગામ, ઉમરગામ, નડગામ વગેરે આનાં ઉદાહરણો છે. એની સાથે એવા જ અર્થવાળો ગ્રામ શબ્દ અંતમાં વપરાયો હોય તેવાં ગામનામોમાં યુલગ્રામ, ગાંધીગ્રામ, સેવાગ્રામ, કોલ્વાગ્રામ, ઝારગ્રામ, ફકીરાગ્રામ, સરદારગ્રામ, આદિનો સમાવેશ થાય છે. 'ગ્રામ' શબ્દાર્થનો ખ્યાલ આપતાં ધામ 'શબ્દાંતવાળું' 'ગાંધીધામ' જેવું ગામનામ પણ અહીં સ્મરણીય છે.

કેટલાંક ગામનામોને અંતે ધર્મપ્રભાવે 'ઇશ્વર' કે 'દેવ' શબ્દ યોજાયેલો હોય છે. કોટેશ્વર, મંગળેશ્વર, રામેશ્વર, અમલેશ્વર, નારેશ્વર, ઝાડેશ્વર, ભુવનેશ્વર, અંકલેશ્વર, ત્રિનેત્રેશ્વર (તરણેતર), પિંગલેશ્વર, બીલેશ્વર, કેદારેશ્વર, ગળતેશ્વર, ઉત્કંઠેશ્વર, રફાળેશ્વર, ગરુડેશ્વર વગેરે 'ઇશ્વર' શબ્દાંતવાળા છે. ગુમાનદેવ, રખનદેવ, દાઢદેવી અને સારનાથ, ભીમનાથ, વૈદ્યનાથ, રામનાથ, ગોપનાથ, સોમનાથ, કોટનાથ જેવાં ગામનામો ક્રમશઃ દેવ, દેવી ને નાથ શબ્દાંતવાળાં ગામનામો છે. ગોપાલરોડ, ચારભુજારોડ, ત્ર્યંબક અને સંતરામપુર જેવાં ગામનામો ય આવો જ ધર્મભાવ સૂચવી જાય છે.

સંસ્કૃત શબ્દ 'સદ્મ' (સદ્મ) અર્થાત્ રહેઠાણ પરથી 'સદ્' શબ્દ થયો તે કેટલાંક ગામનામોને અંતે આવેલો જોવા મળે છે. કરમસદ, બોરસદ, વીરસદ, વાસદ જેવાં ગામનામો આ પ્રકારનાં છે તો એવા જ અર્થવાળો 'વાસ' શબ્દ અંતમાં હોય તેવાં ગામનામો તરીકે કરનવાસ, કાઠવાસ, દેવાસ, ભારાવાસ, બીરાલવાસ, રૂપવાસ, હળધરવાસ, રાણાવાસ, હલધરવાસ, માંગલિયાવાસ વગેરે નોંધપાત્ર છે.

ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી 'કૂવા' 'કૂઇ' 'તળાવ', 'કુંડ', 'પાણી', 'વાવ'નું મહત્ત્વ ગામમાં ઘણું ગણાય. એ શબ્દાંત ધરાવતાં ગામનામો પણ મળી આવે છે. બાંદીકૂઇ, કુઝીકૂઇ, ફરતીકૂઇ, કીકાકૂઇ, ભુરાકૂઇ, મરઘાકૂઇ જેવાં ગામનાં નામો એક તરફ છે તો બીજી તરફ ધોળાકૂવા, કૂવાથલ, ધોળીકૂવા, બામણકૂવા, રાનકૂવા, ખાનકૂવા, જોશીકૂવા, ઢૂંઢાકૂવા જેવાં ગામનામો પણ છે. વળી તેન-તળાવ, કાળીતળાવડી, મુંવલ ટેન્ક, કાકતીયા તળાવ, તલાવડી, પાંચતળાવડી રોડ, તડાતળાવ જેવાં ગામનામોની સાથે કાલાકુંડ, કુંડ, રાનીકુંડ સરહ, પીપળાપાણી, પાતાલપાની, ગલગાવ, વાવડી, વાપી, સજનવાવરોડ, મીઠીવાલ, કુંકાવાવ, કાપડીવાવ, વાવડીખુર્દ, ખાંડીવાવ, ઝંખવાવ, રાણાવાવ, ઉજવાવ, ચોપડવાવ, શેરડીસાગર, કાશીપુરાસરાર જેવાં ગામનામો પણ પ્રાપ્ત થાય છે.

'સર' એટલે કે સરોવર' શબ્દાંતવાળા ગામનામો પણ મળે છે. વકસર, ભીમાસર, મોટા કંપાસર, રાવળસર, ભુરાકિયા-ભીમાસર,

કલમસર, જેતલસર, અમૃતસર, દહીંસર, અમરસર, આડેસર, ટમસર, મોટાકાંધાસર, માલસર, સોમસર, હુડસર, ઘોડાસર, ચિત્રાસર જેવાં ગામનામોની સાથે છાણસરા, લુનસરિયા, સરોસરા જેવાં ગામનામો પણ સરોવરનું નાનું કદ દર્શાવતાં મળી આવે છે. વળી તોરડીસાગર ને ભુપલસાગર જેવાં ગામનામો પણ છે.

સંસ્કૃતના મૂળ શબ્દ 'વાટ' 'વાટક' પરથી ગુજરાતીમાં 'વાડ' વડે રચાયેલ જમીન' અર્થવાળા 'વાડ'ને 'વાડા' શબ્દાંતવાળાં ગામનામો આપણે ત્યાં ઠીક ઠીક મળે છે. ભેડવાડ, મરવાડ, ચોરવાડ, મારવાડ, ધારવાડ, ઝાલાવાડ, ખોરવાડ, કસુંબાવાડ વગેરે 'વાડ' શબ્દાંતવાળા અને વિજયવાડા, અર્ધવાડા, ઉદવાડા, કુકરવાડા, જરવાડા, જાખવાડા, દેલવાડા, દાસલવાડા, દોસવાડા, ધનકવાડા, પીપલવાડા, બોટાવાડા, છરવાડા, સોનવાડા, કુકવાડા આદિ 'વાડા' શબ્દાંતવાળાં ગામનામો છે. 'વાડા' પરથી 'વારા' અને 'બાડા-બારા' થઈને ય કેટલાંક ગામનામોને છેવટે એ શબ્દ આપેલો છે. અલિયાબાડા, ખાંડબારા, બંધનવારા, બેચીવારા, સાગબારા આદિ આવાં ગામનામો છે તો નાના વિસ્તાર સૂચવતા 'વાડી' શબ્દાંતવાળાં વાડી, માણેકવાડી, નસવાડી, કવર્દુવાડી, સુરબારી (વાડી), કહાનવાડી, સોનવાડી, હાથિયાવાડી, શામળાવાડી જેવાં ગામનામો પણ ઉપલબ્ધ થાય છે.

સંસ્કૃત 'અસ્' ધાતુ પરથી આવેલ 'બેસવાની જગ્યા' અર્થવાળો 'આસન' શબ્દ પણ કેટલાંક ગામનામોને છેવટે આવેલો હોય છે. કપાસન , જોરાવાસન, વિજયાસન, જેવાં ગામનામો તથા 'આસન'નું 'આસણ' થઈને વપરાયેલાં આંબલિયાસણ, શોભાસણ, સોનાસણ, ઝુલાસણ, વલાસણ, ધુમાસણ, બોચાસણ, આદિ ગામનામો આના સૂચક છે. 'ચિત્રાસણી' ગામનામમાં લઘુતા સૂચનરૂપે 'આસણી' થઈ ગયું છે.

'ગામડું' અર્થવાળા સંસ્કૃત 'ખેટ' 'ખેટક' શબ્દ પરથી ખેડ, થઈને કેટલાંક ગામનામોને અંતે આવેલો જોવા મળે છે. ખેડા, લીમખેડા, સિંહખેડા, સંખેડા, માલાખેડા, રૂનખેડા, ચાંદખેડા, નાઝખેડા, હકમીખેડા, સુરબંડકા ખેડા, ધોલાજીકા ખેડા, જેવાં ગામનામો આ પ્રકારનાં છે. ક્યારેક તેનું લઘુતારૂપ 'ખેડી' અને તેના પરથી થયેલ 'ખેરી' પણ ગામનામમાં મળે છે, ધુંવાખેડી, નીમળખેડી, સમરખેડી, સુનેરાચીરખેડી, નીમારખેરી, ઉધાનખેરી, હનિયાખેરી વગેરે ગામનામો આનાં રૂપાંતરૂપ છે. ક્યારેક 'ચાવલ ખેડે' ગામનામમાં 'ખેડે' શબ્દ અંતમાં તો 'ખેડબ્રહ્મા' ગામનામમાં 'ખેડ' શબ્દ આરંભમાં આવ્યો છે. તે જ અર્થવાળા 'સ્થાન' શબ્દ પરથી 'થાન' કે 'થાણા' થઈને ય 'થાણા'ને 'નીમકા થાણા' જેવાં ગામનામોમાં વપરાવા પામ્યો છે.

સંસ્કૃત 'પાટક' એટલે 'મોટો મહોલ્લો-વિસ્તાર' અર્થવાળા શબ્દ પરથી પ્રાકૃતમાં 'પાડ' થઈને 'પાડો' રૂપે આપણાં કેટલાંક ગામનામોમાં વપરાયેલો છે. ચિંચવાડા, જામનપાડા, કાકડાપાડા, દેડિયાપાડા, ઉમરપાડા વગેરેમાં આ શબ્દ તો 'આદિતપારા' ગામનામમાં 'પાડા' પરથી આવેલો 'પારા' શબ્દ અંતે આવેલો છે. સંસ્કૃત 'પત્તન' અર્થાત્ શહેર શબ્દ પરથી 'પટ્ટન' થઈને આજનું 'પાટણ' ગામનામ આવવા પામ્યું છે.

મરાઠી ભાષામાં 'આઈ' એટલે કે માતાજી, દેવી એવો અર્થ ધરાવતો શબ્દ પણ આપણાં કેટલાંક ગામનામોમાં રહેલો છે. મુંબઈ, ઉનાઈ, વડાઈ, ઉકાઈ, બારલાઈ, વસાઈ, બીવાઈ, પીલવાઈ, વઘાઈ, દમલાઈ, નડબાઈ, જવાઈ બંધ આદિ આવાં ઉદાહરણો છે. સંસ્કૃત 'દ્રહ' અર્થાત્ ઝરતાં પાણીનો ધરો શબ્દાંતવાળાં ગામનામોમાં ગોધરા, પીપલધરા, ગોલધરા, ચાંપલધરા ને સોલધરાને ગણાવી શકાય.

સંસ્કૃત 'કચ્છ' શબ્દ એટલે કે 'જળથી વીંટળાયેલ કે તેની નજીકનો વાસ' પણ કેટલાંક ગામનામોને અંતે આવેલો છે. તેમાં ભૃગુકચ્છ પુરાતન નામવાળું આજનું ભરૂચ મુખ્યત્વે છે. વળી 'કચ્છ' પરથી માત્ર 'ચ' રહીને મીણકચ, બોરિયચ, ઊંડાચ, ઓંડચ, વાઘરેચ, નીમચ, લીંચ, વેડચ, ભરૂચ જેવાં ગામનામો બન્યાં છે, 'કચ્છ' નામથી જાણીતો પ્રદેશ પણ અહીં સ્મરણીય છે. 'કચ્છપારડી' ગામનામમાં પણ 'કચ્છ+પ' શબ્દ જ 'કાછબ'માં રહેલો છે. કચ્છ+પલ્લી એટલે 'નાનું ગામ' પરથી જ 'કછોલી' ગામનું નામ બનવા પામ્યું છે. તેમાં 'પલ્લી' પરથી વલ્લી થઈ 'ઉલ્લી' બની 'ઓલી' થયું છે. આવાં બીજાં 'પલ્લી' શબ્દ પરથી આવેલાં ગામનામોમાં પાનોલી, રણોલી, મરોલી, નરોલી, વડોલી, કડોલી, ડીડોલી'ને ગણાવી શકાય. વળી 'વલ્લી' પરથી 'વેલ' શબ્દ થઈને બામણવેલ, સાદડવેલ, ખુડવેલ, કડવેલ, પનવેલ, ચાંચવેલ જેવાં ગામનામોમાં રહેલો છે.

ગાઢ જંગલ અર્થ ધરાવતા સંસ્કૃત શબ્દ 'વલ્લક' પરથી 'વલ' રૂપ બનીને આપણાં અનાવલ, ચડાવલ, સીંગાવલ, વીરવલ, વહવલ, નેતાવલ જેવાં ગામનામોમાં આવ્યું છે. દરિયાઈ મુસાફરોને દોરવાનું કામ કરનાર ગામ 'દાંડી' તરીકે ઓળખાયું અને તેની પાસેના 'અઝાની' ગામનામમાં 'અઝાન' એટલે 'નમાઝની બાંગ પોકારનાર મુસ્લિમો'નો ખ્યાલ મળી જાય છે. સરાઈ એટલે કે 'ધર્મશાળા' શબ્દ પરથી 'સરી' શબ્દ થયો ને તે 'સરીબુજરંગ' ને 'સરીબુઝર્ગ' (મોટી સરાઈવાળું ગામ), સરીખુર્દ (નાનીસરાઈવાળું ગામ) જેવાં ગામનામોમાં વપરાયો છે.

વહેરી એટલે વીરડો શબ્દ પરથી 'વેરી' રૂપ થયું ને તે 'રાનવેરીકલ્લા' ને 'રાનવેરી ખુર્દ' જેવાં ગામનામોમાં સંલગ્ન થયું છે. બીબીનો હજીરો ધરાવનાર ગામ 'હજીરા' તરીકે જાણીતું થયું. સંસ્કૃત 'સ્થલ' એટલે કે 'જગ્યા' અર્થ ધરાવતા શબ્દ પરથી 'થલ' રૂપ પામી આપણાં 'વડથલ', ખેરથલ, કૂવાથલ, સનાથલ જેવાં ગામનામોને અંતે લાગ્યો છે.

ગામ અર્થ ધરાવતાં સંસ્કૃત 'પદ્રક' ને 'પદ્ર' પરથી 'વદર' ને 'વદ' રૂપ પામીને આપણાં કેટલાંક ગામનામોને અંતે જોડાયેલું છે. ભાયાવદર, વીસાવદર, ઝાઝાવદર, સાજિયાવદર, વેળાવદર, માણાવદર, સિંધાવદર વગેરે વદર અંતવાળાં તો હળવદ, સનાવદ, કાળાવદ, જેવાં 'વદ' અંતવાળાં ગામનામો આપણે ત્યાં ઉપલબ્ધ છે .

'આદ' અંતવાળાં ગામનામોમાં પેટલાદ, નડિયાદ, બોટાદ, ભોલાદ, બોલાડીયાદ, પાલીયાદ, વછનાદ, મણિયાદ ને ગણાવી શકાય અને 'આદરા' અંતવાળાં ગામનામોમાં દનાદરા, સનાદરા, પુનાદરા, વટાદરા, ચીખોદરા, ચીલોદરા, અટલાદરા, કડિયાદરા, દુણાદરા, નનાદરા આદિનો સમાવેશ કરી શકાય.

'એજ' શબ્દાંત ધરાવતાં ગામનામો આપણે ત્યાં વરતેજ, સાલેજ, પાલેજ, પરિયેજ, કાવડેજ, કામરેજ, ભાલેજ, દહેજ, દૂધરેજ, સરખેજ, રાંતેજ, સાંખેજ, અસ્નેજ આદિ છે.

'આંઉ' શબ્દાંતવાળાં ગામોનામો ભચાઉં, ડભાઉ, બીસાઉ છે તો 'રણ' શબ્દાંતવાળા ગામનામો હથુરણ, ભાદરણ, ધુવારણ આદિ છે.

'ઈયા' અંતવાળાં ગામનામો તરીકે અરખિયા, અકોદિયા, ચંદેરિયા, ગોરડિયા, અલતિયા, પડવાણિયા, અરનિયા, કંથારિયા, ગોઝારિયા, ઝરિયા, ગીરહકમતિયા, ગોરિયા, ખીજડિયા, ગુરિયા, ભાટિયા, વાઘોડિયા, લંબિયા, માંગલિયા ગાંવ, બરડિયા, ભટાડિયા, લુસડિયા, ભાંગરોલિયા, જાંડપિયા, ગીરવાનિયા, બામનિયા, રાણિયા, વીરણિયા, સુતરિયા, ભુંગળિયા, પાંખિયા, પીપરિયા આદિ ગણાવી શકાય.

'એરા' અંતવાળાં ગામનામો 'ગજેરા, ભાજેરા' છે તો 'એલ' અંતવાળાં ગામનામો 'ભાટીએલ', 'કાણીએલ' છે. 'ઓલ' અંતવાળા ગામનામો પાડગોલ, આખડોલ, પામોલ, રામોલ, અણમોલ છે અને 'દણ' અંતવાળાં ગામનામો જસદણ, જગુદણ છે.

આપણા ગામનામોનાં અહીં કેટલાંક દષ્ટાંત આપ્યાં છે. એવાં બીજા અનેક દષ્ટાંતો મળી શકે.

આ રીતે આપણાં વિવિધ ગામનામો પરની નજર રસપ્રદ ને જ્ઞાનવર્ધક થઈ પડે છે.

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ-૭)

**કેવળજ્ઞાન સંબંધી નિત્યાનિત્ય-પૂર્ણાપૂર્ણ વિચારણા:**

દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધી શાસ્ત્રીય વ્યાખ્યા 'ગુણ પર્યાયવત્ દ્રવ્યમ્' છે. ગુણ સહભાવી એટલે કે નિત્ય છે અને પર્યાય ક્રમભાવી એટલે કે અનિત્ય પણ છે અને નિત્ય પણ છે.

દ્રવ્ય એટલે અસ્તિકાય જે નિત્ય છે. એ મૂળાધાર છે અને ગુણ એ આધેય છે. દ્રવ્ય વિનાનો સ્વતંત્ર ગુણ હોઈ શકે નહિ. ગુણના જુદા જુદા ભેદ એ પર્યાય છે. જેમ દ્રવ્ય નિત્ય છે તેમ ગુણ પણ નિત્ય છે. પરંતુ પર્યાયના બે ભેદ પડે છે. એક ભેદ નિત્ય પર્યાયનો છે અને બીજો ભેદ છે અનિત્ય પર્યાય.

પુદ્‌ગલ દ્રવ્ય વિશે એક પરમાણુથી માંડીને દરેક સ્કંધમાં વર્ણ-રસ-ગંધ-સ્પર્શાદિ અનેક પર્યાયોની અનિત્યતા, ક્રમિકતા, ઉત્પાદ-વ્યય યુક્તતા, પરિવર્તનશીલતા, પરિભ્રમણશીલતા, સક્રિયતા છે. પરંતુ પુદ્‌ગલ સિવાયના બાકીના ચાર અસ્તિકાયના ગુણની સ્થિતિ આવી નથી. એ અસ્તિકાયના ગુણમાં કોઇ ભેદ પડતા નથી. જ્યારે પુદ્‌ગલાસ્તિકાયમાં ક્ષેત્રક્ષેત્રાંતરતા અર્થાત્ અસ્થિરતા અને રૂપરૂપાંતરતા અર્થાત્ અનિત્યતા એટલે કે પરિભ્રમણશીલતા અને પરિવર્તનશીલતા સદા ચાલુ જ રહે છે. ક્ષેત્રાંતરગમનમાં પુદ્‌ગલ પરમાણુ કે પુદ્‌ગલસ્કંધના પ્રદેશનું પરિભ્રમણ-ક્ષેત્રાંતર-સ્થળાંતર થાય છે પણ તે પરમાણુ કે પ્રદેશનો વિનાશ કે અભાવ થતો નથી. જ્યારે રૂપાંતરતામાં-પરિવર્તનશીલતામાં જે ગુણની અવસ્થા ફરે છે તે અવસ્થા-હાલત-પર્યાયનો નાશ થાય છે.

હવે અહીં પ્રશ્ન એ ઊઠે કે જીવાસ્તિકાયનો ગુણ જ્ઞાન છે. અને એ જ્ઞાનગુણના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન આદિ ભેદ પડે છે તો શું ત્યાં અનિત્યતા નહિ ? આત્માના (જીવના) જ્ઞાનગુણના પુદ્‌ગલસંયોગ કરીને અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મના કારણે ભેદ પડી ગયા છે. આત્માનું આત્માથી અભેદ એવાં સ્વયં અભેદ કેવળજ્ઞાનગુણ મતિ, શ્રુત, અવધિ, મનઃમર્યવાદિ ભેદરૂપ થયેલ છે તે જ્ઞાનાવરણીય કર્મના કારણે જ થયેલ છે. આત્માની ગતિ-ગમન તો ભેદમાંથી અભેદ તરફ, અનિત્યમાંથી નિત્ય તરફ પરમાત્મતત્ત્વ તરફ જ છે. જ્ઞાનાવરણીય કર્મનો નાશ થતાં મતિજ્ઞાનાદિ જ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે. વિકૃતિનો પ્રકૃતિમાં લય થાય છે. કર્મનો નાશ એટલે કે કર્મના બદ્ધ સંબંધનો અભાવ, કર્મના સત્તા સંબંધનો અભાવ અને કર્મના ઉદય સંબંધનો અભાવ. સર્વથા કર્મમુક્ત અવસ્થા. લાકડાં બાળો તો છેવટ રાખ રહે પણ કપૂર બાળો તો વાંહે (પાછળ) કાંઇ રહે નહિ. દરિયાના મોજા દરિયામાં લય પામે. અનુત્પન્નમાં જ જે ઉત્પન્ન થયેલ છે તેનો લય થાય છે અર્થાત્ અવ્યયમાં જ લય પામે છે તે વ્યય છે. જીવે ચૌદ રાજલોકના પ્રત્યેક ક્ષેત્રે ક્ષેત્રાંતરગમન કર્યું પણ અંતે પોતાના સ્વરૂપમાં આવીને દેહાતીત થઇને લોકાગ્ર શિખરે સિદ્ધશિલા ઉપર પોતાના આત્મપ્રદેશની અવગાહના પ્રમાણ આકાશાસ્તિકાયમાં સાદિ-અનંત સ્થિર રહે છે. આ પ્રમાણે અનંત શક્તિના ધારક એવા તીર્થંકર પરમાત્મા પણ એક પુદ્‌ગલ પરમાણુને એક આકાશપ્રદેશમાં સાદિ-અનંત સ્થિર ભાવે મૂકી શકે નહિ. એક પુદ્‌ગલ પરમાણુ જે આકાશપ્રદેશે રહેલ છે ત્યાંથી ઉત્કૃષ્ટ અસંખ્ય કાળે પણ ક્ષેત્રાંતર કરશે જ ! આ જ તો પુદ્‌ગલદ્રવ્યની અસ્થિરતા છે.

પાંચે અસ્તિકાય પ્રદેશત્વધર્મથી-પ્રદેશપિંડથી નિત્ય છે. એ પુદ્‌ગલ પરમાણુ પણ અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે. પરંતુ એ પુદ્‌ગલપરમાણુનો ધર્મ સ્થાનાંતર કરવાનો છે. તેમ એ પુદ્‌ગલપરમાણુમાં રહેલ વર્ણ-રસ-ગંધ-સ્પર્શ ગુણમાં રૂપાંતર ધર્મ છે. જ્યારે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાયનું જે મૂળ શુદ્ધ સિદ્ધ સ્વરૂપ છે, તેના પ્રદેશનો ધર્મ ક્ષેત્રાંતર ગમનનો નથી હોતો. તે ચારેય અસ્તિકાયના પ્રદેશ સ્થિર રહે છે. તે ક્ષેત્રાંતર ગમન-સ્થળાંતર કરતાં નથી. તે સર્વ પ્રદેશસ્થિરત્વ ધર્મવાળા હોય છે. તેમ તે ચારેય અસ્તિકાયના પ્રદેશમાં રહેલ જે પરમભાવરૂપ ગુણધર્મ છે, તેમાંય રૂપાંતરતા-પરિવર્તનશીલતા કે વિનાશીતા હોતાં નથી. પરંતુ તે તે અસ્તિકાયના પ્રદેશમાં પરમભાવરૂપ રહેલ ગુણ નિત્ય-અવિનાશી હોય છે. આવો મહત્ત્વનો મોટો ભેદ પુદ્‌ગલાસ્તિકાય અને બાકીના ચાર ધર્મ, અધર્મ, આકાશ અને સિદ્ધના જીવો વચ્ચે છે. જીવદ્રવ્ય વિષે અનાદિકાળથી સંસારમાં રહેલા જીવો પુદ્‌ગલદ્રવ્યના બનેલાં દેહ અને તેના સંયોગવાળા છે. એ સંયોગસંબંધે કરીને પુદ્‌ગલદ્રવ્યના પ્રદેશનું ક્ષેત્રાંતરગમન અને ગુણનું રૂપાંતરગમન જીવને પણ લાગુ પડી ગયેલ છે. એના એટલે કે પુદ્‌ગલના સંયોગે જીવને ચૌદ રાજલોકનો રઝળપાટ-ક્ષેત્રાંતરગમન અને જ્ઞાનાદિગુણમાં ક્રમિકતા, અનિત્યતા આવી ગયેલ છે. તે પણ પુદ્‌ગલદ્રવ્યના વર્ણ-ગંધ-રસ- સ્પર્શાદિ જે રૂપાંતરગમનવાળા છે તેમાં જીવે પોતાના ગુણ જ્ઞાન-દર્શનાદિએ ભોગવૃત્તિ અને સુખબુદ્ધિ કરી તેથી જ જીવના-જ્ઞાન દર્શનાદિ ગુણને રૂપાંતરગમન-અનિત્યતા-પરિવર્તનશીલતા-વિનાશીતા-સક્રિયતા-ક્રમિક્તા લાગુ પડી ગયાં. પુદ્‌ગલદ્રવ્ય તો બાપડું કહે છે કે.....

હે જીવ! તેં મારી પાસે માગ્યું. તારા જેવો પાંચેય અસ્તિકાય અને છયે દ્રવ્યોમાં મહાન સર્વોપરિ મારે આંગણે, મારી પાસે યાચક બનીને માંગતો આવ્યો તો હું પુદ્‌ગલ તને ના કેમ પાડી શકું ? હે જીવ! તેં મારામાં (પુદ્‌ગલમાં) સુખ જોયું અને સુખ માંગ્યું પણ મારી પાસે તો સુખ છે જ નહિ, જે મારી પુદ્‌ગલની પાસે હતું તે મેં તને દઇ દીધું. જે મારી પાસે હતું તે હે જીવ ! તને મેં આપ્યું.

ગુણે, ગુણ ઉપર દૃષ્ટિ કરી છે. પ્રદેશે, પ્રદેશ ઉપર દૃષ્ટિ નથી કરી, છતાં ગુણ જે પુદ્‌ગલના હતાં તે ઉપર જીવના ગુણે ભોગવૃત્તિ અને સુખબુદ્ધિથી દૃષ્ટિ કરી, તેથી પુદ્‌ગલ સંયોગે જીવન જ્ઞાનાદિ ગુણ રૂપાંતરગમનવાળા, અનિત્ય અને વિનાશી થયાં.

સિદ્ધાંત એ છે કે....

જે દ્રવ્યના ગુણો વિનાશી ધર્મવાળા હોય તે દ્રવ્યના પ્રદેશો ક્ષેત્રાંતરધર્મવાળા અસ્થિર હોય.

તેમ

જે દ્રવ્યના પ્રદેશો ક્ષેત્રાંતરધર્મવાળા અસ્થિર હોય તે દ્રવ્યના ગુણો રૂપાંતરધર્મવાળા વિનાશી હોય.

અને

જે દ્રવ્ય પ્રદેશો સ્થિર હોય તેના ગુણ નિત્ય-અવિનાશી હોય.

તેમ

જે દ્રવ્યના ગુણ નિત્ય-અવિનાશી હોય તે દ્રવ્યના પ્રદેશો સ્થિર હોય.

'ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્' ઉત્પાદ હોય એનો વ્યય હોયજ! પરંતુ જે કાંઇ ઉત્પાદ-વ્યય હોય તે ધ્રુવના-અનુત્પન્ન-અવિનાશી-નિત્ય-સ્વયંભૂના આધારે જ હોય! ઉત્પત્તિ, અનુત્પન્નના આધારે હોય અને વ્યય, અવ્યયમાં જ લય પામે. ભરતી દરિયામાં

જ આવતી હોય છે અને ઓટ પણ દરિયામાં જ લય પામતી હોય છે. સાગરમાંથી ઊઠતાં તરંગ-મોજા સાગરમાં જ વિલીન થાય છે.

*દરિયાવ કી લહર દરિયાવ હૈ જી,*
*દરિયાવ ઔર લહર મેં ભિન્ન કોય ન*
-કબીરજી

માત્ર આત્માની એક ઓઘશક્તિ એવી છે કે એકવાર વ્યક્ત થયા બાદ સદા એવી ને એવી નિત્ય રહે છે અને ક્યારેય વિકૃત થતી નથી, બગડતી નથી, નાશ પામતી નથી. વ્યય થતો નથી. આત્માની એ અનુપમ ઓઘશક્તિ છે કેવળજ્ઞાન! તેના સિવાયની ઓઘશક્તિ આત્મામાંથી વ્યક્ત થાય છે અને આત્મામાં જ વિલીન થાય છે, જેમ ઉપર જણાવ્યા મુજબ સાગરના તરંગ સાગરમાં લય પામે છે.

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગાયું છે કે....
જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે,
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે સપરાણો રે..
મન મોહન સ્વામિ.
-અરનાથ પ્રભુનું સ્તવન.

શુદ્ધતા ધ્યાન એમ નિશ્ચયે આપનું,
તુજ સમાપત્તિ ઔષધ સકલ પાપનું,
દ્રવ્ય અનુરોગ સંમતિ પ્રમુખથી લહી,
ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન ધરિયે સહી.
-ઢાળ-૧૬ સાડા ત્રણસો ગાથા.
(સમાપત્તિ-સર્વરોગ નાશક રસાયણ)

ગુણકાર્યને પણ પર્યાય કહેવાય છે અને ગુણભેદને પણ પર્યાય કહેવાય છે. જે જે દ્રવ્યો છે તેના જેટલા જેટલા ગુણો છે તેને દ્રવ્યાંશ પર્યાય કહેવાય. શરીરના એક એક ભાગને જેમ શરીરનું અંગ કે શરીરનો અવયવ કહીએ છીએ તે પ્રમાણેની આ વાત છે. પર્યાય એટલે સ્થિતિ-હાલત-અવસ્થા. એ બે ભેદે છે. નિત્ય અને અનિત્ય. દ્રવ્યાંશ એ દ્રવ્યનો એક ગુણ રૂપાંતરગમન છે. મહામહોપાધ્યાયજીએ ફરમાવ્યું છે કે....

અંશ પણ નવિ ઘટે પૂર્ણ દ્રવ્યના,
દ્રવ્ય પણ કેમ કહું દ્રવ્યના ગુણ વિના,
અકલ અને અલખ એમ જીવ અતિ તંતથી,
પ્રથમ અંગે વધુ અપદને પદ નથી.

આમ આત્માના જ્ઞાનગુણનો કેવળજ્ઞાન પર્યાય નિત્ય છે જ્યારે મતિજ્ઞાનાદિ પર્યાય અનિત્ય છે. આપણું છદ્મસ્થનું જ્ઞાન પણ નિત્ય છે. પરંતુ અસ્થિર છે, કારણ કે સાવરણ છે, કર્મ સાપેક્ષ છે. તેથી જ છદ્મસ્થનું જ્ઞાન ક્રમિક છે, ખંડિત છે. માટે તેની અસ્થિરતા, ક્રમિકતા, ખંડિતતાને કારણે અનિત્ય છે. એટલા માટે જ ઉપર જણાવ્યા મુજબ પ્રથમ અનિત્યજ્ઞાન નિત્ય કઇ રીતે છે એ સમજીશું તો સ્વરૂપમાં સ્થિર થવાશે.

જીવનું લક્ષણ જે જ્ઞાન છે, એ જ્ઞાન નિત્ય ત્યારે જ બને જ્યારે તે ક્રમ અભાવ એટલે કે અક્રમિક, કાળ અભાવ એટલે અકાલ અને નિત્ય કાર્યરૂપ બને. એજ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન અનાદિ-અનંતતાએ છે. એ આવતું નથી. જતું નથી. બનતું નથી. કે એનો ઉત્પાદ-વ્યય નથી. એ તો આવૃત છે જેને અનાવૃત કરવાનું છે. કેવળજ્ઞાન તો પ્રાપ્તની પ્રાપ્તિ છે. કેવળજ્ઞાન સત્તાએ પ્રાપ્ત છે. પણ વેદન નથી એ અપેક્ષાએ અપ્રાપ્ત છે. રસવેદન અને જ્ઞાનપ્રકાશ એ અપેક્ષાએ કેવળજ્ઞાન અપ્રાપ્ત છે. માટે જ પ્રાપ્તની પ્રાપ્તિ કહેવાય છે. જેટલું જેટલું કર્મજનિત છે તે અપ્રાપ્તની પ્રાપ્તિ છે અને વળી અંતે અપ્રાપ્ત જ રહે છે. જ્યારે જે જે સત્તાગત છે તે નિરાવરણ થયે પ્રાપ્તની પ્રાપ્તિ છે એ સ્વરૂપગુણો હોય છે. અને તે રસવેદનરૂપ અનુભવગમ્ય હોય છે તે પ્રાપ્તની પ્રાપ્તિ સાદિ-અનંત નિત્ય હોય છે. કેવળજ્ઞાન જે પ્રાપ્ત છે તે સાવરણ છે. પડદા પાછળ છે. એનો પડદો હઠાવી-આવરણ હઠાવી નિરાવરણ કરવાનું છે, અર્થાત્ અનાવરણ કરવાનું છે. જ્યારે મતિજ્ઞાન તો તેમાં ઉત્પાદ-વ્યય હોવાથી સાદિ-સાન્ત પૂર્વક અનાદિ-સાન્ત છે, કે જે મતિજ્ઞાનમાં સંસ્કૃતિ-વિકૃતિ અને હાનિ-વૃદ્ધિ છે.

કેવળજ્ઞાન અનાદિ-સાન્ત સાવરણ ઉપચરિત છે.

કેવળજ્ઞાન સાદિ-અનંત નિરાવરણ અનુપચરિત છે.

કેવળજ્ઞાનની સત્તા અનાદિ-અનંત છે.

કેવળજ્ઞાનની વિષયશક્તિ અનંત છે.

કેવળજ્ઞાન સંબંધી નિત્યાનિત્ય વિષયમાં આટલી વિચારણા કર્યા બાદ કેવળજ્ઞાન સંબંધી પૂર્ણ-અપૂર્ણ વિષયે વિચારીશું.

પૂર્ણ જ્યારે અપૂર્ણાવસ્થામાં-અપૂર્ણદશામાં હોય છે ત્યારે પૂર્ણના ગુણો વિરુદ્ધતાને પામતા જાય છે, જેમકે...

| | |
|---|---|
| પૂર્ણ-અપૂર્ણ | અગુરુલઘુ-ગુરુલઘુ. |
| અવિકારી-વિકારી | અસ્યાદ્-સ્યાદ્ |
| અખંડ-ખંડ | અકાલ-કાલગ્રસ્ત |
| અવિનાશી-વિનાશી | નિરપેક્ષ-સાપેક્ષ |
| અભેદ-ભેદ | નિરાવરણ-સાવરણ |
| અદ્વૈત-દ્વૈત | નિરાકાર-સાકાર |
| અક્રિય-સક્રિય | નિર્વિકલ્પક-સવિકલ્પક |
| અક્રમિક-ક્રમિક | નિરંજન-સાંજન |
| અમૂર્ત-મૂર્ત | નિરાલંબન-સાલંબન |
| અરૂપી-રૂપી | નિર્મળ-સમળ |
| અતિન્દ્રિય-ઇન્દ્રિયસહિત | અનુપચરિત-ઉપચરિત |
| અયોગી-સયોગી | સ્વાધીન-પરાધીન....ઇત્યાદિ. |

(૧) પૂર્ણ જ્યારે વિકારી બને ત્યારે અભાવ અને અપૂર્તિ ઉત્પન્ન થાય અને તેથી અંતરાયકર્મ યુક્ત બને.

(૨) પૂર્ણ જ્યારે વિકારી બને ત્યારે મોહનીય કર્મયુક્ત બને.

(૩) પૂર્ણ જ્યારે અપૂર્ણ બને ત્યારે વિશેષની સામે સામાન્ય બને એટલે કે દર્શનાવરણીયકર્મ યુક્ત બને. સર્વદર્શી અલ્પદર્શી બને.

(૪) પૂર્ણ જ્યારે અપૂર્ણ બને ત્યારે સર્વજ્ઞ, અલ્પજ્ઞ બને. એટલે કે સર્વને અક્રમથી જાણનાર ક્રમથી અલ્પ જાણનાર બને. જ્ઞાનાવરણીયકર્મ યુક્ત બને. પૂર્ણને સર્વ જ્ઞેય એના જ્ઞાનમાં દેખાય, જણાય. જ્યારે અપૂર્ણ અનંતમાં ભાગનું દેખે અને જાણે. અપૂર્ણને જોવા, જાણવા જવું પડે અને જે જુએ અને જે જાણે તે ક્રમથી જુએ જાણે. શ્રુતકેવળી પણ અનંતમાં ભાગનું જાણે. અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની પણ દિવ્યજ્ઞાની હોવા છતાંય, ક્ષયોશમ લબ્ધિ હોવા છતાં ય તે અનંતમાં ભાગે જ જાણે છે.

જ્યારે જ્ઞાન પૂર્ણ, અવિકારી, નિર્વિકલ્પક, અક્રમિક બને છે ત્યારે જ્ઞાનમાંની અપૂર્ણતા જાય છે અને કેવળજ્ઞાન પ્રગટે છે. જ્ઞાનમાં રહેલો વિકાર એટલે મોહનીયકર્મ ખતમ થઇ જાય છે ત્યારે જ્ઞાન ઉપરનું આવરણ જ્ઞાનાવરણીયકર્મ, દર્શન ઉપરનું આવરણ દર્શનાવરણીયકર્મ, જ્ઞાનની અલ્પતા-અપૂર્ણતા એટલે કે અંતરાયકર્મ પણ સાથે સાથે સમકાળ ખતમ થઇ જાય છે. વળી સામાન્ય ઉપયોગ ટળી જઇ વિશેષ ઉપયોગરૂપ જ્ઞાન બને છે. ચારેય ઘાતિકર્મના નાશથી કેવળજ્ઞાન ગુણ પ્રગટે છે. અને ઉપયોગ અફર-અવિનાશી બને છે. જ્યારે ચારેય અઘાતિકર્મો નામકર્મ, ગોત્રકર્મ, આયુષ્યકર્મ, વેદનીયકર્મના નાશથી અરૂપી ગુણ પ્રગટે છે. અનામી-અરૂપી-અમૂર્ત, અગુરુલઘુ, અક્ષય-અજરામર, અવ્યાબાધ ગુણ પ્રગટે છે અને આત્મપ્રદેશો સ્થિરતાને પ્રાપ્ત કરે છે.

પૂર્ણ જ્યારે અપૂર્ણત્વને પામે છે ત્યારે અનેક રૂપને-અનેક ભેદને ધારણ કરે છે. ખંડિત થઇ ટૂકડા ટૂકડા થઇ જાય છે. પરંતુ મૂળમાં જે પૂર્ણ છે તે તેની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે ત્યારે અભેદ બને છે. જ્ઞાન પ્રાપ્તિનું સાધન જેમ ઇન્દ્રિયો છે તેમ ભોગ અને વેદનનું સાધન પણ તેજ ઇન્દ્રિયો છે. એ જ બતાડે છે કે જ્ઞાન અને આનંદવેદન પૂર્ણાવસ્થામાં અભેદ છે. અને તેની નિશાની-ઝાંખી- ઝલક અપૂર્ણાવસ્થામાં ઉપરોક્ત રીતે જણાય છે. પૂર્ણની ઝલક-ઝાંખી-છાંટ અપૂર્ણમાં હોય છે, કારણ કે અપૂર્ણ એ પૂર્ણનો અંશ છે એટલે પૂર્ણની ઝલક અપૂર્ણમાં જોવા મળે જ ! ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ ! ખંડિયેર તો કે મહેલનો, એટલે એ ખંડિયેરમાં મહેલની ઝલક જોવાં મળે જ ! અવશેષ-ભંગારમાં એના પૂર્ણ અખંડિત રૂપની ઝલકના દર્શન થાય જ ! કેવળજ્ઞાનના બીજરૂપ-અંશરૂપ એવા મતિજ્ઞાનની વર્તમાનકાળમાં પણ ભાંગ્યું ભાગ્યુ તો ય ભરૂચ એ ન્યાયે એવી શક્તિ છે કે...

એ મતિજ્ઞાન વર્તમાનકાળે અનંતભૂતવત્ (સ્મૃતિરૂપે), અનંત ભવિષ્યવત્ (કલ્પનારૂપે) અને દૂરસુદૂર પરક્ષેત્રે રહેલ દ્રવ્યોનો સમયમાત્રમાં વિચાર કરી શકે છે તેમ ભાવભાવાંતર કરી શકે છે જે અપૂર્ણ અધૂરાં એવાં મતિજ્ઞાનમાં પૂર્ણ એવાં કેવળજ્ઞાનની છાયારૂપ છે.

જ્ઞાન અને આનંદની વાત વિચારીએ તો પૂર્ણજ્ઞાન અર્થાત્ કેવળ જ્ઞાન હોય છે ત્યારે જ્ઞેય જ્ઞાનમાં ડૂબે છે અને જ્ઞાન આનંદમાં ડૂબે છે. જ્યારે અપૂર્ણ-છદ્મસ્થજ્ઞાનમાં જ્ઞાન, જ્ઞેયમાં ડૂબે છે એટલે કે અપૂર્ણજ્ઞાન, જ્ઞેયને જોવાં જાણવા જાય છે અને સુખ માટે પણ જ્ઞેયને ક્ષેત્ર તેમ સુખનું સાધન બનાવી જ્ઞેયમાં સુખ શોધવા ફાંફા મારે છે. હકીકતમાં તો સુખ-આનંદ એ જ્ઞાનનું કાર્ય છે. જ્ઞાનનું પરિણામ છે-જ્ઞાનનું ફળ છે અને નહિ કે કે જ્ઞેયનું. અપૂર્ણજ્ઞાનમાં આનંદની ઝંખના પ્રતિક્ષણે છે. કેવળજ્ઞાનના જ્ઞાનમાં-પૂર્ણજ્ઞાનમાં આનંદની કોઇ ઝંખના નથી કેમકે તે જ્ઞાનરસાનંદમાં તરબોળ છે. જ્ઞાન એ જીવ-આત્માના હોવાપણાનું ચિહ્ન-લક્ષણ-નિશાની છે. તેમ આત્માનંદ-સ્વરૂપાનંદ જે છે એ જ્ઞાનનું કાર્ય-પરિણામ ફળ છે.

જ્ઞાન-પ્રેમ-સુખ એ કાંઇ બહારથી મેળવવાની ચીજ નથી. એ તો અંદરમાં-અંતરમાં-અંતઃકરણમાં આત્માના સ્વભાવમાં પડેલી આત્માના ઘરની પોતાની જ સ્વાભાવિક ચીજ છે. કસ્તુરીમૃગ જેવી જીવની વ્યાકુળ દશા છે. પોતામાં જ રહેલી પોતાની ચીજ-પોતાની સુગંધ અર્થાત્ પોતાના સ્વરૂપને તે જેમાં નથી, તે જ્યાં નથી તેમાં અને ત્યાં બહારના પર પદાર્થમાં શોધવાના ફોગટ ફાંફા મારે છે અને જે શોધે છે તે મળતું નથી એટલે હાંફળો ફાંફળો-આકુળ વ્યાકુળ થાય છે. સુખને શોધવા નીકળેલો સુખીને બદલે દુઃખી દુઃખી થાય છે, વ્યથિત થાય છે અને દુઃખને વેદે છે.

પરઘર જોતાં રે ધર્મ તુમે ફરો, નિજઘર ન લહો રે ધર્મ,
જિમ નવિ જાણે રે મૃગ કસ્તૂરીઓ, મૃગ મદ પરિમલ મર્મ.
શ્રી સીમંધર સાહિબ!
જિમ તે ભૂલો રે મૃગ દિશિ દિશિ ફરે, લેવા મૃગમદ ગંધ,
તિમ જગ ઢુંઢે રે બાહિર ધર્મને, મિથ્યાદષ્ટિ રે અંધ.
શ્રી સીમંધર સાહિબ!

-મહામહોપાધ્યાય સવાસો ગાથા

પૂર્ણજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાનમાં જ્ઞાન અને આનંદ એકરૂપ છે અભેદરૂપે છે. એટલે તે અવસ્થામાં સુખની ઇચ્છાનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી કેમકે તે અવસ્થા તૃપ્તાવસ્થા, સહજાવસ્થા, પૂર્ણકામ અવસ્થા, પૂર્ણસુખાવસ્થા, પૂર્ણાવસ્થા હોય છે. કેવળજ્ઞાની ભગવંતના જ્ઞાન અને આનંદ અભેદ થયાં હોય છે, જ્યારે છદ્મસ્થાવસ્થામાં જ્ઞાન અને આનંદ ભિન્ન હોય છે. જ્ઞાન અને આનંદવેદન ભેદાભેદરૂપે ચાલુ રહે છે. વેદનનો સ્વયં આધાર હોવાથી અભેદરૂપે છે પણ નાશ થતો હોવાથી ભેદરૂપે છે. જ્ઞાન અને આનંદ છદ્મસ્થાવસ્થામાં એકબીજાથી વિખૂટા પડી ગયા હોય છે તેથી જ છદ્મસ્થનું જ્ઞાન નિરંતર હરહંમેશ આનંદને-સુખને શોધતું હોય છે. વળી જે કાંઇ સુખ પ્રાપ્ત થાય છે તે છાદ્મસ્થિક અવસ્થાનું સુખ સ્વાધીન મટીને પરાધીન બનેલું હોય છે. એ અપૂર્ણ અને પરાધીન-પરાવલંબી સુખ હોય છે. એથી જ એવાં તે સુખની આગળ અને પાછળ તો દુઃખ હોય છે. પણ તે સુખ પણ દુઃખની છાંટવાળું, દુઃખમિશ્રિત વિધવિધ ભેદવાળું સુખ હોય છે. જ્યારે કેવળજ્ઞાની ભગવંતના સુખમાં કોઇ ભેદ પણ નથી હોતો અને દુઃખનો છાંયો ય હોતો નથી, એવું નિતાંત અણીશુદ્ધ આત્યંતિક સ્વાધીન સુખ હોય છે. સર્વ કેવળીભગવંતોનું-સિદ્ધ પરમાત્મ ભગવંતોનું સુખ સદા સર્વદા એક સરખું સમ હોય છે. એકનું ચઢિયાતું સુખ અને એકનું ઊતરતું-નિમ્ન કક્ષાનું સુખ એવું નથી હોતું. પૂર્ણ સામ્ય હોય છે. સાચો સામ્યવાદ ત્યાં હોય છે. સર્વ કેવળીભગવંતનું સુખ, સમકક્ષાનું સુખ હોય છે. વાસ્તવિક તો એ પૂર્ણ પરાકાષ્ટાનું, ટોચનું, આત્યંતિક અનંત સુખ છે, એટલે ત્યાં કક્ષાને કે તરતમતાને કોઇ અવકાશ જ નથી. આનંદ વેદનના અર્થમાં સુખ શબ્દનો પ્રયોગ થાય ત્યારે અનંતસુખ રૂપે લેવું. રસવેદન પણ અનંત અને અવિનાશી હોવાથી પણ તે અનંત હોય છે. એ સહજાવસ્થામાં આનંદ જ આનંદ હોય છે! સુખ દૈહિક હોય છે જ્યારે આનંદ આત્મિક હોય છે. કેવળજ્ઞાની ભગવંતોને જ્ઞાન અને આનંદ સમકાળ છે. સુખ કહેતાં આનંદ અને જ્ઞાન કાળથી ત્યાં અભેદ હોય છે અને અક્રમ હોય છે. એથી વિપરીત છદ્મસ્થાવસ્થાનું જ્ઞાન અને સુખ કાળ ભેદે હોય છે અને ક્રમભેદે હોય છે. તે યુગપદ સમકાળ નથી હોતું. વર્તમાનનું આપણું મતિજ્ઞાન એવું છે કે....

કાંઇક વિચારીએ છીએ, કાંઇક ઇચ્છીએ છીએ, કાંઇક કરવા જોઇએ છીએ, કાંઇક જોઇએ છીએ, કાંઇક જાણીએ છીએ, કાંઇક સમજીએ છીએ, કાંઇક કરવા જઇએ છીએ અને કાંઇક કાંઇક, કશુંક કશુંક, ક્યારેક ક્યારેક કરી શકીએ છીએ.

કેવળજ્ઞાન સિવાયના બાકીના સર્વ જ્ઞાનો ઘણાં ઘણાં ભેદે છે અને શક્તિ પણ અનંતમા ભાગની અલ્પ હોય છે. જ્યારે કેવળજ્ઞાન તો એક ભેદે હોય છે. એકાન્ત હોય છે. અદ્વૈત હોય છે અને શક્તિ પણ અનંત હોય છે.

જીવ કદી પણ જ્ઞાન વગરનો હોતો નથી એટલે કે જડ હોતો નથી. તેમ જીવ કદી પણ સુખની ઇચ્છા વિનાનો હોતો નથી. જીવ માત્ર સુખ ઇચ્છે છે. સંસારી જીવ અનાદિકાળથી જ્ઞાન વગરનો નથી એટલે જ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ કહેલ છે પરંતુ ઉદય કહેલ નથી, જ્યારે અનાદિકાળથી સંસારીજીવ પ્રેમવિહોણો છે એટલે મોહનીયકર્મનો ઉદય કહેલ છે. અનંતાનુબંધીનો કષાયરસ આત્માના પ્રેમથી, આત્મના શુદ્ધ સ્વરૂપના લક્ષ્યે જ્ઞાન અને ધ્યાનથી નાશ પામે છે. જેના ફળ સ્વરૂપે સમ્યક્ત્વ થયેથી દર્શનમોહનીયનો પ્રથમ ક્ષયોપશમ થાય છે અને અંતે સર્વથા ક્ષય થાય છે. પ્રેમ અને વીતરાગતા એક જ અર્થમાં છે. દેહસુખ એ રાગ છે-એ મોહ છે. જે સકામ ભાવરૂપ છે. જ્યારે આત્મ સ્વરૂપનો આનંદ એ પ્રેમ તત્ત્વ છે. પ્રેમ એ નિષ્કામભાવરૂપ છે. માટે જ જ્ઞાની ભગવંતોએ મિથ્યાજ્ઞાનની સામે સમ્યગજ્ઞાન પ્રાપ્ત કરીને પૂર્ણજ્ઞાન-બ્રહ્મજ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું લક્ષ્ય આપ્યું છે. એજ પ્રમાણે અસત્-વિનાશ-આભાસી-મિથ્યા સુખ ત્યાગીને તેમાં વિવેક કરીને સત્-અવિનાશી-સાચા-શાશ્વત એવાં આત્મસુખને-આત્માનંદને-સ્વરૂપાનંદને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય આપ્યું છે. સત્ તત્ત્વનો આગ્રહ રાખવો, કારણ કે સત્‌માં દ્વૈતદ્વંદ્વ નથી. એટલે જ એમાં કદી ભૂલ નહિ નીકળે. અપૂર્ણને અપૂર્ણથી સમજવું તે મર્યાદિત સમજણ છે.

પૂર્ણથી અપૂર્ણ સમજવું અર્થાત્ પૂર્ણ તત્ત્વને દૃષ્ટિ સમક્ષ રાખી અપૂર્ણતા કેવી અને કેટલી છે તે સમજવું એ પૂર્ણ સમજણ છે. કેવળી આશ્રિત વિકલ્પો કરવા જેથી આગ્રહ રહે નહિ અને અહમ્ થાય નહિ. માટે જ આપણે ત્યાં 'तत्त्व केवलिगम्य' શબ્દપ્રયોગની પ્રશસ્ત પ્રણાલિકા છે. એ શબ્દપ્રયોગથી પૂર્ણ તત્ત્વનો તો સ્વીકાર કરીએ છીએ પણ પૂર્ણ તત્ત્વને માથે રાખવાની સાથે સાથે આપણી અપૂર્ણ છદ્મસ્થ દશાનો એકરાર પણ કરીએ છીએ. એજ આપણો અર્પણભાવ છે !

જ્ઞાન શક્તિ અને રસ ઉભય છે. સુખ માત્ર રસરૂપ છે પણ શક્તિરૂપ નથી. જ્ઞાન રસરૂપ બને તો સુખનો રસ મળે. રસનું સ્વક્ષેત્રે વેદન હોય છે. જ્ઞાન માત્ર શક્તિરૂપ બને તો સુખરસ વેદવા નહિ મળે. પરંતુ જ્ઞાનનો અહં અને તોફાનો થયાં કરે. જ્ઞાનગુણ અને જ્ઞાનરસ એ મોહનીયકર્મનો ક્ષયોપશમ ભાવ છે. ત્યાં આત્માનો અનુભવ-આત્માનુભૂતિ થાય છે. એ જ્ઞાનદશા છે. જ્યારે જ્ઞાનકળા અને જ્ઞાનશક્તિ એ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે. જ્ઞાનદશા-જ્ઞાનગુણ-જ્ઞાનરસ એ સ્વસંવેદ્ય-સ્વાનુભૂતિ-આત્માનુભૂતિ છે. જ્ઞાનકળા અને જ્ઞાનશક્તિ એ પંડિતાઇ છે જે જગત માટે તેમ ક્યારેક લોક મનરંજનાદિ માટે પણ હોય શકે છે.

આપણું જ્ઞાન જેટલું નિર્દોષ, જેટલું નિર્મળ, જેટલું પવિત્ર, જેટલું શાંત, જેટલું સ્થિર, જેટલું પ્રસન્ન, જેટલું એકાગ્ર, જેટલું એકાકાર તેટલું જ સુખ!

નિત્યાનિત્ય, પૂર્ણાપૂર્ણની વિચારણા કેવળજ્ઞાનને અનુલક્ષીને કરી પણ સાથે સાથે કેટલાંક અનિત્ય તત્ત્વ, પુદ્ગલાદિ પણ પરમાત્મપદ પ્રાપ્તિમાં કેટલાં ઉપયોગી છે તે પણ વિચારીએ.

'બધું અનિત્ય ખરાબ નથી.' ચોથા સમ્યક્ત્વ ગુણસ્થાનકથી લઇ વિકાસક્રમમાં જે વિકાસ થાય છે તે ક્રમિક અને અનિત્ય છે, પરંતુ નિત્ય સુધી પહોંચાડનાર છે, અર્થાત અનિત્ય છે પણ નિત્યની જનની છે. સાધકને સાધનાની પરમ ઉચ્ચદશા જો કોઇ હોય તો તે ક્ષપકશ્રેણિ છે, જે પણ અનિત્ય છે. છતાં નિત્યતા, વીતરાગતા, નિર્વિકલ્પકતા, સર્વજ્ઞતા, પૂર્ણતા, જે નિત્યાવસ્થા છે તેની Next to next અનંતર પૂર્વાવસ્થા છે. પહેલાં ગુણસ્થાનકે જેટલી અનિત્યતા, અજ્ઞાન, મોહ, સુખ-દુખ વેદનમાં જે અનિત્યતા છે તેટલી ખરાબ છે. બીજા ત્રીજા ગુણસ્થાનકને લેવાનો અર્થ નથી કારણકે તે પડતાના-પતનના ગુણસ્થાનક છે. અને તેનો કાળ પણ અલ્પ છે. કિંમત નથી છતાં ઘણી કિંમત છે. સર્વજ્ઞ પરમાત્મા થનાર કોઇપણ સાધક જીવાત્મા પહેલાં ગુણસ્થાનકથી ચોથા ગુણસ્થાનકે આરોહણ કરે કે પછી ચોથા ગુણસ્થાનકેથી પહેલાં ગુણસ્થાનકે પાછો પડે તેમાં અલ્પકાલીન આવી સૂક્ષ્મ અવસ્થા બીજા ત્રીજા ગુણસ્થાનકની હોય છે, જે કેવળજ્ઞાની ભગવંત જોઇ શકે છે તે તેમના કેવળજ્ઞાનની બલિહારી છે અને તેમની સર્વજ્ઞતાની સાબિતીરૂપ છે. આવાં અલ્પકાલીન સૂક્ષ્મભાવ કોણ જોઇ શકે? આપણે પોતે પણ તે ગુણસ્થાનકે અને તે ભાવમાં હોઇએ છતાં આપણને પણ તેની ખબર નહિ પડે. ઊંઘી ગયો હોય તે 'હું ઊંઘી ગયો છું' એમ બોલે નહિ તેના જેવું આ છે. અથવા તો પ્રસૂતા કહે કે પ્રસૂતિ વેળાએ મને જગાડજો એના જેવું છે. એ તો પ્રસૂતા જ પ્રસૂતિ વેળા બીજાને જગાડી મૂકે તેવી તેની પરિસ્થિતિ હોય છે અને તેની તે દશા પોતે પહેલાં પણ જાણતી નથી અને પછી પણ જણાવી-વર્ણવી શકતી નથી.

'બધાં સુખ સારાં નથી.' ઇન્દ્રિયજનિત ભોગસુખ વિનાશી અને પરાધીન છે. વળી તે કોઇ જીવના ભોગે ભોગવાય છે માટે પરિણામે દુઃખકારક છે-દુઃખરૂપ છે. પરંતુ ધ્યાનાવસ્થામાં તેમ લોક-કલ્યાણાદિના ભલાઇના-પરોપકારના કાર્ય કરવામાં જે નિર્દોષ આનંદ, આત્મસંતોષ થાય છે તે નિર્દોષ સારું સુખ છે.

'બધાં દુઃખ ખરાબ નથી.' સંયમ અને તપની સાધના વખતે જે પરિષહ, ઉપસર્ગાદિ કષ્ટ સહન કરવાં પડે છે, તે દુઃખ નરક અને તિર્યંચ ગતિનાં અતિ ભયાનક દુઃખથી બચાવે છે, માટે સારા છે. કોઇકના ભલા માટે જાતને નિષ્કામ ઘસી નાંખીએ છીએ, તે દુઃખ પણ ખરાબ નથી.

'બધાં જીવો સારા નથી.' જીવ માત્ર બ્રહ્મસ્વરૂપ-સિદ્ધસ્વરૂપ હોવા છતાં કાંઇ બધાંય જીવ સારા નથી હોતા. જે જીવ કેવળ દુર્જન જ છે અને અનેક પ્રકારના દુરાચરણોનું સેવન કરી દુષ્ટ જીવન જીવે છે તે જીવ ભલે સત્તાથી બ્રહ્મસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ હોય તો પણ તે જીવને સારો કેમ કહેવાય ?

'બધાં પુદ્ગલ ખરાબ નથી.' પુદ્ગલ પર, વિનાશી અને જડ હોવા છતાં કાંઇ બધાંય પુદ્ગલ ખરાબ નથી. જે પુદ્ગુલ સ્કંધો મોક્ષની સાધનામાં, પરમાત્મપદ પ્રાપ્તિમાં ઉપકરણરૂપ, આલંબનરૂપ અર્થાત્ સાધકને સાધ્યની પ્રાપ્તિના સાધનરૂપ બને છે તે પુદ્ગલો દર્શનીય અને પૂજનીય બની જાય છે. કેમકે તે મોક્ષ માર્ગે સહાયક-ઉપકારક છે. માટે જૈન દર્શન જ એક એવું દર્શન છે કે જે દર્શનમાં ઉજમણું કરવાની પ્રશંસનીય પ્રશસ્ત પ્રણાલિકા છે. એમાં સાધક-મોક્ષ માર્ગના યાત્રી એવાં ચતુર્વિધ સંઘને મોક્ષ પ્રાપ્તિની સાધના કરવા માટે પુદ્ગલદ્રવ્યને જે આકાર આપવામાં આવે છે તેને ઉપકરણ કહેવામાં આવે છે, જેનો કેવળ નિષ્પાપ સાધના માટે જ ઉપયોગ થઇ શકે છે, એવાં મોક્ષપ્રાપ્તિની સાધનામાં અનુકૂળ પુદ્ગલસ્કંધો-ઉપકરણો, જે ચતુર્વિધ સંઘના સાધ્યપ્રાપ્તિની સાધનાના સાધનો છે, તેની શોભા-સજાવટ કરવામાં આવે છે, તેના સહુ કોઇ સાધકો દર્શન વંદન કરે છે અને તે તે ઉપકરણો પ્રતિ પોતાની કૃતજ્ઞતા-ઉપકૃતતા વ્યક્ત કરે છે. એનું જ નામ ઉજમણું છે. મૂળ શબ્દ ઉદ્યાપન છે, જેનું અપભ્રંશ ઉજમણું થયું છે. સાધનાનું નજીકમાંનું સાધન છે તેથી તે ધર્મસાધનો ઉપકરણ કહેવાય છે. અથવા ઉપકાર કરનાર કરણ-સાધન છે તેથી ઉપકરણ છે. જીવનો ઉદ્યોત કરી, ઉર્ધ્વગામી બનાવી ઉદય પમાડનાર ધર્મોપકરણ છે તેની રચના કરી, તેના દર્શન કરી હાથ જોડીએ છીએ. ભગવાનનું સમોસરણ, ભગવાનની પ્રતિમા, ઓઘો ચરવળો, મુહપત્તી, આસનાદિ, શાસ્ત્રો એ બધાંય પુદ્ગુલનાં બનેલાં છે. દેહ-મન-કાયા પણ પુદ્ગલનાં બનેલાં છે જે વડે સાધના કરી સાધ્યથી અભેદ થવાય છે, મુક્ત થઇ પરમાત્મા બનાય છે.

અંતે કવિ બનારસીદાસના જીવસ્વરૂપ અને જીવ અજીવ વિષેના દોહા જોઇશું તો નિત્યત્વ અને પૂર્ણત્વની વિશેષ સ્પષ્ટતા થશે.

જીવસ્વરૂપ: ચેતનવંત અનંત ગુન, પરજે સકતિ અનંત,
અલખ અખંડિત સર્વગત, જીવ દરખ વિરતંત
x x x

જીવ લક્ષણ: સમતા-રમતા ઉરધતા, ગ્યાયક્તા સુખભાસ,
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ.
x x x

અજીવ લક્ષણ: તનતા મનતા વચનતા, જડતા જડ સમ્મેલ,
લઘુતા, ગુરૂતા ગમનતા, યે અજીવ કે ખેલ

-કવિ બનારસી દાસ

☐ સંકલન-સૂર્યવદન ઠાકોરદાસ ગાંધી.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37

● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૩ ● ● તા. ૧૬-૩-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પંડિત પનાલાલ જ. ગાંધી

'પ્રબુદ્ધ જીવન' નિયમિત જોઈ જનાર વાચક, પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધીના નામથી પરિચિત હશે જ. છેલ્લા સાત મહિનાથી 'કેવળજ્ઞાન-સ્વરૂપ ઐશ્વર્ય' નામની એમની લેખમાળા 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થાય છે. સામાન્ય રીતે 'પ્રબુદ્ધ જીવન'માં લેખમાળા છાપતા નથી, પરંતુ પંડિત પનાલાલ ગાંધી માટે આપણે યોગ્ય રીતે જ અપવાદ કર્યો. કેટલાયે તત્ત્વજિજ્ઞાસુઓ, વિશેષતઃ સાધુ-સાધ્વીઓ એમના લેખની આતુરતાપૂર્વક રાહ જુએ છે. 'પ્રબુદ્ધ જીવન' પોતાને ન મળતું હોય એવા કેટલાયે આ લેખમાળાવાળા અંકો મંગાવે છે. પંડિત પનાભાઇ પોતે લખવાની પ્રકૃતિવાળા નહિ, પણ એમના શિષ્યવર્ગોમાંના એક શ્રી સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરીએ પનાભાઈના સ્વાધ્યાયની નોંધના આધારે એને લેખિત સ્વરૂપ આપી, પનાભાઈ પાસે વંચાવી, મંજૂર કરાવીને પ્રકાશિત કરવા માટે આપણને આપ્યું છે. અગાઉ પણ એ રીતે એમણે પનાભાઇના લેખો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત કરાવ્યા હતા, જે 'ત્રિકાલિક આત્મવિજ્ઞાન'ના નામે ગ્રંથરૂપે પ્રકાશિત થયા હતા.

કેવળજ્ઞાન વિશેની લેખમાળા શરૂ થઇ ત્યારે પનાભાઈ સ્વસ્થ હતા. મુંબઈમાં હોય ત્યારે તેમની સાથે ફોન પર વાત થતી. વતન ધ્રાંગધ્રામાં તેઓ હોય તો ત્યાંથી તેમનો પત્ર આવતો. પણ લેખમાળા પૂરી થયેલી કે ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત થયેલી જોવા તેઓ આપણી વચ્ચે ન રહ્યા.

પંડિત પનાલાલ ગાંધીએ વિ. સં. ૨૦૫૪ના મહા સુદ ૭ ને બુધવાર તા. ૧૮-૨-૯૮ ના રોજ પોતાના વતન ધ્રાંગધ્રામાં ૭૭ વર્ષની ઉંમરે સમાધિપૂર્વક દેહ છોડ્યો. એમના જવાથી એક આત્મજ્ઞાની મહાત્મા આપણે ગુમાવ્યા છે. પોતાનો અંતકાળ આવી રહ્યો છે એ પનાભાઇ જાણતા હતા. એમને કેટલાક સમય પહેલાં પેટમાં કેન્સરની ગાંઠ થઇ હતી. મુંબઇમાં એમના એક ચાહક અને કેન્સરના નિષ્ણાત ડૉક્ટર શ્રી અશોકભાઇ મહેતા પાસે ઓપરેશન કરાવ્યું. તબિયત સારી થઇ. ધ્રાંગધ્રા ગયા. ત્યાર પછી ધ્રાંગધ્રાથી એમનો પત્ર મારા પર હતો. તેમાં લખ્યું હતું કે 'પહેલાં કરતાં આહાર સારી રીતે લઇ શકાય છે. હરાય-ફરાય છે.' પરંતુ થોડોક વખત સારું રહ્યું. કેન્સરે ફરી ઊથલો માર્યો. તે બહુ પ્રસરી ગયું. બીજા ઓપરેશનની હવે શક્યતા નહોતી. ડૉક્ટરોએ આગાહી કરી દીધી હતી કે હવે આ વધતા જતા કેન્સરમાં બે અઢી મહિનાથી વધુ સમય ખેંચી શકાય એવી શક્યતા નથી. પરંતુ એક મહિનામાં જ એમના જીવનનો અંત આવ્યો. પોતે અંત સમય સુધી પૂરી સ્વસ્થતા ધરાવતા રહ્યા હતા. તીવ્ર દર્દ થતું હશે પણ તે તરફ એમનો 'ઉપયોગ' રહ્યો નહિ. બોલવાનું ધીમું થઇ ગયું હતું. અવાજ નીકળતો નહોતો. અવસાનના થોડા દિવસ પહેલાં શંખેશ્વરની પૂનમ યાત્રાના એમના મિત્રો અને ચાહકો શંખેશ્વર જતી વખતે તેમને મળવા ધ્રાંગધ્રા ગયા હતા. એ બધાંની સાથે પનાભાઈએ ભાવથી વાત કરી હતી અને પોતાનો આધ્યાત્મિક શુભ સંદેશો નીચે પ્રમાણે લખીને વંચાવ્યો હતો:

સર્વ જીવ છે સિદ્ધ સમ,<br>
પણ સ્વરૂપ ભૂલી ભમ્યા કરે.<br>
સ્વરૂપ ભજના કરો નિરંતર<br>
વહાલા શ્રી વીતરાગ વદે.

કેન્સર વધતાં ધીમે ધીમે પનાભાઇની બધી ઇન્દ્રિયો શાંત પડતી ગઇ અને ૧૮મી ફેબ્રુઆરીએ સવારે ૬-૩૫ વાગે તેઓ અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા. આજીવન બાળબ્રહ્મચારી પંડિત પનાભાઈ દીક્ષિત થઇ સાધુ થઇ શક્યા નહોતા, પરંતુ એમની ઉચ્ચ આત્મદશાને લક્ષમાં રાખી ધ્રાંગધ્રાના લોકોએ એમની પાલખી કાઢી હતી અને ઉત્સવપૂર્વક એમના મૃતદેહના અંતિમ સંસ્કાર કર્યા હતા.

પનાભાઇ સાથે મારો પહેલવહેલો પરિચય ૧૯૬૭ના અરસામાં થયેલો. મુંબઇમાં ચોપાટીના ઉપાશ્રયે શ્રી ક્ષમાસાગરજી મહારાજનું ત્યારે ચાતુર્માસ હતું. અમે એજ મકાનમાં ઉપર રહેતા. તે વખતે એમને ભણાવવા માટે પનાભાઇ આવતા હતા. મહારાજશ્રીએ એમનો મને પરિચય કરાવેલો. પનાભાઈ પંડિત હતા, પણ એમને જોતાં તેઓ પંડિત છે એવું લાગે નહિ એટલી સાદાઇ અને એટલી સરળતા એમનામાં હતી. ચહેરા ઉપર પણ પાંડિત્યનો કે મોટાઇનો ડોળ નહિ. પનાભાઈ મહારાજશ્રીને જે રીતે સમજાવતા અને એમની શંકાઓનું સમાધાન કરતા તે પરથી લાગ્યું કે તેઓ શાસ્ત્રોના ઘણા સારા જાણકાર છે. વ્યાખ્યાન આપતા સાધુભગવંતને ભણાવનારની સજ્જતા કેટલી બધી હોવી જોઇએ એ સમજી શકાય એવું છે.

મહારાજશ્રીના ચાતુર્માસ પછી પનાભાઇનું આવવાનું બંધ થયું અને અમારું મળવાનું પણ ખાસ રહ્યું નહિ. રસ્તામાં મળીએ તો હાથ ઊંચો કરીએ એટલો જ પરિચય રહ્યો હતો. ત્યારપછી વર્ષો સુધી પરસ્પર મળવાનું ખાસ બન્યું નહિ. પરંતુ ક્યાંક પણ એમની વાત નીકળે તો એમને મળનાર ગૌરવભેર એમને યાદ કરે.

શ્રી પનાભાઈ ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રામાં વિ. સં. ૧૯૭૬ના મહાવદ ૪ ને તા. ૨૫-૧-૧૯૨૧ના રોજ થયો હતો. એમના પિતાનું નામ જગજીવનદાસ સોમચંદ ગાંધી અને માતાનું નામ પાર્વતીબહેન હતું. પિતાની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. એમના ત્રણ દીકરામાં વચલા તે પનાભાઇ હતા. પનાભાઈની

બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા ધ્રાંગધ્રામાં વીતી હતી. એમણે ધ્રાંગધ્રાની શાળામાં અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો (હાલના આઠમા ધોરણ સુધીનો) અભ્યાસ કર્યો હતો. એમનું શરીર સુદઢ હતું. વ્યાયામશાળામાં તેઓ નિયમિત વ્યાયામ કરતા. ધ્રાંગધ્રાની પાઠશાળામાં એમણે ધાર્મિક સૂત્રો વગેરેનો અભ્યાસ સારો કર્યો હતો. ધ્રાંગધ્રામાં આવતા સાધુ-સાધ્વીઓના ગાઢ સંપર્કમાં તેઓ આવતા. પ. પૂ. શ્રી કપૂરવિજયજી મહારાજનું ચાતુર્માસ ધ્રાંગધ્રામાં હતું ત્યારે પનાભાઇએ એમની સારી વૈયાવચ્ચ કરી હતી.

પનાભાઇના મોટાભાઈ બહારગામ જઇ, શાળા અને કોલેજમાં અભ્યાસ કરી દાક્તર થયા. પણ પનાભાઇને શાળા કોલેજના અભ્યાસમાં રસ ન પડ્યો. કુટુંબની નબળી આર્થિક સ્થિતિને કારણે યુવાવસ્થામાં પનાભાઈ આજીવિકા માટે મુંબઇ આવ્યા. ચાંદી બજાર અને બીજાં બજારોમાં વ્યવસાય કર્યો પણ ખાસ ફાવ્યા નહિ. તેવી પ્રકૃતિ પણ નહિ. તે દરમિયાન તેઓ પ. પૂ. શ્રી લબ્ધિસૂરિ મહારાજ અને પ. પૂ. શ્રી પ્રેમસૂરિ મહારાજના ગાઢ સંપર્કમાં આવ્યા હતા. બંનેના તેઓ કૃપાપાત્ર બન્યા હતા. બંને પાસેથી એમણે સારું શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારપછી તેઓ પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજીને મળ્યા હતા. એમને તેઓ પોતાના ગુરુ તરીકે માનતા અને એમની પાસેથી માર્ગદર્શન મેળવતા.

પનાભાઇને ધાર્મિક વિષયમાં રસ હતો. એમની સજ્જતા વધતી જતી હતી. એટલે એમણે વ્યવસાય તરીકે ધાર્મિક વિષય ભણાવવાનું ચાલુ કર્યું. જુદાં જુદાં ઘરોમાં એમને એ પ્રકારનું કામ મળી રહેતું. પોતે એકલા હતા એટલે બહુ મોટી આવકની જરૂર પણ નહોતી. મુંબઇમાં ગોળદેવળ પાસે એક ચાલીની ઓરડીમાં તેઓ રહેતા અને અલગારી જીવન જીવતા.

પનાભાઇ આજીવન બાળબ્રહ્મચારી હતા. એમની યોગસાધના ઘણી ઊંચી કોટિની હતી. પદ્માસનમાં તેઓ ઘણા કલાક સુધી બેસી શકતા. એમણે ઉપધાન તપ કર્યાં હતાં. દસ વર્ષ સુધી એમણે એકાસણાં કર્યાં હતાં. પર્યુષણમાં તેઓ ચોસઠ પહોરી પૌષધ કરતા. એમણે અર્હમ્ પદનો સળંગ જાપ સુદીર્ઘ કાળ સુધી કર્યો હતો. એથી એમની ચેતના શક્તિ કુંડલિની જાગ્રત થઈ હતી. એમના અત્યંત નિકટના પરિચયમાં આવનારને આ કોઈ બ્રહ્મજ્ઞાની મહાત્મા છે એવો ભાસ થયા વગર રહે નહિ. એકાસણાની તપશ્ચર્યા પછી પણ જીવનના અંત સુધી તેઓ પ્રાયઃ સવારે એક જ સમય આહાર લેતા અને સાંજે એક ગ્લાસ દૂધ લેતા. આયંબિલ કરવાની શક્તિ રહી ત્યાં સુધી દર મહિને એક આયંબિલ કરતા.

પનાભાઇને પૂર્વના કોઇ અસાધારણ ક્ષયોપશમને કારણે અંદરનો ઉઘાડ ઘણો મોટો હતો. એને લીધે સ્વરૂપજ્ઞાન કે આત્મતત્ત્વ વિશે, ગુણસ્થાનક વિશે કે પંચાસ્તિકાય કે ષડ્દ્રવ્ય વિશે તેઓ બોલવાનું ચાલુ કરે ત્યારે પ્રવાહ વહેવા લાગે. એમનું સમ્યગ્દર્શન વિશુદ્ધ હતું. પદાર્થોને જુદા જુદા નયથી ઘટાવવામાં એમની મૌલિક શક્તિ દેખાઇ આવતી. ઊંડા સ્વરૂપચિંતન વગર આવું બને નહિ.

દ્રવ્યાનુયોગ વિશે વર્ષોથી ચિંતનમનન કરતા રહેવાને કારણે પનાભાઇને એક એક મુદ્દા વિશે વિસ્તારથી સમજાવવાનું રહેતું. પરિણામે સમય જતાં એમની સ્વાધ્યાયશૈલી એવી થઈ ગયેલી કે એક મુદ્દાની વાત કરતાં કરતાં બીજા ત્રીજા મુદ્દા ઉપર ક્યાંના ક્યાં તેઓ નીકળી જતા. ગહન વિષયને સરળ ભાષામાં, ઘરગથ્થુ દૃષ્ટાન્તો દ્વારા રસિક રીતે તર્કબદ્ધતાથી સમજાવવાની એમની પાસે વિશિષ્ટ શક્તિ હતી. પોતાનો વિષય ઘણો ગહન છે અને પોતાને જેટલી સ્પષ્ટતાથી સમજાય છે એટલું બીજા બધાંને કદાચ તરત ન સમજાય એ તેઓ જાણતા હતા. એથી જ જ્યારે તેઓ સ્વાધ્યાય કરાવતા હોય તે દરમિયાન જ્યાં જ્યાં કઠિન વાત આવે ત્યાં તેઓ બોલતા, 'શું કીધું ? ફરીથી કહું છું.' અથવા ફક્ત 'ફરીથી' એમ કહીને તેઓ વિચારને બરાબર સ્પષ્ટતાથી બીજીત્રીજી વાર રજૂ કરતા.

દ્રવ્યાનુયોગ (દ્રવ્ય, ગુણ, પર્યાય) એમનો વિષય હતો અને એમાં જ એમને રસ હતો. એટલે જૈન ઇતિહાસની, જૈન સાહિત્યની કે શિલ્પની વાત કરીએ તો તેઓ નિખાલસપણે કહેતા કે એમાં પોતાની એ વિષે અધિકૃત જાણકારી નથી. એનો અભ્યાસ કરવામાં પોતાને રસ ઓછો પડે છે કારણ કે એ વિષયો ત્રૈકાલિક નથી.

ઇ. સં. ૧૯૮૨માં જૈન યુવક સંઘનું પ્રમુખપદ મારે સ્વીકારવાનું આવ્યું ત્યારે સંઘની વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ કરવાનાં સૂચનોમાંનું એક સૂચન સંઘના ઉપક્રમે આધ્યાત્મિક વિષયના વર્ગો ચાલુ કરવાનું હતું. મારા મિત્ર શ્રી પ્રવીણભાઇ મંગળદાસે એ માટે પંડિત પનાભાઇનું નામ સૂચવ્યું, કારણ કે એમના જમાઇ શ્રી સૂર્યવદન ઝવેરી પનાભાઇના ઘરે ચાલતા સ્વાધ્યાય વર્ગમાં નિયમિત જતા હતા. એક દિવસ હું પનાભાઇને ઘરે પહોંચ્યો. મારો પરિચય આપ્યો અને ચોપાટીના ઉપાશ્રયે મળેલા એ જૂની સ્મૃતિ તાજી કરાવી. મારાં પત્ની તારાબહેન ધ્રાંગધ્રાના વતની છે અને ત્યાં સકળશા શેરીમાં એમનું પિયર છે એ જાણીને એમને આનંદ થયો. એમણે બહુ સરળતાથી અમારું નિમંત્રણ સ્વીકાર્યું અને સંઘના કાર્યાલયમાં આધ્યાત્મિક વિષયના સ્વાધ્યાય વર્ગો ચાલુ થયા. ત્રણેક મહિના દર ગુરુવારે બપોરે એમણે આ રીતે સેવા આપી હતી.

પનાભાઇ ગોળદેવળથી શ્રીપાળનગર રહેવા આવ્યા. ત્યાં તેઓ પોતાના ઘરે સવારે કે બપોરે નિયમિત નિઃશુલ્ક સ્વાધ્યાય ઘણાં વર્ષ સુધી કરાવતા રહ્યા હતા. મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ પણ એમના સ્વાધ્યાયમાં આવીને બેસતાં. કેટલાયની શંકાઓનું સમાધાન તરત તેઓ કરી આપતા. પોતાને કંઇક પૂછવું હોય તો તેઓ પનાભાઈ પાસે પહોંચી જતાં. હું પણ કોઇ કોઇ વખત એ રીતે જતો, પરંતુ વિશેષ તો રાત્રે નવ-દસ વાગે અઠવાડિયામાં એક-બે વખત જતો કે જ્યારે એમની સાથે નિરાંતે એકલા બેસી શકાય.

પનાભાઈ સાથે પછીથી એટલી આત્મીયતા થઇ હતી કે તેઓ અમારી સાથે જૈન સાહિત્ય સમારોહમાં પણ આવવા લાગ્યા હતા. પાલનપુર, પાલીતાણા, બોંતેર જિનાલય (કચ્છ), ચારૂપ વગેરે સ્થળે તેઓ આવ્યા હતા અને એમની જ્ઞાનગોષ્ઠીનો લાભ સૌને મળ્યો હતો. તેઓ કોઇ નિબંધ લખીને લાવતા નહિ, પરંતુ મૌખિક વક્તવ્ય આપતા. એમના વક્તવ્ય માટે અમે ખાસ જુદી બેઠક રાખતા. ૧૯૮૬માં પાલનપુરમાં તેઓ વિભાગીય બેઠકના અધ્યક્ષ હતા. ચારૂપની બેઠકમાં પ. પૂ. શ્રી જંબુવિજયજી મહારાજે એમને સાંભળ્યા પછી પનાભાઇને ફરીથી સાંભળવા માટે પોતાની ઇચ્છા દર્શાવી હતી અને એ પ્રમાણે પાછળથી ફરીથી ચારૂપ જઇને એ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

પાલીતાણામાં એમના વક્તવ્ય વખતે સાધુ-સાધ્વીનો વિશાલ સમુદાય એમને સાંભળવા માટે એકત્ર થયો હતો. કચ્છમાં એમને માટે અલગ બેઠક રાખવામાં આવી હતી. ત્યાં પણ સાધુ-સાધ્વીઓએ એમને ફરીથી કચ્છમાં બોલાવવા માટે જાહેરમાં માગણી કરી હતી.

પનાભાઇ ઘરમાં એકલા રહેતા, પણ આખો દિવસ સતત કોઇ ને કોઇ એમને મળવા આવ્યું હોય. આવે એટલે જ્ઞાનગોષ્ઠી ચાલુ થાય. વર્ષોના અનુભવને લીધે તત્ત્વજિજ્ઞાસુ માણસને પારખવાની એમનામાં શક્તિ હતી. માત્ર દલીલબાજી કરવા આવેલા માણસની ખબર પડે કે તરત તેઓ મૌન થઇ જઇ પછી બીજા વિષયની વાત કરતા. જ્યારે કોઇપણ ન હોય ત્યારે તેઓ પોતાના આત્મ સ્વરૂપમાં મસ્ત બનતા. રોજ અમુક નિશ્ચિત કરેલો મંત્રજાપ અચૂક કરી જતા. તેઓ પાર્શ્વનાથ અને પદ્માવતી માતાનો જાપ કરતા. તેવી રીતે

માણિભદ્રવીરનો જાપ કરતા. રોજ સવારે સ્નાન વગેરેથી પરવારીને જિનપૂજા કરવા જતા. એમનો રોજનો ક્રમ બરાબર ગોઠવાઇ જતો.

પનાભાઇ લગભગ પાંચ દાયકા જેટલાં વર્ષો મુંબઇમાં એકલાં રહ્યા, પણ હાથે રસોઇ કરી નહોતી કે લોજ-વીશીમાં જમવાનું બંધાવ્યું નહોતું વસ્તુતઃ ભોજન માટેનાં નિમંત્રણોને તેઓ પહોંચી શકતા નહિ. કોઇક ને કોઇક ઘરે એમનું જમવાનું ગોઠવાઇ જ ગયું હોય. એ બતાવે છે કે એમનો શિષ્યવર્ગ અને ચાહક વર્ગ કેટલો બધો વિશાળ અને ભાવવાળો હતો. એમની સુવાસ કેટલી બધી પ્રસરેલી હતી. ખંભાતના કેટલાક શ્રેષ્ઠીઓ સાથે એમને ઘર જેવો સંબંધ થઇ ગયો હતો. બંસીભાઇ, ભાણાભાઇ, ગિરીશભાઇ, ડૉ. અશોકભાઇ વગેરે કેટલાયે મિત્રો એમને પોતાને ઘરે રહેવા બોલાવતા. કેટલાક પ્રવાસમાં કે તીર્થયાત્રામાં એમને સાથે લઇ જતા.

અમારી વિનંતીને માન આપી પનાભાઇ એક અઠવાડિયું અમારે ઘરે પણ રહેવા આવ્યા હતા. એ અઠવાડિયા દરમિયાન એમના સતત સહવાસનો અમને લાભ મળ્યો. એ સમયમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' તેઓ અમને સમજાવતા હતા. અલબત્ત, આખો રાસ પૂરો ન થયો, તો પણ એમની પાસેથી તત્ત્વની ઘણી સારી સમજણ સાંપડી હતી.

છેલ્લાં કેટલાંયે વર્ષથી પનાભાઇ પૂનમની શંખેશ્વરની યાત્રા કરતા. મુંબઇમાં કેટલાંયે મંડળો છે જે પૂનમની, બેસતા મહિનાની કે પૂનમ પછીના કે અમાસ પછીના રવિવારની શંખેશ્વર, મહુડી કે પાલીતાણાની યાત્રાએ નીકળે છે. પૂનમની શંખેશ્વર તીર્થની યાત્રા કરનાર આવા એક મંડળમાં પનાભાઇ જોડાઇ ગયા હતા. બે દિવસના ત્યાંના રોકાણમાં તેઓ પૂજા કરે અને જેઓને રસ હોય તેઓને સ્વાધ્યાય કરાવે. આમ વર્ષો સુધી એમણે પૂનમે શંખેશ્વરની યાત્રા કરી હતી.

એકવાર પનાભાઇ સાથે હું શંખેશ્વરની પૂનમની યાત્રાએ ગયો હતો. એ વખતે પ. પૂ. શ્રી કલાપૂર્ણસૂરિ શંખેશ્વરમાં બિરાજમાન હતા. અમે એમને વંદન કરવા ગયા. પનાભાઇ સાથે દોઢ બે કલાક જ્ઞાનગોષ્ઠી ચાલી. તે વખતે જણાયું હતું કે પ. પૂ. કલાપૂર્ણસૂરિને પનાભાઇ માટે અત્યંત આદર છે. તેઓ જ્યાં ચાતુર્માસ હોય અને અનુકૂળતા હોય તો પોતાના શિષ્ય-શિષ્યાના પરિવાર માટે બાર-પંદર દિવસ કે મહિનો સ્વાધ્યાય કરાવવા માટે પનાભાઇને બોલાવતા.

પનાભાઇ તંત્રવિદ્યાના, જ્યોતિષશાસ્ત્રના અને નિમિત્તશાસ્ત્રના પણ સારા જાણકાર હતા. અલબત્ત, આ શાસ્ત્રોને તેઓ લોક-વ્યવહારની દૃષ્ટિએ જ મહત્ત્વ આપતા. આત્મજ્ઞાનની દૃષ્ટિએ આ શાસ્ત્રોનું બહુ મૂલ્ય નથી એમ તેઓ જાણતા અને સમજાવતા. દુઃખથી બહુ જ મૂંઝાયેલા જીવો હોય અને એમને આવું કંઇક આલંબન લેવું જ હોય તો તે અંગે તેઓ માર્ગદર્શન આપતા. દક્ષિણાવર્ત શંખ અને રુદ્રાક્ષ વિશેની એમની જાણકારી આશ્ચર્ય પમાડે તેવી હતી. પોતે પાસે શંખ રાખતા અને રુદ્રાક્ષની માળા ગળામાં પહેરતા. કોઇને જોઇએ તો મંગાવી આપતા. વિવિધ પ્રકારનાં રત્નો વિશેની પણ એમને ઠીક ઠીક માહિતી હતી. પ્લાસ્ટિકની કે સામાન્ય પથ્થરની નવકારવાળી કરતાં રુદ્રાક્ષની નવકારવાળી ગણવાથી સ્પર્શમાં જે ફરક પડે છે તેથી જપ-ધ્યાનમાં કેટલો વિશેષ લાભ થાય છે તે તેઓ કહેતા. રુદ્રાક્ષના સ્પર્શથી આરોગ્ય પણ સારું રહે છે એ વિશે ગ્રંથોમાંથી વંચાવતા. હિંદુ સંન્યાસીઓ હજારો વર્ષથી રુદ્રાક્ષની માળા પહેરતા આવ્યા છે. જૈન સાધુ-સાધ્વીઓ પંચમહાવ્રતધારી હોય છે એટલે એમને રુદ્રાક્ષની કે બીજી કશાની માળા ન ખપે. પણ ગૃહસ્થ માટે રુદ્રાક્ષનો સ્પષ્ટ નિષેધ શાસ્ત્ર ગ્રંથોમાં કરવામાં આવ્યો હોય એવું ક્યાંય વાંચવામાં આવ્યું નથી. પનાભાઇએ રુદ્રાક્ષની એક નવકારવાળી અમને પણ આપી હતી જે એમની સ્મૃતિ રૂપે અમે સાચવી રાખી છે અને નિયમિત ગણીએ છીએ.

પનાભાઇ સાથેની મૈત્રીને લીધે એક મોટો લાભ એ થયો કે એમના સ્વાધ્યાયની એમના શિષ્યોએ લીધેલી નોંધો અથવા ઉતારેલી કેસેટો પરથી વ્યવસ્થિત લેખો તૈયાર કરાવવાનું મારું નિમંત્રણ એમણે સ્વીકાર્યું. તેઓ કહેતા કે લખવાનું એમને ફાવે એવું નથી, કારણ કે એ પ્રકારની શક્તિ પોતે ખીલવી નથી. વસ્તુતઃ એ દિશામાં એમનું લક્ષ્ય જ ગયું નથી. પરંતુ મારી વિનંતીથી એમણે એ કાર્ય શ્રી સૂર્યવદનભાઈ ઝવેરીને સોંપ્યું. નોંધોને આધારે લેખો તૈયાર થયા. અને એ બધા લેખો 'પ્રબુદ્ધ જીવન'માં છપાયા અને 'ત્રિકાલિક આત્મવિજ્ઞાન' એ નામથી ગ્રંથરૂપે પ્રકાશિત થયા. નવકાર મંત્ર વિશેનો એમનો મૌલિક ચિંતનાત્મક સુદીર્ઘ લેખ 'સ્વરૂપમંત્ર' ના નામથી સ્વતંત્ર પુસ્તિકા રૂપે પ્રગટ થયો છે. લેખો માટે પનાભાઇને 'પ્રબુદ્ધ જીવન' તરફથી ધીરજલાલ ધનજીભાઈ પારિતોષિક બે વાર મળ્યું હતું, પણ દરેક વખતે એમણે એ રકમમાં પોતાના તરફથી એટલો જ ઉમેરો કરી તે 'પ્રબુદ્ધ જીવન'ને પાછી ભેટ તરીકે આપી હતી.

આ રીતે પનાભાઇએ જૈન દર્શનના સિદ્ધાન્તો વિશે જીવનભર જે મનન ચિંતન કર્યું અને જે સ્વાધ્યાય કરાવ્યો એ લેખિત સ્વરૂપે પ્રાપ્ત થયો એ એમને માટે તથા તત્ત્વજિજ્ઞાસા ધરાવનાર સૌ કોઇ માટે આનંદનો વિષય રહ્યો છે.

પનાભાઇનો અન્ય દર્શનોનો અભ્યાસ પણ સારો હતો. એટલું જ નહિ, અન્ય દર્શનના સિદ્ધાન્તોને જૈન દર્શનની દૃષ્ટિએ ઘટાવવાની એમનામાં આગવી મૌલિક સૂઝ હતી. હિંદુ સાધુ-સંન્યાસીઓ સાથે પણ તેમને ગાઢ સંબંધ હતો. એમનામાં મિથ્યા મતાગ્રહ નહોતો. એથી જ સ્વામી મધુસૂદનજી, સ્વામી માધવતીર્થ, સ્વામી શરણાનંદજી વગેરેના ગાઢ સંપર્કમાં તેઓ રહેતા હતા. જ્યારે તેઓ તેમને મળે ત્યારે તેઓ પનાભાઇને બહુ આદર-બહુમાનપૂર્વક બોલાવતા.

પનાભાઇ એક વખત સ્વામી માધવતીર્થને મળેલા ત્યારે એમણે સ્વામીજીને કહેલું કે 'તમે તમારા પુસ્તકમાં જૈન દર્શનના સાપેક્ષવાદને અને આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદ (Theory of Relativity)ને એક ગણ્યાં છે, પરંતુ બંને વચ્ચે મહત્ત્વનો ફરક છે. આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદમાં અપૂર્ણતાની અપૂર્ણતા સાથેની સાપેક્ષની વાત છે, પરંતુ જૈન દર્શન પૂર્ણને કેન્દ્રમાં રાખી અપૂર્ણતા સાથેની સાપેક્ષતા સમજાવે છે. સ્વામીજીને પનાભાઇની એ વાતમાં ઘણો રસ પડ્યો હતો અને પોતાની વિચારણામાં રહેલી ક્ષતિ સ્વીકારી હતી.

પનાભાઇની બે બહેનોએ દીક્ષા લીધી હતી. પરંતુ પનાભાઇ દીક્ષા નહોતા લઇ શક્યા. અંગત પરિમિતતાને કારણે દીક્ષા લેવાના એટલા તીવ્ર ભાવ પણ નહોતા. બીજી બાજુ પોતાના વ્યવહારુ ગૃહસ્થજીવનની મર્યાદાઓ માટે તથા ક્યારેક આગ્રહી બની જતા પોતાના સ્વભાવ માટે તેઓ સભાન હતા. ખાસ તો નાની ઉંમરમાં પડેલી પાન ખાવાની ટેવ છૂટતી નહોતી. પાન, કાથો, ચૂનો ને સોપારી તેઓ સાથે રાખતા. હાથે પાન બનાવતા. એમના કેટલાક ચાહકોને પનાભાઇના હાથે બનેલું પાન ખાવાનું ગમતું. હું પણ મળવા ગયો હોઉં અને મને પાન ખાવાનું કહે તો હાથે ન બનાવતાં હું કહેતો કે 'તમે બનાવી આપો તો ખાઉં. પાન ખાવાની મને ટેવ નથી, તેમ એની બાધા પણ હમણાં નથી. પણ, તમારા હાથનું પાન ખાવામાં જુદો જ આનંદ છે.'

પનાભાઇએ મુંબઇમાં શ્રીપાળ નગરમાં આવેલો પોતાનો ફ્લેટ વેચવાનો વિચાર કર્યો. એક વખત એમણે મને કહ્યું કે મારાં વર્ષો હવે પૂરાં થવામાં છે. અચાનક કંઇ મને થઇ જાય તો ફ્લેટ કોના હાથમાં જાય અને તેનું શું થાય તે કંઇ કહેવાય નહિ. કારણ કે મારે આગળ પાછળ કોઇ છે નહિ. એટલે આ ફ્લેટ વેળાસર વેચી કાયમ માટે ધ્રાંગધ્રા રહેવા જવું છે. ફ્લેટની રકમમાંથી ધ્રાંગધ્રામાં ભાઇનું

ઘર સરખું કરાવી લેવું છે અને તેમની સાથે રહેવું છે. તદુપરાંત બંને સાધ્વી બહેનો હવે વયોવૃદ્ધ થયાં છે અને એમનાથી વિહાર થતો નથી. એટલે એમને સ્થિરવાસ માટે અમદાવાદમાં જગ્યા લઇ આપવી છે અને મુંબઇમાં બોરીવલી કે વિરારમાં નાનો ફ્લેટ રાખવો છે કે જેથી પોતાને મુંબઇ આવીને રહેવું હોય તો રહી શકાય. આ રીતે પનાભાઇએ શ્રીપાળ નગરનું ઘર છોડ્યું, પણ મહિનામાં અડધા દિવસ ધ્રાંગધ્રામાં અને અડધા દિવસ મુંબઇમાં રહેવાનું થયું. તેઓ મુંબઇ આવે ત્યારે દસ પંદર દિવસ રહે અને શંખેશ્વરની પૂનમની જાત્રા કરનારા મંડળમાં જોડાઇ, શંખેશ્વરની યાત્રા કરી ત્યાંથી સીધા ધ્રાંગધ્રા ચાલ્યા જતા. મુંબઇમાં તેઓ પોતાના ઘરે ઊતરતા, પણ ઘણુંખરું કોઇક ને કોઇક ચાહક ભાઇ-બહેનને ત્યાં રહેતા. એમનો ચાહક વર્ગ વિશાળ હતો અને પોતાને ત્યાં રહેવા માટે આગ્રહ થતો.

પનાભાઇ ધ્રાંગધ્રા રહેવા ગયા એનો એક વિશિષ્ટ લાભ એ થયો કે મુંબઇ કરતાં ત્યાં એમને નિરાંત વધુ મળતી. અવરજવર ઓછી રહેતી. એથી તેઓ ધ્યાનમાં બેસી આત્મચિંતન કરતા. એમણે છેલ્લે છેલ્લે ફક્ત કેવળજ્ઞાનના વિષય પર જ મનનચિંતન કર્યું. શ્રી સૂર્યવદનભાઈએ એમની પાસે જઇને આ બધું એમનું ચિંતન શબ્દસ્થ કરી લીધું.

આ રીતે પનાભાઇના અંતિમ દિવસો એમની ઈચ્છાનુસાર આત્મસ્વરૂપમાં લીન થવામાં અને કેવળજ્ઞાન વિશે મનન ચિંતનમાં પસાર થયા.

પંડિત પનાલાલ જ. ગાંધીના સ્વર્ગવાસથી આપણે એક આત્મજ્ઞાની-તત્ત્વજ્ઞાની મહાત્મા ગુમાવ્યા છે. એમના આત્માની સદ્‌ગતિ જ છે અને એ માટે જ આપણી પ્રાર્થના છે !

☐ રમણલાલ ચી. શાહ

# જૈનદર્શન અને સાંખ્ય-યોગમાં જ્ઞાન-દર્શનવિચારણા

☐ ડૉ. કાન્તિભાઇ બી. શાહ

આપણાં ભારતીય દર્શનોમાં ખાસ કરીને જૈનદર્શન, બૌદ્ધદર્શન અને સાંખ્ય-યોગદર્શન પરત્વે ભારતીય દાર્શનિકોનું ચિંતન બહુમૂલ્ય રહ્યું છે. આ ત્રણે દર્શનોમાં જ્ઞાન અને દર્શનની વિભાવનાની ઊંડી અને સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ ત્રણ દર્શનોમાંથી વિશેષતઃ જૈનદર્શન અને સાંખ્ય-યોગમાં જ્ઞાન અને દર્શન પરત્વેની વિભાવનાનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરતો એક વિચારપ્રેરક સંશોધનગ્રંથ 'જૈન દર્શન અને સાંખ્ય-યોગમાં જ્ઞાન-દર્શન વિચારણા' ડૉ. જાગૃતિબહેન શેઠે પ્રગટ કરીને દાર્શનિક સાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

જૈનદર્શન અને સાંખ્યયોગ – આ બે દર્શનો ઉપરાંત બૌદ્ધદર્શન, ઉપનિષદો, ગીતા અને ન્યાય-વૈશેષિક દર્શનમાં જ્ઞાન અને દર્શન વિશે જે કાંઇ કહેવાયું છે એનું પણ નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ, જૈનદર્શન ઉપરાંતના અન્ય ભારતીય દર્શનોમાં જ્ઞાન અને બોધરૂપ દર્શનનો જો સ્વીકાર હોય તો એનાથી એમને શું અભિપ્રેત છે એ દર્શાવવાનો તેમજ આ વિષયમાં અન્ય મતોની-ખાસ કરીને સાંખ્ય-યોગની વિચારણાના તુલનાત્મક અધ્યયનનો રહ્યો છે. જ્ઞાન-દર્શન અંગેનાં આ બે મંતવ્યોની તુલના સૌ પ્રથમવાર જ આ સંશોધનગ્રંથમાં કરવામાં આવી છે; તેમજ જૈનદર્શનનાં જ્ઞાન-દર્શનને સમજવામાં સાંખ્ય-યોગસંમત જ્ઞાન-દર્શનનું અધ્યયન ઉપયોગી નીવડ્યું છે એનો નિર્દેશ લેખિકાએ જ પ્રસ્તાવનામાં કર્યો છે.

લેખિકાએ પહેલા પ્રકરણમાં ભૂમિકા રૂપે ઉપનિષદ અને ગીતામાં જ્ઞાન અને દર્શન અંગે જે નિરૂપણો થયાં છે તેમનો સંક્ષિપ્ત પરિચય કરાવી બીજા પ્રકરણમાં એમનો મુખ્ય અભ્યાસ – જૈનદર્શન અને સાંખ્ય-યોગ અનુસાર જ્ઞાન અને દર્શન અંગેની વિશદ રજૂઆત કરી છે.

જૈન મત અનુસાર જ્ઞાન અને દર્શન બન્નેનો ધારક આત્મા છે. જૈન મત આત્માના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરે છે, એટલું જ નહીં, જૈન પરંપરા આત્માને એક સ્વતંત્ર દ્રવ્ય માને છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય આત્મદ્રવ્યના ગુણો છે અને ક્રમભાવી પરિવર્તનો યા વિકારો એના પર્યાયો છે. આત્માના કર્મ સાથેના સંયોગથી આત્મદ્રવ્યપર્યાયો ઉત્પન્ન થાય છે, જેવા કે મનુષ્યગતિ, તિર્યંચગતિ, નારકગતિ અને દેવગતિ, આત્માના આ વિભાવ દ્રવ્યપર્યાયો છે. આત્મા સ્વભાવે અમૂર્ત છે, સુખદુઃખનો કર્તા છે, સ્વદેહપરિમાણ (જે શરીરને ધારણ કરે તે શરીરના જેવડો રહે) છે, ભોક્તા છે, પ્રતિશરીર ભિન્ન (આત્મબહુત્વ) છે અને સ્વાભાવિક ઊર્ધ્વગતિ કરનાર છે.

સાંખ્યયોગમાં જ્ઞાન અને દર્શન બંનેનું ધારક એક તત્ત્વ નથી. અહીં જૈનદર્શનથી સાંખ્ય-યોગ અલગ પડે છે. સાંખ્ય-યોગ અનુસાર દર્શનનો ધારક પુરુષ (આત્મા) છે અને જ્ઞાનનું ધારક ચિત્ત છે. સાંખ્ય-યોગ પુરુષ (આત્મા)નું સ્વતંત્ર અસ્તિત્વ માને છે. પણ આ એક બાબતને બાદ કરતાં અન્યથા આત્માની બાબતમાં જૈન મત અને સાંખ્ય-યોગમાં સમાનતા જણાતી નથી.

જૈન મતે આત્માના સ્વરૂપ તરીકે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય સ્વીકારાયાં છે, જ્યારે સાંખ્ય-યોગમાં આત્માના સ્વરૂપ તરીકે કેવળ દર્શન સ્વીકારાયું છે. જૈન મતે આત્મા પરિણામનિત્ય છે, સાંખ્ય- યોગમાન્ય આત્મા કૂટસ્થનિત્ય છે. જૈન મતે આત્મા કર્તા અને ભોક્તા છે, સાંખ્ય-યોગસંમત આત્મા અકર્તા અને અભોક્તા છે. જૈન પરંપરામાં આત્મા સ્વદેહપરિમાણ છે, જ્યારે 'સાંખ્ય-યોગસંમત' આત્મા વિભુ અર્થાત્ સર્વગત છે. જૈન પરંપરામાં આત્મા ગતિ કરે છે, સાંખ્ય-યોગમાં આત્મા ગતિ કરતો નથી. પણ સાંખ્ય-યોગમાં ચિત્તના સ્વરૂપ તરીકે દર્શન સિવાય બાકીનાં ત્રણેય - જ્ઞાન, ચારિત્ર, વીર્ય સ્વીકારાયાં છે. જૈન આત્માની જેમ સાંખ્ય-યોગસંમત ચિત્તમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ છે. જૈન આત્માની જેમ સાંખ્ય-યોગમાં ચિત્ત પ્રતિશરીર ભિન્ન છે.

આ રીતે સાંખ્ય-યોગસંમત ચિત્ત અને જૈનસંમત આત્મા વચ્ચેનું અત્યંત સામ્ય એ સૂચવે છે કે જૈનસંમત આત્મા એ ચિત્ત જ છે. જૈન મત ચિત્તને જ 'આત્મા' નામ આપે છે. સાંખ્ય-યોગ ચિત્તથી પર એવા આત્મા યા પુરુષતત્ત્વને સ્વીકારે છે તેમ જૈનો ચિત્તથી પર આત્મા યા પુરુષતત્ત્વને સ્વીકારતા નથી; કેમકે જૈન મત અનુસાર ચિત્તને જ જ્ઞાન અને દર્શન બન્ને છે.

ત્રીજા પ્રકરણમાં, લેખિકાએ બન્ને દર્શનો અનુસાર જ્ઞાન અને બોધ રૂપ દર્શનની વિચારણા વિસ્તારથી કરી છે. જૈનોના આચારાંગસૂત્રમાં નિર્દિષ્ટ દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાન (दिट्ठं सुतं मयं विण्णायं) અને બૃહદારણ્યક ઉપનિષદમાં નિર્દિષ્ટ દર્શન,

શ્રવણ, મનન અને નિદિધ્યાસન (आत्मा वा अरे दृष्टव्यः श्रोतव्यः मन्तव्यः निदिध्यासितव्यः) ની તુલના કરવામાં આવી છે. એમાં આચારાંગ- સૂત્રગત વિજ્ઞાનને બૃ-ઉપનિષદગત નિદિધ્યાસન સાથે એકાર્થ ગણ્યું છે.

પ્રથમ દર્શન એટલે શ્રદ્ધા. શ્રદ્ધાથી પ્રેરાઇને ગુરુ પાસે જે ઉપદેશ સાંભળે તે શ્રવણ-શ્રુત. પછી તેના ઉપર મનન-મતિ. મનન કર્યા પછી સ્થિર થયેલા સત્ય ઉપર ધ્યાન દ્વારા તે સત્યનો સાક્ષાત્કાર કરવો એ જ વિજ્ઞાન કે નિદિધ્યાસન. પણ લેખિકાને મતે આ વસ્તુ ઉત્તરકાળે ભુલાઇ ગઇ લાગે છે અને પરિણામે શ્રુત પછી આવતા મતિનો ક્રમ ઉલટાવી દેવામાં આવ્યો છે; તેમજ વિજ્ઞાનને સ્થાને અવધિ, મનઃપર્યાય (મનઃપર્યવ) અને કેવળજ્ઞાનનું ત્રિતય ઉત્તર-કાલીનોએ મૂકી દેતાં બધાં મળીને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન એ પાંચ પ્રકારોની ચર્ચા થઇ છે. તત્ત્વાર્થસૂત્રકાર મતિજ્ઞાનમાં ઇન્દ્રિયપ્રત્યક્ષ, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા અને ચિંતાનો સમાવેશ કરે છે. શ્રુતજ્ઞાન, મતિજ્ઞાનપૂર્વક છે અર્થાત્ મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું કારણ છે, પણ તે ઉપાદાનરૂપ નહીં, નિમિત્તરૂપ સમજવાનું છે. ઇન્દ્રિય અને મનની સહાય વિના આત્માને રૂપી પદાર્થોનું સાક્ષાત્ જ્ઞાન તે અવધિજ્ઞાન. ઇન્દ્રિય અને મનની સહાય વિના બીજાના મનના પર્યાયોને સાક્ષાત્ જાણતું જ્ઞાન મનઃપર્યાય. જ્યારે જીવ સંપૂર્ણ વીતરાગ બનતાં - કષાયોથી સંપૂર્ણ મુક્ત બનતાં, જ્ઞાન ઉપરનાં સર્વ આવરણોનો ક્ષય થતાં જે પૂર્ણજ્ઞાન પ્રગટે તે કેવળજ્ઞાન. આ જ્ઞાન સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણે છે. આમ કેવળજ્ઞાન એ સર્વજ્ઞતા છે.

જૈન મત અનુસાર જેમ જ્ઞાન પાંચ પ્રકારનાં, તેમ દર્શન ચાર પ્રકારનાં છે. ૧. ચાક્ષુષમતિજ્ઞાન પૂર્વેનું જે ચાક્ષુષ દર્શન તેને ચક્ષુદર્શન કહે છે. ૨. બાકીનાં મતિદર્શનોને અચાક્ષુષ દર્શન કહે છે. ૩. અવધિજ્ઞાન પૂર્વે થતો સામાન્ય બોધ અવધિદર્શન છે. ૪. કેવળજ્ઞાન પૂર્વે થતો સામાન્ય બોધ કેવળદર્શન છે.

અહીં જ્ઞાન અને દર્શન વચ્ચેનો ભેદ એ છે કે દર્શન સામાન્ય બોધ છે, જ્યારે જ્ઞાન વિશેષ બોધ છે. જો કે જ્ઞાન અને દર્શનના આ ભેદક લક્ષણ વિશે મતભેદ તો છે જ. જે બોધ વિષયનો આકાર ધારણ કરે તે જ્ઞાન, અને જે બોધ વિષયનો આકાર ધારણ ન કરે તે દર્શન. બોધ વિષયનો આકાર બે રીતે ધારણ કરી શકે. (૧) વિષયના આકારને પરિણમીને, અને (૨) વિષયના આકારનું પ્રતિબિંબ ગ્રહણ કરીને.

શાખ્ય-યોગમાં જ્ઞાનનું ધારક ચિત્ત (બુદ્ધિ) છે, પુરુષ નહીં. અર્થાત્ જ્ઞાન ચિત્તનો ધર્મ છે, પુરુષનો નહીં. ચિત્ત વિષયના આકારને પરિણમીને ઘટપટાદિ વિષયોને જાણે છે અને પુરુષના આકારે પરિણમી પુરુષને જાણે છે. ચિત્તના આ વિષયાકાર પરિણામને ચિત્તવૃત્તિ કે જ્ઞાન કહે છે. પ્રશ્ન થાય કે ચિત્ત તો અચેતન છે, જડ છે, તો તેને જ્ઞાન ક્યાંથી હોય ? આનો એક જવાબ એ છે કે ચેતનના સામીપ્યને કારણે અચેતન હોવા છતાં ચેતનાવાળું હોય એવું તે જણાય છે. અર્થાત્ ચેતનના પ્રકાશથી પ્રકાશિત ચિત્ત ચેતનની જેમ વર્તે છે.

યોગદર્શનમાં ચિત્તવૃત્તિઓનું-જ્ઞાનોનું વર્ગીકરણ પાંચ વિભાગમાં કરવામાં આવ્યું છે. ૧. પ્રમાણ, ૨. વિપર્યય, ૩. વિકલ્પ, ૪. નિદ્રા, અને ૫. સ્મૃતિ.

**૧. પ્રમાણ :** ચિત્ત જ્યારે વિષયાકારે પરિણમે છે ત્યારે જો ચિત્તમાં આવેલો આકાર બાહ્ય વિષયના આકાર જેવો જ હોય તો તે ચિત્તવૃત્તિ યા જ્ઞાન પ્રમાણ કહેવાય છે.

**૨. વિપર્યય :** તે મિથ્યાજ્ઞાન છે. તે વસ્તુના યથાર્થ રૂપને નહીં પણ તેનાથી ઊલટા રૂપને દર્શાવે છે.

**૩. વિકલ્પ :** શબ્દ સાંભળ્યા કે વાંચ્યા પછી ઉત્પન્ન થનારું, જેનું અસ્તિત્વ જ નથી એવા વિષયના આકારવાળું અને જેને આધારે ચાલતો વ્યવહાર બાધ પામતો નથી એવું જ્ઞાન તે વિકલ્પ. (शब्दज्ञानानुपातो वस्तुशून्यो विकल्पः । (યોગસૂત્ર ૧.૯)

**૪. નિદ્રા :** જાગ્રત અને સ્વપ્નની અવસ્થામાં ઉદ્ભવતી ચિત્તની વૃત્તિઓનો સુષુપ્તિની અવસ્થા વખતે ચિત્તમાં લય થાય છે. જાગ્રત ને સ્વપ્નની અવસ્થામાં શક્ય જ્ઞાનોમાંનું કોઇપણ જ્ઞાન સુષુપ્તિમાં હોતું નથી. આનું કારણ ચિત્તમાં પ્રબળ બનેલું તમોદ્રવ્ય છે. આ તમોદ્રવ્યને જાણનારી ચિત્તની વૃત્તિ તે નિદ્રા કહેવાય છે.

**૫. સ્મૃતિ :** જેનો અનુભવ થયો હોય એ વિષયનું કંઇપણ ઉમેરા વિના યાદ આવવું તે સ્મૃતિ છે.

પુરુષ દૃષ્ટા છે. તેના દર્શનનો વિષય ચિત્તવૃત્તિ છે. આમ પુરુષને થતું ચિત્તવૃત્તિનું જ્ઞાન એ જ દર્શન છે.

લેખિકા જ્ઞાન-દર્શન વિષયક સાંખ્ય-યોગમતનો નિષ્કર્ષ આપતાં જણાવે છે કે આ મતે ચિત્તવૃત્તિ એ જ્ઞાન છે. જેવી ચિત્તવૃત્તિ (જ્ઞાન) ઉત્પન્ન થાય છે તેવી જ તે પુરુષમાં પ્રતિબિંબિત થાય છે. આ ચિત્તવૃત્તિનું પુરુષે પ્રતિબિંબ રૂપે ધારણ કરવું તે પુરુષનું દર્શન છે. પુરુષ સાક્ષાત્ ચિત્તવૃત્તિને દેખે છે, ને ચિત્તવૃત્તિના માધ્યમથી બાહ્ય અર્થને દેખે છે. આ સાક્ષાત્ દેખવું તે સાક્ષીપણું છે અને ચિત્તવૃત્તિના માધ્યમથી દેખવું તે દૃષ્ટાપણું છે. પુરુષ દ્રષ્ટા છે, ચિત્ત જ્ઞાતા છે. પુરુષ દેખે છે. પણ કદી જાણતો નથી, ચિત્ત જાણે છે પણ કદી દેખતું નથી.

જૈન મત આ બાબતે સાંખ્ય મતનું ખંડન કરે છે. ચિત્તને (પુરુષને) બાહ્ય પદાર્થના જ્ઞાનથી રહિત કરવું એ પરસ્પર વિરુદ્ધ છે. એ જ રીતે બુદ્ધિને જડ અર્થાત્ અચેતન માનવી એ પણ વિરુદ્ધ છે. બુદ્ધિ જડ માનવામાં આવે તો બુદ્ધિથી પદાર્થનો નિશ્ચય થઇ શકે નહીં. બુદ્ધિ અચેતન હોવા છતાં ચેતનાશક્તિના સાન્નિધ્યને કારણે ચેતન જેવી લાગે છે એમ કહેવું બરાબર નથી. ચેતન પુરુષનું અચેતન દર્પણમાં પ્રતિબિંબ પડવાથી બુદ્ધિમાં ચેતનતા આવી જતી નથી. આ સમગ્ર ખંડન દ્વારા જૈન ચિંતક કહેવા માગે છે કે જ્ઞાન અને દર્શન બન્ને એક ચેતનતત્ત્વને જ હોઇ. સ્પષ્ટ કરીને કહીએ તો જૈનદર્શન અને સાંખ્ય-યોગ બંને જ્ઞાન અને દર્શન એવી બે મૂળભૂત શક્તિઓ સ્વીકારે છે; પરંતુ જૈનદર્શન એક ચેતન તત્ત્વમાં જ તે બેય શક્તિઓ માને છે જ્યારે સાંખ્ય-યોગ જ્ઞાનશક્તિ અચેતન ચિત્તમાં અને દર્શનશક્તિ ચેતન પુરુષમાં માને છે.

જો ત્રીજા પ્રકરણમાં જ્ઞાન અને બોધરૂપ દર્શનની વિચારણા થઇ છે તો ચોથા પ્રકરણમાં બંને દર્શનો અનુસાર જ્ઞાન અને શ્રદ્ધાનરૂપ દર્શનની વિચારણા કરાઇ છે.

આપણે આગળ જોયું તેમ, જૈનોના આચારાંગસૂત્રના 'દિટ્ઠં...' અને ઉપનિષદના 'आत्मा वा अरे...' વાક્યોમાં 'દર્શન' શબ્દનો અર્થ 'શ્રધ્ધા' જ છે. ઉપનિષદમાં બે પ્રકારની શ્રદ્ધાનું સૂચન છે. શ્રવણ પૂર્વેની અને શ્રવણ પછીની (મનન પૂર્વેની) શ્રદ્ધા. આ વિચારણા જૈનોની નૈસર્ગિક શ્રદ્ધા અને આધિગમિક શ્રદ્ધાને નવેસરથી સમજવામાં ઉપયોગી થાય છે. લેખિકાએ અહીં 'શ્રદ્ધા' ના વિવિધ અર્થો સમજાવ્યા છે. એ અર્થો પૈકી બે અર્થો મહત્ત્વના છે. ૧. શ્રદ્ધા=ચિત્તનો પ્રસાદ (શુદ્ધિ, વૈશદ્ય, પારદર્શિતા), અને ૨. શ્રદ્ધા=વિશ્વાસ. તે પછી લેખિકાએ તત્ત્વાર્થસૂત્ર, ભાષ્ય અને સિદ્ધસેનીય ટીકાના આધારે સમ્યગ્દર્શનની વિસ્તૃત વિચારણા કરી છે. નૈસર્ગિક શ્રદ્ધા અને આધિગમિક શ્રદ્ધા એ એક જ વ્યક્તિને થતી બે ક્રમિક ભૂમિકાઓ છે. અને ઉપનિષદ પ્રાપ્ત બે શ્રદ્ધાઓની માન્યતા આ અર્થઘટનને ટેકો આપે છે.

આ બોધરૂપ દર્શન અને શ્રદ્ધાનુરૂપ દર્શન વચ્ચેનો સંબંધ શો છે ? સત્યશોધકને કોઇ સિદ્ધાંત કે મત સત્ય જણાય ત્યારે તેનું દર્શન (શ્રદ્ધા) સાકાર બને છે. પછી જ્યારે એ સત્યનો સાક્ષાત્કાર થાય છે ત્યારે સંશયો દૂર થવાથી ચિત્ત શુદ્ધ અને મુક્ત થાય છે. આ સાક્ષાત્કાર તે બોધરૂપ દર્શન છે. પહેલાં સત્યને સ્વીકારવાની તત્પરતા હોય છે. પછી સત્યનો સાક્ષાત્કાર હોય છે. એટલે બીજી રીતે એમ કહી શકાય કે તત્પરતાના અર્થવાળું દર્શન (શ્રદ્ધાન) છેવટે ધ્યાનમાં થતા સત્યના સાક્ષાત્કારના અર્થવાળા બોધરૂપ દર્શનમાં એકાકાર થઇ જાય છે. ધ્યાનમાં પૂર્ણ સત્યનું બોધરૂપ દર્શન થવાથી પૂર્ણ સમ્યગ્દર્શન થાય છે.

બીજો મત એનાથી ઊલટા ક્રમે ચાલે છે. એ કહે છે કે સત્યશોધકનું શ્રદ્ધાનરૂપ દર્શન પૂર્ણ ત્યારે બને છે જ્યારે તે સંપૂર્ણપણે રાગદ્વેષથી મુક્ત થાય છે.

ઉમાસ્વાતિને મતે સમ્યગ્દર્શન એ મતિજ્ઞાન જ છે. પણ લેખિકા કહે છે કે ઉમાસ્વાતિએ શ્રદ્ધાનને અવધારણ તરીકે વર્ણવ્યું તેથી ધ્યાન એમને મતે જ્ઞાનથી અભિન્ન છે એવો અર્થ તારવવો યોગ્ય નથી. લેખિકાએ અહીં ઉમાસ્વાતિ ઉપરાંત સિદ્ધસેનગણિ, સિદ્ધસેન દિવાકર, જિનભદ્ર, પૂજ્યપાદ દેવનંદિ, અકલંક વગેરેના સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનના ભેદ-અભેદ વિશેનાં મંતવ્યો ટાંકી તેની ચર્ચા કરી છે.

સાંખ્ય-યોગમાં શ્રદ્ધાના અર્થમાં 'દર્શન' શબ્દનો પ્રયોગ થયો નથી, પણ સીધો 'શ્રદ્ધા' શબ્દ જ પ્રયોજાયો છે. શ્રદ્ધા ચેતસઃ સંપ્રસાદઃ (વ્યાસભાષ્ય, ૧-૨૦) લેખિકાએ અહીં સાંખ્ય-યોગની શ્રદ્ધા વિશેની માન્યતા વ્યાસ, વાચસ્પતિ મિશ્ર અને વિજ્ઞાનભિક્ષુના ભાષ્ય, તત્ત્વવૈશારદી અને વાર્તિકને આધારે સ્પષ્ટ કરી છે. શ્રદ્ધાથી વીર્ય, વીર્યથી સ્મૃતિ, સ્મૃતિથી સમાધિ, સમાધિથી પ્રજ્ઞાવિવેક અને પ્રજ્ઞાવિવેકના વૈરાગ્યથી અસંપ્રજ્ઞાત સમાધિ એવી કાર્યકારણની સાંકળ રચાય છે. આમ શ્રદ્ધા સમગ્ર યોગસાધનાની પ્રસવભૂમિ છે. શ્રદ્ધા પાયો છે. તેમાંથી જ ક્રમશઃ યમાદિ સહિત ધારણા, ધ્યાન, સમાધિ વગેરે આઠ અંગો સિદ્ધ થાય છે.

લેખિકાએ પ્રકરણના અંતમાં શ્રદ્ધા વિશે જૈનદર્શન અને સાંખ્ય-યોગની તુલના કરી, બે મતોના ભેદો તારવી બતાવી એને સ્પષ્ટ કરી આપ્યા છે. જૈનદર્શનમાં મળતી શ્રદ્ધાની બે કોટિ (નૈસર્ગિક અને અધિગમજ) સાંખ્ય-યોગમાં સ્પષ્ટપણે સૂચવાઇ નથી. શ્રદ્ધા અને જ્ઞાનના ભેદ-અભેદની જે વિસ્તૃત ચર્ચા જૈન દાર્શનિકોએ કરી છે તેવી કોઇ ચર્ચા સાંખ્ય-યોગમાં નથી. જૈનદર્શન મિથ્યા શ્રદ્ધાનું પણ વિશ્લેષણ કરે છે. સાંખ્ય-યોગમાં મિથ્યા શ્રદ્ધાનો ઉલ્લેખ પણ નથી.

પાંચમા પ્રકરણમાં બૌદ્ધદર્શન અને ન્યાય-વૈશેષિક દર્શન અનુસાર જ્ઞાન, દર્શન અને શ્રદ્ધાની વિચારણા થઇ છે. સૌ પ્રથમ બૌદ્ધ મતે આત્માનું નિરૂપણ થયું છે. બૌદ્ધો ચિત્તથી પર આત્મતત્ત્વને સ્વીકારતા નથી. તેમને મતે ચિત્ત ક્ષણિક છે. અને ચિત્તક્ષણોની એક સંતતિ ચિત્તક્ષણોની બીજી સંતતિથી પૃથક્ છે. આમ બૌદ્ધોની ચિત્તક્ષણસંતતિ જૈનના આત્મદ્રવ્ય સદશ છે અને ચિત્તક્ષણો આત્મપર્યાયો સદશ છે. જૈનોની જેમ બૌદ્ધો પણ ચિત્તને પ્રકાશસ્વરૂપ ગણે છે અને જ્ઞાન-દર્શનને તેનો સ્વભાવ માને છે. આગન્તુક મળો દૂર કરી ચિત્તનું સ્વસ્વભાવમાં આવવું એ જ નિર્વાણ છે, મોક્ષ છે.

બૌદ્ધદર્શનમાં જ્ઞાન-દર્શનની બે કોટિઓ સ્વીકારવામાં આવી છે. ૧. ઐન્દ્રિયક કોટિ અને ૨. યૌગિક કોટિ. ઐન્દ્રિયક કોટિનાં દર્શન અને જ્ઞાન અનુક્રમે નિર્વિકલ્પક ઇન્દ્રિયપ્રત્યક્ષ અને સવિકલ્પક ઇન્દ્રિયપ્રત્યક્ષ છે. ધ્યાન કે સમાધિના ફળ રૂપે પ્રાપ્ત થતી જ્ઞાન-દર્શનની કોટિ તે યૌગિક કોટિ. બૌદ્ધ મત અનુસાર અજ્ઞાન અને અદર્શનનાં પાંચ કારણોને પાલિનિકાયમાં પાંચ નીવરણો કહેવામાં આવ્યાં છે. બૌદ્ધ મતમાં જૈન સમ્યગ્દર્શનના સમાન અર્થવાળી 'સમ્માદિટ્ઠિ' છે. સમ્યગ્ દૃષ્ટિ અને શ્રદ્ધાને સમાનાર્થક માનવામાં આવ્યાં છે.

તે પછી લેખિકાએ ન્યાય-વૈશેષિક મતે આત્માનું નિરૂપણ કર્યું છે. આ મત અનુસાર આત્મા કૂટસ્થનિત્ય છે. ન્યાય-વૈશેષિક ચિત્તનો તદ્દન અસ્વીકાર કરે છે. બુદ્ધિ, સુખ આદિ નવ ગુણો આત્માના વિશેષ ગુણો છે. ગુણ અને મોક્ષમાં દ્રવ્યનો અત્યંત ભેદ છે, તેથી આત્મગુણો આત્માનું સ્વરૂપ નથી. પરિણામે આત્માને જ્ઞાન પણ નથી કે સુખ પણ નથી. આત્માના ગુણ તરીકે જ્ઞાનને સ્વીકાર્યું છે, પણ દર્શનને સ્વીકાર્યું નથી.

આ ગ્રંથનું નૂતન પ્રદાન શું છે ? લેખિકાએ જ આ ગ્રંથની પ્રસ્તાવનામાં જણાવ્યું છે તે અનુસાર-

૧. સાંખ્ય-યોગસંમત અને જૈનદર્શનસંમત જ્ઞાન-દર્શનનું તુલનાત્મક અધ્યયન અહીં સૌપ્રથમ રજૂ થયું છે.

૨. સાંખ્ય-યોગની જ્ઞાન-દર્શનની વિભાવના જૈનદર્શનની જ્ઞાન-દર્શનની વિભાવનાને સમજવામાં કેટલી સહાયભૂત થઇ છે તેનું નિદર્શન થયું છે.

૩. જૈનસંમત આત્મા સાંખ્ય-યોગસંમત આત્મા સાથે સામ્ય નથી ધરાવતો પણ સાંખ્ય-યાગ સંમત ચિત્ત સાથે અત્યંત સામ્ય ધરાવે છે એ દર્શાવ્યું છે.

૪. ઉપનિષદગત ચતુષ્ટયમાં 'દર્શન'નો અર્થ 'શ્રદ્ધા' છે એ આંતરિક પુરાવાઓથી સિદ્ધ કર્યું છે.

૫. જૈનદર્શનમાન્ય નૈસર્ગિક શ્રદ્ધા અને આધિગમિક શ્રદ્ધા એ વિકલ્પ નહીં, ક્રમિક ભૂમિકાઓ છે તે પુરવાર કર્યું છે.

૬. મનઃપર્યાય દર્શનનો અસંભવ કેમ તે દર્શાવાયું છે.

૭. ઐન્દ્રિયક દર્શનોની યુગપત્ ઉત્પત્તિ તેમજ જ્ઞાન અને દર્શનની યુગપત્ ઉત્પત્તિની બાબતમાં બન્ને દર્શનોનાં મંતવ્યોની તુલના થઇ છે.

૮. બૌદ્ધોની જ્ઞાન-દર્શનની વિભાવનાને વિશદતાતી સમજાવી છે.

૯. બૌદ્ધ ધર્મદર્શનમાં શ્રદ્ધાની વિવિધ ભૂમિકાઓનો સ્વીકાર છે તે સ્પષ્ટ કરી આપ્યું છે.

૧૦. જૈનદર્શનમાં પૂર્વકાળે આધ્યાત્મિક દૃષ્ટિએ શ્રુત અને મતિનો અર્થ શ્રવણ અને મનન હતો, પરંતુ ઉત્તરકાળે પ્રમાણશાસ્ત્રીય દૃષ્ટિએ તેમનો વિચાર થતાં ક્રમ ઊલટાઇ ગયો અને તેમનો અર્ત વિશેષ પ્રકારનાં પ્રમાણજ્ઞાનો-મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થયો.

લેખિકાને પીએચ.ડી. માટેનો આ મહાનિબંધ તૈયાર કરવામાં એમના માર્ગદર્શક શ્રી દલસુખભાઇ માલવણિયા જેવા પ્રકાંડ પંડિતની વિદ્વત્તાનો, તેમજ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનાં ભૂતપૂર્વ અધ્યક્ષ અને લેખિકાના પિતાશ્રી ડૉ. નગીનદાસ જી. શાહ સાથેની ભરપૂર ચર્ચા વિચારણાનો લાભ મળ્યો છે જેને કારણે આ આખાયે મહાનિબંધમાં થયેલો અભ્યાસ આધારભૂત, વિશદ અને બુદ્ધિગમ્ય બની શક્યો છે. આવો તુલનાત્મક અભ્યાસગ્રંથ પ્રગટ કરી દાર્શનિક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા બદલ બહેન જાગૃતિ શેઠ સૌનાં અભિનંદનનાં અધિકારી છે. આશા રાખીએ કે એમની પાસેથી આ ક્ષેત્રનો વધુ અભ્યાસ સાંપડતો રહે !

✣✣✣

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

[ અમને જણાવતાં ખેદ થાય છે કે પંડિત શ્રી પનાલાલ ગાંધીનું તા. ૧૮-૨-૯૮ના રોજ ધ્રાંગધ્રા મુકામે ૭૭ વર્ષની વયે અવસાન થયું છે. આ લેખમાળા શરૂ કરી ત્યારે તેઓ તદ્દન સ્વસ્થ હતા, પરંતુ કેટલાક સમય પહેલાં તેઓ કેન્સરની જીવલેણ બીમારીમાં સપડાયા અને એમણે સમતાપૂર્વક દેહ છોડ્યો. સદ્‌ભાગ્યે આખી લેખમાળા પૂરી કરીને તેમણે આપણને આપી છે. સદ્‌ગતના આત્માને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. -- તંત્રી ]

## (ગતાંકથી ચાલુ-૮)

### સપ્તભંગિથી કેવળજ્ઞાનનું લક્ષ્ય :

સપ્તભંગિ કેવળજ્ઞાનનું લક્ષ્ય કરાવે છે અને કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજાવે છે. છદ્મસ્થજ્ઞાનમાં જેવું અને જેટલું જાણીએ તેવું અને તેટલું જગત નથી કે તેવા અને તેટલા જગતના ભાવો નથી. વળી જેટલું જાણીએ છીએ તે બધું ક્રમિકતાએ જાણીએ છીએ. જે કાંઇ જાણીએ છીએ તેનાથી અનંતગુણાભાવો આપણે જાણતા નથી, જે જગતમાં રહેલા છે. આવું લક્ષ્ય સ્યાદ્‌વાદ-સપ્તભંગિ કરાવે છે. એનાથી લાભ એ થાય છે કે જે જાણીએ તેટલા જ્ઞાનમાં બંધાઇએ નહિ. જો બંધાઇ જઇએ તો રાગ અગર દ્વેષ થયા કરશે. રાગ-દ્વેષ ઘટતાં જાય, ઓછાં થતાં જાય, દૂર થતાં જાય, અહં આવે નહિં, મતિજ્ઞાન મોકળું રહે અને મુક્ત થઇ કેવળજ્ઞાનમાં પરિણમે, એ સપ્તભંગિ-સ્યાદ્‌વાદનો ઉદ્દેશ છે, રહસ્ય છે, મર્મ છે, લક્ષ્યાર્થ છે.

સપ્તભંગિથી જ્ઞાન અને કાળનો વિચાર કરવાનો છે. જ્ઞાનમાં કાળ કેમ ઘૂસી ગયો તે વિચારવાનું છે. સ્યાદ્ એટલે કથંચિત્ કંઇક, દેશથી, અસર્વ. સ્યાદ્‌વાદશૈલીથી પદાર્થનું સર્વાંગી દર્શન કરવાનું છે, જેને માટે તે પદાર્થનું સાત પ્રકારે અવલોકન કરવું પડે છે. એ સાત પ્રકારને સાત ભાંગા અર્થાત્ સપ્તભંગિ કહે છે. એ સાત ભાંગા નીચે મુજબ છે.

મુખ્ય તો ત્રણ જ ભાંગા છે. સ્યાદ્ અસ્તિ, સ્યાદ્ નાસ્તિ, અને સ્યાદ્ અવક્તવ્ય. એ મુખ્ય ત્રણ ભાંગાનું વિસ્તૃતિકરણ સાત ભાંગા છે.

(૧) સ્યાત્ અસ્તિ-(છે.), (૨) સ્યાત્ નાસ્તિ-(નથી.), (૩) સ્યાત્ અસ્તિ-નાસ્તિ-(છે-નથી.), (૪) સ્યાત્ અવક્તવ્ય (કહી શકાતું નથી.), (૫) સ્યાત્ અસ્તિ અવક્તવ્ય-(છે પણ કહી શકાતું નથી.), (૬) સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય (નથી અને કહી શકાતું નથી.), (૭) સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય. (છે-નથી અને કહી શકાતું નથી.)

આખું ય વિશ્વ જેમ જીવ-અજીવ, રૂપી-અરૂપીમાં સમાઇ જાય છે, તેમ જ્ઞેય-જ્ઞાનમાં પણ આખું ય વિશ્વ આવી જતું હોય છે. જીવ-અજીવ, રૂપી-અરૂપી અને જ્ઞેય-જ્ઞાન એ ત્રણ ભાગમાં વિશેષતા એ છે કે જ્ઞેય અને જ્ઞાનમાં જેમ જ્ઞેયનું સ્વરૂપ જાણવાનું હોય છે, તેમ જ્ઞાનનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ શું છે તે તેમાં ફલિત થાય છે. તે જીવનું સ્વરૂપ જ્ઞાન છે. પરંતુ જ્ઞાનનું સ્વરૂપ શું ? તે સ્વતંત્ર રીતે સમજીએ તો ખ્યાલ આવે. માટે સપ્તભંગીમાં પ્રથમ ત્રણ ભાંગા જ્ઞેય પ્રધાન છે તે બતાવીને બીજાં ચાર ભાંગા જ્ઞાન પ્રધાન બતાવ્યાં છે તેનું રહસ્ય નીચે પ્રમાણે છે !

જ્ઞેયના પ્રથમ ત્રણ ભાંગામાં સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસ્તિરૂપ છે. અને પાંચે અસ્તિકાય અનાદિ-અનંત યુગપદ અસ્તિત્વ ધરાવે છે તેથી યુગપદ અસ્તિ-નાસ્તિ ધર્મો ઘટી શકે છે. હવે ચોથો ભાંગો જે અવક્તવ્યનો છે તેમાં વક્તવ્ય એટલે વચનયોગ. વચનયોગ બને છે ભાષાવર્ગણાના પુદગલોનો. પરંતુ જીવના ઉપયોગ વડે કરીને જ ભાષાવર્ગણાના પુદ્‌ગલો વચનયોગરૂપે પરિણમે છે. આમ વચનયોગના મૂળમાં જીવનો ઉપયોગ મુખ્ય છે. મન, વચન અને કાયાના યોગ બને. તે છે પુદ્‌ગલના, પણ હોય જીવને. એટલા માટે તત્ત્વાર્થના પાંચમા અધ્યાયમાં 'યોગઉપયોગૌ જીવેસુ' જણાવેલ છે.

જ્ઞાનના મુખ્ય ત્રણ ભેદ છે. સાવરણ-નિરાવરણ, ક્રમિક-અક્રમિક અને પૂર્ણ-અપૂર્ણ (સર્વ-અલ્પ). એમાં નિરાવરણ, અક્રમિક, પૂર્ણ જ્ઞાન જે છે તે કેવળજ્ઞાન છે. અયોગી કેવળીભગવંતનો વચનયોગ પણ ક્રમિક છે. અને છદ્મસ્થ જ્ઞાનીનો કે સંસારીજીવનો વચનયોગ પણ ક્રમિક છે. કારણ કે વચનયોગ બને છે ભાષાવર્ગણાના પુદ્‌ગલથી અને પુદ્‌ગલદ્રવ્યનું પર્યાય સ્વરૂપ ક્રમિક જ હોય છે. સર્વજ્ઞ કે અસર્વજ્ઞ છદ્મસ્થ વ્યક્તિ પુદ્‌ગલ સાથે ભળીને ક્રિયા કરે અગર ક્રિયા થાય તો તે ક્રમિક જ હોય. પરંતુ જ્ઞાનમાં મહત્ત્વનો મોટો ભેદ એ છે કે સર્વજ્ઞ કેવળી ભગવંતનો ઉપયોગ અક્રમિક હોય છે ને વચનયોગ ક્રમિક હોય છે. જ્યારે અસર્વજ્ઞ છદ્મસ્થનો ઉપયોગ પણ ક્રમિક હોય છે અને વચનયોગ પણ ક્રમિક હોય છે. સર્વજ્ઞ હોય કે અસર્વજ્ઞ જે કોઇને પણ વચનયોગ છે તે, ભાષાવર્ગણાના પુદ્‌ગલ નૈમિત્તિક હોવાથી, ક્રમિક જ હોય !

અસર્વજ્ઞ છદ્મસ્થનું જ્ઞાન, જ્ઞાનાવરણીયકર્મ સાપેક્ષ હોય છે અને જ્ઞાનાવરણીયકર્મ પુદ્‌ગલનું બનેલું છે. અને પુદ્‌ગલદ્રવ્યના સ્વસત્તાના ભાવો બધાં પોતાના હોવા છતાં પણ ક્રમથી હોય છે. અર્થાત્ યુગપદ-સમકાળ નથી હોતા. જ્યારે પુદ્‌ગલદ્રવ્યને છોડીને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તેમજ શુદ્ધ સ્વરૂપે જીવના-કેવળી ભગવંતના, સિદ્ધ ભગવંતના સર્વ ભાવો અક્રમિક-યુગપદ-સમકાળ હોય છે. આ જ મોટો ફરક રૂપી અને રૂપી દ્રવ્યનો છે. જ્ઞાનાવરણીયકર્મ પુદગલનું બનેલું હોવાથી જ્ઞાનાવરણીય કર્મસાપેક્ષ જ્ઞાનને પણ પુદ્‌ગલદ્રવ્યની ક્રમિક અવસ્થા લાગુ પડે છે. તેથી જ મતિજ્ઞાનાદિ બાકીના ચાર ક્રમિક કાર્ય કરી શકે છે.

આત્મા એટલે શું ? 'હું', 'મેં' અને 'મારું' એ આત્મા છે. નામધારીપણું એ 'હું' નહિ. 'હું', 'મેં' અને 'મારું' એ ભાવ પણ છે અને વચનયોગ પણ છે. વિહરમાન સર્વજ્ઞ તીર્થંકર ભગવંત, કેવળજ્ઞાની ભગવંતને વચનયોગ હોય છે. પરંતુ તેઓ ભાવાતીત હોવાથી તેમને ભાવરૂપ 'હું', 'મેં' અને 'મારું' ન હોય.

મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ચાર મૂંગા જ્ઞાન છે-અવાચ્ય જ્ઞાન છે. માત્ર શ્રુતજ્ઞાન એ વાચિક જ્ઞાન છે. મતિજ્ઞાન એ વિચારજ્ઞાન છે. જ્યારે શ્રુતજ્ઞાન એ બોલજ્ઞાન છે. બોલમાંથી અબોલ થવું જોઇએ.

પરમતત્ત્વ-પરમાત્મતત્ત્વ વચનથી અગોચર છે-અનિર્વચનીય છે. કારણ કે વચન ક્રમિક છે, જ્યારે પરમાત્મતત્ત્વ-કેવળજ્ઞાન અક્રમિક છે. મનથી પણ તે અગોચર છે. ક્રમિકતત્ત્વ-સંસારી જીવ, અક્રમિક તત્ત્વ-પરમાત્મ તત્ત્વને સમજી શકે માટે ક્રમિક તત્ત્વે પોતાની ક્રમિકતાને સમજીને પોતાના એ ક્રમિકતત્વનો અક્રમિકતત્ત્વ સાથે સંબંધ સ્થાપી તે અક્રમિક તત્ત્વની નિશ્રાએ સ્વયં અક્રમિક બનવાનું છે.

વચન દ્વારા વચનાતીતને પકડવાનો છે અને મન દ્વારા મનાતીતને પકડવાનો છે. મનને અને વચનને સત્ એવાં પરમાત્મ તત્ત્વ સાથે જોડીને મનોયોગ અને વચનયોગનો સદુપયોગ કરતાં કરતાં સ્વયં મનાતીત, વચનાતીત થવાનું છે.

મન અને વચનથી સત્, વચનાતીત, મનાતીત એવાં પરમાત્મ સ્વરૂપને વિચારવું. મનથી પરમાત્મતત્ત્વનું મનન, ચિંતન કરવું અને વચનથી, વિચારથી પરમાત્મતત્ત્વની વિચારણા કરી અને એમના ગુણ-ગાન ગાવાં. જેથી કરીને સત્ તત્ત્વ સાથે અભેદ થવાય-સ્વયં સત્ બનાય અને સત્ તત્વનું વેદન-અનુભવન-આસ્વાદન લેવાય. પરમાત્મતત્ત્વ એ વેદવાની ચીજ છે-અનુભવવાની-આસ્વાદન લેવાની

ચીજ છે. એ કાંઈ બોલવાની કે કહેવાની ચીજ નથી. સમજવું અને સમજાવવું એ અપૂર્ણ તત્ત્વ છે. ફક્ત અનુભવન-આસ્વાદન-વેદન-સંવેદન એ પૂર્ણ તત્ત્વ છે. અનુભવ તત્ત્વથી અભિન્ન હોય-અભેદ હોય. કબીરજી કહે છે કે બોલવાની બાબતમાં આપણે શું કહીએ. બોલવા જઈએ છીએ ત્યાં જ બોલવાનું છે તેનું તત્ત્વ નાશ પામે છે.

'બોલનકા કહીએ રે ભાઈ ! બોલત બોલત તત્ ન સાંઈ'

यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।

शुद्धानुभवसंवेद्यं, तद्रूपं परमात्मन ः ॥

(પરમાત્મદર્શન પંચવિંશતિ - મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી)

જ્યાં વાણી એટલે સર્વ પ્રકારના વચનોનું બોલવું પાછું પડે છે, અર્થાત્ જ્યાં કોઈપણ વાણીનું પ્રયોજન નથી, જ્યાં મનની ગતિ લેશ માત્ર પણ પ્રવૃત્તિ કરી શકતી નથી, અર્થાત્ જ્યાં મન પણ નિરર્થક છે, કેવળ શુદ્ધ નિર્મળ ચિદાનંદ સ્વરૂપી એવા આત્માના પ્રગટ અનુભવ વડે કરીને જ આત્માને ગમ્ય છે તે પરમાત્મ સ્વરૂપી દેવને નમસ્કાર થાઓ !

તેથી ચોથા ભાંગા 'સ્યાદ્ અવક્તવ્ય'નો લક્ષ્ય અર્થ એ કરવાનો છે કે વક્તવ્યનું એટલે કે વચનયોગનું મૂળ જે ઉપયોગ છે તે ક્રમિક અને અક્રમિક એમ બે પ્રકારે છે. આમ પછીના ચાર ભાંગા લક્ષ્ય અર્થથી જ્ઞાનની દશાનું સ્વરૂપ સમજાવે છે. અને તેમાં પણ પ્રધાનતાએ કેવળજ્ઞાનનું સ્વરૂપ કેવું આક્રમિક છે તે લક્ષમાં આવે એવો ઉદ્દેશ છે. તેથી છાદ્મસ્થિક જ્ઞાનને સ્યાદ્ અવક્તવ્યાદિ ચાર ભાંગા લાગુ પડે. પરંતુ કેવળજ્ઞાનને તે લાગુ નહિ પડે.

જે જ્ઞેય પદાર્થો છે તે ક્રમિક છે કે અક્રમિક તે વિચારવાનું છે. જે ઉત્પાદ-વ્યય અને હાનિ-વૃદ્ધિવાળું છે તે ક્રમિક છે. પુદ્ગલદ્રવ્ય અને સાંસારિક જીવોની અવસ્થા ક્રમિક છે.

જેવી રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય પણ પોતાના સ્વભાવ પ્રમાણે પૂર્ણ કાર્ય કરે છે તેવી રીતે જ આત્માના પ્રકાશસ્વરૂપનું અર્થાત્ જ્ઞાનસ્વરૂપનું કાર્ય પણ પૂર્ણ થવું જોઈએ. અર્થાત્ જ્ઞાન એટલે જણાવું તો આત્માને પોતાના જ્ઞાયક ધર્મ પ્રમાણે સર્વ દ્રવ્યોના સર્વ ભાવો એક જ સમયમાં જણાવા જોઈએ. તો જ તેનું કાર્ય પૂર્ણ લેખાય, જેવું આકાશાસ્તિકાય આદિ દ્રવ્યનું કાર્ય છે કે...આકાશ અવગાહના આપે છે તો તે સર્વ દ્રવ્યને સર્વ ક્ષેત્રે અવગાહના આપે છે. એવું નથી કે આકાશ અમુક દ્રવ્યને અવગાહના આપે અને અમુક દ્રવ્યને નહિ આપે. તેમ અમુક ક્ષેત્રે અને અમુક કાળે અવગાહના આપે અને અમુક ક્ષેત્રે અને અમુક કાળે અવગાહના નહિ આપે. આકાશાસ્તિકાયનો અવગાહના પ્રદાનતાનો જે ગુણ છે તે ગુણકાર્ય પ્રમાણે તે સર્વ દ્રવ્યોને, સર્વક્ષેત્રે, સર્વકાળમાં એક સરખી અવગાહના આપે છે. એ આકાસ્તિકાયના સ્વ સ્વભાવ પ્રમાણેનું પૂર્ણ કાર્ય છે. પરંતુ અનાદિકાળથી જીવ જે વિકૃત દશામાં છે અને પોતાના ગુણનું કાર્ય કરી શકતો નથી તે તેની અપૂર્ણતા છે, જે તેને દુઃખરૂપ છે-કલંકરૂપ છે. એ એની હીણપત છે.

વચનનું મૂળ જ્ઞાન છે અને જ્ઞાનનું જાણપણું છે. તો જીવનું તે જાણપણું કેવું હોવું જોઈએ ? જીવનું જાણપણું-જ્ઞાયકતાધર્મ-પ્રકાશસ્વરૂપ એવું હોવું જોઈએ કે જેવું ધર્મ, અધર્મ અને આકાશનું તેમના ગુણ પ્રમાણેનું પૂર્ણ કાર્ય છે. જીવ દુઃખી કેમ છે ? એનો જવાબ એ છે કે જીવની ઉપર જણાવ્યા મુજબની તેની અધુરપ-અપૂર્ણતા જ તેને દુઃખરૂપ છે.

સપ્તભંગી વચનયોગ એટલે કે સ્યાદ્ વક્તવ્યની બનાવી છે તેમ, બોલવું એ પણ જ્ઞાનધર્મ છે, એમ જાણવું એ પણ જ્ઞાનધર્મ છે, તો પછી જ્ઞાતવ્યની સપ્તભંગી કેમ બનાવી નહિ ? જ્ઞાન ક્રમિક અને અક્રમિક બે પ્રકારે છે. સાવરણ જ્ઞાન ક્રમિક ક્રિયા કરે છે જ્યારે નિરાવરણ જ્ઞાન અક્રમિક ક્રિયા કરે છે, જે જ્ઞાનનું પૂર્ણ કાર્ય છે. જ્ઞાતવ્યની સપ્તભંગી નહિ મૂકતા વક્તવ્યની સપ્તભંગી જ મૂકી તે એટલા માટે કે અક્રમિક એવાં નિરાવરણ જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાનને ધારણ કરનાર કેવળજ્ઞાની-સયોગી કેવળજ્ઞાની ભગવંતને બધું જણાય ભલે અક્રમથી, પણ બોલે તો ક્રમથી જ ! ટૂંકમાં અક્રમથી જાણનારા સયોગી સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવંત હોય કે પછી અસર્વજ્ઞ છદ્મસ્થ જ્ઞાની હોય. ઉભયનો વચનયોગ તો ક્રમિક જ હોય છે. ઉભયને લાગુ પડે તે માટે થઈને વક્તવ્યની સપ્તભંગિ રચી. પરંતુ સાધકે તો વચનયોગના મૂળ એવાં જ્ઞાનને લઈને જ્ઞાનનું મૂળ સ્વરૂપ કેવું છે એનું લક્ષ્ય કરવું જોઈએ તે અપેક્ષાએ સપ્તભંગિનું તત્ત્વજ્ઞાન આપણા સ્વરૂપનું-પૂર્ણ સ્વરૂપનું-પૂર્ણ જ્ઞાનનું-સર્વજ્ઞતાનું લક્ષ્ય કરાવનાર હોવાથી પરમોપકારી તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ પરમાત્મ ભગવંતે આપેલા તત્ત્વજ્ઞાનથી સર્વ પદાર્થોની અંદર આખાય વિશ્વને જ્ઞેય ને જ્ઞાનમાં સમાવી જીવને ભાન કરાવે છે, કે તારા જ્ઞાનનું સાચું શુદ્ધ પૂર્ણ મૂળ સ્વરૂપ કેવું છે ! આવી રીતે લક્ષ્યાર્થથી તત્ત્વના માર્મિક-હાર્દિક ભાવોને પકડીને આપણે આપણા સાચા શુદ્ધ પૂર્ણ મૂળ સ્વરૂપને જાણીએ-પીછાણીએ-સમજીએ તો આપણા મૂળ સ્વરૂપની સ્મૃતિ, પ્રીતિ, લક્ષ્ય સહજ જ થાય ! આવું તત્ત્વ આપવામાં એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની આપણા ઉપર કેવી અને કેટલી બધી અસીમ કૃપા છે કે એ તત્ત્વથી આપણા સ્વરૂપની સ્મૃતિ, પ્રીતિ, લક્ષ્ય બની રહે-સ્વરૂપસંધાન થાય !

જીવની માંગ-જીવની ચાહ અવિનાશી આનંદની છે, જે કેવળજ્ઞાન આપી શકે છે. અર્થાત્ નિરાવરણ અક્રમિક જ્ઞાન આપી શકે છે. જ્ઞાનની પૂર્ણતામાં પૂર્ણ સુખ મળે ! અક્રમિક જ્ઞાન એ જ્ઞાનની પૂર્ણતા છે. અક્રમિક એવાં પૂર્ણજ્ઞાનનું લક્ષ્ય કરવા માટે ભગવંતે સ્યાદ્વાદ, સપ્તભંગી આપેલ છે. સપ્તભંગિથી કેવળજ્ઞાનનું સ્વરૂપ કેવું છે તેનું જાણપણું પ્રાપ્ત થાય છે અને એ જાણપણા ઉપર સાત નયોની દૃષ્ટિ તથા સાધના છે, જે વડે કાર્યસિદ્ધિરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાની છે. માટે કેવળજ્ઞાનને કાર્યસિદ્ધિનો વિષય બનાવવો જોઈએ, કેમકે સાત નય યુક્ત આપણું જીવન છે, સપ્તભંગિ યુક્ત આપણી દૃષ્ટિ છે અને ચાર નિક્ષેપા વડે આપણો વ્યવહાર ચાલે છે. સપ્તભંગિમાં પૂર્ણ અને સાચી દૃષ્ટિ કરવાની છે, સાત નયથી તે દૃષ્ટિ પ્રમાણે સાધના કરવાની છે. સપ્તભંગિથી આત્માના ઉપયોગને નિર્મોહી-વીતરાગ બનાવવાનો છે. સપ્તભંગિથી આત્માએ દૃષ્ટિમાં સાક્ષીભાવ-અકર્તાભાવ લાવવાનો છે અને જ્ઞાનમાં કર્તાભાવ-ભોક્તાભાવ હોય તો તેને કાઢવાનો છે. જ્યારે સાત નય એ સાધના છે જેનાથી આત્માને પૂર્ણતાએ પહોંચાડવાની રુચિ કેળવવાની છે.

**સ્યાદથી કેવળજ્ઞાનનું અસ્યાદ્પણું :**

કેવળજ્ઞાનમાં સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ એક જ સમયે અર્થાત્ યુગપદ-સમકાળ વિદ્યમાન છે. તેના અસ્તિત્વથી 'સ્યાદ્ અસ્તિ' સમજવાનું છે. તે જ પ્રમાણે છદ્મસ્થજ્ઞાનમાં સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય એક જ સમયે સમકાળ વિદ્યમાન નથી તેના નાસ્તિપણાથી સ્યાદ્ નાસ્તિ સમજવાનું છે.

'સ્યાદ્' એટલે કે કંઈક, કથંચિત, દેશતત્વ, અસર્વતત્વ, Few, Little. 'અસ્યાદ્' એટલે જે સ્યાદ્ નથી તે અર્થાત્ જે સર્વ છે. કેવળજ્ઞાન એ સર્વનું જ્ઞાન છે-સર્વજ્ઞતા છે. સર્વનું જ્ઞાન હોવાથી કેવળજ્ઞાન અસ્યાદ્ છે. કેવળજ્ઞાન સિવાયના બાકીનાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ જ્ઞાન ઘણાં ઘણાં ભેદે છે અને શક્તિ અલ્પ છે. જ્યારે કેવળજ્ઞાન એક જ ભેદે છે. તેથી તે એકાન્ત છે-અદ્વૈત છે. પણ શક્તિ અનંત છે. આમ કેવળજ્ઞાન અસ્યાદ્ છે જ્યારે બાકીનાં સર્વ ચાર જ્ઞાન સ્યાદ્ છે. છતાંય મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનના અસ્તિત્વની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ સ્યાદ્ છે. પરંતુ કેવળજ્ઞાનની ઉપયોગ શક્તિ સ્વ કાર્ય કરવામાં અસ્યાદ્ અર્થાત્ સર્વરૂપ છે-પૂર્ણ છે-અક્રમિક છે-નિત્ય છે-અવિનાશી છે.

સ્યાદ્ શબ્દનું પ્રયોજન કરવા દ્વારા આપણા સહુની અપૂર્ણતાનું ભાન કરાયેલ છે. આપણને સ્યાદ્ કહેવા દ્વારા ચોંકાવેલ છે, કે આપણે છદ્મસ્થ, અપૂર્ણ અને અજ્ઞાની છીએ. અહીં અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ નથી, પરંતુ કેવળજ્ઞાની પરમાત્મ ભગવંત જે જાણે છે તેનાથી અનંતમાં ભાગનું પણ આપણે જાણતા નથી, તે અર્થમાં

કહેલ છે. સ્યાદ્વાદ દર્શન આપવા દ્વારા પરમાત્માએ પૂર્ણનું લક્ષ્ય કરાવવા સાથે સાથે તત્ત્વને સમ્યગ્ પ્રકારે સમજવાની ચાવી આપી છે.

પૂર્ણતત્વને સાથે રાખીને અપૂર્ણ તત્ત્વને સમજીશું તો બરાબર સમજાશે. નહિતર અપૂર્ણ તત્ત્વ પણ બરોબર સમજાશે નહિ. અને એની અપૂર્ણતાનો પૂરો ખ્યાલ આવશે નહિ. પૂર્ણને સાથે અને માથે રાખી અર્થાત્ પૂર્ણને નજર સમક્ષ રાખી, તત્ત્વને સમજવું તેનું જ નામ સ્યાદ્વાદ. સ્યાદ્વાદ એટલે કેવળજ્ઞાની-પૂર્ણજ્ઞાની ભગવંતની નિશ્રાએ વિધાન કરવા-વાતો કરવી અને સ્વયંના અહંને ઓગાળવો.

સ્યાદ્વાદ એટલે 'કેવલીગમ્યમ્'. સ્યાદ્વાદ એટલે સળંગ દૃષ્ટિ રાખીને જોવું. ખંડિત નહિ જોવું. સ્યાદ્વાદ એટલે સર્વતોમુખી દર્શન! સ્યાદ્વાદથી ખોટા અહમ્ કાઢવાના છે. ન્યામાધીશ નથી બનવાનું પણ અસ્યાદ્ એવાં પરમાત્મ તત્ત્વનું શરણ સ્વીકારવાનું છે.

વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મ ભગવંત સ્વયં તો પૂર્ણ છે. છતાં એમણે જે ધર્મ પ્રકાશ્યો-પ્રરૂપ્યો-સ્થાપ્યો તે, આપણે છદ્મસ્થ સ્યાદ્-અંશરૂપ હોવાથી આપણી અપેક્ષાએ, સ્યાદ્વાદદર્શન-સ્યાદ્વાદધર્મ સ્થાપ્યો છે.

હે જીવ ! સમષ્ટિ વિશ્વમાં સર્વ પાંચે અસ્તિકાય એક ક્ષેત્રી છે અને વિશ્વ સંચાલનમાં પોતપોતાના સ્વરૂપ ગુણ, સ્વભાવ પ્રમાણે ગુણકાર્ય કરતાં થકી સમષ્ટિ વિશ્વનું કાર્ય થવામાં પોતપોતાના ભાગ ભજવે છે, ફાળો આપે છે. પ્રત્યેક દ્રવ્ય, પોતપોતાનું જે કાર્ય છે તે જ કાર્ય કરી શકે છે અને પ્રતિ સમયે પોતાનું ગુણકાર્ય કરવામાં કાર્યશીલ, કાર્યરત છે, જેમાં એક ક્ષણનું પણ અંતર પડતું નથી. સમગ્ર વિશ્વમાં એક એક દ્રવ્ય સમષ્ટિ વિશ્વનો એક વિભાગ છે, અર્થાત્ દેશતત્વ છે. પરંતુ સર્વરૂપ નથી માટે જ સ્યાદ્ છે. છતાંય પોતાના ગુણકાર્યનો ફાળો આપવામાં સર્વદ્રવ્યો પ્રત્યે સર્વક્ષેત્રે, સર્વકાળે સ્યાદ્ નથી અર્થાત્ એવું નથી કે કોઇ દ્રવ્યને કામ આપે છે અને કોઇ દ્રવ્યને કામ આપતા નથી, કોઇ ક્ષેત્રે કામ આપે છે અને કોઇ ક્ષેત્રે કામ આપતા નથી. અથવા તો કોઇ કાળે કામ આપે છે અને કોઇ કાળે કામ આપતા નથી. સર્વ અસ્તિકાય પોતપોતાની ક્ષેત્ર વ્યાપ્તિમાં સર્વ દ્રવ્યોને, સર્વ કાળે એક સરખું સ્વભાવ કાર્ય કરે છે, તેથી તે અપેક્ષાએ અસ્યાદ્ છે.

હે જીવ ! તું સ્વયં પણ સમષ્ટિ વિશ્વની અંદરનો પાંચમો ભાગ (પાંચ અસ્તિકાય પૈકીનું એક અસ્તિકાય) છે અને તારું ગુણકાર્ય તારા સ્વભાવ પ્રમાણે જાણવા અને જણાવવાનું, પ્રકાશિત થવાનું અને પ્રકાશિત કરવાનું છે જે કાર્ય તું સર્વ રીતે કરતો નથી. જાણવાના કાર્યમાં તને સ્વયં જણાવું જોઇએ તેને બદલે તું જાણવા જાય છે અને જે કાંઇ જાણે છે તે અધૂરું કંઇક કંઇક જાણે છે, ક્રમથી જાણે છે, અનંત જાણતો નથી, અનંતા કાળથી કંઇક કંઇક જાણતો આવ્યો છે તે ક્રમ સમુચ્ચયથી અનંત છે જે પણ તારું તેં જાણેલું પાછું ભૂલી જાય છે. માટે તારું એ સ્યાદ્ સ્વરૂપ છે અને જે તારું અસ્યાદ્ સ્વરૂપ છે તે અપ્રગટ છે. આમ હે જીવ ! તું સ્યાદ્માં સ્યાદ્ છો ! જ્યારે તારા સિવાયના બીજાં બધાંય દ્રવ્યો સ્યાદ્માં સ્યાદ્ નથી. પરંતુ સ્યાદ્માં અસ્યાદ્ છે.

હે જીવ ! તું જીવરૂપી દ્રવ્ય બીજાં બધાં દ્રવ્યોને પ્રકાશિત કરનાર પ્રકાશક છો ! બધાંય દ્રવ્યોને ખ્યાતિ આપનાર, નામકરણ કરનાર, પ્રકાશિત કરનાર મહાન પ્રકાશક તત્ત્વ હે જીવ તું છે ! એથી જ જીવ ! તું સર્વદ્રવ્યોનો ઉપરી, સર્વોપરિ છો ! હે જીવ ! તું તારું તારાપણું, તારું સ્વયંનું બિરુદ તું ભૂલી ગયો છો ! તારા એ બિરુદને, પ્રકાશક સ્વરૂપને તું સંભાર અને સ્યાદ્માં સ્યાદ્ બની નહિ રહેતાં અસ્યાદ્ થા ! અને સ્યાદ્માં અસ્યાદ્ બન ! બધાં સારના સારરૂપ આ જ સાર છે. બધા સત્યના સત્યરૂપ આ જ સત્ય છે. સર્વ દુઃખના ભાગનું પરમ સાધન અસ્યાદ્રૂપ થવાપણું છે, જે થતાં અંતે સર્વમુખ સ્વરૂપ તું જેવો છે તેવો તું તને તારામાં અનુભવીશ, તું તને વેદીશ.

**નય નિક્ષેપા અતીત કેવળજ્ઞાન :**

સ્યાદ્વાદશૈલી તત્ત્વ નિરીક્ષણ માટે જેમ સર્વજ્ઞ ભગવંતે સપ્તભંગિનું પ્રદાન કરેલ છે તેમ સાધકને સાધનામાં વિકાસ માટે સાત નય બતાડેલ છે. દશ્ય પદાર્થ ઉપરના આપણા મતિજ્ઞાનના ઉપયોગનું નામ જ નય છે. આમ નય એ દૃષ્ટિ છે. છતાં સાથે સાથે નય એ કર્તા માટે કાર્ય સુધી પહોંચવાનો વિકાસક્રમ છે. જેટલાં પ્રકારનાં વચન છે તેટલાં પ્રકારના નય છે. 'જાવઇઆ વયણવહા તાવઇઆ ચેવ હોંતિ ણયવાયા, જાવઇઆ ણયવાયા તાવઇઆ ચેવ પરસમયા' એમ સિદ્ધસેન દિવાકરજીએ સન્મતિતર્ક નામના ગ્રંથમાં ફરમાવેલ છે.

એક પદાર્થને અનેક ધર્મો હોય છે. પદાર્થના એક ધર્મનો જોવો અને તે સિવાયના બીજાં ધર્મોનો અપલાપ (અવગણના) કરવો નહિ તેને 'નય' કહેવાય છે. પરંતુ જો પદાર્થના અન્ય ધર્મોનો અપલાપ કરવામાં આવે તો તે નયાભાસ કહેવાય છે.

આપણે છદ્મસ્થ એકી સાથે બધું જાણી શકતા નથી. અને એકી સાથે બધાથી (સર્વજ્ઞ કેવળી ભગવંત સહિત બધાથી) બધું બોલી શકાતું નથી. આવા છદ્મસ્થના ક્રમિક ઉપયોગના વિકલ્પનું નામ તથા ભાષાવર્ગણાના પુદ્ગલ નિમિત્તે થતાં ક્રમિક વચનવ્યવહારનું નામ નય છે. નય એ આપણું બુદ્ધિતત્ત્વ છે તેમ નય એ આપણી દૃષ્ટિ પણ છે. ક્રમથી જ્યાં જાણવાનું હોય તેનું નામ નય.

ઇન્દ્રિયોની મદદથી અથવા તો ઇન્દ્રિયોની મદદ સિવાય ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય જ્ઞાન જ્યારે કોઇ વસ્તુને યથાર્થપણે, વસ્તુને વસ્તુરૂપે પ્રકાશિત કરે છે ત્યારે તે 'પ્રમાણ' કહેવાય છે. પરંતુ પ્રમાણ દ્વારા પ્રકાશિત થયેલી વસ્તુને કે તત્ત્વને શબ્દ દ્વારા વચનયોગથી અન્યને જણાવવા માટે તે તત્ત્વના વિષયમાં જે અંશને સ્પર્શતી માનસિક વિચારક્રિયા થાય છે તે નય. અર્થાત્ શબ્દમાં ઉતારાતી કે ઉતારવા લાયક જે જ્ઞાનક્રિયા તે 'નય' અને તેનો પુરોગામી ચેતનાવ્યાપાર તે 'પ્રમાણ'. નય પ્રમાણભૂતજ્ઞાનનું અંશભૂત જ્ઞાન છે. પ્રમાણ વ્યાપારમાંથી જ નય વ્યાપારની ધારાઓ પ્રગટે છે. પ્રમાણદૃષ્ટિ, વસ્તુને અખંડરૂપે ગ્રહણ કરે છે અને વસ્તુના જુદા જુદા ધર્મ પરત્વેની મુખ્ય (પ્રધાન) દૃષ્ટિ એ નયદૃષ્ટિ છે. એક વસ્તુને એક વ્યક્તિ એકરૂપે જુએ છે અને સમજે છે જ્યારે અન્ય બીજી વ્યક્તિ બીજારૂપે જુએ સમજે છે. તેથી જ જુદી જુદી વ્યક્તિ જુદો જુદો અભિપ્રાય બાંધે છે. વ્યક્તિનો અભિપ્રાય વ્યક્તિના વસ્તુ-તત્ત્વ પ્રતિના અભિગમ, વલણ, દૃષ્ટિકોણ અનુસાર હોય છે. એક વ્યક્તિની સમજની બીજી વ્યક્તિને જાણ હોતી નથી. બંનેને એકબીજાની ભિન્ન ભિન્ન પ્રકારની સમજ માલુમ પડે તો એકમેકની અધુરી સમજની પૂર્તિ થાય ને જો બંને જિજ્ઞાસુ હોય તો અરસપરસના દૃષ્ટિબિંદુને યોગ્ય રીતે સમજે અને સ્વીકારે.

જેમ 'પ્રમાણ' એટલે શુદ્ધજ્ઞાન તેમ 'નય' એટલે પણ શુદ્ધ જ્ઞાન. ભેદ એટલો જ છે કે જે શુદ્ધ જ્ઞાન અખંડ વસ્તુને સ્પર્શે છે તે 'પ્રમાણ જ્ઞાન' છે. જ્યારે બીજું જે જ્ઞાન પણ શુદ્ધ હોવા છતાં વસ્તુના માત્ર અંશને સ્પર્શે છે તે 'નય' છે. મર્યાદાનું તારતમ્ય છે છતાંય બન્ને જ્ઞાન શુદ્ધ છે. પ્રમાણ રૂપ શુદ્ધ જ્ઞાનનો ઉપયોગ 'નય' દ્વારા થાય છે. કારણ કે પ્રમાણરૂપ શુદ્ધ જ્ઞાન જ્યારે બીજાની આગળ વ્યક્ત કરવામાં આવે છે ત્યારે તે ખાસ મર્યાદામાં આવી જવાથી નય બની જાય છે. વસ્તુની એક બાબત-અંશને સ્પર્શનારી એક નયદૃષ્ટિને એ જ વસ્તુની બીજી બાબત અર્થાત્ બીજા અંશની જાણ હોય પણ ખરી અને ન પણ હોય. જો જાણ હોય તો પણ પોતાના જ વિષયને સ્પર્શવાની એની મર્યાદા છે. કારણ કે વ્યવહારમાર્ગ એવો જ હોય છે. ઉદાહરણ તરીકે જ્ઞાનની મહત્તા અને ઉપયોગિતા બતાવવી હોય ત્યારે જ્ઞાનનું મહત્ત્વ જ વર્ણવાય તે જ્ઞાનદૃષ્ટિ રૂપ જ્ઞાનનયને આભારી છે. એ વખતે ક્રિયાને પણ સ્થાન છે એની જાણ હોવા છતાં જ્ઞાનનય પ્રસંગાનુસાર જ્ઞાનની જ મહત્તા વર્ણવે તેમાં તે કશું ખોટું કરતો નથી. હા ! ખોટું ત્યારે કહેવાય કે જ્યારે પોતાની વાતને ગાવાની ધૂનમાં ક્રિયાની ઉપયોગિતાના સ્થાનને નષ્ટ કરી નાંખે. આ જ વિચારસરણીના અનુસંધાનમાં આપણા જીવન વ્યવહારમાં પણ એ કહેવતનું ચલણ થયું છે કે...'લગનના ગીત લગન વખતે ગવાય' કે પછી 'લગન વખતે લગનના જ ગીત ગવાય'.

વસ્તુમાં એક ધર્મ નથી પણ એકથી અધિક અનેક ધર્મો છે. તેથી જ વસ્તુગત ભિન્ન ભિન્ન ધર્મોને લગતા જેટલાં અભિપ્રાયો તેટલા 'નયો' છે. જગતના વિચારોના આદાન-પ્રદાનનો બધો વ્યવહાર 'નય' છે. અનેકાન્ત દૃષ્ટિથી વસ્તુ એના વ્યાપક સ્વરૂપમાં એ કેવાં ધર્મોનો-ગુણોનો ભંડાર છે તે સમજાય છે અને વ્યવહારના વખતે એમાંની સમયોચિત બાબત (ધર્મ)નો ઉપયોગ કરવામાં આવે છે, તે નયનો પ્રદેશ છે. ઉદાહરણ તરીકે આત્મા નિત્ય છે એ નિઃશંક છે, કેમકે આત્માનો કદી નાશ થતો નથી. આત્મા અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે. પરંતુ આત્મા તેના સંસારી પર્યાયમાં હંમેશા પરિવર્તનને પામતો રહે છે. આત્મા ક્યારેક પશુ જીવનને પામે છે, ક્યારેક મનુષ્ય જીવનને પામે છે, ક્યારેક દેવભૂમિના દેવના જીવનને પામે છે, તો ક્યારેક નર્કમાં નારકીપણે ઉત્પન્ન થાય છે કે એકેન્દ્રિયપણાને પણ પામે છે. એક જ ભવમાં, એક જ શરીરમાં પણ આત્માની અનંત પ્રતિની યાત્રા કાંઇ ઓછી પરિવર્તનશીલ નથી. અવસ્થા, વિચાર, વેદના, ભાવના, હર્ષ, વિષાદ આદિના બાહ્ય તથા આંતરિક કેટકેટલાં પરિવર્તન થાય છે ! દેહધારી આત્મા સતત પરિવર્તનની ઘટમાળમાં ફરતો રહે છે. આ જ કારણને લીધે નિત્ય દ્રવ્યરૂપ આત્માને કદાચિત અનિત્ય પણ માની શકાય, છતાં પ્રમાણજ્ઞાન તો આત્માને એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય નહિ કહેતાં નિત્યાનિત્ય કહેશે. બૌદ્ધદર્શનનું મંડાણ 'જગત ક્ષણિક છે-અનિત્ય છે' એવાં અનિત્યમત-ક્ષણિકવાદ ઉપર થયેલ છે. જ્યારે વૈદિક દર્શનનું મંડાણ, 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એ નિત્યતાના મત ઉપર એટલે કે નિત્ય એવાં આત્મા સિવાય કશું જ નથી, એવા દૃષ્ટિકોણ ઉપર થયેલ છે. વાસ્તવિક તો પ્રમાણજ્ઞાનના વિધાનથી, કે જે સર્વજ્ઞપ્રણીત જૈનદર્શનનો મત છે, તે અનુસાર જગત નિત્યાનિત્ય છે. જગત પ્રવાહથી અનાદિ-અનંત હોવાથી નિત્ય છે. પરંતુ જગત સ્થિતિથી, ઘટના, બનાવો આદિથી સાદિ-સાન્ત હોવાથી, પરિવર્તનશીલ હોવાથી અનિત્ય છે-ક્ષણિક છે-મિથ્યા છે-વિનાશી છે. માટે જ પ્રમાણ વિધાન એ છે કે જગત સાદિ-સાન્તપૂર્વક અનાદિ-અનંત છે અર્થાત્ કે નિત્યાનિત્ય છે.

સાધકનું સાધ્ય વીતરાગતાની પ્રાપ્તિ છે કેમકે વીતરાગ થવાય તો નિર્વિકલ્પકતા અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ આપોઆપ થાય અને પરમાત્મા બનાય. સાધકને મતલબ વીતરાગતા પ્રાપ્ત કરવાથી છે. વસ્તુના વિનાશી અર્થાત્ અનિત્ય સ્વરૂપને લક્ષમાં લઇ વિનાશને જ દુઃખરૂપ સમજીએ અને તે પ્રત્યે વૈરાગ્ય કેળવી તે વિનાશી પદાર્થથી છૂટવાની, પર થવાની સાધના સાધક કરી શકે અને વીતરાગ બની શકે. એ જ પ્રમાણે સાધક વસ્તુના નિત્ય સ્વરૂપને લક્ષમાં લઇ નિત્યતા-અવિનાશિતામાં જ સુખ છે, એમ સમજીને નિત્ય સ્વરૂપની પ્રાપ્તિની સાધના કરી સાધક નિત્યથી અનાદિ થઈ શકે અર્થાત્ વીતરાગ બની શકે. આમાં પ્રથમ વિકલ્પ નિષેધાત્મક છે, જ્યારે બીજો વિકલ્પ વિધેયાત્મક છે. જૈન દર્શનમાં ઉભય વિકલ્પથી સાધના, માર્ગ બતાડવામાં આવ્યો છે. નિત્ય છે તેને નિત્ય સ્વરૂપે બતાડેલ છે અને અનિત્ય છે તેને અનિત્ય સ્વરૂપે બતાડેલ છે. અનિત્યથી છૂટવા અને નિત્યથી જોડાવા જણાવેલ છે. 'સ્વમાં વસ અને પરથી ખસ' તેમજ 'સ્વને ભજ અને પરને તજ' એ આ સંદર્ભમાં જ ફરમાવેલ છે. સ્વભાવ 'સ્વ' છે. તે અવિનાશી છે જે આવવા જવાના સ્વભાવવાળું નથી, જ્યારે 'પર' છે તે વિનાશી છે, જેનો સંયોગ પણ છે અને વિયોગ પણ છે. 'પર' છે તે આવવા જવાના ધર્મ વાળું છે. અને અપ્રાપ્ત છે. જ્યારે 'સ્વ' તો સાથે જ છે, સ્વ રૂપ છે અને પ્રાપ્ત જ છે. માત્ર એ આવૃત છે જેને અનાવૃત કરવાનું છે. અર્થાત્ પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે. એટલે કે પ્રાપ્તનું વર્તમાનમાં જે વેદન નથી તેને વેદનમાં લાવવાનું છે. આમ જૈન દર્શને વીતરાગતા તરફનું બે પાંખે ઉડ્ડયન બતાડેલ છે, કે જેનાથી લક્ષને શીઘ્ર આંબી શકાય છે. જૈન દર્શને સ્વ નિત્યનું લક્ષ્ય કરવા અને પર એવાં પુદ્ગલદ્રવ્યની અનિત્યતા પ્રતિ વૈરાગ્ય કેળવવા ફરમાવેલ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય એ સ્વ હોવાથી, સ્વ-રૂપ હોવાથી, સ્વ-ભાવ હોવાથી પંચાચાર પાલના રૂપ ધર્મ-વિધેયાત્મક ધર્મ બતાડવા સાથે સાથે પંચમહાવ્રતરૂપ વૈરાગ્ય ધર્મ અને દાન, શીલ, તપ, ભાવ રૂપ ચાર પ્રકારનો ત્યાગધર્મ જે નિષેધાત્મક ધર્મ છે એ પણ બતાડ્યો. રત્નત્રયીની આરાધના બતાડવા સહિત પરને છોડવારૂપ ત્યાગધર્મ પણ બતાડ્યો.

નયોનું નિરૂપણ એટલે વિચારોનું વર્ગીકરણ. નયવાદ એટલે વિચારમીમાંસા. આમ વિકલ્પદૃષ્ટિ કે જેને નય કહેવાય છે તે નયના અનંતા ભેદ છે. એ અનંત નયોનો સમાવેશ મુખ્ય સાતસો નયોમાં થાય છે અને એ સાતસો નયોનો સમાવેશ મુખ્ય સાત નયોમાં કરવામાં આવે છે જે શાસ્ત્રીય પરિપાટી છે. એ સાત નયો નીચે પ્રમાણે છે. (૧) નૈગમ નય (૨) સંગ્રહ નય (૩) વ્યવહાર નય (૪) ઋજુસૂત્ર નય જેના પેટા વિભાગ સ્થૂલ અને સૂક્ષ્મ છે. (૫) શબ્દ નય (૬) સમભિરૂઢ નય (૭) એવંભૂત નય. આ સાત નયોનો પાછો બે જ નય, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય તથા વ્યવહારનય અને નિશ્ચયનયમાં સંકોચ થાય છે. કષાયોને હણી અવિકારી, અવિનાશી, વીતરાગી બની પારમાર્થિક એવંભૂત નય એટલે કે તેરમા સયોગી કેવળી ગુણસ્થાનકે પહોંચાડનાર નય સુનય છે, જ્યારે દેહભાવ, સંસારભાવ તરફ દોરી જનાર નય કુનય છે. પદાર્થના ગુણધર્મોને અનુલક્ષીને સુનય-કુનયના ભેદ નથી. પદાર્થને જોઇને એના સ્વ પરત્વે કેવા ભાવ કરીએ છીએ એ ઉપરથી સંસારભાવ કે મોક્ષભાવ સમજવાનો હોય છે. માટે જ દેહભાવ એ કુનય છે અને આત્મભાવ એ સુનય છે. કોઇપણ પદાર્થને રાગપૂર્વક જોવો જાણવો નહિ અને જોયા જાણ્યા બાદ રાગ કરવો નહિ એ 'સુનય દૃષ્ટિ' છે. જ્ઞાતા દૃષ્ટા ભાવ એ 'સુનય દૃષ્ટિ' જ્યારે રાગભાવ હઠાવવા તે 'સુનય' છે. એથી વિપરીત સંસારમાં જેટલાં જેટલાં આપણા દેહભાવ-મોહભાવ છે, તે સઘળાં 'કુનય' છે અને તે મિથ્યાદર્શન છે. આત્મભાવ, આધ્યાત્મિક ભાવ સુનય છે.

આ સાત નયો એ કર્તા-ભોક્તાભાવવાળા જીવોના જીવનમાં સાત પગથિયાંરૂપ સીડી છે, જે સાધના પણ છે અને જીવન પણ છે. જેને દૃષ્ટિ મળેલ છે તે દૃષ્ટિ કરે છે એવા સંસારી જીવ માટેની આ સાત નયની વાત છે. વળી જેમ સાત નય છે, તેમ દૃષ્ટિનું પણ આઠ દૃષ્ટિમાં વિભાજન કરેલ છે, તે પણ વિકાસક્રમના આઠ સોપાન છે. એ આઠ દૃષ્ટિ (૧) મિત્રા (૨) તારા (૩) બલા (૪) દિપ્રા (૫) સ્થિરા (૬) કાન્તા (૭) પ્રભા અને (૮) પરા. પૂર્વ મહર્ષી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીએ એમના યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ગ્રંથમાં આ વિષયમાં વિગતે વિચારણા કરેલ છે. દૃષ્ટિ તો એક જ છે. પરરંતુ ચિત્તના આઠ દોષો જે છે તે આઠ દોષો એકેક કરીને જતાં દૃષ્ટિમાં જે સુધારો થાય તે અનુસાર તે દૃષ્ટિના આઠ નામ જણાવેલ છે. સંસારી જીવને ભવિષ્ય છે અને ભવિષ્ય છે એટલે સંસ્કૃતિ અને વિકૃતિના પ્રશ્નો છે. સંસ્કૃતિમાં ઉત્તરોત્તર વિકાસ કેમ થાય તે સૂચવનારા સાત નય છે કે આઠ દૃષ્ટિ છે. જે પદાર્થમાં કાર્યકારણની પરંપરા છે ત્યાં નય મીમાંસા છે. જ્યાં પ્રયોજન છે, જ્યાં સંકલ્પ છે, જ્યાં કાર્ય છે અને જ્યાં લક્ષ્ય છે ત્યાં સાત નય છે. કાર્યસિદ્ધિ-એવંભૂ નય સુધી પહોંચાડનરા વિકાસના તબક્કાને સૂચવનારા એ સાત નય છે. તે સાત સોપાન છે. પરંતુ અંતિમ કાર્યસિદ્ધિ પછી જ્યાં કાર્ય-કારણનો અંત છે ત્યાં કૃતકૃત્યતા છે, પૂર્ણતા છે, એકાન્તિકતા છે, આત્યંતિકા છે અને ત્યાં નયોનો વિરામ છે, એટલે કે નયોના ભેદને પછી ત્યાં કોઇ અવકાશ નથી અને આવશ્યકતા નથી. કેવળજ્ઞાનના પ્રગટીકરણ પછી એ અંતિમ કાર્યસિદ્ધિ હોવાથી, કૃતકૃત્યાવસ્થા હોવાથી કેવળજ્ઞાન નયાતીત છે, કારણ કે કેવળી ભગવંતો તો પોતે પૂર્ણ જ્ઞાતા-દૃષ્ટા, સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ છે. દેશવિરતિ, સર્વવિરતિ રૂપ ચારિત્રધર્મ, મોક્ષમાર્ગ, સાધનામાર્ગ સર્વ નયાશ્રિત છે. આ બધા ગુણો આત્મભાવ રૂપ છે. જ્યારે શુદ્ધ સ્વરૂપ આત્મધર્મ એ સર્વ નયાતીત છે અને સર્વ પ્રમાણરૂપ છે.

પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા એટલે જ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા. વાસ્તવિક પ્રમાણ જો કાંઇ હોય તો તે જ્ઞાન જ છે અર્થાત્ જ્ઞાન જ પ્રમાણ છે અને તેમાંય માત્ર કેવળજ્ઞાન જ પ્રમાણભૂત છે, કારણ કે કેવળજ્ઞાન કોઇ અન્ય પ્રમાણ વડે પ્રમાણિત નથી. કેવળજ્ઞાન સ્વયંસિદ્ધ અને સ્વસંવેદ્ય છે. જ્યારે કેવળજ્ઞાન સિવાયના પ્રમાણ અન્ય પ્રમાણ વડે પ્રમાણિત છે. બીજાં પ્રમાણ બાબત તો એવું બને છે કે વસ્તુ જોઇએ કાંઇ અને સ્મરણ કરીએ કાંઇ. દાખલા તરીકે સફેદ સાડલો પહેરેલ મહિલાવૃંદને જોતાં સ્મરણ કોકના મરણનું થાય. અહીં દશ્ય અને સ્મરણ જુદાં છે. કેવળજ્ઞાન સર્વપ્રમાણ છે, કારણ કે કેવળજ્ઞાન તો સાકાર, નિરાકાર, એકાકાર, સર્વાકાર અને શૂન્યાકાર છે અને તેથી જ સ્વયંસિદ્ધ છે અને પ્રમાણભૂત છે. એથી જ અવધૂત યોગી શ્રી આનંદઘનજી મહારાજાએ ગાયું છે કે...

'નય નિક્ષેપે રે જેહ ન જાણીએ જિહાં પ્રસરે ન પ્રમાણ.

નય દેશતત્વ છે જ્યારે પ્રમાણ પૂર્ણતત્ત્વ, સર્વતત્ત્વ છે. છતાં આવા પ્રમાણ જ્ઞાનને, કેવળીભગવંતોએ વચનયોગના માધ્યમથી ભાષાવર્ગણાના પુદગલોને ગ્રહણ કરીને કામ લેવાનું આવે છે ત્યારે નય આશ્રિત વ્યવહાર હોય છે, કારણ કે પુદ્ગલથી થતો વ્યવહાર ક્રમિક હોય છે. માટે જ તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ ભગવંતોની દેશના દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નય આશ્રિત હોય છે .

જેમ નય વિકાસના તબક્કાને સૂચવનાર છે તેમ નિક્ષેપા એ પદાર્થની સ્થિતિ છે. સંસારી જીવોનો જીવનવ્યવહાર નિક્ષેપાથી છે. નિક્ષેપાના ચાર ભેદ છે. વિશ્વમાં જે કોઇ પદાર્થનું અસ્તિત્વ હોય તેનું નામકરણ હોય જ ! કેમકે નામકરણ હોય તો જ તેનો વ્યવહાર શક્ય બને. શબ્દોચ્ચાર વડે જ વ્યવહાર થતો હોય છે. સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને ચાર નિક્ષેપાથી વિશેષ સંબંધ છે. એમાં પણ મનુષ્યયોનિમાંનો નિક્ષેપાથી થતો જીવનવ્યવહાર વિશેષે વિચારણીય છે. આપણું જીવન પણ આ નિક્ષેપાના ભેદથી ચાર ભેદવાળું છે. વ્યવહારમાં આપણું નામ છે. તેમ આપણું રૂપ પણ છે અને તે રૂપની હૂબહૂ પ્રતિકૃતિ એટલે પ્રતિમા, તસ્વીર આદિ છે. પ્રતિકૃતિથી ઓળખપત્ર Identity Cardથી આપણી ઓળખ પ્રસ્થાપિત થાય છે. એજ પ્રમાણે ચિહ્નો, મુદ્રા, સિમ્બોલ (પ્રતીક), લોગો, સીલ, એમ્બ્લેમ, વિઝિટિંગ કાર્ડ વગેરે વગેરે હોય છે તે સર્વ સ્થાપના નિક્ષેપાના પ્રકાર છે. આપણે પોતે દ્રવ્ય (જીવદળ-આત્મપ્રદેશપિંડ) છીએ અને વળી આપણે પોતે અન્ય જડ ચેતન દ્રવ્યની સાથે સંબંધમાં આવીએ છીએ. જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સાથે સંબંધમાં આવીએ તે સંબંધ દ્વારા કેન્દ્રમાં આપણે હોઇએ છીએ તેથી આપણી જ સ્મૃતિ એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સાથેની વિચારણા કરતાં તરત જ ચિત્તમાં ઉપસી આવે છે કે ઉભરી આવે છે. આ દ્રવ્ય નિક્ષેપો છે જેનું સ્વરૂપ ખૂબ જ વિચારણીય છે. કોઇપણ એક વ્યક્તિને કેન્દ્રમાં રાખી પછી તેના સંબંધમાં આવનાર અન્ય જડ કે ચેતન દ્રવ્ય તથા એણે સ્પર્શના કરેલ ક્ષેત્ર, એનો વ્યવહારકાળ રહેલ તે વ્યક્તિની યાદ સ્મૃતિપટ, માનસપટ ઉપર છવાઈ જાય છે. આ તો સર્વના જાત અનુભવની વાત છે. ઉદાહરણ તરીકે ભગવાન મહાવીર સ્વામીને કેન્દ્રમાં રાખી તેમના દ્રવ્યનિક્ષેપાની વિચારણા કરીએ તો ભગવાન મહાવીર એમના જીવનકાળ દરમિયાન જે જે જીવોના સંબંધમાં આવ્યા તે તે જેમકે તેમનાં માતા ત્રિશલા, દેવાનંદા, પિતા સિદ્ધાર્થ, ભાઇ નંદીવર્ધન, બેન સુદર્શના, પુત્રી પ્રિયદર્શિની, જમાઇ જામાલિ, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, મેઘકુમાર, ગોશાળો, સંગમ, ચંદનબાલા, મૃગાવતી, સુલસા, રેવતી, શ્રેણિક, પુણિયો, ચંડકૌશિક આદિનું નામ લેતાં જ તેમનો ભગવંત સાથેનો સંબંધ અને ભગવંત મહાવીર સ્વામી તરત જ સહજ યાદ આવી જાય છે. એજ પ્રમાણે ભગવંતે જે જે ક્ષેત્રની સ્પર્શના કરી તે ક્ષત્રિયકુંડ, વૈશાલી, અપાપાપુરી-પાવાપુરી, રાજગૃહી, કોલાકસંન્નિવેશ, ઋજુવાલિકા આદિ સર્વ ક્ષેત્રોના નામોચ્ચારથી ભગવાન મહાવીર સ્વામી સાથે સંબંધ સ્થાપિત થશે, અર્થાત્ એમનું નામસ્મરણ થશે. ભગવંત મહાવીર સ્વામી સાથે જોડાણ-અનુસંધાન થશે. ચૈત્ર સુદ તેરસ (જન્મ કલ્યાણક), વૈશાખ સુદ દશમ (કેવળજ્ઞાન કલ્યાણક), અષાઢ સુદ છઠ (ચ્યવન કલ્યાણક) આદિ ભગવંતના વ્યવહારકાળના સંબંધિત દિવસોથી ભગવંત સાથે જ નાતો જોડાય છે. ભગવંતે જેવાં સાધક ભાવ સાધના દરમિયાન ઉપસર્ગ, પરિષહ સહન કરતાં સેવ્યાં હતાં, ચંડકૌશિક સાથેનો ઉપશમભાવ. સંગમ પ્રતિનો કરુણાનો ભાવ, સવિ જીવ કરું શાનસરસીનો ભાવ તથા કેવળજ્ઞાન પ્રગટ થયા બાદના સ્વરૂપની વિચારણા આદિ ભાવો વિષે વિચારતાં ભગવાન જ તાદશ થાય છે. પર્યુષણાપર્વ દરમિયાન કલ્પસૂત્રના અને બારસાસૂત્રના વાચનથી ભગવાન મહાવીર સ્વામીની દ્રવ્યનિક્ષેપાથી પૂજા થતી હોય છે. એજ પ્રમાણે પદાર્થમાં રહેલ ગુણ પર્યાયને તે પદાર્થનો ભાવ એટલે કે ભાવ નિક્ષેપો કહેવાય છે. પુદ્ગલદ્રવ્યના ભાવ નિક્ષેપામાં ક્રમિક, વિનાશી, પરિવર્તનશીલ એવાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ભાવ આવે છે, તથા તેનાથી ચાલતું જગત આવે છે. જીવના ભાવ તે તે જીવના ગુણ-દોષ રૂપ તમસ, રાજસ, સાત્ત્વિક ભાવો અને ચૈતન્ય લક્ષણરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ભાવો તેમજ સુખ, દુ:ખ, આનંદના ભાવો ભાવનિક્ષેપામાં આવે છે. ધર્મ, અધર્મ, આકાશાસ્તિકાયમાં તે તે દ્રવ્યના પરમભાવરૂપ લક્ષણ એવાં ગતિ, સ્થિતિ, અવગાહના- દાયિત્વ તે તે દ્રવ્યોના અનુક્રમે ભાવ નિક્ષેપા છે. ભગવાનના સ્વરૂપગુણોની વિચારણા, ચિંતવના, સ્તવના, એ ભગવાનની ભાવનિક્ષેપે કરાતી પૂજના, અર્ચના છે. આઠેય કર્મના ક્ષયથી પ્રાપ્ત થયેલ ભગવાનનું નિરંજન, નિરાકાર, અનામી, અરૂપી, નિરાવરણ સ્વરૂપ કે પછી ચારેય ઘાતિકર્મના ક્ષયથી પ્રાપ્ત થયેલ અષ્ટ પ્રાતિહાર્યો સહિતનું સાકાર અરિહંતસ્વરૂપ, તીર્થંકર સ્વરૂપ તે ભગવાનના ભાવ નિક્ષેપો છે. અહીં એ જાણી લેવું જરૂરી છે કે ભગવાનનું સમોવસરણ, ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયા પછી જ દેવો રચે છે, માટે સમોવસરણ અને કેવળજ્ઞાનનો અવિનાભાવિ સંબંધ છે. સમોવસરણ એ ઉપચરિત સત્ય છે. તીર્થંકરના જીવોને કેવળજ્ઞાન થાય એટલે સમોવસરણ રચાય અને તેથી સમોવસરણ થાય એટલે કેવળજ્ઞાન થયું છે એમ સમજવું. આને દ્વિપક્ષી અવિનાભાવિ સંબંધ કહેવાય.

ભગવાનનું નામસ્મરણ એ નામ નિક્ષેપો છે. ભગવાનનું દર્શનસ્મરણ એ ભગવાનનો સ્થાપના નિક્ષેપો છે. ભગવંતની જીવનકથા શ્રવણસ્મરણ એ ભગવાનનો દ્રવ્ય નિક્ષેપો છે. અને ભગવદ્ સ્વરૂપ સ્મરણ એ ભાવનિક્ષેપો છે.

જેનું જીવન અપૂર્ણ છે, છાદ્મસ્થિક અને વ્યવહારયુક્ત છે, ભિન્ન, ભિન્ન દેશકાળ બાધિત સંબંધિત છે, તેનું જીવન નિક્ષેપામય છે. સર્વ જીવનવ્યવહાર, પ્રતિમા, પ્રતીક, પ્રતિકૃતિ, પ્રતિનિધિથી ચાલે છે. પરંતુ જેની અવસ્થા પૂર્ણ છે, જે કૃતકૃત્ય છે, તેને નિક્ષેપા લાગુ પડતા નથી. અર્થાત્ નિક્ષેપાના ભેદ ત્યાં સમાપ્ત થાય છે કેમકે તેઓ નિક્ષેપાતીત બને છે. આપણે જે ભગવાનના નિક્ષેપા કહીએ છીએ તે વ્યવહારનયની વ્યવહારભાષા છે કે જેમ વ્યવહારમાં કહીએ છીએ કે 'ઘઉં વીણે છે.' વાસ્તવિક તો ઘઉંમાથી કાંકરા વીણી વીણીને જુદા કાઢે. આપણી જે દશા હોય તે દશા પ્રમાણેની વાત છે. આપણી દશા જ આપણું સાધન બને છે. નિક્ષેપા આપણો જીવન વ્યવહાર છે. આપણા નેતાઓના, આપણા મહાપુરુષોના, આપણા પૂર્વજોની પ્રતિમાઓ બનાવીએ છીએ, પાળીઆ સ્થાપીએ છીએ તેમ આપણા ભગવાનની પ્રતિમા ભરાવી સ્થાપના નિક્ષેપે આપણે પૂજા કરીએ છીએ. તે આપણી દશામાંથી નિષ્પન્ન થયેલું સાધન છે જે વડે આપણે સાધના કરીએ છીએ. પ્રતિમા, સ્થાપના નિક્ષેપો એ આપણું સાધન છે. એ પ્રતિમા પૂજાય કે અપૂજિત રહે, યા કોઈ કાળે કોઇ કારણે ખંડિત થાય તો તેથી ભગવંતના ભગવદ્ સ્વરૂપમાં, ભગવદ્ભાવમાં, સ્વરૂપભાવમાં, કેવળજ્ઞાનમાં કોઇ ભેદ પડતો નથી, લેશમાત્ર ફરક પડતો નથી. ભગવાન તો નિક્ષેપાથી પર છે. નિક્ષેપાતીત છે. નિક્ષેપા છે ભગવાનના પણ તે છે આપણા માટે, આપણી સાધનાના સાધન, આલંબન તરીકે. ભગવાન તો નયાતીત છે, નિક્ષેપાતીત છે.

☐ સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી

# ગત શતકના શ્રાવક કવિ મનસુખલાલ

☐ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યના સર્જન અને વિકાસમાં સાધુકવિઓનું વિશેષ પ્રમાણમાં પ્રદાન છે. તેમ છતાં શ્રાવક વર્ગમાંથી પણ સર્જન તરફ પુરુષાર્થ કર્યો હોય તેવા કવિઓ-લેખકોનું પ્રમાણ અલ્પ સંખ્યામાં છે. આવા જ એક શ્રાવક કવિ મનસુખલાલનો પરિચય જૈન સાહિત્યના કવિઓમાં નોંધપાત્ર બને તેમ છે. મનસુખલાલનો જન્મ સંવત ૧૮૯૯ના મહાવદ ૧૪ના દિવસે ગોધરામાં થયો હતો. માતા જયંતી અને પિતા હરિલાલ પાસેથી જૈન કુળના આચારવિચારના સંસ્કાર પ્રાપ્ત કરીને તેમણે ખાનગી શાળામાં પરંપરાગત શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓએ બાલ્યાવસ્થામાં દાદા અંબાઇદાસની સાથે ઉપાશ્રયમાં વ્યાખ્યાન શ્રવણ દ્વારા સંસ્કારોને વધુ દઢ કર્યા હતા. ગોધરાની વીશા નીમા જૈન જ્ઞાતિમાં વેપાર ધંધાના સાહસ દ્વારા સિદ્ધિ મેળવનારા ઘણા છે. પણ જૈન દર્શનમાં ઊંડો અભ્યાસ કરનાર તે કવિ મનસુખલાલ છે. ૧૩ વર્ષની વયે તેમનાં લગ્ન થયાં ત્યારે જ્ઞાતિના રિવાજ મુજબ લગ્નવિધિમાં પાનબીડું અને કંસાર અપાય. પરંતુ મનસુખલાલે તેનો ત્યાગ કર્યો હતો. તેમણે જીવનનિર્વાહ અર્થે ગોધરા શહેરના મુખી શેઠ ઇસ્માઇલજી ગુલામહુસેન સાહેરવાલાને ત્યાં નોકરી કરી અને છેવટે દલાલીનો ધંધો શરૂ કર્યો હતો. મુસલમાન શેઠને ત્યાં નોકરી દરમિયાન કુરાનનો પણ એમણે અભ્યાસ કર્યો હતો. ઉંમર મોટી થતાં કવિએ પોતાના મોટા દીકરા મગનલાલને ધંધાની જવાબદારી સોંપીને જ્ઞાનોપાસનામાં સમય વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો. જૈન ધર્મનો અભ્યાસ કર્યો. તેના તત્ત્વજ્ઞાનમાં તેમને વધુ જિજ્ઞાસા જાગી. એમણે વિચાર્યું કે સાચા નિર્ગ્રંથને જ ગુરુ માનીને વંદન કરીશ. સ્વયંપ્રજ્ઞાથી શાસ્ત્રાભ્યાસ કરીને જ્ઞાનમાર્ગમાં તેઓ આગળ વધ્યા. અભ્યાસ દરમિયાન સમક્તિ અને ગુણસ્થાનક વિશે વધુ જિજ્ઞાસા થઇ ત્યારે તેના સમાધાન માટે હુકમ મુનિનો પરિચય થયો. એમની સાથેનો સત્સંગ થતાં અને સાચા ગુરુની પ્રાપ્તિ થતાં ને દર્શનશાસ્ત્રમાં તેમની શ્રદ્ધા વધુ દઢ બની.

કવિએ આચારાંગ, જીવાભિગમ, ઉત્તરાધ્યયન, નંદી સૂત્ર, મહાનિશીથ જેવા આગમ ગ્રંથોનો, અષ્ટ પાહુડ અને દ્રવ્યાનુયોગનો પણ અભ્યાસ કર્યો. તેના જ્ઞાનમાર્ગના પ્રખર અભ્યાસી બન્યા. તેઓ પોતાના સ્નેહી અને મિત્રોને ધર્મોપદેશ આપતા હતા. આ પ્રવૃત્તિમાંથી સ્વયંસ્ફુરણા દ્વારા એમણે વિવિધકાવ્ય પ્રકારોમાં સાહિત્ય સર્જન કર્યું હતું.

કવિની કલમની પ્રસાદીનો પ્રારંભ સં. ૧૯૫૭માં થયો હતો. એમના ગ્રંથો 'સુમતિવિલાસ', 'સુમતિવ્યવહાર', 'નવપદપૂજાદિ-સંગ્રહ' અને 'સુમતિપ્રકાશ' પ્રગટ થયા હતા.

સુમતિવિલાસમાં જ્ઞાન પરમાત્માસ્વરૂપ અધ્યાત્મ તથા દ્રવ્યાનુયોગના વિષયોને સ્પર્શતી, ઢાળ, પદ, દુહાની રચનાઓ છે. શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની ભૂમિકારૂપે આ ગ્રંથનું સર્જન થયું હતું. કવિના શબ્દોમાં આ ગ્રંથની માહિતી જોઇએ તો

'વિમલસુમતિ મંગલકરણ આશ્રી સુમતિવિલાસ
હરિ અબોધ ભાનુ પરે કરે સુજ્ઞાન પ્રકાશ.

જૈનદર્શનના પરંપરાગત વિચારોને શાસ્ત્ર અનુસાર પ્રગટ કરતાં તેઓ જણાવે છે કે :

'શાસન રહે જિન આણથી, આજ્ઞાએ વ્યવહાર;
નિજમત કલ્પિત જે કહે, તે ન લહે ભવપાર.'

સુમતિવ્યવહાર ગ્રંથમાં વ્યવહાર અને નિશ્ચયનયના વિવિધ વિચારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં ઉત્તરાધ્યયનસૂત્રના ૨૮મા અધ્યયનને અનુલક્ષીને મોક્ષમાર્ગની ઢાળબદ્ધ રચના કરી છે. કેશી-ગૌતમ સ્વામી પ્રશ્નોત્તર, તેર ક્રિયા અને અનાથી મુનિની સજઝાયની રચનાઓ છે. કવિએ સ્તવન રચના 'ચૈત્યવંદન અને સ્તુતિ ચોવીસી તથા ગહુંલીઓની રચના કરીને પોતાની કવિત્વ શક્તિનો વિશેષ પરિચય કરાવ્યો છે. તદુપરાંત જૈનદર્શનના પાયાના સિદ્ધાંતનું સ્વરૂપ સમજાવતી નવતત્ત્વ વિષયક ઢાળો અને વિષય-વાસના પરિહારને લગતા વિચારોની કાવ્યવાણીમાં અભિવ્યક્તિ કરી છે. સુમતિવિલાસ શુદ્ધ જ્ઞાનમાર્ગના પ્રતીક સમાન છે. જ્યારે સુમતિ-વ્યવહાર જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરીને, ઉપદેશોત્મક વલણ ધરાવે છે.

નવપદપૂજાદિસંગ્રહમાં તેમણે નવપદની પૂજાની પરંપરાગત રચના કરી છે. તેમાં વિવિધ પદો, ગહુંલીઓ, સ્તવનોનો સંચય છે. કવિ દેવચંદ્રજીના સાહિત્યથી પ્રભાવિત થયા હતા એટલે તેમણે દેવચંદ્ર સ્તવન ચોવીશીનો બાલાવબોધ, અષ્ટ પ્રવચન માતા અને પ્રભંજનાની સજઝાયનો સંચય કરીને આ ગ્રંથને વિવિધ વિષયોથી સમૃદ્ધ કર્યો છે. જ્ઞાનભક્તિ અને કર્મયોગના ત્રિવેણી સંગમનો ઉપરોક્ત ગ્રંથ છે.

સુમતિપ્રકાશમાં તેમણે તત્ત્વાર્થસાર, કર્મનું સ્વરૂપ, સામાયિક, મોક્ષમાર્ગ વિશે વિચારો વ્યક્ત કર્યા છે. મમત્વ પરિહાર વિશે કવિ દ્રુત વિલંબિત છંદ પ્રયોગમાં રચના કરતાં જણાવે છે કે 'વિમલ આતમ ધર્મસુદાયકં, અચલ મોક્ષ સુખ શિવ વિનાયકં, નમિય આદીશ્વરં શિવદાયકં, સુખ શુદ્ધાત્મ ભોગત ક્ષાયકં. એમની કવિ તરીકેની પ્રતિભાની કેટલીક વિશેષતાઓ નીચે મુજબ છે.

કવિનો સર્જનકાળ સં. ૧૯૫૭થી ૧૯૬૬ એટલે કે ૧૧ વર્ષનો છે. એમની જ્ઞાનમાર્ગની રચનાઓ ગહન ગંભીર ને રહસ્યમય છે તો ભક્તિપ્રધાન રચનાઓ જનસાધારણ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે. સ્વવન, ચૈત્યવંદન, સ્તુતિ, ગહુંલી, પદ, ગઝલ, દુહા, ઢાળ, પૂજા જેવા કાવ્યપ્રકારોમાં જ્ઞાન અને ભક્તિ વિષયક વિચારો તેમણે વ્યક્ત કર્યા છે. તદુપરાંત બાલાવબોધની રચના કરીને દર્શન શાસ્ત્રના કઠિન વિચારોનું સંક્રમણ કરવાનો પુરુષાર્થ કર્યો છે .

કવિએ અક્ષરમેળ તથા માત્રામેળ છંદોનો પ્રયોગ કરીને કાવ્યને અનુરૂપ લય સાધ્યો છે ને સાથે સાથે પ્રચલિત દેશીઓનો પ્રયોગ કરીને કાવ્યમાં ગેયતાનું તત્ત્વ સિદ્ધ થયેલું જોવા મળે છે.

હરિગીત છંદની એક રચનાનો નમૂનો નીચે મુજબ છે.

'જગ પરમ સુખકર દુરિત દુઃખહર સહજ ધરમ શુદ્ધાતમા
વિકલ્પ તજી થિર ધ્યાનમાં નિજ ધ્યાઇ હો પરમાતમા
પચાસ્તિની જે પરિણતિ તે સહજ ભાવે પરિણમે
તસ રોકવા નહીં અન્ય સારથ કાંઇની પણ કોઇ સમે ।।૧।।'

સુમતિપ્રકાશની કેટલીક કાવ્યરચનાઓમાં શબ્દપસંદગી વર્ણાનુપ્રાસને અનુસરીને કાવ્યતત્ત્વની ઝાંખી કરાવે છે.

'પરમ પંચ પરમેષ્ઠી વંદી સુમન રંગ ઉમંગમાં
જળ ભરી થાપો કુંભ અમૃત અમૃત આણા જિનભવિ સંગમાં.'

વિમલનાથના સ્તવનની પ્રારંભની પંક્તિમાં પ્રભુદર્શનની ધન્યતા અનુભવતા કવિ સહજ રીતે બોલી ઊઠે છે કે

ધન્ય તું ! ધન્ય તું ! ધન્ય જિનરાજ તું,
ધન્ય તુજ શક્તિ ભક્તિ સનૂરી

કાર્ય કારણ દશા સહજ ઉપઝરતા

શુદ્ધ કર્તૃત્વ પરિણામ પૂરી. ॥ ધન્ય ॥ ૧ ॥

ભગવાન મહાવીરના છપ્પામાં વિશેષણયુક્ત અભિવ્યક્તિ કલાત્મક બની છે.

'મહાવીર જિનરાજ, અનંત ચતુષ્ટયધારી
નય નિક્ષેપ પ્રમાણ સિવ પદયુત અવિકારી
શુદ્ધ પ્રરૂપ્યા અર્થજ્ઞાન સંયમના કારણ
ખચિ જેહથી થાય, કર્મ અરિઅષ્ટ નિવારણ
લાભ તેનો લહી વિનીત જન નિજભાવે જે થિર રહે
લહી લબ્ધિ પંથનિજ શિવપુરે સાદિ અનંતે સુખ લહે.'

(આમાં પ્રત્યેક પંક્તિનો પ્રથમ અક્ષર લેતાં કવિનું નામ મનસુખલાલ વંચાય છે.)

ધર્મમાં વિનય પ્રધાન છે. તે વિશેની ગહુંલીની પંક્તિઓ નીચે મુજબ છે.

રત્નત્રય આરાધવા સહીયર મોરી, વિનય ભજો મહામંત્ર રહો સહીયર મોરી,
નાસે દુરગુણ તંગ હો-સહજ સલુણી મારી ચેતના,સહીયર મોરી
સમસુખ લીની મારી, ચેતના સહીયર મોરી
વિનય કરો સુખ કંદ હો... .

કવિની અભિવ્યક્તિમાં વર્ણ અને લયનો સમન્વય સધાયો છે.

કવિના પદોમાં મધ્યકાલીન પ્રચલિત રાગ અને દેશીઓનો પ્રયોગ થયો છે. સારંગ રાગની પંક્તિ નીચે મુજબ છે.

'મેરે નાથ કો બોલ અમોલ હૈ, અમોલ અતોલ સહુ કો લહે
જાણે માને, ધ્યાને રાખે કામીત પૂરણ સોઉ રૈ.'

સમકાલીન પ્રભાવથી પ્રેરાઇને કવિની રચનાઓમાં કેટલીક ગઝલો સ્થાન પામેલી છે. ઉદાહરણરૂપે --

'જૈનવાણ રત્નખાણ ગુણનિધાન ધ્યાઇએ
શુકલધ્યાન લગનતાન આત્મ પ્રગટ પાઇએ
ન વિભાવ રાગ રોષ લાગ મોહ્યો ન સાઇયે
ન અન્યકામ સગુણ લાગ ધ્યાન રીઝયો રમાઇએ.'

એમનાં સ્તવનોમાં પ્રભુના સૌંદર્ય વર્ણન ગુણગાનની સાથે ભક્તના ઉદ્ગારની યાચના દર્શાવવામાં આવી છે. સુવિધિનાથના સ્તવનની પંક્તિઓ જોઇએ :

પ્યારા પુષ્પદંત જિનરાય, હરો ભવ પીર હમારી
'પ્રીતની રીત લહયા વિણ મેં તો તુમસે પ્રીત ન ધારી
અથિર ચપળ પુદ્ગલ પરિણતિમાં પૂરણ પ્રીત વિચારી ॥૧॥'

ઉપરોક્ત ઉદાહરણોને આધારે એમની કવિપ્રતિભાનો પરિચય થાય છે. વિષય વૈવિધ્યની સાથે રાગ-છંદ અને દેશીઓની વિવિધતાથી શુદ્ધ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગની રચનાઓ એમણે કરી છે. કવિના કેન્દ્રવર્તી વિચારો જૈનદર્શનના હોવાથી કેટલાક પરિભાષિક શબ્દોની સમજુતી વગર અભ્યાસ થઇ શકે તેમ નથી. તે દષ્ટિએ કવિએ આવા શબ્દોનો પરિચય ગ્રંથને અંતે પરિશિષ્ટમાં આપીને તત્ત્વજ્ઞાનના વિચારો ગ્રહણ કરવા માટે માર્ગ મોકળો કરી આપ્યો છે. ઉત્સૂત્ર પ્રરૂપણા ન થાય તે માટેની સતત કાળજી રાખીને કલમ ચલાવી છે. કોઇપણ ગુરુ કે પંડિત પાસે અભ્યાસ કર્યા વગર સહજ સ્ફુરણાથી દર્શન- શાસ્ત્રના કઠિન વિચારોને કાવ્યમાં વ્યક્ત કરીને મધ્યકાલીન સમયના જ્ઞાનમાર્ગની કવિતાને અર્વાચીન કાળમાં પણ મૂર્તિમંત રીતે સાતત્ય જાળવી રાખવાનો એમણે પુરુષાર્થ કર્યો છે. વીશા નીમા જૈન જ્ઞાતિના એક પ્રતિષ્ઠિત કવિ તરીકે એમણે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સંસારી હોવા છતાં જળકમળવત્ રહીને વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય કરતી એમની કવિતા અર્વાચીન જૈન કાવ્યસાહિત્યની ઐતિહાસ ઘટના તરીકે નોંધપાત્ર બને છે. અર્વાચીન સાહિત્ય ગદ્યમાં વિશેષરૂપે પ્રગટ થઇ રહ્યું છે, ત્યારે પરંપરાગત કાવ્યશૈલીમાં રચના દ્વારા સાહિત્યને સમૃદ્ધ કરીને સંસ્કારપોષક સંવર્ધક સાહિત્યમાં કવિના ગ્રંથો આદરણીય, અનુકરણીય અને અનુમોદનીય છે.

એમના ઉપદેશથી વીશા નીમા જ્ઞાતિના ભક્તો કવિ પ્રત્યે ઉપકારની ભાવનાથી સતત ભક્તિભાવથી સન્માનની લાગણી પ્રગટ કરીને જીવનની કૃતકૃત્યતા અનુભવતા હતા. ગોધરા, વેજલપુર અને દાહોદમાં આવા ભક્તો વિશેષ હતા. સમય જતાં આંખો નબળી થતાં અને શરીરની તંદુરસ્તી સારી ન રહેતાં તેઓ દાહોદમાં સ્થાયી થયા હતા. એમનું આયુષ્ય અંદાજે ૭૭ વર્ષનું હતું. એમના અવસાનને દિવસે દાહોદ શહેરમાં પાખી પાળવામાં આવી હતી. અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવી હતી. જનશ્રુતિ અનુસાર એમના નશ્વર દેહ પ્રત્યે પૂજ્ય ભાવના અને આત્માની પવિત્રતાને અનુલક્ષીને પાલખીમાં બેસાડીને અંતિમવિધિ કરવામાં આવી હતી. કવિ મનસુખલાલનો પરિચય શ્રાવક વર્ગને જ્ઞાનમાર્ગની ઉપાસનામાં પ્રેરક નીવડે તેમ છે. એમનું જીવન અને કાર્ય વીશા નીમા જૈન જ્ઞાતિનું ગૌરવ વધારીને સાહિત્ય જગતમાં અમર કીર્તિ પ્રાપ્ત કરાવે છે.

❖❖❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે, ચિખોદરાની આંખની હોસ્પિટલ દ્વારા, સ્વ. જ્યોત્સનાબહેન ભૂપેન્દ્ર ઝવેરીના સ્મરણાર્થે એક નેત્રયજ્ઞનું આયોજન રવિવાર તા. ૨૯મી માર્ચ ૧૯૯૮ના રોજ શિવરાજપુર (જિ. વડોદરા) મુકામે કરવામાં આવ્યું છે.

☐ મંત્રીઓ


## પ્રબુદ્ધ જીવન

(રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ના અન્વયે)
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ : | દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ : | ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ -૪૦૦૦૦૪. |
| ૪. પ્રકાશકનું નામ : | ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબ-૪૦૦૦૦૪. |
| ૫. તંત્રીનું નામ : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું : | શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૯૮ રમણલાલ ચી. શાહ

# સુવર્ણ અને લોહ

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આમ તો અન્ય અનેક ધાતુઓની જેમ સુવર્ણ ને લોહ - લોઢું - પણ ધાતુઓ જ છે, પણ વ્યવહારમાં કે કાવ્યમાં જ્યારે તુલનાનો પ્રશ્ન આવે છે ત્યારે સુવર્ણની સાથે તાંબુ, પિત્તળ, જસત કે એલ્યુમિનિયમની તુલના કરવામાં આવતી નથી, પણ લોહ કે લોઢાની જ તુલના થાય છે. આમ કેમ હશે વારુ ? આમ તો અગ્નિમાં ખૂબ તપાવીને ઓગાળ્યા વિનાનાં સુવર્ણ ને લોહ-બંનેય ઘટ્ટ, કઠણ ને નક્કર હોય છે, પણ અમુક ડીગ્રીનો તાપ આપતાં, લોહની તુલનાએ સુવર્ણ પ્રમાણમાં વહેલું ઓગળી જાય છે, વળી રંગ કે વર્ણની દૃષ્ટિએ લોહની તુલનાએ સુવર્ણની ચમકદમક વિશેષ પ્રભાવક હોય છે; જો કે ખાણ કે ઊંડી ધરતીમાંથી ખોદી કાઢવામાં આવે છે ત્યારે તો બંનેય માટી મિશ્રિત જ હોય છે, પણ શુદ્ધિકરણની પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બંનેયનું મૂલ્ય વધી જાય છે, છતાંયે અમુક ગ્રામ સુવર્ણના અમુક રૂપિયા, પણ અમુક ગ્રામ લોહ નહીં પણ અમુક ટન લોહના અમુક રૂપિયા-એમ ગ્રામ અને ટનમાં ઉભયની કિંમત અંકાય છે.

સંસ્કૃતમાં એક સુંદર સુભાષિત છે. એનો ભાવાર્થ એવો છે કે સુવર્ણ જેમ અગ્નિની ભઠ્ઠીમાં ખૂબ ખૂબ તપે છે, તપીને લાલચોળ થાય છે, એરણ પર જોરથી ટીપાય છે, પ્રમાણમાં થોડુંક નરમ, આર્દ્ર થાય છે ત્યારે એમાંથી મન-પસંદ ઘાટ ઘડાય છે અને કિંમતી આકર્ષક આભૂષણો સર્જાય છે. માનવીનું પણ એવું જ છે. કસોટીના અગ્નિમાં તપ્યા વિના અને પ્રતિકૂળ પરિસ્થિતિના ઘણના ઘા ખમ્યા વિના માનવીનું પણ નક્કર ઘડતર થતું નથી. વિદ્યાની સાથે વિનય ભળતાં લોકો, 'લોહમાં સુગંધ ભળી' એમ કહેતા નથી, પણ સુવર્ણમાં સુગંધ ભળી' એમ શાથી કહેતા હશે ? લોહનું અવમૂલ્યન કરવા અને સુવર્ણનું મૂલ્ય વધારવા માટે.

આમ જુઓ તો સુવર્ણ અને લોહનો સંબંધ સંસ્કૃતિ અને સભ્યતાના ઉદયકાળ જેટલો પ્રાચીન અને અવિનાભાવી પણ છે.

'લૂંટી શકતા ધરા કેરી ચીરીને છાતી જે વીરો,
રહેલી ગુપ્ત લક્ષ્મીને શકે તે ભોગવી ધીરો.'

એ બે પંક્તિઓમાં, ધરતીની છાતી ચીરીને એમાં રહેલી ગુપ્ત લક્ષ્મીને ભોગવતા જે વીરોની વાત છે તે રાજા મહારાજા કે સમ્રાટો ગણીએ તો એમના શિરના સુવર્ણ-મુગુટોની રક્ષા કાજે બખ્તર કે તોપોની આવશ્યકતા અનિવાર્યપણે રહેવાની જ ! અને સંભવ છે કે કો'કવાર લોહનાં શસ્ત્રોથી જ સુવર્ણના રાજમુકુટ પણ ધૂળ ચાટતા થઇ જાય ! સુવર્ણના સૌંદર્ય પર લોહની કુદૃષ્ટિ થતાં વાર કેટલી ?

ભારતીય સાહિત્યમાં, કાયાને 'કંચનવર્ણી' કહી છે અને ગોપીચંદ -મેનાવતી'ના લોકગીતમાં પણ, સ્નાન કરતા રાજા ગોપીચંદને માતા મેનાવતી કહે છે :

'આવી રે કાયા તારા બાપની હતી જો
એવી રે કાયાને મૃત્યુ આવ્યાં રે ભરથરી !'

'આવી રે કાયા'-એટલે કે કંચનવરણી કાયા, અને ઇરાની સાહિત્યમાં પણ, ઉમર ખય્યામ એની પ્રિયતમાને કહે છે :

'નહીંતર છેવટે વ્હાલી ! કનકનું જામ આ મારું
દિવસ જે તૂટીને ટુકડા થઇ મળશે ધરા ભેળું !'

અહીં 'જામ'ના બે અર્થ છે...શરાબનું પાત્ર અને 'કંચનવરણી કાયા' પણ.

'પ્રેમ' નામના શીર્ષકવાળા એક કાવ્યમાં ભક્તકવિ દયારામ, અન્ય ધાતુઓની તુલનાએ સુવર્ણની વિશેષતા આ દૃષ્ટાંતથી દર્શાવે છે:

જે કોઇ પ્રેમ-અંશ અવતરે
પ્રેમ-રસ તેના ઉરમાં ઠરે.
સિંહણ કેરું દૂધ હોય તે
સિંહણ-સૂતને જરે-
કનકપાત્ર પાખે સહુ ધાતુ
ફોડીને નીસરે પ્રેમરસ...'

આપણી કહેવતોમાં પણ જેટલું માન-સ્થાન સુવર્ણનું છે તેટલું લોહનું નથી જ. સરદાર પટેલને લોખંડી પુરુષ કહ્યા અને કવિએ ગાયું. 'ધન્ય છે લોહ-પુરુષ ભારતના' અને કહેવતમાં 'લોઢાનું ને ઘોડાનું મૂલ નહીં', એની તુલનાએ સુવર્ણ અંગેની કહેવતો ઘણી બધી છે. દા.ત. : 'સોના કરતાં પીળું શું ?' 'સોના-કટારી ભેટે બાંધવાની, પેટમાં મારવાની નહીં', 'સોનાને સામતા નહીં', 'સોનું કસવા કસોટી, માણસ કસવા મામલો', 'સોનું જાણી સંઘર્યું, નીકળ્યું સાવ કથીર', 'સોનામાં સુગંધ' વગેરે વગેરે. સુવર્ણ અને લોઢાની, કહેવતો અને કાવ્યોમાં સહોપસ્થિતિ પણ જોવા જેવી છે. દા. ત. : 'સોનાની થાળીમાં લોઢાની મેખ'. પારસમણિના સ્પર્શે લોઢાનું સુવર્ણ થાય. ઢોલામારૂની વાર્તામાં નાયક-નાયિકાની કાન્તિની વાત કરતાં એ યુગલ કેવું શોભે છે તેની કવિ ઉત્પ્રેક્ષા કરે છે. 'ઢોલો એટલે નાયક લોહશામળો છે ને ધન્યા-નાયિકા-મારૂ ચંપાવર્ણી છે. એ કેવાં શોભે છે-જાણે કે કસોટી-પથ્થર પર અંકિત સુવર્ણ-રેખા.

રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય રમત-સ્પર્ધાઓમાં સુવર્ણચન્દ્રક, રૌપ્યચંદ્રક, કાંસ્યચંદ્રક હોય છે, લોહચંદ્રકનું જાણ્યું-સાંભળ્યું નથી. જીવન વિકાસના 'સુવર્ણનિયમો' હોય છે, 'લોહ નિયમો' હોતા નથી. સાધારણ રીતે પિંજરું લોઢાનું હોય છે પણ પિંજરાની ભર્ત્સના કરવા સુવર્ણ-રૂપાને પણ કવિ વચમાં લાવ્યા વિના રહેતો નથી :

'સોનાનું કે રૂપાનું, પિંજરું તે પિંજરું'.

અને લોકસાહિત્ય અને પંચતંત્રમાં તો સુવર્ણ-માહાત્મ્યની જે વાતો આવે છે તેમાં કેટલી બધી અતિશયોક્તિઓ હોય છે ! 'ઉંદર લોઢું ખાઇ ગયા' એ એક જ વાત 'પંચતંત્ર'માં લોઢા-વિષયક છે જ્યારે સુવર્ણ કાજેની ? 'સોનાનાં પીંછાં આપનાર હંસ', ' સુવર્ણની વિષ્ટા કરનાર પક્ષી', 'કંકણના લોભથી મરણ પામેલો પથિક' 'સુવર્ણમુગ્ધની કથા', 'ભિક્ષુઓના માથાં ફોડનાર વાળંદ' (સુવર્ણના લાભે-લોભે!સ્તો !) 'ધનભંડારની શોધમાં નીકળેલા ચાર મિત્રો' અને 'સિંહાસન બત્રીસી'માં 'પડુ પડુ'ની વાર્તામાં પડતો ખાસ્સો મોટો સુવર્ણ પુરુષ.

જન્મ-જાત સંસ્કાર દર્શાવવા કાજે, એક સમયે એક ક્ષત્રિયરાજા કેટલાંક રમતાં બાળકોને પ્રશ્ન પૂછે છે :

'તુજને સો'પું રાજ તો કેમ કરે તું રાજ ?'-ત્યારે દલપતરામના કાવ્યનો હજામ જવાબ આપે છે :-

'સોનાનો સજાયો ને શલાડીએ સોનાની કરું
ચાંદીનો તો ચીપિયો કરાવીને વતાં કરું.
નરણીએ લટકાવું લૂમખાં હીરામોતીનાં
કાતર ને કાંશકો કરાવું ઊંચા કુંદનનો.
કોથળી તો કીનખાબની વિશેષ વાવરું
મળે રાજગાદી તો આ ખાદીનો રૂમાલ ખોઇ,
ઉમદા એકાદી સાલ પાથરણે પાથરું'.

સોનકેશીને સોનપરીની વાર્તાઓ કઇ ભાષાના બાલસાહિત્યમાં નથી ? રામાયણની ખિસકોલી અને મહાભારતના નોળિયાને પણ સુવર્ણે છોડ્યાં નથી અને સીતામાતાની કનકની કાંચળીની વાત કયાં અજાણી છે ? એક અર્વાચીન કવિએ દંભ છોડવાની વાતના સંદર્ભમાં ગાયું છે:-

'ધાર્યાં સદા વલ્કલ રામનાં ને
મારી આ-માયાથી ન મુક્તિ પામ્યા !

સુવર્ણનો મૃગ સીતાજી કામ્યાં !'
પ્રતારણા તારી શકે ન કોઇને.'

આના વિરોધમાં, જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતને અનુરૂપ એવી મેતારજ મુનિની વાત પણ યાદ કરવા જેવી છે. સોનીને ઘરે વહોરવા ગયેલા મેતારજ મુનિ પર સુવર્ણના જવના દાણા ચોર્યાના આક્ષેપ આવે છે ત્યારે એ દાણા પક્ષી ચણી ગયું હોવા છતાં-જાણવા છતાં-મુનિ પક્ષી-હત્યાના નિમિત્ત બનતા નથી-મૌન સેવીને-ને પોતે મૃત્યુ પસંદ કરે છે.

ઇ. સ. ૧૯૧૪માં પ્રગટ થયેલ 'સુબોધ ગરબાવલી'ના કવિશ્રી બાપાલાલ ભાઇશંકર ભટ્ટે 'સોના અને લોઢાનો સંવાદ' લખ્યો છે. એક દિવસ, અભિમાનના ગર્વમાં ભ્રૂકુટિ ચઢાવીને સુવર્ણે લોઢાને કહ્યું:

'લોઢા ! તને ગણતીમાં કોણ ગણે છે ?
તારું રાંક જ રૂડું ભણે છે...લોઢા તને...'
મુગટ બની હું તો નૃપશિર બેસું, તું કોદાળે ભોંય ખણે છે,
નાણાં ઘરેણાનું હું અધિકારી, ઓજાર તારાં બને છે.'...લોઢા ! તને...
રંગ રૂપાળો ને તેજ ઘણું મારું, તારું તો મોઢું છે કાળું,
શોભે ન તું મુજ સાથે તથાપિ, પામર જાણીને પાળું...લોઢા ! તને...

અભિમાની સુવર્ણને લોઢું જવાબ આપે છે :

'સોના ! તને શાને અભિમાન વાપ્યું ?
તને મેં જ અભય-પદ આપ્યું...સોના ! તને...
ફટ ભૂંડા ! તારો તોર ન તૂટ્યો, મેં છીણી મૂકી મૂકી કાપ્યું.
એરણ, હથોડાથી ટીપી ટીપી તને રાંક ગણી રૂપ આપ્યું...સોના ! તને
શેર-બશેરની તરવાર, સો મણ સોનાને કબજામાં લેશે.
પાશેર લોઢાનું તાળું તને, પેલી પેટી વિષે પૂરી દેશે...સોના ! તને...
બંદુક-તોપને બરછી થકી બધે લોઢું જ રાજ કરે છે,
લોઢાની ખ્યાતિથી લાજ ધરીને તું ખૂણે છુપાતું ફરે છે...સોના ! તને...

આજનો યુગ પણ સુવર્ણ અને લોઢાના સંઘર્ષનો યુગ નથી ? ડૉ. સુરેશભાઇ જોષીએ 'શ્રુણ્વન્તુ'નામના એમના પુસ્તકમાં 'અત્રતત્ર' નામે એક લેખ લખ્યો છે. તેમાં રિલ્કેની એક કવિતાનો ભાવાર્થ આપતાં લખે છે : 'સોનું માનવી આગળ કાકલૂદી કરીને કહે છે :

'મને ફરીથી ખાણમાં સંતાઇ જવા દો. મારી કહેવાતી અશુદ્ધિને શુદ્ધ કરવા તમે કસોટી કરી, પણ તમે જે નવી અશુદ્ધિ ઉમેરી છે તેથી તો શરમના માર્યા મારે ધરતીમાં સમાઇ ગયા વિના છૂટકો નથી. રાજાઓના સિક્કા, ધનિકોની લોભી આંગળીની છાપ, ગરીબોના આંસુ, હત્યારાઓએ રેડેલ લોહી-બધું મારા અંગ પરથી શી રીતે ધોઇ શકાશે?

રિલ્કેના કાવ્યના ભાવાર્થના સમર્થનમાં, સુવર્ણચંદ્રકોના પ્રદાનની સાંપ્રત ગેરરીતિઓને લક્ષ્ય બનાવીને પછી કહે છે :- 'આમ આજે સુવર્ણચંદ્રકોનું સોનું પણ અશુદ્ધિને કારણે ધરતીમાં સમાઇ જવા ઇચ્છે છે. એના પર પણ લોલુપ દૃષ્ટિના ડાઘ છે. દુરુપયોગનું કલંક છે.'

સુવર્ણ પર લોલુપ દૃષ્ટિના ડાઘ છે ને દુરુપયોગનું કલંક છે તો લોઢું પણ ક્યાં શુદ્ધ રહ્યું છે ? એના પર પણ લોહીના ડાઘ ક્યાં ઓછા છે ? અને એના કાળા રંગ જેવાં કાળાં કરતૂતોની કથા તો ન કહી સહી. સુવર્ણની ઘેલછા અને લોઢાની સંહારશક્તિથી જ સંસ્કૃતિનું સત્યાનાશ જશે. ઉભયનો સદુપયોગ માનવનીતિનો ઉદ્ધારક બની શકે, પણ વો દિન કહાં...?

❖❖❖

# સરસ્વતીચંદ્ર વિરુદ્ધ પ્રમાદધન

☐ ડૉ. ગુલાબ દેઢિયા

સતત ફેશનમાં રહેવાની ફેશન છે અને ફેશન પ્રત્યે નાક ચડાવી અણગમો વ્યક્ત કરવાની પણ ફેશન છે.

ફેશન મને તો સૂર્યપ્રકાશ જેવી લાગે છે. એમાં તાજગી છે, એમાં હૂંફ છે, ઉત્સાહ છે, ઉષ્મા છે, શિયાળાની સવારે કૂણો તડકો ભાવે તેમ બીજાથી આગળ નીકળી જવાની, જુદા તરી આવવાની ફેશન ભાવે છે. પણ ફેશન માટે જે ભાવ ચૂકવવો પડે તે એ જરીક અઘરું છે એટલું કબૂલી લઇએ.

ફેશન ન્યાયી રાજા જેવી છે અથવા કુદરતની સહચરી છે. ફેશન કહે છે, ખમી ખાઓ. સૌના દિવસો આવશે. ધીરજ ધરો. હું વારાફરતી સૌને માથે મુગટ મૂકીશ. સૌનો ફેશનાભિષેક થશે. પાઘડી સલામત રાખો માથું મળી રહેશે. જૂનું, નકામું, અપ્રસ્તુત કે અપ્રિય કશું નથી. સાચવી રાખો. ધીરજનાં ફળ ફેશનેબલ હોય છે.

શાળાએ જતા વિદ્યાર્થીઓને સૌથી મોટો કંટાળો યુનિફોર્મ પહેરવાનો હોય છે. (એમ કહેવું ન જોઇએ, પણ મહા કંટાળો તો એમને ભણવાનો જ હોય છે !) રોજ એકસરખાં એનાં એ જ ગણવેશ પહેરી, શિસ્ત અને સમાનતામાં રહેવાનો ઢોંગ ગમતો નથી. જે દિવસે રંગબેરંગી વસ્ત્રો પહેરી શાળાએ જવાની છૂટ મળે ત્યારે બાળકો ખુશખુશાલ હોય છે.

કોલેજ અને યુનિફોર્મ ? અસંભવ. કોઇ એવું વિચારી પણ શકે? કોલેજિયનો તે માટે લડી લેવા સદાય તૈયાર હોય છે. શાળાના વર્ષોના યુનિફોર્મનો વિરોધ અહીં મનપસંદ પહેરવેશથી થાય છે.

પણ એ જ કોલેજિયનોને દૂરથી જોશો તો ખબર ન પડે તેમ ત્યાં પણ યુનિફોર્મ દેખાશે જ. દશમાંથી આઠ વિદ્યાર્થીઓ તો જિન્સ પેન્ટમાં એક જ સ્ટાઇલમાં કોલેજમાં (એટલે કે કોલેજ બહાર !) દેખાશે, કારણ કે જિન્સ ફેશન છે. યુનિફોર્મનો અનાદર કરી શકો પણ ફેશનની આણ લોપવી અશક્ય.

સામાન્ય રીતે ભદ્ર વર્ગમાં એવો ખ્યાલ ખરો કે કપડાં માપસરમાં જોઇએ, રંગ ફીકો કે ઊતરેલો ન ચાલે. ફાટેલાં, લાંબા-ટૂંકા, બરછટ કપડાં ન ચાલે. પણ જિન્સ તો આ બધાં વિરોધી સુલક્ષણોથી સજ્જ છે. ફેશન દેવીએ વરદ હાથ મૂક્યો. શ્રમિક વર્ગની જિન્સ શ્રીમંત વર્ગની-બહુજનની શોભા બની ગઇ. સારું થયું. રોજ ધોયેલાં, ઇસ્ત્રી કરેલાં, સુઘડ કપડાં પહેરવાના બુર્જવા ખ્યાલનો જિન્સે ભૂક્કો બોલાવી દીધો.

ફેશન તળેઉપર કરવામાં માને છે. જે ટોચ પર છે તેને તળિયે ને જે તળિયે છે તેને શિખરે પહોંચાડે છે. આ ક્રાંતિ હોંશે હોંશે થાય છે. 'વધુ સગવડભર્યું' જેવું છોગું બધા તર્ક-વિતર્કને શાંતં પાપમ્ કહી દે છે.

મને એક ફેશન વધુ ગમી છે, જેનો હાલ પ્રાદુર્ભાવ થયેલો છે. સાદા શબ્દોમાં કહીએ તો હાલ એ ફેશન પ્રચલિત છે. પરંતુ એના વિશે લખતાં આળસ આવે છે. એ ફેશન તે આળસની પ્રતિષ્ઠા. તમે ભલે વદતોવ્યાઘાત માનો પણ આળસ વિશે શ્રમ કરીને હું આ લખી રહ્યો છું. એટલે હું ખરો આળસુ તો ન જ કહેવાઉં. ચાલો, પ્રયત્ન કરીશ.

આપણે અત્યાર સુધી પ્રમાદને બહુ ઠપકાર્યો, પ્રમાદીને નકામો, અનાડી, આળસુ, જડસુ, ભારરૂપ વગેરે વગેરે કહ્યો. પણ હવે સમજાય છે કે પ્રમાદ એ તો પ્રમોદ છે. એમાં મોદક છે. આળસ એ જ આનંદ છે.

બહુ કામઢાં થયાં, અતિ કાર્યદક્ષ બન્યા, કામમાં પ્રવીણ અને કુશળ છો થયાં, પરંતુ ફેશને કાર્યકુશળતા પરથી કુશળતાપૂર્વક ઊતરી જઇને પ્રમાદનો સંગ કર્યો છે.

આજનું સૂત્ર છે આળસુ બનો તો જ સુખી બનશો. ઉતાવળ છોડો, હાયવોય છોડો. આરામ ફરમાવો. આરામમાં જ રામ છે

લોકો જેને 'યોગા' કહે છે એ યોગમાં 'શવાસન' કે યોગમુદ્રા શું છે ? રિલેક્શેશન શું છે ? શબની જેમ ચત્તાપાટ સૂઇ જાઓ. કોઇનું ન સાંભળો. ઊંડા શ્વાસ લો. કામ કરવાનું છોડો. યોગમાં તો હજારો વર્ષોથી આ કહેવાએલું પણ આપણે ફેશનની વાણીથી જ સમજ્યા.

પહેલાં લોકો પરોપકારવશ આળસુની ટીકા કરતા, એને વઢતા, ઘૃણા કરતા, દયા ખાતા, એને બોધ પમાડવો પોતાનું કર્તવ્ય સમજતા. એને કામે લગાડવા જતાં પોતે નકામા થઇ જતા.

પહેલા 'હું બહુ કામમાં છું, મને જરાય ફુરસદ નથી', એ વાક્યોની પ્રતિષ્ઠા હતી. હવે તો ફરવાની, હરવાની, ઓછામાં ઓછું કામ અને વધુમાં વધુ વેકેશન એની ફેશન છે. ટી.વી.એ પ્રમાદને પુષ્ટિ આપી છે. પરસેવો પાડવાનું છોડો. સુખાસને બિરાજો. ક્રિકેટ રમો નહિ, જુઓ.

કાલે કોઇ એમ શોધી કાઢશે, સંશોધન કરીને કે પર્યાવરણના રક્ષણ માટે પ્રમાદ સેવો. પ્રમાદી ઓછો હિંસક છે, આળસુ ઓછો ઉપદ્રવી છે. પ્રમાદી કુદરતી રીતે જ સંતોષી હોય છે. તે અતિ મહત્ત્વાકાંક્ષી નથી. મહત્ત્વાકાંક્ષી લોકો જ પ્રદૂષણ વધારે છે. તેઓ જ સ્પર્ધા ને સરખામણીમાં રાચે છે.

વિજ્ઞાનનું કામ પણ આપણને કામમાંથી મુક્તિ તરફ લઇ જવાનું છે. બધી નવી નવી શોધખોળોનો આશય તો વધુ સુખસગવડ, આરામ, વિશ્રામ, શ્રમમુક્તિ જ છે ને ! મને લાગે છે કે બધી શોધો આળસુ માનવીના મહાન દ્યુતિવંત મગજની પેદાશ છે. જ્યારે માણસને ચાલવાનો કંટાળો આવ્યો હશે ત્યારે ગાડી, ઘોડા, મોટર, વિમાન વગેરેની શોધ થઇ હશે. પહેલાં બધું કંઠસ્થ જ્ઞાન હતું. જ્ઞાન જિહ્વાગ્રે હતું. પછી પોથી આવી, પુસ્તકો આવ્યાં, હવે કમ્પ્યુટર બધું યાદ રાખે છે. એની 'મેમરી' સારી જોઇએ. આપણા મગજને રવિવાર.

આંકના પાડા ગોખી ગોખીને કંટાળો આવ્યો જ હશે ને તમને! 'બાર બારે ચુમાલસો' યાદ ન રહ્યું હશે એવા ઠોઠ આળસુ વિદ્યાર્થીએ કેલ્ક્યુલેટરની શોધ કરી હશે. માણસને ટી.વી. સ્વિચ બંધ કરવા ઊભા થવાનો પ્રમાદ આવ્યો તેનો લાભ થયો રિમોટ કન્ટ્રોલ રૂપે.

મેં ક્યાંક વાંચેલું કે પત્તાંની રમત રમતાં રમતાં સહેલાઇથી, ઓછી મહેનતે ખાઇ શકાય અને ખાસ તો બનાવી શકાય એવી વાનગીની જરૂર હતી. તેના સુફળ રૂપે સેન્ડવીચ શોધાઈ. તમને નથી લાગતું જે દિવસે કોઇ ગૃહિણીને રસોઇ કરવાનો કંટોળો આવ્યો હશે ને જે કંઇ ઘરમાં હતું તેને ભેગું કર્યું ને 'ભેળ'ની મહાન શોધ થઇ. પ્રમાદ બધું સહેલાઇથી ભેળવી આપે છે.

પાણી ઉપરની સપાટીથી નીચે આવે છે. ભાષા અઘરા શબ્દો છોડી સરળ શબ્દો અપનાવે છે. માનવીનું અંતિમ લક્ષ્ય પણ આરામ કરવાનું જ છે ને ! આળસુ લોકો તો પહેલાં પણ સુખી જ હતા. પણ એમની આબરૂ કે પ્રતિષ્ઠા ન હતી. તે હવે ફેશને અપાવી છે.

આમ જરાક બારીકાઇથી જોવા જાવ તો બધી જ કળાઓ શું છે! પ્રમાદ તરફ ગતિ. કામ છોડો, સંગીત સાંભળો. ચિત્રને માણો, કવિતા ગણગણો. નવલકથા લખો કે વાંચો. ભલે તમે એને સાત્ત્વિક પ્રમાદ કહો પણ છે તો કામમાંથી છૂટકારો મેળવવાની રૂપાળી રીત. દરેક સાંસ્કૃતિક પ્રવૃત્તિ નાટક, ફિલ્મ, નૃત્ય, સંગીત, પ્રવાસ, સભા બધું જ લીલયા છે, ક્રીડા છે, ખેલ છે, રમત છે.

સરસ્વતીચંદ્રે કુમુદસુંદરીનો ત્યાગ કર્યો એ તો પુરુષપ્રધાન સમાજનું જ પ્રતિબિંબ વળી ! અસલ પૌરાણિક સ્ટાઇલ. અન્યથા કુમુદસુંદરી પણ સરસ્વતીચંદ્રને ના પાડી શકત. કારણ મજબૂત હતું. સરસ્વતીચંદ્રે પોતાની વિદ્વતા બતાવતા કેવા અઘરા પ્રેમપત્રો લખ્યા હતા ! બિચારી કુમુદ શું, કોઇપણ કન્યા આવી ભારેખમ ભાષાથી કંટાળીને ના જ પાડી દે. સરસ્વતીચંદ્ર કામઢો હતો. ઉતાવળો હતો. નવીનચંદ્ર જેવું નામ ધારણ કર્યા પછી પણ તે હારે છે. જીતે છે પ્રમાદધન. ગોવર્ધનરામ ત્રિપાઠીની નામાંકન કળા માટે તો માન થાય જ. કેવું લાડકું સોહાણું નામ છે 'પ્રમાદધન'. સરસ્વતીચંદ્રને ભટકવું પડે છે, પ્રમાદધન સ્વગૃહે જ રહે છે. ગો.મા.ત્રિ. તો ખોટું ન બોલે. કુમુદ શું કહે છે, 'પ્રમાદધન મુજ સ્વામી સાચા.' જોયું ને ગુજરાતી ભાષાની મહાન નવલકથામાં પણ પ્રમાદની જ પ્રતિષ્ઠા થઇ છે.

નરસિંહ મહેતાએ પણ ગાયું કે, 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા.' કામ પોતે જ કરવું એ અહંકાર છે. બીજાને તક આપવી એ જ ઉદારતા છે. પ્રમાદી તો માને છે કે હું જ કરું એવો આગ્રહ શા માટે! ભલે ને બીજો કોઇ કામ કરીને રાજી થાય. કામને અધૂરું છોડવું એટલે અન્ય માટેનો પૂર્ણ આશાવાદ. પુરાતત્ત્વથી માંડીને દરેક ક્ષેત્રમાં અધૂરી કડી મૂકવામાં આવે છે, જેથી બીજા સંશોધન કરી શકે. મહિમા પૂર્ણનો નહિ અપૂર્ણનો છે. અધૂરું છોડો, આગળ વધો.

તાંબાપિત્તળનાં વાસણો ખટાશથી માંજવામાં આવે તો ચમકે છે તેમ ફેશન બધાને ચમકાવે છે. ફેશન વરવાને નરવું બનાવે છે. ફેશનમાં નિયમ ન ચાલે. મગજ ન ચાલે. ફેશન પોતે જ ચાલે પછી જમાનો એની પાછળ પાછળ ચાલે.

ગાંધી બાપુએ આજીવન કામ કરીને દેશને જગાડવા ભગીરથ પ્રયત્ન કર્યો. આપણે એમના જન્મદિને રજા પાડીને, મોડા ઊઠીને કેવી ભવ્ય અંજલિ આપીએ છીએ !

ગાંધીજીએ કહેલું, 'હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી'. ગુજરાતી પ્રજાએ હવે મોડે મોડે એ વાતને કેવી મૂળમાંથી ઝીલી છે. હવે ગુજરાતીઓ ગુજરાતી ભાષા ભણતા જ નથી, પછી ન આવે લખવાની વાત. ન આવે સ્વેચ્છાએ જોડણી કરવાની વાત. ન રહે બાંસ ન બજે બાંસુરી તે આ.

લોકો હવે મૂળ સુધી જવામાં માને છે. ફળ પ્રત્યે અનાસક્ત રહેવું એ તો ઠીક છે પણ એના મૂળ સુધી જઇને કામ પ્રત્યે જ અનાસક્ત થઇ જવું એ કંઇ જેવી તેવી વાત છે !

ટેકરી પર ચડીને આજુબાજુ જોઉં છું તો લહેરાતાં લીલાછમ ખેતરો વચ્ચેથી પસાર થતી નાની મોટી વાંકીચૂંકી કેડીઓ માંડ માંડ દેખાય છે. લીલીછમ રજાઓ વચ્ચે કામના દિવસો પણ માંડ માંડ જ દેખાય છે.

લીલો રંગ આંખોને તાજગી બક્ષે એવો છે !

✣ ✣ ✣

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૪ ● ● તા. ૧૬-૪-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## जं छन्नं तं न वत्तव्वं ।

-- ભગવાન મહાવીર

## (જે ગુપ્ત રાખવા જેવું હોય તે કહી ન દેવું)

મહાવીર જયંતીના ઉપલક્ષમાં ભગવાન મહાવીરનાં વચનોમાંથી ઉપરના વચન વિશે થોડો વિચાર કરીશું.

ભગવાન મહાવીરે સાધુઓને શિખામણ આપતાં કેટલીક વ્યવહારુ ભલામણો કરી છે, જે તેઓને આધ્યાત્મિક સાધનામાં પણ ઉપયોગી થાય એવી છે. કોઇની ગુપ્ત માહિતી પ્રગટ ન કરી દેવા વિશે ભગવાને મુનિઓને માટે કહેલી વાણીના સંયમની આ વાત ગૃહસ્થોએ પણ એટલી જ લક્ષમાં રાખવા જેવી છે.

વ્યવહારુ જીવનમાં મનુષ્યને અનેક પ્રસંગે કેટલીયે વાતો બીજા આગળ જતી અટકાવવી પડે છે. સમાજમાં રહેતા માણસને ટીકા-નિંદા કે અપકીર્તિનો ભય રહે છે. એનાથી બચવા માણસ પોતાની અંગત વાત છાની રાખવા પ્રયત્ન કરે છે. અંગત વાત દરેક વખતે દુરાચારની મોટી ઘટનાની નથી હોતી. કેટલીક વાર તો ખાવાપીવાની, સૂવાઊઠવાની કે હરવાફરવાની કોઈક વિચિત્ર ટેવ જેવી નાની બાબત પણ હોઈ શકે છે. પણ માણસને બીજા આગળ પોતાની છાપ બગાડવી ગમતી નથી. એથી જ તે પોતાની કે પોતાનાં સ્વજનોની કે કુટુંબની કેટલીક વાત ખાનગી રાખવા ઇચ્છે છે. બીજી બાજુ પ્રત્યેક સમાજમાં વિઘ્નસંતોષીઓનો તોટો નથી હોતો. તેઓ ગુપ્ત માહિતી મેળવીને બીજાનાં સારાં કાર્યોને ધૂળમાં મેળવી દે છે. એમ ન થાય એ માટે પણ વાતને અપ્રગટ રાખવાની આવશ્યકતા ઊભી થાય છે. કુટુંબમાં માલ-મિલકતની વહેંચણીની વાત કે સગાઈ-સંબંધીની કે ધંધાની લેવડદેવડની વાત પણ વહેલી બહાર પડી જવાથી બંને પક્ષને ઉશ્કેરનારા ઈર્ષાળુ માણસો પ્રવૃત્ત થઇ જાય છે.

મનુષ્ય જ્યારથી વસ્ત્ર પહેરતો થયો ત્યારથી કે એની પણ પહેલાંથી એને કશુંક છુપાવતાં આવડવા લાગ્યું છે. મનુષ્યમાં રહેલી આ વૃત્તિ આમ જોઇએ તો જન્મજાત છે. નાના બાળકને પોતાનું રમકડું બીજા બાળકને ન આપવું પડે માટે સંતાડી દેવાનું શીખવવું પડતું નથી. એ એનું કુદરતી લક્ષણ છે. ગામના પાદરે કે વગડામાં કૂતરાઓ પણ ખાડો ખોદીને પોતાનું વધેલું ખાવાનું છૂપાવી દે છે. ધન કે કીમતી વસ્તુ જમીનમાં દાટવાની પ્રથા અનાદિ કાળથી ચાલી આવી છે. શરીરની ચેષ્ટાઓ કે વચનના ઉદ્ગારોને સંતાડવા કરતાં પણ મનના વિચારોને સંતાડવાનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે. કોઇ સમાજ એવો ક્યારેય હોઇ ન શકે કે જ્યારે એ સમાજની કોઇ ને કોઇ વ્યક્તિને કશુંક છુપાવવાનું ન હોય. પ્રત્યેક પ્રસંગે છુપાવવાનો આશય દુષ્ટ જ હોય એવું નથી.

એકનું છુપાવેલું બીજા ન જાણી જાય એવું નથી. અજાણતાં બીજાની નજર પડે છે અને વાત પકડાઈ જાય છે. માણસના હાવભાવ કે વર્તન પણ એની ચાડી ખાય છે. ક્યારેક પોતાની અંગત ખાનગી વાત મદદ મેળવવા માટે ગરજે બીજાને જણાવવાની જરૂર ઊભી થાય છે.

સમાજમાં બીજાની ખાનગી વાતો જાણનારા વર્ગમાં પત્રકારો અવશ્ય આવે. પરંતુ સાધુસંતો પાસે પણ ઘણી ગુપ્ત વાતોની જાણકારી હોય છે. ફરક એટલો છે કે પત્રકારો પોતાની ફરજ રૂપે, વ્યાવસાયિક ધોરણે વાતો શોધી લાવે છે. સાચા સાધુસંતો કોઇને સામેથી પૂછતા ન હોવા છતાં કેટલાયે લોકો જાતે આવીને પોતાની કે બીજાની અંગત વાતો તેમને કહી જાય છે. પત્રકારોને બીજાની વાત પ્રગટ કરી દેવાનો ઉત્સાહ અને આનંદ હોય છે. સાધુસંતોને બીજાની વાત ગોપવ્યાનો સંતોષ હોય છે. માટે જ સાધુસંતોનું કર્તવ્ય ચડિયાતું ગણાય છે. એટલે જ સાચા સાધુઓએ કોઇની ખાનગી વાત બીજાને ન કહી દેવી જોઇએ એમ ભગવાન મહાવીરે કહ્યું છે.

બીજાની વાત કહી દેવી એને ભાષાના-વચનના દોષમાં ગણાવવામાં આવે છે. સાધુઓએ ભાષાસમિતિનો અર્થાત્ વાણી પરના સંયમનો બરાબર ઉપયોગ કરવો જોઇએ.

ભાષાસમિતિ વિશે 'સૂત્રકૃતાંગ'માં કહ્યું છે :

तत्थिमा तइया भासा,
जं विदित्ताऽणुतापति ।
जं छन्नं तं न वत्तव्वं
एसा आणा णियंठिया ॥
(૧-૯-૨૬)

[ સાધુએ ત્રીજી ભાષા ન બોલવી જોઇએ, જે બોલ્યા પછી અનુતાપ (પશ્ચાત્તાપ) થાય તેવી ભાષા ન બોલવી જોઇએ તથા જે વાત ગુપ્ત રાખવાની હોય તે ન કહી દેવી જોઇએ. આ નિર્ગ્રંથની - (ભગવાન મહાવીરની) આજ્ઞા છે. ]

અહીં 'ત્રીજી ભાષા' ન બોલવાનું કહ્યું છે એનો શો અર્થ થાય? એક અપેક્ષાએ ભાષાના મુખ્ય ચાર પ્રકાર પાડવામાં આવે છે : (૧) સત્ય, (૨) અસત્ય, (૩) મિશ્ર અને (૪) વ્યવહાર. આમાં અસત્ય ન બોલવું એ તો સ્પષ્ટ જ છે. સત્ય જ બોલવાનું હોય. પણ ક્યારેક અસત્ય મિશ્રિત સત્ય અથવા સત્ય મિશ્રિત અસત્ય બોલવા માટે માણસનું મન લલચાઇ જાય છે. ક્યારેક 'નરો વા કુંજરો વા' જેવી વાણી ઉચ્ચરાઇ જાય છે. એવી વાણીને ત્રીજી ભાષા તરીકે અહીં ઓળખાવવામાં આવી છે. સાધુઓએ એવી સંદીગ્ધ વાણી ન બોલવી જોઇએ.

વળી ભાષાની બાબતમાં 'સૂત્રકૃતાંગ'માં કહ્યું છે :

भासमाणे न भासेज्जा,
णेव बंफेज्ज मम्मणं ।
माइट्ठाणं विविज्जेज्जा,
अणुचिंतिय वियागरे ॥
(૧-૯-૨૫)

(મુનિ ગુરુ બોલતા હોય ત્યારે વચ્ચે ન બોલે, બીજાના મર્મને પ્રકાશિત ન કરે, માયાકપટથી ન બોલે. જે બોલે તે વિચારપૂર્વક બોલે.)

ભાષાસમિતિ અંગે 'સૂત્રકૃતાંગ'ની બીજી એક ગાથામાં કહ્યું છે:

होलावायं सहीवायं,
गोयावायं न वदे ।
तुमं तुमं ति अमणुन्नं,
सव्वसो तं न वत्तए ॥
(૧-૯-૨૭)

(મુનિ કોઇને પણ નિષ્ઠુર વચનથી, હલકાં વચનથી કે ખુશામત-ભરેલાં વચનથી ન બોલાવે, તથા કોઇને પણ તે તુંકારીને, તુચ્છકારથી અમનોજ્ઞ વચનથી ન બોલાવે.)

આમ ભગવાન મહાવીરે જુદે જુદે સમયે જે બોધ સાધુઓને ભાષાસમિતિ વિશે એટલે કે વાણી પરના સંયમ વિશે આપ્યો છે તેમાંથી 'સૂત્રકૃતાંગ'ની આ ત્રણ ગાથાઓ અહીં આપી છે. ભગવાનનું પ્રત્યેક હિતવચન અર્થસભર હોય છે. એમાંથી અહીં આપણે એક જ સૂત્રનો વિચાર કરીશું : जं छन्नं तं न वत्तव्वं ।

બીજાની છાની વાત, ગુપ્ત વાત કોઈને કહી દેવી, ચાડીચુગલી કરવી તે અધર્મ છે. પૈશુન્યને મોટા પાપસ્થાનક તરીકે ગણવામાં આવે છે.

બીજાની છાની વાત કોઇને ન કહેવી જોઇએ એમાં વ્યવહાર-દૃષ્ટિએ કેટલું બધું ડહાપણ રહેલું છે ! પરંતુ આજની દુનિયા એનાથી ઊલટી દિશામાં ચાલી રહી છે. 'બીજાની છાની વાત શોધી કાઢો' એ જાણે કે વર્તમાનકાળનાં પ્રચાર માધ્યમોનો એક મુખ્ય ઉદ્દેશ બની ગયો છે. જો કે Investigative Journalism થી લાભ પણ થાય છે. ખાસ કરીને જાહેર જીવનમાં પહેલા માણસો કંઇપણ છાનુંછપનું કરતાં ડરે છે. અયોગ્ય, હીન, ગુપ્ત આચરણ પ્રગટ થવાથી સમાજને યોગ્ય ન્યાય મળી રહે છે. એ દૃષ્ટિએ સમાજને એટલો લાભ અવશ્ય થાય છે. કેટલાંયે માણસોનાં કરતૂકો બહાર આવતાં તેઓને યોગ્ય શિક્ષા અદાલત દ્વારા થાય છે અને ઘણીવાર જેમને અન્યાય થયો હોય અને એ વ્યક્તિ જો વિદ્યમાન હોય તો એને યોગ્ય ન્યાય કે વળતર મળી રહે છે. પ્રચારમાધ્યમોથી માણસ ડરતો રહે છે.

દુનિયાભરમાં મોટા મોટા સત્તાધીશોનાં અશિષ્ટ યૌન સંબંધો કે નાણાંકીય કૌભાંડો જ્યારે પ્રગટ થાય છે ત્યારે આપણને આશ્ચર્ય થાય છે કે અહો, આવા સજ્જન ગણાતા પુરુષે પણ કેવું અધમ આચરણ કર્યું હતું !

ચોરી, ખૂન, લૂંટ, લાંચરૂશ્વત, બળાત્કાર, ગર્ભપાત, વ્યભિચાર, નિંદાકુથલી, રાજ્યદ્રોહ, વ્યક્તિદ્રોહ, ભાંગફોડ, નનામા પત્રો વગેરે અનેક પ્રકારની ગુપ્ત ઘટનાઓ દુનિયામાં બનતી રહે છે. એવી કેટલીયે ઘટનાઓ પરથી ક્યારેય પડદો ઊપડતો નથી. સંસારમાં કેટલાંયે ગુપ્ત પાપો, કાયમને માટે વિલીન થઇ જાય છે. કેટલાંયે રહસ્યો ક્યારેય પ્રગટ થતાં નથી. (અલબત્ત આ સામાજિક દૃષ્ટિ છે, ધાર્મિક કે આધ્યાત્મિક દૃષ્ટિએ તો દરેકે દરેક પાપનો હિસાબ ચૂકવવો જ પડે છે.) એ આચારનારાઓ અને એમની આખી પેઢી ચાલી જતાં વાત ભુલાઇ પણ જાય છે. નવા કાળસંદર્ભમાં એનું બહુ મૂલ્ય પણ રહેતું નથી.

દુનિયામાં ગુનાહિત કૃત્યો અસંખ્ય પ્રકારનાં હોય છે. એવાં કૃત્યો કરનાર પહેલાં તો એમ માને છે કે પોતાની વાતની કોઇને પણ ખબર પડવાની નથી, એટલી બધી તકેદારી તેઓ રાખે છે. પરંતુ એમ કહેવાય છે કે ચોરી કરનાર કશીક તો પોતાની નિશાની મૂકતો જાય છે કે જેની એને પોતાને પણ ખબર નથી હોતી. અનેક વાતો પાછળથી પકડાઈ જાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બનેલી અનેક ઘટનાઓ પચાસ વર્ષે પણ પ્રકાશિત થઇ છે.

માણસને ગુપ્ત રાખવા જેવી બાબતો શુભ, શ્રેષ્ઠ, હિતકારી વગેરે પ્રકારની સામાન્ય રીતે નથી હોતી. હોય તો પણ એ પ્રગટ કરી દેવામાં સામાન્ય માણસોને અનૌચિત્ય નથી જણાતું. એથી ખાસ ખાસ કંઈ નુકસાન થતું નથી. ક્યારેક તો લાભ થાય છે. સારી સાચી વાતનો પ્રચાર થવો જોઇએ એવો ભાવ ઘણાંને રહે છે. કોઇક માણસે મોટું ગુપ્ત દાન આપ્યું હોય, કોઇનો જીવ બચાવ્યો હોય, કોઇને પાપથી અટકાવ્યો હોય, કોઇનાં દુરાચારી વ્યસનો છોડાવ્યાં હોય ને એના કર્તૃત્વનો યશ પોતાને ન જ જોઇતો હોય-ઇત્યાદિ પ્રકારની ગુપ્ત વાતો એક અથવા બીજા સ્રોતથી પ્રસરે જ છે. એમાં કશું અજુગતું લાગતું નથી. પરંતુ માણસે જો ખોટાં કામ કર્યાં હોય અથવા પ્રામાણિક ભૂલ થઈ ગઈ હોય તો એની એવી વાતમાં બીજાઓને બહુ રસ પડે છે. મનુષ્યનો નિંદક સ્વભાવ ત્યારે પ્રવૃત્ત થઇ જાય છે. આવી વાતોથી સમાજનું વાતાવરણ કલુષિત થાય છે. ખોટા દાખલા બેસે છે. કલહ, સંઘર્ષ થાય છે. એવી કેટલીક વાતો પ્રચ્છન્ન રહે એ વ્યક્તિ તથા સમાજના જ હિતમાં છે.

જ્યારે કોઇ વ્યક્તિ ઇરાદાપૂર્વક બેશરમ બનીને વારંવાર અધમ કૃત્યો કરે છે ત્યારે તેને ઉઘાડો પાડવામાં સમાજનું હિત રહેલું હોય છે. ત્યાં વ્યક્તિએ કોઇને વિશ્વાસમાં રાખીને પોતાની ગુપ્ત વાત પશ્ચાત્તાપપૂર્વક કરેલી નથી હોતી. એણે પોતાની વાતો સંતાડેલી હોય છે. દુનિયાને શી ખબર પડવાની છે ? - એવો ધૃષ્ટતાભર્યો ભાવ એનામાં હોય છે. 'ખબર પડશે તો હું પણ જોઇ લઇશ'-એવો મિથ્યાભિમાનનો હુંકાર એના અવાજમાં હોય છે. એવી વ્યક્તિ પકડાય અને એને સામાજિક કે સરકારી પ્રકારની શિક્ષા થાય તો એમાં તો સામાજિક ન્યાય રહેલો છે.

સમાજમાં સૌથી વધુ ગુપ્ત વાતો રાજકારણમાં થાય છે અને એટલી બધી વાતો ઉઘાડી પણ થઇ જાય છે. અસત્ય પણ એટલું જ બોલાય છે અને ખોટા આક્ષેપો પણ એટલા જ થાય છે. રાજકારણમાં પડેલા માણસોએ તો પોતાનું મોઢું ખોલતાં પહેલાં બહુ વિચાર કરવો જોઇએ. પોતાનો બીજાની આગળ બોલાયેલો એકે એક શબ્દ મોડોવહેલો જાહેર થઇ જ જવાનો છે એવી માનસિક પૂર્વતૈયારી એણે રાખવી જ જોઇએ. રાજકારણમાં કોઇ કાયમના મિત્ર રહેતા નથી કે નથી હોતા કાયમના શત્રુ. જે સમયે જે રીતે રીતે સ્વાર્થમૂલક સંબંધો ગોઠવીને સત્તા હાંસલ કરાતી હોય તે રીતે તેઓ સત્તા મેળવવા મથતા હોય છે. એટલે આજે આપેલી ગુપ્ત રહસ્યમય બાતમીને આવતી કાલે જાહેર કરીને એનો દુરુપયોગ કરનારા રહેવાના જ. હવે તો અવાજ અને દૃશ્યનું પોતાને ખબર પણ ન પડે એ રીતે રેકર્ડિંગ થઇ જાય છે. કોમ્પ્યૂટરની મદદથી ખોટાં બનાવટી પણ સાચાં લાગે એવાં દૃશ્યો બતાવી શકાય છે. ભીંતને પણ કાન હોય છે અને હવા પણ વાત લઇ જાય છે એ જૂની વ્યવહારુ શિખામણ આજે પણ એટલી જ સાચી અને ઉપયોગી છે.

સંપૂર્ણ પારદર્શક જીવન જીવવાનું ઘણું દુષ્કર છે. માણસને ધન, સ્ત્રી, સત્તા, કીર્તિ વગેરે માટેની જાતજાતની એષણાઓ હોય છે. એ બધી જ સ્પષ્ટપણે બીજાની આગળ વ્યક્ત કરાતી નથી. માણસને વિવિધ પ્રકારની ખાવાપીવાની, સૂવાબેસવાની, રહેણીકરણીની સુટેવો કે કુટેવો હોય છે. મનના ખૂણામાં કેટલીયે વાસનાઓ પડેલી હોય છે જેના ફક્ત એકમાત્ર પોતે જ સાક્ષી હોય છે. પરંતુ સંજોગવશાત્ માણસની એ વાતની જાણ ક્યારેક બીજાને જો થઇ જાય છે ત્યારે માણસ શરમાય છે કે ચિંતિત કે ભયભીત થઇ જાય છે.

સંસ્કૃતમાં એક વ્યવહારવચન છે : षट् कर्णे भिद्यते वार्ता । છ કાન જે વાત સાંભળે તે વાત ભેદાઇ જાય છે, તે ગુપ્ત રહેતી

નથી. છ કાન એટલે ત્રણ વ્યક્તિ. જ્યાં સુધી બે વ્યક્તિ વચ્ચે - અર્થાત્ ચાર કાન વચ્ચે વાત થાય છે ત્યાં સુધી તે ગુપ્ત રહેવાના સંજોગો સબળ હોય છે. બેમાંથી એકની મતિ બગડે ત્યારે તે વાતને ફોડી નાખે છે. ફોડનાર ત્યારે જાહેર થઈ જાય છે. ત્રણ વ્યક્તિ વચ્ચે વાત થઈ હોય ત્યારે બાકીના બેમાંથી કોણે વાત પ્રગટ કરી દીધી હશે તેની ખબર ન પડે. વાત ફોડનાર પણ બીજાના ઉપર આરોપ મૂકીને કહે કે પોતે વાત ફોડી નથી પણ બીજાએ ફોડી છે. માટે ડાહ્યા માણસે પોતાની ગુપ્ત વાત એક સાથે બે કે વધારે વ્યક્તિ ઉપસ્થિત હોય ત્યારે ન કરવી જોઇએ. બે વ્યક્તિને કહેવા જેવી હોય તો પણ તે દરેકને અંગત રીતે એકાંતમાં જુદા જુદા બોલાવીને કહેવી જોઇએ કે જેથી એ વાતનો બીજો કોઇ જાણકાર છે એવો વહેમ સાંભળનારને ન પડે.

કેટલાંયે કુટુંબો વર્ષો સુધી પોતાની કૌટુંબિક સ્વભાવની કે સુખ-દુઃખની નાનીમોટી વાતને ગુપ્ત રાખી શકે છે, પરંતુ એકાદ બે દીકરા-દીકરીનાં લગ્ન થતાં એ કુટુંબનો ગઢ ભેદાઇ જાય છે. ઘર પોલું થઇ જાય છે. વાતો બહાર જવા લાગે છે. નવી અણસમજુ પુત્રવધૂ પોતાની માને વાત કર્યા વગર રહે નહિ અને મા પોતાનાં સગાંસંબંધીને વાત કર્યા વગર રહે નહિ. કેટલાંક શ્રીમંત કુટુંબોની વાત ઘરનોકર, રસોઇયો, ડ્રાઈવર વગેરે દ્વારા છતી થઇ જાય છે. કેટલાક દુશ્મનો વાત મેળવવા પોતાના માણસોને બીજાને ત્યાં ગુપ્ત રીતે નોકરીએ રખાવી દે છે, અને એની મારફત બાતમી મેળવતા રહે છે. કેટલાક ડ્રાઇવરોને ખબર હોય છે કે પોતાના શેઠ ક્યાં ક્યાં, કોને કોને ઘરે કે ઓફિસે જાય છે, શેઠ કોને વારંવાર 'લિફ્ટ' આપે છે, કોને તેડવા માટે ખાનગીમાં ગાડી મોકલાવે છે. પોતાના શેઠ કોની સાથે પૈસાની હેરાફેરી કરે છે, દાણચોરીનો માલ સંતાડે છે, આડો વ્યવહાર રાખે છે, શસ્ત્રો પૂરાં પાડે છે વગેરે વિશેની બાતમી ડ્રાઇવરો જાણતા હોય છે. એવા ડ્રાઇવરોને મોટી બક્ષિસની, મોટી નોકરીની કે બીજી કોઈ લાલચ બતાવીને કે ધમકી આપીને એમની પાસેથી સહજ રીતે વાતવાતમાં વાત કઢાવી લેવાની ચતુર માણસોને માનસશાસ્ત્રીય પદ્ધતિ આવડતી હોય છે. જાસૂસોને જાસૂસી કરવા માટે દરેક દેશમાં વૈજ્ઞાનિક પદ્ધતિની તાલીમ અપાય છે.

કેટલાક માણસોની પ્રકૃતિ જ વાત કઢાવવાની અને ચગાવવાની હોય છે. 'કેમ, શી નવાજૂની છે ?' અથવા 'તમે સાંભળ્યું ?' જેવાં વાક્યો વારંવાર ઉચ્ચારનારા બીજાના મોઢામાં આંગળા નાખીને વાત કઢાવવાનો પ્રયત્ન કરે છે. પ્રશ્નોની ઝડી તેઓ શરમ રાખ્યા વગર વરસાવે છે. થોડો વખત તેઓ સમાજમાં લોકપ્રિય કદાચ થાય છે, પરંતુ સરવાળે વગોવાય છે અને સૌ એમનાથી અંતર રાખે છે.

કેટલીક વાર ઘટના જ એવી રીતે બને છે કે બીજી ત્રીજી વ્યક્તિને અજાણતાં ખાનગી વાતની ખબર પડી જાય છે. તો કેટલીક વાર ડૉક્ટર, વકીલ, પોલીસ કે એવો વ્યવસાય કરનાર આગળ ગરજે પોતાની ખાનગી વાત કરવી પડે છે. કેટલીક વાર જેની સહાય વિના ઉકેલ આવે એમ ન હોય એવા માણસ આગળ સામે ચાલીને જવું પડે છે અને પોતાની વાત કહેવી પડે છે. આવા અનપેક્ષિત સંજોગોમાં બીજી ત્રીજી વ્યક્તિ જ્યારે એક વાત જાણી જાય છે ત્યારે એને ચૂપ રાખવા માટે કિંમત ચૂકવવી પડે છે. ક્યારેક એના 'બ્લેકમેઇલ'ના - ધાકધમકીના ભોગ થવું પડે છે.

કેટલીક ગુપ્ત બાબતો સમયબદ્ધ હોય છે. અમુક નિશ્ચિત સમય સુધી જ તે ગુપ્ત રાખવાની હોય છે. પછીથી એ ગુપ્ત રાખનારાઓ તરફથી જ એની જાહેરાત થાય છે અથવા આપોઆપ તે પ્રગટ થઇ જાય છે . કોઇકની સગાઇ કે લગ્નની વાત, કોઇક ધંધાની લેવડદેવડની વાત, ઘર, ગાડી કે બીજી કોઈ ખરીદીની વાત, કોઈકના ઓપરેશનની, કોઇક દીક્ષાની, સંન્યાસની, ગૃહત્યાગની વાત, કોઇકના અદાલતના ખટલાની વાત, પરીક્ષાનાં પરિણામોની વાત, રાજકીય દાવપેચની વાત નિર્ધારિત કાળ સુધી ગુપ્ત રાખવી પડે છે. સંરક્ષણના વિષયમાં શસ્ત્રોની, સૈનિકોની ટુકડીઓની હેરફેરની, આક્રમણની વાત અત્યંત ગુપ્ત રખાય છે. સરકારી પ્રધાનોને કેટલીક માહિતી સોગંદવિધિ પછી જ અપાય છે. આવી કાળબદ્ધ મર્યાદાની ગુપ્ત વાત અગાઉથી જો કોઇ જાહેર કરી દે તો યોજના બગડી જાય છે, પરિણામ ધાર્યું આવતું નથી અથવા ઊલટું આવે છે. ઘણી ગરબડ મચી જાય છે અને દુશ્મનો ગેરલાભ ઉઠાવી જાય છે. આવી ગુપ્ત વાતો જો જાણતા હોઇએ તો પણ તે પ્રગટ ન કરી દેવી જોઇએ.

કેટલાક માણસો એટલા જૂઠા અને એટલા હોંશિયાર હોય છે કે ન હોય એવી વાત ઉપજાવીને અંગત વર્તુળોમાં એનો પ્રચાર કરે છે અને પછી એવી ન બનેલી વાતો પણ લોકો માનવા લાગે છે. એટલા માટે માણસે પોતાનું જીવન જ એવું સ્વચ્છ અને સ્વસ્થ રાખવું જોઇએ કે ક્યારેક કોઈ ખોટું આળ મૂકીને પ્રચાર કરવા જાય તો તે ભોંઠો પડે. લોકો એ માનવા ક્યારેય તૈયાર ન થાય. સાધુસંતોનું જીવન ખુલ્લી કિતાબ જેવું, સ્વચ્છ અને પારદર્શક હોય છે. મન, વચન અને કાયાની એકરૂપતા એમના જીવનમાં હોય છે. આત્મકલ્યાણ અને લોકકલ્યાણની એમની ભાવના બહુ પ્રબળ હોય છે. એમને પોતાનું કશું છુપાવવાનું હોતું નથી. એટલે એમને માટે કરાયેલા ખોટા આક્ષેપો કે એમના જીવનરૂપી સૂર્યના પ્રકાશને મેલો કરવાના પ્રયત્નો વૃથા નીવડે છે.

કેટલાક માણસો પોતાનાથી થયેલી ભૂલને પોતાના હૃદયમાં ઝાઝો વખત રાખી શકતા નથી. એનો એમને એવો પસ્તાવો થાય છે કે જ્યાં સુધી એ વિશે તેઓ હૃદય ખોલીને કોઇને કંઇ વાત ન કરે ત્યાં સુધી તેમને ચેન પડતું નથી. પાપનો એકરાર અને પ્રાયશ્ચિત્ત એ મનુષ્ય જીવનનું સ્વાભાવિક લક્ષણ છે.

માણસે પોતાની પેટછૂટી વાત કોઈને કરવી જ હોય તો યોગ્ય પાત્રને, યોગ્ય સમયે જ કહેવી જોઇએ. જગતમાં બધા જ માણસો ખરાબ નથી હોતા. કેટલાયે બીજાની વાતોને જીવનભર સાચવી રાખે છે. પરંતુ અધકચરા, અણસમજવાળા, ઉતાવળિયા સ્વભાવના, વાતડાહ્યા, અતિ ઉત્સાહી, જશ ખાટવાની વૃત્તિવાળા, નિંદક સ્વભાવનાં, વૈરવૃત્તિવાળા, બીજાની ચડતી જોઇ ખેદ અનુભવનારા, બે જણને લડાવે નહિ ત્યાં સુધી સંતોષ ન અનુભવનારા, સ્વાર્થઘેલા, સંકુચિત મનોવૃત્તિ ધરાવનારા-એવા કોઇકને જો કોઇક ખાનગી નબળી વાતની ખબર પડે તો તેનો ગેરલાભ ઉઠાવ્યા વગર તેઓ રહી શકતા નથી. એવા માણસ આગળ પોતાની અંગત વાત કરતાં પહેલાં માણસે સો વખત વિચાર કરવો જોઇએ.

સમાજમાં કેટલીયે એવી સંનિષ્ઠ, પ્રામાણિક, નીતિમાન, આદરપાત્ર વ્યક્તિ હોય છે કે જે બધાંનો વિશ્વાસ ધરાવે છે. એની આગળથી કોઇની વાત બીજા પાસે જતી નથી. એવી વ્યક્તિ ખાનગી રાહે સાચી સલાહ પણ આપે છે. હૃદય ખોલીને પોતાની અંગત ગુપ્ત વાત કરવા માટે સાધુસંતો જેવું અન્ય કોઇ સ્થાન નથી. સાધુસંતો કોઇની ગુપ્ત વાત છતી કરતા નથી એટલું જ નહિ, કોઇની અંગત વાત જાણવામાં એમને રસ પણ નથી હોતો. પ્રશ્નો પૂછીને વાત કઢાવવાનો કે બીજાને શરમાવવાનો તેમનો સ્વભાવ હોતો નથી. એટલે જ સમાજમાં તેઓ સૌથી વધુ વિશ્વસનીય મનાય છે.

ભારતીય સંત પરંપરામાં હિંદુ, જૈન, બૌદ્ધ એ ત્રણે ધર્મમાં પાપના એકરારની પ્રથા છે. ગુરુ સમક્ષ એકાંતમાં માણસ પોતાનાં પાપોની 'આલોચના' કરે છે અને ગુરુ મહારાજ કહે એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત લેવાય છે. પોતાના દોષોની કબૂલાત ગુરુ સમક્ષ ક્યારે અને કેવી રીતે કરવી એના નિયમો બહુ ઝીણવટપૂર્વક આપણાં શાસ્ત્રોમાં આપેલાં છે. 'આલોયણા'નો વિષય એક સ્વતંત્ર વિષય છે.

ખ્રિસ્તી ધર્મમાં એકરાર (Confessions)ની પ્રથા હોય છે. માણસે કોઇ પાપ કર્યું હોય તો દેવળમાં જઇ પાદરી પાસે તેનો એકરાર કરે છે અને પાદરી કહે તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત લે છે. એક કેબિન જેવી રચનામાં પાદરી બેસે છે. પાદરીના કાન પાસે કેબિનના લાકડામાં એક કાણું કરેલું હોય છે. એકરાર કરનારી વ્યક્તિ ઘૂંટણીએ પડી બહારથી એ કાણામાં બોલે છે જે પાદરી સાંભળે છે. પાપનો એકરાર કરનારી વ્યક્તિને પાદરીએ જોઇ નથી હોતી કે એકરાર

કરનારી વ્યક્તિએ પાદરીને જોયા નથી હોતા. આમ કોણે કોની પાસે એકરાર કર્યો તેની ખબર નથી પડતી. (એકબીજાને જોઇ-જાણી શકે એ રીતે પણ એકરાર થાય છે.) આવી એકરાર કરવાની પ્રથામાં પણ એકરાર સાંભળનાર પાદરી કાચી ઉંમરનો ન હોવો જોઇએ, તે એકરાર કરનાર પાપી સ્ત્રી-પુરુષનો તન, મન, ધનથી ગેરલાભ ઊઠાવનાર ન હોવો જોઇએ, એકરારની વાતને છતી કરી દે એવો ક્ષુલ્લક મનનો કે અભિમાની તે ન હોવો જોઇએ, પાપીને અકારણ વધારે પડતી સજા કરનાર ન હોવો જોઇએ, પાપીને માનસિક રીતે ત્રાસ આપનાર કે ગુલામ બનાવી દેનાર ન હોવો જોઇએ - વગેરે બાબતો વિશે બહુ જ ચીવટ રાખવામાં આવે છે. રોજે રોજ કેટલાયે માણસોનાં પાપોનો એકરાર સાંભળનાર પાદરીના મુખમાંથી ક્યારેય ક્યાંય એક શબ્દ પણ નીકળતો નથી કે પોતાને ઘણાંનાં પાપોની ખબર છે એવી સભાનતાનો ભાસ એમના ચહેરા પર આવતો નથી. આ જ એમની મહત્તા છે.

સંતની સંતપણાની કસોટી આવી ગુપ્ત વાતોના પ્રગટીકરણ વખતે થતી હોય છે. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ સંત મહાત્માઓ બીજાની પ્રચ્છન્ન વાત કોઇને કહેતા નથી. સમાજમાં જ્યારે કોઇક વ્યક્તિ પોતાની ટીકાનિંદા કરવાનું ચાલુ કરે છે ત્યારે માણસને એની વર્ષોથી સાચવેલી ગુપ્ત વાત પ્રગટ કરીને એને સીધો કરી દેવાનું મન થાય છે. પોતાને કોઇ આર્થિક નુકસાન થયું હોય, બીજા દ્વારા અપકીર્તિ થતી હોય, ખોટા આક્ષેપો પોતાના પર થતા હોય, જાતજાતની ધમકીઓ મળતી હોય ત્યારે વેર લેવાના ભાવથી, બીજાને પરાજિત અને શાન્ત કરી દેવાના આશયથી એની મોટી ગુપ્ત વાત પ્રકાશિત કરી દેવાની લાલચ માણસ રોકી શકતો નથી. એમ કરવાથી પરિસ્થિતિ તરત જ પોતાને અનુકૂળ થઇ જવાની સંભાવના હોય છે. પરંતુ એવે વખતે જ માણસના સત્ત્વની કસોટી થાય છે.

જેઓ ત્યાગી છે, નિસ્પૃહ છે તેઓ તો બધી વાત હૃદયમાં રાખી શકે છે. પોતાના હૃદયમાં બીજાની ખાનગી વાત છે એવો અણસાર પણ તેઓ બીજા આગળ આવવા દેતા નથી. સાધુને કોઇની ખાનગી વાત બીજાને કહી દેવાનું પ્રયોજન જ ન હોવું જોઇએ. વસ્તુતઃ જે સાધક છે તેનું તો એ દિશામાં લક્ષ્ય જ હોતું નથી. એક દૃષ્ટિએ જોઇએ તો બીજાની ગુપ્ત વાતને પોતાની પાસે જીવનના અંત સુધી ગુપ્તપણે સાચવી રાખવી એ પણ ઘણી કઠિન સાધના છે. કેટલાક તો પ્રાણ જાય પણ વાત જવા ન દે એવી કોટિના હોય છે. સાચા સાધકો તો એથી પણ ઘણા આગળના તબક્કાની સાધના કરવાવાળા હોય છે. પોતાની પાસે કોઇની ગુપ્ત વાત છે એટલી સભાનતા પણ તેમને રહેતી નથી. કોઇ પ્રસંગે ખાસ એ વાત કરવાની આવશ્યકતા ઊભી ન થાય તો એ વાત એમના જીવનમાં વિસ્મરણ જેવી બની જાય છે. તેઓની પાસે ઘણાંની ઘણી નબળી વાતો ગુપ્તપણે આવતી રહેતી હોય છે તો પણ તેઓ તો સંસારની વિષમતા વિશે અને જીવોનાં શુભાશુભ કર્મોના ઉદય વિશે, સાક્ષીભાવે ચિંતન કરતા હોય છે. જેઓ જ્ઞાતાદૃષ્ટાની દશા સુધી પહોંચે છે તેમને માટે આવું ભાવચિંતન સહજ અને સાધનામય બની જાય છે.

જેઓ સરળ છે, નિસ્પૃહ છે, નિરભિમાની છે, સ્વસ્થ છે, સત્યનિષ્ઠ છે, ઉચ્ચત્તમ આધ્યાત્મિક ધ્યેયને વરેલા છે, તેઓને પોતાના જીવનમાં કશું છુપાવવા જેવું હોતું નથી. જેમને કશું છુપાવવાનું નથી હોતું તેઓ નિર્ભય હોય છે. જેઓ બીજાની અનેક ખાનગી વાતો જાણવા છતાં નિર્લોભી છે, નિરાકાંક્ષી છે, ક્ષમાશીલ છે, હિતેચ્છુ છે, સંસારના સ્વરૂપનું ચિંતનમનન કરવાવાળા છે તેઓને બીજાની ગુહ્ય વાત પ્રકાશિત કરવાનું કોઇ પ્રયોજન હોતું નથી.

બીજાની ગુહ્ય વાતોને પોતાના પેટમાં આજીવન સમાવી દઇને સંત બનવું એ સરળ કાર્ય નથી.

☐ રમણલાલ ચી. શાહ

# સ્વ. વસનજી લખમશી શાહ

☐ રમણલાલ ચી. શાહ

મારા મિત્ર અને જૈન સમાજના એક આગેવાન તથા સંનિષ્ઠ કાર્યકર શ્રી વસનજી લખમશી શાહનું ૬૯ વર્ષની વયે તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મુંબઇમાં અવસાન થયું.

શ્રી વનસજીભાઇ છેલ્લા કેટલાક વખતથી કિડનીના રોગથી પીડાતા હતા. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસિસ માટે હોસ્પિટલમાં જતા હતા. ત્યાર પછી દાક્તરોએ સલાહ આપી કે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવી. એમનાં ધર્મપત્ની શ્રી કાન્તાબહેનની કિડની યોગ્ય જણાઇ. તે ટ્રાન્સપ્લાન્ટ થઇ. થોડા મહિના સારું રહ્યું, પણ પછી તબિયત બગડતી ગઇ અને હોસ્પિટલમાં દાખલ થયા. દિવસે દિવસે શરીર ઘસાતું ગયું અને એમ કરતાં છેવટે એમના જીવનનો દીપ બુઝાઈ ગયો.

૧૯૯૭નું વર્ષ વસનજીભાઇ માટે બહુ ભારે રહ્યું. વારંવાર હોસ્પિટલમાં ડાયાલિસિસ, ઓપરેશન, સારવાર માટે જવાનું રહ્યા કર્યું. દરમિયાન એમનાં માતુશ્રી રતનબાઇનું અવસાન થયું. તદુપરાંત જમાઇનું પણ ઘણા દિવસ બેભાન રહ્યા પછી અવસાન થયું. જમાઇના અવસાનના સમાચાર વસનજીભાઇને આઘાત ન લાગે એ માટે આપવામાં આવ્યા ન હતા. તો પણ એમની લાંબા સમય સુધીની બેભાન અવસ્થાને કારણે તેઓ ચિંતિત હતા.

વસનજીભાઇના કુટુંબ સાથે મારો પરિચય તો ઠેઠ ૧૯૫૫ના ગાળામાં થયો હતો, કારણ કે એમનાં નાનાં બહેન શ્રી સુશીલાબહેન તથા ભાઇ શ્રી મૂળચંદભાઇ ઝેવિયર્સ કોલેજમાં મારા વિદ્યાર્થી હતાં. ત્યારે તેઓ ઘાટકોપરમાં રહેતાં. પરંતુ એ સંબંધ અધ્યાપક અને વિદ્યાર્થીને હોય તેવો ઔપચારિક હતો. વસનજીભાઇ સાથે ત્યારે મારો પરિચય નહિ. એ થયો ૧૯૭૫ના ગાળામાં.

વનજીભાઇએ માતાપિતા અને ભાઇઓની સંમતિથી પારિવારિક વ્યવસાય છોડી જાહેર જીવનમાં, સેવાકાર્યના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ત્યારપછી અમારો પરિચય થયો હતો. તેઓ પર્યુષણ વ્યાખ્યાન- માળામાં આવતા. અનેક જાહેર કાર્યક્રમોમાં તેઓ ઉપસ્થિત હોય. એ રીતે એમને વારંવાર મળવાનું થતું. તેમના સરળ, નિખાલસ અને મળતાવડા સ્વભાવનો આ રીતે સરસ પરિચય થયો હતો અને ઉત્તરોત્તર એ વિકસતો ગયો હતો.

અમારી મૈત્રી વધુ ગાઢ થતી ગઇ ૧૯૮૦ના ગાળામાં. ઇ.સ. ૧૯૮૩માં પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂર્ણ થઇ ત્યાર પછી વસનજીભાઈ એક દિવસ ઘરે આવી પહોંચ્યા. તેમણે કહ્યું કે 'તમે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી જૈન સાહિત્ય સમારોહ યોજો છો. તે હવે અમારા કચ્છમાં યોજવા માટે નિમંત્રણ આપવા આવ્યો છું.' એમની દરખાસ્તથી મને હર્ષ થયો. અચલગચ્છ તરફથી અને પોતાના તરફથી બધો જ ખર્ચ આપવાની તત્પરતા એમણે બતાવી. વધુમાં વધુ લેખકોને નિમંત્રણ આપવા અને રાજસ્થાન તથા ઉત્તર પ્રદેશમાંથી પણ લેખકોને બોલાવવા એમણે સૂચન કર્યું. પરંતુ એટલે દૂરથી આવતા લેખકોને ભાડુંભથ્થું આપતાં બજેટ કેટલું બધું વધી જાય ! પણ એમની ભાવના ઘણી ઊંચી હતી. વળી એમણે કહ્યું કે આટલે દૂર દૂરથી લોકો કચ્છ આવતા હોય અને કચ્છમાં તીર્થોની યાત્રા કર્યા વગર જાય તે કેમ ગમે ? પોતાના તરફથી ભદ્રેશ્વર અને પંચતીર્થીની યાત્રા પણ ગોઠવાઇ. (બોંતેર જિનાલય માટે ત્યારે જમીન લેવાઇ ગઇ હતી, એ સ્થળની પણ મુલાકાત ગોઠવાઈ હતી.) આમ, કચ્છમાં માંડવી ખાતે યોજાયેલો જૈન સાહિત્ય સમારોહ, સર્વ સમારોહમાં સૌથી વધુ યાદગાર બની ગયો હતો. શ્રોતાઓની અને સાધુસાધ્વીઓની સંખ્યા પણ ઘણી જ મોટી હતી. સમારોહમાં નિબંધો સારી સંખ્યામાં વંચાયા. ભોજન, ઉતારો વગેરેની વ્યવસ્થા પણ સુંદર હતી. કચ્છમાં ફરવામાં ગામેગામ વાજતેગાજતે મોટું સામૈયું થતું. સ્થાનિક આગેવાનો બધા હાજર રહેતા. સભાઓ થતી. પ્રાસંગિક

વક્તવ્યો રજૂ થતાં. બધા કાર્યક્રમોમાં વસનજીભાઈની સૂઝ, કાર્યદક્ષતા, આયોજનશક્તિ અને દીર્ઘદષ્ટિ તો રહેલાં હતાં જ, પણ એ બધાંથી વધુ તો એમની મહેકતી સુવાસ હતી. એમનું કામ કરવા સૌ તત્પર અને સૌ રાજી. સામાન્ય રીતે જૈન સાહિત્ય સમારોહમાં થતાં ખર્ચ કરતાં ઘણું વધારે ખર્ચ એમણે કર્યું, પણ પધારેલા મહેમાનો, સ્થાનિક સંઘો અને સાધુ-સાધ્વીઓ સૌને અત્યંત સંતોષ થયો.

વસનજીભાઈએ વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી હતી એટલે ઘણી સંસ્થાઓમાં તેઓ સમય આપી શકતા હતા. પ્રમુખ, મંત્રી, ખજાનચી, ટ્રસ્ટી કે કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે સંખ્યાબંધ સંસ્થાઓમાં તેઓ સક્રિયપણે ભાગ લેતા હતા. એ સંસ્થાઓમાં જવાનું, એની કાર્યવાહીમાં રસપૂર્વક ભાગ લેવાનું, પ્રસંગે રકમ લખાવવાનું, કામ કરીને ઘસાઈ છૂટવાનું એમને ગમતું. ઉત્તરોત્તર અનુભવ વધતો જતાં ઝડપથી કામ કરવાની અને આગેવાની લેવાની સૂઝ પણ એમનામાં આવી હતી. પોતે મુખ્ય સત્તાધીશ હોય તો બીજાને ખૂંચે નહિ એવી રીતે કામ કરાવવાની દક્ષતા એમનામાં હતી. બધી વાતને આવરી લેતું પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરવાની એમની શક્તિ ખીલી હતી.

સંઘર્ષ, વિવાદ, કલહ, હુંસાતુંસી વગેરે વસનજીભાઈને ગમતાં નહિ. એ એમની પ્રકૃતિમાં નહોતાં. બધાંની સાથે બનાડવું, બધા રાજી રહે એવું કાર્ય કરવું એ એમની નીતિરીતિ હતી. માલ-મિલકતના ઝઘડા હોય, લગ્ન કે વિચ્છેદના પ્રશ્નો હોય, ભાગીદારીની સમસ્યાઓ હોય, કેટલાંયે કુટુંબો વસનજીભાઈને વિષ્ટિકાર તરીકે નિમતા અને એમનો નિર્ણય સ્વીકારતા. 'કજિયાનું મોં કાળું' એવું માનનારા, ક્યારેય ઊંચે સાદે ન બોલનારા, કોઈને કડક શબ્દોમાં ઠપકો ન આપનારા વસનજીભાઈ સૌની સાથે હળીભળી જતા, એથી એમના ચાહકો સ્વાભાવિક રીતે એમના પ્રત્યે આદરભાવ ધરાવતા.

વસનજીભાઈ મિલનોત્સુક પ્રકૃતિના હતા. બધાંને મળે. સામેથી બોલાવે. ખબર અંતર પૂછે. તેઓ વ્યવહાર બહુ સાચવતા. એમનાં સગાંસંબંધીઓ એટલાં બધાં, મિત્રવર્તુળ પણ એટલું મોટું અને વિવિધ સંસ્થાઓના સહકાર્યકર્તાઓ સાથેની દોસ્તી પણ વિશાળ. દરેકને ત્યાં સગાઈ, લગ્ન, માંદગી, મરણ વગેરે પ્રસંગે વસનજીભાઈ પહોંચ્યા જ હોય. એ બાબતમાં જરા પણ આળસ તેમનામાં જોવા ન મળે. નાના મોટા સૌની સાથે એક બનીને રહે અને દરેકને જાતે મદદરૂપ થવાનો અથવા બીજા દ્વારા મદદ કરાવવાનો પ્રામાણિક પ્રયાસ કરી છૂટે. એથી સમાજમાં એમનો મોભો ઘણો ઊંચો થયો હતો.

વસનજીભાઈ ધર્મપ્રિય હતા. સાધુ-સાધ્વીઓ પ્રત્યે એમને અત્યંત આદરબહુમાન હતાં. અમે ઘણે ઠેકાણે સાથે પ્રવાસ કર્યો છે. જ્યાં જઈએ ત્યાં દેરાસરમાં દર્શન કરવા જવાનું તેઓ અવશ્ય યાદ રાખે જ. વળી ત્યાં કોઈ સાધુ-સાધ્વી છે કે નહિ તેની તપાસ કરે અને હોય તો એમને વંદન કરવા જવાનું ચૂકે નહિ. પોતે બધાં સાધુ-સાધ્વીને નામથી ઓળખે અને તેઓ પણ વસનજીભાઈને જોતાં જ હર્ષ અનુભવે. એમનાં એક સંસારી ભાભી તે પૂ. પુનિતગુણાશ્રીની સુખશાતા પૂછવા તેઓ વારંવાર જતા.

પ્રવાસ એ વસનજીભાઈની એક પ્રિય પ્રવૃત્તિ હતી. અનિવાર્ય કારણ ન હોય તો તેઓ નિર્ધારિત પ્રવાસમાં અવશ્ય જોડાયા જ હોય. પ્રવાસમાં તેઓ બધાંની સાથે હળેભળે અને બધાંની સગવડનું ધ્યાન રાખે. જુદા જુદા કાર્યક્રમો અને યોજનાઓ માટે સરેરાશ મહિને એકાદ વખત તો કચ્છમાં જવાનું તેમને થાય. એમના પ્રગાઢ મિત્ર શ્રી દામજીભાઈ એન્કરવાલા ઘણુંખરું એમની સાથે હોય.

ઘાટકોપરના ડૉ. એલ. એમ. શાહ અને એમના ધર્મપત્ની નિર્મળાબહેન વસનજીભાઈનાં ખાસ મિત્ર. ડૉક્ટરે હિમાલયમાં બદ્રી-કેદારના પ્રવાસનું આયોજન કર્યું હતું ત્યારે મને પણ નિમંત્રમ આપ્યું હતું. ડૉક્ટર, વસનજીભાઈ તથા અન્ય મિત્રો સાથેનો દસ દિવસનો અમારો એ સુયોજિત પ્રવાસકાર્યક્રમ ખરેખર સ્મરણીય બની ગયો હતો.

વનસનજીભાઈના ધર્મપત્ની કાન્તાબહેન પણ એટલાં જ પ્રેમાળ. ઘણુંખરું વસનજીભાઈ અને કાન્તાબહેન સ્થાનિક કાર્યક્રમોમાં કે બહારગામના પ્રવાસોમાં સાથે જ હોય. કિડનીની તકલીફ શરૂ થયા પછી કાન્તાબહેન એમના ખાવાપીવાનું બહુ ધ્યાન રાખે. બંનેનું દામ્પત્યજીવન બીજાને પ્રેરણા લેવા જેવું ગણાય.

વસનજીભાઈ નોકરચાકરો સાથેના વ્યવહારમાં પણ પોતાનું મોટાપણું દાખવતા નહિ. ગરીબો અને તવંગરો-સર્વની સાથે તેમનો વ્યવહાર સંવાદમય રહેતો. એથી જ ગરીબોમાં, વિશેષતઃ કચ્છના ગામડાંઓના ગરીબોના હૃદયમાં તેઓ અનોખું સ્થાન ધરાવતા.

વસનજીભાઈની એવી ભાવના હતી કે હું મુંબઈ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થાઉં તે પહેલાં અચલ ગચ્છનાં કોઈ સાધુ-સાધ્વીને મારે પીએચ. ડી.નો અભ્યાસ કરાવવો. એ માટે ઓછામાં ઓછી સ્નાતકની ડિગ્રી હોવી જરૂરી છે. દરમિયાનમાં સમેતશિખરમાં યોજાયેલા ઇતિહાસ-સંમેલનમાં હું ગયો હતો. મારા મિત્ર શ્રી નેમચંદભાઈ ગાલા પણ સાથે હતા. ત્યારે વસનજીભાઈ પણ શિખરજી આવેલા. પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ સાથે એમને ચર્ચા થઈ. પીએચ.ડી. કરવાની યોગ્યતા કોણ ધરાવે છે એની તપાસ થઈ અને પૂ. સાધ્વી શ્રી મોક્ષગુણાશ્રીજીનું નામ આવ્યું. હું તો એમને મળેલો પણ નહિ. બીજે દિવસે સવારે સંઘ શત્રુંજયની યાત્રા માટે પ્રસ્થાન કરવાનો હતો. સૌ એકત્ર થયા હતા. તે સમયે પૂ. ગચ્છાધિપતિએ જાહેર કર્યું કે 'ડૉ. રમણભાઈ સાધ્વી મોક્ષગુણાશ્રીજીને પીએચ.ડી.નો અભ્યાસ કરાવશે.' હું તો આશ્ચર્યસહિત આનંદ અનુભવી રહ્યો. આ બધી યોજનામાં વસનજીભાઈનો ઉત્સાહ જ કામ કરી ગયો. શત્રુંજયની યાત્રા પછી સાધ્વીજી મુંબઈમાં પધાર્યાં. તેઓ જ્યાં વિહારમાં હોય ત્યાં મને લાવવા-લઈ જવાની જવાબદારી વસનજીભાઈએ સ્વીકારી લીધી. સાધ્વીજીએ પણ મન મૂકીને કામ કર્યું. ચાર વર્ષમાં એમણે મહાકવિ શ્રી જયશેખરસૂરિ પર શોધપ્રબંધ તૈયાર પણ કરી લીધો. પીએચ. ડી.ની ડિગ્રી મળી. શોધપ્રબંધ ગ્રંથ રૂપે બે ભાગમાં પ્રકાશિત પણ થયો.

વસનજીભાઈ જ્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જિનાગમ ટ્રસ્ટના પ્રમુખ થયા ત્યારે બંધ પડેલી જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ એમણે ફરી પાછી ચાલુ કરાવી. એક વખત શિખરજી અને બે વખત કચ્છમાં-એમ ત્રણ વાર એમની પ્રેરણાથી સાહિત્ય સમારોહ યોજાયો. એમનું નામ મોટું, સંબંધો ગાઢ ને સુવાસ પણ એટલી કે બધે જ બધી વ્યવસ્થા તરત ગોઠવાઈ જતી. એમનું કામ ઉપાડી લેવા એમના મિત્રો તત્પર. એ બધાં ઉપરાંત મને એમની સૌથી વધુ સ્પર્શી ગઈ તે ઉદારતા. મારે બજેટની મર્યાદામાં રહીને કામ કરવાનું રહે. એટલે જ્યાં ખર્ચ વધવાનો સંભવ હોય ત્યાં પહેલેથી જ તેઓ મને કહી દે, 'એ ખર્ચની ફિકર ન કરશો. એ મારા તરફથી છે.' આમ, ક્યારેક તો સમારોહના બજેટ જેટલી જ રકમ અંગત રીતે તેઓ ભોગવી લેતા અને છતાં એ વિશે જરા પણ ઉલ્લેખ ક્યાંય થવા ન દેતા.

પોતાનો અંતકાળ નજીક આવી રહ્યો છે એવો ખ્યાલ એમને આવી ગયો હતો. એટલે જ પોતે પૂરા ભાનમાં હતા ત્યારે જે જે સંસ્થાઓને ધર્માદાની રકમ પોતે આપવા ઇચ્છતા હતા તે બધાના ચેક સ્વહસ્તે લખીને આપવાનું ચાલુ કરી દીધું હતું. હું હોસ્પિટલમાં મળવા ગયો ત્યારે અમારા જૈન યુવક સંઘ માટે એમણે રૂપિયા એકવીસ હજારનો ચેક પોતાના હાથે લખીને મારા હાથમાં મૂક્યો. એમની આ શુભ ભાવનાથી હું ભાવવિભોર થઈ ગયો હતો.

વસનજીભાઈએ દેહ છોડ્યો એ દિવસે બપોરે હું એમની પાસે જ હતો. તેમણે ભાન ગુમાવી દીધું હતું. છેલ્લા શ્વાસ ચાલતા હતા. રાત દિવસ એમની સેવાચાકરી કરનાર કાન્તાબહેન, પુત્ર પીયૂષભાઈ, પુત્રવધૂ પ્રીતિબહેન, પુત્રીઓ, ભાઈઓ શ્રી ધનજીભાઈ અને શ્રી મૂળચંદભાઈ તથા પરિવારના અન્ય સભ્યો, સ્વજનો વગેરેને ખ્યાલ આવી ગયો હતો કે હવે એમના જીવનનો અંત આવી રહ્યો છે. હોસ્પિટલમાંથી હું ઘરે પહોંચ્યો ત્યાં તો પીયૂષભાઈનો ફોન આવ્યો કે વસનજીભાઈએ દેહ છોડી દીધો છે.

વસનજીભાઈએ પાર્થિવ દેહ છોડ્યો, પણ એમની સૌરભ ચારે તરફ પ્રસરી રહી. એમના અવસાનથી સમાજે એક સંનિષ્ઠ, સખાવતી, સેવાભાવી કાર્યકર ગુમાવ્યો છે. મને એક પરમ મિત્રની ખોટ પડી છે. એમના પુણ્યાત્માને શાન્તિ હો !

✤✤✤

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી ચાલુ-૯)**

## દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અતીત કેવળજ્ઞાન :

ભાવ એ મનની સ્થિતિ છે, હૃદય સ્પંદન છે, લાગણી છે, વેદન છે, અનુભૂતિ છે. આત્મા એની પરમાત્મ અવસ્થામાં, શુદ્ધાવસ્થામાં, સ્વભાવદશામાં હોય છે જે આત્માની સચ્ચિદાનંદ અવસ્થા છે, મસ્ત અવસ્થા છે, સહજાનંદ અવસ્થા છે, વીતરાગ દશા છે. જ્યારે વિભાવદશામાં, અશુદ્ધ દશામાં રાગ-દ્વેષ, સુખ-દુ:ખ, ગુણ-દોષ, પુણ્ય-પાપ, હર્ષ-શોક મિશ્રિત અવસ્થા હોય છે.

કેવળજ્ઞાન એકરૂપ એવું ને એવું જ છે. જ્યારે એક પછી બીજો ખવાતો કોળિયો એવો ને એવો ખરો પણ એ જ નહિ, નદીનો પ્રવાહ એજ પણ પાણી એનું એજ નહિ. જગતનું વહેણ અનાદિ-અનંત, પણ જગત એનું એજ નહિ. એ તો પ્રતિપળ પલટાતું, બદલાતું સાદિ-સાન્ત દશ્ય જગત છે. અંદરમાં આપણી અપૂર્ણ અવસ્થાનું અદશ્ય જગત અર્થાત્ ભાવ જગત પણ બદલાતું અને પલટાતું જગત છે, જેંને જૈન દર્શનમાં છદ્મસ્થતા-છદ્મસ્થ અવસ્થા કહેલ છે..

પરમાત્મ તત્ત્વ-કેવળજ્ઞાન એ દેશ-ક્ષેત્ર (Space) અને કાળ-સમય (Time)થી અતીત છે. 'Soul is beyond time & Space'. જેમ અંતરીક્ષમાં છોડવામાં આવેલ-તરતો મૂકવામાં આવેલ ઉપગ્રહ Satelite ગુરુત્વાકર્ષણમાંથી બહાર નીકળી જાય છે તેમ અહીં કેવળજ્ઞાની ભગવંત-પરમાત્મ ભગવંત દેશ અને કાળના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. પરંતુ દ્રવ્ય અને ભાવ રહે છે. આત્મપ્રદેશરૂપ દ્રવ્ય અને કેવળજ્ઞાનરૂપ-સ્વરૂપગુણ-ભાવ રહે છે, એટલે તેઓ દ્રવ્ય-ભાવ ઉભયાત્મક છે. એમના દ્રવ્ય અને ભાવ એક છે અને અભેદ છે. જ્યારે છદ્મસ્થ સંસારી જીવોનું જીવદળ, આત્મદ્રવ્ય, જીવદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આશ્રિત છે, જેમાં ક્ષેત્ર-ક્ષેત્રાંતરતા અને રૂપ-રૂપાંતરતા અર્થાત્ પરિભ્રમણ અને પરિવર્તન હોવાથી દ્રવ્ય અને ભાવ પરિવર્તનશીલ છે, તે કારણથી એ ભેદરૂપ છે.

જે દ્રવ્યના પ્રદેશ સ્થાનાંતરગમન નહિ કરે તે ક્ષેત્રાતીત કહેવાય.

જે દ્રવ્યના પ્રદેશ રૂપાંતરગમન નહિ કરે તે કાળાતીત કહેવાય.

આપણા કર્તા-ભોક્તા ભાવ, અજ્ઞાનભાવ, મોહભાવ, દેહભાવ, દેહાધ્યાસ અંગે ક્ષેત્ર, કાળ અને ભાવ આપણે ઊભા કરેલ છે. એ પરમાર્થથી નથી. જો કર્તા-ભોક્તા ભાવ આદિ કાઢી નાંખીએ તો દ્રવ્ય અને ભાવ એક થઈ જાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યો માત્ર દ્રવ્ય અને ભાવ રૂપ છે અને તેથી ક્ષેત્રાતીત અને કાળાતીત થાય છે. આપણે આકાશાસ્તિકાયમાં અવગાહના લઈને રહ્યાં છીએ. આપણું કદ નાનું છે તેથી ક્ષેત્ર ભેદની કલ્પના કરીએ છીએ, જેને દેશાકાશ તરીકે ઓળખીએ છીએ. કદ નાનું મોટું થતું હોય છે માટે કલ્પના કહેલ છે. કલ્પ (અદ્વૈત) એક હોય અને કલ્પના અનેક હોય.

'જેવું જ્ઞાન તેવું જ્ઞેય !' આપણું જ્ઞાન વિનાશી અને ક્રમિક છે તે જો અવિનાશી અને અક્રમિક બની જાય તો જ્ઞેય પણ જ્ઞાન જેવું અવિનાશી બની જાય. જ્ઞેય અનાદિ-અનંત એક અવિનાશી છે. ફિલ્મ પ્રોડ્યુસરને આખી ફિલ્મ અખંડ એક દેખાય. જોનાર પ્રેક્ષક પડદા ઉપર ક્રમથી જુએ છે તે તેની દશા છે. એ અપેક્ષાએ સંસાર અનિત્ય શું ? સંસાર અસાર શું ? માત્ર આપણી કલ્પના છે-સ્વપ્ન છે. જાગૃત થતાં-કેવળજ્ઞાન થતાં કેવળજ્ઞાનમાં બધું એક અખંડ નિત્ય બની રહે છે. હે ભગવાન ! જે તમારી દશા નથી, સંસાર જે તમને નથી, સંસાર તમારા જ્ઞાનમાં અસાર નથી-અનિત્ય નથી તેનો તમો અમોને ઉપદેશ આપો છો ? હા ! ભગવંત તે તમો ઉપકારી અમારી છદ્મસ્થ સંસારી જીવોની દશાની અપેક્ષાએ ઉપદેશ આપો છો ! માટે જ કેવળજ્ઞાનની વ્યાખ્યા અમારી છદ્મસ્થ સંસારી જીવોની દશાને અનુલક્ષીને કરેલ છે.

કેવળજ્ઞાની ભગવંતો કેવળજ્ઞાનને વેદે છે. એ સ્વસંવેદ્યરૂપ છે-સ્વસંવેદન છે. કેવળજ્ઞાની ભગવંત સ્વ સ્વરૂપને વેદે છે જ્યારે પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો કેવળજ્ઞાનમાં જણાય છે. કેમકે સર્વ જ્ઞેય પદાર્થો કેવળજ્ઞાનમાં-ચિદાદર્શમાં ઝળહળે છે, પ્રતિબિંબિત થાય છે. ચાર જ્ઞાન જ્ઞેયને જાણવા જાય છે. જ્યારે કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેય જણાય છે. વળી એ સર્વ જ્ઞેયો જેવડાં હોય છે તેવડાં જ દેખાય છે એ સિદ્ધ જ્ઞાતા-દષ્ટા ભાવ છે. કેવળજ્ઞાન ઉપયોગવંત હોય છે જ્યારે બીજાં ચાર જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન ઉપયોગ મૂકવા રૂપ છે. અરીસામાં જેમ પ્રતિબિંબ પડે છે તેમ કેવળજ્ઞાનમાં સર્વ પ્રતિબિંબિત થાય છે, જ્યારે બાકીના ચાર જ્ઞાનમાં ઉપયોગ મૂકવો પડતો હોવાથી તે ચિતારાના ચિત્રામણ જેવાં છે.

'કેવળજ્ઞાની ભગવંતનું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારથી પ્રથમથી જ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવોને ભૂત-ભવિષ્ય અને વર્તમાન ત્રણેને એક જ સમયે સારી રીતે જાણી શકે છે અને જોઇ શકે છે.' કેવળજ્ઞાનની જે આ વ્યાખ્યા કરી છે તે છદ્મસ્થ સંસારી જીવોને સમજવા માટે અને છદ્મસ્થ સંસારી જીવો સમજી શકે તે અપેક્ષાએ કરવામાં આવેલી વ્યાખ્યા છે. પર વસ્તુના ભોક્તા એવા છદ્મસ્થ સંસારી જીવનું જ્ઞાન ત્રણે કાળના ભેદરૂપ છે. 'એણે જાણ્યું', 'એ જાણે છે' અને 'એ જાણશે' એવાં ક્રિયાના કાળથી ત્રણ ભેદ ત્યાં પાડવા પડે છે. જ્યારે કેવળજ્ઞાની ભગવંતનું જ્ઞાન, જીવન અને વેદન ત્રણ એકરૂપ અને અભેદ છે. પર વસ્તુનું ભોક્તૃત્વ નીકળી જતાં કેવળજ્ઞાન થાય છે. પર વસ્તુના ભોક્તૃત્વના કારણે જ કાળના ત્રણ ભેદ, ભૂત-વર્તમાન-ભવિષ્ય પડી જાય છે. માટે જ છદ્મસ્થ સંસારી જીવોના જ્ઞાન, જીવન, અને ભોગવેદન ત્રણ કાળરૂપ-ભૂત-ભવિષ્ય-વર્તમાનરૂપ અર્થાત્ ભેદરૂપ બની જાય છે. માટે જ કેવળજ્ઞાન ક્ષેતાતીત અને કાળાતીત છે. જ્યારે છાદ્મસ્થિક મતિ-શ્રુત-અવધિ-મન:પર્યવ એ ચાર જ્ઞાન દેશ (ક્ષેત્ર) અને કાળ ક્રમના ભેદવાળા જ્ઞાન છે. આત્મા એના પરમાત્મ સ્વરૂપમાં દેશ અને કાળરૂપ નથી. આત્મા એના પરમાત્મ સ્વરૂપમાં માત્ર દ્રવ્ય અને ભાવ સ્વરૂપ છે. વળી દ્રવ્ય અને ભાવ પણ અભેદરૂપ છે. સંસારી છદ્મસ્થ આત્મામાં તો દ્રવ્ય અને ભાવની વચ્ચે ક્ષેત્ર અને કાળ ઘૂસી ગયાં છે. જેથી દ્રવ્ય અને ભાવ ભેદરૂપ થઇ અશુદ્ધ થયાં છે અર્થાત્ દેશકાળથી પરિચ્છિન્ન-ખંડિત થયા છે. જે પદાર્થ દેશના બંધનમાં હોય છે તે જ કાળના બંધનમાં પણ હોય છે.

ત્રણે કાળમાં ધર્મમાં 'ભાવ'નું પ્રધાનત્વ છે. જ્યારે સંસારમાં ત્રણે કાળમાં 'દ્રવ્ય'નું પ્રધાનત્વ છે. પરમાત્મા કેવળ ભાવ સ્વરૂપ છે. પરમાત્મા અને કેવળજ્ઞાન દ્રવ્યાતીત, ક્ષેત્રાતીત, કાળાતીત છે.

આત્માના શુદ્ધ સ્વ દ્રવ્ય, સ્વ ક્ષેત્ર, સ્વ કાળ, સ્વ ભાવનું જ્ઞાન અને ધ્યાન થાય તો આ કાળમાં પણ જીવ નિશ્ચયથી આત્મસુખની ઝલક મેળવી શકે છે-ઝાંખી કરી શકે છે. આત્મા સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભોક્તા બને તો સુખી થાય. આત્મા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ભોક્તા બન્યો રહેશે તો દુ:ખીનો દુ:ખી રહેશે.

પરમાત્માને દેહ સંબંધ જતાં અદેહી બનવાને કારણે અને નિષ્કર્મા બન્યા તે અપેક્ષાએ તેઓ દ્રવ્યાતીત છે. આપણી છદ્મસ્થ દશા પુદ્‌ગલદ્રવ્યના બનેલા દેહ સહિતની સદેહી-સયોગી-સકર્મા અવસ્થા છે, દ્રવ્યાતીત નહિ. પરમાત્માના આત્મપ્રદેશો સ્થિર છે અને પર્યાય-ઉપયોગ-અવિનાશી છે અર્થાત્ પર્યાય અવિનાશીતા અને પ્રદેશ સ્થિરતાને કારણે પરમાત્મા ક્ષેત્રાતીત અને કાળાતીત છે. આપણા છદ્મસ્થના આત્મપ્રદેશો દેહના બંધનથી બંધાયેલ અસ્થિર છે જેથી ક્ષેત્ર-ક્ષેત્રાંતરતા-પરિભ્રમણ ચાલુ ને ચાલુ જ છે. વળી તેમાં સમયે સમયે રૂપાંતર થયા જ કરે છે. હાલત, અવસ્થા, સ્થિતિ બદલાતી જ રહે છે. પળે પળે ઉપયોગમાં ફેરફારી થતી જ રહે છે. અર્થાત્ પર્યાયની ફેરફારી-રૂપરૂપાંતરતા-પરિવર્તન ચાલુ ને ચાલુ જ છે. ઉપરાંત પરમાત્મા સંસારના સર્વ મિથ્યા અજ્ઞાન મોહભાવથી અતીત છે અને માત્ર શુદ્ધ-વિશુદ્ધ સ્વરૂપભાવ-સ્વભાવનું વેદન છે, તે અપેક્ષાએ ભાવાતીત છે.

### સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રૂપ કેવળજ્ઞાન :

સ્વ દ્રવ્ય એટલે જીવના આત્મપ્રદેશો; સ્વક્ષેત્ર એટલે જીવના આત્મપ્રદેશોનો ઘેરાવો-કદ-હદ અર્થાત્ જીવના આત્મપ્રદેશોએ અવગાહેલ-રોકેલ-Occupy કરેલ આકાશક્ષેત્ર. સ્વકાળ એટલે જીવનો પર્યાય-હાલત-અવસ્થા-દશા અને સ્વ ભાવ એટલે જીવના ગુણ.

ભાવ નિત્ય હોઈ શકે કે અનિત્ય હોઈ શકે. નિત્યતા હોય ત્યાં કાળ-રૂપરૂપાંતરતા-પરિવર્તનશીલતા-ક્રમિકતા-સક્રિયતા હોય નહિ. જ્યાં ક્રમિકતા-સક્રિયતા-પરિવર્તનશીલતા-રૂપરૂપાંતરતા હોય ત્યાં કાળ હોય છે અને અનિત્યતા હોય છે. વિનાશીતા હોય છે.

આકાશક્ષેત્રના એક વિભાગ દેશાકાશમાં જીવના આત્મપ્રદેશો રહેલાં હોય છે. પરંતુ જીવના ભાવ એટલેકે ગુણ-પર્યાય તો જીવના આત્મપ્રદેશમાં રહેલાં હોય છે. માટે ગુણપર્યાયનું સ્વક્ષેત્ર અર્થાત્ ગુણપર્યાયનું સ્થાન (આકાશ)-ક્ષેત્ર જીવના પોતાના આત્મપ્રદેશો છે. આકાશ એ ક્ષેત્રાકાશ છે જ્યારે સ્વક્ષેત્ર-સ્વઆકાશ એ જીવના ગુણપર્યાયના અભેદ આધારરૂપ આત્મપ્રદેશ છે, જેને ચિદાકાશ કહી શકાય. સાકર બરણીમાં રહેલ છે. પણ સાકરની મીઠાશ તો સાકરમાં જ રહેલ છે અને નહિ કે બરણીમાં. બરણી ચાખવાથી મીઠાશ નહિ મળે. એ તો સાકરને ચાખવાથી, સાકરમાંથી જ મીઠાશ મળે, તેના જેવું આકાશ, તેમાં રહેલાં દ્રવ્ય (આત્મપ્રદેશ) અને દ્રવ્યમાં રહેલા ભાવ (ગુણ-પર્યાય)નું છે.

કેવળજ્ઞાની ભગવંતો શૈલેશીકરણ કરીને આયુષ્યના અંતે ચારે ય અઘાતિકર્મો ખપાવીને સિદ્ધ ભગવંત થાય છે. નિર્વાણ સમયની દેહાકૃતિની કદના આત્મપ્રદેશો બે તૃતીયાંશ ભાગના ઘનસ્વરૂપ થઇ જઇ, એ ચિદ્‌ઘન લોકાગ્ર શિખરે સિદ્ધિશિલા ઉપર આરૂઢ થઈ જતાં, તે આત્મપ્રદેશો ત્યાં સ્થિર થઈ જતાં, ક્ષેત્રાંતર ટળી જાય છે. અર્થાત્ ક્ષેત્ર અને દ્રવ્ય (ચિદ્‌ઘન-આત્મપ્રદેશો) અનંતકાળ સુધી સાદિ-અનંત ભાંગે એક થઇને રહે છે એટલે કે માત્ર દ્રવ્ય રહે છે.

એજ પ્રમાણે કેવળજ્ઞાનના પ્રગટીકરણ સાથે જ કેવળજ્ઞાની ભગવંતોનો ઉપયોગ નિત્ય બને છે. અર્થાત્ ભાવ (ગુણ-પર્યાય) બને છે. જ્યાં નિત્યતા છે ત્યાં કાળ નથી. આમ માત્ર ભાવ જ રહે છે.

કેવળી ભગવંતો-સિદ્ધ ભગવંતો ક્ષેતાતીત અને કાળાતીત છે. કેવળજ્ઞાની ભગવંતનું કેવળજ્ઞાન-ઉપયોગ નિત્ય, અવિનાશી, અક્રિય અને અક્રમિક છે અને શૈલેશીકરણની પ્રક્રિયાથી સિદ્ધશિલા સ્થિત થયા બાદ અરૂપી, અદેહી, અશરીરી, અનામી, અમૂર્ત, અક્ષય, અવિનાશી, અગુરુલઘુ, અવ્યાબાધ, અક્રિય, અક્રમિક, પરમ સ્થિરાવસ્થાની પ્રાપ્તિ થયા બાદ તેમને રૂપરૂપાંતરતા અર્થાત્ પરિવર્તનશીલતા એટલે કે કાળ નથી રહેતો અને ક્ષેત્રક્ષેત્રાંતરતા અર્થાત્ પરિભ્રમણશીલતા એટલે કે ક્ષેત્રના ભેદ રહેતાં નથી. જીવદળ, આત્મદ્રવ્ય, આત્મપ્રદેશો પરમ સ્થિરાવસ્થામાં એવાં ને એવાં જ સ્થિર રહે છે અને ગુણ-પર્યાય ભાવ પણ એવો ને એવો અવિનાશી-નિત્ય રહે છે. માત્ર દ્રવ્ય, ભાવાત્મક ચિદાનંદ-ઘનરૂપ સહજ સ્વાભાવિક નિત્યાવસ્થા-સ્વરૂપાવસ્થા હોય છે.

આત્મા એની શુદ્ધ-સિદ્ધ-સ્વરૂપ અવસ્થામાં સ્વયંભૂ-સ્વાનુભૂતિરૂપ-સર્વાનુભૂતિરૂપ અને સ્વસંવેદ્યરૂપ છે. આત્મા અનાદિ-અનંત, અનુત્પન્ન અને અવિનાશી છે તેથી સ્વયંભૂ છે. આત્મા સ્વયં સ્વક્ષેત્રે સ્વાત્મસુખની અનુભૂતિ કરે છે અર્થાત્ આત્મા પોતે પોતાનું જ સુખ વેદે છે. નથી તો એના સુખને કોઇ બીજા વેદી શકે છે, કે નથી તો કોઇ બીજાં એના સુખને વેદી શકે છે, માટે આત્મા સ્વ સંવેદ્યરૂપ છે અને સ્વાનુભૂતિરૂપ છે. વળી આત્મા સ્વયંની સર્વજ્ઞતાને કારણે સર્વ જ્ઞેયપદાર્થોને તેના સર્વ ક્ષેત્ર-કાળ-ભાવ સહિત જાણે છે, માટે આત્મા સર્વાનુભૂતિ છે. વળી તે સર્વદા એકરૂપ હોવાથી એકાકાર છે, સર્વદર્શી-સર્વજ્ઞ હોવાથી સર્વાકાર છે અને દશ્યરૂપ-જ્ઞેયરૂપ થતાં અર્થાત્ કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં સર્વ જ્ઞેયથી એના કેવળજ્ઞાનને કોઇ બાધા (અસર) પહોંચતી નથી તેમ પ્રતિબિંબિત થતાં જ્ઞેયને પણ કોઇ અસર થતી નથી માટે શૂન્યાકાર છે.

જો આવી અપૂર્ણાવસ્થામાં પણ કાળ સંબંધી કોઇ નિશ્ચિત માપ કે પ્રમાણ નથી કે જે જ્યાં નથી તે કાળથી વ્યવહાર થાય છે અને તેની અકળામણ થાય છે તો પછી જ્યાં આવો વ્યવહાર જે ભ્રમ-ભ્રાંતિરૂપ છે ત્યાં કાળનો શું વિચાર કરવો ? વાસ્તવિક તો આપણું અપૂર્ણજ્ઞાન, અલ્પજ્ઞાન, ક્રમિકજ્ઞાન, ભ્રામિકજ્ઞાન, માયિકજ્ઞાન છે તે કાળ છે. અજ્ઞાન-અલ્પજ્ઞાન તો એક સમયને અનાદિ અનંત ભૂત ભવિષ્યકાળ રૂપ બનાવે છે. જ્યારે કેવળજ્ઞાન અનાદિ અનંત કાળને એક સમયરૂપ બનાવે છે. (કાળ વિષયમાં વધુ જાણવાની ઇચ્છા ધરાવનાર જિજ્ઞાસુએ 'ત્રૈકાલિક આત્મ વિજ્ઞાન' પુસ્તકમાંનો 'કાળનો નિકાલ' લેખ અવશ્ય જોઇ જોવો એવી ભલામણ છે.)

### ઉત્પત્તિ, પ્રાપ્તિ, પ્રવૃત્તિ, સંસ્કૃતિ, વિકૃતિ એ પાંચથી અતીત કેવળજ્ઞાન :

જ્યાં ઉત્પાદન છે ત્યાં ઉત્પત્તિ અર્થાત્ ઉત્પાદન કરીને તેને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ કરવાનો પ્રશ્ન ઊભો રહે છે. પરંતુ જેની ઉત્પત્તિ જ નથી, જે અનાદિ-અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ હોય છે, તેની પ્રાપ્તિ કે પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ કરવાનો પ્રશ્ન ઉદ્‌ભવતો જ નથી. એ તો નિત્ય પ્રાપ્ત જ હોય છે, કેમકે સ્વયંભૂ છે. જે સ્વયંભૂ હોય તેને મેળવવાનું ન હોય, પરંતુ તે પ્રાપ્યનું પ્રગટીકરણ કરવાનું હોય છે. એની ઉપરનું આવરણ હઠાવી તેને અનાવૃત્ત કરવાનું હોય છે-નિરાવરણ કરવાનું હોય છે. એ તો પ્રાપ્તની જ પ્રાપ્તિ છે. જો પ્રાપ્ત જ છે તો પછી પ્રાપ્તિ શેની કરવાની ? આ પ્રશ્નનું સમાધાન એ છે કે જે પ્રાપ્ત છે તે સત્તાગત છે. એ તારું તારામાં ધરબાયેલું પડેલું છે. એ તારું તારામાંથી તારે બહાર લાવીને વેદન કરવાનું છે-અનુભવવાનું છે. એક કપડું છે તે મેલું થયું છે. કપડું અને કપડાંની સફેદાઇ, શુભ્રતા તો પ્રાપ્ત જ છે. કપડાં ઉપરનો મેલ દૂર કરીને તે કપડાંની શુભ્રતાને બહાર લાવવાની છે. અજ્ઞાન અને મોહની ભૂલથી આત્મવેદન ઉપર જે કર્મમેલ જામી ગયો છે તે કર્મમલ દૂર કરીને એટલે કે જ્ઞાની બની, વીતરાગ થઇને, કર્મમલ-કર્માવરણ હઠાવી, આત્મવેદન કરવાનું છે, એજ પ્રાપ્તની પ્રાપ્તિ છે.

જોતો હોય તે જોનારો દશ્ય પદાર્થથી ભિન્ન હોય. તમારું જે તમારામાં હોય તે તમારાથી અભેદ હોય. તેની તમારે પ્રાપ્તિ કરવી,

એટલે કે આવરણ હઠાવી તેનું વેદન કરવું. આત્માના જે જે સ્વરૂપગુણો આપણામાં સત્તાગત પડ્યા છે, તેનું વેદન થવું, તે પ્રાપ્તની પ્રાપ્તિ છે. જ્યારે જેટલી જેટલી કર્મજનિત અવસ્થાઓ-ભોગાદિ છે તે અપ્રાપ્તની પ્રાપ્તિ છે. મોહનીકર્મ એ મળ છે. દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીય કર્મ વિક્ષેપ છે અને અંતરાયકર્મ આવરણ છે. મળ સાફ કરીને વીતરાગ થઈ, વિક્ષેપ દૂર કરીને તથા આવરણ હઠાવીને સ્વરૂપનો ભોગ કરવાનો છે. નિજાનંદ, સહજાનંદ, જ્ઞાનાનંદ, સ્વરૂપાનંદ, ચિદાનંદ, આત્માનંદને જાણવાનો છે-વેદવાનો છે.

કેવળજ્ઞાન અનાદિ અનુત્પન્ન, અવિનાશી, નિત્યપ્રાપ્ત, સ્વયંભૂ છે. આપણી સાથે જ સર્વદા આપણા આત્મપ્રદેશો રહેલ છે. એ તો પ્રાપ્ત જ છે. એની ઉપર ચઢી ગયેલ જ્ઞાનાવરણીયકર્મને હઠાવી તેને નિરાવરણ કરી, અનાવૃત કરવાનું છે. ઉદ્‌ઘાટન-પ્રગટીકરણ કરીને સસંવેદ્ય બનાવવાનું છે અર્થાત્ વેદનમાં લાવવાનું છે.

આમ કેવળજ્ઞાનની કાંઇ ઉત્પત્તિ નથી, તેની પ્રાપ્તિ પણ નથી, કેમકે એ કાંઇ અપ્રાપ્ત નથી. પ્રાપ્ત જ છે. એટલે પ્રાપ્તિ માટેની પ્રવૃત્તિ નથી પરંતુ તેની ઉપરના આવરણ હઠાવવા પૂરતી પ્રવૃત્તિ છે, જે પ્રવૃત્તિ પાછી નિવૃત્ત થવાની, જેટલી જેટલી ભેદરૂપ અવસ્થાઓ છે તેથી દૂર થઇને અભેદમાં જવાની-અક્રિય થવાની સમિતિ-ગુપ્તિની જ પ્રવૃત્તિ છે. ધ્યાન સમાધિમાં જવાની, સ્વાવલંબી-નિરાવલંબી થવાની, નિર્વિકલ્પ થવાની-વીતરાગ બનવાની જ પ્રવૃત્તિ છે, કે જે સક્રિયતા-સિદ્ધાવસ્થાની સક્રિયતા તરફ લઇ જનારી પ્રવૃત્તિથી અતીત એવી જ્ઞાનાવસ્થા-ચિદાનંદાવસ્થામાં-આનંદઘનદશામાં, ચિદ્‌ઘન તરફ દોરી જનાર છે.

હવે જ્યાં પ્રકૃતિ, વિકૃત થઇ છે ત્યાં જ તે વિકૃત થયેલ પ્રકૃતિને સુસંસ્કૃત કરીને વિકૃતિને દૂર કરવાની હોય છે. જ્ઞાન જે જ્ઞાનાવરણીય કર્મથી આવૃત્ત થયેલ છે-આવરાયેલ-ઢંકાયેલ છે-ખરડાયેલ છે અર્થાત્ જ્ઞાન જે વિકારી થઇ ગયું છે તે જ્ઞાનમાંથી વિકાર દૂર કરીને અવિકારી જ્ઞાન બનાવવા માટે સુધારાની-સંસ્કરણની, સંસ્કૃતિની જરૂર છે અને તે સંસ્કરણની, શુદ્ધિકરણ-સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમિયાન વિકૃતિથી બચવાની આવશ્યકતા છે. પરંતુ એક વખત વિકાર પૂર્ણપણે સર્વથા હઠી ગયા પછી. અર્થાત્ વિકારી જ્ઞાન, અવિકારી જ્ઞાન--વીતરાગ જ્ઞાન-કેવળજ્ઞાન થયા બાદ સંસ્કૃતિ કે વિકૃતિનો પ્રશ્ન રહેતો નથી. શિખરે પહોંચી ગયા બાદ ચડવા કે પડવાનો સવાલ રહેતો નથી. કારણ કે કેવળજ્ઞાન પ્રગટીકરણ એ એકાંતિકતા, આત્યંતિકતા, કૃતકૃત્યતા, પારમાર્થિકતા, એવંભૂત નય છે, જે થયાં પછી આગળ કાંઇ થવાપણું, કરવાપણું, બનવાપણું કે બગડવાપણું રહેતું નથી. કેવળજ્ઞાન પ્રગટીકરણની સાથે જ સહજાનંદાવસ્થા, જ્ઞાનાનંદાવસ્થા, સ્વરૂપાનંદાવસ્થાનું પ્રગટીકરણ છે, કે જેની સ્થિતિ સાદિ-અનંત છે. અનંતકાળ સુધી-શાશ્વત એની એ, એવી ને એવી સ્વરૂપાવસ્થા રહે છે. પછી ન તો બનવાપણું છે કે ન તો બગડવાપણું છે. માટે જ પછી નથી તો સંસ્કૃતિ કે નથી તો વિકૃતિ. એ તો પ્રકૃતિ-સ્વભાવદશા-શુદ્ધાવસ્થા છે. એ સ્થિતિનું જ્ઞાનીએ વર્ણન કર્યું છે...

एगम्, अद्वितीयम् शुद्धम्, नित्यम्, सत्यम्, पूर्णम्;

निर्गुणं, निष्क्रियं, शांतम्, निरवद्यं, निरंजनम् ।

**કેવળજ્ઞાનને ગુણ કહેવો કે પર્યાય તેની વિચારણા :**

દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં, દ્રવ્ય એ મૂળાધાર છે. અને ગુણ એ આધેય છે. દ્રવ્ય વિનાનો સ્વતંત્ર ગુણ હોઈ શકે નહિ તેમ દ્રવ્યનો પોતાનો આગવો વિશિષ્ટ ગુણ-પરમભાવ હોય નહિ તેવું સંભવે નહિ. સાકરની મીઠાશ સાકરના આધારે છે. અર્થાત્ સાકરમાં છે. મીઠાશ સાકર વિના સ્વતંત્ર હોય નહિ અને સાકર મીઠાશ વિનાની હોય નહિ.

ગુણ દ્રવ્ય ભેદક છે. અર્થાત્ ઓળખ એના ગુણથી છે. સાકર અને ફટકડી એ બે પદાર્થોમાંથી, જે સાકર છે તે સાકર જ છે, એવી ઓળખ તે સાકરની મીઠાશને કારણે છે. અને ફટકડી જે છે તે તેની તુરાશથી છે. આમ ગુણ એ દ્રવ્ય ભેદક છે તો પર્યાય એ ગુણ ભેદક છે. જીવાસ્તિકાયમાં, આત્મપ્રદેશ-જીવાસ્તિકાય એ દ્રવ્ય છે. જ્ઞાનત્વ એ ગુણ છે અને જ્ઞાનાંતર એ પર્યાય છે. અથવા તો ગુણના જેટલાં ભેદ છે તે ગુણના પર્યાય છે અને ગુણકાર્ય છે તે પણ પર્યાય છે. પુદ્‌ગલાસ્તિકાયમાં પુદ્‌ગલાસ્તિકાય એ દ્રવ્ય છે. વર્ણત્વ, ગંધત્વ, રસત્વ, સ્પર્શત્વ એ ગુણ છે અને વર્ણાંતર કાળો, ધોળો, લાલ, પીળો એ પર્યાય છે. વર્ણગુણના તે તે વર્ણ પર્યાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધી આટલી પૂર્વભૂમિકાને આધારે હવે કેવળજ્ઞાન એ ગુણ છે કે પર્યાય તે સંબંધી વિચારણા કરીશું.

કેવળજ્ઞાની ભગવંતનો આત્મા એ દ્રવ્ય છે. જ્ઞાન એ આત્માનો, કેવળી ભગવંતનો તેમ સર્વ જીવનો ગુણ છે. જ્ઞાનત્વ એ ગુણ છે. એ જ્ઞાન કેવું છે ? મતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન છે, અવધિજ્ઞાન છે, મનઃપર્યવજ્ઞાન છે કે કેવળજ્ઞાન છે તે આત્માના જ્ઞાનત્વ ગુણના પર્યાય છે. આમ કેવળજ્ઞાન જે આપણે કહીએ છીએ તે કેવળજ્ઞાન એ આત્માના જ્ઞાનગુણનો પર્યાય છે અર્થાત્ કેવળજ્ઞાની ભગવંતના જ્ઞાનગુણનો પર્યાય કેવળજ્ઞાન છે.

આત્મપ્રદેશ એ દ્રવ્ય તત્ત્વ છે. જ્યારે ઉપયોગ એ ભાવ તત્ત્વ છે. આત્મપ્રદેશ એ આધાર છે જ્યારે ઉપયોગ-કેવળજ્ઞાન એ આધેય છે. સાધનાની પ્રક્રિયામાં પહેલાં ઉપયોગ (ભાવ) શુદ્ધિ છે. અર્થાત્ ઉપયોગ મુક્તિ એટલે કે કેવળજ્ઞાન પ્રગટીકરણ છે અને તે ચાર ઘાતિકર્મોના ક્ષયથી તેરમા ગુણસ્થાનકે પ્રગટે છે. પછી આત્મપ્રદેશ શુદ્ધિ છે અર્થાત્ દ્રવ્યશુદ્ધિ છે એટલે કે આત્મપ્રદેશ મુક્તિ છે, જે ચાર અઘાતિકર્મોના ક્ષયથી ચૌદમા ગુણસ્થાનકના અંતે પ્રાપ્ત થતી સિદ્ધિ, સિદ્ધદશા-સિદ્ધાવસ્થા છે-સિદ્ધત્વ છે.

જ્યાં જ્યાં આત્મપ્રદેશ ત્યાં ત્યાં વેદન એટલે કે જ્ઞાન, સુખ, આનંદ, ચેતના !

અને

જ્યાં જ્યાં જ્ઞાન, સુખ, આનંદ, ચેતના, વેદન ત્યાં ત્યાં આત્મપ્રદેશ !

**કેવળજ્ઞાનને સાધ્ય કહેવાય કે લક્ષ્ય કહેવાય તે સંબંધી વિચારણા :**

જ્ઞાન જીવનો ગુણ કહેવાય કારણ કે જ્ઞાન લક્ષણ છે. અર્થાત્ જીવના જીવપણાનું જીવજાતિનું ચિહ્ન છે. જ્ઞાનગુણના ભેદો પર્યાય કહેવાય છે. જ્ઞાનગુણની પરાકાષ્ટા-ચરમ સીમા એટલે કેવળજ્ઞાન. એ ગુણપર્યાય જ્ઞાનગુણનો નિત્યપર્યાય છે. કેવળજ્ઞાન સિવાયના બાકીના ચાર જ્ઞાન સાદિ-સાન્ત સ્થિતિવાળા હોવાથી, એ જ્ઞાનગુણના અનિત્ય પર્યાય છે. છતાંય તે અનિત્યપર્યાયવાળા જ્ઞાન, કેવળજ્ઞાન પ્રાપ્તિના સાધનરૂપ છે.

આત્માના લક્ષણરૂપ એવું જ્ઞાન બીજાઓને આપવામાં આવે તો તે કળારૂપ છે. પરંતુ એ જ્ઞાન જો સ્વરૂપને સમજે અને સ્વરૂપને પ્રાપ્ત કરી આપે તો તે ગુણરૂપ બની જાય છે. સમ્યગ્જ્ઞાન એ અભ્યંતર સાધનગુણ છે. મિથ્યાજ્ઞાનને ટાળવાનું સાધન છે. એ જ સમ્યગ્જ્ઞાન ક્ષાયિક બની જતાં પ્રગટ થતું જ્ઞાન-કેવળજ્ઞાન-પૂર્ણજ્ઞાન-સર્વજ્ઞતા, એ આત્માનો સાધ્યગુણ અર્થાત્ સ્વરૂપગુણ છે, જે આત્માનું લક્ષ્ય Target છે. આત્માનો સ્વભાવ તો શેઠાઇનો છે, માલિક હોવાનો છે. મજૂરીનો કે નોકર, દાસ, મજૂર થવાનો સ્વભાવ નથી. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન કે પછી ભણી ગણીને શ્રુતકેવળી થવું એ પ્રયત્નપૂર્વકનું જ્ઞાન છે, કારણ કે એ જ્ઞાન વિષે આત્માએ ઉપયોગ

મૂકવાની, સંકલ્પ કરવાની ક્રિયા કરવી પડતી હોય છે. કેવળજ્ઞાન તો સહજ સ્વાભાવિક જ્ઞાન છે, કે જેમાં ઉપયોગવંતતા છે, શેઠાઈ છે, સેવક નિરપેક્ષ સ્વયં સ્વામિત્વ છે. કેવળજ્ઞાનમાં કશાય પ્રયત્ન વિના, સક્રિય થયા વિના અક્રિય રહેતે છતે સર્વ કાંઈ તેના સર્વ ભાવ સહિત દેખાય છે-જણાય છે. મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન કે વચનસિદ્ધિ એ તો પ્રભાવના છે. આંશિક શુદ્ધિ, પવિત્રતા, ઉન્નતિ, પ્રગતિના એ એંધાણ છે, લક્ષણ છે. એ કાંઈ આત્માનું લક્ષ્ય નથી. આત્માનું લક્ષ્ય તો કેવળજ્ઞાનનું પ્રગટીકરણ છે. મનઃપર્યવજ્ઞાનાદિ તો લબ્ધિ-પ્રભાવ છે. એ કાંઈ સ્વભાવ નથી. એ તો ધર્મોપદેશ-શ્રવણે જનારને મળતી પ્રભાવના તુલ્ય છે. વ્યાખ્યાન-શ્રવણે જવું એટલે આત્માએ પોતાએ પોતાની સત્તાના સ્વરૂપને જાણવા-સમજવા જવું અને નહિ કે પ્રભાવના લેવા જવું. જ્ઞાન ભણવું એટલે કે ભણતાં ભણતાં શ્રુતકેવળી થવું. અને તેમ કરતાં કરતાં અવધિજ્ઞાન, વચનસિદ્ધિ, મનઃપર્યવજ્ઞાન પણ વચગાળામાં થઈ જાય તો તે કાંઈ ઇતિશ્રી નથી. શ્રુતકેવળી-મનઃપર્યવજ્ઞાની થઈને પણ આગળ કેવળજ્ઞાની થવાનું છે. લક્ષ્ય (Goal-Target) તો કેવળજ્ઞાની થવાનું છે. જેને માટે વીતરાગી થવું જરૂરી છે. માટે કેવળજ્ઞાન એ સાધ્ય નથી પણ લક્ષ્ય છે. સાધ્ય તો વીતરાગતાની-નિર્મોહિતાની પ્રાપ્તિનું છે.

ગુણસ્થાનકના બધાં ય ભેદ પગથિયાં-સોપાનનાં નામો, મોહનીયકર્મના-મોહભાવના ઉત્તરોત્તર જે ભેદ છે, તેના નામથી જ છે. અને ઉત્તરોત્તર ક્રમારોહ એ મોહનીયના ભેદોના નાશની જ સાધના છે, કે જેની સામે મોહના બધાં ભેદોના નાશે વીતરાગતા સાધ્ય બને છે. આ વીતરાગતા અવિનાશી તત્ત્વ છે. રાગરૂપી વિકૃતિનો મૂલાધાર વીતરાગતા છે. વિકૃતિનો નાશ થઈ શકે છે. પ્રકૃતિનો નાશ થઈ શકતો નથી. વીતરાગતાની વિકૃતિએ જ જ્ઞાનની અવિકારિતાને વિકારી બનાવેલ છે, જ્ઞાનની અવિનાશિતાને વિનાશી બનાવેલ છે-અનિત્ય બનાવેલ છે અને જ્ઞાનની સ્વાધીનતાને પરાધીન બનાવેલ છે,.જ્ઞાનની સર્વજ્ઞતા, અલ્પજ્ઞતામાં પરિવર્તિત થયેલ છે.

જેમ સંસારના વ્યવહારમાં અર્થપ્રાપ્તિ એવી ચીજ છે અને અર્થ (પૈસા-દ્રવ્ય)નો અભાવ એવી ચીજ છે કે અર્થના અભાવવાળાને કોઈ ભોગ્ય સામગ્રી પ્રાપ્ત થઈ શકતી નથી. અર્થસંપન્ન ક્રિયા તો વિનાશિતા સૂચક-ક્રમ સૂચક છે. કર્તા અપૂર્ણતા સૂચક છે. અને કર્મ મિલનતા સૂચક છે. કર્તા હોય ત્યાં જ ક્રિયા અને કર્મ હોય અને જ્યાં ક્રિયા હોય ત્યાં જ કર્મ હોય અને તેનો કર્તા હોય છે. આત્મા અકર્તા છે અને સ્વરૂપ અક્રિય, અકર્મ છે. વ્યક્તિ પોતાની અર્થસંપત્તિ-દ્રવ્યસંપત્તિ પ્રમાણે વસ્તુને મેળવી શકે છે. આમ કામ એટલે કે ચીજ વસ્તુની પ્રાપ્તિ-સાધન સામગ્રીની પ્રાપ્તિ-સુખ સગવડ-ભોગવિલાસ એ લક્ષ્ય છે અને અર્થપ્રાપ્તિ એ સાધ્ય છે.

રાગ જે વીતરાગતાની વિકૃતિ છે, તેને જ્ઞાનના મૂળ સ્વરૂપના જે ભાવો અવિનાશિતા, સ્વાધીનતા, અને સર્વજ્ઞતા છે તેને વિનાશી, પરાધીન અને અલ્પજ્ઞ બનાવેલ છે તે વીતરાગતાની પ્રાપ્તિએ, એ જ ત્રણ ભાવો પોતાના સ્વરૂપમાં આવી જાય છે. સાધ્યની સિદ્ધિએ લક્ષ્યની પૂર્તિ થઈ જાય છે. સાધ્યને સાધના સાથે સંબંધ છે. સાધ્યની સિદ્ધિ થતાં લક્ષ્યની પૂર્તિ આપોઆપ થઈ જાય છે. પૌદ્ગલિક ભોગ અને ભોગની તૃપ્તિ કાળાંતરે છે જ્યારે કેવળજ્ઞાન થતાં જ આનંદવેદન, સ્વરૂપવેદન સમકાળ છે.

બારમા ગુણસ્થાનકે મોહનાશ થતાં વીતરાગતા આવે છે, જેથી વિકારીજ્ઞાન અવિકારી બને છે. અર્થાત્ કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થાય છે. પહેલાંથી લઈને બારમા ગુણસ્થાનક સુધીની જે સાધના છે, તે સાધનામાં સાધ્ય તો વીતરાગ બનવાનું છે. બાકીનું બધું આપોઆપ થાય છે-સહજ જ બને છે. જેમકે જીવનમાં આનંદ-પ્રમોદ, સુખ-સગવડની પ્રાપ્તિ એ સાધ્ય છે અને તે લક્ષ્યને આંબવા અર્થપ્રાપ્તિની પ્રવૃત્તિ એ સાધના છે, જેમાં અર્થપ્રાપ્તિ સાધ્ય છે. વ્યવહારિક ભણતરમાં પણ ભણીગણીને તૈયાર થવું-સ્નાતક થવું-ગ્રેજ્યુએટ થવું-ડિગ્રી મેળવવી એ સાધ્ય છે, પરંતુ લક્ષ્ય તો એ ડિગ્રીના આધારે જીવનમાં સ્થાયી થવાનું-આજીવિકા રળીને સુખી થવાનું છે.

સુખ-આનંદનું લક્ષણ જ્ઞાન છે તેમ આનંદ-અનંતસુખ એ જ્ઞાનનું ફળ એટલે કાર્ય પણ છે. લક્ષ્ય અનંતસુખ-આનંદ પ્રાપ્ત કરવાનું છે. લક્ષણ લક્ષ્યમાં હોય છે. કેવળજ્ઞાન-આનંદપ્રાપ્તિ એ લક્ષ્ય છે અને જ્ઞાન લક્ષણ છે. જ્ઞાન જેમ લક્ષણ છે તેમ જ્ઞાન એ ગુણ પણ છે, સ્વરૂપ પણ છે અને સ્વભાવ પણ છે. વળી જ્ઞાન આનંદ પણ છે અને તેથી જ્ઞાન લક્ષ્ય પણ છે. મતિજ્ઞાનાદિ જ્ઞાન લક્ષણ-ગુણ છે જ્યારે કેવળજ્ઞાન સ્વરૂપ છે, સ્વભાવ છે, લક્ષ્ય છે.

જ્ઞાની અને અજ્ઞાનીમાં ભેદ શું ? દૃષ્ટિ, ભાવ અને લક્ષ્યનો ભેદ, જ્ઞાની અને અજ્ઞાનીમાં છે. જ્ઞાનીની દૃષ્ટિમાં, જ્ઞાનીના ભાવમાં, જ્ઞાનીનું જે કાંઈ લક્ષ્ય હોય તે વીતરાગતા આશ્રિત, સ્વરૂપ આશ્રિત, અને સત્ આશ્રિત હોય છે, કારણ કે વીતરાગતા જે સાધ્ય છે તે, સ્વનું જ્ઞાન, સ્વનું ભાન, અને સ્વનું લક્ષ્ય એટલે કે કેવળજ્ઞાનના લક્ષ્ય વિના; કેળવાતી નથી. ગણધર ભગવંત જેવાં ગણધર ભગવંત ગૌતમસ્વામી પ્રભુ પણ મને ક્યારે કેવળજ્ઞાન થશે ? મને ક્યારે કેવળજ્ઞાન થશે ? એની ફરી ફરી વારંવાર ભગવંત મહાવીર સ્વામિને પૃચ્છા કરતાં હતાં. સતત કેવળજ્ઞાનની પ્રાપ્તિની તાલાવેલી, તલપ, તડપ હતી. કેવળજ્ઞાન દાતાર ગૌતમ ગણધરને કેવળજ્ઞાનનું આવું લક્ષ્ય હતું, છતાં અંતે લક્ષ્યને તેઓ ત્યારે જ આંબી શક્યા જ્યારે તેઓ ગુરુ ભગવંત મહાવીર સ્વામિ પ્રભુ ઉપરનો અનુરાગ છોડી વીતરાગ થયા ! અનુરાગ એ ભક્તિ છે, પ્રશસ્ત રાગ છે, છતાં તે પણ વીતરાગ બનવામાં અવરોધરૂપ છે. સાથે સાથે એ ભૂલવા જેવું નથી કે તીર્થંકર પ્રત્યેનો અનુરાગ વીતરાગતા લાવીને જ રહે છે.

## જ્ઞાન નિર્વિકલ્પ કે ધ્યાન નિર્વિકલ્પ સંબંધી કેવળજ્ઞાનમાં વિચારણા :

પાંચ પ્રકારના જ્ઞાનમાં કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન છે. તે સર્વ ઉપયોગપૂર્વક, સક્રિય, ક્રમિક, સાવરણ અને સંકલ્પ-વિકલ્પપૂર્વક હોવાના કારણે, તે ચારેય જ્ઞાન સવિકલ્પક છે.

તે જ પ્રમાણે ધ્યાન પણ સવિકલ્પક જ છે, કારણ કે ધ્યાન, ધ્યેયનું ધરવામાં આવે છે. તેમ ધ્યાન દ્વારા ધ્યેયથી અભેદ થવાનો ધ્યાતાનો જે વિકલ્પ છે, તે ધ્યાન ધરવા દરમિયાન ચાલુ રહે છે. ધ્યાનમાં મન, વિચાર, બુદ્ધિ, કાયા અર્થાત્ મનોયોગ, વચનયોગ, કાયયોગની સ્થગિતતા છે. વળી ધ્યાન એ ક્રિયા છે, સાધના છે. એટલે તેટલા પૂરતી સક્રિયતા છે. ધ્યાનમાં કાંઈ સહજતા, સંકલ્પ-રહિતતા કે ઉપયોગવંતતા નથી. ઉપરાંત ધ્યાન એ મતિજ્ઞાનનો પર્યાય છે.

પ્રતિસમયે આપણા છદ્મસ્થનો છદ્મસ્થાવસ્થામાં મતિજ્ઞાનનો ઉપયોગ-મતિજ્ઞાનાવરણીયકર્મ, મતિજ્ઞાન, મોહનીયકર્મ, મોહભાવ, મનોવર્ગણાના પુદ્ગલો અને સુખદુઃખ વેદનનો બનેલો હોય છે. મતિજ્ઞાનના ઉપયોગમાં જ ક્ષપકશ્રેણિ માંડીને કેવળજ્ઞાનનું પ્રગટીકરણ કરી શકાય છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનના ઉપયોગમાં શ્રેણિ માંડી શકાતી નથી.

વિકલ્પ એ વસ્તુ નથી. ચૈતન્ય ભાવો પણ ક્રમિક છે અને બહારના દૃશ્યો જે નાના (વિવિધ) પ્રકારનાં છે તે પણ અનિત્ય છે.

જ્યારે કેવળજ્ઞાનમાં સહજતા છે. કેવળજ્ઞાન એ સહજ ઉપયોગ હોવાથી અર્થાત્ અવસ્થામાં ઉપયોગવંતતા હોવાથી કોઈ સંકલ્પ-વિકલ્પ હોતા નથી કે ઉપયોગ મૂકવાની ક્રિયા કરવી પડતી નથી. માટે જ કેવળજ્ઞાન નિર્વિકલ્પક છે. ત્યાં ઉપયોગની સહજતા-સ્વાભાવિકતા એ સિદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા ભાવ છે. કેવળજ્ઞાની ભગવંતોને આજુબાજુ, આગળ પાછળ કે ઉપર નીચે જોવાપણું હોતું નથી. તેમ શું ? ક્યારે ? કેમ ? કોણ ? કેવું ? કેટલું ? એવું પૂછવાપણું પણ હોતું નથી.

વિકલ્પ ત્રણ પ્રકારનાં છે. (૧) વિકાર વિકલ્પ (૨) આવરણ વિકલ્પ અને (૩) વેદન વિકલ્પ. વિકલ્પ જ્ઞાનધાતુ-ચેતનધાતુ છે. તે જીવ જ કરી શકે છે. એ વિચારશક્તિ, બુદ્ધિશક્તિ, મેધા છે. મતિજ્ઞાનનો ઉપયોગ છે. જીવના ઉપયોગમાં જે ક્રમિકતા છે તે જ વિકલ્પ છે. મતિજ્ઞાન જાણવા જાય છે તે તેની સક્રિયતા છે અને મતિજ્ઞાન ક્રમથી જાણે છે તે તેની ક્રમિકતા છે. વળી જે જાણે છે તે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જાણે છે. એટલે આવરણ વિકલ્પ છે. જે જાણે છે તે રાગ-દ્વેષપૂર્વક જાણે છે અને જે જણાય છે તેની જાણથી પણ રાગ-દ્વેષ થાય માટે વિકારી વિકલ્પ છે. ઉપરાંત જાણવા જવામાં અને જાણેલાંથી જે સુખદુઃખ વેદન થાય છે તે પણ ક્રમથી થાય છે અને તે વેદન હોવાથી વેદનવિકલ્પ છે.

જ્યારે અક્રમથી બધું યુગપદ સમકાળ જણાય તે નિરાવરણ નિર્વિકલ્પકતા છે. જે જણાય તે વીતરાગતાપૂર્વક જણાય તો તે અવિકારી નિર્વિકલ્પકતા છે અને એક સરખા અનંત સુખને-આત્માનંદ-જ્ઞાનાનંદ-સ્વરૂપાનંદને વેદે તે વેદન નિર્વિકલ્પકતા.

મતિ-શ્રુતજ્ઞાનાદિ ક્રમ સમુચ્ચય By & By છે. જ્યારે કેવળજ્ઞાન સમસમુચ્ચય All at a time છે. માટે વિકલ્પ અનંતાનંત ભેદે હોય છે અને નિર્વિકલ્પ એક જ ભેદે હોય છે.

વિકાર વિકલ્પના નાશથી અવિકારી નિર્વિકલ્પકતા આવે છે. જે વીતરાગતા છે. એમાં મોહનીયના કોઇ ભેદ વિકલ્પરૂપે હોતા નથી. એ બારમું ગુણસ્થાનક છે.

આવરણ વિકલ્પના નાશથી નિરાવરણ નિર્વિકલ્પકતા આવે છે. એટલે કે જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, અંતરાયકર્મનો નાશ થાય છે અને કેવળજ્ઞાન, કેવળદર્શન, સર્વજ્ઞતા, સર્વદર્શિતા, પૂર્ણતારૂપ નિરાવરણ નિર્વિકલ્પકતાનું પ્રગટીકરણ થાય છે. અવિનાશી કેવળજ્ઞાનનું પ્રાગટ્ય થાય છે. તે ગુણસ્થાનક તેરમું હોય છે.

સુખદુઃખ ક્રમથી કોઇના ભોગે પરાધીનપણે વેદીએ છીએ તે વેદનવિકલ્પ છે. વીતરાગતા આવેથી કેવળજ્ઞાનના પ્રગટીકરણની સાથે જ આનંદવેદનની અનુભૂતિ થાય છે, જે અવિનાશી, શાશ્વત, સ્વાધીન, આત્મિક, સ્વાભાવિક, સહજ, નિર્ભેળ-નિર્મળ અનંતરસ રૂપ સુખાનુભૂતિ-આનંદાનુભૂતિ છે.

આમ ઔપચારિક રીતે મન, વચન, કાયાના યોગની સ્થગિતતાએ કરીને ધ્યાનદશાને કે સમાધિ અવસ્થાને (દીર્ઘકાલીન ધ્યાનને સમાધિ કહે છે) ભલે આપણે નિર્વિકલ્પકતા કહેતાં હોઇએ પરંતુ વાસ્તવિક નિર્વિકલ્પકતા-સાચી નિર્વિકલ્પદશા-સહજતા-સ્વાભાવિકતા તો કેવળજ્ઞાન અવસ્થા જ છે, કે જ્યાં કોઇ સંકલ્પ વિકલ્પ કે ઉપયોગ મૂકવાપણું-ક્રમિકતા કે સક્રિયતા નથી, તેમ તે અવસ્થામાંથી પાછા ફરવાપણું પણ નથી. ધ્યાન-દશામાં પાછા ફરવાપણું છે, કારણ કે ધ્યાનદશામાંથી વ્યુત્થાનદશામાં પાછા આવવાપણું હોય છે. ધ્યાનને કાળમર્યાદા છે. કેવળજ્ઞાનાવસ્થા કાલાતીત, કાયમ, સાદિ-અનંત હોય છે.

(ક્રમશઃ)

☐ સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી

# પૂર્ણતા -- પોતીકી અને પારકી

☐ પૂ. આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિજી

એક ગર્ભશ્રીમંત માનવી પોતાના દેહને દર-દાગીનાથી શણગારીને ફરવા નીકળે અને એક ગરીબ માણસ ભાડેથી આભૂષણો લાવીને એનાથી દેહ શણગારે અને પછી ફરવા નીકળે ! આ બન્ને વ્યક્તિઓની બાહ્ય-દેખીતી શોભા સમાન હોવા છતાં એમાં એક મોટો ભેદ સમાયેલો છે. એનું ખૂબ જ માર્મિક દર્શન 'જ્ઞાનસાર' નામના ચિંતનકાવ્યમાં પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરે કરાવ્યું છે : पूर्णतः या परोपायैः मा याचितकमण्डनम् । પૂ. ઉપાધ્યાયજી મહારાજનું કહેવું એવું છે કે, જે પૂર્ણતા-શોભા બાહ્ય પદાર્થો પર આધારિત હોય, એ સાચી પૂર્ણતા જ નથી. એ તો ભાડેથી માંગીને લાવેલા આભૂષણોની શોભા જેવી ભાડૂતી પૂર્ણતા છે.

ગર્ભશ્રીમંતની અને સામાન્ય માણસની શોભાને આપણે આ દૃષ્ટિકોણથી મૂલવીએ. ગર્ભશ્રીમંતને એવો પૂરો ખ્યાલ છે કે, આ આભૂષણો પોતાની માલિકીનાં છે એથી એને પહેરનારા શ્રીમંતના મુખ-મન ઉપર આ શોભા જે આભા રેલાવતી હોય છે, એ અનોખી જ હોય છે. એની તો સામાન્ય માણસ માટે કલ્પના ય ન થાય. એની સ્થિતિ તો તમાચો મારીને ગાલ લાલ રાખવા જેવી હોય છે. કેમકે એને પૂરો ખ્યાલ છે કે, પોતે પહેરેલાં આભૂષણો ભાડૂતી છે અને સમય-મર્યાદા પૂરી થતાં જ આ આભૂષણો ઉતાર્યા વિના પોતાને ચાલવાનું નથી ! આમ, એકની શોભા એની પોતાની છે, બીજાની શોભા ઉછીની, ભાડેથી માંગી લાવેલી છે. બે શોભા વચ્ચેનો આ ભેદ જ શોભાથી પેદા થતી આભાને ય ભેદવાળી બનાવી જાય છે. એથી આભૂષણ પહેરતા શ્રીમંતના મનમાં કોઇ ડંખ નથી હોતો, જ્યારે સામાન્ય માણસનું માનસ ડંખથી મુક્ત હોઇ શકતું નથી.

આ થઇ ઉપમા, આ થયું દૃષ્ટાંત ! આને હવે આપણે સ્વાભાવિક પૂર્ણતા અને વૈભાવિક પૂર્ણતા સાથે સરખાવીએ, જે 'જ્ઞાનસાર'ની ગીતાના નાયકને મન ઈષ્ટ છે. આપણી આભા પોતાના ગુણોથી જે પૂર્ણતા પામે છે, એ સ્વાભાવિક હોય છે. એ ગુણોની માલિકી એની પોતાની હોય છે. એ ગુણ-સમૃદ્ધિ ભાડેથી કે ઉછીની લાવવી પડે એવી નથી હોતી. આથી આ ગુણપૂર્ણતા જ સાચી પૂર્ણતા ગણાય. એને ધારણ કરનારને પળે-પળે કોઇ ડંખ જ અનુભવવો પડતો નથી હોતો. ઉપરથી એ તો પળે પળે વધુ ને વધુ પ્રસન્ન અને સમૃદ્ધ બનતો જતો હોય છે. આ પ્રભાવ એ ગુણસમૃદ્ધિને વરેલી સ્વાધીનતાનો હોય છે. એથી આત્મ-ગુણો દ્વારા પૂર્ણતાની થતી આભા-અનુભૂતિને શ્રીમંતના આભૂષણો સાથે સરખાવી શકાય.

માનવી જે રીતે ગુણોથી ગૌરવ અનુભવે છે, એ રીતે બાગ-બંગલા, લાડી-વાડી-ગાડી અને ભૌતિક સમૃદ્ધિથી પણ એ અનુભવતો જોવા મળે છે. પણ આ ગૌરવ, આ પૂર્ણતા સાચી રીતે જોવા જઇએ તો ભાડૂતી છે. પુદ્‌ગલોના પૂતળાઓ પાસેથી ભીખી-ભીખીને માંગી લાવેલી આવી ઉછીની ચીજોને પોતાની માની-મનાવીને એથી અનુભવાતી પૂર્ણતા સાચી કઇ રીતે માની શકાય ? કેમકે સમય મર્યાદા પૂરી થતાં જ આ બધી ચીજો એની રહેવાની નથી. એથી જેમ પારકી ચીજોની માલિકીથી મલકાટ ન અનુભવાય, એમ આવી પરાપેક્ષ-પૂર્ણતા પણ ગૌરવ લેવા જેવી ચીજ ન ગણાય.

આ દુનિયાના જીવોને બે વિભાગમાં વહેંચીએ, તો એક વિભાગમાં ગુણવાન આવે, બીજામાં ધનવાન આવે ! ગુણવાન પણ પૂર્ણતા પામવા મથે છે, ધનવાન પણ પૂર્ણતા પામવા મથે છે. આ અર્થમાં બન્નેનું ધ્યેય એકસરખું જ હોવા છતાં બન્નેના રાહ અલગ-અલગ છે. ગુણવાન પોતાની માલિકીનો ગુણખજાનો કર્મના કરજમાંથી છોડાવવાના સાચા માર્ગે કટિબદ્ધ બનીને કદમ ઉઠાવે છે, જ્યારે ધનવાન બહારથી ઉછીનું માગી લાવી લાવીને ભાડૂતી-ચીજોથી ઘરને સમૃદ્ધ બનાવવાના ખોટા માર્ગે ચડી ગયો છે, અને એ જ માર્ગે દોટ મૂકી રહ્યો છે. આ જાતના પુરુષાર્થ પછી ગુણવાનને ય પૂર્ણતા સાંપડે છે, ધનવાનને ય પૂર્ણતા સાંપડે છે. પણ જેની પાસે સાચી દૃષ્ટિ હોવાની, એ તો ગુણવાનની પૂર્ણતાને સાચી પૂર્ણતા માનવાનો! કેમ કે એ એની પોતાની માલિકીની છે. તેમજ ધનવાનની પૂર્ણતામાં તો એને પૂર્ણતાનો અંશે ય નહિ દેખાવાનો, કારણ કે એ ભાડૂતી છે. કરજ કરી કરીને એ મેળવેલી છે. 'મૂલડો થોડો ને ભાઇ વ્યાજડો ઘણો' જેવી એની હાલત હોવાથી ડાહ્યો માણસ તો ધનવાનની એ પૂર્ણતાને પૂર્ણતા માનવાની ભૂલ નહિ જ કરે.

આમ, ગુણથી મેળવાતી પૂર્ણતા ને ધનથી મેળવાતી પૂર્ણતા : આ બે વચ્ચે રહેલી વિરાટ ભેદરેખાને દર્શાવતો 'જ્ઞાનસાર'નો આ સંદેશ આપણને સ્પર્શી જાય તો તો આપણે ય ઘરના ઘરની ગુણસમૃદ્ધિ મેળવવા કટિબદ્ધ બની જઇએ અને ભાડૂતી ભવ્યતા ખરીદવાની આપણી ઘેલછા નામશેષ બની ગયા વિના ન રહે !

# મૃત્યુ વિષે ઉમરખય્યામ

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

ભરજુવાનીમાં જ્યારે ઉમર ખય્યામની રૂબાઇયાત વાંચેલી ત્યારે તેમાંની આ પંક્તિઓ વિના પ્રયત્ને ખાસ યાદ રહી ગયેલી અને એના નશામાં સ્વપ્નો સેવી મસ્ત થઇ ફરતા:-

*'અહીં આ ઝાડની નીચે પ્રિયે! સુખમાં જશે ચાલ્યા*
*કટુ દિનો જીવનના જે હશે ત્હારા અને મારા.*
*નજીક જો પાત્ર સુરાનું, જમણમાં રોટલો બટકુ*
*અને મધુ છંદની કવિતા, ન હોય તો ભલે બીજું !*
*તું મારી પાસ બેસીને મધુરુ ગાન જો ગાયે,*
*મરૂભૂમિય રંભોરૂ ! રૂડેરું સ્વર્ગ થઇ જાયે.'*

અને હવે જ્યારે જીવનના અનેકવિધ અનુભવો સાથે નવમા દાયકામાં શ્વસી રહ્યા છીએ ત્યારે તેની આ પંક્તિઓની કઠોર વાસ્તવિક્તા સમજાય છે :

*'મને આશ્ચર્ય લાગે છે ઘણાયે આપણી પૂર્વે*
*ગયા છે શૂન્યમાં પ્હોંચી તરી અંધાર દેશોને,*
*ન કહેતાં કોઈ આવીને, નિશાની દે ન એ પથની !*
*છતાં શા માટે અક્કેકે જતાં લેવા ખબર તેની ?'*

પ્રેમ અને મૃત્યુને આવો નિકટનો આત્મીય નાતો હશે એની જાણ પ્રમત્તાવસ્થામાં તો ક્યાંથી જ હોય ?

મૃત્યુ એ ખય્યામને મન આશ્ચર્યનો વિષય છે...ને કોને માટે એ નથી? ધારો કે વિશ્વની બધી પ્રજાઓનો આયુષ્યાંક સો સાલનો છે ...તો એક શતકમાં પાંચસો કરોડ, ખય્યામના શબ્દોમાં કહીએ તો એ 'અંધાર દેશ'માં અલોપ થઇ જાય છે ને બીજા એટલા જ કે એથી અધિક આ દુનિયાની રંગભૂમિ ઉપર પોતાનો પાઠ ભજવવા હાજર થઇ જાય છે ! આ ઓછા આશ્ચર્યની વાત નથી જ. એનો અર્થ એ કે મૃત્યુ કરતાં પણ જીવન વધુ પ્રબળ છે. મૃત્યુના એ ગહન પંથે પ્રયાણ કરેલામાંથી કોઇપણ એ ગહન અંધારિયા દેશની ભાળ આપવા પાછો ફર્યો નથી ને છતાંયે માનવની એ સનાતન મૃગયા હજી ચાલુ જ છે. મૃત્યની આ કઠોર-નઠોર અનિવાર્યતાને ખય્યામ પ્રણયના અનુલક્ષમાં વારંવાર તાર સ્વરે ગાય છે.

મૃત્યુ એ મનુષ્યને માટે ખરેખર યક્ષપ્રશ્ન છે. મહાભારતમાં યક્ષે ધર્મરાજને પૂછેલો તે. ત્યાં પણ ઉત્તરમાં આશ્ચર્યનો ભાવ તો વ્યક્ત થયેલો જ છે ! એટલે નાસ્તિકો, આસ્તિકો, રહસ્યવાદીઓ, અજ્ઞેયવાદીઓ, ચાર્વાકવાદીઓ, થિઓસોફિસ્ટ અને કવિ-તત્ત્વવેત્તાઓ મૃત્યુનું ગમે તેવું નિરૂપણ ને રહસ્યદર્શન કરે તો પણ એની ગતિ-વિધિ આશ્ચર્યવત્ જ રહેવાની. તર્ક અને પ્રમાણની તીક્ષ્ણ ધારે વસ્તુનો વિચાર કરી નિર્ણય પર આવનાર બે મહાનુભાવો તે સોક્રેટિસ ને ભગવાન બુદ્ધ. ઝેરનો પ્યાલો પીવાની થોડીક ક્ષણો પહેલાં પણ તે તો આનંદથી તત્ત્વચર્ચામાં મશગુલ હતા. મૃત્યુને તેમણે મંગલ કે અમંગલ સ્વરૂપે નહીં પણ જીવનના સ્વાભાવિક ક્રમમાંજ સ્વીકાર્યું હતું. જ્યારે બુદ્ધે એમના એક શિષ્યને, અનુભવ વિના કોઇ વાત કરતો નથી એમ કહી વાતને ટાળી હતી અને કિસા ગોતમીના કિસ્સા દ્વારા મૃત્યની અનિવાર્યતા પ્રતિપાદિત કરી હતી.

ઋગ્વેદમાં યમની ઋચા આવે છે તેમાં તેને માનવ-જાતિનો આદિ પુરુષ કહ્યો છે. તેણે જ માનવ-જાતિનું 'અસલ ઘર' શોધી કાઢ્યું છે. તે ભયંકર નહીં પણ મંગલકારી છે. મહાકવિ કાલિદાસે પણ મૃત્યુને જીવાત્માની પ્રકૃતિ કહી છે ને ખુદ જીવનને જ વિકૃતિ કહી છે; પણ આ બંનેય કરતાં કવિવર ટાગોરની મૃત્યની કલ્પના અતિશય સુંદર ભવ્ય છે. માતાના મૃત્યુ અંગે 'જીવન સ્મૃતિ'માં લખે છે : 'પરંતુ મૃત્યુ ભયાનક હોવાનું કોઇ પ્રમાણ એ શરીર પર હતું નહીં. તે દિવસે પ્રભાતના અજવાળામાં મૃત્યુનું જે રૂપ મેં જોયું તે સુખ-નિદ્રા જેવું પ્રશાંત અને મનોહર હતું. જીવન અને મરણનો તફાવત આંખે ચોખ્ખો દેખાયો નહિ.' મૃત્યુના મુખમાં પટકાઇ પડેલા પુત્રની ઉપસ્થિતિમાં ટાગોર એમના મનની સ્થિતિ નિરૂપતાં લખે છે. 'ત્યાં નહોતો અંધકાર, નહોતો પ્રકાશ, હતું માત્ર શાંતિનું ગંભીર ઊંડાણ, ચૈતન્યનો એક નિઃસીમ સાગર જેમાં નહોતું મોજું, નહોતો અવાજ. મને દેખાયું કે મારો પુત્ર અનંતના હૃદયમાં પોઢેલો છે ! 'ડાકઘર'માં પણ રાજાના મંગલ ભવ્ય આગમનરૂપે મૃત્યુને વધાવ્યું છે અને 'ગીતાંજલિ'માં તો બે અતિભવ્ય ઉપમાઓ દ્વારા મૃત્યુને પણ ધન્ય કર્યું છે. જીવન અને મૃત્યુના બે ચરણે ચાલતાં જ માનવબાલની ગતિ-પ્રગતિ થાય છે. વળી જીવન અને મૃત્યુ એ તો વિશ્વરૂપી જનનીના બે સ્તન છે. એક સ્તને દૂધ ખૂટતાં, વધુ પોષણ આપવાના શુભ આશયથી માતા બીજા પયપુષ્ટ સ્તને શિશુને લગાડે છે, પણ અજ્ઞાનને કારણે પ્રથમ સ્તન છોડતાં બાળક રડે છે. એવું જ જીવન-મૃત્યુનું છે. મૃત્યુ પણ જીવનના વિકાસને પોષક છે.

ખય્યામની વાત કરીએ તો તેની એક રૂબાયતમાં તે કહે છે :

*'તમે આજે રહો જોઈ ભલે માની 'તમે' નિજને,*
*શું કરશો કાલ ? રહેશો ના, તમે પોતે 'તમે' જ્યારે?*

भस्मीभूतस्य देहस्य पुनरागमनम् कुतः । જેવી જ જો સ્થિતિ હોય તો 'આજનો લ્હાવો લિજિયે રે કાલ કોણે દીઠી છે ? મનુષ્ય કેવળ પંચભૂતનું પૂતળું જ છે. પૃથ્વી ધાતુ પૃથ્વીમાં, આપો ધાતુ જલમાં, તેજો ધાતુ તેજમાં, વાયુ ધાતુ વાયુમાં ને ઈંદ્રિયો આકાશમાં ભળી જાય છે. મૃત્યુ પછી એમાનું કશું જ બાકી રહેતું નથી. આ બધી તો માટીની લીલા ને માયા છે. ખય્યામની ડઝનથી પણ વધુ રૂબાયતોમાં, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ઘણીવાર માટી અને કુંભારના સંવાદ દ્વારા, ઘણીવાર મૃત્તિકાનાં વાસણો સાથેના સંવાદ દ્વારા 'માટીનું તત્ત્વજ્ઞાન' નિરૂપ્યું છે. તો પછી આ સંસાર અને સંસારમાંના આ જીવનનો શો અર્થ ? પોતાની પ્રિયાને ઉદ્દેશીને એક રૂબાયતમાં તે કહે છે.

*'અભિનય ફક્ત બે પળનો પ્રિયે ! ભજવાય છે જગમાં;*
*થતી એ રંગલીલા જ્યાં પૂરી, પડદા પછાડી ત્યાં,*
*પ્રવેશે નટ-નટી બંને ભયાનક ચિર અંધારે*
*થતાં અવસાન જીવનનું, ખતમ થાતો અભિનય એ*
*મજા તે એકલો કરવા અભિનય આ રચે પોતે*
*અભિનેતા ય પોતે છું અને છે દર્શક પોતે.'*

એટલે જ બેતમાથી એ ગાય છે :

*'જીવનના જાપના દિવસો સુરા-સંગીતમાં ચાલ્યા,*
*હૃદય સંતોષ જો માને નદી તીર ઝાડ-છાયામાં,*
*અધિક સુખ ઇચ્છું ના જગમાં ન પરવા વૈભવોની છે,*
*ગમે તેવું અમૂલું હો ન ચાહું પુણ્યના ફળને*
*હશે જો સ્વર્ગ તો પણ તે સમજજો કે જગતમાં છે,*
*ભીરુનું સ્વપ્ન એ નર્ક, ન પરવા છે મને લગીરે.'*

અને જો આ નાશવંત જીવનને સંસારમાં સ્વર્ગ જ ઉતારવું હોય તો :

*'કરીને પાન સુરાનું ઉતારો સ્વર્ગ પૃથ્વીમાં,*
*તમારું ધ્યેય જો ભાઈ ! ફક્ત છે સ્વર્ગ ભોગવવા.'*

જીવનમાં ધર્મ-અધર્મ, નીતિ-અનીતિ, પાપપુણ્યથી સ્વર્ગ અને નર્ક મળે છે એમ લોકો માને છે ને ધર્મ-નીતિ અને પુણ્યને પ્રતાપે સ્વર્ગ પ્રાપ્તિ થાય છે, જ્યાં સુરા-પાન, અમૃત-પાન અને સુંદરીઓનું નૃત્ય પુણ્યાત્માઓ માણે છે. પાયાના આ તર્કને બળે ઉમર દલીલ કરે છે :

*'કહે છે સ્વર્ગમાં નિત્યે સુરાનું પાન ચાલે છે,*

*અપસરા ગાય છે ગીતો હૃદય રંજિત કરવાને,*
*કહો ત્યારે અહીં શાને કર્યો નિષેધ બંનેનો ?*
*વૃથા માનો સુરા-પ્રેમી જગે કુ-કર્મને કરતો*
*અમસ્થા ભય ગણી કહો છો સુરાને પાપનું બારૂ*
*તમારો કાયદો આ છે ! ફક્ત તમ ચાપ સત્તાનું !'*

અને જો મૃત્યુ અનિવાર્ય ને નિશ્ચિત જ છે અને મૃત્યુ પછી ઘોર અંધકાર જ છે તો તું સુરાપાન કાજે આવતીકાલનું આમંત્રણ શા માટે આપે છે? આજનો લ્હાવો આજે જ શાને ન લેવો? એપિક્યુરિયન અને ચાર્વાકવાદીની અદાથી તે પોતાની માશુકને ઉદ્બોધન કરતં કહે છે :

*'નથી જો કાલનો ભરોસો, તું આમંત્રણ દીએ શાને ?*
*સુરા તું આ જ પાઇને મજા ના માણતી શાને ?*
*હંમેશાં ચન્દ્ર આવે છે, છતાં તું ચન્દ્ર અજવાળે*
*પી લેને, કેમકે મળતો ન આવો યોગ આપણને.'*

આજ-કાલની કાળની વિભાવના ઉમરને પ્રણયના સંદર્ભમાં વધુ વ્યથિત ને ચલિત કરે છે. અને આમેય માનસશાસ્ત્રની દષ્ટિએ પણ પ્રણય અને મૃત્યુનો નાતો વધુ ઘનિષ્ટ છે. ખય્યામ એની પ્રેયસીને કહે છે-

*'લીલી ને લીલી આ ધરણી રહેતી હોય જો નિત્યે,*
*જીવન-આયુ મનુઓનું થતું ક્ષીણ હોય ના કદિયે.*
*મરણ-ભય પ્રેમને ના જો, સદા જો સાકી રહે પાસે,*
*પીવાનું પાત્ર જો વ્હાલી ! સતત સુરા ભરેલું રહે.'*

પ્રણયની પિપાસાનો ટોટો પીસતાં મૃત્યુનો ઓળો કવિને સતત, અહર્નિશ ઉદ્વિગ્ન કરે છે. દાખલા તરીકે :

*'પ્રિયે ! પદમાં ધરા સુન્દર, ઉપર નભ વાદળાંવાળું,*
*પરસ્પર મુગ્ધ કરવામાં 'તું,' 'હું'નું છે, જીવન જીવ્યું,*
*યુવાના ઉદધિ તીરે - ઊગ્યો રવિ પ્રેમનો પૂરો,*
*પીતાં આ સ્વાદ લાગે છે ખરેખર કાળ છે ભૂંડો.*

અકાળે નિંદમાં પડેલી પ્રિયાને કહે છે :

*'જીવન ક્ષણ માત્ર છે ત્યારે તું શાને નિંદમાં પડતી ?*
*થશે અત્યારથી શૈયા શું ત્હારી મૃત્યુ-લીલાની ?*
*પ્રિયે ? ત્યજી નિંદ ઊભી થા, વૃથા રૂપ જાય છે તારું,*
*મજેથી નિંદ લેજે ને જીવન-લય થાય ત્યારે તું.'*

'પ્રણયની પણ તૃપ્તિ થતી નથી, પ્રણયની અભિલાષ જતી નથી' એવી દોલાચલ અને દ્વિધાભરી ચિત્તની સ્થિતિમાં મરણિયા બનીને માટીનું તત્ત્વજ્ઞાન વાગોળે છે.

*'સખીરી ! આજ માટીના ઢળીશું આખરે ખોળે !*
*કહું છું તેથી જગ-સુખો પ્રિયે ! સૌ ભોગવી લેને !*
*શરીર આ માટીનું માટી-ગૃહે જઇને મળી જાશે*
*અને ધૂળ-ભાર ધૂળ સાથે સમજજે કે, ભળી જાશે*
*સુરા કે સુર યા ગાયક અરે ! આ લોક સર્વે છે*
*નકામું, મૃત્યુ મુખમાં જે પડેલો દેહ છે તેને !*
*સમયના ઓટ-ભરતીથી સદા જીવન વહે જલદી,*
*દિવાલો દેહ મંદિરની ક્રમે ક્ષીણ થાય છે તારી.*
*દિવસ બે બાદ આપણને સૂવાનું છે મરણ-શૈયે*
*ન જાણ્યું કોણ આ તખ્તે ભજવશે પાઠ આવીને !*

કબીરજીની જેમ, 'કો જાને પલકી, મૂરખ બાત કરે કલકી' એમ ખય્યામ પણ કહે છે,શ પણ બંનેયની જીવનદષ્ટિમાં પાયાનો ભેદ છે. કબીરજીની વાતમાં સત્વરે પરમ તત્ત્વની પ્રાપ્તિ માટેનું ઉદ્બોધન છે જ્યારે ઉમર વાત કરે છે :

*'ભરી પૂરું અધર મારે તું પ્યાલું આપને લલના*
*મટે ભૂતકાળનાં દુઃખો અને સૌ ભાવિની ચિંતા,*
*ન કર તું કાલની વાતો, નથી ભરૂંસો ઘડીનો જ્યાં*
*કવચિત્ કાલે ગયો હોઉં હું નિર્દય કાળના મુખમાં !*

જીવનના કો'ક કાળે ખય્યામે પણ ધ્યાનના ક્ષેત્રમાં જ્ઞાનનું બીજ વાવેલું. ઘણી મહેનત બાદ તે બીજ અંકુરિત પણ થયેલું અને એનો અલૌકિક પાક પાકેલો...એ પાકનો સાર ઉમર એક જ પંક્તિમાં દર્શાવે છે :

*'હું આવ્યો પાણીની માફક, જઇશ વાયુની સમ હાવાં.'*

વિશ્વ-પથનો પરિચયહીન કો'ક મુસાફિર અજાણ્યા સ્થળે આવી પડે ને જગતરૂપી તરુવરની છાંયે થાક ઉતારવા, વિસામો લેવા થોડાક દિવસ રોકાય અને પછી કો'ક અજ્ઞાત-ગહન વાયુની લહરે, ઊંડા જલમાં મૃત માછલાંની માફક અલોપ થઇ જાય એવી માનવની નિયતિ છે ! અને આ જગત ? 'જગત છે શૂન્ય જૂઠાણું.' કારણ ?

*'ભાગ્યની જાળે ચરણ બંધાય સાંકળથી*
*થયું છે સ્થિર મમ આત્મા તણુ ભૂત ભાવી તે દિનથી*
*હવે કંઇ ફેર થાય ના, નથી હું યત્ન પણ કરતો,*
*અજિત એ ભાગ્યને આધીન થઇને હું સદા ફરતો.'*

અને સારરૂપે કહે છે :

*'જીવન છે અલ્પ માનવનું છીએ ક્ષણ-સ્થાયી આપણ તો.'*

એટલે જ :

*'કહું છું તેથી પ્રેમેથી સુરા પ્યાલો સુકરમાં લઇ,*
*હૃદયની સર્વ વ્યાકુળતા ડૂબવાને પલક માંહી.'*

આને પલાયનવાદ કહેવો, શૂન્યવાદ કહેવો કે અસારવાદ ?

ઇરાની-ઇસ્લામી સૂફી કવિઓની ઇશ્કે હકીકી અને ઇશ્કે-મિજાજીની વિભાવનાને અસલરૂપમાં સમજીએ અને પરમતત્ત્વને પામવા માટેનાં એમણે કલ્પેલાં પ્રતીકો જેવાં કે સુરા, સાકી, મયખાના, આશક માશુક, બુલબુલ વગેરેના કરેલા વિનિયોગનું ઔચિત્ય સ્વીકારીએ તો એમાં બાહ્યદષ્ટિએ વરતાતાં સ્થૂલ વિલાસ અને કલુષ્તાની માત્રા સહ્ય બને. ખય્યામ એક રૂબાયતમાં કહે છે :

'સૂરા છે અંગની શક્તિ અને ખોરાક આત્માનો,
ઉકેલાતી ઘડી માંહી સરળતાથી ગહન ગૂંચો,
નથી કૈં ધર્મની વાતો બીજા જગની જરી પરવા !
સુરાના ઘુંટડાથી આ અને પરલોક બે મળતાં.'

કર્મ ને પુનર્જન્મના સિદ્ધાંતમાં માનનારાઓને આઘાત આપે એવી મત્યુ પરત્વેની આ બે-તમા વિચારણા છે. પણ સુરાની આ આસક્તિએ જ એને જિન્દગીભર બદનામ કર્યો છે એમ પણ ખય્યામ કહે છે :

*'મને એણે જ પાડયો છે ઘણો હલકો મનુ નજરે,*
*નમાલા એક પ્યાલાએ મને બદનામ કીધો છે.*
*મધુ સંગીતના સૂરો સતત શ્રવણે ભરીને મેં*
*દીધું વેચી જગત માંહીં હતું સુનામ મારું તે.'*

ખય્યામની પ્રેમની જીવનની ક્ષણેક્ષણને માણી લેવાની અને મૃત્યુની વિભાવના આ રૂબાયતમાં યુગપદ રીતે વ્યક્ત થાય છે.

*'મધુરી દીપ્તિ યુવાની તું અંગે જેટલા દિન છે*
*કરી લે હર્ષ ભરતીમાં નવિન વપુ-નાવ દેખાશે.*
*ધરાનું પ્રાણહીન મૃત્યુ લઇ નિઃશબ્દ ચરણોને,*
*તને નિજ બાથમાં લેવા પ્રતિક્ષણ દોડતું આવે.*
*ઊભું રહે આંગણે તારા મરણ આવી, અગાડી તે*
*કરી લે જન્મ-સાર્થકતા અલૌકિક પ્રેમથી, ભદ્રે !'*

ઇરાનના આ દાર્શનિક અને ખગોળવેત્તા શાયરની અનેક રૂબાઇયાતનું પશ્ચિમની અનેક ભાષાઓમાં ભાષાન્તર થયું છે. એડવર્ડ ફિટ્ઝરાલ્ડના અનુવાદ અને સંપાદને ખય્યામને ખૂબ પ્રકાશમાં આણ્યા છે. મુલતઃ નિરીશ્વરવાદી કે જડવાદી નહીં છતાંય ઉપનિષદના બ્રહ્મવાદની વિચારણાથી-જન્મ જન્માન્તર અને પરલોકની માન્યતામાં જુદાપણાથી નિરીશ્વરવાદી ને જડવાદી ગણાઇ-મનાઇ ગયેલા ખય્યામ મૃત્યની પેલે પાર ઘન રહસ્યમય અંધકાર સિવાય કશું જ નથી અને કેવળ વર્તમાન જ સત્ય છે-એ ભાય અને વિચારને ઘૂંટી ઘૂંટીને પુનરાવર્તનના દોષે પણ ગાય છે. 'Death the leveller' નામના કાવ્યના આંગ્લ કવિની જેમ ખય્યામ પણ ગાય છેઃ-

*'મરે કો, કોઇ મારે છે તથાપિ અન્ત સમયે તે*
*મૂકી દે મૃત્યના મુખમાં કરીને એકઠા સૌને .'*
*'પરંતુ ઇશ્ક દફ્તરમાં લખાયું નામ છે જેણે,*
*થયો તે મુક્ત દોઝખથી અને બેહિસ્તથી નિશ્ચે.'*

❖ ❖ ❖

# શતાધિક વર્ષના શ્રાવકવર્યની મુલાકાત

## (જીવ્યું ધન્ય તેહનું)

☐ જયેન્દ્ર શાહ

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ રચેલા 'અધ્યાત્મસાર'ના તૃતીય પ્રબંધના 'સમતા અધિકાર'માં કહ્યું છે :

जरा मरण दावाग्नि ज्वलिते भवकानने ।

सुखाय समतैकैव पीयूष घनवृष्टिवत् ॥

'જરા અને મરણરૂપી દાવાનળ વડે સળગેલા આ સંસારરૂપી વનને વિષે સુખને માટે અમૃતમય મેઘની વૃષ્ટિ સમાન એક માત્ર સમતા જ છે. '

અનુકૂળ અને પ્રતિકૂળ, ઇષ્ટ અને અનિષ્ટ પ્રત્યે પ્રિય-અપ્રિયપણાની વૃત્તિનો અભાવ તેનું નામ સમતા. તમામ ધર્મક્રિયાઓનું લક્ષ્ય સમતા છે. સમતા વિનાની સાધના નિષ્ફળ છે. સમતાના આશ્રયે તમામ ગુણો ખીલી ઊઠે છે. સમતા દ્વારા સાચાં સુખ-શાંતિનો અનુભવ થાય છે અને સાધનામાં આગળ વધતાં સમતા જ મોક્ષનું સુખ પ્રાપ્ત કરાવે છે.

થોડા દિવસ પહેલાં સમતામૂર્તિ વયોવૃદ્ધ શ્રાવકવર્ય શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહનું દર્શન કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. નેપિયન્સી રોડ પર તેમના પુત્ર ભરતભાઇને ઘેર તેમની મુલાકાતનો અવસર સાંપડ્યો હતો. વડીલ શ્રી ચીમનલાલભાઇ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રી અને પ્રસિદ્ધ સાહિત્યકાર મુ. ડૉ. રમણલાલ શાહના પણ પિતા છે. ડૉ. રમણભાઇ દ્વારા મારી આ મુલાકાત ગોઠવાઇ હતી.

તા. ૧૮-૨-૯૮ના રોજ ૧૦૨મા વર્ષમાં પ્રવેશ કરનાર આ ધર્માનુરાગી ભક્તિપરાયણ વડીલના મુખ પર પૂર્ણ શાંતિ છવાયેલી જોઇ. સામાન્ય રીતે વૃદ્ધોના મુખ પર જોવા મળતાં ચીડ, નિરાશા, વેદના કે અસંતોષનું કોઇ ચિહ્ન તેમના ચહેરા પર ન હતું. તેઓ ઘણું ખરું સ્પષ્ટ ઉચ્ચારથી બોલી શકતા હતા, સાંભળી શકતા હતા, વાંચી શકતા હતા અને જૂની ઘણી વાતો ચોકસાઇપૂર્વક યાદ કરી શકતા હતા. તેમની સાથે લગભગ સવા કલાક મેં વીતાવ્યો, તે મારા માટે ધન્ય અવસર બની રહ્યો, કારણ કે ચોમેર કલહ અને અશાંતિના વાતાવરણમાં એક સમતાભાવી સજ્જન સદેહે મારી સમક્ષ ઉપસ્થિત હતા ! આ અનુભવ આનંદમય અને યાદગાર હતો. તેમની સાથે પ્રશ્નોત્તરના રૂપમાં જે વાતો જાણવા મળી તેના આધારે અહીં તેમનું શબ્દચિત્ર આપવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત, પ્રત્યક્ષ મુલાકાત વિના એમનો પરિચય વાચકને માટે અધૂરો જ ગણાય.

સંત મનોહરદાસજીના એક પદમાં એક પંક્તિ છે :

'દાસી આશા પિશાચી થઇ રહી

કામ-ક્રોધ તે કેદી લોક,

જીવ્યું ધન્ય તેહનું !'

આશારૂપી પિશાચી જેની દાસી થઇ રહી હોય અને કામ-ક્રોધને જેણે કેદી બનાવ્યા હોય તેનું જીવ્યું ધન્ય છે !

શ્રાવક શિરોમણિ શ્રી ચીમનલાલ શાહને જોતાં આ પંક્તિમાં આલેખાયેલી પુણ્યવાન વ્યક્તિનાં પણ દર્શન થયાં એમ મને લાગ્યું.

તેમને મેં પ્રથમ ઉંમર સંબંધી પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે મને કહ્યું, 'ઉંમર તો શરીરની ગણાય. આત્માની નહિ. આત્મા તો અનંત કાળથી છે. તેની કોઇ ઉંમર છે જ નહિ. હું મારી જાતે કંઇ આટલું જીવી રહ્યો નથી. આયુષ્ય છે ત્યાં સુધી જીવવાનું છે. મરણ માટે હંમેશાં તૈયાર છું. આત્માને કર્મમુક્ત બનાવવો એ જ એક લક્ષ્ય છે. આ જન્મ પછી નવો જન્મ થશે. તેમાં પણ એજ લક્ષ્ય રાખવાની ભાવના છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો આત્માના શત્રુ છે. તેમને જીતવાના છે.'

તેમના આ સહજ ઉદ્ગારોમાં જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અનાયાસે પ્રગટ થતું હતું.

તેમનું મૂળ વતન પાદરા. (જિ. વડોદરા). ગાયકવાડના એ જમાનામાં રૂ અને અનાજના વ્યાપારમાં પાદરાનું ભારતમાં મહત્ત્વનું સ્થાન હતું. તેમના પિતા અમૃતલાલ વનમાળીદાસ શાહે પાદરાને વેપારમાં મહત્ત્વનું સ્થાન અપાવ્યું હતું.

શ્રી ચીમનલાલભાઇ ૩૦ વર્ષની ઉંમર સુધી પાદરામાં રહ્યા. તે વખતે પિતાજીની જાહોજલાલી જોઇ હતી. તેમનો જન્મ સંવત ૧૯૫૩ (ઇ .સ. ૧૮૯૭)માં થયો. એ જ વર્ષમાં વિશ્વામિત્રી સ્ટેશનથી પાદરા સુધીની નેરોગેજ રેલવેની લાઇન નંખાઇ હતી. તે તેમને બરોબર યાદ છે. વ્યાવહારિક અભ્યાસ અંગ્રેજી ચાર ધોરણ સુધી કર્યો, પરંતુ ધાર્મિક અભ્યાસમાં ખૂબ આગળ વધ્યા. ઉજમશી માસ્તર તેમના ધાર્મિક શિક્ષક હતા. તેઓ સંગીત પણ સારું જાણતા. આ શિક્ષકે પાછળથી આચાર્ય શ્રી નીતિસૂરિજીના સમુદાયમાં દીક્ષા લીધી હતી અને તેઓ આ. શ્રી ઉદયસૂરિજી તરીકે જાણીતા થયા હતા .

શ્રી ચીમનલાલ શાહે સ્વરાજની લડતમાં પણ ભાગ લીધો હતો.

અમૃતલાલશેઠના જિનમાં આગ લાગતાં રૂની ગાંસડીઓ બળી જવાથી ધંધામાં મોટું નુકશાન થયું. તેથી શ્રી ચીમનલાલભાઈ પાદરા છોડીને મુંબઇમાં નોકરી કરવા આવ્યા. તેમને છ પુત્રો અને બે પુત્રી છે. ડૉ. રમણલાલ શાહ તેમના ચોથા નંબરના પુત્ર થાય. મુંબઇમાં ખેતવાડીમાં સિંધી ગલીના નાકે આવેલી એક નાની રૂમમાં દસ જણાનું કુટુંબ રહેતું હતું.

મુંબઇમાં મારકીટની બંધિયાર હવામાં નોકરી કરવાને લીધે તેમને લગભગ ચાલીશ વર્ષની ઉંમરે દમનો વ્યાધિ થયો. પરંતુ તે તેમણે બહુ ચીવટપૂર્વક દેશી દવાથી એવો મટાડ્યો કે તે પછી દમ કે અન્ય કોઇ રોગ આજ દિવસ સુધી તેમને થયો નથી. અત્યારે પણ તેમના શરીરમાં કોઇ વ્યાધિ નથી. ડૉક્ટરના કહેવા પ્રમાણે હાર્ટ એન્લાર્જ થવાની સામાન્ય શરૂઆત થઇ છે. તે માટે ગોળીઓ લેવાનું કહ્યું છે. પરંતુ શરીરમાં કોઈ તકલીફ કે પીડા નથી. ૯૨મા વર્ષે તેમના માથા પર કોઇ કોઈ વાળ કાળા દેખાવા લાગ્યા હતા, તે હજુ પણ છે. ૯૦ વર્ષની ઉંમરે આંખે મોતિયો આવ્યો હતો તે ઉતરાવ્યો હતો. બંને આંખે બરાબર વંચાય છે.

તેમના અક્ષર સુંદર અને મરોડદાર હતા. તેમણે ઘણાં વર્ષો સુધી નામું લખવાનું કામ કર્યું હતું. છેવટે કાપડની સ્વતંત્ર દુકાન પણ કરી હતી.

તેમનાં ધર્મપત્ની રેવાબહેનને ૧૯૭૩માં લકવા થયો હતો. અને છેલ્લે હૃદયરોગનો હુમલો થતાં ૧૯૭૫માં ૭૫ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. પત્નીની માંદગીમાં શ્રી ચીમનલાલભાઇએ કાળજીપૂર્વક તેમની સેવા કરી હતી.

'કમ ખાઓ, ગમ ખાઓ, નમ જાઓ' એ સૂત્ર તેમના જીવનમાં વણાઇ ગયેલું છે. ઘણાં વર્ષોથી ઉણોદરી તપ તેમને સહજ બની ગયું

છે. આરોગ્ય જાળવવાનો એ નિયમ છે એમ તેઓ કહે છે અને એક જોડકણામાં આરોગ્ય જાળવવાનો નિયમ આ રીતે સમજાવે છે :

'આંખે ત્રિફલા, દાંતે લૂણ
પેટ ન ભરીએ ચારે ખૂણ.'

તેમણે જીવનમાં કોઇપણ જાતનું વ્યસન રાખ્યું નથી. છોકરાઓ પણ વ્યસન મુક્ત રહ્યા છે. પરિવારમાં નાનાથી માંડી મોટાં સૌને તેઓ બહુવચન વાપરી માનથી બોલાવે છે. પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી વર્ગ મળી સો જેટલા સભ્યોના વિશાળ પરિવારમાં સારો સંપ છે. શ્રી ચીમનલાલભાઇ રાત્રે ૧૧ વાગે સૂઇને સવારે છ, સાડા છ વાગે ઊઠી જાય છે. દિવસે ક્યારેય સૂતા નથી કે આડા પણ પડતા નથી. કુદરતી હાજત પર સંપૂર્ણ અંકુશ છે. તેમાં પણ નિયમિતતા છે. રાતના ઊઠવું પડતું નથી. એક ઊંઘે સવાર થાય છે. સવારમાં ઊઠતાં જ પથારીમાં બેઠાં બેઠાં એક કલાક સુધીમાં ૧૨ નવકાર ગણીને સ્તોત્ર, છંદ તથા ભગવાનનાં સ્તવનો ગાવાનો નિયમ છે. શ્રી આનંદઘનજી, શ્રી દેવચન્દ્રજી, શ્રી યશોવિજયજી, શ્રી મોહનવિજયજી વગેરેનાં સ્તવનોમાંથી દોઢસો જેટલાં સ્તવનો તો એમણે કિશોરાવસ્થામાં કંઠસ્થ કર્યા હતાં, જે હજુ પણ યાદ છે. રોજ અનુક્રમે તીર્થંકરનાં સ્તવનો બોલવાનો નિયમ નાનપણથી છે.

મારી સામે તેમણે નીચેનાં સ્તવનો ગાઇ સંભળાવ્યાં.

'અર જિનેશ્વર, મનમોહન સ્વામી'
'ધાર તલવારની સોહલી, દોહ્યલી
ચૌદમા જિન તણી ચરણ સેવા'
'મલ્લિ જિનેશ્વર રાખ્યો રંગ'
'તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી'

દિવસમાં લગભગ આખો વખત શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી ગૌતમસ્વામીજીનું સ્મરણ, તેમનાં નામનો મંત્રજાપ કરે છે. શ્રી લોગસ્સ સૂત્ર તથા શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનો લગભગ બસો વાર પાઠ કરે છે. તેમના જીવનમાં ભક્તિયોગ જોવા મળે છે. સતત તીર્થંકર પરમાત્માનું સ્મરણ રહેવું એ સહેલું નથી. સમગ્ર જીવન પરમાત્માનું સ્મરણ કર્યું હોય ત્યારે છેલ્લી અવસ્થામાં તે સાહજિક બને. ગૃહસ્થ રહીને સમતાયોગની સાધનામાં ખૂબ જ આગળ રહેલા શ્રી ચીમનલાલભાઇ નિકટભવી છે, થોડા ભવ પછી મોક્ષગામી બનશે-તેમાં મને જરા પણ શંકા નથી.

તેમના જીવનમાં સૌથી મહત્ત્વનું સ્થાન તેમણે ધર્મને આપેલું છે. ન્યાય-નીતિથી વ્યવહાર કરવો, ઉપકારીનો ઉપકાર ન ભૂલવો. ધર્મે જ મારી લાજ હંમેશા રાખી છે, એમ તેઓ કહે છે. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય રામચંદ્રજીસૂરિજી મહારાજ સાહેબ સંસારી અવસ્થામાં ધાર્મિક વર્ગમાં તેમના સહાધ્યાયી હતા. શ્રી ચીમનલાલભાઇ પંચ પ્રતિક્રમણ, જીવ-વિચાર, નવતત્ત્વ, દંડક વગેરે મૂળ તથા અર્થ સાથે ભણ્યા છે. અત્યારે રોજ નવ સ્મરણનો પાઠ કરે છે. કોઇ કોઇ શ્લોક ભુલાઇજવાથી તેમને પુસ્તકની મદદ લેવી પડે છે. વર્ષો સુધી તેમણે જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે નિયમિત કરવાનું રાખ્યું હતું. હવે શરીરની મર્યાદાને કારણે તેમાં નિયમિતતા રહી નથી.

કોઇ સાધુ કે આચાર્યને તમે ગુરુ પદે સ્થાપ્યા છે ? એવો પ્રશ્ન પૂછતાં તેમણે કહ્યું, 'મેં કોઈ એકને જ ગુરુ બનાવ્યા નથી. પરંતુ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી પાદરામાં ઘણીવાર પધારતા તેથી તેમનો સંપર્ક વધુ રહ્યો હતો.'

સાદું જીવન જીવતા શ્રી ચીમનલાલભાઇને ભોજન માટે કોઇ ખાસ આગ્રહ હોતો નથી. થાળીમાં જે પીરસાય તે જ જમી લેવાનું. ત્રણ જોડી કપડાંથી વધુ કપડાં તેઓ રાખતા નથી. ગાંધીજીની અસરથી નાનપણથી પાડેલી ટેવ પ્રમાણે પોતાનાં કપડાં હાથે જ ધોવાનો આગ્રહ હજુ પણ રાખે છે. (જેના ઘરમાં આવા વડીલ હોય તે પણ ભાગ્યશાળી જ કહેવાય.) રાત્રે બે કલાક છાપાં વાંચવાની ટેવ ખરી. 'ટાઇમ્સ ઓફ ઈંડિયા' પણ વાંચે. તેમના જમાનાની અંગ્રેજી ચાર ચોપડીનું જ્ઞાન એવું છે કે અંગ્રેજી સારી રીતે સમજી શકે છે. તેમની સ્મૃતિ સતેજ છે. એમના પિતાશ્રી અમૃતલાલભાઇના વેપારને કારણે ગુજરાત, રાજસ્થાન, યુ.પી., મધ્યપ્રદેશના આડતિયાઓનાં નામ હજુ પણ તેમને યાદ છે. મેં નમૂનારૂપ ભાવનગર, સિહોર, ગોધરા વગેરે ગામોના આડતિયાઓનાં નામો પૂછ્યાં તો તરત તેમણે તે કહી સંભળાવ્યાં.

તેમની પાસે અનુભવોનો ભંડાર છે તેવી જ રીતે જૂની કહેવતો અને જોડકણાંનો પણ ભંડાર છે. તેમણે નીચે પ્રમાણે કેટલાંક જોડકણાં સંભળાવ્યાં.

'દૂધ ને રોટલો, દહીં ને ભાત,
લાડવા ને વાલ, ખાઓ મારા લાલ.'
'પાવલાની પાડી, અધેલો ચરાઇ,
ખાડામાં પડે તો રૂપિયો કઢાઇ.'
'સરતે (દીઠે) કરડે કૂતરો
બિન સરતે (પીઠે) કરડે વાઘ,
વિશ્વાસે કરડે વાણિયો
ચંપાયો કરડે નાગ.'

તેમના નાના કાકા ડાહ્યાભાઈ આવાં અનેક જોડકણાંઓ જાણતા અને જાતે બનાવતા પણ ખરા. શ્રી ચીમનલાલભાઈ પાસેથી આવાં જોડકણાંનો સંગ્રહ કરી લેવાય તો ગુજરાતી ભાષાની સમૃદ્ધિનો વધુ પરિચય આપણી નવી પેઢીને થાય એમ મને લાગે છે.

મેં તેમને છેલ્લો પ્રશ્ન પૂછ્યો, 'તમારા જીવનમાં કોઇ આશા અધૂરી રહી ગઇ છે એવું તમને લાગે છે ?'

તેમણે કહ્યું, 'નાનપણથી ૩૦ વર્ષ સુધી ખૂબ સુખ ભોગવ્યું હતું. પિતાજીની જાહોજલાલી જોયેલી છે. છેલ્લે પણ પુત્રોની જાહોજલાલી જોઇ રહ્યો છું. કોઈ આશા અધૂરી રહી નથી. ધર્મમાં મારી સંપૂર્ણ શ્રદ્ધા છે.'

અંતે, મારી વિનંતિથી તેમણે માંગલિક પાઠ સંભળાવ્યો. મેં તેમનો ચરણસ્પર્શ કર્યો.

આ સરળ, નિરભિમાની, નિઃસ્પૃહ અને ધર્મપરાયણ સજ્જનના આંતરિક ગુણવૈભવ આગળ બાહ્ય વૈભવ ઝાંખો લાગતો હતો. ધન્યતા સાથે વિદાય લેતાં 'જીવ્યું ધન્ય તેહનું !' એ પંક્તિખંડનું ગુંજન મારા મનમાં વારંવાર થઇ રહ્યું હતું.

❖ ❖ ❖

## સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૭ના વર્ષ માટેનું પારિતોષિક પંડિત પનાલાલ જ. ગાંધીના લેખો માટે આપવાનું નિર્ણાયક સમિતિએ નક્કી કરેલું છે. (એ દુઃખની વાત છે કે આ જાહેરાત થાય તે પહેલાં પંડિત પનાલાલ જ. ગાંધીનો સ્વર્ગવાસ થયો છે. ગયા અંકમાં એમને વિશે શ્રદ્ધાંજલિ લેખ પ્રગટ થયો હતો.) આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામભાઇ દેસાઇ તથા શ્રી દીપકભાઇ દોશીએ સેવા આપી છે, જે બદલ અમે તેમના આભારી છીએ.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# વાત વાતોની

☐ ડૉ. ગુલાબ દેઢિયા

ગામનું લોક બોલે થોક. મોટા સાદે બોલે. નકરી શાંતિના ચોસલાને ખસેડી એમાંથી મારગ કરવા બોલ્યા વગર આરોવારો નહિ. બોલવા માટે હંમેશા કારણ હોય એવું જરૂરી નથી. જાતને સધિયારો દેવાય માણસ બોલે. બોલચાલ વિના એને ચેન ન પડે. ગામડાનું માણસ ખાવામાં ઓછુંવધુ ચલાવી લે. ભોજનરસ કરતાં વાતરસનો રસિયો. વાતોડિયાપણું એ આફત નહિ આદત. વાતોમાં ગુલતાન થવું, એની સહજ પ્રકૃતિ. લાજાળુ માણસ પણ વાતોમાં ખીલે ત્યારે રૂડો લાગે. કામઢા માણસને તો સૌ માન દે, પણ વાતોડિયાને પણ એની જગા મળે.

માસી, મામી, ફોઇ કે અન્ય કોઇ સગાંવહાલાં પાંચ-સાત ગાઉ દૂરના ગામથી આવે, આવે ને વાતો શરૂ થાય. પગરખાં પછી ઉતારે ને થાક પણ પછી ઉતારે. વાર્તાલાપથી ઘર ભર્યુંભર્યું લાગે. વાતોની હવા ઘરને ધબકતું કરી દે. ટાણાઅવસર જેવું લાગે. વાતો અલકમલકની. આખા ખલકની. વાતોમાંથી વાતો ફૂટતી જાય અને વાતોના અંકોડા ગૂંથાતા જાય. અધરાત સુધીય પથારીમાં પડ્યા પડ્યા મહેમાનો સાથે વાતો ચાલ્યા કરે.

મહાકવિ પ્રેમાનંદનાં આખ્યાનો જેવો ધારાપ્રવાહ ચાલે. બધા રસ રેલાય. રસસંક્રાંતિ ય થાતી રહે. વિષયાંતર તો એવું જબરું કે મૂળ વાત કયા વિષયની હતી એ જ વિસરાઇ જાય. ઘેઘૂર વડલાની વડવાઇઓ અને મૂળ થડનો ભેદ ન રહે એવું જ. ગજબનું ભાષાભંડોળ. કહેવતો, રૂઢિપ્રયોગો, અતિશયોક્તિ, વ્યંગ, આક્ષેપ, ઉપાલંભ, આપવડાઇ, ટીકા, નિંદા, ખણખોદ, ભંભેરણી, ગાળો, સંભારણાં, અફસોસ, સલાહ, ખટકો શું શું નથી હોતું વાતોમાં !

હાથ કરે કામ ને જીભ કરે વાતો. પગ પણ ચાલે ને જીભ પણ ચાલે. ગામ પરગામમાં ઘટતી નાની મોટી ઘટનાઓ નોખાં નોખાં રૂપ ધરીને લોકોની જીભે ચડી બેસે. ક્યારેક તો લાગે કે કામના થાક-કંટાળાનું મારણ આ વાતલડી છે.

ખેડુ બળદો સાથે વાતો કરે. ગોવાળ ગાયો સાથે મલાવો કરે. પનિહારી ભરેલાં બેડાંનો ભાર વિસારી સખી મળે તો શેરી વચ્ચે વળગે. લગ્ન પ્રસંગ પહેલાં પાપડ, સેવ વણાતાં હોય, અનાજ સાફ થતું હોય, લાડુ વાળવાના હોય ત્યારે લગ્નગીતો ટહુકી ઊઠે. એ લગ્નગીતો પણ વાતોનું જ ઘણુંખરું પદ્ય રૂપ. એટલાં જ સાહજિક ને સરળ. એ સમૂહગાનમાં કોઇ સ્ત્રી વચ્ચેથીય ભળી શકે ને છૂટી પડી શકે.

શહેરીજન ફરિયાદ કરતા હોય છે કે અમને આગળ આવવા તક નથી મળતી. પ્લેટફોર્મ નથી મળતું. મને તો લાગે છે કે ગામડાની 'ઓટલા યુનિવર્સિટી'માંથી ભણીને આવ્યો હોય તેને સ્ટેજ ન મળ્યા જેવું ન લાગે. ગામડાના મોકાના એક એક ઓટલા પાસે પોતાનું આગવું વાતપુરાણ હાજર. ઓટલા જીવતી જણસ. મોટા પેટના પેટારા.

સવારના પહોરમાં ઘર પાસે કચરો વાળતાં પડોશી સાથે બે વાત થાય. જરાક દિવસ ચડે કે શેરીમાં આવતા રોજના પરિચિત શાકવાળાઓ સાથે ભાવતાલ, વાતો, રકઝક, ખબરઅંતરનું આદાનપ્રદાન થાય. કાગળપતર આલ્યા વગર હેંડ્યે જતા ટપાલીને ઠપકોય સાંભળવો પડે. જે કુટુંબ નાનકડા મનીઓર્ડરને આધારે જીવતું નભતું હોય તેમનો મનીઓર્ડર મોડો ને મોડો થતો જ જાય તો એ ચહેરાઓને અવગણીને જતા ટપાલીને પણ વસમું લાગે.

લાકડી લઇ ઓટલે બેઠેલા વયોવૃદ્ધોને આવતાં જતાં સૌ બોલાવે. વડીલોને એ ગમેય ખરું. કોઈ પરભારું હાલવા માંડે તો એને વડીલના બે વેણ સાંભળવાં પડે.

લોકો જમવાનું જતું કરે પણ સાથ સંગાત ન છોડે. સંઘાતસથવારો એ તો મુસાફરીનું અનેરું બળ. ચાલતાં ચાલતાં વાતોનો જે રસ હોય એ તો જેણે પીધો હોય એ જાણે !

લગ્નની જાન એક રાત, બે રાત રોકાય તો ઉતારે જે વાતોની છોળો ઊડે એ જ તો જાનૈયાઓની ખરી મહેફિલ ! માનવજાતને જાત વગર વાતો કર્યા વગર ક્યાં ચાલે છે ? જાત સાથે વાતો ન કરી હોય એવો જણ તો ભાગ્યે જ મળે. દ્વારિકા જતાં અને આવતાં વિપ્ર સુદામાએ જાત સાથે કેવી ગોઠડી કરી હશે ? સીતાજીને વનમાં છોડીને પાછા અયોધ્યા તરફ વળતાં રામાનુજ લક્ષ્મણે મન સાથે શી તડજોડ કરી હશે ?

માત્ર માહિતીની લેનદેન, માત્ર મનોરંજન કે 'ગોસિપ' લેખે વાતો નથી થતી. મૂંગા મૂંગા પજવતા ખાલીપાને પાંખું કરવા વાતો જરૂરી છે. અભાવોના વાદળો વચ્ચેથી ડોકિયું કરવા, બે ઠીક શ્વાસ ભરવા ગામમાં વાતો થતી હોય છે. વધી પડતા વખતને ભરવા માટે વાતો જ કામ લાગે. અમારા ફળિયામાં એક એકલાઅટૂલાં માજીએ બિલાડી પાળી હતી. એમના મેડીવાળા ખાલી ઘરમાં એમની સાથે બિલાડીઓ અટવાતી રહે. બિલાડી સાથે વાતો કરે, એમને વઢે, દૂધ ચોરીને પીવા જાય તો એ બિલાડીઓને માજી ધમકાવે. પછી પોતે જ થોડું દૂધ ધરી દે. જૂની યાદો અને બિલાડીઓ સાથેની વાતો સિવાય આ ખાવા ધાતી ભોણીમાં ભરવા એમની પાસે કંઇ નહોતું.

સાંજની મધુર સ્મૃતિઓનો પેટારો ખોલું છું. ઉનાળાની સાંજને યાદ કરતાં મન બોલી ઊઠે છે શોભા સલૂણી સાંજની...એ સલૂણી સંધ્યાઓમાં લૂણ જેવું કંઇ મીઠું હોય તો તે ઘરઆંગણામાં ઉકળાટ નમતાં મોટા લીંબડાના સંગે ગોષ્ઠિનો ડાયરો જામતો તે હતો. દાદી વાણ ભરેલા ખાટલે બેસે. બા પાટલે બેસે. કોઇ એકઢાળિયાની પાળીએ બેસે. કોઇ ધૂળમાં જ ધામો નાખે. કોઇ માંચી પર બેસી પગ લંબાવે ધૂળમાં. બાળકો અહીં ત્યાં રમવામાં, ધૂળમાં કે ખોળો ખૂંદવામાં હોય. તડકાને સવારની મૃદુતા સાંભરે. રાતના પ્રલંબ મોકળા મેળાવડા કે સવારની અતિ ટૂંકી વાતો જેવી એ ન હોય. ગાયો ચરીને આવે, નિશાળિયા આવે, બોઘરણામાં પહેલી સેરો સંભળાય. અમે બાળકો એ ઓઘવાળું દૂધ પીતા. શમતા ઓઘને જોઇ રહ્યાનું સ્મરણ છે. અમારો ગોવાળ જ મિતભાષી હતો. એ વધુ વાતો કરી ન શકે. ગામ આખાની ગાયો દોહવા ઘરે ઘરે પહોંચવાનું હોય. મેં એ ગોવાળને કદી ચાલતાં નથી જોયો, દોડમાં જ હોય.

રાતને માનું પેટ કહ્યું છે. રાત એટલે નિરાંત, મોકળાશ, હાશ; રાત એટલે ઉદારતા, વાત્સલ્ય અને મન ખાલી કરવાનું ઠામ. પગ વાળીને બેસવાનું ઠેકાણું.

કોઇ કોઇ વાતરસિયા તો એક ઓટલે કે ડેલીએ મેળાવડો રાણો થાય કે બીજે મોટે મેળાવડે જઇ બેસે. કચ્છીમાં એને માટે એક કહેવત છે કે 'સિજ ખૂટે પણ બિજ ન ખૂટે' [ સૂર્ય (સમય) ખૂટે પણ બીજ (વાતોનાં બી) ન ખૂટે ].

એ વાતોમાં ઉનાળાની રાતની ઘામ પછી શીતળતા ભળે, ચાંદનીનો ઘટ્ટ મધુર પ્રકાશ ભળે, શિયાળાની ઠંડી સાથે હૂંફ ભળે,

તાપણોં તણખા ખરે, દૂર શિયાળવાંની લાળી ભળે, દૂર સંભળાતા લગ્નના ઢોલનો અવાજ ભળે. ઘુડવનો ડરામણો અવાજ ભળે. તમરાંનો સતત આવતો અવાજ ભળે. ગભરુ બાળકો વાતો કે વાર્તા સાંભળતાં સાંભળતાં જ ખોળામાં પોઢી જાય. ઘણાંખરાં બાળકોની પહેલી મીઠી મધુર નીંદર વડીલોના ખોળામાં જ પાંગરે, પથારીએ તો પછી પોઢાડવાં પડે. ખોળામાં પોઢ્યાનું સુખ કેટલાય અપસુખને ભુલાવી દે.

કોઇને ઘરે પરગામથી મહેમાન આવ્યા હોય, એ ઘરનો કોઇ કમાઉ દીકરો પરદેશથી આવ્યો હોય અથવા પરદેશ સિધાવવાનો હોય તો એ સૌને મળવા, માન આપવા, ખબર અંતર પૂછવા અડોશીપડોશી જરૂર આવે. મહેમાનોની કક્ષા પ્રમાણે એમાં શિષ્ટાચાર ઉમેરાઇ જતો પણ જોવા મળે.

અમારા એક માસાબાપા આમ તો પરદેશ એટલે મુંબઇમાં રહે. છ-બાર મહિને દેશમાં એટલે વતનમાં આવે. એકાદ બે દિવસ અમારે ઘરે પણ અચૂક આવે. એમનું આગમન આખાય ઘર માટે કોઇ પરવ બની રહે. પ્રેમાળ, હસમુખા, વાતડાહ્યા અને અમસ્તાય વ્હાલા લાગે એવા.

ઘરની ડેલીમાં શેતરંજી પાથરી છે. બપોરે થોડું ભારે જમણ જમીને માસાબાપા મોટા તકિયાને અઢેલીને બેઠા છે. દિલથી મોટા અને ડિલથીય મોટા. ઘરના વડીલો વયપદહોદ્દાનુસાર એમને વીંટળાઇને બેઠા છે. કોઇ જરાક આડે પડખેય થયું છે. ઊંચે પેઢે આવેલી ડેલીમાં લહેરખીઓ દોડી આવે છે. વાતોની રમ્ય સૂરાવલિઓ રેલાય છે. એ વાતો વાતાવરણમાં મંદ સુમધુર ગુંજારવ કરતી હોય એવી સુરખી સૌ ચહેરે આંકી દે છે. એ વાતોમાં ડહાપણ છે, ભૂતકાળ છે, અનુભવ છે, દક્ષતા છે, આવડત છે. કુટુંબપરિવારનો કાવ્યશાસ્ત્ર-વિનોદ કહીએ તો ચાલે એવી રસની લ્હાણ છે. અમે બાળકો તો એમાં કેટલું સમજીએ ? વિસ્મયથી આખો ઠાઠ જોતા રહીએ.

અનુભવી ઠરેલ ભદ્રિક માણસની વાતો એ તો સરોવરના શાંત નીર પર હવાની લહેરખીનું ચાલવું. વાર્તાની જેમ વાતની માંડણી કરે, પાત્રો આવે, સંવાદ આવે, ચિત્ર ઊપસે, કથારસ જામે, સંસ્કાર ઘડતરની સમજણની આછી સૌરભ વાતાવરણને ઊંચા સ્તરે લઇ જાય.

ગ્રામ્યજીવનમાં ઉપલબ્ધિઓ મર્યાદિત, વસ્તુઓ ગણીગાંઠી, અભાવ તો સ્થાયી હતા. સમયની છત હતી. હોંકારો દેનાર મળી રહે. શહેરમાં સુણનારાના જ સાંસા. વાત કોની સાથે કરવી ? શી કરવી ? શહેરમાં અંતર ઠાલવાના ઠેકાણાં ઓછાં. લોકો પાર્ટી મહેફિલોમાં કેવા ઉપરછલ્લા મળે છે. સમયની અછત એમને વ્યગ્ર ને વ્યસ્ત રાખે છે. અવસાદ-ડિપ્રેશનથી છૂટવાનો ઉપાય હૈયાગોષ્ઠિ છે, પણ શહેર તો એ બાબતમાં રાંક. ટી.વી. તો ચોવીસે કલાક બોલે છે, પણ એમાં આપણને અંતરમાં સ્પર્શે એવું કેટલું ?

માણસ સ્વભાવે જ સ્વજનભૂખ્યો હોય છે. પ્રિયજનોના વિયોગમાંથી જે ઝૂરણ ને ઝંખના જાગે છે, જે અભાવ વરતાય છે તેમાંથી જન્મે છે આવકારનો ભાવ. એમાંથી જ નાનકડા ઉત્સવ રચાય છે. મેળાવડા જામે છે. ડાયરા ડોલે છે. મહેફિલો મંડાય છે. કાવાકસુંબા કઢાય છે. ઉજાગરા જાગરણમાં પલટાય છે. વાતો વાતાયન બની રહે છે ને ત્યાં બેઉ મનપંખી મનમોજનું ગાન રેલાવે છે.

એક કચ્છી દુહામાં યોગ્ય જ કહ્યું છે કે સ્વજન પાસે વાત કરવામાં બન્ને બાજુથી લાભ હોય છે. અધૂરા કોડ પૂરા કરે છે અને પૂરા થયેલા કામ માટે શાબાશી દે છે.

ગ્રીષ્મની મધ્યાહ્નને નીરવ શાંતિમાં થતી વાતોમાં લૂની લહેરખી આવે છે. અંગેઅંગ દઝાડે છે. ધૂળની નાનકડી ડમરી ચડે છે. કૂડો-કચરો-પાંદડાં ચડે પડે છે. વાતો વચ્ચે ઝીણી ઝીણી ખે આવી પડે છે. એ વખતે વાતોમાં પ્રલંબ અંતરાલ આવે છે. એકાદ વાક્ય ઉચ્ચારાય પછી મૌનનો લાંબો પટ આવે છે. ફરી બે વાતો થાય ન થાય કે ચૂપકીદી શબ્દોમાં ચૂપચાપ જગા મેળવી લે છે.

વાતોનેય પોતાનું સંગીત હોય છે. વાતો ય દ્રુત અને વિલંબિત હોય છે. એમાં આવર્તન ને તાનપલટા હોય છે. રમઝટ હોય છે. આરોહ, અવરોહ પર જઇને સમ પર આવવું પડે છે. વાતો અટક્યા પછીય વાતો ચાલ્યા કરતી હોય છે. વાતો પૂરી થતી નથી; ક્યાંક આપણે છોડી દેવી પડે છે. વરસતા નેવાં જેવી વાતો, રમતિયાળ ઝરણાં જેવી વાતો, ધસમસતી નદી જેવી વાતો, સૂકાતી તલાવડી જેવી વાતો, શાંત સરોવર જેવી વાતો, ઘૂઘવતા સાગર અને ઝાંઝવાના જળ જેવી વાતો આપણને જીવતા રાખે છે.

માણસ વાતોથકી બળિયો અને વાતો જ એની નબળાઇ. બોલતાં તો કદાચ એને આવડે પણ સાંભળતાં આવડે તો વરદાન.

વર્ષો પહેલાં બચપણમાં રાતના મેળાવડામાં એક વાર્તા સાંભળી હતી. હજી એ ભૂલી શક્યો નથી. એક માણસને અચાનક દૂરને ગામ જવું પડે છે. સાંજ ઢળી ચૂકી છે. પોતાની પાણીલી સાંઢણી પલાણે છે. નિર્જન રસ્તે સાંઢણી દોડવતો જાય છે. મનમાં જાતજાતના વિચારોની ધારા ચાલે છે. પંથ લાંબો છે. ખૂટ્યો ખૂટતો નથી. સૂમસામ વાટમાં સામેથી રાતને ઉતાવળે આવતી જુએ છે. એના મનમાં ચમકારો થાય છે.

સાંઢણીની રાશ હાથમાંથી છોડી દે છે. રાત પાસે પહોંચી કે તરત જ તેને વિનંતી કરે છે, 'અરે ઓ રાતબાઈ ! આ રાશ તો મને હાથમાં દઇ દે. મને મોડું થાય છે. ઊંટડીને બેસાડીને હું ઊતરીને રાશ લેવા જઇશ તો વધુ મોડું થશે. ભગવાન તારું ભલું કરે.'

રાતને તો રોજની જેમ જલદી જલદી જવું હોય છે પણ આ ઊંટસવાર પર દયા લાવી એને રાશ હાથમાં દે છે. ઝપ દઇને ઊંટસવાર તો રાશ સાથે રાતને જ પકડી લે છે. રાત કહે છે, 'ભાઈ મને છોડ, મને મોડું થાય છે.' એ માણસ તો કોઇ વાત સાંભળતો જ નથી. રાત એને વિનવે છે, કરગરે છે.

પેલો અસવાર કોઇ વાત કાને નથી ધરતો. સાંઢણી દોડાવતો જ જાય છે. એણે તો પ્હો ફાટે તે પહેલાં પહોંચવું છે. રાત એના કબજામાં છે.

આખરે લાંબી મજલ કાપી એ પેલા ગામના પાદરમાં પહોંચે છે ત્યારે રાતને છોડે છે.

રાતને આ રીતે રજૂ કરવામાં કેવી કમાલ છે ! અદ્‌ભુત વાત છે. રાત એક જીવંત વ્યક્તિ જેવી લાગે છે. સમયને રોકવાની વાત પણ ખરી રોમાંચક છે. રાતની આ વાર્તા રાતે જ સાંભળીએ ત્યારે જુદી જ અનુભૂતિ થાય.

મને થાય છે કે વાતરૂપી સાંઢણીસવાર આ રીતે જ થોડા સમય માટે પણ સમયને જ રોકી લે છે.

અને છેલ્લે, કોઇ એકાકી માણસની સ્વગતોક્તિ કાને પડે છે:

'હાલ્ય જીવ ! ઘણું મોડું થયું છે. ઊઠ જીવ ! હવે ઊઠીએ.'

જાતને જ સંબોધવી એને તાદાત્મ્ય કહેવું કે એકલતા ! ?

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૫ ● ● તા. ૧૬-૫-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## પાર્શ્વનાથ વિદ્યાપીઠ, વારાણસી

તા. ૫, ૬, ૭ એપ્રિલ ૧૯૯૮ના રોજ વારાણસી (બનારસ)માં આવેલી પાર્શ્વનાથ વિદ્યાપીઠના હીરક મહોત્સવ પ્રસંગે વિદ્યાપીઠના અધ્યક્ષ અને મારા મિત્ર શ્રી નૃપરાજજી જૈનના નિમંત્રણથી મને ત્યાં ઉપસ્થિત રહેવાનો અને ત્યાં યોજાયેલા પરિસંવાદમાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો હતો. મારી સાથે મારા મિત્ર શ્રી મહેન્દ્રભાઈ મહેતા, શ્રી ગુલાબભાઈ શાહ અને શ્રી બિપિનભાઈ જૈન પણ આવ્યા હતા. પાર્શ્વનાથ વિદ્યાપીઠ ઉપરાંત ત્યાંની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓની મુલાકાતથી અમારો વારાણસીનો પ્રવાસ યાદગાર બની ગયો હતો.

હીરક મહોત્સવનું ઉદ્‌ઘાટન બ્રિટન ખાતેના ભૂતપૂર્વ હાઈ કમિશ્નર શ્રી એલ. એમ. સિંઘવીના હસ્તે થયું હતું. આ પ્રસંગે વિદ્યાપીઠના ડાયરેક્ટર ડૉ. સાગરમલ જૈનનું તથા સંસ્થાના મંત્રી શ્રી બી. એન. જૈનનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. મારુતિનંદન તિવારી, ડૉ. કમલેશ દત્ત ત્રિપાઠી, ડૉ. શ્રીરંજન સૂરિ દેવ, પ્રો. આર. આર. પાંડેય, ડૉ. શ્રી પ્રકાશ પાંડેય વગેરે વિદ્વાનોએ તથા શ્રી નેમિનાથ જૈન, શ્રી ઇન્દ્રભૂતિ બરડ વગેરેએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં અને વિદ્યાપીઠે મેળવેલી સિદ્ધિઓની અનુમોદના કરી હતી. બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ડૉ. સાગરમલજી જૈનનો પરિચય આપવાની જવાબદારી મને સોંપવામાં આવી હતી.

પાર્શ્વનાથ વિદ્યાપીઠની સ્થાપના ઇ. સ. ૧૯૩૭માં થઈ હતી. ત્યારે એનું નામ 'પાર્શ્વનાથ વિદ્યાશ્રમ' હતું. મુંબઈના ભૂતપૂર્વ શેરીફ શ્રી શાદીલાલજી જૈનના વડીલોએ આ વિદ્યાશ્રમની સ્થાપનામાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી સોનહલાલજી મહારાજની સ્મૃતિમાં આ સંસ્થાની સ્થાપના થઈ હતી. પંજાબના વતનીઓએ આ સંસ્થા પંજાબમાં ન સ્થાપતાં વિદ્યાધામ કાશીમાં સ્થાપવાનું ઠરાવ્યું એ યોગ્ય જ થયું હતું. એ માટે એમને પ્રેરણા કરનાર પંડિત સુખલાલજી હતા કે જેઓ ત્યારે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પ્રાકૃત ભાષા અને જૈન ધર્મના વિષયના અધ્યાપક હતા. એટલા માટે વિદ્યાશ્રમ માટેની જમીન પણ યુનિવર્સિટીના કેમ્પસની બાજુમાં જ લેવામાં આવી હતી કે જેથી પરસ્પર લાભ મળી શકે. વિદ્યાશ્રમને પંડિત સુખલાલજી ઉપરાંત આચાર્ય નરેન્દ્ર દેવ, ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ, પંડિત દલસુખભાઈ માલવણિયા, પંડિત બેચરદાસ દોશી, ડૉ. નથમલ ટાંટ્યા, ડૉ. મોહનલાલ મહેતા વગેરે મહાનુભાવોનું મૂલ્યવાન માર્ગદર્શન મળ્યું છે.

ચાર એકર જમીનમાં સ્થપાયેલા વિદ્યાશ્રમમાં ગ્રંથાલય, વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ખંડો, કાયમી પ્રદર્શન માટે હોલ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે નિવાસસ્થાન વગેરેની સરસ સુવિધા છે. ગ્રંથાલયમાં લગભગ ત્રીસ હજાર જેટલા ગ્રંથો છે અને વિરલ હસ્તપ્રતો છે. પ્રાચીન જૈન અવશેષોનું સરસ સંગ્રહસ્થાન પણ છે.

૬૦ વર્ષના ગાળામાં વિદ્યાપીઠે સારી સિદ્ધિઓ મેળવી છે. અત્યાર સુધીમાં ૫૪ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.નો અભ્યાસ કર્યો છે. અને ૧૫૦ થી અધિક પ્રકાશનો થયાં છે.

પાર્શ્વનાથ વિદ્યાપીઠનું મુખપત્ર 'શ્રમણ' છે. આ મુખપત્ર કોઈ સામાન્ય પત્રિકા નથી. કોઈપણ યુનિવર્સિટીના જર્નલની બરાબરી કરી શકે એવું સરસ એનું ધોરણ રહ્યા કર્યું છે. ઉચ્ચ કક્ષાના અભ્યાસ લેખો મેળવવા અને શુદ્ધિપૂર્વક મુદ્રણ-પ્રકાશન કરવામાં કેટલો બધો પરિશ્રમ ઉઠાવવો પડે છે એ તો એ ક્ષેત્રમાં કામ કરનારાઓ જાણે છે.

ડૉ. સાગરમલ જૈને આ વિદ્યાપીઠના ડાયરેક્ટર તરીકે હોદ્દો સંભાળ્યા પછી સત્તરેક વર્ષના ગાળામાં વિદ્યાપીઠમાં એવું સંગીન કાર્ય કર્યું કે જેથી એને DEEM UNIVERSITYની માન્યતા મળી શકે.

ડૉ. સાગરમલ જૈને એમ. ફિલ અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સારી સંખ્યામાં વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. જૈન અધ્યયનના ક્ષેત્રે આ ઘણું મોટું યોગદાન છે. પાર્શ્વનાથ વિદ્યાશ્રમ તરફથી શાસ્ત્રીય, સંશોધનાત્મક અને ઊંચી કક્ષાના વિદ્વદ્‌ભોગ્ય ગ્રંથોનું પ્રકાશન હાથ ધરાયું. છેલ્લા એક-દોઢ દાયકામાં ડૉ. સાગરમલજી જૈને પાર્શ્વનાથ વિદ્યાપીઠને જૈન વિદ્યાસંસ્થાઓમાં મોખરાનું સ્થાન અપાવ્યું છે.

ડૉ. સાગરમલજી જૈને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા ઉપરાંત પોતે સંગીન લેખનકાર્ય કર્યું છે. એમના પોતાના સંશોધન લેખો અને ગ્રંથો સારી સંખ્યામાં પ્રકાશિત થયા છે. એ દૃષ્ટિએ એમણે સંસ્થાના વિકાસમાં ઘણું મોટું યોગદાન આપ્યું છે. એમણે પાર્શ્વનાથ વિદ્યાપીઠના નામને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું કરી દીધું છે. આ રીતે એમણે પોતાને મળેલા હોદ્દાને શોભાવ્યો છે.

હીરક મહોત્સવના એક ભાગરૂપે 'જૈન અધ્યયન-સમીક્ષા અને સંભાવનાઓ' એ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં સ્થાનિક અને બહારગામથી પધારેલા ઘણા વિદ્વાનોએ ભાગ લીધો હતો અને પોતાના વિચારો દર્શાવ્યા હતા.

જૈન વિદ્યાનું ક્ષેત્ર વિશાળ છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન, ચિત્રકલા અને શિલ્પકલા તથા સાહિત્યના ક્ષેત્રે અધ્યયન અને સંશોધન માટે ઘણો જ અવકાશ છે. જૈન ભંડારોમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતો છે. દુઃખની વાત એટલી છે કે જૈન કોમ મુખ્યત્વે વણિક કોમ હોવાથી

વેપાર-ઉદ્યોગમાં એને જેટલો રસ પડે છે તેટલો વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં પડતો નથી. આથી જ જૈન વિદ્યા સંસ્થાઓનું તેજ જેટલું વધવું જોઇએ તેટલું વધતું નથી.

પાર્શ્વનાથ વિદ્યાપીઠને DEEM UNIVERSITYની માન્યતા મળી શકે એટલી સજ્જતા એની પાસે છે. પરંતુ એ માટે યુ.જી.સી.ની એક શરત છે કે ચાર કરોડ રૂપિયા એની પાસે કાયમી ભંડોળમાં હોવા જોઇએ. પરંતુ વિદ્યાપીઠ પાસે એટલી મોટી રકમ નથી. એટલી રકમ મેળવવાનું અને કાયમી ભંડોળ તરીકે રાખવાનું કામ ધારીએ એટલું સરળ નથી. પાર્શ્વનાથ વિદ્યાપીઠના વહીવટકર્તાઓ સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યું કે દર વર્ષે રૂપિયા પંદર લાખથી વધુ ખર્ચ થાય છે. અનુસ્નાતક વિદ્યાપીઠો એટલે આવક નહિ જેવી અને ખર્ચ ગંજાવર. દાતાઓના દાન પર જ તે નભી શકે.

અનુસ્નાતક કક્ષાએ અધ્યાપકોના પગાર અસંતોષકારક હોય તો પણ તે ઊંચી શ્રેણીના પગારો હોય છે. બીજી બાજુ વિદ્યાર્થીઓની ફી દ્વારા થતી આવક નહિ જેવી જ હોય છે. વહીવટી ખર્ચ પણ ઘણું બધું રહે છે. આથી અનુસ્નાતક વિદ્યાસંસ્થાઓનું બજેટ ઘણું મોટું રહે છે. એટલે સંસ્થાઓનું કાયમી ભંડોળ સરખું મોટું હોય તો જ આ બધા ખર્ચને તે પહોંચી વળે. વર્ષને અંતે થયેલા ખર્ચની સરખામણીમાં થયેલા વિદ્યાકાર્યથી, વહીવટકર્તાઓને જાહેરમાં ન બોલે તો પણ મનમાં તો અસંતોષ જ રહે કે ખર્ચેલા નાણાંનું પૂરું વળતર મળ્યું નથી. હાલે જે હોય એના એ કાયમી ભંડોળ સાથે સંસ્થા ચલાવવાની જવાબદારી અધ્યાપકો પોતે ઉપાડી લે તો પણ તેઓ બે-ચાર વર્ષમાં જ થાકી જાય. વર્તમાન સમયમાં અનુસ્નાતક વિદ્યાસંસ્થાઓ ચલાવવાનું કાર્ય ઘણું કપરું છે. યુનિવર્સિટીઓ પોતાના અનુસ્નાતક વિભાગો ચલાવી શકે છે કારણ કે તેઓને અધ્યાપકોનો પગાર યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અને સરકાર તરફથી મળતો રહે છે. એ ન મળે તો યુનિવર્સિટીઓના વિભાગો બંધ થાય. એવી સહાય વગર વિદ્યાસંસ્થાઓ ચલાવવી એ ટ્રસ્ટીઓ માટે માથાનો દુઃખાવો પુરવાર થાય તેમ છે. આપણો દેશ વિકાસશીલ છે. પાંચેક વર્ષમાં ચીજવસ્તુઓના ભાવ બમણા થઇ જાય છે. જીવન-નિર્વાહનું ધોરણ ઊંચું ચડતું જાય છે. એટલે આજની દૃષ્ટિએ કરેલું આર્થિક આયોજન દસ વર્ષમાં ખોટું પડે છે. સંસ્થા ચલાવનારાઓએ દીર્ઘ-દૃષ્ટિથી આયોજન કરવું જોઇએ. ટ્રસ્ટીઓની એક પેઢી વિદાય લે પછી નવી પેઢીના ટ્રસ્ટીઓને હાથમાં આવેલી માંદી સંસ્થાઓ ચલાવવામાં રસ કે ઉત્સાહ એટલા રહેતાં નથી.

દુનિયામાં સર્વત્ર વિદ્યાસંસ્થાઓ એટલે (થોડીક અપવાદરૂપ સંસ્થાઓ બાદ કરતાં) ખોટ ખાતી સંસ્થાઓ જ હોય છે. ઘણાખરા દેશોમાં લશ્કરના બજેટ પછી બીજે નંબરે મોટું બજેટ શિક્ષણ ક્ષેત્રનું હોય છે. શિક્ષણનો આ વ્યવસાય એવો છે કે જેમાં સરકારી ગ્રાન્ટ વગર યુનિવર્સિટીઓ કે કેટલીયે કૉલેજો નભી ન શકે. વળી શિક્ષણમાં પ્રાથમિક, માધ્યમિક, સ્નાતક કે અનુસ્નાતક કેળવણીમાં કોને પ્રાધાન્ય આપવું જોઇએ એ પણ દેશકાળની પરિસ્થિતિ અનુસાર ભિન્ન ભિન્ન મતનો વિષય છે. આપણે ત્યાં અનુસ્નાતક કક્ષાની વિચારણા છેલ્લી થાય એ સ્વાભાવિક છે, કારણ કે જ્યાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે પણ જો પૂરતા નાણાં ન ફાળવવામાં આવતાં હોય ત્યાં અનુસ્નાતક શિક્ષણ માટે ક્યાંથી વધુ રકમ ફાળવી શકાય ? વળી શિક્ષણના ઉચ્ચ સ્તર પ્રમાણે શિક્ષણ મોંઘું હોય છે અને બીજી બાજુ લાભ લેનારની સંખ્યા ઘણી અલ્પ હોય છે.

અનુસ્નાતક કક્ષાએ પણ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના વિષયોમાં વિનયનને ઓછું પ્રાધાન્ય અપાય એ દેખીતું છે અને તેમાં પણ જૈન ધર્મનો વિસ્તૃત અભ્યાસક્રમ દાખલવ કરવાનું તો કેટલી યુનિવર્સિટીઓને પરવડે ? અમેરિકા કે યુરોપની યુનિવર્સિટીઓને અનુસ્નાતક કક્ષાએ જૈન ધર્મ અને સાહિત્યનો વિષય વિસ્તૃત ધોરણે દાખલ કરવાનું પરવડે છે, કારણ કે એ યુનિવર્સિટીઓ સદ્ધર છે. ભારતમાં યુનિવર્સિટીઓને એવી સદ્ધરતા પ્રાપ્ત કરતાં હજું અડધા સૈકાથી વધુ સમય લાગશે.

ભારતમાં યુનિવર્સિટીઓમાં અધ્યાપકોના પગાર સંતોષકારક રહ્યા નથી. પરિણામે વધારે તેજસ્વી વ્યક્તિઓ આવા વ્યવસાય તરફ ન આકર્ષાય એ દેખીતું છે. હાલના તબક્કે ઘણી યુનિવર્સિટીઓમાં-કૉલેજોમાં અને અનુસ્નાતક કક્ષાએ નબળા પ્રાધ્યાપકો જોવા મળે છે કે જેઓ પોતાના વિષયમાં પારંગત તો નહિ, પણ સુસજ્જ પણ નથી હોતા. એટલું જ નહિ કેટલાયનું એ તરફ લક્ષ પણ નથી હોતું. વધારે કઠે એવી વાત તો એ છે કે કેટલાયે અધ્યાપકોમાં પોતાના વિષય માટેની નિષ્ઠા પણ નથી હોતી. એક સારી સરસ નોકરીમાં ગોઠવાઇ ગયા પછી અને સુરક્ષિત તથા નિશ્ચિંત થઇ ગયા પછી અંગત વિકાસ માટે તેઓ કશું કરતા નથી. કેટલાક તો માત્ર સમય જ પસાર કર્યા કરતા હોય છે.

અન્ય પક્ષે કોઇ એક દૃષ્ટિહીન વેપારીના હાથમાં સંસ્થાનું સુકાન જો આવી જાય છે તો તે અધ્યાપકો પ્રત્યે પોતાના ગુમાસ્તા જેવું વલણ ધરાવતા અને વ્યવહાર કરતા થઇ જાય છે અને પછી લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિ વચ્ચે સંઘર્ષ ચાલે છે. પરિણામે ભોગવવું પડે છે સંસ્થાને.

જૈન વિદ્યાસંસ્થાઓની એક મોટી વાસ્તવિક કસોટી એ છે કે એના સ્થાપક દાતા પોતે કોઈ એક ફિરકાના હોય અને જો પોતાના ફિરકા માટે ચુસ્ત હોય તો એના વિદ્યાકાર્યોમાં અને પ્રકાશનોમાં પોતાના ફિરકાની જ મહત્તા દર્શાવાય. એના સંશોધનકાર્યોમાં, પરિસંવાદોમાં, એજ સૂર રહ્યા કરે. પરંતુ સંનિષ્ઠ વિદ્યાસંસ્થાઓએ એના ટ્રસ્ટીગણે અને એના અધ્યક્ષગણે આવી સંકુચિત મનોવૃત્તિમાંથી બહાર આવી, સર્વ પક્ષને પોતપોતાનો મત મુક્તપણે રજૂ કરવાની સ્વતંત્રતા આપવી જોઇએ.

કોઇકને કદાચ એમ લાગે કે પોતાના ફિરકામાં જ એટલું બધું કાર્ય કરવાનું છે ત્યાં બીજાની વાતને શા માટે છેડવી ? વળી એમ કરવા જતાં વિવાદ ઊભો થવાનો સંભવ રહે. પોતે તો ઉદાર દિલ રાખી શકે, પણ સમાજમાં કેટલીક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ એને મોટો મુદ્દો બનાવી ચકચાર ઊભી કરે. જો એમ થાય તો સરવાળે સંસ્થાને જ હાનિ પહોંચે અને વખત જતાં સંસ્થા બંધ કરવાની વેળા પણ આવે. કેટલાકને આર્થિક કે સામાજિક સહકાર મળતો હોય તો તે જો આવાં કારણે બંધ થાય તો સંસ્થા જ નબળી પડી જવાનો સંભવ રહે.

આવી પરિસ્થિતિમાં પણ બે પક્ષ જોવા મળે છે. કેટલાક ટ્રસ્ટીઓ કહે છે કે અમે અંગત રીતે ઉદાર દૃષ્ટિવાળા છીએ. અન્ય ફિરકા સાથે અમારે કોઇ વૈમનસ્ય નથી. પૂરો સદ્ભાવ છે, પણ સંસ્થાએ તો પોતાનાં નિર્ધારિત નીતિનિયમો પ્રમાણે ચાલવું જોઇએ, તો જ એનું માળખું સચવાઇ રહે, કારણ કે સંસ્થામાં તો જુદી જુદી મતિવાળા જુદું જુદું કહે. પણ સંસ્થાના નીતિનિયમ પ્રમાણે ચાલવાનું હોય તો માંહોમાંહે સંઘર્ષ થતા અટકે છે. આ એક દૃષ્ટિબિંદુ થયું. બીજી બાજુ કેટલાક એમ પણ કહે છે કે અમે અમારા ફિરકા પ્રમાણેની માન્યતામાં બહુ ચુસ્ત છીએ. પણ એ અમારી અંગત વાત છે. સંસ્થા થાય એટલે સંસ્થાની દૃષ્ટિએ જ વિચારવાનું રહે. એમાં સંકુચિત દૃષ્ટિ ન ચાલે. અમને ગમતું ન હોય, માન્ય ન હોય તો પણ સંસ્થાનું એ કાર્ય છે માટે મોટું મન રાખી નભાવી લેવું જોઇએ.

પાર્શ્વનાથ વિદ્યાપીઠની એક મહત્તા એ છે કે એણે પોતાના વહીવટી કાર્યમાં, વિદ્યાકીય કાર્યમાં કે એનાં પ્રકાશનોમાં કોઇપણ એક સંપ્રદાયની સંકુચિત દૃષ્ટિ રાખી નથી. સંશોધનના ક્ષેત્રે જે સત્ય હોય તે જ સ્વીકારવું રહ્યું. જે કોઇ અભિપ્રાય દર્શાવવામાં આવે એને માટે શાસ્ત્રીય આધાર હોવો જ જોઇએ.

પાર્શ્વનાથ વિદ્યાપીઠ આપણે ગૌરવ લઇ શકીએ એવી આપણી એક વિદ્યાસંસ્થા છે. એના પોષણ-સંવર્ધનની જવાબદારી જૈન સમાજે ઉપાડી લેવા જેવી છે.

☐ રમણલાલ ચી. શાહ

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ-૧૦)

**અરૂપી એવાં ચાર દ્રવ્યોની ગુણપ્રક્રિયા સંબંધી વિચારણા :**

ચાર અરૂપી દ્રવ્યો છે. જીવાસ્તિકાયમાં સિદ્ધ પરમાત્માના જીવો, આકાશાસ્તિકાય-ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ ચારેય દ્રવ્યો અરૂપી છે. એ ચાર દ્રવ્યોમાં માત્ર જીવાસ્તિકાય એકમાત્ર ચેતનદ્રવ્ય છે, જ્યારે બાકીનાં દ્રવ્યો અરૂપી હોવા છતાં જડ છે. સિદ્ધપરમાત્માના જીવો ચેતન અને અરૂપી છે. સંસારી જીવો ચેતન છે. તેમની જાત અરૂપીની છે પરંતુ તેની ઉપર ભાત રૂપીની છે-પોત અરૂપીનું પણ ભાત રૂપીની એવી સંસારી જીવની ચેતન અવસ્થા છે.

આ ચારેય દ્રવ્યનો પોતપોતાનો આગવો વિશિષ્ટ પરમભાવ છે-સ્વરૂપ ગુણ છે. વળી તે ગુણ પ્રમાણેનું કાર્ય પણ છે. એ ગુણકાર્ય અન્ય પ્રતિ છે-પરપ્રતિ છે. અર્થાત્ ગુણકાર્ય અન્ય માટે થઇને છે-બીજા માટે છે. ગુણ પોતાનો પણ ઉપયોગ એનો અન્યને ! ફળ ઝાડનું. ઝાડ ઓળખાય ફળને નામે ! પણ ઝાડ કાંઇ ફળ પોતાના છતાંય ખાય નહિ. ફળનો ઉપયોગ અન્ય પશુ-પક્ષી-માનવી કરે. છાયા વૃક્ષની, પણ વિસામો એ છાયામાં અન્ય જીવો લે. અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિ-સહાયકતાનો છે, તે ગુણનું કાર્ય સ્થિતિપ્રદાનતાનું છે. તેના એ ગુણ મુજબ કાર્ય થાય છે. એ ગુણકાર્યથી તે અન્ય દ્રવ્યોને સ્થિર થવામાં નિમિત્તભૂત, સહાયભૂત થાય છે. એજ પ્રમાણે ધર્માસ્તિકાયનો ગુણ ગતિસહાયકતાનો છે અને આકાશાસ્તિકાયનો ગુણ અવગાહના દાયિત્વનો છે. એ ગુણ પોતાનો, પણ એ ગુણકાર્ય અન્ય દ્રવ્યો પ્રતિ. તેમ જ્ઞાનગુણ-કેવળજ્ઞાન ગુણ જીવાસ્તિકાય -જીવદ્રવ્યનો છે, પણ તે ગુણ મુજબનું ગુણકાર્ય અન્ય દ્રવ્યોને પ્રકાશમાં લાવવાનું અર્થાત્ અન્ય દ્રવ્યોનું નામકરણ તથા તે તે દ્રવ્યોની ઓળખ, તે તે દ્રવ્યોના ગુણ, પર્યાયાદિની જાણ બીજા સર્વ સહિત અન્ય જીવો માટે થઇને છે. ફળ ઝાડના, ફૂલ કપાસનું, પાણી નદીનું, જળ મેઘનું, છાયા વૃક્ષની, પ્રકાશ સૂર્યનો, અને પરોપકારીનું પરોપકારપણું એ સર્વ પોતાનાં, પણ કામમાં આવે બીજાને. તેથી પણ તે ગુણ કહેવાય છે. જીવના જ્ઞાનનો પ્રકાશ જે છે તે સ્વ-પર પ્રકાશક છે. પરંતુ વેદનને પર સાથે સંબંધ નથી. વેદન સ્વનું હોય છે. જીવ સ્વનો- સ્વરૂપનો વેદક છે. અરૂપીના આ ગુણકાર્યનો બોધ તો એ છે કે હે જીવ ! તું બીજાં માટે છે ! તારું જીવન બીજાનાં પાલન, પોષણ, રક્ષણ, સંવર્ધન, ઉપકાર માટે છે ! પર કલ્યાણ માટે છે ! પર કલ્યાણથી જ સ્વ કલ્યાણ છે. તું બીજા બધાંના માટે છે ! તારા માટે કોઇ નહિ ! એ વીતરાગતા છે-એ પરમાત્મ તત્ત્વ છે. આજ સંદર્ભમાં તો જ્ઞાનીએ કહ્યું છે કે 'રાગી કોઇનો નહિ, પણ વીતરાગી સર્વના' કવિએ પણ ગાયું છે કે-

તરુવર-સરવર-સંતજન-ચોથા વરસે મેહ;
પર ઉપકારને કારણે, ચારે ધરીયો દેહ.

**શુકલ ધ્યાનના ચાર ભેદોમાં છેલ્લા બે પાયા સંબંધી કેવળજ્ઞાનમાં વિચારણા :**

ધ્યાન એટલે યોગસ્થૈર્ય અર્થાત્ યોગ વ્યાપાર (યોગક્રિયા)નો નિરોધ. યોગ ત્રણ પ્રકારના છે. મનોયોગ, વચનયોગ અને કાયયોગ. મનના પાછા બે ભેદ છે. દ્રવ્યમન અને ભાવમન. ભાવમન એટલે મતિજ્ઞાનનો ઉપયોગ અર્થાત્ અંતઃકરણ. પ્રતિસમયે આપણી છદ્મસ્થ અવસ્થામાં મતિજ્ઞાનનો ઉપયોગ મતિજ્ઞાનાવરણીયકર્મ, મતિજ્ઞાન, મોહનીયકર્મ, મોહભાવ, મનોવર્ગણાના પુદ્ગલો અને સુખદુઃખ વેદનનો બનેલ હોય છે.

શુકલધ્યાનના પહેલાં બે પાયા એટલે પૃથક્ત્વવિતર્ક સપ્રવિચાર અને એકત્વવિતર્ક અપ્રવિચાર. શુકલધ્યાનના એ પ્રથમ બે પાયા દરમિયાન ભાવમન અર્થાત્ મતિજ્ઞાનનો ઉપયોગ, જે વિનાશી અને અનિત્ય છે, તે બારમા ગુણસ્થાનકે વીતરાગતા આવતાં અવિનાશી, નિત્ય, અવિકારી અને નિર્વિકલ્પક ઉપયોગ બને છે અને તેરમા ગુણસ્થાનકે કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થાય છે. છતાં આ તબક્કે અર્થાત્ તેરમા ગુણસ્થાનકે દ્રવ્યમન રૂપ મનોયોગ તો ઊભો જ રહે છે. તો હવે આ શેષ રહેલાં દ્રવ્યમન રૂપ મનોયોગના સ્થૈર્યકરણ-શૈલેશીકરણનો પ્રશ્ન ઊભો રહે છે.

પહેલાં ઉપયોગ જે અનિત્ય-વિનાશી હતો તેને અવિનાશી-નિત્ય બનાવ્યો. નિત્યાનિત્ય અર્થાત્ વિનાશી-અવિનાશીનો સંબંધ કાળ સાથે છે. માટે ઉપયોગ નિત્ય થતાં કાળ ઉપર વિજય થયો. છતાં આત્મપ્રદેશ કે જેના આધારે કેવળજ્ઞાન રહેલ છે તે અધિષ્ઠાતા-આધાર એવાં આત્મપ્રદેશની સ્થિરતાનો પ્રશ્ન તો ઊભો જ રહે છે. એ પ્રશ્નનો ઉકેલ ચૌદમા ગુણસ્થાનકે આવે છે, કે જે ગુણસ્થાનકે 'અ ઇ ઉ ઋ લૃ' એ પાંચ હ્રસ્વસ્વરાક્ષરોના ઉચ્ચાર જેટલાં અલ્પ-સમયમાં જ યોગક્રિયાનો અભાવ-યોગ વ્યાપારનો અભાવ-શૈલેશીકરણી સહજ જ પ્રક્રિયા થાય છે. એ સહજ સ્વાભાવિક પ્રક્રિયા દરમિયાન આત્મપ્રદેશોની કાયયોગના બંધનમાંથી મુક્તિ થાય છે. પરિણામે મુક્તાવસ્થાની-સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે. લોકાગ્ર શિખરે સિદ્ધશિલા ઉપર સાદિ-અનંતકાળ સિદ્ધાવસ્થામાં સ્થિર થવાય છે. પરમસ્થિરાવસ્થાની પ્રાપ્તિ થાય છે. ઉપયોગની અવિનાશિતાએ પર્યાય અવિનાશિતા તો હતી જ ! હવે પ્રદેશ સ્થિરત્વની પણ પ્રાપ્તિ થાય છે.

વીતરાગતા આવેથી મોહમુક્ત થવાયું તે બારમા ગુણસ્થાનકે બન્યું, પછી તેરમા ગુણસ્થાનકે ઉપયોગની અવિનાશિતાએ ઉપયોગ મુક્ત થઇ ઉપયોગવંત બનાયું એટલે કે પર્યાય અવિનાશિતા આવી અને અંતે ચૌદમા ગુણસ્થાનકે શૈલેશીકરણની સહજ પ્રક્રિયાથી આત્મપ્રદેશની મુક્તિ થતાં પ્રદેશ સ્થિરત્વ આવ્યું. જીવાસ્તિકાય સિવાયના બાકીના ચારેય અસ્તિકાયને ઉપયોગ નથી માટે તે અસ્તિકાયો વિષે ઉપયોગની અવિનાશિતાનો કોઇ પ્રશ્ન છે જ નહિ, રહી વાત પ્રદેશની ! તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પ્રદેશો તો અનાદિ અનંત સ્થિર જ છે અને પુદ્ગલાસ્તિકાય તો તેના સ્વભાવથી-સ્વરૂપથી વિનાશી અને અસ્થિર જ છે, કેમકે રૂપરૂપાંતરતા અને ક્ષેત્રક્ષેત્રાંતરતા અર્થાત્ પરિવર્તનતા અને પરિભ્રમણ એ તો પુદ્ગલાસ્તિકાયનો ગુણધર્મ છે. જેને કારણે તો અવિનાશી અને સ્થિર એવા જીવાસ્તિકાયની વિનાશી અને અસ્થિર દશા થયેલ છે, તેમાંથી બારમે ગુણસ્થાનકે પહોંચી વીતરાગ થઇ, તેરમા ગુણસ્થાનકની સયોગી કેવલી અવસ્થામાંથી પસાર થઇ, ચૌદમે ગુણસ્થાનકે શૈલેશીકરણની સહજ પ્રક્રિયાથી, સાદિ અનંત પરમ મુક્તાવસ્થા-સિદ્ધાવસ્થા-સ્થિરાવસ્થાને પ્રાપ્ત કરવાની છે. જે સિદ્ધદશા સિદ્ધત્વમાં છે તે સ્થિરત્વને સિદ્ધાવસ્થાની અનંતર પૂર્વાવસ્થામાં સાધકે પ્રાપ્ત કરવાની છે, જે સ્થિતિ પછી સાદિ-અનંત ભાંગે ચિરકાળ સદા સર્વદા કાયમ થાય છે. ટૂંકમાં સાધ્યના સ્વરૂપને સાધકે સાધનાવસ્થામાં ઉતારી સાધ્યથી અભેદ થવાનું હોય છે. સિદ્ધાંત એ છે કે...

સાધ્યનું જે સ્વરૂપ હોય તે સાધક પોતાની સાધનામાં ઉતારે તો જ સાધ્યથી અભેદ થાય.

આજ સિદ્ધાંતને અનુસરીને આપણી આરાધનામાં કાયોત્સર્ગ-કાઉસગ્ગ કરવાની વિધિ ઠેર ઠેર પ્રાયઃ બધી જ આરાધનાઓમાં છે.

ઉપયોગનો સંબંધ કાળ સાથે છે, તો પ્રદેશનો સંબંધ ક્ષેત્ર સાથે છે. ઉપયોગ અવિનાશી થતાં કાળ ઉપર વિજય પ્રાપ્ત થાય છે, જ્યારે આત્મપ્રદેશની પરમસ્થિરતાની પ્રાપ્તિથી ચૌદ રાજલોકમાંના રઝળપાટનો અંત થાય છે અર્થાત્ ક્ષેત્ર ઉપર વિજય પ્રાપ્ત થાય છે. આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં દ્રવ્ય અને ક્ષેત્ર એક થાય છે તો બીજી બાજુ કાળ અને ભાવ એક થાય છે. એટલે કે દ્રવ્યમાં ક્ષેત્ર સમાઈ જતાં દ્રવ્ય-ક્ષેત્ર અભેદ બને છે. અને ભાવમાં કાળ સમાઈ જતાં ભાવ-કાળ-અભેદ બની જઇને માત્ર દ્રવ્ય અને ભાવ અર્થાત્ પરમભાવ-સ્વભાવ રહે છે, જે ક્ષેત્રાતીત અને કાળાતીત એવી સ્વરૂપાવસ્થા-સિદ્ધાવસ્થા હોય છે.

શુકલ ધ્યાનના છેવટના બે પાયાની આ સૂક્ષ્મ પ્રક્રિયા અપ્રતિપાતિ અને સમુચ્છમ ક્રિય છે. શુકલધ્યાનના એ છેવટના બે પાયાનું ધ્યાન ચૌદમા ગુણસ્થાનકે કેવળી ભગવંતોને આપોઆપ, સહજ જ થતી સ્વાભાવિક પ્રક્રિયા છે, કે જેનાથી આત્મપ્રદેશોની પરમસ્થિરતાની પ્રાપ્તિ થાય છે. એ કાંઇ ધ્યેય પ્રાપ્તિના લક્ષ્યથી સંકલ્પ-વિકલ્પ પૂર્વકનું ધરાતું ધ્યાન નથી, કેમકે કેવળજ્ઞાની ભગવંતો તો સાધનાતીત અને ધ્યાનાતીત છે. એ તો તથાભવ્યતાનુસાર, સહજ જ આપોઆપ થતી પ્રક્રિયા છે, કે જેમ વીતરાગતા આવેથી બાકીના શેષ ત્રણ ઘાતિકર્મોનો એક સાથે જ ક્ષય થાય છે. સાધના મોહનો નાશ કરી વીતરાગ થવાની છે. દર્શનાવરણીયકર્મ, જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મના ક્ષયની સ્વતંત્ર સાધના નથી. મોહનીયકર્મનો નાશ થતાં શેષ ત્રણ ઘાતિકર્મનો નાશ સહજ જ થાય છે.

સયોગી કેવળી ભગવંતો વિષે જે કાંઇ ઘટાવવાનું હોય છે તે સર્વ અઘાતિકર્મોમાં જ ઘટાવવાનું હોય છે. કેવળજ્ઞાની ભગવંતોનું સ્થૂલ ઔદારિક શરીર એ અઘાતિકર્મોમાં શરીર નામકર્મનો એક ભેદ છે, પંચેન્દ્રિય જાતિ એ જાતિનામકર્મનો એક ભેદ છે, બોલે છે તે વચનયોગ જે છે એ ભાષાપર્યાપ્તિ અને મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની, પરિણમાવવાની તથા તેને વિસર્જન કરવારૂપ જે શક્તિ તે મનઃપર્યાપ્તિ ઉભય પર્યાપ્તિ નામકર્મના ભેદ છે. દ્રવ્ય અને દ્રવ્યનો ક્ષેત્ર ક્ષેત્રી ભાવ હોય છે, તેમ દ્રવ્ય અને ભાવ અર્થાત્ ગુણ-પર્યાયનો પણ ક્ષેત્ર ક્ષેત્રી ભાવ હોય છે. આકાશ સર્વત્ર ફેલાયેલ છે એટલે કે સર્વવ્યાપી છે. આકાશ બાકીના ચાર અસ્તિકાયોને અવગાહના આપે છે એટલે કે આકાશ એ ક્ષેત્ર છે અને એ ક્ષેત્રમાં અવગાહના લઇને રહેલાં દ્રવ્ય ક્ષેત્રી છે. આમ આકાશ સર્વ વ્યાપી છે, જ્યારે અન્ય દ્રવ્યો દેશવ્યાપી છે. પરંતુ આકાશક્ષેત્રમાં રહેલાં તે તે ક્ષેત્રી દ્રવ્યોનો પોતાનો ભાવ તો પોતામાં એટલે કે પોતાના પ્રદેશમાં રહેલ છે, તે અપેક્ષાએ પોતાના ગુણપર્યાયને માટે તે તે દ્રવ્યના પ્રદેશો ક્ષેત્ર છે અને ગુણપર્યાય ક્ષેત્રી છે. જેમ કે સિદ્ધપરમાત્મા સ્વયં આકાશમાં રહેલાં છે એટલે આકાશ એ ક્ષેત્ર અને સિદ્ધ પરમાત્મા ક્ષેત્રી. પરંતુ તે સિદ્ધ પરમાત્માનું જ્ઞાન-કેવળજ્ઞાન તેમના આત્મપ્રદેશમાં રહેલ છે, માટે આત્મપ્રદેશ ક્ષેત્ર છે અને જ્ઞાનગુણ-કેવળજ્ઞાનપર્યાય, જે આત્મપ્રદેશમાં રહેલા છે તે ક્ષેત્રી. આમ ક્ષેત્ર-ક્ષેત્રી ભાવ દ્રવ્ય અને દ્રવ્યનો તથા દ્રવ્ય અને ગુણપર્યાય એમ ઉભય પ્રકારે છે. કેવળજ્ઞાન આકાશમાં રહેલ છે એવું નહિ કહેવાય. આત્મપ્રદેશ આકાશમાં છે અને કેવળજ્ઞાન આત્મપ્રદેશે છે. સિદ્ધાંત એ છે કે...'ગુણ ગુણી (દ્રવ્ય) વગરનો સ્વતંત્ર હોય નહિ અને દ્રવ્ય ક્યારેય ગુણ વિનાનું નહિ હોય' એ તો એના જેવું છે કે સાકર બરણીમાં રહેલ છે અને મીઠાશ સાકરમાં રહેલ છે. મીઠાશ બરણીમાં નથી રહેલ પરંતુ મીઠાશ બરણીમાં રહેલી સાકરમાં રહેલ છે. આટલી ક્ષેત્ર-ક્ષેત્રી વિષયક વિચારણા બાદ સયોગીકેવળી અને અઘાતિકર્મો આદિની એકક્ષેત્રીયતા વિષે વિગતે જોઇએ.

સયોગી કેવળી ભગવંતોના આત્મપ્રદેશે ચાર પદાર્થો એકક્ષેત્રી અભેદ રહેલ હોય છે ! (૧) કાર્મણવર્ગણાનું બનેલ અઘાતિકર્મો યુક્ત કાર્મણશરીર (૨) સ્થૂલ ઔદારિક શરીર--દેહ (૩) કેવળજ્ઞાન અને (૪) આત્મપ્રદેશ. જોવાની ખૂબી તો એ છે કે આત્મપ્રદેશો અઘાતિકર્મોથી મલિન છે, છતાં તે અઘાતિકર્મો કેવળજ્ઞાનને કોઇ અસર પહોંચાડતા નથી અને કેવળજ્ઞાન ઝળહળે છે. કારણ એ છે કે મોહનીયકર્મનો નાશ થઇ ગયો છે. દેહ રહ્યો પણ દેહભાવ નીકળી ગયો છે એવી વિદેહી, દેહાતીત દશા સયોગી કેવળજ્ઞાની ભગવંતની હોય છે. મોહનીયકર્મ ભલે ઘાતિકર્મનો ભેદ છે, પરંતુ તે ઘાતિકર્મમાં રહેલ મોહનું લક્ષ્ય તો અઘાતિકર્મોમાં છે. કેવી રીતે ? એ હવે જોઇએ...

શું મરવું ગમે છે ? નહિ, જીવવું ગમે છે. જીવવાનો આ મોહ તે આયુષ્યકર્મ ! શું કોઇને હલકા થવું, નીચા બનવું, નીચ ગોત્રમાં જન્મવું ગમે છે ? ના, સહુને ઊંચું પદ, ઊંચાપણું, ઉચ્ચ ગોત્ર ગમે છે. આ ઉચ્ચગોત્રનો મોહ તે ગોત્રકર્મ ! શું કોઇને દુઃખ ગમે છે ? સહુ કોઇને સુખ-સુવિધા-સગવડ-અનુકૂળતા પ્રિય છે. આ સુખનો મોહ તે શાતાવેદનીયકર્મ ! નામકર્મની પ્રકૃતિઓમાંથી બધી પુણ્ય-પ્રકૃતિઓ-શુભ નામકર્મની પ્રકૃતિઓ જ સહુને ગમે છે. તે શુભ નામકર્મની પ્રકૃતિઓનો મોહ છે. આમ જે દેહભાવ છે તે જ મોહનીયકર્મ છે. માટે જ શ્રીમદ્જીએ ગાયું છે કે...

નહિં તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહિં ક્ષોભ,
મહાપાત્ર તે માર્ગના, પરમયોગ જિત લોભ.

અઘાતિકર્મો જે દેહપ્રધાન અને આત્મપ્રદેશ પ્રધાન હોવાથી, કેવળજ્ઞાની ભગવંતોને પણ શાતા વેદનીય અને ક્યારેક અચ્છેરારૂપ અશાતાવેદનીયનો ઉદય હોય છે, પરંતુ એમને વેદન તો કેવળજ્ઞાનનું અર્થાત્ જ્ઞાનાનંદ-સ્વરૂપાનંદનું જ હોય છે ! એમને કર્મોની કોઇ અસર હોતી નથી. કર્મો બળેલી સીંદરી જેવાં હોય છે, કે જે દશા શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અપૂર્વ અવસર'માં વર્ણવી છે.

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં, બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે, આયુષ્ય પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો.
અપૂર્વ અવસર....
મન, વચન, કાયા ને કર્મની એ વર્ગણા, છૂટે જહાં સકળ પુદ્ગલસંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું, મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો.
અપૂર્વ અવસર....
એક પરમાણુમાત્રની મળે ન બદ્ધતા, પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય, અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો.
અપૂર્વ અવસર...
પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી, ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત અનંત સમાધિસુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.
અપૂર્વ અવસર...
જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે, અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર...

મહામહોપાધ્યાયજીએ પણ ગાયું છે કે...

ચેતન આપ સભાવ જવ થાયા, તે ચેતન પરબ્રહ્મ કહાયા,
પરમ પવિત્ર નિજ ધામ બનાયા, જેહ અતીન્દ્રિય સુખ સવાયા.

ટૂંકમાં શુકલધ્યાનના છેવટના બે પાયા સૂક્ષ્મક્રિયઅપ્રતિપાતી, અને વ્યુપરતક્રિય અનિવર્તિ એ પ્રદેશસ્થિરતારૂપ ધ્યાનનો પ્રકાર છે.

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જેમ જ્ઞાનીઓ છદ્મસ્થોના મનની સ્થિરતાને ધ્યાન કહે છે, તેમ કેવલીઓના અંગની નિશ્ચલતા, તે તેમનું ધ્યાન કહેલ છે.

બાકી સયોગી કેવળજ્ઞાની ભગવંતના ત્રણે યોગ સ્વયંસંચાલિત છે અને એકાન્તે જીવોના કલ્યાણ માટે હોય છે. એના મૂળમાં 'સવિ

જીવ કરું શાસનરસી'ની-'સવિ જીવ ભવ શિવ'ની-જીવ માત્રના કલ્યાણની સર્વોચ્ચ ભાવના હોય છે. કેવળીભગવંતનું આયુષ્ય હોય ત્યાં સુધીનું શેષ જીવન મહાન કર્મયોગ હોય છે. જીવોના કલ્યાણનો મહાયજ્ઞ હોય છે. દેહ-કાયયોગથી એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે વિચરે છે-વિહાર કરે છે-વિવિધ ક્ષેત્રની સ્પર્શના, તથાભવ્યતાનુસાર વિધ વિધ જીવોના કલ્યાણ માટે થઇને કરે છે. વચનયોગથી જિનવાણીનો ધોધ વહાવે છે-દેશના-ઉપદેશ આપે છે. મનોયોગ વડે દૂર અન્ય ક્ષેત્રે રહેલ લબ્ધિધારી-વિશેષ કરીને આહારક લબ્ધિવંત મુનિભગવંતોની શંકાનું મનોવર્ગણાના પુદ્ગલોથી સમાધાન કરે છે. વર્તમાનકાળમાં વૈજ્ઞાનિકો વિગેરે પુદ્ગલની બનેલ યંત્ર સામગ્રીઓ ટેલીફોન, સેલ્યુલર ફોન, વોકીટોકી મશીન, વાયરલેસ, ઇલેકટ્રોનિક મેલ, ફેક્ષ મશીન આદિથી જેમ સંદેશાની આપ-લે કરે છે, તેમ કોઇપણ જાતના વૈજ્ઞાનિક સાધનો વિના, લબ્ધિધારી લબ્ધિવંત-લબ્ધિપુરુષો, પોતાની લબ્ધિથી સર્વજ્ઞ કેવળી ભગવંતોની સાથે મનોવર્ગણાના પુદ્ગલોના માધ્યમથી વાર્તાલાપ કરતા હોય છે. અર્થાત્ શંકા સમાધાન કરતાં હોય છે. આ પ્રક્રિયા વૈજ્ઞાનિકોની પહોંચની બહાર છે, છતાં કાંઈ ટાઢાપોરના ગપ્પા નથી. એ તો સર્વનો જીવનાનુભવ છે, કે એકમેકથી દૂર દૂર રહેતાં હોવા છતાંય જીવનો જીવ સાથે સંબંધ પ્રસ્થાપિત થતો હોય છે. વ્યવહારમાં અંતરાશ જાય ત્યારે કહીએ છીએ કે કોઇએ યાદ કર્યા ! આંખના ફરકવાથી શુભાશુભનો સંકેત મળતો હોય છે, ટેલીપથીથી એકમેકના મનમાં એક સમાન વિચારણા સ્ફુરતી હોય છે અથવા તો ઘટના એક ક્ષેત્રે ઘટે છે અને અન્ય ક્ષેત્રે રહેલ વ્યક્તિને તે ઘટનાનો સંકેત તત્કાળ મળે છે ઇત્યાદિ, ઇત્યાદિ.

કેવળજ્ઞાની ભગવંતોનું, તીર્થંકર સર્વજ્ઞ ભગવંતોનું જેટલું દીર્ઘ આયુષ્ય તેટલું, તે ક્ષેત્રના, તે કાળના જીવોનું પુણ્ય. તીર્થંકર ભગવંતનો સયોગી કેવળીપણાનો પર્યાય પાંચ વર્ષનો અલ્પ હોય, કે પાંચસો વર્ષનો દીર્ઘ હોય, એમને તે વિષે કોઇ ભેદ નથી. તીર્થંકર નામકર્મનો ઉદય તીર્થંકર ભગવંતોને હોય છે પણ એનો લાભ આપણને જન સમુદાયને હોય છે. એ તો એના જેવું છે કે મડદું કોનું ? મરનારનું કે વાંહે જીવતાં રહેનારાનું ? મડદું ભલે મરનારનું હોય પણ એની સાથે એને કોઇ લેવા કે દેવા નહિ. એ મડદાંની અંતિમ સંસ્કારાદિ ક્રિયા માટે ઘટતી કાર્યવાહી તો વાંહે જીવતા રહેનારા સગા સંબંધીઓએ જ કરવાની રહે છે.

કહે છે કે કેવળી ભગવંતોને શાતાવેદનીયકર્મ એક સમયે બંધાય છે અને બીજા સમયે ઉદયમાં આવીને ખરી જાય છે. તો અહીં હવે જિજ્ઞાસુને પ્રશ્ન એ ઉદ્ભવે કે કેવળજ્ઞાની ભગવંતને સંકલ્પ-વિકલ્પ કે રાગ-દ્વેષ નથી તો પછી કર્મબંધ કેવી રીતે થાય ?

કર્મબંધના ચાર પ્રકાર છે (૧) પ્રદેશબંધ (૨) પ્રકૃતિબંધ (૩) સ્થિતિબંધ અને (૪) રસબંધ. પ્રદેશબંધ એટલે કાર્મણવર્ગણાનો જથ્થો-કાર્મણવર્ગણાનું પ્રમાણ (Quantity). પ્રકૃતિબંધ એટવે આઠ પ્રકારના કર્મ અર્થાત્ કર્મની પ્રકૃતિ (Nature). સ્થિતિબંધ એટલે કાળ અર્થાત્ કર્મની સત્તા. અને ઉદય અને ઉદિતકર્મનું જે વેદન છે તેની તીવ્રતા-મંદતા એ રસબંધનું કાર્ય છે. આ ચાર પ્રકારના જે બંધ છે તેની વહેંચણી બે વિભાગમાં થતી હોય છે. એક યોગ આશ્રિત હોય છે અને બીજી ઉપયોગ આશ્રિત હોય છે. પ્રદેશબંધ તથા પ્રકૃતિબંધ યોગપ્રધાન છે જ્યારે સ્થિતિબંધ અને રસબંધ ઉપયોગ પ્રધાન છે. કેવળજ્ઞાની ભગવંતનો ઉપયોગ વીતરાગરૂપ હોવાથી કર્મનો રસબંધ અને સ્થિતિબંધ થતો નથી. પરંતુ યોગકંપનથી-આત્મપ્રદેશના કંપનથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે. આમ સ્થિતિબંધ થતો નથી. એટલે કર્મ સત્તામાં રહી શકતા નથી, કારણ કે કર્મગ્રંથમાં જણાવ્યા મુજબ સ્થિતિબંધ જઘન્યથી અસંખ્ય સમયનો હોય છે અને ઉત્કૃષ્ટથી મોહનીયકર્મનો કાળ સીત્તેર કોટાકોટી સાગરોપમનો હોય છે. માટે જ કેવળજ્ઞાની ભગવંતોને શાતાવેદનીય કર્મનો એક સમયે બંધ થાય અને બીજા સમયે ઉદયમાં આવી પ્રદેશોદયથી જ ખરી જાય, ઝરી જાય, નિર્જરી જાય. એટલે વેદન હોય જ નહિ. રસ તો રેડ્યો જ નથી તો પછી રસબંધ તો ક્યાંથી હોય ? અને જો રસબંધ નથી તો રસવેદન શેનું કરવાનું હોય ? આ જ તો કેવળજ્ઞાની ભગવંતોની નિર્મોહિતા-વીતરાગતાનો તાર્કિક બુદ્ધિગમ્ય પુરાવો છે, જે કર્મસાહિત્યમાં મળે છે અને તે સર્વજ્ઞ ભગવંતોએ આપેલ છે. સર્વજ્ઞ હોય તે જ આવું સૂક્ષ્મ આપી શકે ને !

આમ મુમુક્ષુ સાધક મોહમુક્ત થતાં વીતરાગ થવાય છે. પછી ઉપયોગ મુક્ત બને છે અર્થાત્ ઉપયોગથી અવિનાશિતા-ઉપયોગવંતતાની પ્રાપ્તિ થાય છે, અને અંતે યોગમુક્ત બને છે. આમ આત્મમુક્તિ અર્થાત્ પરમાત્માવસ્થા-સિદ્ધાવસ્થાની પ્રાપ્તિના ત્રણ તબક્કા છે. (૧) મોહ- મુક્તિ (વીતરાગતાની પ્રાપ્તિ) (૨) ઉપયોગમુક્તિ (ઉપયોગવંતતા- કેવળજ્ઞાનની પ્રાપ્તિ) અને (૩) આત્મપ્રદેશ મુક્તિ (યોગ મુક્તિ-પ્રદેશ સ્થિરત્વની પ્રાપ્તિ).

પહેલાં ઉપયોગ સ્પંદન જાય એટલે સર્વ ઘાતિકર્મોમાંથી મુક્તિ મળે અને અંતે યોગસ્પંદન જાય એટલે અઘાતિકર્મોમાંથી મુક્તિ મળે. અર્થાત્ આત્મપ્રદેશોની અકંપિતા એટલે કે આત્મપ્રદેશોની સ્થિરતાની પ્રાપ્તિ-સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે. ટૂંકમાં પહેલાં મોહનીયકર્મનો નાશ થાય છે અને મોહનીયકર્મના નાશે શેષ ત્રણ ઘાતિકર્મોનો નાશ થાય છે. પછી અંતે ચાર અઘાતિકર્મોનો નાશ આયુષ્યકર્મની પૂર્ણતાએ આપોઆપ જ થાય છે.

આશ્રવ ચાર પ્રકારના છે. (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) યોગ એ ચાર આશ્રવ છે. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય ઉપયોગમાં હોય છે, જેને ઉપયોગ કંપન કે ઉપયોગ સ્પંદન કહેવાય છે. જ્યારે આત્મપ્રદેશ કંપન કાયયોગાદિ યોગ વડે હોય છે. જેને યોગસ્પંદન-યોગકંપન કહેવાય છે. દ્રવ્યમન (મનોયોગ), વચનયોગ અને કાયયોગ એ ત્રણ આત્મપ્રદેશ કંપનમાં નિમિત્ત હોય છે. નિમિત્ત હોય છે. પ્રદેશનું સત્ય શુદ્ધ સ્વરૂપ પરમ સ્થિરતા છે, જ્યારે ઉપયોગનું સત્ય શુદ્ધ સ્વરૂપ સ્વાધીનતા, અવિકારિતા, અવિનાશિતા, પૂર્ણતા છે.

ચોથા ગુણસ્થાનકે મિથ્યાત્વ જાય અને સમ્યક્ત્વ આવે. બારમા ગુણસ્થાનકે વીતરાગતા આવેથી મોહનીયકર્મનો ક્ષય થતાં નિર્મોહી બનાય. અર્થાત્ મોહમુક્ત થવાય. તેરમા ગુણસ્થાનકે કેવળજ્ઞાનના પ્રગટીકરણની સાથે જ ઉપયોગ અવિનાશી બનતા ઉપયોગ મુક્ત થવાય-ઉપયોગવંત બનાય. છેવટે ચૌદમા ગુણસ્થાનકના અંતે અયોગી, અદેહી, અશરીરી, અનામી, અરૂપી, અમૂર્ત થવાય અને સિદ્ધાવસ્થા-સિદ્ધદશા-સિદ્ધત્વ-સિદ્ધપદની પ્રાપ્તિ થાય !

સમગ્ર સાધના પ્રક્રિયાને ચૌદ ગુણસ્થાનક આશ્રિત વિચારીએ તો પ્રથમ ચોથા ગુણસ્થાનકે મિથ્યાદૃષ્ટિ મુક્તિ છે, છઠ્ઠા ગુણસ્થાનકે આરંભ-સમારંભ, પરિગ્રહ, ભોગ એ ત્રણે જે અવિરતિરૂપ છે તેનાથી મુક્તિ છે, જેનું નામ સર્વવિરતિ છે. બારમા ગુણસ્થાનકે વીતરાગતા આવેથી મોહનીયકર્મનો નાશ થાય છે અર્થાત્ મોહમુક્ત થવાય છે તે વીતરાગતા કેવળજ્ઞાનનો પરમગુણ છે, કે જે ગુણને અંગે કેવળજ્ઞાનના બીજા ગુણો નિર્વિકલ્પકતા અને સર્વજ્ઞતા તથા સર્વદર્શિતા, જ્ઞાનાવરણીયકર્મ, અંતરાયકર્મ અને દર્શનાવરણીયકર્મ એ ત્રણ શેષ ઘાતિકર્મનો નાશ થતાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ નિરાવરણ થાય છે-કર્મ આવરણ હઠી જતાં નિરાવરણ થાય છે. અહીં ઉત્પન્ન શબ્દનો પ્રયોગ સાવરણ જે છે તે નિરાવરણ થાય છે તે અપેક્ષાએ થયો છે. ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ નહિ. ઉત્પાદવ્યય તો

પુદ્‌ગલદ્રવ્યમાં છે. કાળો કોલસો બળીને લાલ દેવતા થાય છે અને અંતે રાખ થતાં સફેદ વર્ણનો થાય છે. અહીં કોલસા બાબતમાં કાં રાખનો શ્વેત વર્ણ દેવતાના રક્ત રંગ વડે આચ્છાદિત હતો કે રક્તવર્ણ શ્યામવર્ણથી આચ્છાદિત-આવરિત હતો તેવું નથી. વર્ણ એ પુદ્‌ગલનો ગુણ છે અને શ્વેત, રક્ત, શ્યામ આદિ પુદ્‌ગલદ્રવ્યના વર્ણગુણના પર્યાય છે. સિદ્ધાંત એ છે કે...

'પોતાને પોતાનો ધર્મ કદિ આવરી શકે નહિ'.

આ આખીય સાવરણમાંથી નિરાવરણ થવાની, શેષ ત્રણ ઘાતિકર્મના ક્ષયની પ્રક્રિયા તેરમા ગુણસ્થાનકે થતાં, ઉપયોગ (સંકલ્પ-વિકલ્પ) મુક્ત થવાય છે-ઉપયોગવંત બનાય છે. અંતે ચૌદમા ગુણસ્થાનકે સ્વયંસંચાલિત આપોઆપ સહજ સ્વાભાવિક થતી પ્રક્રિયા વડે આયુષ્ય પૂર્ણતા સમયે શેષ ચાર અઘાતિકર્મો નિર્જરી જઇ ક્ષય પામે છે. અઘાતિકર્મોના નાશની કોઇ પ્રક્રિયા નથી, જેવી ઘાતિકર્મોનો નાશ કરવાની પ્રક્રિયા છે- સાધના છે. એટલે જ આપણે જો કાયોત્સર્ગ પૂર્વેના 'અન્નત્થ સૂત્ર' અર્થાત્ આગારસૂત્રનો સૂક્ષ્મતાએ વિચાર કરીએ, તો જે પણ આગારના દોષ સંબંધી છૂટની વાત થઇ છે તે બધાંય દેહ સંબંધી છે-યોગ સંબંધી છે, કારણ કે યોગ-દેહસંબંધે આપણે પરાધીન છીએ, જ્યારે ઉપયોગ સંબંધે આપણે સ્વાધીન છીએ. તેથી તો અન્નત્થ સૂત્રમાં અંતે પરાકાષ્ટામાં 'અપ્પાણં વોસિરામિ' કહેવા દ્વારા આત્માને પણ વોસિરાવવાની ટોચની વાત કરી કે હું આત્મા છું-અહં બ્રહ્માસ્મિનો વિકલ્પ પણ ન રહે એવો નિર્વિકલ્પ હું રહું.

આમ પ્રથમ સમકિતી બનાય પછી વિરક્ત-વૈરાગી-ઉદાસીન થવાય, ત્યારબાદ વીતરાગી બની સર્વજ્ઞ થવાય અને અંતે નિરંજન (અંજન=આવરણ રહિત), નિરાકાર ( મૂર્ત મૂર્તાંતર રહિત એકાકાર પ્રદેશપિંડાકૃતિ) બનાય છે. માટે જ પરમાત્માને વીતરાગ, સર્વજ્ઞ, નિરંજન, નિરાકાર તરીકે ઓળખાવાય છે.

(ક્રમશઃ)

**[સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી]**

# ભાવના અને સંભાવના

☐ પૂ. આચાર્ય વિજયપૂર્ણચન્દ્ર સૂરિજી

વિભાવના અને સંભાવના : આ બે જુદી જુદી ચીજ છે. ભાવનાનું ક્ષેત્ર આકાશ કરતાં ય વધુ અસીમ છે, સંભાવનાની સીમાઓ ખૂબ જ સાંકડી છે. ભાવના આપણાં હૈયાની પાત્રતા-વિશાળતામાંથી પેદા થતી સૃષ્ટિ છે, જ્યારે સંભાવનાની જન્મભૂમિ સામા પાત્રની યોગ્યાયોગ્યતા છે. ભાવના નરી અશક્યતાઓના સહરાના રણમાં પણ પોતાનું ઉદ્યાન ઊભું કરી શકે છે, જ્યારે સંભાવના તો શક્યતાનું મોં જોઇ જોઇને આગળ વધનારી ચીજ છે. આમ ભાવના - સંભાવના આ બન્નેના પ્રભાવ-સ્વભાવ સાવ જ જુદા જુદા છે.

એક સંસ્કૃત સુભાષિતમાંથી ભાવનાનું ઉડ્ડયન કરવાની પ્રેરણા પામવા જેવી છે માટે હજુ જરા વધુ વિસ્તારથી ભાવના-સંભાવનાનું સ્વરૂપ વિચારી લઇએ : ભાવના અશક્યની પણ થઇ શકે છે, જ્યારે સંભાવના તો શક્યની જ થાય. ભાવના તો તરણું ય ઉગી શકે એમ ન હોય, એવી ઉજ્જડ ધરતી પર નંદનવનનું કલ્પનાશિલ્પ સર્જી શકતી હોય છે, જ્યારે સંભાવના માટે આવું શિલ્પ સર્જવા હર્યુંભર્યું ઉપવન અપેક્ષિત હોય છે.

ભાવના એટલે શક્યતા-સત્યતાનો વિચાર કર્યા વગર થતું પાવન ઉડ્ડયન ! સંભાવના એટલે શક્યતા-સત્યતા તપાસીને થતો પા-પા પગલીનો પ્રવાસ ! એક દ્રષ્ટાંતથી આ વાત સમજીએ. કેન્સરના કોઇ દર્દીની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી હોય, ત્યારે એના દીર્ઘ જીવનની કોઇ જ શક્યતા ન હોવા છતાં દીર્ઘ જીવનની ભાવના ભાવી શકાય છે. જ્યારે આવી સંભાવના સેવી શકાતી નથી. સંભાવનામાં તો એના આયુષ્યની ઘડી બે ઘડી જ ગણાવી શકાય. કારણ કે શક્યતા આટલી જ છે. કેન્સરના મૃત્યુમુખી દર્દી માટે ભાવના દીર્ઘ-જીવનની થઇ શકે, સંભાવના તો ઘડી-બે ઘડી કરતાં વધારે ન કરી શકાય. આ એક જ દાખલા પરથી ભાવના-સંભાવના વચ્ચેની ભેદરેખા બરાબર સમજાઇ જાય એવી છે.

હવે મુળ મુદ્દા પર આવીએ. સંભાવનાનું પાસું વિચાર્યા વિના જો ભાવનાની પાંખે આપણે આખા આકાશમાં છવાઇ જવું હોય અને એમાં સૌના હિતને સમાવી લેવું હોય, તો કઇ વિચાર-સૃષ્ટિનું નિર્માણ કરવું જોઇએ ? આનું માર્ગદર્શન આપતાં એ સુભાષિત આપણને કહે છે કે,

ભાવના જો ભાવવી જ હોય, તો એવી ભાવવી જોઇએ કે, ધર્મનો વિજય થાવ, અધર્મનો પરાજય થાવ, સદ્‌ભાવ સૌના જીવનમાં પ્રાણભૂત બનો અને સમસ્ત વિશ્વનું મંગલ થાવ !

ધર્મનો સંપૂર્ણ વિજય અને અધર્મનો સંપૂર્ણ પરાજય; સૌના જીવનમાં સદ્‌ભાવનાની પ્રાણ-પ્રતિષ્ઠા અને વિશ્વ-સમસ્તનું મંગલ : આ ચારે ચીજો કોઇ એક કાળે વ્યાપક સ્તર પર અને પૂર્ણ રીતે સંભવિત જ નથી. એવી સંભાવનાનો આ વિષય ન હોવા છતાં ભાવનાનો વિષય તો જરૂર બની શકે છે. અને આ જાતની ભાવના ગુણના પક્ષપાતને તેમજ ગુણપ્રિયતાને મજબૂત બનાવનારી હોવાથી જીવનમાં જરૂર આવકારવા જેવી છે, કેમકે અંતે તો ભાવના જ ભવનાશિની બની શકવાની છે ને ?

ધર્મનો વિજય ઇચ્છીને અધર્મનો પરાજય ઇચ્છવો. આ આપણી ભાવનાનું પ્રાથમિક ઉડ્ડયન છે. આ ઉડ્ડયન પછી સર થતાં શિખરો છે : સદ્‌ભાવનાની પ્રાણ પ્રતિષ્ઠા અને વિશ્વનું મંગલ ! મંગલનો અર્થ થાય છે : ભવનો ભૂક્કો બોલાવી દઇને જીવનું શિવસ્વરૂપ પામવું ! સાચું માંગલ્ય તો જીવને ભવમાંથી બહાર કાઢીને શિવમાં પ્રતિષ્ઠિત કરવામાં જ સમાયું છે.

આ જાતનું માંગલ્ય પામવા સદ્‌ભાવનાઓ પ્રાણભૂત બનવી જોઇએ. સદ્‌ભાવનાઓ પ્રાણભૂત ત્યારે જ થાય, કે જ્યારે અધર્મનો પરાજય થાય. આ પરાજય માટે ધર્મનો વિજય અપેક્ષિત છે. આમ, આ ભાવના શિલ્પમાં જીવને શિવ બનાવતો સાધના-માર્ગ પણ આબેહૂબ કંડારાયો છે.

આવી ભાવના ભાવવાથી આપણા હૈયામાં ધર્મની પાત્રતા વિશાળ બનતી જાય છે. આ ભાવનાઓના બળે જ ધર્મરાગ, અધર્મત્યાગ, સદ્‌ભાવના-સ્નેહ અને વિશ્વમાંગલ્યના મનોરથ આપણામાં વિકાસ સાધી શકે છે અને આ રીતે ભાવના આપણા માટે ભવનાશિની બની શકે છે. આ ભાવના સંભાવનામાં તો સામા પાત્રોની યોગ્યતા મુજબ જ પલટાતી હોય છે, છતાં આપણે જો ધારીએ તો આ ભાવનાઓને આપણામાં તો સંપૂર્ણ સંભાવનામાં અવશ્ય પલટાવી ન શકીએ શું ? સંસ્કૃતનું એ સુભાષિત નીચે મુજબ છે :

धर्मस्य विजयो भूयाद् अधर्मस्य पराजयः ।
सद्भावना प्राणभूता भूयाद् विश्वस्य मंगलम् ॥

# સંસ્કારી કોણ ?

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

એક ક્રૂર બાદશાહ અને એના ડાહ્યા ગુલામ અહેમદીની વાત વાંચવામાં આવેલી. એકવાર બાદશાહે ગુલામ અહેમદીને બીજા એક ગુલામની કિંમત પૂછી. અહેમદીએ વિનયપૂર્વક જવાબ આપ્યો: 'બસો દીનાર, બાદશાહ !' આશ્ચર્ય વ્યક્ત કરતાં બાદશાહે કહ્યું : 'બસ ! બસો જ દીનાર ! બસો દીનારનું તો આ મારું અંગરખું છે.' કુતૂહલવશાત્ બાદશાહે અહેમદીને પૂછ્યું: 'તો અહેમદી ! મારી કિંમત તું સમજે છે ?' અહેમદીએ નમ્રતાથી પણ સ્પષ્ટતાથી કહ્યું: 'ગુસ્તાખી માફ, નામદાર ! પણ આપ નામદારની કિંમત બસો દીનાર.' બાદશાહે ખીજાઇને કહ્યું : 'મેં તને કહ્યું નહીં કે બસો દીનારનું તો મારું અંગરખું છે.' અહેમદીએ મક્કમતાથી કહ્યું : 'હું પણ એની જ કિંમત આંકું છું, નામદાર. બાકી આપની કિંમત તો શૂન્ય આંકુ છું.' એ પછી અહેમદીએ પોતાના મૂલ્યાંકનના ધોરણની વાત કરતાં કહ્યું : 'જે બાદશાહ બાદશાહ થઇને પોતાની રૈયતને રંજાડે છે, ગુલામોની સાથે દુર્વ્યવહાર કરે છે, અરે ગુલામોને માનવી પણ ગણતો નથી એની શું કિંમત હોઇ શકે ?'

કહેવાનું તાત્પર્ય એ છે કે સૂક્ષ્મ સંવેદનાને પ્રેરિત કરુણાભર્યો જીવન-વ્યવહાર એ જ સંસ્કાર- સંસ્કારીજનનું પરમોચ્ચ લક્ષણ. આપણાં શાસ્ત્રોએ જ્યારે કહ્યું: आत्मवत् सर्वभूतेषु । ત્યારે એ જ કરુણાનો મોટા ફલક ઉપર ઉપદેશ હતો. ભગવાન મહાવીરે જ્યારે અહિંસાની વાત કરી ત્યારે એના હાર્દમાં તો નિર્ભેળ કરુણા જ અભિપ્રેત હતી. ભગવાન બુદ્ધે બ્રહ્મવિહારની વાત કરી ત્યારે મૈત્રી, કરુણા, ઉપેક્ષા અને મુદિતામાં મુખ્યત્વે તો કરુણાભર્યા વ્યવહારની જ વાત કરી છે. ભગવાન ઇશુએ જ્યારે કહ્યું : 'Love thy neighbour' તારા પડોશીને પ્રેમ કર-તું તને પ્રેમ કરે છે તેવો જ-ત્યારે પણ આ જ કરુણાની વાત હતી.

એકવાર આકાશમાં ત્રણ વાર 'દ' શબ્દનો ઉચ્ચાર થયો. દેવો, દાનવો અને માનવોએ 'દ' શબ્દનો ઉચ્ચાર સાંભળ્યો. દેવો રહ્યા ભોગપ્રધાન-એટલે 'દ' શબ્દનો અર્થ તેમણે ઇંદ્રિયો પર દમન કરો એવો કર્યો. દાનવો રહ્યા સ્વભાવે ક્રૂર...એટલે 'દ' શબ્દનો અર્થ તેમણે 'દયા કરો' એવો કર્યો. માનવો રહ્યા સ્વભાવે લોભી...એટલે 'દ' શબ્દનો એમણે અર્થ કર્યો : 'દાન કરો.' આમ દેવો, દાનવો અને માનવોએ નિજી પ્રકૃતિ પ્રમાણેનો આકાશવાણીનો અર્થ કર્યો; પણ સર્વના મૂળમાં દયા-કરુણાનું તત્ત્વ ગર્ભિત છે. સંત કવિ તુલસીદાસે તો દયાને જ ધર્મનું મૂળ કહ્યું. વોલ્ટરે જ્યારે કહ્યું : 'I want to know what were steps by which men passed from barbarism to civilization'-જંગલિયાતમાંથી સંસ્કારિતા-સભ્યતા તરફની માનવજાતિની આગેકૂચમાં કેન્દ્રસ્થાને-નાભિસ્થાને આવો કરુણાભર્યો જીવન-વ્યવહાર જ અભિપ્રેત હોઇ શકે.

સભ્યતા અને સંસ્કારિતાની ટૂંકામાં ટૂંકી અને કેંક અંશે સાચી વ્યાખ્યા આ પ્રમાણે છે: 'Civilization is what we have' અને 'Culture is what we are.' સભ્યતા (Civilization)નો વિકાસ તો આશ્ચર્યજનક થયો છે. પણ એના પ્રમાણમાં સંસ્કાર-સંસ્કારિતા (Culture)નો વિકાસ થયો છે ? 'what we have'વાળો વધુ દયાળુ, કરુણાભર્યો થયો છે ? 'what we are' માટે દર્પણમાં જોવાની જરૂર નથી. જરૂર છે કેવળ અંતરના અરીસામાં નજર નાખવાની. મોટર, બંગલો, ફ્રિજ, મોબાઈલ ફોનવાળો સભ્ય અસંસ્કારી હોઇ શકે ને સભ્યતાના એ ઉપરછલ્લાં ઉપકરણો વિનાનો સામાન્યજન કે દરિદ્રી પણ સંસ્કારી હોઇ શકે. સંવેદનબૂઠ્ઠી સભ્યતા કરતાં માનવજાતિને આજે કરુણા, મૈત્રી, મુદિતાના પટે રસાયેલી સંસ્કારિતાની ઝાઝી અને તાતી જરૂર છે. પશુ અને માનવનું ભેદક-તત્ત્વ કેવળ સાચી કેળવણી છે, જે સભ્યતા અને સંસ્કારનો મધુર સંવાદ સાધવામાં નિરંતર મદદ કરે. આપણે એવી કેળવણીની સાધના-ઉપાસના કરીએ.

શાસ્ત્ર-વચન છે : જન્મના જાયતે શુદ્રઃ સંસ્કારૈર્દ્વિજ ઉચ્યતે । જન્મથી જ માણસ દ્વિજ નથી...જન્મથી તો તે શુદ્ર જ છે પણ સંસ્કારથી જ એ દ્વિજ બને છે, મતલબ કે એનો બીજો જન્મ થાય છે. અહીં 'શુદ્ર' અને 'દ્વિજ' શબ્દનો વિવેક કરવાનો છે. ઉચ્ચારસામ્યને કારણે 'શુદ્ર' એટલે 'ક્ષુદ્ર' એવો અર્થ સમજવાનો નથી, પણ જે સંસ્કારથી વંચિત રહી ગયો છે, એને ય સંસ્કાર પ્રાપ્ત થાય તો તે 'દ્વિજ' બની શકે. 'દ્વિ' એટલે બીજીવાર ને 'જ' એટલે જન્મે છે તે...પક્ષીનું ઇંડું તે પ્રથમ જન્મ...એમાંથી પક્ષી થાય તે તેનો બીજો જન્મ....'દ્વિ-જ'. ઉપનયન-સંસ્કારવિહીન દ્વિજ એટલે કે બ્રાહ્મણ પણ શુદ્ર જ કહેવાય...પણ સંસ્કાર-પ્રાપ્તિ બાદ 'શુદ્ર' અને 'દ્વિજ' બંનેય બ્રાહ્મણ...અને બ્રાહ્મણ એટલે બ્રાહ્મણકુળમાં જન્મેલો તે નહીં પણ જે વિદ્યાર્થી જ્ઞાનથી, પ્રજ્ઞાથી, શીલથી વિકસીને બ્રહ્મની ચર્યા ને અંતે પ્રાપ્તિ કરે તે સાચો બ્રાહ્મણ. કુળ, દ્રવ્ય, સત્તા, જ્ઞાનની પણ કશી જ કિંમત નથી જો એનામાં શીલથી વિભૂષિત પ્રજ્ઞા ન હોય તો. શીલ વિનાની પ્રજ્ઞાની પણ ઝાઝી કિંમત નથી. શીલ અને પ્રજ્ઞાનો મધુર સંવાદ સર્જાય ત્યારે માણસ સાચા અર્થમાં સંસ્કારી કહેવાય. બાકી મનુએ તો વિદ્યા વિનાના બ્રાહ્મણ માટે પણ કહ્યું છેઃ 'જેવો લાકડાનો હાથી, જેવો ચામડાનો મૃગ (રમકડાં) તેવો વગર વિદ્યાનો બ્રાહ્મણ-આ ત્રણેય માત્ર નામના જ સમજવાના.' સભ્યતાના શંખનાદ વચ્ચે આજે સંસ્કારિતાની વીણાના મધુર ઝંકારની સવિશેષ આવશ્યકતા છે.

✣✣✣


## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૩૦-૫-૯૮ના રોજ સાંજના ૫-૦૦ કલાકે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૧૯૯૬-૯૭ના સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૩) સંઘના પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તેમ જ વાચનાલય-પુસ્તકાલયના ૧૯૯૭-૯૮ના વરસ માટે ઓડિટર્સની નિમણૂંક કરવી.

(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૬-૫-૯૮ થી તા. ૨૮-૫-૯૮ સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૫ સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરૂબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# ફાગુનો કાવ્યપ્રકાર

□ રમણલાલ ચી. શાહ

પ્રકૃતિની લીલા અપરંપાર છે. મનુષ્યજીવનના ઘડતરમાં પ્રકૃતિનાં તત્ત્વો પણ મહત્ત્વના પરિબળ તરીકે કામ કરે છે. મનુષ્યની ચામડીનો વર્ણ, આંખ, નાક, કાન, વાળ સહિત મનુષ્યની મુખાકૃતિ, શરીરનો બાંધો અને ઊંચાઇ વગેરે તો પ્રકૃતિના નિયમ પ્રમાણે, સ્થળ અને કાળની પરિસ્થિતિ અનુસાર રહે છે. મનુષ્યની આંતરિક ચેતનાના પ્રાદુર્ભાવ અને વિકાસનો આધાર પણ કેટલેક અંશે પ્રકૃતિ પર રહે છે. કુદરતમાં ઋતુચક્રો એના નિયમ પ્રમાણે ચાલે છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, વાયુ, વાદળાં પોતપોતાના નિયમ પ્રમાણે કામ કરે છે અને એનો પ્રભાવ મનુષ્ય ઝીલે છે. ઋતુઓનું પરિવર્તન નિયમાનુસાર થાય છે. પ્રત્યેક ઋતુ એના સ્વાભાવિક સ્વરૂપમાં સોહામણી છે. ઋતુપરિવર્તન થતાં, નવી ઋતુનું આગમન થતાં માનવચિત્તમાં ઉલ્લાસ જન્મે છે. વર્ષા, શીતલતા, ઉષ્ણતા એના નૈસર્ગિક સહજ ક્રમિક સ્વરૂપમાં આવકાર્ય બને છે, ઉલ્લાસપ્રેરક થાય છે, પણ એની અતિશયતામાંથી મુક્ત થવાનું મનુષ્યને મન થાય છે. અતિશયતા ક્યારેક સંહારક સ્વરૂપ પણ ધારણ કરે છે.

ઋતુઓમાં વસંત ઋતુને ઋતુઓના રાજા તરીકે ગણવામાં આવે છે. ગીતામાં કહ્યું છે : ऋतुणां कुसुमाकरः । મનુષ્યની પ્રવૃત્તિઓને સ્થગિત કરી નાખનારી અસહ્ય ઠંડી પછી વાતાવરણમાં જ્યારે ધીમે ધીમે ઉષ્ણતાનો સંચાર થાય છે ત્યારે માણસનું મન આનંદથી નાચી ઊઠે છે. શિયાળામાં વૃક્ષો પરથી પાંદડા ખરવા લાગે છે. પરંતુ વસંતઋતુનું આગમન થતાં વૃક્ષો નવપલ્લવિત થવા લાગે છે. વનરાજિ ખીલે છે. કેટલાંક પુષ્પો તો આ ઋતુ દરમિયાન મઘમઘે છે. આમ્રમંજરીની તીવ્ર સુગંધ ચિત્તને ભરી દે છે. કોયલ એનાથી પ્રભાવિત થઇ આખો વખત ટહુકાર કરે તેમાં નવાઇ નથી. વસંતઋતુના વાયુમાં અને એના સંચારમાં જ કંઇક અનોખું તત્ત્વ છે જે ચિત્તને હરી લે છે. વાતાવરણ પ્રફુલ્લિત અને પ્રોત્સાહિત બની જાય છે. પક્ષીઓનો મધુર કલરવ એમાં ઉમેરો કરે છે.

ભારતીય ઉપખંડમાં (વસ્તુતઃ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં) ફાગણ અને ચૈત્ર માસ વસંતઋતુના મહિના તરીકે ગણાયા છે. મહાસુદ પાંચમને વસંતપંચમી તરીકે ઓળખાવવામાં આવે છે. ત્યારથી આરંભાયેલી વસંતઋતુ એના શ્રેષ્ઠ સ્વરૂપે ફાગણમાં જોવા મળે છે. જગતના ભિન્ન ભિન્ન દેશોમાં પોતપોતાના સમયાનુસાર વસંતઋતુના આગમનને વધાવવામાં આવે છે. કોઇ પ્રજા એવી નથી કે જ્યાં વસંતઋતુનો કોઇ ઉત્સવ ઊજવાતો ન હોય. કોઇ સાહિત્ય એવું નથી કે જેમાં વસંત વિશે કવિતા ન લખાઇ હોય. 'વસંત' નામનો એક શાસ્ત્રીય રાગ પણ છે.

ભારતીય સાહિત્યમાં આરંભથી જ ઋતુઓને મહત્ત્વનું સ્થાન અપાયું છે. કવિતામાં ઋતુવર્ણન થાય છે અને ઋતુવર્ણન વિશે સ્વતંત્ર કાવ્યો પણ લખાય છે. સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસનું 'ઋતુસંહાર' કાવ્ય એનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે.

કવિતા યુગે યુગે જુદા જુદા સ્વરૂપે આવિષ્કાર પામે છે. કેટલાક પ્રતિભાસંપન્ન કવિઓ સ્વરૂપલક્ષી કોઇક નવતર પ્રયોગ કરે છે અને એ કાવ્યરસિકોમાં ધ્યાનાર્હ બનતાં બીજા કવિઓ એને અનુસરે છે. તેઓ બધા નવી નવી સિદ્ધિઓ દાખવે છે અને એ રીતે એક નવા કાવ્ય- પ્રકારનો યુગ પ્રવર્તે છે. ફરી નવી સામાજિક, રાજકીય, ધાર્મિક, આર્થિક વગેરે પ્રકારની પરિસ્થિતિના સંદર્ભમાં વળી નવા તેજસ્વી કવિઓનો નવો યુગ શરૂ થાય છે અને જૂનાં કાવ્યસ્વરૂપોનો યુગ અસ્ત પામે છે. એક જ ઘરેડમાં બંધાઇ ગયેલાં, જૂનાં થઇ ગયેલાં, ઘસાઇ ગયેલાં, લપટાં પડી ગયેલાં, ચમત્કૃતિવિહીન બની ગયેલાં કાવ્યસ્વરૂપોમાં નવી પ્રજાને, નવા કવિઓને તથા નવા ભાવકોને રસ ન પડે એ કુદરતી છે. કાવ્યસર્જનના ક્ષેત્રે નવીનતા અને કાલગ્રસ્તતાની આ પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે. અલબત્ત, કેટલાંક કાવ્યસ્વરૂપોને જીર્ણતા જલદી લાગતી નથી. કવિતા તરીકે જે શ્રેષ્ઠ છે તે જૂની થતી નથી.

મધ્યકાલીન ગૂર્જર સાહિત્યમાં (ગુજરાતી અને રાજસ્થાનીમાં) વસંતઋતુને અનુલક્ષીને જે એક કાવ્યપ્રકાર ખીલ્યો તે 'ફાગુકાવ્ય' છે. વિક્રમના ચૌદમા શતકથી અઢારમા-ઓગણીસમા શતક સુધીમાં આ કાવ્યપ્રકાર ઠીક ઠીક વિકાસ પામ્યો. એમાં વિવિધ પ્રકારના પ્રયોગો થયા. કેટલાક ઉત્તમ કવિઓને હાથે લખાયેલી શ્રેષ્ઠ મનોહર કાવ્યકૃતિઓ આપણને આ યુગમાં સાંપડી છે, જેમાં કાવ્યતત્ત્વની દૃષ્ટિએ એક શ્રેષ્ઠ કૃતિ તે સુપ્રસિદ્ધ 'વસંતવિલાસ' છે.

ફાગુકાવ્યો સવાસોથી અધિક આપણને પ્રાપ્ત થયાં છે. બીજાં પણ મળવાનો સંભવ છે. એમાંના ઘણાખરા કવિઓએ પોતે જ પોતાના કાવ્યને 'ફાગુ' અથવા 'ફાગ' તરીકે ઓળખાવ્યું છે. એટલે આ કાવ્યસ્વરૂપના નામકરણ વિશે કોઇ સંદિગ્ધતા કે વિવાદ નથી. વળી કવિઓના પોતાના મનમાં પણ આ કાવ્યપ્રકાર વિશે નિશ્ચિત ખ્યાલ બંધાઇ ગયેલો છે.

વસંતઋતુને નિમિત્તે ફાગુકાવ્યો લખાયાં છે અને વસંતઋતુમાં સૌથી મહત્ત્વનો માસ તે ફાગણ છે. ફાગણ સુદ પૂર્ણિમા એ હોળીનો ઉત્સવ એટલે કે વસંતઋતુની પરાકાષ્ઠા. 'ફાગુ' અને 'ફાગણ' એ બે શબ્દો વચ્ચેના સામ્યને કારણે અને એ બે વચ્ચેના સંબંધને કારણે 'ફાગુ' શબ્દ 'ફાગણ' ઉપરથી આવ્યો હશે એવું અનુમાન કરવા કોઇ પ્રેરાય, પરંતુ વિદ્વાનો બતાવે છે તે પ્રમાણે 'ફાગુ' શબ્દ દેશ્ય શબ્દ 'ફગ્ગુ' પરથી આવ્યો છે. ફાગણ માટે સંસ્કૃતમાં 'ફાલ્ગુન' શબ્દ છે અને એ મહિનાના નક્ષત્ર માટે 'ફાલ્ગુની' શબ્દ અત્યંત પ્રાચીન કાળથી લોકોની ભાષામાં અને વાઙ્મયમાં પ્રચલિત છે. ફાગણ મહિનામાં, વસંતઋતુમાં ગીતનૃત્યાદિ સાથે ઉત્સવ મનાવવાની પ્રણાલિકા પણ પ્રાચીન કાળથી ચાલી આવે છે. 'દણ્ડપાતા ફાલ્ગુની' એવો ઉલ્લેખ 'અમરકોશ'માં છે, એટલે કે ફાલ્ગુની નક્ષત્રમાં 'દંડપાત' થાય છે. આ 'દંડપાત' એટલે શું ? ખગોળવિદ્યાનો કોઇ પારિભાષિક શબ્દ છે ? અથવા દંડ એટલે દાંડિયો. એટલે હોળીના દિવસોમાં દાંડિયા વડે રમાય છે એવો અર્થ કદાચ થતો હશે. આદિવાસીઓમાં પણ હોળીના ઉત્સવની એવી પ્રણાલિકા છે. એટલે ફાગણ-ફાલ્ગુન મહિના સાથે 'ફાગુ'ને સંબંધ છે એ નિર્વિવાદ છે, પરંતુ વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'ફાગુ' શબ્દ કેવી રીતે આવ્યો તેની વિચારણા થયેલી છે. પ્રાકૃત સાહિત્યમાં 'ફાગુ' શબ્દ એક વિશિષ્ટ કાવ્યપ્રકારના અર્થમાં વપરાયેલો જોવા મળતો નથી.

સંસ્કૃતમાં 'ફલ્ગુ' શબ્દ પણ છે. ફલ્ગુ એટલે 'વસંત'. એના બીજા બીજા અર્થ છે : 'હલકું', 'નિરર્થક', 'નાનું', 'અસાર', 'એક નદીનું નામ. પરંતુ વિદ્વાનો માને છે કે 'ફલ્ગુ' શબ્દ એટલો પ્રાચીન નથી. હેમચંદ્રાચાર્યે 'દેશીનામમાલા'માં 'ફગ્ગુ' શબ્દ વસંતોત્સવના અર્થમાં આપ્યો છે. એમણે લખ્યું છે 'ફગ્ગુ મહુચ્છણે...' ફગ્ગુ એટલે મધુ ઉત્સવ અર્થાત્ વસંતોત્સવ. ભોજે 'સરસ્વતી કંઠાભરણ'માં પણ 'ફગ્ગુ' શબ્દ મધુ-ઉત્સવના અર્થમાં પ્રયોજ્યો છે. પરંતુ હેમચંદ્રાચાર્યે કે ભોજે 'ફગ્ગુ' એટલે એક વિશિષ્ટ કાવ્યપ્રકાર એવો અર્થ આપ્યો નથી. એટલે કે હેમચંદ્રાચાર્યના

સમયમાં, વિક્રમની બારમી-તેરમી શતાબ્દીમાં વસંતોત્સવ વિશે કાવ્યો લખાતાં હશે, પણ 'ફાગુ' નામનો વિશિષ્ટ કાવ્યપ્રકાર ત્યારે પ્રચલિત થયો નહિ હોય.

'ફલ્ગુ' શબ્દનો એક અર્થ થાય છે 'હલકું'. કેટલાંક અશ્લીલતામાં સરી પડેલાં ફાગુ હલકાં પ્રકારનાં ગણાય છે. એટલે ફાગુ એટલે હલકું એવો અર્થ કરીને એ શબ્દ 'ફલ્ગુ' પરથી આવ્યો હશે એવું અનુમાન કરાય છે. પણ એવા અનુમાનમાં તર્કસંગતતા નથી. એમાં દુરાકૃષ્ટતા જણાય છે.

'ફાગુ'નો એક અર્થ 'વસંત' થાય છે અને એક અર્થ 'જેમાં વસંતોત્સવ વર્ણવાયો છે એવું કાવ્ય' પણ થાય છે. ફાગુ અથવા ફાગ શબ્દ હોળીનાં શૃંગારી, અશ્લીલ ગીતો માટે અને બીભત્સ અપશબ્દો માટે પણ વપરાય છે. 'ફાગુ' ઉપરથી 'ફગવો' એટલે કે હોળીનો ઘેરૈયો એવો અર્થ આવ્યો છે, અને હોળી માટે રકમ કે ચીજવસ્તુ ઉઘરાવાય તે માટે પણ વપરાયો છે. 'ફાગુ' ઉપરથી રાજસ્થાની-હિંદીમાં 'ફગુઆ' (હોળીના ઉત્સવમાં અપાતી ચીજવસ્તુ કે સંભળાવવામાં આવતું અશ્લીલ ગીત), 'ફગુઆના' (રંગ છાંટવો અથવા અશ્લીલ ગીત ગાવું), ફગુહારા (હોળી ખેલનાર કે ગીત ગાનાર પુરુષ) વગેરે જુદા જુદા શબ્દો પ્રચલિત થયેલા છે.

આમ 'ફાગુ' શબ્દ કાવ્યના એક પ્રકારના અર્થમાં રૂઢ થયો તે પૂર્વે વસંતઋતુ, હોળી, અશ્લીલ ગીત વગેરેના અર્થમાં તે પ્રચલિત રહ્યો હશે. વર્તમાન કાળમાં પણ તે પ્રચલિત જણાય છે.

'ફાગુ'નો કાવ્યપ્રકાર ગેયત્વથી સભર છે. આમ જોઇએ તો મધ્યકાલીન કવિતા મુખ્યત્વે ગેય પ્રકારની રહી છે. જે જમાનામાં મુદ્રણકલા નહોતી અને મોંઘી હસ્તપ્રતો સર્વસુલભ નહોતી તે જમાનામાં કોઈક વાંચે અને બીજાઓને તે સંભળાવે એવી પ્રથા અનિવાર્ય હતી. એવે વખતે લંબાવીને દીર્ઘ સ્વરે ગવાતી કવિતા સાંભળનારને જો સહેલાઇથી સમજાય તો એને એમાં રસ પડે અને એને યાદ રાખવાનું, કંઠસ્થ કરવાનું મન થાય અને તે સરળ બને. ગાવાથી કવિતાના સંક્રમણનું પ્રમાણ વધારે રહે છે.

ફાગુનો કાવ્યપ્રકાર ઊર્મિપ્રધાન છે. એટલે એમાં ગેયત્વ નૈસર્ગિક રીતે આવે જ. ફાગુકાવ્યો મધ્યકાલીન યુગમાં ગવાતાં એ સ્પષ્ટ છે. માણસ એકલો પણ ગાય અને સમૂહમાં પણ ગાય. ફાગુકાવ્યો ગવાતાં, ગાવા માટે જ લખાતાં, ગાવા સાથે ખેલવા-રમવાની પ્રવૃત્તિ પણ થતી અને એવી પ્રવૃત્તિ વાજિંત્રો સાથે સામૂહિક ઉત્સવરૂપે પણ થતી-એવા વિવિધ ઉલ્લેખો મધ્યકાલીન સાહિત્યમાં જોવા મળે છે. એકનું એક ફાગુકાવ્ય માણસ એકલો પણ ગાઇ શકે અને સમૂહમાં પણ ગાઇ શકે; નૃત્ય વગર ગાઇ શકે અને નૃત્ય કરતાં કરતાં, રમતાં રમતાં પણ ગાઇ શકે; નૃત્ય સમયે વાજિંત્રો પણ વગાડી શકે અને વાજિંત્ર વગર પણ નૃત્ય કરી શકે. નૃત્ય વર્તુળાકારે તાળીઓ સાથે ગરબાની જેમ ઘૂમીને કરાય, દાંડિયા સાથે કરાય અને જુદાં જુદાં જૂથ કે જોડીમાં પણ જુદી જુદી રીતે કરી શકાય. જે ગવાય તે રમાય નહિ અથવા જે રમાય તે ફક્ત ગાઇ ન શકાય એવી કોઇ ભેદરેખા નહોતી. ગાવું, રમવું અને વર્તુળાકારે દાંડિયા સાથે રમવું-એમાં ત્રીજામાં પહેલા બેનો સમાવેશ થઇ જાય છે. આમ છતાં કવિઓએ પોતે પોતાના ફાગુકાવ્યમાં કરેલા નિર્દેશોના વર્ગીકરણની દૃષ્ટિએ માત્ર થોડાક જ નમૂના જોઇશું.

ફાગુકાવ્ય એકલા કે વૃંદમાં બેસીને ફક્ત ગાવાની પ્રણાલિકાના જે ઉલ્લેખો થયા છે તેમાંથી નીચેના કેટલાક જુઓ :

દેવ સુમંગલપુત્તફાગુ, ગાયઉ ભો ભવિયા.
(અજ્ઞાત કવિકૃત ભરતેશ્વર ચક્રવર્તી ફાગ)

x x x

ગાઇ અભિનવ ફાગ, સાચવઇ શ્રીરાગ.
(નારાયણ ફાગુ)

x x x

ફાગ ફાગુણિ ગાઉં કૃષ્ણ કેરા,
ફલ જોઉં ફોકટ ટલઇ ફેરા
(ચતુર્ભુજકૃત ભ્રમરગીત)

x x x

એહ ફાગ જે ગાઇસઈ, તે ઘરિ મંગલ ચ્યાર.
(અજ્ઞાતકૃત વાહનનું ફાગ)

x x x

ફાગ ગાઇ સવિ ગોરડી, જબ આવઇ મધુમાસ.
(જયવંતસૂરિકૃત સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ)

x x x

ગાઈ જે નવરંગ ફાગ એ, લાગએ નવિ પાપ લેવ.
(આગમમાણિક્યકૃત જિનહંસગુરુ નવરંગ ફાગ)

ફાગુ જેમ ગવાતા હતા તેમ ગાતાં ગાતાં રમાતા હતા એવા ઉલ્લેખો ફાગુઓમાં એના આરંભકાળથી જ જોવા મળે છે. એવાં સંખ્યાબંધ ઉદાહરણોમાંથી થોડાંક જુઓ :

ખેલા નાચઇ ચૈત્ર માસિ, રંગિહિ ગાવેવઉ.
(જિનપદ્મસૂરિકૃત સ્થૂલિભદ્ર ફાગુ)

x x x

મલહારિહિ રાયસિહરસૂરિકિઉ ફાગુ રમીજઇ.
(રાજશેખરસૂરિકૃત નેમિનાથ ફાગુ)

x x x

ભંભલભોલિય બાલ રંગિ, નવ ફાગુ રમંતે.
(જયસિંહસૂરિકૃત પ્રથમ નેમિનાથ ફાગુ)

x x x

ફાગુ વસંતિ ખેલઇ, વેલઇ સુગુન નિધાન
(અજ્ઞાત કવિકૃત જંબુસ્વામી ફાગ)

x x x

ફાગુ રમઈ તે ફરિ ફરિ, નેમિ જિણેસર બારિ.
(પદ્મકૃત નેમિનાથ ફાગ)

x x x

એ ફાગુ ઉછરંગ રમઇ જે માસ વસંતે.
(કીર્તિરત્નસૂરિ ફાગ)

ફાગુ જે રમાતા અને ખેલાતા તેમાં વિવિધ પ્રકારનાં સમૂહનૃત્યો હશે. આવા કેટલાંક ફાગુઓ ફક્ત રમનારા પૂરતા જ મર્યાદિત રહેતાં, અથવા એમાં કોઇક માત્ર પ્રેક્ષક તરીકે પણ રહેતા. પરંતુ સમય જતાં આ કાવ્યસ્વરૂપે એક જાહેર મનોરંજક કાર્યક્રમનું રૂપ ધારણ કર્યું હશે. વિવિધ રાગરાગિણીમાં, વાજિંત્રો સાથે ફાગુ પ્રેક્ષક સમુદાય સમક્ષ ગવાતાં-ખેલાતાં હશે, એટલું જ નહિ, એવા કાર્યક્રમો એક કરતાં વધુ દિવસ સુધી ચાલતા રહેતા હશે ! નીચેના કેટલાક ઉલ્લેખો પરથી એ જોઇ શકાશે :

વેણા વંસ વજાવઇ એ, ભાવઇ પંચમ રાગ,
રંગ ભરિ ઇક ખેલઈ ગેલિઇ જિણવર ફાગ.
(રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ)

x x x

વેણા યંત્ર કરઇ આલિ વિણિ,
કરઇ ગાનિ તે સવિ સુરમણી;
મૃદંગ સરમંડલ વાજંત,
ભરહ ભાવ કરી રમઇ વસંત.
(અજ્ઞાત કવિકૃત ચુપઇ ફાગુ)

x x x

વાજે ઝાંઝ પખાજ ને, સાહેલી રમે ફાગ.
તાલી દેઇ તારુણી, ગાય નવલા રે રાગ.
(પ્રેમાનંદ કૃત 'ભાસ')

x x x

કિવિ નાચઇ મનરંગિ, કેવિ ખેલઇ તિહિ ફાગો;
કિવિ વાયંતિ વસંત, નામિ, પયડિય વર રાગો.
(પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ)

આમ, ફાગુ ગાવા અને રમવા વિશેના ઉલ્લેખો ફાગુકૃતિઓમાંથી જ સાંપડે છે. એટલે એનાં એ લક્ષણો વિશે બહારના કોઇ આધારની અપેક્ષા રહેતી નથી.

પ્રત્યેક નવો કાવ્યપ્રકાર પોતાનો વિશિષ્ટ પદ્યદેહ ધારણ કરીને અવતરે છે. સમય જતાં એમાં પરિવર્તનો પણ થાય છે. એ પદ્યદેહ વિશેનો એક સામાન્ય ખ્યાલ કવિઓમાં અને એના ભાવકોમાં રૂઢ થઇ જાય છે. ઘણા કવિઓ જ્યારે એ પ્રકારના પદ્યદેહને અનુસરે છે ત્યારે એનાં મૂળ ઊંડાં જાય છે. ફાગુના કાવ્યપ્રકારનો વિચાર કરીએ ત્યારે સૌ પ્રથમ આપણે એ ખ્યાલમાં રાખવું જોઇએ કે યુવાન હૈયાંઓની ઊર્મિઓને વ્યક્ત કરતી આ ગેય રચના છે. ફાગુ ગાવા માટે જેટલાં છે તેટલાં વાંચન કે પઠન માટે નથી. ભાવ અને લહેકાથી ગાવામાં વધારે આનંદ અનુભવી શકાય છે. તન્મય થવાય છે. વળી જો એ સમૂહમાં ગવાય તો આનંદની ઓર વૃદ્ધિ થાય છે. ફાગુનો વિષય જ એવો છે કે એ ગાવાવાળા માત્ર વિદગ્ધજનો જ નહિ, સામાન્ય લોકો પણ હોય છે. એટલે શબ્દરચનાની દૃષ્ટિએ પણ એમાં ઓછેવત્તે અંશે સરળતા રહેલી હોવી જોઇએ. સરળ અને ગેય એવા છંદોમાં માત્રામેળ છંદો અને તેમાં પણ દૂહો વધુ અનુકૂળ ગણી શકાય. વળી દૂહો જુદી જુદી લઢણથી આરોહઅવરોહ સાથે ગાઇ શકાય છે. દૂહાની સળંગ બધી જ કડીઓ એક જ ઢાળમાં કે રાગમાં ગાવાની અનિવાર્યતા નહિ. ઢાળમાં કે રાગમાં પણ વૈવિધ્ય આણી શકાય. આથી જ દૂહો ફાગુકાવ્ય માટે કવિઓને અનુકૂળ જણાયો હશે. દૂહાની સાથે એટલી જ માત્રાનો રોળા છંદ ગાઇ શકાય. એટલે દૂહા અને રોળાની કડીઓમાં ફાગુકાવ્યની રચના આરંભકાળમાં થયેલી જોવા મળે છે. એક કડી દૂહાની અને બે ત્રણ કે ચાર કડી રોળાની - એમ એક એકમ ગણીને એને 'ભાસ' એવું નામ અપાયું. આરંભનાં ફાગુકાવ્યો આ રીતે ચાર, પાંચ કે વધુ 'ભાસ'માં લખાયેલાં જોવા મળે છે.

બીજી બાજુ સળંગ દૂહાની કડીઓમાં પણ રચનાઓ થવા લાગી. આવી રચનાઓ પણ આરંભકાળમાં જ આપણને જોવા મળે છે. જિનપદ્મસૂરિકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ', રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ', પ્રસન્નચંદ્રસૂરિકૃત 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ', અજ્ઞાત કવિકૃત 'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ' જેવી ફાગુકૃતિઓની રચના 'ભાસ'માં થયેલી છે, તો અજ્ઞાત કવિકૃત 'જંબૂસ્વામી ફાગ', મેરુનંદનકૃત 'જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ' જેવી કૃતિઓ ફક્ત દૂહાની સળંગ કડીઓમાં થયેલી છે. કવિ જયસિંહસૂરિએ તો નેમિનાથ વિશે એક ફાગુકાવ્યની રચના 'ભાસ'માં કરી છે અને બીજી રચના સળંગ દૂહામાં કરી છે. આમ, એમણે બંને પ્રકારની રચનાનો પ્રયોગ કર્યો છે. ભાસરચનાની શૈલી આરંભના સૈકામાં જોવા મળે છે, પરંતુ પછીથી દૂહાની સળંગ કડીઓવાળાં ફાગુકાવ્યો જ વિશેષ પ્રચલિત બન્યાં હતાં.

ફાગુકાવ્યમાં સાદા દૂહાને વધુ રળિયામણો બનાવવા માટે અંત્યાનુપ્રાસ ઉપરાંત આંતરયમકની યોજના આવી. આ આંતરયમકથી અલંકૃત થયેલા દૂહાની શોભા ખરેખર વધી. શબ્દો કે અક્ષરોને અર્થફેર સાથે બેવડાવવાથી દૂહો વધુ આસ્વાદ્ય બન્યો અને કવિઓને પણ પોતાનું શબ્દપ્રભુત્વ દાખવવાની તક મળી. આથી આંતરયમકવાળા દૂહા વધુ લોકપ્રિય અને કવિપ્રિય બન્યા. 'વસંતવિલાસ' જેવી શ્રેષ્ઠ, સુપ્રસિદ્ધ ફાગુકાવ્યની રચના આંતરયમકવાળા દૂહામાં થયેલી છે. એની લોકપ્રિયતાએ ત્યારપછીની ફાગુરચનાઓ પર ઘણો મોટો પ્રભાવ પાડ્યો છે. સમય જતાં આંતરયમકવાળા દૂહાની રચના માટે 'ફાગુ' શબ્દ પર્યાયરૂપ બની ગયો. એવી રચના માટે 'ફાગની દેશી' અથવા 'ફાગની ઢાળ', જેવાં નામ અપાવા લાગ્યાં, એટલે કે 'ફાગની દેશી' એમ કવિએ લખ્યું હોય તો તે આંતરયમકવાળા દૂહાની જ રચના છે એવી માન્યતા રૂઢ થઇ ગઇ. અલબત્ત, આપણે એ લક્ષમાં રાખવું જોઇએ કે ફાગુકાવ્યના દૂહામાં આંતરયમકની રચના અનિવાર્ય ગણાતી નહોતી. પદ્મકૃત 'નેમિનાથ ફાગુ' તથા 'વસંત ફાગુ', 'મોહિની ફાગુ' વગેરે કેટલાંક ફાગુકાવ્યોમાં આંતરયમકની રચના નથી. બીજી બાજુ એવાં ફાગુકાવ્યો પણ લખાયાં કે જેમાં ફાગુની દેશી હોય અને છતાં એમાં વસંતવર્ણન ન હોય.

ફાગુકાવ્યોમાં વિવિધ કથાનકોનું નિરૂપણ કરવાને કારણે કાવ્યરચના સુદીર્ઘ બનતાં, નિરૂપણમાં વૈવિધ્ય લાવવાની દૃષ્ટિએ કેટલાક કવિઓ દૂહા અથવા ફાગુની દેશી ઉપરાંત રાસક, અંદોલા, અઢૈયા, કવિત ઇત્યાદિમાં કેટલીક કડીઓની રચના કરવા લાગ્યા. ભ્રમરગીતા, રાજગીતા, બ્રહ્મગીતા વગેરે 'ગીતા' નામધારી રચનાઓમાં કવિઓએ ફાગુની દેશી ઉપરાંત અન્ય છંદોનો પણ ઉપયોગ કર્યો છે.

દૂહો દીર્ઘ લયથી લલકારી શકાય એવો છંદ હોવાથી ક્યારેક કવિઓ અને ક્યારેક ગાયકો પંક્તિ શરૂ કરતાં પહેલાં 'અહે...', 'એ...', 'અરે...', 'અહ...' વગેરે પાદપૂરકો ઉચ્ચારે છે. પછી તો કવિ પણ એવા પાદપૂરકોવાળી રચના કરવા લાગ્યા. સમુધરકૃત 'નેમિનાથ ફાગુ', અજ્ઞાત કવિકૃત'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ', ગુણચંદ્રસૂરિકૃત 'વસંત ફાગુ', 'હેમરત્નસૂરિ ફાગ' વગેરેમાં આવાં પાદપૂરકો જોવા મળે છે.

ફાગુકાવ્યની પદ્યરચનાનો વિચાર કરતાં જણાય છે કે મધ્યકાલીન કેટલાક કાવ્યપ્રકારોમાં ક્યારેક જોવા મળતી એવી એક લાક્ષણિકતા ફાગુકાવ્યમાં પણ જોવા મળે છે. કેટલીક ફાગુકૃતિઓમાં મૂળ કાવ્યની કડીઓના વક્તવ્યને અનુરૂપ વચ્ચે વચ્ચે સંસ્કૃતમાં શ્લોકો આપવામાં આવ્યા હોય છે. આવી શ્લોકરચના કોઇકમાં માત્ર આરંભમાં અને અંતે, કોઇકમાં તદુપરાંત વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક અને કોઇકમાં પ્રત્યેક કડી પછી આપવામાં આવી છે. આવી શ્લોકરચનાનું અવલોકન કરતાં નીચે પ્રમાણે જાણવા મળે છે :

(૧) કોઇ કોઇ કાવ્યોમાં સંસ્કૃત ઉપરાંત પ્રાકૃતમાં પણ શ્લોકરચના થયેલી છે.

(૨) આ શ્લોકરચના કવિની પોતાની જ હોય એવું અનિવાર્ય નથી. કવિએ પોતે શ્લોકની રચના કરી હોય અથવા કવિએ બીજેથી ઉદ્‌ધૃત કરેલા શ્લોકો આપવામાં આવ્યા હોય. (કેટલીક શ્લોકરચનામાં વ્યાકરણની દૃષ્ટિએ કંઇક અશુદ્ધિ જોવા મળે છે. શ્લોક જેવો સાંભળ્યો હોય તેવો ઉતાર્યો હોય તો એવું બનવાનો સંભવ વિશેષ રહે છે, જો કર્તા પોતે સંસ્કૃતજ્ઞ ન હોય તો.)

(૩) પ્રત્યેક શ્લોક સ્વયંપર્યાપ્ત હોય છે, કેટલાક તો સુપ્રસિદ્ધ કૃતિઓમાંથી લેવાયા છે. કેટલાક શ્લોક તે સુપ્રસિદ્ધ સુભાષિત છે.

(૪) કેટલીક કૃતિઓમાં કાવ્યમાં વિષયવસ્તુના નિરૂપણમાં સાતત્ય જાળવવા માટે, વચ્ચે આવતા શ્લોકો અનિવાર્ય અંગરૂપ બની ગયા છે. કોઇક કાવ્યમાં શ્લોકરચના ગુજરાતીમાં લખેલી કડીઓના વક્તવ્યની પુષ્ટિ અર્થે જ માત્ર છે. એ કાઢી લેવામાં આવે તો રસભંગ થતો નથી કે સાતત્ય તૂટતું નથી. શ્લોકો કાઢી લીધા પછી પણ મૂળ કાવ્યનો રસાસ્વાદ સાદ્યંત માણી શકાય છે. 'વસંતવિલાસ' એનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે.

(૫) કેટલીક કૃતિઓમાં શ્લોક રચના બે કડીઓ વચ્ચેના અનુસંધાન રૂપ છે અને કાવ્યાસ્વાદમાં તે અનિવાર્ય છે. કવિએ પોતે જ એવી રચના કરી છે એવું ત્યાં સ્પષ્ટ જણાય છે. આવી

શ્લોકરચના એવા કવિઓ જ કરી શકતા કે જેઓ પોતે સંસ્કૃતના પંડિત હોય અને કવિતાકલામાં કુશલ હોય.

(૬) કેટલીક કૃતિઓમાં શ્લોકરચના કવિએ પોતે ન કરી હોય, પણ એની હસ્તપ્રત તૈયાર કરતી વખતે લહિયા દ્વારા કે પઠન કરનાર અન્ય કોઇ દ્વારા તે ઉમેરાઇ હોય.

આમ 'નેમીશ્વરચરિત ફાગબંધ', 'દેવરત્નસૂરિ ફાગ', 'રંગસાગર નેમિફાગ', 'વસંતવિલાસ', 'નારાયણ ફાગુ' વગેરે કેટલાંક ફાગુકાવ્યોમાં સંસ્કૃતાદિ ભાષામાં સંમતિસૂચક, અર્થસંવર્ધક કે પુષ્ટિકારક શ્લોકરચના જોવા મળે છે, જે કવિની તથા કાવ્યરસિકોની વિદગ્ધતાની સાક્ષી પૂરે છે અને કાવ્યાસ્વાદને વધુ રુચિકર બનાવે છે.

વસંતઋતુ, વસંતક્રીડા, વનવિહારનું નિરૂપણ અને તે નિમિત્તે સંયોગ શૃંગાર અને વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ એ ફાગુકાવ્યનો મુખ્ય વિષય છે. વસંતના અર્થમાં જ 'ફાગુ' શબ્દની સાર્થકતા છે. કેટલાંક ફાગુકાવ્યોનાં તો નામ જ 'વસંત' શબ્દવાળાં છે, જેમાં 'વસંતવિલાસ' સુખ્યાત છે. કેટલાયે કવિઓએ પોતાની કૃતિમાં 'વસંત'નો સ્પષ્ટ નિર્દેશ પણ કર્યો છે. ઉ. ત.

પહુનીય શિવરતિ સમરતિ, હિવ રિતુતણીય વસંત.
(વસંતવિલાસ)

x x x

ગાઇસું માસ વસંત હુઉં, ભરહેસર નરવિંદો.
(ભરતેશ્વર ચક્રવર્તી ફાગ)

x x x

મધ માધવ રિતિ કામનિ કંત, રતિપતિ રમીઇ રાઉવસંત.
(ચુપઇ ફાગુ)

x x x

ફાગુ વસંતિ જિ ખેલઇ, બેલઇ સુગુન નિધાન.
(જંબુસ્વામી ફાગ)

કેટલાંક ફાગુકાવ્યોમાં કેવળ વસંતઋતુ અને વાસંતિક ક્રીડાઓનું જ નિરૂપણ થયેલું છે, પરંતુ આ કાવ્ય પ્રકારના આરંભકાળથી જ એમાં કથાનકોનું આલંબન લેવાતું રહ્યું છે. નેમિનાથ અને સ્થૂલિભદ્રના વૃત્તાન્તના નિમિત્તે વસંતવર્ણન (કે વર્ષાવર્ણન) એમાં આલેખાયું છે. ફાગુકાવ્યોમાં એમ ઉત્તરોત્તર વર્ણ્ય વિષયની સીમા વિસ્તરતી ગઇ છે. નેમિનાથ ઉપરાંત આદિનાથ, વાસુપૂજ્ય, શાન્તિનાથ, પાર્શ્વનાથ વગેરે તીર્થંકરો, ગણધર ભગવંત ગૌતમસ્વામી, કેવલી ભગવંત જંબુસ્વામી તથા જિનચંદ્ર, ધર્મમૂર્તિ, સુમતિસુંદર, કીર્તિરત્ન, હેમવિમલ, પુણ્યરત્ન, પદ્મસાગર, હીરવિજયસૂરિ વગેરે ગુરુભગવંતો તથા રાણકપુર, ચિતોડ, બંભણવાડા, જીરાપલ્લી વગેરે તીર્થો વિશે પણ ફાગુકાવ્યો લખાયાં છે. વળી, રૂપકશૈલીનાં આધ્યાત્મિક ફાગુકાવ્યો પણ લખાયાં છે. અને લોકકથા પર આધારિત ફાગુકાવ્યો પણ લખાયા છે. પાંચસાત કડીથી માંડીને ત્રણસો કડીથી મોટાં ફાગુકાવ્યોની રચના થયેલી છે. સવાસોથી અધિક જે ફાગુકાવ્યો હાલ ઉપલબ્ધ છે, તેમાં જૈન સાધુ કવિઓને હાથે જૈન વિષય પર લખાયેલાં ફાગુકાવ્યો મુખ્ય છે. શ્રીકૃષ્ણ વિષયક વૈષ્ણવ પરંપરાનાં ફાગુકાવ્યો, 'નારાયણ ફાગુ' કે 'હરિવિલાસ ફાગુ' જેવાં કાવ્યો પ્રમાણમાં જૂજ જ છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન સાધુ કવિઓએ રાસ, પ્રબંધ, ચોપાઇ, વિવાહલુ, ફાગુ, બારમાસી, સ્તવન, સજ્ઝાય, છંદ, છત્રીસી, પદ વગેરે વિવિધ પ્રકારની કાવ્યરચનાઓ કરી છે. આ બધાં પ્રકારોમાં કેટલાક આજ પણ ગવાતા રહેલા છે. એ પ્રકારોમાં સ્તવન મુખ્ય છે. મધ્યકાળમાં જૈન કવિઓને હાથે લખાયેલાં સ્તવનોની સંખ્યા ત્રણ હજારથી પણ વધુ છે અને એમાંનાં કેટલાંયે સ્તવનો, વિશેષતઃ યશોવિજયજી, આનંદઘનજી અને દેવચંદ્રજીનાં સ્તવનો અદ્યાપિ પર્યંત રોજેરોજ ગવાતાં રહ્યાં છે. કેટલાંયે સ્તવનો કાવ્યરચનાની દૃષ્ટિએ પણ ઉત્તમ કોટિનાં છે. તદુપરાંત જૈન કવિઓનું મોટું યોગદાન તે રાસાસાહિત્યનું અને ફાગુસાહિત્યનું છે.

રાસ અને ફાગુ એ બંને કાવ્યપ્રકારો સહોદર જેવા ગણાયા છે. નાની રાસકૃતિ અને સુદીર્ઘ ફાગુકાવ્ય એકબીજાની સીમાને સ્પર્શે છે. વસંતઋતુના વર્ણનવાળો રાસ અથવા વસંતઋતુમાં ગવાતો રાસ તે ફાગુ એમ કોઇ કહી શકે એટલા નજીક આ બંને કાવ્યપ્રકારો પરસ્પર આવેલા છે. રાસ પણ ગવાતા અને રમાતા. ફાગુકાવ્યો પણ ગવાતાં અને રાસની જેમ વર્તુળાકારે દાંડિયા વડે ખેલાતાં. રાસમાં નૃત્યની દૃષ્ટિએ તાલારાસ અને લકુટારાસ એવા બે પ્રકારોના ઉલ્લેખો મળે છે. તાલારાસ એટલે તાળી વડે રમાતો રાસ. સંસ્કૃત લકુટ એટલે દંડ, દાંડિયો. લકુટા રાસ એટલે દાંડિયા વડે રમાતો રાસ. (દાંડિયા માટેનો લકુટા શબ્દ, ક્નો લોપ થતાં અને ટનો ડ થતાં, સામ્યને કારણે વખત જતાં અશ્લીલતામાં સરી પડ્યો અને નિષિદ્ધ થઇ ગયો.) એવી રીતે ફાગુ પણ તાળી સાથે અને દાંડિયા સાથે રમાતાં અને ગવાતાં. આવા સમૃદ્ધ રાસાસાહિત્ય અને ફાગુસાહિત્યની ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી તુલના થઇ શકે છે.

મધ્યકાલીન ગૂર્જર સાહિત્યમાં ઋતુવર્ણનનાં કાવ્યોમાં ફાગુ ઉપરાંત બારમાસી નામનો પ્રકાર જોવા મળે છે. ફાગુકાવ્યો મુખ્યત્વે જૈન કવિઓને હાથે લખાયાં છે, જ્યારે બારમાસી પ્રકારનાં કાવ્યો જૈન-જૈનેતર એમ બંનેને હાથે ઠીક ઠીક પ્રમાણમાં લખાયાં છે. અલબત્ત, સંખ્યાની દૃષ્ટિએ ફાગુકાવ્યો બારમાસી કરતાં વધુ લખાયાં છે. ફાગુકાવ્યમાં મુખ્યત્વે વસંતઋતુનું (ક્યારેક અપવાદરૂપે વર્ષાઋતુનું) વર્ણન થયેલું છે. બારમાસીમાં એનું નામ સૂચવે છે તે પ્રમાણે બાર મહિનાનું (અધિક ખાસ હોય તો તેર મહિનાનું) ક્રમાનુસાર વર્ણન હોય છે. એમાં આરંભ કાર્તિક માસથી જ કરવાનું અનિવાર્ય નથી. બારમાસી કાવ્યપ્રકાર કદમાં નાનો અને ઊર્મિપ્રધાન છે. પ્રત્યેક માસની ઓછામાં ઓછી એક કડી એમ બાર કડીથી માંડીને ૭૨ કડી કે તેથી વધુ લાંબા કાવ્યો લખાયાં છે. એમાં સામાન્ય રીતે વિરહિણી નાયિકાની ઉત્તરોત્તર વધતી જતી વિરહવ્યથાનું, વિપ્રલંભ શૃંગારનું, તે તે મહિનાની લાક્ષણિકતા સાથે નિરૂપણ હોય છે. કોઇક સુખાન્ત બારમાસીમાં અંતે નાયક-નાયિકાનું મિલન વર્ણવાય છે. ફાગુકાવ્યમાં મુખ્યત્વે વસંતઋતુનું જ વર્ણન કરવાનું હોવાથી અને એમાં કડીઓની કોઇ મર્યાદા ન હોવાથી સવિગત નિરૂપણ કરવાનો કવિને સારો અવકાશ સાંપડે છે. બારમાસી મુખ્યત્વે ઊર્મિપ્રધાન કાવ્ય છે,જ્યારે ફાગુમાં કવિ કથાનકનું સવિગત નિરૂપણ કરી શકે છે. આમ ફાગુ અને બારમાસી વચ્ચે આવો કેટલોક મહત્ત્વનો તફાવત છે. અલબત્ત, કોઇક અજ્ઞાત કવિએ તો પોતાના 'નેમિનાથ ફાગુ'માં, બારમાસી અને ફાગુનો સમન્વય કરીને, એમાં બારમાસી પણ ગૂંથી લીધી છે. કવિઓને કોણ રોકી શકે ? निरंकुशाः कवयः

વસંતઋતુનું વર્ણન કરતો, પણ ફાગુકાવ્ય કરતાં કદમાં નાનો એવો 'ધમાલ' નામનો એક કાવ્યપ્રકાર મધ્યકાલીન સાહિત્યમાં વિકાસ પામ્યો હતો. 'ધમાલ' ખાસ વસંતઋતુમાં ગાવા માટે લખાયા હતા. ધમાલ (અથવા 'ઢમાલ') નામ જ સૂચવે છે તે પ્રમાણે એમાં ગાવા સાથે વાજિંત્રોનો કલનાદ પણ એટલો જ મહત્ત્વનો છે. ઢોલ, ચંગ, ઝાંઝ, મંજીરાં વગેરેના ધ્વનિ સાથે, ગાતાં ગાતાં વાતાવરણને ગજવી મૂકવાનો અને એ રીતે પોતાના હૃદયોલ્લાસને પ્રગટ કરવાનો એમાં આશય હોય છે. સમૂહમાં ગવાતા આ કાવ્યપ્રકારમાં, ગાનારાઓ તાનમાં આવીને સ્વેચ્છાએ નૃત્ય પણ કરવા લાગી જાય છે. ધમાલમાં આ રીતે સમૂહનૃત્ય પણ હોય છે. ધ્રુવપદની એકની એક પંક્તિ અને તેવી રીતે બીજી કેટલીક પંક્તિઓ વારંવાર ગવાય છે. 'ધમાલ'માં પંક્તિઓ ઓછી હોય છે, પણ એનું રટણ વારંવાર

થાય છે. ફાગુ કરતાં ધમાલમાં નાદ અને લયનું મહત્ત્વ વધારે હોય છે.

ફાગુકાવ્યમાં શૃંગારરસનું નિરૂપણ થાય છે. પરંતુ મધ્યકાળમાં સંયમના આરાધક, બ્રહ્મચર્ય વ્રતના ઉપાસક એવા જૈન સાધુ કવિઓએ આટલાં બધાં ફાગુકાવ્યો લખ્યાં એથી આશ્ચર્ય નથી થતું ? પોતાની અતૃપ્ત વાસનાને વ્યક્ત કરવા માટે એમને ફાગુકાવ્યનું એક બહાનું મળ્યું એમ નથી લાગતું ? ના, જરા પણ નહિ, કારણ કે એમની ફાગુકૃતિઓમાં શૃંગારરસનું એવું નિરૂપણ જોવા મળતું નથી. એમની સંયમની આરાધનાને બાધક થાય એવી કોઇ વાત એમાં આવતી નથી. કેટલાંક ફાગુકાવ્યો તો 'નારીનિરાસ'ના પ્રકારનાં છે. વસ્તુતઃ જૈન સાધુકવિઓ ફાગુકાવ્ય લખવા તરફ વળ્યા તેમાં કેટલાંકમાં કાવ્યસર્જનની પ્રેરણા કરતાં સામાજિક અને ધાર્મિક કર્તવ્યની ભાવના વિશેષ રહેલી છે.

વસંતઋતુને કામદેવની ઋતુ તરીકે ઓળખાવવામાં આવે છે. મદનોત્સવના આ દિવસોમાં વાતાવરણ એવું માદક બને છે કે જેમાં કામદેવને પોતાનાં આયુધો તીક્ષ્ણ કરવાની સરસ તક સાંપડે છે. એટલે જ વસંતઋતુ અને શૃંગારરસનો સંબંધ પરાપૂર્વથી ચાલ્યો આવે છે. પરંતુ ઔચિત્ય અને ગૌરવ એ શૃંગારરસના આભૂષણો છે. અન્ય રસના નિરૂપણ કરતાં શૃંગારરસના નિરૂપણમાં વધુ જોખમ રહેલું છે, કારણ કે રસનિરૂપણ કરનાર તાનમાં આવી જઇને ક્યારે મર્યાદા ઓળંગી જઇને ઔચિત્યભંગ કરી બેસશે તે કહી શકાય નહિ. ખુદ નિરૂપણ કરનારને પણ એનો ખ્યાલ ન રહે. ઔચિત્યભંગ થતાં રસભંગ થાય છે. કાવ્યરસ અપરસમાં પરિણમે છે. વ્યાવહારિક જીવનમાં પણ શૃંગારરસની વાતોને એક સાંસ્કારિક મર્યાદા હોય છે. મર્યાદાભંગ સામાજિક ટીકાનિંદાને પાત્ર ગણાય છે. પરંતુ કામાતુરને ભય કે લજ્જા હોતાં નથી. આથી જ શૃંગારરસનું નિરૂપણ કરતાં કેટલાંયે ફાગુકાવ્યો ઉઘાડા સ્થૂલ શૃંગારરસમાં સરી પડવા લાગ્યાં. કેટલાકે ઇરાદાપૂર્વક એવું નિરૂપણ કર્યું છે. આવાં કાવ્યો જાહેરમાં નહિ પણ ખાનગીમાં વંચાય કે ગવાય. મધ્યકાળમાં 'ગણપતિ ફાગુ' અને એવાં બીજાં કેટલાંક અશ્લીલ ફાગુઓ લખાયાં છે, જે સામાજિક દૃષ્ટિએ નિષિદ્ધ ગણાયાં છે અને સાહિત્યિક દૃષ્ટિએ તેનું કશું મૂલ્ય નથી.

હોળીના દિવસોમાં ઉલ્લાસના પ્રતીક રૂપે અબીલ-ગુલાલ એકબીજા ઉપર ઉડાવવાની, રંગ છાંટવાની કે રંગની પિચકારી છોડવાની પ્રથા છે. પરંતુ જ્યારે તે અધમતામાં સરી પડે છે ત્યારે લોકો છાણ અને કાદવનો પણ આશ્રય લે છે. હોળીના દિવસોમાં કેટલાક વર્ગોમાં ખાનગીમાં માંહોમાંહે અશ્લીલ ગાળો બોલવાની, અશ્લીલ કહેવતો કહેવાની કે ગીતો ગાવાની પ્રથા છે. તેવાં ચિત્રો પણ દોરાય છે. અને નનામા અશ્લીલ પત્રો પણ લખાય છે. મધ્યકાળમાં ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર ભારતમાં હોળીના દિવસોમાં યુવાનોમાં અશ્લીલ ફાગ ગાવાની પ્રથા પ્રચલિત થઈ હતી, જે કેટલેક અંશે હાલ પણ પ્રચલિત છે. અમુક વિસ્તારમાં કે અમુક કોમના લોકોમાં તેનું પ્રમાણ વધારે જોવા મળે છે. એટલે જ અશ્લીલ ગાળ માટે 'ફાગ' અને સભ્ય સમાજમાં જાહેરમાં ન ગાઇ શકાય એવા અશ્લીલ ફાગ માટે 'બેફાગ' જેવા શબ્દો રૂઢ થઇ ગયા છે. યુવાનોને બહાવરા બનાવનાર અને એમના માનસને અસંસ્કારી અને વિકૃત કરનાર આવાં ફાગુઓ જ્યારે જોર પકડતાં જતાં હતાં ત્યારે કેવળ શિખામણથી સન્માર્ગે ન વળનાર યુવા પેઢીને વિકલ્પે સારાં સુગેય ફાગુઓ આપીને સન્માર્ગે વાળવાનું કાર્ય જૈન સાધુકવિઓએ કર્યું છે. ધર્મમાર્ગે વળેલા લોકો ચલિત ન થાય એ માટે અધ્યાત્મરૂપી હોળી-હોરી વધારે ચડિયાતી છે એ બતાવવા રૂપક શૈલીનાં ફાગુકાવ્યો પણ લખાયાં. વળી, જેમાં શૃંગારરસનું થોડુંક નિરૂપણ કરી અંતે સંયમનો મહિમા દર્શાવાય એવાં કથાનકો પસંદ થયાં. એમાં નેમિકુમાર અને રાજુલનું કથાનક સૌથી વધુ અનુકૂળ લાગ્યું. એથી એ વિશે સૌથી વધુ ફાગુકાવ્યો લખાયાં છે. તદુપરાંત સ્થૂલિભદ્ર અને કોશાનું કથાનક તથા જંબુસ્વામીનું કથાનક પણ લેવાયું છે. ફાગણ-ચૈત્રમાં તીર્થયાત્રા માટે નીકળતા સંઘોમાં પણ ધાર્મિક ફાગુ ગાવા-ખેલવાનું દાખલ કરાયું. પોતાના ગુરુભગવંતે સંયમની આરાધના કેવી સરસ કરી છે તથા કામવાસના પર એમણે કેવો સરસ વિજય મેળવ્યો છે એનો મહિમા બતાવવા માટે ગુરુ ભગવંત વિશે ફાગુકાવ્યો લખાયાં. બહાર ગવાતા હલકાં ફાગુઓ અને આ ફાગુઓ વચ્ચે કેટલો બધો તફાવત છે એ તેઓએ પોતાનાં ફાગુઓમાં બતાવ્યું અને સાચાં સારાં ફાગુકાવ્યોની ઉત્તમ ફલશ્રુતિ દાખવી છે. 'વાસુપૂજ્ય મનોરમ ફાગ'માં કવિ કલ્યાણે કહ્યું છે :

ફાગ ફાગ પણ સરિષા નહી, છાસિ ઘોલી નઇ દૂધ ઘોલું સહી,
જેવડું અંતર મેરુ સિરશવઇ, તિમ જિનગુણ અવર કથા કવ્યઇ.

ફલશ્રુતિ બતાવતાં ફાગુનો આવો મહિમા ઘણા કવિઓએ ગાયો છે. એમાંથી થોડીક પંક્તિઓ જોઇએ :

એ ફાગુ ઉછરંગ રમઇ જે માસ વસંતે,
તિણિ મણિનાણ પહાણ કીત્તિ મહિયલ પસરંતે.
(કીર્તિરત્નસૂરિ ફાગ)

x x x

ફાગુ રે સુણતહ ગુણતહ, પાપુ પણાસઇ દૂરિ.
(જયસિંહસૂરિકૃત દ્વિતીય નેમિનાથ ફાગુ)

x x x

ગાઇ જે નવરંગ ફાગ એ, લાગએ નવિ પાપ લેવ.
(જિનહંસગુરુ નવરંગ ફાગ)

x x x

શ્રી લષમીવલ્લભ કો રચ્યો હૌ, ઇહુ અધ્યાત્મ ફાગ;
પાવતુ પદ જિનરાજ કો હો, ગાવત ઉત્તમ રાગ.

આમ, મધ્યકાળમાં ગુજરાત અને રાજસ્થાનમાં પાંચ સૈકાથી પણ વધુ સમય સુધી પ્રચલિત રહેલા ફાગુના કાવ્યપ્રકારે કેટલીક ઉત્તમ કાવ્યકૃતિઓ દ્વારા સાહિત્યના ક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે જન-મનરંજનનું તેમજ સંસ્કાર-ઘડતરનું ઉત્તમ વિશિષ્ટ કાર્ય કર્યું છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ પણ એટલું જ મહત્ત્વનું છે.

## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાનાં રોગોની નિશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી શ્રી પરમાણંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, રસધારા કૉ-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪, (ફોન : ૩૮૨૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિના મૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

જયાબેન વીરા, સંયોજક
નિરૂબેન એસ શાહ, ડૉ. ધનવંત ટી. શાહ, માનદ્ મંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૬ ● ● તા. ૧૬-૬-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પદ્મવિભૂષણ ડૉ. ઉષાબહેન મહેતા

ભારત સરકારે ડૉ. ઉષાબહેન મહેતાને પદ્મવિભૂષણનો ઇલકાબ સ્વતંત્રતાની સુવર્ણજયંતી પ્રસંગે આપીને એમનું યોગ્ય ગૌરવ તો કર્યું જ છે, પણ સાથે સાથે સરકારે પોતે પોતાને પણ ગૌરવ અપાવ્યું છે.

ડૉ. ઉષાબહેન મહેતાને સ્વતંત્રતાની સુવર્ણ જયંતીના અવસરે આ ઇલકાબ મળ્યો છે તે સમયોચિત અને ગૌરવપૂર્ણ ગણાય. ઉષાબહેને આઝાદી પૂર્વે જેલજીવન ભોગવ્યું હતું અને પછીથી પણ રાષ્ટ્રભક્તિના કાર્યમાં સંનિષ્ઠાથી લાગેલાં રહ્યાં છે એ પણ એટલા જ આનંદ અને ગૌરવની વાત છે. સરકારે પચાસ વર્ષે પણ કદર કરી એ મોટા સંતોષની વાત છે. મારી જેમ કેટલાકને એમ અવશ્ય લાગ્યું હશે કે ઉષાબહેનને આ ઇલકાબ ઘણો વહેલો મળવો જોઇતો હતો. સરકાર સારા અવસરની રાહ જોતી હતી એમ કહેવા કરતાં ઉષાબહેને એ માટે કંઇ પ્રયત્નો નથી કર્યા એમ કહેવું જ વધુ યોગ્ય છે. ઉષાબહેનનું એ સદ્‌ભાગ્ય છે કે સ્વતંત્રતાની સુવર્ણજયંતી જોવા તેઓ વિદ્યમાન રહ્યાં છે. ઉષાબહેનની સરળ, નિઃસ્વાર્થ, નિર્દંભ, નિષ્ઠાવાન પ્રકૃતિનો પરિચય એમાંથી મળી રહે છે. આવું સન્માન મળે તો ય શું અને ન મળે તોય શું ?-એવો જ ઉદાર, સમત્વયુક્ત પ્રતિભાવ એમનો રહે છે.

હું એવા કેટલાક મિત્રોને ઓળખું છું કે જેઓએ પોતાના જીવનનો ઘણો મોટો ભોગ દેશની આઝાદી માટે આપ્યો હોવા છતાં સ્વાતંત્ર્ય સૈનિકનું પ્રમાણપત્ર મેળવવા માટે પણ તેઓએ અરજી કરી નથી, તો તે માટેના ભથ્થાની કે રેલવેમાં એરકંડિશન કલાસમાં મિત્રને સાથે લઇને મફત પ્રવાસ કરવાની (કે તેવા પ્રવાસ કરાવવા દ્વારા કમાણી કરવાની) તો વાત જ શી ? 'કોઇપણ પ્રકારના બદલાની અપેક્ષા વિના અમે માતૃભૂમિ માટે બલિદાન આપ્યું હતું. એનો આનંદ એજ અમારે માટે ઇલકાબરૂપ છે.' આવું એવા સ્વાતંત્ર્ય સૈનિકો પાસેથી સાંભળીએ છીએ ત્યારે હર્ષ-રોમાંચ અનુભવીએ છીએ અને ત્યારે એમ લાગે કે ગાંધીજીનો આત્મા હજુ પણ કેટલાંકના હૈયામાં વસેલો છે.

ડૉ. ઉષાબહેન મહેતાનું નામ તો મેં ૧૯૪૨ની લડત વખતે પહેલી વાર સાંભળ્યું હતું. કોંગ્રેસ રેડિયો પર એમનો અવાજ સાંભળ્યો હતો. તેઓ પકડાયાં અને એમને સજા થઇ એ સમાચાર ત્યારે છાપામાં વાંચ્યા હતા. પરંતુ ઉષાબહેનને રૂબરૂ મળવાનું તો ૧૯૪૮માં એમના ઘરે થયેલું. એમના વડીલબંધુ ડૉ. ચન્દ્રકાન્ત મહેતા ગુજરાતી વિષયના અધ્યાપક. ૧૯૪૮માં બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ મેં ગુજરાતી વિષય સાથે એમ.એ.નો અભ્યાસ ચાલુ કર્યો ત્યારે ડૉ. ચન્દ્રકાન્ત મહેતા પણ, બીજા અધ્યાપકો સાથે, અમારા વર્ગ લેતા. તે વખતે વિદ્યાર્થીને કંઇ માર્ગદર્શન જોઇતું હોય તો તેઓ પોતાને ઘરે બોલાવતા. ઓપેરા હાઉસ પાસે લક્ષ્મી બિલ્ડિંગમાં એમનું સંયુક્ત કુટુંબ રહે. એ વખતે ઉષાબહેનને મળવાનો પ્રસંગ પ્રાપ્ત થતો.

૧૯૭૦માં મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગની સ્થાપના થઈ. એ વિભાગના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીએ મારી નિમણૂંક કરી હતી. એ વખતે મેં રજિસ્ટ્રાર શ્રી ચિદમ્બરમ્‌ને પૂછ્યું મારે કયા રૂમમાં બેસવાનું છે ? તો એમણે જણાવ્યું કે 'તમારે ડૉ. ઉષાબહેન મહેતાના રૂમમાં બેસવાનું છે, કારણ કે ઉષાબહેનનો ડિપાર્ટમેન્ટ હવે સાંતાક્રુઝ ખાતે કાલિના કેમ્પસમાં ખસેડવામાં આવ્યો છે.' આમ, મુંબઇ યુનિવર્સિટીમાં જોડાતાં જ ઉષાબહેનના રૂમમાં બેસવાનું મળ્યું એથી મને ઘણો આનંદ થયો. એને હું મારું સદ્‌ભાગ્ય માનું છું.

પછી તો ઉષાબહેનને યુનિવર્સિટીની ઘણી મિટિંગોમાં મળવાનું થતું, સાથે કામ કરવાનું થતું. ઉષાબહેન સાથેનો પરિચય યુનિવર્સિટીને નિમિત્તે વધુ ગાઢ થયો. પછી તો અંગત રીતે પણ તેઓ અમારા કુટુંબના સર્વ સભ્યો સાથે વડીલ સ્વજન જેવાં બની રહ્યાં.

ઉષાબહેન મહેતાનો જન્મ ૧૯૨૦ના માર્ચમાં સુરત જિલ્લામાં સરસ નામના ગામમાં થયો હતો. એમના પિતા હરિપ્રસાદ મહેતા ન્યાયાધીશ એટલે સરકારી કર્મચારી. એમનાથી આઝાદીની લડતમાં ભાગ ન લેવાય. પણ કુટુંબના બધા સભ્યો લડતના રંગે રંગાયેલાં હતાં. સરસ એટલે દરિયાકિનારા તરફનું ગામ. જ્યારે અંગ્રેજ હકુમતે મીઠા પર કરવેરો નાખ્યો ત્યારે ગાંધીજીએ દાંડીયાત્રા કાઢેલી અને એ કાયદાનો ભંગ કરેલો. ઉષાબહેનનાં દાદીમાએ દરિયાનું પાણી હાંડામાં લાવી, ચૂલે ગરમ કરી એમાંથી મીઠું પકાવી, પોતે સરકારી કાળા કાયદાનો ભંગ કર્યો એ વાતે અનહદ આનંદ અનુભવેલો. આવું વાતાવરણ આ કુટુંબનું હતું.

લોકજાગૃતિ માટે ગાંધીજીએ સુરત જિલ્લામાં એક ગામમાં એક શિબિર યોજેલી. ત્યારે કિશોરી ઉષાબહેન ગાંધીજીને મળવા ગયેલાં. સત્યાગ્રહમાં એમને ભાગ લેવો હતો પરંતુ ગાંધીજી એમની સાથે બોલ્યા નહિ, કારણ કે મૌનવાર હતો. પણ હાથના ઇશારાથી ગાંધીજીએ ના પાડી કારણ કે ઉષાબહેને ખાદી પહેરેલી નહિ. પછી બીજે દિવસે ખાદીનાં વસ્ત્રો ધારણ કરીને ઉષાબહેન ગયાં ત્યારે ગાંધીજીએ એમની સાથે સરસ વાત કરી હતી. સત્યાગ્રહમાં જોડાવું હોય તો ગાંધીજીએ શરત મૂકી કે આજીવન બ્રહ્મચર્ય પાળવું પડશે; અપરિણીત રહેવું પડશે. ઉષાબહેને એ શરત કબૂલ કરેલી. આ

છોકરીઓ બહુ નાની છે. એમને એવું આકરું વ્રત ન અપાય, એમ ગાંધીજીને કહેવામાં આવ્યું ત્યારે ગાંધીજીએ તેવું વ્રત ન આપતાં લગ્ન કરવાની છૂટ આપેલી, પણ એ શરતે કે પતિ ખાદી પહેરતો હોય અને લગ્નમાં કોઈ દાયજો લે નહિ. પરંતુ ઉષાબહેન તો પોતે લીધેલા બ્રહ્મચર્યના વ્રતમાં જ અડગ રહ્યાં. તેઓ આજીવન અપરિણીત રહ્યાં. ગાંધીજીની ભાવનાને તેમણે શોભાવી. ગાંધીજીની દેશભક્તિ અને ધર્મભાવના સાથે તેઓ ઓતપ્રોત બની રહ્યાં.

ઉષાબહેનની શૈક્ષણિક કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. એમના પિતા ન્યાયાધીશ હતા અને એમની બદલી થતી, એટલે ઉષાબહેને પ્રાથમિક અને માધ્યમિક શાળાનું શિક્ષણ ખેડા, ભરુચ, મુંબઇ વગેરે સ્થળે લીધું હતું. કૉલેજનું શિક્ષણ એમણે મુંબઇની વિલસન કૉલેજમાં લીધું હતું. તેમણે બી.એ.માં તત્ત્વજ્ઞાનનો વિષય લીધો હતો અને ૧૯૩૯માં મુંબઇ યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે પાસ થયાં હતાં. ત્યાર પછી એમણે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને ૧૯૪૧માં તેઓ એલ.એલ.બી. થયાં. એમના પિતા ન્યાયાધીશ હતા એટલે એમનાં સંતાનોને કાયદાશાસ્ત્રમાં રસ પડે એ સ્વાભાવિક છે.

ઉષાબહેન ભરૂચની શાળામાં અભ્યાસ કરતાં હતાં ત્યારે કોંગ્રેસમાં સ્વયંસેવિકા તરીકે પણ જોડાયાં હતાં. છોટા સરદાર તરીકે જાણીતા ભરૂચના શ્રી ચંદુલાલ દેસાઇની આગેવાની હેઠળ પ્રભાતફેરી, ઝંડાવંદન, સરઘસ, સત્યાગ્રહ વગેરે જે પ્રવૃત્તિઓ ચાલતી તેમાં બાલિકા તરીકે ઉષાબહેન પણ સક્રિય ભાગ લેતાં હતાં. એમણે પોતાના સંસ્મરણોમાં નોંધ્યું છે કે પોલીસનો લાઠીમાર થાય તો પણ ધ્વજને નીચે પડવા ન દેવાય. 'ઝંડા ઊંચા રહે હમારા', અથવા 'ચલાવ લાઠી, ચલાવ દંડા, ઝૂક ન સકેગા અમારા ઝંડા' જેવા પોકારો કરતા કરતા તેઓ દરેક પોતાના ઝંડા સાથે આગળ વધતા. એક વખત એક છોકરી બેહોશ બનીને પડી ગઇ અને એના હાથમાંનો ઝંડો નીચે પડી ગયો. એમાં તો ઝંડાનું અપમાન અને પોલીસનો વિજય થયો કહેવાય. એમ ન થવા દેવું હોય તો હવે શું કરવું ?

ઉષાબહેને ચંદુભાઇને ઉપાય સૂચવ્યો કે હાથમાં ઝંડા રાખવાને બદલે અમારો ગણવેશ જ ઝંડાના રંગનો કરી નાખો. તરત ખાદીના તાકા લેવાયા. સફેદ, કેસરી અને લીલા રંગની ખાદીમાંથી વસ્ત્રો એવી રીતે બનાવાયાં કે તે ઝંડા જેવા લાગે. હવે લાઠીમાર થાય તો પણ ઝંડો પોલીસ ઝૂંટવી નહિ શકે કે ફેંકી નહિ દે. એ સમયના લડત માટેના ઉત્સાહની ભરતી કિશોર-કિશોરીઓમાં પણ કેટલી બધી હતી તે આ પ્રસંગ બતાવે છે.

લડત માટે ચંદુલાલ દેસાઇએ છોકરાઓની વાનરસેના તૈયાર કરી તો ઉષાબહેનની ભલામણથી છોકરીઓની 'માંજારસેના' પણ તૈયાર કરી. છોકરા પોલીસને હૂપ હૂપ કરે તો છોકરીઓ મ્યાંઉ મ્યાંઉ કરે. એક સાથે અનેક છોકરા-છોકરી લડત લડવાના ભાવથી આવા પોકારો કરતા હશે ત્યારે એ દશ્ય હાસ્યજનક નહિ પણ શૂરતાપ્રેરક બની જતું હશે !

બી. એ. થયા પછી ઉષાબહેને એમ.એ.નો અભ્યાસ મુંબઇ યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્ર-Political Scienceનો વિષય લઇને ચાલુ કર્યો હતો, પરંતુ તે દરમિયાન સ્વતંત્રતાની ચળવળ જોર પકડતી જતી હતી એટલે એમણે અભ્યાસ છોડી લડતમાં સક્રિય ભાગ લેવાનું ચાલુ કર્યું.

૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં ઉષાબહેનનું મહત્ત્વનું કાર્ય તે ગુપ્ત રીતે 'કોંગ્રેસ રેડિયો'ની પ્રવૃત્તિ ચલાવવાનું હતું. ૧૯૪૨ની ચળવળમાં ગાંધીજી, સરદાર, નહેરુ, મૌલાના વગેરેને જેલમાં પૂરવામાં આવ્યા તે વખતે બીજી ત્રીજી હરોળના ઘણા નેતાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા. એ બધાંની પ્રવૃત્તિના અહેવાલ એકબીજાને પહોંચાડવા માટે ગુપ્ત પત્રિકાઓ રોજ નીકળતી અને ઘરે ઘરે પહોંચતી કરવામાં આવતી. એની સાથે આ વાયરલેસ ટ્રાન્સમિશનની પ્રવૃત્તિ પણ ચાલુ થઇ. એક ભાઇએ વાયરલેસ સેટ બનાવી આપ્યો. આ કાર્યમાં ડૉ. રામમનોહર લોહિયા, અચ્યુત પટવર્ધન વગેરે પણ જોડાયા. રોજ સાંજે નિશ્ચિત સમયે રેડિયો વાગતો : 'This is Congress Radio, speaking somewhere in India from 42.34 meter.'

અમારી કિશોરાવસ્થામાં અમે પત્રિકાઓ વહેંચવા જતા અને રાતના રેડિયો પણ સાંભળતા. યરવડાની જેલમાં બાપુ સાથે રહેલા મહાદેવભાઇ દેસાઇ જ્યારે અવસાન પામ્યા, ત્યારે બ્રિટીશ સરકારે એ સમાચાર દબાવી દીધા. છાપામાં એ વિશે કશું આવ્યું નહિ પણ કોંગ્રેસ રેડિયોએ એ સમાચાર મેળવીને પ્રસારિત કર્યા ત્યારે છાપાંવાળાઓને ખબર પડી હતી. પછી એ સમાચાર છાપાંઓમાં છપાયા હતા.

રેડિયોની આ પ્રવૃત્તિમાં બાબુભાઇ, વિઠ્ઠલભાઇ, ચંદ્રકાંતભાઇ, મોટવાની વગેરે જોડાયા હતા. દર દસ પંદર દિવસે તેઓ જગ્યા બદલતા કે જેથી પોલીસ પકડી ન શકે. છેવટે પારેખવાડીમાંથી એમને પકડવામાં આવ્યાં હતાં. એમાં ઉષાબહેનને ચાર વર્ષની અને એમના મોટા ભાઇ ચન્દ્રકાન્તભાઇને એક વર્ષની સજા થઇ હતી. એમને પૂનાની યરવડા જેલમાં રાખવામાં આવ્યાં. આ બધા અનુભવો રોમહર્ષણ હતા. ભારતમાતા માટે ઉલ્લાસપૂર્વક ભોગ આપવાની તમન્ના ગાંધીજીએ દેશના કરોડો લોકોમાં જગાવી હતી.

ઉષાબહેને પોતાના જેલના અનુભવો પણ નોંધ્યા છે. પોતે પાંજરામાં સંતાઇને જેલના અધિકારીઓને કેદીઓની ગણતરીમાં કેવી થાપ ખવડાવી હતી એનું પણ રસિક બયાન એમાં વાંચવા મળે છે.

ઉષાબહેન ચાર વર્ષ જેલમાં ગાળીને છૂટ્યાં અને ઘરે આવ્યાં ત્યારે એમને જોઇને એમનાં બા રડી પડ્યાં હતાં. ચાર વર્ષ જેલમાં કાંકરીવાળા રોટલા ખાઇને ઉષાબહેનની તબિયત ખલાસ થઇ ગઇ. એમનું શરીર ગળી ગયું હતું. એમની પાચનશક્તિ બગડી ગઇ હતી. આવું પાતળું નાજુક શરીર એ તો બ્રિટીશ સરકારની ભેટ છે' એમ તેઓ હળવી રીતે કહે છે. એમનું શરીર ફરી ક્યારેય વળ્યું નહિ. કૃશકાય ઉષાબહેનનું નૈતિક બળ એટલું મોટું છે કે આવી કાયા છતાં તેમણે સેવાનું સતત કાર્ય નિષ્ઠાપૂર્વક કર્યા કર્યું છે.

૧૯૪૬માં ઉષાબહેન જેલમાંથી છૂટ્યાં. દેશને આઝાદી મળી તે પછી એમણે પોતાનું લક્ષ અધ્યયન-અધ્યાપન તરફ રાખ્યું. તેઓ એમ. એ. થયાં અને મુંબઇમાં વિલસન કૉલેજમાં તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રના અધ્યાપિકા તરીકે કામ શરૂ કર્યું. ૧૯૪૭થી ૧૯૪૯ સુધી એ કાર્ય કર્યા પછી એક વર્ષ માટે તેઓ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં અધ્યાપિકા તરીકે કામ કરી આવ્યાં. મુંબઇ પાછાં આવીને એમણે 'મહાત્મા ગાંધીજીની સામાજિક અને રાજકીય વિચારસરણી' એ વિષય પર પીએચ.ડી.ની ડિગ્રી માટે મહાનિબંધ લખ્યો. ત્યાર પછી તેઓ મુંબઇ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્રના વિભાગમાં અધ્યાપિકા તરીકે જોડાયાં. અહીં એમના વિભાગના ડૉ. આલુબહેન દસ્તુર સાથે ગાઢ પરિચય થયો. પછી તો આલુબહેન અને ઉષાબહેન બંને ઘણી યુનિવર્સિટીઓની અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની સમિતિઓમાં સાથે જ હોય. યુનિવર્સિટીના ક્ષેત્રે ત્રણ દાયકા જેટલું એમનું અધ્યાપન કાર્ય બહુ સંગીન રહ્યું છે. મુંબઇ યુનિવર્સિટી ઉપરાંત અન્ય યુનિવર્સિટીઓમાં પણ પીએચ. ડી.ના માર્ગદર્શક તરીકે કાર્ય કરતાં રહ્યાં હતાં.

મુંબઇ યુનિવર્સિટીમાં અધ્યાપિકા તરીકે જોડાયા પછી તેમને અમેરિકામાં અભ્યાસ કરવા માટે ૧૯૫૩-૫૪ની ફુલ બ્રાઇટ શિષ્યવૃત્તિ માટે તેમની પસંદગી થઇ હતી. તેમણે એ વર્ષોમાં અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

ગાંધીજીની ભાવનાને ચુસ્તપણે અનુસારી અલ્પસંખ્ય વિદ્યમાન વ્યક્તિઓમાં ઉષાબહેન એક મુખ્ય ગણાય. તેમની ગાંધીસ્મારક નિધિના પ્રમુખપદે વરણી થઇ એ સર્વથા યોગ્ય જ થયું. તેઓ નિયમિત મણિભુવનમાં જઇ પોતાની સેવા આપતાં રહ્યાં છે. એમને પોતાને મનગમતું કાર્ય મળી ગયું. એક મિશનરીની જેમ તેઓ આ કાર્ય કરતાં રહ્યાં છે.

ઉષાબહેનના ઘરમાં શુદ્ધ ગુજરાતી ભાષાનું વાતાવરણ. એમના વડીલ બંધુ ડૉ. ચંદ્રકાન્તભાઇ ગુજરાતી વિષયના અધ્યાપક. એટલે શુદ્ધ સંસ્કરી ગુજરાતીમાં બોલવું, લખવું એમના કુટુંબ માટે સહજ. ઉષાબહેન રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના કાર્યમાં જોડાયેલાં. હિંદીમાં કોવિદની પરીક્ષા પ્રથમ નંબરે પસાર કરેલી. એટલે હિંદી ઉપર પણ એમનું એટલું જ પ્રભુત્વ. હિંદી સાહિત્યના વાંચનનો એમને શોખ પણ ખરો. વળી વિલસન કૉલેજ અને યુનિવર્સિટીમાં અધ્યાપિકા તરીકે અંગ્રેજીમાં વર્ગો લેવાના. એટલે ઇંગ્લિશ ભાષા પર એમનું એટલું જ પ્રભુત્વ. આમ ત્રણ ભાષા ઉપર લેખનકાર્ય કરવા માટે તથા વ્યાખ્યાન આપવા માટેનું પ્રભુત્વ બહુ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે. ઉષાબહેન જરા પણ આયાસ વિના, સહજ રીતે આ ત્રણે ભાષામાં બોલતાં લખતાં રહ્યાં છે એ એમના ભાષા-સામર્થ્યની પ્રતીતિ કરાવે છે.

પહેરવેશ, ખાનપાન, રહેણીકરણીમાં સાદાઇ અને સ્વભાવમાં સરળતા, લઘુતા અને નિખાલસતા એ ઉષાબહેનનાં વ્યક્તિત્વનાં લક્ષણો થોડા પરિચયે પણ માણસને જણાયા વગર રહે નહિ. તેઓ આજ દિવસ સુધી ખાદીની સફેદ સાડી જ પહેરતાં રહ્યાં છે. ઉષાબહેનને બસમાં જતાં, ટેક્ષીમાં જતાં, ક્યાંક પગે ચાલીને પહોંચી જતાં કોઇ સંકોચ નહિ. કોઇ કાર્યક્રમ માટે નિમંત્રણ મળ્યું હોય તો પોતાને તેડી જવા માટેનો આગ્રહ નહિ. પોતાની મેળે પણ પહોંચી જાય. સભામાં મંચ પર સ્થાન મેળવવા કે આગલી હરોળમાં બેસવા માટે આગ્રહ નહિ, તેવી વૃત્તિ પણ નહિ. પાછળ બેસવામાં કોઇ ક્ષોભ નહિ. બધું સરળ અને સહજ. એ માટે માઠું લાગે નહિ, તો પછી કોઇ વ્યવસ્થાપકને ઠપકો આપવાનો કે કટાક્ષ કરવાનો પ્રશ્ન જ ક્યાંથી હોય ? આ બધા ગુણો ગાંધીજીની વિચારસરણીથી રંગાયેલી વ્યક્તિના જીવનમાં સ્વાભાવિક રીતે વિકસેલા હોય જ.

શાસ્ત્રીય સંગીત ઉષાબહેનની એક શોખની પ્રવૃત્તિ રહી છે. તેઓ રાગ-રાગિણીનાં જાણકાર છે અને હવે જો કે મહાવરો ઘણો ઓછો થઇ ગયો છે તો પણ સિતારવાદન એ એમની એક પ્રિય પ્રવૃત્તિ રહી છે.

ઉષાબહેને ઠીક ઠીક લેખનકાર્ય પણ કર્યું છે. એમણે પોતાના અધ્યયન-અધ્યાપનના વિષયોને લક્ષમાં રાખી 'લોકશાહી શા માટે?', 'પક્ષો શા માટે ?', 'ભારતના રાજકીય પક્ષો', ' રાષ્ટ્રપતિની કામગીરી' વગેરે વિશે પરિચય પુસ્તિકાઓ લખી છે. આ ઉપરાંત એમણે 'ગવર્મેન્ટ, એન્ડ ધ ગવર્ન્ડ' 'કોંગ્રેસ રૂલ ઇન બોમ્બે' 'કૌટિલ્ય અને તેનું અર્થશાસ્ત્ર', 'અમર શહીદો', 'ગાંધીજી', 'વિશ્વની મહાન વિભૂતિઓ' જેવાં પુસ્તકો પણ લખ્યાં છે જે ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનાં છે.

ઉષાબહેનની અનેકવિધ સંનિષ્ઠ, સભર સેવાભાવી પ્રવૃત્તિઓ અને એમનું સમગ્ર જીવનકાર્ય અનેકને માટે પ્રેરણારૂપ બની રહે એવું છે. આવી વ્યક્તિઓથી સમાજ ઉજ્જ્વળ રહે છે અને આપણે ધન્યતા અનુભવી શકીએ છીએ.

☐ રમણલાલ ચી. શાહ

## કાર્યવાહક સમિતિ ૧૯૯૮-૯૯

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૩૦-૫-૯૮ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી જેમાં ૧૯૯૮-૯૯ના વર્ષ માટે કાર્યવાહક સમિતિની નીચે પ્રમાણે રચના કરવામાં આવી હતી.

### હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ : | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ઉપપ્રમુખ : | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| મંત્રીઓ : | શ્રીમતી નિરૂબેન સુબોધભાઇ શાહ |
| | ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ |
| કોષાધ્યક્ષ : | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઇ ઝવેરી |
| સભ્યો : | ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ |
| | શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ |
| | પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ |
| | કુ. વસુબહેન ભણશાલી |
| | શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઇ શાહ |
| | શ્રી સુબોધભાઇ મોહનલાલ શાહ |
| | કુ. મીનાબહેન શાહ |
| | શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |
| | શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ |
| | શ્રી નેમચંદ મેઘજીભાઇ ગાલા |
| | શ્રી ગાંગજીભાઇ શેઠીયા |
| | શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઇ ભાઉ |
| | શ્રી વી. આર. ઘેલાણી |
| | શ્રી નટુભાઇ પટેલ |
| | શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા |
| કો-ઓપ્ટ સભ્યો : | શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ |
| | શ્રીમતી રમાબેન જયસુખભાઇ વોરા |
| | શ્રી શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી |
| | શ્રીમતી રમાબેન વિનોદભાઇ મહેતા |
| | કુ. યશોમતીબહેન શાહ |

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા બુધવાર, તા. ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮થી બુધવાર, તા. ૨૬મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી)માં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખપદે યોજવામાં આવી છે. રોજ બે વ્યાખ્યાનો રહેશે તથા ૭-૩૦ થી ૮-૩૦ સુધી ભક્તિસંગીત રહેશે.

આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

સર્વને પધારવા વિનંતી છે.

☐ મંત્રીઓ

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ-૧૧)

## સ્પર્શ-બદ્ધ-તદ્રૂપ પરિણમન અને કેવળજ્ઞાન :

દ્રવ્યનો ગુણ દ્રવ્યની જાતિમાં ભેદ પાડે છે અને દ્રવ્યનો ગુણ, ગુણ પ્રમાણે કાર્ય કરે છે. પ્રદેશપિંડ ગુણને જાળવી રાખે છે અને ગુણ, દ્રવ્ય-પ્રદેશપિંડની જાતિ જાળવી રાખે છે. પ્રદેશનો આધાર લઇને ગુણ કાર્ય કરી આપે છે. પ્રદેશ એ ગુણની ભૂમિ-આધાર છે. દ્રવ્યના પ્રદેશ-અસ્તિકાય અને તેમાં રહેલાં તે દ્રવ્યના ગુણનું જે તદ્રુપપણું છે, તેનું નામ ભવ્યત્વ-યોગ્યતા છે. પાંચેય અસ્તિકાયનો આ અપેક્ષાએ-આ દષ્ટિકોણથી ભવ્ય સ્વભાવ છે. સ્વગુણકાર્ય કરવારૂપ પરિણમન તે ભવ્યત્વ. આ પરિણમન સમસ્થિતિમાં રહેવા પૂર્વક પણ હોઇ શકે છે અથવા તો તે પરિણમન અવસ્થાંતરપણાનું પણ હોઇ શકે છે.

ધર્મ, અધર્મ, આકાશ અને શુદ્ધાત્મા-સિદ્ધપરમાત્મા એ ચારે અસ્તિકાયમાં, પોતપોતાના સામાન્ય ગુણમાં કોઇ ભેદ પડતો નથી. પ્રદેશ-અસ્તિકાયનું ગુણ સાથેનું જે પરિણમન છે, તે તદ્રુપ પરિણમન છે, જેમાં કોઇ પરિવર્તનતા નથી. આ ભવ્ય સ્વભાવ અનુપચરિત એટલે કે વાસ્તવિક છે.

સંસારી જીવનો પુદ્ગલ સાથેનો અને પુદ્ગલનો પુદ્ગલ સાથેનો સંબંધ, જ્યારે એકક્ષેત્રી થાય છે, ત્યારે તેને પણ ભવ્યત્વ-યોગ્યતા કહેવાય છે. પરંતુ તેને ઉપચરિત ભવ્યત્વ એટલે કે અવાસ્તવિક ભવ્યત્વ કહેવાય છે. આને બદ્ધ પરિણમન પણ કહેવાય છે જેમાં પરિવર્તનની શક્યતા છે. પુદ્ગલ, પુદ્ગલની સાથેના બદ્ધ સંબંધથી છૂટું પડી પરમાણુ બની શકે છે અને સંસારી જીવ પણ પુદ્ગલની સાથેના બદ્ધ સંબંધથી છૂટી મુક્ત થઇ શકે છે. અર્થાત્ સંસારી જીવ સિદ્ધાત્મા-પરમાત્મા બની શકે છે, જીવ શિવ થઇ શકે છે અને આત્મપ્રદેશ અને કાર્મણવર્ગણા એકમેકના બદ્ધ સંબંધથી છૂટી કર્મ, કાર્મણ વર્ગણા અને જીવ શિવ બની શકે છે અર્થાત્ પરિવર્તિત થઇ શકે છે. માટે તે ઉપચરિત-અવાસ્તવિક છે.

પાંચે અસ્તિકાયનું જે સ્પર્શ પરિણમન છે તે સ્પર્શ ભવ્યત્વ છે. એ પાંચેય અસ્તિકાયની એકક્ષેત્રી અવગાહના-એકક્ષેત્રી અસ્તિત્વ છે. આકાશમાં આકાશ પ્રદેશ-આકાશાસ્તિકાય સહિતના બધાંય પાંચે અસ્તિકાયનું ચૌદ રાજલોક પૂરતું એકક્ષેત્રી અસ્તિત્વ છે, જે સ્પર્શ પરિણમન ભવ્યત્વ છે.

ગુણની અંદર ગુણભેદથી જે પરિણમનં છે તે પણ ભવ્યત્વ કહેવાય. આવું ભવ્યત્વ ધર્મ, અધર્મ, આકાશ અને શુદ્ધ પરમાત્મામાં નથી. આ ચારેયમાં તેમના ગુણમાં સમરસમાત્રા છે. જ્યારે સંસારી જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં વિષમરસમાત્રા છે. પોતાના પ્રદેશનો આધાર લઇને ગુણ, ભેદરૂપ કાર્યરૂપે પરિણમે છે એટલે તેને ઉપચરિત-અવાસ્તવિક ભવ્યત્વ કહેવાય છે.

ચારેય અરૂપી અસ્તિકાયમાં ગુણભેદ, રૂપાંતરતા અને અનિત્યતા નથી પરંતુ કેવલ તદ્રૂપ પરિણમન છે. જ્યારે બદ્ધ પરિણમન જે સંસારી જીવ અને પુદ્ગલના સંબંધમાં ઘટે છે તે અનિત્ય છે અને તેમાં ગુણનું પરિણમન રૂપાંતરતાએ છે, તેથી ભિન્ન ભિન્ન છે. તો પુદ્ગલ દ્રવ્યમાં (૧) પોતાના પ્રદેશનું એકક્ષેત્રી (અવકાશ) આકાશમાં રહેલ અવગાહન સ્પર્શ પરિણમન બવ્યત્વ છે. (૨) પોતાના ગુણમાં પડતાં ગુણભેદને કારણે રૂપાંતર છે તે તથા એક પુદ્ગલ પરમાણનું બીજાં પુદ્ગલ સ્કંધોમાં ભળી દેશ-પ્રદેશ-સ્કંધમાં પરિણમવું, તે બદ્ધ પરિણમન ભવ્યત્વ છે. (૩) અને પોતાના ગુણનું ગુણ પ્રમાણેનું કાર્ય તદ્રૂપ પરિણમન ભવ્યત્વ છે. અચિત પુદ્ગલ દ્રવ્યનું જે ભવ્યત્વ છે, તે ક્રમિક અને વિનાશી ધર્મવાળું છે. કાળાંતરે રૂપરૂપાંતરને પામનારું છે. પુદ્ગલ પરમાણુ રજ, રેતી, પથ્થર, રત્ન, કોલસા, હીરા રૂપે પરિણમે છે. પથ્થરનો ધર્મ અદ્રવ્યત્વ છે, જે કઠોર અને કઠીન છે. તો સાકરનો ધર્મ દ્રવ્યત્વ છે, જે મૃદુ છે અને દ્રવી જાય છે-ઓગળી જાય છે. પુદ્ગલદ્રવ્ય અનંત રૂપે પરિણમે છે અને સંસાર ચાલે છે, કારણ કે પુદ્ગલદ્રવ્ય અનંતરૂપે પણ પાછું ભિન્ન ભિન્ન ગુણધર્મે અને ભિન્ન ભિન્ન રૂપે પરિણમે છે.

દરેક દ્રવ્ય, પોતપોતાના ગુણધર્મો રૂપે પરિણમતા હોવાથી ભવ્ય પરિણમનવાળા છે અને અન્ય દ્રવ્યના ગુણધર્મ રૂપે પરિણમતા નહિ હોવાથી અભવ્ય પરિણમનવાળા-અભવ્ય સ્વભાવવાળા છે. આ અસ્તિ-નાસ્તિ જેવું છે.

સંસારી જીવોને ભવિ અને અભવિ એમ બે પ્રકારના જણાવેલ છે. સિદ્ધ પરમાત્મામાં એ પ્રકારના ભવિ અભવિનાના ભેદ ઘડતા નથી. સંસારી જીવના બે પ્રકારના ભવ્યત્વ લેવાં...

(૧) સંસારી જીવનું પુદ્ગલદ્રવ્ય સાથે 'બદ્ધ સંબંધરૂપ ભવ્યત્વ' અને

(૨) સંસારી જીવમાં અભ્યંતર 'અધ્યવસાય રૂપ ભવ્યત્વ'.

અધ્યવસાયના સ્થૂળ ભેદ જે સર્વ આર્ય ધર્મોને સ્વીકૃત છે તે ત્રણ ભેદ તામસ, રાજસ અને સાત્ત્વિક છે. એ શુભાશુભ અધ્યવસાયોના પાછા અસંખ્ય ભેદો છે. સાધના પથ ઉપર ક્રમસર વિકાસના ચૌદ સોપાનરૂપ અધ્યવસાયના જે વિશિષ્ટ ભેદો શાસ્ત્રકાર મહર્ષિઓએ બતાડેલ છે તે ચૌદ ગુણસ્થાનકોના ભેદ છે.

સંસારીજીવ આ સર્વ તામસ, રાજસ, સાત્વિક ભાવો અર્થાત્ અધ્યવસાય-સ્થાનકોને પરિણમવાને અધિકારી છે. અભવિ સંસારી જીવ તામસ, રાજસ ભાવોના બધાંય અધ્યવસાયોને પામી શકે છે. પરંતુ સાત્ત્વિક ભાવોના બધાંય અધ્યવસાય-સ્થાનકોને પામી શકવા તે સક્ષમ નથી અર્થાત્ સમર્થ નથી. અભવિ સંસારી જીવો લૌકિક સાત્ત્વિક ભાવોને સ્પર્શીને અટકી જાય છે અને એથી આગળ લોકોત્તર સાત્ત્વિક ભાવોમાં એમનો પ્રવેશ શક્ય નથી. તેથી જ અભવિ સંસારી જીવોનો મોક્ષ થતો નથી. મોક્ષ કરી આપનારા એ લોકોત્તર ભાવોથી ભાવિત થઇ શકતા નથી માટે જ એવાં જીવોને 'અભવિ' કહેલ છે. છતાં ય અભવિ જીવ, સાધના પથ ઉપર ક્યારેય પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકથી આગળ વધી શકતા નથી, અને મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વને પામતા નથી. અવિરતિમાંથી દ્રવ્ય વિરતિમાં આવવા છતાં ભાવ વિરતિને પામી શકતા નથી. અભવિ જીવો નિષ્કષાય, નિર્મોહી વીતરાગતાને પામી શકતા નથી. જે સંસારી જીવો મોક્ષના લક્ષ્યે બધાંય લૌકિક અને લોકોત્તર સાત્ત્વિક ભાવોને પામવાના છે તે સહુ સંસારી જીવોને 'ભવિ' જીવ કહેલ છે.

આમ પુદ્ગલના જેમ બે ભેદ, 'સચિત' (જીવસહિત-સજીવ) અને 'અચિત' (જીવરહિત-નિર્જીવ) છે, તેમ જીવોના મુખ્ય બે ભેદો છે. 'સંસારી જીવો' અને 'સિદ્ધ જીવો'. વળી આગળ આ સંસારી જીવોના પાછા બે ભેદ પડે છે 'ભવિ' અને 'અભવિ'.

ભાવ છે તે જીવ છે અને જીવ છે તેને ભાવ છે. આ ભાવો પહેલાં તો બે પ્રકારનાં છે. 'શુદ્ધ' અને 'અશુદ્ધ'. શુદ્ધ ભાવ પુદ્ગલ નિરપેક્ષ છે જે 'આત્મભાવ' અર્થાત્ 'સ્વભાવ' છે. જ્યારે અશુદ્ધ ભાવ પુદ્ગલ આશ્રિત-કર્મજનિત ભાવ છે. આ અશુદ્ધ ભાવના પાછાં બે ભેદ પડે છે. એ 'શુભ ભાવ' અને 'અશુભ ભાવ' કહેવાય

છે. અશુભ ભાવ 'તામસ' અને 'રાજસ' પ્રકારના ભાવો છે. જ્યારે શુભ ભાવો 'સાત્ત્વિક' અને 'સમ્યગ્' પ્રકારના ભાવો છે. મોક્ષના લક્ષ્યપૂર્વકના જે સાત્ત્વિક ભાવો છે તે લોકોત્તર સાત્ત્વિક ભાવો છે જેને 'સમ્યગ્ ભાવ' કહેવાય છે.

ભાવ

શુદ્ધ ભાવ — અશુદ્ધ ભાવ

(પુદ્ગલ નિરપેક્ષ) — (પુદ્ગલ સાપેક્ષ)

આત્મભાવ-સ્વભાવ

શુભ ભાવ — અશુભ ભાવ

લૌકિક-સાત્વિકભાવ — લોકોત્તર-સમ્યગ્ભાવ સાત્વિકભાવ — તામસભાવ — રાજસભાવ

વૈરાગ્ય ભાવ, એટલે અશુદ્ધ ભાવ, કારણકે પુદ્ગલ સાપેક્ષ છે અને હજી વીતરાગતા આવી નથી. પરંતુ તે અશુદ્ધ છતાં વૈરાગ્ય ભાવ છે, તેથી તે સાત્ત્વિક ભાવ કહેવાય. એ વૈરાગ્ય ભાવ આલોકના સુખ માટે કે પરલોક યાને સ્વર્ગના સુખને લક્ષ્યે નહિ પણ જો અપવર્ગ એટલે કે મોક્ષ સુખના લક્ષ્યે હોય તો તે લોકોત્તર સાત્ત્વિક ભાવ અર્થાત્ સમ્યગ્ભાવ કહેવાય છે. વૈરાગ્યની પરાકાષ્ટા વીતરાગતા છે જે શુદ્ધ ભાવ છે.

ભવ્ય અને અભવ્ય-(ભવિ અને અભવિના) ભેદ સંસારી જીવમાં પડે છે. જ્યારે ધર્મ, અધર્મ, આકાશ અને સિદ્ધ-પરમાત્માના જીવો પોતપોતાના ભાવમાં અર્થાત્ 'સ્વ'ભાવમાં હોવાથી ત્યાં ભવ્ય કે અભવ્યનો પ્રશ્ન ઉદ્ભવતો નથી. તેમ પુદ્ગલદ્રવ્ય બાબતમાં ભલે એક પુદ્ગલ પરમાણુ બીજા પુદ્ગલ પરમાણુ સાથે ભળીને દેશ-પ્રદેશ-સ્કંધ બનતો હોય તો ય પુદ્ગલ દ્રવ્યના એક પરમાણુની પુદ્ગલદ્રવ્યના બધાંય ભાવોને અર્થાત્ પર્યાયોને પામવાની તે સ્વાભાવિક-વાસ્તવિક-અનુપચરિત પ્રક્રિયા હોવાના કારણે બધાં જ પુદ્ગલ પરમાણુ ભવ્ય છે, તેથી ભવ્ય કે અભવ્યનો પ્રશ્ન ઉદ્ભવતો નથી. પુદ્ગલદ્રવ્યમાં બંધ-મોક્ષ તત્ત્વ નથી. બદ્ધતા, નિર્ગ્રંથતા કે નિર્બંધતાનો ત્યાં પુદ્ગલદ્રવ્ય વિષે પ્રશ્ન રહેતો નથી. બંધ-મોક્ષ તત્ત્વ સંસારી જીવને જ હોય છે, કારણ કે 'ઉપચરિત' અને 'અનુપચરિત' માત્ર સંસારી જીવને જ લાગુ પડે છે. બદ્ધ સંબંધ કેવળ સંસારી જીવને છે, તેથી તેને માટે નિર્ગ્રંથ થઈ નિર્બંધ થવાનો પ્રશ્ન અને પ્રક્રિયા છે. સંસારી જીવોને બંધતત્ત્વ છે. તે ઉપચરિત ભવ્ય સંબંધ છે. પરંતુ ભવિ જીવો અનુપચરિત ભવ્યતાને પામી શકે છે. તેથી જ બંધની સામે 'મોક્ષ' તત્ત્વ છે.

સંવેદના, શક્યતા, સંભાવના અને ભવ્યતા સંસારી જીવોને લાગુ પડે છે. લાગણી, ભાવના જે જીવને છે તે જીવની સંવેદના છે. સંસારી જીવની શિવ-સિદ્ધ પરમાત્મા બનવાની શક્યતા છે તેમાં સુલભબોધિ ભવ્ય જીવોની શિવ થવાની શક્યતા ઘણી છે. પરંતુ ભારે કર્મી, દુર્લભ બોધિ, દુર્ભવી જીવોની શક્યતા ઓછી છે, માટે તેમની બાબતે 'સંભાવના' શબ્દપ્રયોગ થઈ શકે. નહેરુ ચૂંટણી લડી રહ્યાં હોય અને તેની સામે સામાન્ય અજ્ઞાત વ્યક્તિ ચૂંટણી લડી રહી હોય, તો કહેવાય કે નહેરુને જીતવાની શક્યતા છે, જ્યારે અજ્ઞાત વ્યક્તિને જીતવાની સંભાવના હોય શકે. જો સંસારીજીવમાં મોક્ષને પામવાની ભવ્યતા-યોગ્યતા નથી એટલે કે તે અભવ્ય સંસારી જીવ છે તો કહેવાય કે તેની ભવ્યતા નથી. મોક્ષ પામવાની ભવિતવ્યતા હોય તો ભવ્યતા અને ભવિતવ્યતા નહિ હોય તો અભવ્યતા-અભવિ. જીવદ્રવ્યને ચારેક સંવેદના, શક્યતા, સંભાવના અને ભવ્યતા શબ્દપ્રયોગ લાગુ પડે, જ્યારે પુદ્ગલદ્રવ્ય વિષે માત્ર શક્યતા અને સંભાવના શબ્દપ્રયોગ કરી શકાય.

તેરમા 'સયોગી કેવળી' ગુણસ્થાનકે કેવળજ્ઞાની ભગવંતને મન, વચન, કાયાના યોગ, આત્મપ્રદેશ, કેવળજ્ઞાન અને ચાર અઘાતિકર્મો, એ ચારેય એકક્ષેત્રી અભેદ છે. આ તેરમા ગુણસ્થાનકે ચાર અઘાતિકર્મનું બંધન આત્મપ્રદેશે હોવા છતાંય તે અઘાતિકર્મનું બંધન કેવળજ્ઞાનને (કેવળદર્શન-કેવળજ્ઞાન ઉપયોગને) કોઈ અસર પહોંચાડી શકતું નથી, કારણ કે ચાર પ્રકારના બંધમાં રસબંધ અને સ્થિતિબંધ માત્ર મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના ભાવ વડે જ થતાં હોય છે. કેવળજ્ઞાની ભગવંતોએ તો મોહનીયકર્મનો સર્વથા નાશ કરેલ હોવાથી મિથ્યાત્વ, અવિરતિ અને કષાયનો પણ સર્વથા નાશ થઈ ગયેલો હોય છે. માટે જ કેવળજ્ઞાની ભગવંતના આત્મપ્રદેશના હલનચલનથી એટલે કે યોગિક સંચલન-યોગવ્યાપાર-યોગિક વ્યવહારથી ફક્ત એક સમય પૂરતો પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે. જે પણ પ્રાયઃ શાતાવેદનીય કર્મ પૂરતો જ સીમિત હોય છે. એટલું જ નહિ પણ જૂના બાંધેલા કર્મોની સત્તા જે અઘાતિકર્મમાં પંચ્યાસી (૮૫) ભેદે છે, તેની અસર પણ બળેલી સીંદરી જેવી છે. (જે વિષે 'શુકલ ધ્યાનના ચાર ભેદોમાં છેલ્લાં બે પાયા સંબંધી કેવળજ્ઞાનમાં વિચારણા' એ પ્રકરણમાં વિગતે વિચાર્યું છે.)

કેવળજ્ઞાનથી કેવળીભગવંત જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં પોતાના આત્મપ્રદેશથી, આપણી છદ્મસ્થની અપેક્ષાએ લાખો જોજન દૂર રહેલ પદાર્થને અથવા તો નષ્ટ ભૂતકાળને તેમજ અનુત્પન્ન ભવિષ્યકાળને વર્તમાનમાં જુએ છે. એજ પ્રમાણે એમની પોતાની સાથે ક્ષીરનીરની જેમ જે અઘાતિકર્મોનો એમના પોતાના આત્મપ્રદેશ સાથેનો જે જૂનો કર્મબંધ છે, તેના પ્રતિ પણ જ્ઞાતા-દૃષ્ટા છે પરંતુ ભોક્તા નથી. વ્યવહારની અપેક્ષાએ આયુષ્યકર્મ છે ત્યાં સુધી આપણે એમને જે ભોક્તા કહીએ છીએ તે તો વ્યવહાર સાપેક્ષ છે. નિશ્ચયથી તો ગમે તેવાં અઘાતિકર્મના ઉદયમાં પણ કર્મને વેદતા નથી પણ સ્વરૂપને-કેવળજ્ઞાનને વેદે છે. વિપાકોદય છે જ નહિ. માત્ર પ્રદેશોદય જ છે. થિણદ્ધિ નિદ્રાથી પીડાતી વ્યક્તિ, થિણદ્ધિ નિદ્રામાં જે પ્રમાણે અભાનપણે ક્રિયા કરે છે તે પ્રમાણે તેરમા ગુણસ્થાનકે કેવળી ભગવંતને તથાભવ્યતાનુસાર અઘાતિકર્મ વિષે સ્વયં સંચાલિત ક્રિયા થયા કરતી હોય છે. માટે જ કહ્યું છે કે...'અજ્ઞાની બધું કર્યા કરે અને જ્ઞાનીને બધું થયાં કરે'

जागृत्यामानि ते नित्यं, बहिर्भावेषु शेरते ।

उदास्तेये परद्रव्ये, लिंगते स्वगुणामृते ॥

મહોપાધ્યાયજી પરમાત્મજ્યોતિ પંચવિંશતિ

જે બહિરાત્મ ભાવમાં જ પોતાપણું માની પૌદ્ગલિક પરાધીન પદાર્થોમાં સુખના ભ્રમે લીન થઈ સૂતા છે, તે તો મૂઢ આત્મા જાગતા છતાં, સૂતા જ જાણવા, પરંતુ જે આવા બહિરાત્મ ભાવનો ત્યાગ કરીને પોતાના સત્ય આત્મસુખમાં જ રમતા રહે છે, તે સૂતાં છતાં પણ જાગતા છે, એવાં મહાત્માઓ પરદ્રવ્યમાં ઉદાસીન રહી, સ્વ સ્વરૂપ ગુણરૂપ અમૃતનું આસ્વાદન કરે છે.

नलिनं च यथा नीरं, भिन्नं तिष्ठति सर्वदाः ।

अयमात्मा स्वभावेन, देहे तिष्ठति सर्वदा ॥

પરમાનંદ પંચવિંશતિ.

જેમ પાણીને વિષે કમલ જલ થકી નિરંતર ન્યારું રહે છે, તેમ જ કેવળજ્ઞાની ભગવંતનો આત્મા શરીરમાં રહ્યો છતાં, શરીર થકી સદા જુદો જ રહે છે. ગડગડિયા નાળિયેર જેવી દશા હોય છે.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના શરણમાં, હો વંદન અગણિત.

-આત્મસિદ્ધિ-શ્રીમદ્જી

નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહિ ક્ષોભ,
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ વીત લોભ.

શ્રીમદ્જી

**જ્ઞેય, જ્ઞાન, જ્ઞાતા અભેદ કેવળજ્ઞાન :**

છદ્મસ્થને છદ્મસ્થના જ્ઞાનમાં, જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા ભિન્ન ભિન્ન હોય છે, જેવી રીતે ધ્યાનમાં, ધ્યેય, ધ્યાન અને ધ્યાતા ભિન્ન ભિન્ન હોય છે. છદ્મસ્થનું જ્ઞાન અપૂર્ણ ભેદયુક્ત હોય છે. છદ્મસ્થ જ્ઞાતા, જ્ઞેયને જાણવા જાય છે અને જે જ્ઞેયને એ પોતાના જ્ઞાનમાં જાણે છે તે એના સીમિત જ્ઞાનથી સીમિત જાણે છે. જે જાણે છે તે પદાર્થ ફરતાં કે કાળ ફરી જતાં તે પદાર્થના જ્ઞાનમાં પાછી ફેરફારી થતી હોય છે. વળી સામે જે જ્ઞેય છે તેમાં પણ ફેરફારી થતી હોય છે. જ્ઞાતાના જ્ઞાનમાં પણ ફેરફારી થતી હોય છે અને જ્ઞાતાની જ્ઞાનદશામાં પણ બદલાવ આવતો હોય છે.

જો જ્ઞાન નિરાવરણ થાય અને તે નિરાવરણ જ્ઞાનમાં જણાય તો બધું ય એકીસાથે સ્વયં સ્વાધીનપણે જણાય. પરંતુ જો જ્ઞાન જાણવા જાય તો જેટલું જાણવાનું છે તેના અનંતમાં ભાગે પરાધીનપણે જાણે, જે જાણે તે પાછું ક્રમથી જાણે, જાણેલું પાછું એક સાથે કે ક્રમથી ચાલ્યું પણ જાય. જાણનારે જાણ્યું હોવા છતાંય પાછી તેની વિસ્મૃતિ પણ થઇ જાય અને એકવાર જાણેલું બીજીવાર પ્રયત્ન કરીને જાણવા જવું પડે તેવું વિસ્મરણ થઇ જાય. આવો મહાન ભેદ પૂર્ણ અને અપૂર્ણ જ્ઞાન વચ્ચે છે.

કેવળજ્ઞાન એ પૂર્ણ જ્ઞાન છે. એ સર્વજ્ઞતા છે. એ જ્ઞાન જ્ઞેયને જાણવા જતું નથી પણ જ્ઞેયે એના જ્ઞાનમાં ઝળહળે છે એટલે કે પ્રતિબિંબિત થાય છે. જ્ઞેય, જ્ઞાન અને અને જ્ઞાતા એ ત્રણેય સમકાળ અર્થાત્ યુગપદ હોય છે. તેથી જ તે ત્રણ જ્ઞેય, જ્ઞાન, જ્ઞાતા અભેદ હોય છે. કેવળજ્ઞાની ભગવંતમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણે અભેદ હોય છે. કેવળજ્ઞાની ભગવંત પોતે જીવદ્રવ્ય, જ્ઞાન એ જીવદ્રવ્યનો ગુણ અને કેવળજ્ઞાન એ જ્ઞાનગુણનો પર્યાય. જો કેવળજ્ઞાન હોય તો તે કેવળજ્ઞાન પર્યાયવાળા કેવળજ્ઞાની ભગવંત અને જ્ઞાન ગુણ હોય જ. એજ પ્રમાણે જો કેવળજ્ઞાની ભગવંત હોય તો જ્ઞાન ગુણ અને તેનો પર્યાય કેવળજ્ઞાન હોય જ. છદ્મસ્થને ત્રણે ભેદરૂપ હોય. પરમાર્થથી જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતાના ભેદ નથી. વ્યવહારિક દશામાં જ ત્રણેના ભેદ હોય છે. કારણ કે કેવળજ્ઞાન થયું નથી ત્યાં સુધી છદ્મસ્થજ્ઞાની ભગવંતનું જ્ઞાન ફર્યા કરતું હોય છે-બદલાતું રહેતું હોય છે-હાનિ-વૃદ્ધિ ક્ષય ધર્મવાળું હોય છે.

કોઇપણ દ્રવ્ય ભાવ વગરનું હોય જ નહિ. વળી દ્રવ્ય હોય તો તે દ્રવ્યનું કદ, હદ, સીમા હોય જ ! દ્રવ્યના આ કદને પોતાનું ક્ષેત્ર હોવાનું જ ! ઉપરાંત દ્રવ્યનો જે ભાવ હોય તે ક્યાં તો નિત્ય હોય કે ક્યાં તો અનિત્ય હોય. નિત્યાનિત્ય જ્યાં આવ્યું ત્યાં કાળ હોય જ ! આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એકમેક સાથે સંકળાયેલ હોય છે. વ્યવહારક્ષેત્રે આપણને જે ભણાવવામાં આવે છે અને આપણે ભણીએ છીએ તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જ ભણીએ છે. પદાર્થવિજ્ઞાન છે તે દ્રવ્યનું ભણતર છે. ભૂગોળ છે તે ક્ષેત્રનું ભણતર છે. ઇતિહાસ છે તે કાળનું ભણતર છે. લલિતકળા, નિબંધ, સાહિત્ય, ચારિત્ર નિર્માણ, ચારિત્ર ઘડતર છે તે ભાવ ભણતર છે. ધર્મક્ષેત્રે-અધ્યાત્મક્ષેત્રે પણ જે ભણીએ છીએ તે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું જ ભણતર છે. પરંતુ તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જે તીર્થંકર કેવળી ભગવંતે આપ્યા છે અને ભણાવ્યા છે તે જ ભણવાના હોય છે. એટલું જ નહિ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભગવંતે આપ્યા છે તે પાછા આપણા પોતાના જ આપ્યા છે. પ્રત્યેક જીવને એના પોતાના જ આધ્યાત્મિક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બતાડ્યા છે અને ભણાવ્યા છે.

દ્રવ્યની ઓળખ એના ભાવ અર્થાત્ ગુણથી થાય છે. પાંચેય અસ્તિકાય એકક્ષેત્રી છે અને તે અસ્તિકાય પ્રદેશ રૂપે છે. એમાંથી આકાશાસ્તિકાય, અઆકાશાસ્તિકાય તરીકે અને ધર્માસ્તિકાય તેમ અધર્માસ્તિકાય તરીકે ઓળખાય છે તે તેના અવગાહના દાયિત્વ ગુણ, ગતિપ્રદાન અને સ્થિતિપ્રદાન ગુણથી કેવળજ્ઞાની ભગવંતને જણાય છે. પરમાત્મ ભગવંતને કેવળદર્શનમાં દ્રવ્ય-અસ્તિકાય-પ્રદેશ દેખાય છે અને કેવળજ્ઞાનમાં અવગાહનાપ્રદાન, ગતિપ્રદાન, સ્થિતિપ્રદાન, ગ્રહણત્વ ગુણ જણાય છે, જે ગુણના આધારે કેવળજ્ઞાની ભગવંત તે તે દ્રવ્યની ઓળખ કરાવે છે, દ્રવ્યને ખ્યાતિ આપે છે. અવગાહનાપ્રદાન આદિ ગુણકાર્ય છે. અને ગુણકાર્ય એ પર્યાય છે. આમ દ્રવ્ય અને ગુણની વિશેષ સમજ ગુણકાર્ય અર્થાત ગુણના પર્યાયથી થાય છે. અને સંપૂર્ણ સમજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મળેથી થાય છે. નીચેના ઉદાહરણથી વિશેષ સ્પષ્ટ સમજી શકાશે.

'હું' અને 'તમે' ચાર વાગ્યે મળ્યાં હતાં એટલે કે ઉભય અરસપરસ એકબીજાને ચાર વાગ્યે જ મળ્યાં હતાં. જો એમ કહીએ કે 'હું' તમને ચાર વાગ્યે મળ્યો હતો અને 'તમે' મને સાડાચાર વાગ્યે મળ્યાં હતાં તો પાગલ જ ઠરીએ. એવું શક્ય નથી. વળી એમ કહીએ કે ચાર વાગ્યે 'હું', 'તમને' હેંગીંગ ગાર્ડનમાં મળ્યો હતો અને 'તમે', 'મને' મંદિરમાં મળ્યાં હતાં, તો પણ પાગલ ઠરીએ. એવું શક્ય નથી. એકબીજાને અરસપરસ ચાર વાગ્યે જ મળ્યાં હતાં તે કાળ અભેદતા છે અને હેંગીંગ ગાર્ડનમાં મળ્યાં હતાં તે ક્ષેત્ર અભેદતા છે. પુત્રજન્મ અને પિતૃત્વ એટલે કે પિતાનું પિતા થવું તે યુગપદ સમકાલીન છે. એવું જ કેવળજ્ઞાની ભગવંત વિષે જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતાનું અભેદપણું છે. યુગપદ અભેદતા છે. એમાં જ્ઞેયનું સર્વાંગ સંપૂર્ણ અખંડ દર્શન હોય છે. નથી તો એમાં જ્ઞાન ફરતું હોય છે, નથી તો જ્ઞેય ફરતું હોય છે કે નથી તો એમાં જ્ઞાતા ફરતો હોય છે. જે દર્શન છે તે સ્થાયી છે. સર્વ કાંઇ સમકાળ છે અને તે પાછું સર્વકાળે સમ છે એટલે જ તો કેવળજ્ઞાની ભગવંતને કેવળજ્ઞાનમાં જે પ્રમાણે જેવું દેખાયું હોય અને જણાયું હોય તેને 'ભવિતવ્યતા' કહેવાય છે, જેમાં લેશમાત્ર ફરક પડતો નથી અને જે પ્રમાણે જેવું જણાયું હોય તેવું જ અને તે પ્રમાણે ઘટના બનીને જ રહે છે તે ભગવંતની 'જ્ઞાતસત્તા' છે. એ જ પ્રમાણે ઘટના જે રીતે ઘટી રહી હોય છે, બનાવ જે રીતે બની રહ્યો હોય છે કે પછી ભૂતકાળમાં ઘટના જે રીતે ઘટી હોય તે જ રીતે જણાવતા હોય છે તે ભગવંતની 'વીતરાગતા' છે.

વિષયને વધુ સ્પષ્ટ કરવા દર્પણ (અરીસા) અને પ્રતિબિંબનું ઉદાહરણ લઇ શકાય. અરીસો જે છે તે બિંબ છે. સન્મુખ પદાર્થ છે તે બિંબ્ય છે અને તે બિંબ્યની અરીસામાં ઉપસતી આકૃતિ-પ્રતિબિંબ છે. અરીસામાં પ્રતિબિંબનું ઉપસવું તે અરીસાના અરીસાપણાની સાબિતી છે-કસોટી છે-ચકાસણી છે. પ્રતિબિંબ ઉપસે છે માટે તે અરીસો છે, જે અરીસાના અરીસાપણા ઉજ્જ્વળતા, સ્વચ્છતા, સરળતા, સમતલતા, લીસાપણા અને ચળકાટની ચકાસણી છે. જેમ બિંબ્યનું પ્રતિબિંબ, બિંબ (અરીસો) અને અરીસાપણું ત્રણેય અભેદ હોય છે, તેમ કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાં જ્ઞેય, જ્ઞાન, જ્ઞાતા ત્રણેય અભેદ હોય છે. સાથે એ ભૂલવા જેવું નથી કે જ્ઞેય જે જડ ચેતન સચરાચર સૃષ્ટિ હોય છે તેની સાથે જ્ઞાન અને જ્ઞાતા અભેદ થતાં હોવા છતાં ય જ્ઞાન, જ્ઞાન જ રહે છે અને જ્ઞાતા, જ્ઞાતા જ રહે છે. ન તો જ્ઞાન જડ થાય છે કે ન તો જ્ઞાતા જડ થાય છે. જ્ઞાન અને જ્ઞાતા ચેતન જ રહે છે. જેમકે અરીસો અને અરીસાના અરીસાપણામાં, બિંબના, કે જે બિંબ્ય વિધ વિધ પ્રકારના સારા-નરસા, સુરૂપ-કુરૂપ, ઇષ્ટ, મિષ્ટ કે અનિષ્ટ હોવા છતાં તેના પ્રતિબિંબથી કોઇ જ ફરક પડતો નથી. આજ તો જ્ઞાન અને જ્ઞાતાની વીતરાગતાનો જવલંત પુરાવો છે-જીવવંત પુરાવો છે. માટે જ

॥ त्वमेव सच्चं निःशंकं जंजंजिणेहिं पवेरं ॥'

વીતરાગ જિનેશ્વર ભગવંતે જે જે કહ્યું છે તે નિઃશંક સત્ય છે.

ગમે તેટલા કાળાંતરે જીવને કેવળજ્ઞાન થાય પણ ઉપયોગ અને વેદનમાં કોઇ ફરક નહિ :

કેવળજ્ઞાન બાબતમાં એવું નથી કે જેને પહેલું કેવળજ્ઞાન થયેલ હોય તેનો ઉપયોગ અને વેદન, પછીથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારના ઉપયોગ અને વેદનથી ચઢિયાતી કક્ષાના હોય. કેવળજ્ઞાનના વિષયમાં વહેલો તે પહેલો કે સરકારી નોકરીમાં સીનીયોરીટી Seniorityનો હોય છે તેવો કાયદો નથી હોતો. પ્રથમ તીર્થંકર ભગવંત આદિનાથના કેવળજ્ઞાનનો જેવો ઉપયોગ અને જેવું વેદન છે તેવો જ કેવળજ્ઞાનનો ઉપયોગ અને વેદન વર્તમાન ચોવીસીના ચરમ તીર્થપતિ શાસનપતિ ભગવાન મહાવીર સ્વામિજીનો હોય છે, તેમ સામાન્ય અજિન કેવળી ભગવંતનો છે. પહેલાં થયાં હોય, પછી થયાં હોય, હવે પછી ભાવિકાળમાં થનારા હોય કે પછી વર્તમાનકાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વિહરમાન-વિદ્યમાન તીર્થંકર ભગવંતો કે સામાન્ય કેવળી ભગવંતો હોય એ સર્વ કેવળજ્ઞાની ભગવંતોનું કેવળજ્ઞાન, કેવળજ્ઞાનનો ઉપયોગ, અને કેવળજ્ઞાનનું વેદન એક સરખાં જ સમ હોય છે. એમાં કોઇ જ તરતમતા નથી હોતી. કેવળજ્ઞાન વિષયમાં કાયદો તો એ છે કે પૂર્ણ ચૂકવીએ તો પૂર્ણ મળે. અર્થાત્ પૂર્ણપણે કર્મ ખપાવીએ તો પૂર્ણ જ્ઞાની થઇએ-કેવળજ્ઞાન પામીએ-સર્વજ્ઞ બનીએ ! ૩૫% માર્ક મેળવીએ એટલે પાસ થઇ જઇએ અથવા ફાયનાન્સીયલ સ્કીમમાં હપ્તે હપ્તે Installmentથી પૈસા ચૂકવવાનું નક્કી કરી વસ્તુ વહોરી લઇ આવીએ એવી વ્યવસ્થા કેવળજ્ઞાનની પ્રાપ્તિના વિષયમાં નથી. ચારેય ઘન ઘાતીકર્મોનો પૂર્ણપણે ચૂરો કરીએ-ચારેય ઘાતીકર્મનો સર્વથા ક્ષય કરીએ-જડમૂળથી નાશ કરીએ ત્યારે જ કેવળજ્ઞાન અનાવૃત થઇ તેનું પ્રગટીકરણ થાય. કર્મને દબાવીએ-ઉપશાવીએ તો પણ કેવળજ્ઞાનનું પ્રગટીકરણ નહિ થાય. એટલે જ તો ઉપશમ શ્રેણિએ ચઢીને અગિયારમા ગુણસ્થાનક ઉપશાન્ત કષાય (વીતરાગ છદ્મસ્થ)ને સ્પર્શનારા વીતરાગ ભગવંત કહેવાય. એવા સાધકને પણ પૂર્ણ ચૂકવતા નથી તો કેવળજ્ઞાન થતું નથી. અને અગીયારમા ગુણ-સ્થાનકેથી તેઓ પાછા ફરે છે-હેઠે ઊતરે છે-નીચે પડે છે. શેઠને ત્યાં કામ કરનાર વાણોતર શેઠની મહેરબાની મેળવીને પોતાની આવડત હોંશિયારીથી શેઠનો બરોબરીઓ થઇ જઇ શેઠની હરોળમાં બેસે એવું નથી. પરંતુ કેવળજ્ઞાન વિષયમાં તો ઉપાસ્ય વીતરાગ ભગવંત જેવાં છે એવાં જ વીતરાગ કેવળીભગવંત, એ ઉપાસ્ય વીતરાગ ભગવંતની ઉપાસના-સેવા-ચાકરી કરીને બનવાની વાત છે. બાકી પંદર ભેદે જે સિદ્ધ કહ્યા છે તે તો કેવળજ્ઞાનની પૂર્વાવસ્થાના ભેદ છે.

કાળ, છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય હોવા છતાં તે અસ્તિકાય નથી એટલે મૌલિક પદાર્થ નથી, પરંતુ ઉપચરિત દ્રવ્ય છે. કાળનું કોઇ સ્વતંત્ર અસ્તિત્વ છે નહિ. કાળ તો કેવળ કલ્પના છે-ભ્રમણા છે. એ તો કાળાધ્યાસ છે અર્થાત્ કાળનો ભ્રમ-આભાસ છે. જીવે પોતે જ પોતાના જ્ઞાનમાં ભ્રમ અને ભ્રાંતિથી ઉત્પન્ન કરેલ વસ્તુ છે. તેનું કોઇ સત્ય માપ કે પ્રમાણ નથી. ઉદાહરણ તરીકે જાગ્રતાવસ્થામાં સુખવેદનમાં-શાતાકાળમાં કાળની કોઇ ખબર પડતી નથી. સુખના લાખો વર્ષ ક્ષણ જેવા લાગે છે. જ્યારે દુઃખવેદનમાં હોઇએ તો કલ્પેલો કાળ મહાકાળ લાગે છે. દુઃખમાં દુઃખની એક ક્ષણ પણ લાખ વર્ષ જેવી લાગે છે. એજ પ્રમાણે નિદ્રામાં પણ વ્યવહારિક અપેક્ષાએ કેટલું ઊંઘીએ છીએ તેનું ભાન હોતું નથી. તેજ પ્રમાણે સ્વપ્નાવસ્થામાં આપણા જીવનનો વિભાગ પચાસ વર્ષનો હોય તે પાંચ મિનિટનો થઇ જાય છે. આ તો બધાંના જીવનના અનુભવની વાત છે.

## કેવળજ્ઞાન-કેવળદર્શનના સમયાંતર ઉપયોગ સંબંધી વાદવિવાદ નિરસનઃ

આચાર્ય ભગવંતો વાદિ મલ્લદેવસૂરિજી, જિનભદ્ર શ્રમાશ્રમણ અને સિદ્ધસેન દિવાકર સૂરિજી વચ્ચે કેવળજ્ઞાની ભગવંતોને કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ સમયાંતરે હોય છે કે એક જ સમયે યુગપદ-સમકાલ હોય છે કે પછી દર્શન સામાન્ય હોઇ, જ્ઞાનમાં સમાઈ જાય છે તે સંબંધી મતભેદ હતો.

'જુગવં નથ્થિ દો ઉવઓગા' બંને ઉપયોગ એક સાથે ન હોય પણ સમયાંતરે હોય એવો આગમનો પાઠ છે.

કર્મગ્રંથની રૂએ બારમા ગુણસ્થાનકના અંતે વીતરાગ અવસ્થામાં પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને પાંચ અંતરાયકર્મની એમ ચૌદ પ્રકૃતિનો એક સાથે નાશ થાય છે. જો આ ચૌદ કર્મપ્રકૃતિઓનો નાશ એકી સાથે થાય, તો જ્ઞાનદર્શન ઉપયોગ પણ એક સાથે સમકાળ વર્તે. પરંતુ જો સમયાંતર માનીએ તો એકેક ઉપયોગ ઉપર સમયાંતરે આવરણ સિદ્ધ થાય. અને જો આવરણની સિદ્ધિ થાય તો ક્ષાયિકભાવમાં ક્ષતિ પહોંચે.

હવે અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આગમમાંથી કર્મસાહિત્ય નીકળ્યું કે પછી કર્મસાહિત્ય-કર્મગ્રંથમાંથી આગમ નીકળ્યાં ? આગમ વિરુદ્ધની કલમ કર્મગ્રંથમાં આવે એ સંભવિત નથી. આ દૃષ્ટિકોણથી વિચારતાં કેવળજ્ઞાન ઉપયોગ અને કેવળદર્શન ઉપયોગ બંને એક જ સમયે હોય એ સિદ્ધાંત સ્વીકૃત ઠરે છે.

જો જ્ઞાન અને દર્શન શબ્દના અર્થ કરીશું તો જ્ઞાન એટલે જાણવું અને દર્શન એટલે જોવું એવો અર્થ થશે. જ્ઞાન એ વિશેષ ઉપયોગ છે અને દર્શન સામાન્ય ઉપયોગ છે. દશ્ય પદાર્થ હંમેશા અસ્તિકાય હોય અને એનું કદ અને હદ (ક્ષેત્ર) હોય. વળી એની આકૃતિ-સંસ્થાન હોય અર્થાત્ સાકાર-મૂર્ત-રૂપી હોય. એ અસ્તિકાયમાં રહેલ ગુણ પર્યાયને જાણવાનું કામ જ્ઞાનનું છે. જ્ઞાન અસ્તિકાય એટલે કે દ્રવ્યમાં રહેલાં ભાવોને-ગુણપર્યાયને જાણે. ઉદાહરણ તરીકે સાકરનો ટૂકડો દેખીએ-જોઇએ છીએ. પરંતુ સાકરમાં રહેલી મીઠાશને જોતાં નથી પણ જાણીએ છીએ. આ જોવાં અને જાણવાની ક્રિયા બંને એક જ સમયે હોય. જોવું અને જાણવું ભેગું થાય ત્યારે જ્ઞાન પૂર્ણ બને છે. જે કેવળજ્ઞાન છે.

જ્ઞાન, દૃષ્ટિ ક્યારે બને છે ? પદાર્થને જ્યારે Attention- ધ્યાન દઇને ઉપયોગથી જોવામાં આવે છે ત્યારે જ્ઞાન, દૃષ્ટિ બને છે. ઓછું-વત્તું જણાય છે તે ક્ષયોપક્ષમ છે. દૃષ્ટિ એકદેશીય હોય છે કારણકે દૃષ્ટિ, દશ્ય સાથે સંબંધ કરવા જાય છે. સામાન્ય-વિશેષ દર્શન એ ઓછી-વત્તી જાણ છે. આ આત્મહિતની દૃષ્ટિથી થતું સમ્યગ્દર્શન છે.

જ્ઞાન, દર્શન ક્યારે બને છે ? જ્યારે જોવા અને જાણવાનું બંને કરવામાં આવે છે ત્યારે જ્ઞાન દર્શન બને છે. જે સર્વદેશીય છે. એ વાસ્તવિક દર્શન છે અને તે કેવળદર્શન છે. કેવળદર્શનમાં જોવાનું હોતું નથી. એ તો પૂર્ણ છે અને અક્રિય, અક્રમિક છે. એટલે અસ્તિકાયો-પદાર્થો-દ્રવ્યો જેવાં છે એવાં જ અને જેવડાં છે એવડાં જ તેના અસલરૂપે સમકાળ પ્રતિબિંબ થાય છે. અહીં જ્ઞાન-દર્શન અભેદ છે અર્થાત્ દૃષ્ટિ-દર્શન અભેદ છે. આ તો આત્મા વડે થતું દિવ્ય દર્શન-કેવળ દર્શન છે.

ટૂંકમાં-

આત્મા માટે જુઓ તો સમ્યગ્દર્શન !

આત્મા વડે જુઓ તો દિવ્યદર્શન-કેવળદર્શન !

કેવળજ્ઞાન એટલે 'સર્વક્ષેત્રના, સર્વકાળના, સર્વ દ્રવ્યોને તેના સર્વ ભાવ સહિત જાણે' એ જે કેવળજ્ઞાની વ્યાખ્યા કરવામાં આવી છે તે પર પદાર્થને જોવા-જાણવાના અર્થમાં તે અપેક્ષાએ થઇ છે. પરંતુ આત્માનું સ્વરૂપ તે જ્ઞાન-દર્શન અર્થાત્ જોવું-જાણવું નથી પણ આત્માનું સ્વરૂપ તો વેદન તત્ત્વ છે. જડ અને ચેતનનો ભેદ સમજવા માટે આત્માનું લક્ષણ જ્ઞાન-દર્શન લેખવામાં આવે છે. પરંતુ આત્માના સ્વરૂપની પરિપૂર્ણતા અને આત્માના સ્વરૂપની પરિપૂર્ણ વ્યાખ્યા, વેદકતા-અનુભૂતિ-અનુભવને સાથે લઇએ ત્યારે થાય. માટે આત્માના પૂર્ણ સ્વરૂપને-મૂળ સ્વરૂપને સમજવા જ્ઞાયકભાવ ઉપરાંત સાથે સાથે વેદકતા લેવી જ જોઇએ, કારણકે કેવળજ્ઞાનમાં સ્વક્ષેત્રે વેદકતા પ્રધાન છે અને પરક્ષેત્રે પ્રકાશકતા છે. કેવળજ્ઞાન હોય પરંતુ આનંદવેદન નહિ હોય તો તેવાં કેવળજ્ઞાનની કિંમત શી ? એટલે જ તો અવધૂત યોગી આનંદઘનજી મહારાજાએ ગાયું છે કે...

જ્ઞાનાનંદ હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ સુગ્યાની;

અતીન્દ્રિય ગુણમણિ આગરુ, એમ પરમાતમ સાધ સુગ્યાની.

સુમતિનાથજી સ્તવન

કવિ બનારસીદાસે પણ જીવલક્ષણ સમજાવતાં કહ્યું છે કે...

સમતા-રમતા ઉરધતા, ગ્યાયકતા સુખભાસ,

વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ.

આત્માનું લક્ષણ વેદકતા છે અને આત્માનું સ્વરૂપ જ્ઞાનાનંદ-સ્વરૂપાનંદ-આત્માનંદ વેદન છે. આ વેદન તત્ત્વ ત્રણ પ્રકારે છે. સુખવેદન, દુઃખવેદન અને આનંદવેદન. સુખ-દુઃખનું વેદન કર્મજનિત હોય છે અને ક્રમથી હોય છે. જીવના ભોગ માટે તે કર્તાભાવથી હોય છે. જ્યારે પૂર્ણાનંદવેદન-કેવળજ્ઞાનાનંદવેદન-સ્વરૂપાનંદ વેદન-આત્માનંદવેદન કર્મરહિત, કર્મનિરપેક્ષ, અક્રિય અક્રમિક, અકર્તા ભાવે સહજ જ હોય છે. વળી સુખ-દુઃખ પરાધીન હોય છે જ્યારે આત્માનંદવેદન સ્વાધીન હોય છે. એટલું જ નહિ પણ તે એક રસરૂપ અર્થાત્ સમ્+વેદન=સંવેદન-સંપૂર્ણ- પરિપૂર્ણ વેદનરૂપ હોય છે એટલે કે વેદનની તીવ્રતામાં અનંત રસરૂપ હોય છે. एकाऽनंत शिषात्मक : ।। વેદન એક પણ તે અનંત રસરૂપ હોય, ચરમ સીમારૂપ હોય, રસ પરાકાષ્ટાનો-ટોચનો હોય. ઉદાહરણ તરીકે એક કરોડ કહો તો તે રકમ એક પરંતુ સંખ્યા ગણવાની હોય તો તે એક કરોડ ગણવી પડે.

ત્રણ આચાર્યના જે મત છે, તેમાં તેઓએ જ્ઞેય અને દશ્ય સામે રાખી કેવળજ્ઞાન અને કેવળદર્શનની વ્યાખ્યા કરી. પરંતુ જીવનું સ્વરૂપ જે વેદનતત્ત્વ છે તેને કેવળજ્ઞાન અને કેવળદર્શન સાથે જોડીને જ્ઞાન-દર્શનનો અર્થ પૂરો ન કર્યો. સ્વરૂપવેદન જ પ્રધાન છે. કારણ કે જીવને પોતાના બધાંય ક્ષાયિકભાવના ગુણો આનંદવેદનરૂપ છે. માટે જ કેવળજ્ઞાન અને કેવળદર્શનને જીવના ભાવ સાથે જોડવાં જોઇએ અને નહિ કે માત્ર જ્ઞેય સાથે.

હવે આચાર્ય મહર્ષિના મત શું છે તે જોઇએ અને તે પર વિચાર કરીએ...(૧) આચાર્ય ભગવંતશ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણનો મત આગમના પાઠ અનુસાર એ છે કે...'કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ સમયાંતરે છે.'

(૨) આચાર્ય ભગવંત વાદી મલ્લદેવ સૂરિજીનો મત કર્મગ્રંથ અનુસાર એ છે કે...'કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ એક જ સમયે યુગપદ્-સમકાલીન છે.'

(૩) આચાર્ય ભગવંત સિદ્ધસેન દિવાકર સૂરિજીના મત પ્રમાણે કેવળજ્ઞાન એ વિશેષ છે અને કેવળદર્શન એ સામાન્ય છે.' વિશેષમાં સામાન્ય અંતર્ગત થઇ જાય-સમાય જાય છે. એટલે કે અંતે અભિન્ન-અભેદ થઇ જાય.

કેવળદર્શન અને કેવળજ્ઞાનનો વિચાર કરીએ તો ત્રણે ય પ્રજ્ઞાવંત આચાર્ય ભગવંતોના ભિન્નભિન્ન મત ભલે રહ્યા, પણ તે ત્રણેય મત અનુસાર, જે પ્રમાણેનો ઉપયોગ હોય તે પ્રકારના ઉપયોગમાં આનંદવેદનમાં તફાવત શું પડે ?

તો ઉત્તરમાં કહેવું જ પડશે કે ત્રણેય આચાર્ય ભગવંતોમાંથી ગમે તે એક મત સાચો હોય તોય તે મતાનુસારના ઉપયોગમાં, આનંદવેદનમાં તો કોઇ ફરક પડે જ નહિ. માટે પ્રધાનપણે આનંદવેદનને લક્ષમાં રાખી કેવળદર્શન અને કેવળજ્ઞાનનો અર્થ કરવો જોઇએ, જેથી મતભેદને અવકાશ રહે નહિ. જો આપણે આનંદવેદનને પ્રધાનપણે લઇશું તો કેવળદર્શન અને કેવળજ્ઞાનનો ઉપયોગ ગમે તે પ્રકારે કે ગમે તે રીતે હશે તોય આનંદવેદન તો સરખું જ રહેશે. જીવને અંતે મતલબ તો આનંદવેદન સાથે જ છે. એટલે ત્રણે ય મતમતાંતરનો કોઇ અર્થ સરતો નથી.

આને વધુ સ્પષ્ટ કરવા આપણા રોજબરોજના જીવનનું દૃષ્ટાંત જ ઉદાહરણ તરીકે લઇએ. આપણા રૂપિયા પચીસ હજાર કોઇ પાસે લેણા નીકળે છે. પૈસાની ઉઘરાણી કરતાં નાણાં ઉછીના લેનાર કહે છે કે...હું ઉધાર લઇને, બાયડીના ઘરેણાં વેચીને કે પછી જોગ ન બેસે અને ક્યાંય હાથ લાગી જાય તો ધાડ પાડીને કે ભીખ માગીને યા ચોરી કરીને પણ નાણાં ચૂકવીશ. તમારા નાણાં તો યેન કેન પ્રકારેણ દૂધે ધોઇને ચૂકવીશ તો ખરો જ ! એની નાણાં લાવવાની પ્રક્રિયાથી લેણદારને શું મતલબ ? લેણદારને તો એટલી જ મતલબ છે કે દેણદાર એના નાણાં ચૂકવે. નાણાં મળતાં દેણદારને, લેણદાર પૂછવાનો પણ નથી કે નાણાંનો જોગ શી રીતે થયો ?

એક સમયે જ ઉપયોગ કહેવાના મતવાળા આચાર્ય એમ નહિ કહી શકશે કે એક સમયે ઉપયોગના મતે આનંદવેદન બેવડાય જાય છે. અને સમયાંતરે ઉપયોગના મતે આનંદ અડધો થઇ જાય છે. ગમે તે મત હોય, આનંદ તો આનંદ જ રહે છે, એવો ને એવો એક જ સરખો રહે છે અને એટલો ને એટલો જ રહે છે. આનંદવેદનનો જ્ઞેય કે વિષયથી સંબંધ નથી. હજુ જ્ઞાનને જ્ઞેયથી વિષય-વિષયી ભાવથી સંબંધ છે પણ આનંદવેદનને એવો કોઇ સંબંધ નથી. ઉદાહરણ તરીકે આપણે અસદ્ કલ્પના કરીએ, કે જે દ્વારા વિશેષ સ્પષ્ટીકરણ થાય. વિશ્વમાં જ્ઞેય પદાર્થો પાંચ અસ્તિકાય રૂપ છે. એમાં જેમ લોકાકાશ જ્ઞેય છે તેમ અલોકાકાશ પણ જ્ઞેય છે. આકાશમાં કેટલાંય જ્યોતિષના ગ્રહ, નક્ષત્ર, તારા, આકાશગંગા રહેલ છે. અસદ્ કલ્પના કરીએ કે લોકાકાશ એકથી વધુ હોય. શું લોકાકાશના વધવાથી જ્ઞાનાનંદ-આત્માનંદ વધી જશે ? અલોકાકાશ પણ કેવળી ભગવંતના કેવળજ્ઞાનનો વિષય જ્ઞેય છે. એવાં એ અલોકાકાશ કે, જેમાં અનાદિકાળથી કોઇ દ્રવ્યે, કોઇ અસ્તિકાયે અવગાહના લીધી નથી તો તેથી જ્ઞાનાનંદમાં શું કોઇ ફરક પડ્યો ? નહિ ! અસદ્ કલ્પનાએ લોકાકાશ એકથી વધુ હોય કે પછી અલોકાકાશમાં કોઇ દ્રવ્ય હોવાના કારણે કે ન હોવાના કારણે આનંદમાં કોઇ જ ફરક પડતો નથી. એ તો લોકસ્થિતિ જે પ્રમાણે હોય તે જ પ્રમાણે હોય, વાસ્તવિક તો જ્ઞેય જ્ઞાનમાં ડૂબે છે અને જ્ઞાન આનંદમાં ડૂબે છે. આત્મા આનંદમાં મસ્ત રહે છે-આનંદવેદનમાં તરબોળ થઇ જાય છે-આનંદમાં તરબતર તરોતાજા રહે છે. ભાવનો કોઇ અભાવ થતો નથી કે અભાવનો કાંઇ ભાવ થતો નથી.

લોકસ્થિતિ જે પ્રમાણે હોય છે તે જ પ્રમાણે હોય છે. આ તો વિષયને ખુલાસાવાર સમજવા અને સમજાવવા પૂરતી જ અસદ્કલ્પના કરી છે કે જેથી જ્ઞાનાનંદ શું છે એ સ્પષ્ટ થાય. વળી એ પણ ભૂલવા જેવું નથી કે કેવળજ્ઞાની ભગવંતને સાકરની મીઠાશ, ફટકડીની તુરાશ કે કાકડીની કડવાશ જાણવા માટે છદ્મસ્થની જેમ સાકર, ફટકડી કે કાકડી ચાખવાની, જીભે મૂકવાની આવશ્યકતા રહેતી નથી. કેવળજ્ઞાની ભગવંત અક્રિય, અક્રમિક, વીતરાગ, નિરાવરણ હોવાથી સર્વ કાંઇ, સર્વ અસ્તિકાય પ્રદેશ તેના સર્વ ગુણધર્મ-ગુણપર્યાય-ભાવ સહિત સમય માત્રમાં જણાય છે. કેવળદર્શનમાં અસ્તિકાય અર્થાત્ પ્રદેશપિંડ દેખાય છે અને કેવળજ્ઞામમાં પ્રદેશપિંડના આધારે રહેલ તેનો પરમભાવ કે ગુણધર્મ યા ગુણપર્યાય જણાય છે.

(ક્રમશઃ)

**(સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી)**

# 'રાજા ભરથરી'

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

'ભિક્ષા દેને મૈયા પિંગલા'.

'ભેખ રે ઉતારો રાજા ભરથરી.'

'રાજા ભરથરી' નાટકની આ પંક્તિઓ હું લગભગ પંચોતેર વર્ષોથી સાંભળતો આવ્યો છું. અમારા ગામમાં એક નાટક-મંડળી આવતી, જેમાં બે પાત્રો ભરથરી-પિંગલાનાં, મામો-ભાણેજ નામે ઘનિયો ને ભૂલિયો ભજવતા. એ પછી તો ગુજરાતની એક પ્રખ્યાત નાટક-મંડળીએ 'રાજા ભરથરી'નું નાટક એવી અસરકારક રીતે ભજવ્યું કે સારા કુટુંબના કેટલાક નબીરા ભેખ ધારણ કરી સંસાર ત્યાગ કરવા લાગ્યા જેથી એ નાટક ઉપર, પ્રતિબંધ મૂકવામાં આવેલો એવું સાંભળ્યું છે. આજકાલ આકાશવાણી અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી 'ગુજરાતી ચિત્રપટ સંગીત'માં 'રાજા ભરથરી' નાટકની ઉપર્યુક્ત પંક્તિઓ અનેકવાર સાંભળવા મળે છે ને મારો ભૂતકાળ જીવંત બને છે. નાટકની અધવચ 'ટેબ્લો' પડ્યો...હું આગળની પંક્તિમાં બેઠો હતો. ઘંટડી વાગતી હતી પણ પડદો ઊંચકાતો નહોતો ...કુતુહલવૃત્તિથી મેં પડદો સ્હેજ ઊંચો કર્યો તો રાણી પિંગલા બનેલ ભૂલિયો ખુરશીમાં બેઠો બેઠો બીડી પીતો હતો ! એ બીડી પી લે પછી પડદો ઊંચકાય ! રાણી પિંગલાનો મારો ભ્રમ ભાંગી ગયો. શાહબુદ્દીન રાઠોડે પણ એકાદ કાર્યક્રમમાં રાજા ભરથરી સંબંધે આવું જ કૈંક કહેલું : પિંગલા બનેલા નટના વાળ ભેંસના પૂંછડા જેવા, દુકાળિયો દેહ, હાથે પગે રુંવાટી, દેખાવ પણ એવો જ'...રાજા ભરથરી ભેખ ન લે તો બીજું કરે પણ શું ? 'ગુજરાતી ચિત્રપટ સંગીત'માં ભરથરીના પાત્રને કંઠ આપ્યો છે શ્રી મહેન્દ્ર કપૂરે. એમાં સાત સાત પૂર્વભવની વાત આવે છે પણ એક્કેય ભવમાં પિંગલા સહધર્મચારિણીની શ્રદ્ધેય વફાદારી દાખવતી નથી એવો ભાવ નિરૂપાયો છે. પરંપરા પ્રમાણેની કથા તો ભર્તૃહરિ-પિંગલા, અશ્વપાલ-ગણિકાના વ્યભિચાર ભાવની બેવફા પ્રેમની કથા-ખૂબ જાણીતી છે અને કહેવાય છે કે કવિ ભર્તૃહરિએ એ પ્રણય-ત્રિકોણના અનુલક્ષમાં આ શ્લોક લખ્યો છે :-

यां चिन्तयामि सततं मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिक्तां च तं च मदनं च इमां च मां च ॥

મતલબ કે 'જેનું હું નિરંતર ચિંતન કરું છું તે મારાથી વિરક્ત છે ને તે અન્યને ઝંખે છે-અને તે ઇતર જન અન્ય સ્ત્રી પર આસક્ત છે અને તે અન્ય સ્ત્રી મારા પર આસક્ત છે. આથી મારી પ્રિયાને ધિક્કાર છે જે અન્યને ચાહે છે અને પેલા ઇતર જનને પણ ધિક્કાર છે અને આ બધી લીલા કરનાર કામદેવને અને અમને સૌને ધિક્કાર છે.' શું પ્રેમમાં, લગ્નમાં, દામ્પત્ય જીવનમાં કે અરે ! રાજકારણમાં પણ જો પાયાની વફાદારી ન હોય તો બધો પાયો કડડડભૂસ કરીને પડી ભાંગે છે.

કોણ જાણે, ધરિત્રી-માતાનું સ્તન-પાન કરનાર કેટકેટલા ભર્તૃહરિ અત્યાર સુધીમાં પાક્યા હશે ! થોડાક મહિના ઉપર પ્રો. અશોક અકલૂજકરે (વેનકુવર, કેનેડા, બ્રિટીશ કોલમ્બિયા યુનિવર્સિટીના પ્રોફેસર) વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પ્રાચ્ય-વિદ્યા મંદિર (Oriental Institute) માં ભર્તૃહરિના 'વાક્યપદીય' ઉપર ત્રણ વ્યાખ્યાન આપેલાં અને વર્ષો પૂર્વે મારા પરમ મિત્ર ડૉ. જયદેવ શુકલે, પ્રો. અભ્યંકર દાદા (જેમનું કેટલાંક વર્ષો પૂર્વે પૂનામાં ખૂન થયું)ના માર્ગદર્શન નીચે આ જ ભર્તૃહરિના 'વાક્યપદીય' ઉપર શોધ-પ્રબંધ લખી ડૉક્ટરેટની ઉપાધિ મેળવેલી. 'यां चिन्तयामि सततं'નો કવિ ભર્તૃહરિ જુદો અને શબ્દ બ્રહ્મનું તત્ત્વચિંતન કરનાર દાર્શનિક ભર્તૃહરિ પણ જુદો...પેલો ભર્તૃહરિ રાજવી કવિ છે જ્યારે આ ભર્તૃહરિ વ્યાકરણની ફિલસૂફીનો ગ્રંથ 'વાક્યપદીય' લખનાર પ્રકાંડ વૈયાકરણી છે.

જ્યારે જ્યારે અમારે આંગણે એકતારો (રાવણ-હથ્થો) વગાડી ભીખ માગનાર કોઇ 'ભરથરી' આવતો તો મારાં દાદી કહેતાં: 'ભરથરીને સાડલો કે ધોતિયું દાનમાં આપવાથી ખૂબ પુણ્ય મળે.' ને કોઇ પણ ભરથરીને મારાં દાદી, કોઇ ને કોઇ વસ્ત્રનું દાન કરતાં જ-ભીખ નહીં દાન. ભરથરીની પણ એક જાત છે, જેનો વિશિષ્ટ પોષાક હોય છે ને રાજા ભરથરી વિષયક ગીતો, ભાઇ ભગિનીના અનન્ય પ્રેમની કથા-ગીત-કથા, કાદૂડો કે મીરખાનજી જેવા બહારવટિયાઓની શૌર્ય-ગાથા, શહેરના સૂબા મલ્હારરાવની કે એવી જ અન્ય લોકકથાઓની, ભાવ કે રસને અનુરૂપ હૃદયસ્પર્શી રીતે ગાઇને પોતાનું ગુજરાન ચલાવે. કેટલાય ભરથરીઓને કંઠેથી ઉપર્યુક્ત કથાઓ મેં રસપૂર્વક સાંભળી છે અને આજેય એમાંની કેટલીક સ્મૃતિમાં સચવાઇ રહી છે. આ જાતિ સંબંધે તો પ્રો. જોરાવરસિંહ જાદવ વિગતે વાત કરી શકે, મને તો અભિપ્રેત માત્ર એટલું જ છે કે આ 'ભરથરી જાતિ'એ વ્યવહારદક્ષ રાજવી કવિ ભર્તૃહરિ અને 'વાક્યપદીય'ના લેખક વ્યાકરણી ભર્તૃહરિ પ્રત્યે અભિમુખ કર્યો.

અમદાવાદની ગુજરાત કોલેજમાં અને 'વિદ્યાસભા'માં જ્યારે હું બી.એ; એમ.એ.નો અભ્યાસ કરતો હતો ત્યારે રાજવી કવિ ભર્તૃહરિનાં ત્રણેય શતકો-('નીતિશતક', 'વૈરાગ્યશતક', અને 'શૃંગારશતક')નો પદ્યાનુવાદ કરેલો. 'શૃંગારશતક'માંથી પ્રેરણા (?) લઇ ઇ. સ. ૧૯૫૭માં 'સ્નેહ-શતક' કાવ્યસંગ્રહ મેં પ્રગટ કરેલો. ભર્તૃહરિના નામે ચોથું શતક - 'વિજ્ઞાન શતક' ચઢ્યું છે પણ એ વાતમાં ઝાઝું તથ્ય લાગતું નથી અને ભર્તૃહરિના નીતિશતકના બે શ્લોક શબ્દશઃ મહાકવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલમાં પણ જોવા મળે છે !

વ્યાસ-વાલ્મીકિની પ્રતિભા શબ્દના સાચા અર્થમાં મહાકવિની છે ને મહાભારત-રામાયણ, આર્યસંસ્કૃતિના મહાનગ્રંથો છે પણ લોકહૃદયમાં વ્યાપક સ્થાન તો સંત-કવિ તુલસીદાસનું છે. તે જ રીતે સંસ્કૃત-સાહિત્યમાં ભાસ-કાલિદાસ ને ભવભૂતિ મોટા ગજાના (Major) કવિઓ-નાટ્યકારો હોવા છતાં લોકહૃદયમાં વિશેષ સ્થાન તો રાજવી સંન્યાસી-કવિ ભર્તૃહરિનું છે એમ હું સમજું છું.

આપણા ચારેય આશ્રમોએ આંકેલા આદર્શ અને ઉદાત્ત જીવનને જીવવા યોગ્ય યથાર્થ માર્ગદર્શક શ્લોક જો સંચિત કરવામાં આવે તો તે ભર્તૃહરિનાં શતકોમાંથી વધુ પ્રમાણમાં મળવાના એની મને ખાત્રી છે.

'ના હારો ત્યમ કંકણો અગર તો ના કર્ણનાં ભૂષણો,
કેયૂરો, મણિકુંડલો અગર તો આડંબરી વસ્ત્ર ના,
સાચાં મંડન એ નથી નર તણાં આનંદદાયી કદા
છે તો માત્ર સુધારસે છલકતાં સુભાષિતો એકલાં' .

એવા સુધારસે છલકતાં અનેક સુભાષિતો ભર્તૃહરિનાં શતકોમાંથી મળે છે; જેની સમક્ષ મીઠી દ્રાક્ષ મ્લાનમુખી થાય છે ને શરમથી સાકર ગાંગડો બની જાય છે ને સુભાષિતોના અમરરસથી ભીતિ

પામી 'સંચરે સ્વર્ગમાં સુધા.' ભર્તૃહરિના દષ્ટાન્તો વેધક ને સચોટ હોય છે અને એના અર્થાન્તરન્યાસોમાં પ્રાજ્ઞ કવિની પરિપક્વ પ્રજ્ઞાનાં દર્શન થાય છે.

મારા ઉપર્યુક્ત વિધાનના સમર્થનમાં આખા શ્લોકનાં દષ્ટાંતો આપવા જાઉં તો અતિ વિસ્તાર થાય તેમ છે. પણ કેટલાક જાણીતા શ્લોકની અક્કેક પંક્તિ ટાંકુ તો પણ મારા વિધાનને પુષ્ટિ મળશે. દા. ત.

(૧) સર્વે ગુણા : કાંચનમાશ્રયન્તિ

(૨) દ્રવ્યનું દાન કરવામાં ન આવે કે એનો ઉપભોગ કરવામાં ન આવે તો-
'યો ન દદાતિ ન ભુંક્તે તસ્ય તૃતીયા ગતિ ર્ભવતિ.'

(૩) 'મવસ્થા વસ્તૂનિ પ્રથયતિ ચ સંકોચયતિ ચ'.

(૪) ગમે તેની પાસે યાચના ન કરાય-એ માટે યાચકને ઉદ્દેશીને અન્યોક્તિ દ્વારા કહે છે :-
'યં યં પશ્યતિ તસ્ય પુરતો મા બ્રૂહિ દીનં વચઃ'

(૫) વિદ્યાવાન પણ દુર્જન માટે કહે છે :-
'મણિનાલંકૃતઃ સર્પઃ કિમસૌ ન ભયંકર ?'

(૬) 'સેવાધર્મઃ પરમગહનો યોગિનામપ્યગમ્યઃ'

(૭) સતાં કેનોદિષ્ટં વિષમમસિધારાવ્રતમિદમ્'

(૮) સપૂત, સતી સ્ત્રી અને સન્મિત્ર ક્યારે મળે ?
'દૈદત્રયં જગતિ પુણ્ય કૃતો લભન્તે'.

(૯) મનસ્વી કાર્યાર્થી ન ગણયતિ દુઃખં ન ચ સુખમ્'

(૧૦) શીલં પરં ભૂષણમ્'

(૧૧) 'યે વિઘ્નંતિ નિરર્થકં પરહિતં તે કે ન જાનીમહે'

(૧૨) 'વિદ્યા રાજસુ પૂજિતા ન હિ ધનં વિદ્યાવિહીનઃ પશુ :'

(૧૩) 'સત્સઙ્ગતિ કથય કિં ન કરોતિ પુંસામ્ ?'

(૧૪) 'પ્રારભ્ય ચોત્તમજના ન પરિત્યજન્તિ'

(૧૫) 'સર્વઃ કૃચ્છ્રગતોડપિ વાંછતિ જનઃ સત્ત્વાનુરૂપં ફલમ્'

(૧૬) 'તત્તેજસ્વી પુરુષઃ પરપકૃતવિકૃતિં કથં સહતે ?'

(૧૭) 'પ્રકૃતિરિયં સત્ત્વવતાં ન ખલુ વયં સ્તેજસો હેતુઃ'

(૧૮) 'નિન્દન્તુ નીતિનિપુણા યદિ વા સ્તુવન્તુ'

(૧૯) 'યત્પૂર્વં વિધિના લલાટ લિખિતં તન્માર્જિતુ કઃ ક્ષમઃ'

(૨૦) 'કાલે ફલન્તિ પુરુષસ્ય યથૈવ વૃક્ષાઃ'

(૨૧) 'રક્ષન્તિ પુણ્યાનિ પુરા કૃતાનિ'

(૨૨) 'જ્ઞાનલવદુર્વિદગ્ધં બ્રહ્માપિ તં નરં ન રંજયતિ'

(૨૩) હું મને મૂર્ખ સમજ્યો ને સત્વરઃ
'તદામૂર્ખોડસ્મીતિ જ્વર ઇવ મદો મે વ્યપગતઃ
-મારો મદ-જ્વર છૂમંતર થઇ ગયો.

(૨૪) વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ'

(૨૫) સર્વસ્યૌષધમસ્તિ શાસ્ત્રવિહિત મૂર્ખસ્ય નાસ્ત્યૌપધમ્'

(૨૬) 'સાહિત્યસંગીતકલાવિહીન
સાક્ષાત્પશુઃ પુચ્છવિષાણહીનઃ'

(૨૭) 'યેષાં ન વિદ્યા ન તપો ન દાનં
જ્ઞાનં ન શીલં ન ગુણો ન ધર્મઃ ।
તે મર્ત્યલોકે ભુવિભારભૂતા,
મનુષ્યરૂપેણ મૃગાશ્ચરન્તિ ॥

આ તો સ્મૃતિએ ચઢ્યાં એવાં કેટલાંક દષ્ટાંત કેવળ 'નીતિશતક' માંથી જ આપ્યાં છે અને મારી પાકી ખાતરી છે કે આજથી પાંચેક દાયકા પૂર્વેના સંસ્કારી શિક્ષિતજનોને આ બધું કંઠસ્થ હતું, ને પ્રસંગાનુસાર એનો યોગ્ય વિનિયોગ થતો.

કાવ્યશિલ્પી 'કાન્ત'ને ચાર ખંડકાવ્યોના કવિ તરીકે વિવેચકો બિરદાવે છે. કાવ્યરસિકો અને સાહિત્યરસજ્ઞોને ભર્તૃહરિના દશેક શ્લોક પસંદ કરવાનું કહેવામાં આવે તો ભાગ્યે જ એક વાક્યતાનો અનુભવ થાય ! કાકા સાહેબ કાલેલકરે સાચું જ કહ્યું છે : 'આખા ભારત વર્ષ ઉપર જો કોઇની સૌથી વધારે અસર થઈ હોય તો તે રાજસંન્યાસી કવિ ભર્તૃહરિની. દંતકથા પ્રમાણે તે વિક્રમ રાજાનો મોટો ભાઇ થાય છે. ભર્તૃહરિનાં ત્રણ શતકોમાં હિંદુ સમાજનું સંપૂર્ણ પ્રતિબિંબ પડેલું છે એમ કહીએ તો ચાલે. કોઇ પરદેશી મિત્રને હિંદુ જીવનની છબી ભેટ તરીકે મોકલવી હોય તો રાજા ભર્તૃહરિનાં શતક-ત્રયનો સરસ અનુવાદ કરી મોકલી દેવો.'

('જીવનસંસ્કૃતિ'-પૃ. ૪૪)

સંન્યાસી રાજવી કવિ ભર્તૃહરિ કેવા અનુભવી અને સંસાર-ડાહ્યા છે તે નીચેના શ્લોક પરથી સમજાશે :-

'દૌર્મન્ત્ર્યાન્નૃપતિર્વિનશ્યતિ, યતિઃ સંગાત્સુતો લાલના-
દ્વિપ્રોડનધ્યયનાત્કુલં કુતનયાચ્છીલં ખલોપાસનાત્ ।
હ્રીર્મદ્યાદનવેક્ષણાદપિ કૃષિઃ સ્નેહઃ પ્રવાસાશ્રયા-
ન્મૈત્રીચાપ્રણયાત્સમૃદ્ધિરનયાત્યાગાત્પ્રમાદાદ્ધનમ્ ॥

મતલબ કે દુષ્ટમંત્રીઓથી રાજા, નીચ સંગતિથી સંન્યાસી, ખોટાં લાડથી પુત્ર, અનધ્યાયથી વિપ્ર, કપૂતથી કુળ, ખલની સેવાથી શીલ, મદ્યપાનથી લજ્જા, જાત દેખરેખ વિના ખેતી, પરદેશવાસથી સ્નેહ, અનમ્રતાથી મૈત્રી અને પ્રમાદપૂર્વક લૂંટાવાથી સમૃદ્ધિનો વિનાશ થાય છે.

આ સંસાર વિષમય છે કે અમૃતમય ? એવો શંકા-પ્રશ્ન કવિ અન્યત્ર પૂછે છે...એનું કારણ એ છે કે સજ્જનો અને દુર્જનોથી વસેલો આ સંસાર સદ્ગુણો અને દુર્ગુણોને કયા માપદંડથી મૂલવે છે ? અનેકાન્તવાદમાં, દુર્જનોનો સદ્ગુણો માટેનો કેવો દૃષ્ટિકોણ હોય છે?

'જાડ્યં હ્રીમતિ ગણ્યતે વ્રતરુચૌ દંભઃ શુચૌ કૈતવં
શૂરે નિર્ઘૃણતા મુનૌ વિમતિતા દૈન્યં પ્રિયાલાપિનિ ।
તેજસ્વિન્યવલિપ્તતા મુખરતા વક્તર્યશક્તિ સ્થિરે
તત્કો નામ ગુણો ભવેત્સ ગુણિનાં યો દુર્જનૈર્નાઙ્કિતઃ ॥

મતલબ કે લજ્જાવાન પુરુષને શિથિલ, વ્રતધારીને દંભી, પવિત્રને પાખંડી, શૂરવીરને ક્રૂર-નિર્દયી, સરળને મૂર્ખ, પ્રિય કરનારને દીન,

## ગુરુપૂર્ણિમા નિમિત્તે ભક્તિસંગીતનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે, સંઘના ભક્તિસંગીતના વર્ગની બહેનો દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેમાં સર્વને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

સ્થળ : પરમાનંદ કાપડિયા હૉલ (સંઘનું કાર્યાલય)

સમય : બુધવાર તા. ૮-૭-૯૮, સાંજે ૫ થી ૬.

પુષ્પા પરીખ
સંયોજક

નિરુબહેન શાહ
ધનવંત શાહ
મંત્રીઓ

તેજસ્વીને ગર્વિષ્ઠ, વક્તાને વક્રવાદી અને સ્થિર ચિત્ત-સમતાવાળાને આળસુ-પ્રમાદી-કહેવામાં આવે છે. આ દુનિયામાં ગુણીજનોના એવા કયા ગુણો છે જેને દુર્જનોએ કલંકિત ન કર્યા હોય ?

કરીરવૃક્ષને વસંતમાં પત્ર ન ફૂટે એમાં વસંતનો શો દોષ ? દિવસે ઘૂવડ ન દેખે એમાં સૂર્યનો શો વાંક ? જલની ધારા ચાતકમુખે ન પડે એમાં મેઘનો શો ગુન્હો ? મતલબ કે વિધાતાએ લલાટે જે લેખ લખ્યા તેને કોણ મિટાવી શકે ? દેવતાઓને હું નમસ્કાર કરું છું પણ દેવતાઓય વિધાતાને વશ હોવાથી હું વિધાતાને નમસ્કાર કરું છું. વિધાતા પણ આપણાં પૂર્વ નિશ્ચિત કર્માનુસાર ફલ આપે છે-જેથી કર્મને જ હું નમસ્કાર કરું છું. કારણ કે :-

'બ્રહ્મા યેન કુલાલવન્નિયમિતો બ્રહ્માંડભાણ્ડોદરે
વિષ્ણુર્યેન દશાવતારગહને ક્ષિપ્તો મહાસંકટે ।
રુદ્રોયેન કપાલપાણિપુટકે ભિક્ષાટનં કારિતઃ
સૂર્યો ભ્રામ્યતિ નિત્યમેવ ગગને તસ્મૈ નમઃ કર્મણે ॥

મતલબ કે : જે કર્મે બ્રહ્મા જેવા બ્રહ્માને કુંભારની જેમ બ્રહ્માંડ-રચનામાં જોતર્યા, વિષ્ણુ જેવા વિષ્ણુને દશાવતાર લેવાના ચક્કરમાં નાખ્યા, રુદ્ર જેવા રુદ્રને હાથમાં ભીખનું ચપણિયું પકડાવી દીધું અને સમગ્ર વિશ્વમાં પ્રગટ દેવતા જેવા સૂર્ય ભગવાનને આકાશમાં ભ્રમણચક્રમાં ફેરફૂદડી કરતા કરી મૂક્યા એવા કર્મને નમસ્કાર હો.

લખચોર્યાસી યોનિમાં મનુષ્ય જેવો જન્મ, એ અમૃત-પુત્રને મોક્ષનો અધિકાર પણ એવો સદ્‌ભાગી મનુષ્ય જો આ ભરતભૂમિ જેવી પવિત્ર ભૂમિમાં તપ ન કરે તો તેનો પુરુષાર્થ કેવો કહેવાય ? તેનું જીવન કેવું ગણાય ?

'સ્થાલ્યાં વૈડૂર્યમણ્યાં પચતિ ચ લશુનં ચંદનૈરિંધનૌઘૈઃ
સૌવર્ણૈર્લાઙ્ગલાગ્રૈર્વિલખતિ વસુધામર્કમૂલસ્ય હેતોઃ ।
છિત્ત્વા કર્પૂરખંડાન્વૃતિમિહ કુરુતે કો દ્રવાણાં સમંતાત્
પ્રાપ્યેમાં કર્મભૂમિં ન ચરતિ મનુજો યસ્તપો મંદભાગ્યઃ ॥

મતલબ કે :- મર્કતમણિના પાત્રમાં, ચંદનનાં ઇંધનથી લસણને પકવનાર, સુવર્ણના હળથી આકડાના મૂળને ખેતરમાંથી ઉખેડનાર, કર્પૂરવૃક્ષને છેદીને કોદરાની ચોમેર વાડ બનાવનાર જેવો મંદભાગી મનુષ્ય તે છે જે આ કર્મભૂમિમાં જન્મીને તપ કરતો નથી.

અંતમાં, ખુદ કવિના જ શબ્દોમાં કહું :-

'જયન્તિ તે સુકૃતિનો રસસિદ્ધાઃ કવીશ્વરાઃ ।
નાસ્તિ યેષાં યશઃકાયે જરામરણજં ભયમ્ ॥

રાજવી-સંન્યાસી-ભર્તૃહરિ જેવા રસસિદ્ધ-યશઃકાય કવિને જરા કે મરણનો ભય કેવો ? કાળની સામે એમનો સદાય જય હો !

✣ ✣ ✣

# સમત્વની સિદ્ધિનાં સોપાન

☐ પૂ. આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી

સંપત્તિ અને વિપત્તિ, સુખ અને દુઃખ, તડકો અને છાંયડો, અમીરી અને ગરીબી; આ અને આવા દ્વન્દ્વો આમ જો જોવા જઇએ, તો પૂર્વ અને પશ્ચિમ દિશા જેવા સાવ જ વિરુદ્ધ-વિપરીત સ્વભાવ-પ્રભાવ ધરાવતા જણાય છે. છતાં આશ્ચર્યની અને એથી ય વધુ તો આનંદ-અહોભાવની પ્રેરક વાત એ છે કે, કેટલીક વિભૂતિઓની નજર આવા દ્વન્દ્વો વચ્ચે ય પોતાની સમદર્શિતા ટકાવી રાખતી જોવા મળતી હોય છે. એથી સામાન્ય માનવી જેવા આનંદથી સંપત્તિને વધાવતો જોવા મળે છે, એથી ય સવાયા આનંદથી તેઓ વિપત્તિને વધાવતા જોવા મળતા હોય છે. તેમજ સામાન્ય માનવી જેવી નફરત સાથે વિપત્તિને નિહાળતો જોવા મળે છે, એથી ય કઇ ગણી વધુ નફરત સાથે તેઓ સંપત્તિને નિહાળતા જોવા મળે છે. સંતોની આ સમદર્શિતા તો ખરેખર આશ્ચર્યનો, આનંદનો અને અહોભાવનો વિષય ગણાય.

સંતોના આવા સ્વભાવની વાત કરતાં એક સુભાષિતમાં કહ્યું છે કે, સંતો તો સંપત્તિ અને વિપત્તિમાં સમદર્શી હોય છે. સંપત્તિમાં લીનતા નહિ, વિપત્તિમાં દીનતા નહિ, આ સંતોની સમદર્શિતા છે. વિપત્તિમાં લીનતા અને સંપત્તિમાં દીનતા-આ પણ સંતોની સમદર્શિતા જ છે. ટૂંકમાં, સંસાર કરતાં સાવ જ જુદો, નદીમાં સામે પૂરે તરવા જેવો સ્વભાવ, એ જ સંતોનું સમદર્શીપણું છે. संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ।

સંતોની આવી સમદર્શિતા તો ખરેખર જ આશ્ચર્ય-અહોભાવ જગવે એવી વિરલ વિશેષતા છે. એનો કોઇ ઇન્કાર કરી શકે એમ નથી, કેમ કે સુખની જેમ દુઃખને સન્માનવું અને દુઃખની જેમ સુખને તરછોડવુ 'આ કંઇ જેવી તેવી વિશેષતા નથી !' પરંતુ પ્રશ્ન એ જાગે છે કે, સંતો પણ આમ તો આ સંસારમાં પેદા થયેલા માનવોમાંના જ એક છે. તો પછી સંસાર આખો જ્યાં નદીના પ્રવાહમાં ઘસડાઈ રહ્યો છે, ત્યાં સામે પૂરે તરવા જેવી સાધનાની સિદ્ધિ સંતો કઇ રીતે મેળવી શકતા હશે ? અને આ સાધનાનાં સોપાન કયા હશે ?

આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આપણે જરા સમતા-મમતા ને પ્રેક્ષકત્વ-પતિત્વને સમજી લઇએ. આ સમજણ મળતાં જ આપણને સમાધાન જડી આવશે. સંતો સમતાશીલ હોય છે. કેમકે એમના મનમાં પ્રેક્ષકત્વનો ભાવ હોય છે. એથી એમની સમદર્શિતા ક્યાંયે નંદવાતી નથી હોતી. આ વાત એક દૃષ્ટાંતથી સમજીએ.

કોઇ મહેલનું વેચાણ થઇ જાય, એની રકમ પણ માલિકને મળી જાય, પછી એમાં આગ લાગે, તોય મૂળ માલિકને જરાય દુઃખ નથી થતું. કારણ કે મહેલ સાથે મમતાનો-મારાપણાનો જે રાગ-સંબંધ હતો, એ નષ્ટ થયો. એથી આ સંબંધની હયાતીમાં મહેલની કાંકરી ખરે તો ય કાળજામાં કાપો પડતો હતો, પણ આ સંબંધ કપાઇ જતાં જ મહેલ ભડકે બળે, તો ય કાળજામાં કંપ નથી જાગતો. કેમકે પહેલાં પોતાનો ગણાતો મહેલ હવે પડોશ જેવો થઇ ગયો. જેનાં તરણે-તરણે મમતા બંધાયેલી હોય, એવી ઝૂંપડીને છોડવાનો વખત આવે, તો જેનું દિલ કપાઇ જતું હોય, એવા કોઇ ગરીબની આંખો લાખો રૂપિયાના ખર્ચે બંધાયેલી આલિશાન ધર્મશાળાની વિદાય લેતાં આંસુભીની પણ થતી નથી. આનું કારણ એક એ જ છે કે, ઝૂંપડી સાથે પતિત્વના સંબંધે એ બંધાયેલો છે જ્યારે ધર્મશાળા સાથે એનો સંબંધ માત્ર પ્રેક્ષક તરીકેનો છે.

હવે આપણે મૂળ મુદ્દા પર આવીએ : સંસારીઓ જ્યાં જ્યાં મમતાનો માળો બાંધીને પતિત્વના સંબંધે જોડાય છે, ત્યાં ત્યાં સંતો સમતાશીલ અને માત્ર પ્રેક્ષક જ બની રહે છે. એથી સુખના સાગર ચરણ ચુમવા આવે, તો ય તેઓ માનતા હોય છે કે, આ તો પડોશીને મળતું સુખ છે ! આ જ રીતે દુઃખનો દરિયો પોતાને ઘેરી વળે, તો ય એમનું દૃષ્ટિબિંદુ તો એ જ હોય છે કે, આ તો પડોશીને માથે તૂટી પડેલું દુઃખ છે ! હું તો આત્મમય છું. મને વળગેલો આ દેહ એક પડોશી જેવો જ છે. એથી પડોશીના પનારે પડેલા સુખદુઃખથી હું જાતે જ જો હર્ષ-શોક અનુભવું, તો એક નંબરનો પાગલ ગણાઉં. આ બે વચ્ચે સમદર્શી જ રહેવામાં જ ખરું ડહાપણ ગણાય !

સમદર્શી બનવાની સાધનાના સોપાન આમ મુખ્યત્વે બે છે : મમતાનો સંબંધ-વિચ્છેદ અને પ્રેક્ષકત્વની સમતાનો વિકાસ ! આ બે સોપાનને સર કરવા કાજે જીવનમાં આવતા સુખદુઃખને આપણા સુખદુઃખ ન માનતાં, પડોશીના સુખદુઃખ માનવાની દૃષ્ટિ કેળવવી જ રહી. આ માટે હું તરીકે આત્માને ઓળખીને શરીરમાં એક પડોશીનું દર્શન મેળવવું જ રહ્યું. આટલી સાધના સિદ્ધ થઇ જતાંની સાથે જ પછી આપણે પણ સંપત્તિ અને વિપત્તિની વચ્ચે સમતાશીલ રહેવામાં સફળ-સબળ બન્યા વિના નહિ જ રહીએ !

✣ ✣ ✣

# એક વળાંક

□ ડૉ. ગુલાબ દેઢિયા

વતન જવાની વાત આવે કે મન વરઘોડાની મોખરે નાચતા નાના બાળકો જેવું બનીને, સાત કામ છોડી એ પ્રદેશની લટારે નીકળી પડે છે. વતન એક વ્યસન જેવું છે. એની તલપ હોય છે. એ કેમ આનંદ આપે છે એની ખબર નથી પડતી. આમેય આનંદનાં મૂળ મનમાં જ હોય છે. મૂળિયાં અજવાળાથી છેટાં રહે છે. પ્રવાસ આરંભાય તેના બે દિવસ અગાઉથી જ મન ચિત્રો રચવા માંડે છે. જૂનાં ચિત્રો પરની રજ ખંખેરે છે. ચિત્રોમાં ગમતા રંગ ભરે છે. મન મગજને નોખા પાઠ પણ ભણાવે છે.

તન-મનમાં એવો હર્ષ હોય છે કે પ્રવાસનાં કષ્ટ એ ખમી લે છે. ભીતરનો આનંદ અછતો રહેતો નથી. આખો પ્રવાસરસ્તો વ્હાલો લાગે છે.

ગામ ઊંચાઇ પર હોય તો દૂરથી દેખા દે, ટેકરીઓ પાછળ સંતાયેલું હોય કે વનરાજિથી ઘેરાયેલું હોય તો સાવ નજીક પહોંચીએ કે હાઉક કરતું પ્રગટે. પણ મનને એનાથી ફેર નથી પડતો. એ તો પંડમાં ગામ લાવ્યું જ હોય છે. જેમ જેમ ગામ નજીક પહોંચતા જઇએ તેમ તેમ ઉત્સુકતા વધતી જાય. પરિચિત ભોમકા હોવા છતાં ઉદ્ગ્રીવ થઇ ચોપાસ નીરખ્યા કરીએ. સીમ અને અર્ધી ક્ષિતિજ આંખમાં ભરી લઇએ. ગામનો સીમાડો વરતાયો. ઝાડવાં દેખાયાં કે ખલાસ ! પછી મન ઝાલ્યું રહે ? શ્વાસની ગતિ બદલાઇ જાય છે. ઝાડ એ તો ઝાડ છે પણ પોતાના ગામનાં ઝાડ સૌથી નોખાં છે. એ આકાર, રંગ બધું પોતીકું લાગે છે. આંખો સીમ, સેઢા, ખેતરો, કોતરો નદી ટેકરાની ખબર પૂછતી ફરી વળે છે. સમગ્ર વાતાવરણમાં જ પોતીકાપણું લાગે ત્યારે એના જાદુમાંથી બચી ન શકાય.

ગામની આપણી માયાને ગામમાં રહેનાર કદાચ ન પ્રમાણી શકે. એને માટે બધું રોજનું છે. વતનને ચાહવા માટેય વતનથી દૂર થવું પડે.

ગામમાં પણ પરિવર્તન આવ્યાં હોય છે. મન એ જુએ છે પણ ઝંખે છે તો જૂનું. પરિવર્તનની ગતિ અતિ મંદ છે. જ્યાં જ્યાં નજર કરું કે જૂની છાપ તાજી થતી જાય છે. મન કેટલું સંઘરી શકે છે !

ગામડાં તો ઘણાંખરાં સરખાં લાગે. આસપાસનાં ગામોમાં ઘણી સરખી બાબતો જડી આવે. કિન્તુ માણસને તો જેવું હોય તેવું પોતાનું જ ગામ પ્રિય લાગે. ખોબા જેવું, રાંક, થોડાં ખોરડાં વાળું ગામ એને મન તો સરગાપુરી છે. તુલના કે સરખામણી એ આપણો સ્વભાવ ખરો પણ એક જેવું બીજું કંઇ હોતું જ નથી. પોતાના ગામ જેવું તો કંઇ જ નહિ. પોતાના ગામની વાત નીકળી કે માણસ ભાવવિભોર થઇ જાય.

કૂવાના તૂટેલા થાળા અને ટોડલા, કૂવાના બાકોરામાં પારેવાં બેસે એ જગા, વાડાની જૂની ખવાઇને કાળી પડી ગયેલી વાડ, સદાય એક બાજુ નમેલો રહેતો ઝાંપો, બંધ મેડીની પછીત પર ચીતરેલા ઘડિયાળમાં થીજી ગયેલો સમય, સૂની શેરીઓની ભીંતો પર વર્ષો જૂનાં લખાણો, હવાડા પાસેની ગંદકી, સૂકા તળાવની તરડાયેલી માટી, વરસાદના પાણીએ નદીની ભેખડોને આપેલો ઘસારો, શાળા પાસેના વડના ખરેલાં સૂકાં પાન કેટકેટલું પરિચિત લાગે છે !

પડછાયા આત્મીય લાગે છે. સવારે નેવાં ઊતરતો તડકો, બપોર પછી ઓટલો ઊતરતા પડછાયા, સાંજે ઓસરીમાં પથરાતો તડકાનો પ્રલંબ પટ, રાતે આકાશ આંગણામાં ઊતરી આવ્યું હોય એવો ભાસ થાય છે. પરિચિત તારાઓ એ જ સ્થાને છે. આકાશ નીરખતાં મન દૂર દૂર પહોંચી જાય છે. ગગનગોખ લગી દષ્ટિ વિસ્તરે છે. મોકળાશના મેળામાં આંખો મોજ કરે છે. એકાદ ખરતો તારો નભ સરોવરમાં આંદોલન સર્જી જાય છે.

ગામમાં મારે માટે બધા વાર રવિવાર છે. વાર, તારીખ અને કલાક-મિનિટના ચોક્કસ માપદંડ થોડા વખત માટે ઝૂકી જાય છે. સમગ્ર સમય સાથે ઘરોબો બંધાય છે. મૈત્રીમાં ટુકડા નથી હોતા. સમય સાથેની મૈત્રી સદાય સુખદાયી હોય છે. સમય આપણા પ્રત્યેક શ્વાસની ઇજ્જત કરે છે. વર્તમાનપત્ર, ટેલીફોન, દૂરદર્શન જેવા સ્થળકાળના આડતિયા શહેરમાં આપણને કામ આવે છે. અહીં તો માલેક સમય શેઠ પોતે આપણી સંગાતે છે. સીધા વ્યવહારમાં આડતિયાનું શું કામ ? એક નાનકડી દુનિયા રમકડાં રૂપે મળી જાય છે. મન બાળક બની જાય છે.

ગામની સીમમાં ફરવા નીકળું છું. કુદરતની નિજલીલામાં ક્યાંય ખલેલ નથી. વૈશાખમાં કોયલનો ટહુકો સંભળાય છે. મનમાં સંવેદન જાગે છે. એક ટહુકા પછી થોડી વારે ફરી ટહુકો ઊઠે છે. બે ટહુકા વચ્ચેનો અંતરાલ કો અદ્ભુત ચીજ છે ! ટહુકાની ભરતી આવતી હોય એવું લાગે છે.

બન્ને બાજુએ વાડીઓ છે. વચ્ચે વાટ છે. ધ્યાન ખેંચે એવી અવરજવર નથી. મારું ચાલવું કે ઊભા રહેવું અનાયાસ છે. આ વાતાવરણનો જ એક ભાગ હોઉં એવું લાગે છે. પોતાનો સંગાથ માણું છું. ક્યાંક ધૂળમાં પડેલી પગલીઓ જોઉં છું તો કીડીઓની આવજાવ જોઉં છું. રસ્તા પર મોર અને ઢેલ ઊતરી આવે છે. મોરની ચાંચ ખૂલી છે. ઝડપથી શ્વાસ લે છે. કૂદકો મારી જરાક ઊડી વાડીમાં મોલમાં યુગલ ચાલ્યું જાય છે. એમની નિર્ભયતા ગમે છે. કાગડા, કાબર, ટિટોડી, ચકલી વગેરે પંખીઓના સ્વર સમય પર રંગછાંટણાં કરે છે. એક હોલો સૌથી નોખો તરી આવે છે. એનો ઘૂંટાયેલો ઘેરો અવાજ જુદી છાપ મૂકી જાય છે. મહેંદી પાન, ફૂલ અને ફળથી ભરપૂર છે. આંબાડાળે કેરી પર ભરપૂર તડકો પીધાની ગુલાબી-કેસરી લાલી વરતાય છે.

મન કૂદાકૂદ નથી કરતું. અપેક્ષા વગરનું મન હોઇ શકે એ સમજાય છે. ઊંચે આભમાં ઠંડી હવામાં સમડી ચકરાવા લે છે. પાંખ ફફડાવતી નથી. હવાની મંદ લહેરખીમાં પાંદડી હલે તેમ મન સેલારા લે છે. ક્યાંક ખિસકોલી દોડી જતી વરતાય છે. મનની હળવાશ દેહનો ભાર પણ લાગવા નથી દેતી. બાવળની સુકાયેલી ચાંદી જેવી સફેદ શૂળોની એક ડાળી પડેલી છે. નાનકડાં તરલ સફેદ પતંગિયાં ફૂલો પર અને શૂળો પર બેસે છે, ઊડે છે, હવામાં આકારો રચે છે.

કુદરતમાં સ્વધર્મ વરતાય છે. સૌ પદાર્થો, જીવસૃષ્ટિ, વનસ્પતિ, પોતાનામાં મગન છે. એમના હિતમાં ક્યાંય બાધક ન બનું એમ પસાર થાઉં છું. અહીં સાક્ષી બનવામાં આનંદ છે. સીમમાંથી મેં કંઇ લીધું નથી. માત્ર એનું સ્મરણ મનમાં છે. માટે કંઇ ન લેતાં ઘણું લઇ લીધું છે.

આખરે એ દિવસ ઊગે છે. હું પાછો ફરું છું. ઘર, શેરી, બજાર, ચોરો. બધું વટાવતો જાઉં છું. સીમનાં ઝાડવાં દેખાય છે ત્યાં લગી વતનમાં રહું છું. એક વળાંક આવે છે. ઝાડવાં અંતર્ધાન થાય છે. કન્યા વિદાયનું ગીત સાંભરે છે :

'આ દશ આ દશ પીપળો, આ દશ દાદાનાં ખેતર.'

બસ ઝડપ પકડે છે, દિશા બદલાય છે. હું બારીમાંથી વળી વળી પાછળ જોઉં છું.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૭ ● ● તા. ૧૬-૭-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## दुक्कर करेउं जे ताहुण्णे समणत्तणं ।

--ભગવાન મહાવીર

## (યૌવનમાં સાધુપણાનું પાલન દુષ્કર છે.)

છેલ્લા એક બે દાયકાંમાં જૈનોના જુદા જુદા સંપ્રદાયોમાં સાધુઓના શિથિલાચારની, દીક્ષાત્યાગની, આપઘાતની, નાણાંની ઉચાપતની બનતી ઘટનાઓએ સમાજને વારંવાર સંક્ષુબ્ધ કરી મૂક્યો છે. વર્તમાન સમયમાં પ્રચાર માધ્યમો વધ્યાં છે અને સનસનાટીભરી ઘટનાઓ પ્રસિદ્ધ કરી યશ ખાટી જવાની તેઓની વૃત્તિ પણ વધતી જાય છે. એથી ક્યારેક ઘટના નાની હોય તો પણ તેને બહુ મોટું સ્વરૂપ આપવામાં આવે છે. ક્યારેક તો ઉતાવળે ખોટી કે અધૂરી માહિતી અપાઈ જાય છે. અલબત્ત, પ્રચાર માધ્યમોને ક્યારેય અટકાવી નહિ શકાય. જોકે બીજી બાજુ ક્યારેક તો તેઓ એ દ્વારા સમાજને માહિતગાર અને જાગ્રત કરવાની ઇષ્ટ સમાજસેવા પણ બજાવે છે. પરંતુ જે સાવધ રહેવા જેવું છે તે તો સાધુ સમાજે જ છે.

સાધુઓના શિથિલાચારની ઘટનાઓ આજકાલની નથી. વિશ્વામિત્રથી પણ વધુ પ્રાચીન કાળની તે છે. વસ્તુતઃ જેમ ખોટા દાક્તરો હોય છે, લેભાગુ ઇજનેરો હોય છે, અપ્રામાણિક અધ્યાપકો હોય છે, લુચ્ચા વેપારીઓ હોય છે, ભ્રષ્ટ ન્યાયાધીશો હોય છે તેમ સમાજમાં વખતોવખત શિથિલાચારી સાધુઓના દાખલા પણ બનતા રહેવાના. એવી ઘટનાઓ દરેક ક્ષેત્રે કેવી રીતે ઓછી બને તે જ સમાજે વિચારવાનું રહે છે.

જેમ સૌથી ઊંચી અને કઠિન પરીક્ષાઓમાં પાસ થનારની સંખ્યા અલ્પ હોય છે તેમ સાધુતાની પરીક્ષામાં સારી રીતે પસાર થનારાઓ અલ્પસંખ્ય જ રહેવાના. એમાં પણ દુનિયાના જુદા જુદા ધર્મોમાં ગૃહત્યાગી સાધુસંન્યાસીઓના જે નિશ્ચિત આચાર હોય છે તેમાં સૌથી વધુ કઠિન સાધ્વાચાર જૈન ધર્મમાં ગણાયો છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતનું મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રિવિધે ત્રિવિધ અર્થાત્ નવ કોટિએ નિરતિચાર પાલન કરવું ઘણું જ દુષ્કર છે. આ પાલન પણ કિશોરાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં જેટલું દુષ્કર નથી તેટલું દુષ્કર યૌવનાવસ્થામાં છે. એટલે જ ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે.

जहा अग्गिसिहा दित्ता, पाई होइ सुदुक्करा ।
तहा दुक्कर करेउं जे तारुण्णे समणत्तणं ॥

(જેમ અગ્નિની શિખાનું પાન કરવું દુષ્કર છે તેમ તરુણ વયમાં સાધુપણાનું પાલન કરવું દુષ્કર છે.)

ઘરબાર છોડી, માતાપિતા અને સગાંસંબંધીઓને છોડી દીક્ષા લેવાનું ઘણું અઘરું છે, પરંતુ દીક્ષા લીધા પછી તેને સાદ્યંત નિભાવવાનું એથી પણ ઘણું બધું અઘરું છે અને નિભાવવા કરતાં એને સાચી રીતે શોભાવવાનું તો દુષ્કરમાં દુષ્કર છે. સમાજની કુલ વસતિમાંથી દીક્ષિત થનારની સંખ્યા અડધા ટકાથી પણ ઓછી હોય છે અને દીક્ષિત થયેલાઓમાંથી સંયમધર્મનું સાચી રીતે પાલન કરનારાઓની સંખ્યા તો એથી પણ ઘણી ઓછી રહે છે. દીક્ષા લીધા પછી કલંકરહિત, પરંતુ ગતાનુગતિકતાપૂર્વક યંત્રવત્ દીક્ષાનો ભાર વહન કરીને જીવન જેમ તેમ પૂરું કરનારાઓની સંખ્યા પણ ઓછી નથી હોતી. આમ બનવું અસ્વાભાવિક નથી, કારણકે આ માર્ગ જ એવો કઠિન છે.

એટલે જ ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયનસૂત્રના ઓગણીસમા અધ્યયનમાં કહ્યું છે :

वालुयाकवले चेव निरस्साए उ संजमे ।
असिधारागमणं चेव दुक्करं चरिउं तवो ॥

(સંયમનું પાલન રેતીના કોળિયા જેવું નીરસ છે. તેવી જ રીતે તપશ્ચર્યાનો માર્ગ પણ તલવારની ધાર ઉપર ચાલવા જેટલો દુષ્કર છે)

x x x

अहीवेगंतदीट्ठीए चरिते पुत्त दुक्करे ।
जवा लोहमया चेव चायेयव्वा सुदुक्करं ॥

(જેમ લોઢાના જવ ચાવવા દુષ્કર છે તેમ સર્પની જેમ એકાન્તદષ્ટિથી-એકાગ્રતાથી ચારિત્રનું પાલન કરવું દુષ્કર છે.)

x x x

जहा भुयाहिं तरिउं दुक्करं रयणायरो ।
तहा अणुवसन्तेणं दुक्करं दमसागरो ॥

(જેમ ભુજાઓથી સમુદ્ર તરી જવો દુષ્કર છે તેમ ઉપશાન્ત નહિ થયેલા જીવ માટે સંયમરૂપી સાગર તરી જવો દુષ્કર છે.)

ઠેઠ પ્રાચીન કાળથી વર્તમાન સમય સુધી દુનિયાના દરેક ધર્મમાં એવા માણસો જોવા મળે છે કે જેઓ ઘરબાર છોડી સાધુ-સંન્યાસી થઈ ગયા હોય. કેટલાક માણસો પ્રકૃતિથી ભોગોપભોગથી વિમુખ હોય છે. પરંતુ જેટલા સાધુ-સંન્યાસી, ભિખ્ખુ, પાદરી, ફકીર ઇત્યાદિ થયા હોય તે બધા જ ત્યાગ-વૈરાગ્યની સાચી ભાવનાથી પ્રેરાઈને સંયમના માર્ગે સાચી રીતે પ્રવર્ત્યા હોય એવું નથી. કેટલાયે અજ્ઞાનથી,

લાચારીથી, દુઃખથી મુક્ત થવા, તેવો માર્ગ સ્વીકાર્યો હોય છે. કેટલાકને ભોળવીને લઇ જવામાં આવ્યા હોય છે. કેટલાકે પોતે આજીવિકા મેળવવાને અસમર્થ હોવાથી કે મંદબુદ્ધિવાળા હોવાથી, કે કોઇ શારીરિક ખોડ હોવાથી કે પોતે તરંગી વિચિત્ર સ્વભાવના હોવાથી આવો માર્ગ ગ્રહણ કરેલો હોય છે. વેશથી તેઓ સાધુ હોય છે, પણ તેમના હૃદયને વૈરાગ્યનો અને સંયમનો પાકો રંગ લાગ્યો નથી હોતો. તેઓ માત્ર દ્રવ્યલિંગી જ હોય છે.

કેટલાક સાધુઓમાં તત્કાલ પૂરતો દુઃખગર્ભિત વૈરાગ્યનો ઉદ્રેક હોય છે, પરંતુ તે શમી જતાં અને ભોગોપભોગની સામગ્રી સુલભ બનતાં ફરી તેમનામાં સાંસારિક ભાવો જાગ્રત થાય છે. યૌવનાવસ્થામાં એ વિશેષ પ્રબળ બને છે. વિવિધ ઇન્દ્રિયોની અતૃપ્તિ એમને સતાવે છે અને માનસિક પરિતાપ કરાવે છે.

બધા સાધુ એક જ સરખી કોટિના ન હોઇ શકે. કોઇકની એક પ્રકારની શક્તિ હોય તો કોઇકની અન્ય પ્રકારની. તેવી રીતે કેટલાક સાધુઓમાં જોવા મળતી શિથિલતાઓ પણ એક સરખી ન હોતાં જુદા જુદા પ્રકારની હોય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ તથા અશુભ યોગ મોટા સાધુઓને પણ પતનના માર્ગે લઇ જાય છે. વિષય અને કષાય એ સાધુજીવનના મોટા શત્રુઓ છે. શિથિલતાની દૃષ્ટિએ એવા પાંચ પ્રકારના સાધુ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યા છે કે જે અવંદનીય ગણાય છે : (૧) પાર્શ્વસ્થ (પાસત્થા), (૨) અવસન્ન (ઓસન્નો), (૩) કુશીલ, (૪) સંસક્ત અને (૫) યથાછંદ (જહાછંદો). આ પાંચ પ્રકારના દરેકના પેટા પ્રકાર પણ બતાવવામાં આવ્યા છે. 'ગુરુવંદન ભાષ્ય'માં કહ્યું છે :

पासत्थो ओसन्नो कुसील संसत्तओ जहाछंदो ।

युग–युग–ति–दु–णेग–विहा अवंदणिज्जा जिणवयंमि ॥

(પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ-આ પાંચેના અનુક્રમે બે, બે, ત્રણ, બે અને અનેક-એવા પેટા પ્રકાર છે. આ પાંચેયને જૈન દર્શનમાં અવંદનીય કહ્યા છે.)

પાસત્થા (પાર્શ્વસ્થ) એટલે બાજુમાં રહેલા. જેઓ આત્મામાં નહિ પણ બહાર કે બાજુમાં રહે છે, જેઓ ધર્મમાં નહિ પણ ધર્મની બહાર રહે છે, જેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નત્રયીમાં નહિ, પણ એની બહાર રહે છે તે પાર્શ્વસ્થ. પાર્શ્વસ્થના બે પ્રકાર છે-સર્વ પાર્શ્વસ્થ અને દેશ પાર્શ્વસ્થ.

અવસન્ન એટલે જે સાધુઓ પોતાના આચારના પાલનમાં શિથિલ, પ્રમાદી કે અનુત્સાહી હોય છે. એમના બે પ્રકાર છે-સર્વ અવસન્ન અને દેશ અવસન્ન. કુશીલ એટલે ખરાબ આચરણવાળા. જેઓ જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારના પાલનમાં ઘણા દોષવાળા હોય તે. કેટલાક સાધુઓમાં કેટલાક સારા ગુણ હોય અને કેટલાક દોષો હોય તો તેને 'સંસક્ત' કહેવામાં આવે છે. યથાછંદ એટલે પોતાની મરજી મુજબ વર્તનારા, ગુરુની આજ્ઞામાં ન રહેનારા, ઉત્સૂત્ર પરૂપણા કરનારા, એશઆરામનું જીવન જીવવાવાળા શિથિલાચારી સાધુઓ. તેઓ અનેક પ્રકારના હોય છે.

આ પાંચે પ્રકારના સાધુઓને જૈન ધર્મમાં અવંદનીય કહ્યા છે.

સાધુઓમાં શિથિલતા આવવાનાં અઢાર સ્થાન દસવૈકાલિક-સૂત્રમાં બતાવ્યાં છે. એમાં પાંચ મહાવ્રતનું પાલન મુખ્ય છે અને એમાં પણ કઠિન વ્રત બ્રહ્મચર્યનું છે. સાધુ-સાધ્વીઓ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાને અસમર્થ બને છે ત્યારે તેમનામાં આચારની શિથિલતા અને વિવિધ પ્રકારના દોષો ઉદ્ભવવા લાગે છે. બ્રહ્મચર્ય વ્રત એટલું દુષ્કર છે કે તેના યોગ્ય અને યથાર્થ પાલન માટે શીલની નવ વાડ બતાવવામાં આવે છે. એ વાડ સાચવવાથી વિકાર કે પતનનાં દ્વાર બંધ રહે છે. જેઓ આ વાડની બાબતમાં પ્રમાદ સેવે છે તેઓનું ક્યારે પતન થઇ જાય છે તે કહેવાતું નથી. હિંદુ, બૌદ્ધ, ઇસ્લામ કે યહૂદી વગેરે ધર્મોમાં પણ વિજાતીય સાથે દેહસંબંધ ન થયો હોય તો પણ સજાતીય સંબંધો કે સ્વયંસ્લખનાના પ્રસંગો પ્રાચીન કાળથી બનતા આવ્યા છે. અલબત્ત, આવો વર્ગ બહુ નાનો હોય છે, પણ નથી હોતો એમ નથી. વર્તમાનકાળમાં દરેક ધર્મના સાધુ-સાધ્વીઓને જ્યાં એકાન્તમાં રહેવાની અને વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવાની સગવડ વધતી જાય છે ત્યાં શિથિલાચારનો અવકાશ વધવા લાગ્યો છે. જે ધર્મમાં સાધુ-સાધ્વીઓને ફોટા, ટી.વી. કે વિડિયો ફિલ્મ જોવાનો પ્રતિબંધ હોતો નથી તેવાં સાધુ-સાધ્વીઓ એકાંતમાં અશ્લીલ દશ્યો પણ નિહાળી શકે છે. અન્ય ધર્મના સાધુ-સાધ્વીઓમાં પણ આ દુરાચાર વધવા લાગ્યો છે. દુનિયામાં અશ્લીલ ફોટાઓ, ચલચિત્રો વગેરે પ્રકારની સામગ્રી પ્રતિદિન વધતી ચાલી છે અને ટી.વી. કે કોમ્પ્યુટર ઉપર પોતાના ઘરમાં સુલભ થવા લાગી છે. વિદેશોમાં કોમ્પ્યુટર ચલાવતાં કુમળી વયનાં બાળકો અજાણતાં આવાં દશ્યો ન નિહાળી લે એ માટે માબાપ બહુ સચિંત રહે છે.

સાધુપણામાં યૌવન વયનું એક મોટામાં મોટું જોખમ તે કામ-વાસનાનું છે. દરેક મનુષ્યમાં (અને પશુઓમાં પણ) કાળક્રમે કામવાસનાનો ઉદય થાય છે. કિશોરાવસ્થા વટાવતાં શરીરમાં જે પ્રકારના ફેરફારો થવા લાગે છે તેથી માણસ કૌતુકવશ બને છે અને કુદરતી આવેગો આવતાં તે સંતોષવાના ઉપાયો શોધે છે.

છેલ્લા થોડા વખતથી અમેરિકામાં ખ્રિસ્તી પાદરીઓ સામેના તહોમતનામાના દાખલાઓ વધતા જાય છે. અમેરિકા જેવા વિશાળ દેશમાં પાંચ હજારથી વધુ દેવળો છે અને તેમાં એથી પણ વધુ સંખ્યામાં પાદરીઓ ફરજ બજાવે છે. ખ્રિસ્તી ધર્મમાં પણ સામાન્ય રીતે રોમન કેથોલિક સંપ્રદાયમાં 'ફાધર'ની દીક્ષા બાળ બ્રહ્મચારીને જ અપાય છે. ક્યારેય પરિણીત ન હોય એવી વ્યક્તિઓ પાદરી બની હોય તો તેમાંથી કોઇકની અતૃપ્ત સુષુપ્ત કામવાસના જાગ્રત ન થાય એવું નથી. એવી વાસના જાગ્રત થાય અને તે અદમ્ય બની જાય ત્યારે તેવી વ્યક્તિ પોતાની વાસના સંતોષવા વિવિધ ઉપાયો અજમાવે છે. દેવળમાં શીખવા આવતા કે ધર્મક્રિયા કરવા આવતા કુમળી વયના દસબાર કે વધારે ઓછા વર્ષના છોકરાઓ સાથે સજાતીય વ્યવહાર આવા પાદરીઓથી થઇ જાય છે. પછી ટેવ પડે છે અને પકડાય છે ત્યારે તેમની સામે ખટલો ચાલે છે અને તેમને સજા થાય છે. છેલ્લા દાયકામાં એવા કેટલાક પાદરીઓ જેલજીવન ભોગવે છે. આપણે ત્યાં જૈન અને અન્ય ધર્મમાં તથા દુનિયાના બીજા દેશોમાં અને બીજા ધર્મોમાં પણ ઘણા આવા દાખલા બને છે. પણ ત્યાં કાયદો અને લોકમત એટલા પ્રબળ નથી. પરિણામે ગુપ્ત રીતે કામભોગ ભોગવતા સાધુસંન્યાસીઓ પકડાવા છતાં છટકી જઇ શકે છે, કારણ કે સાધુઓ ઉપર કોર્ટમાં કેસ ચલાવવા અને સાક્ષી થવા બહુ ઓછા તૈયાર હોય છે.

યૌવનાવસ્થા એ સાધુતાની કસોટી કરનારો કપરામાં કપરો કાળ ગણાય છે. ગૃહસ્થોનાં વૈભવી જીવન જોઇને તેવું જીવન જીવવાની ઇચ્છા થવી, કામવાસના જાગૃત થવી અને તેના આવેગોને શાંત કરવા અસમર્થ થવું, પ્રસિદ્ધ પુરુષ થવાના કોડ જાગવા અને લોકૈષણાથી પરાજિત થવું એ યૌવનવયમાં સાધુઓ સામે મોઢું ફાડીને બેઠેલા મોટા દુષ્ટ અસુરો છે. એમના ઉપર વિજય મેળવવા માટે અપૂર્વ પરાક્રમની અપેક્ષા રહે છે.

યુવાન વયે મહાન તેજસ્વી સાધુઓએ સંયમની અને અધ્યાત્મની ઉત્તમ આરાધના કરી હોય એવા અનેક દૃષ્ટાન્તો જૈન શ્રમણ પરંપરામાં જોવા મળશે. જંબૂસ્વામી, સ્થૂલિભદ્ર, વજ્રસ્વામી, હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી વગેરે બેચાર નહિ, પણ અનેક નામો ગણાવી શકાય. અન્ય ધર્મોમાં પણ એવાં અનેક ઉદાહરણ વિશે જાણવા મળે છે.

કેટલાયે એવા મહાત્માઓ થઇ ગયા છે કે જેમનાં નામની આપણને જાણ નથી. કેટલાયે મહાત્માઓ પોતાની આરાધનાની અને આધ્યાત્મિક ઉચ્ચતાની વાત કોઇને જણાવા દેતા નથી કે જાતે પ્રસિદ્ધિમાં આવવા ઇચ્છતા નથી. એટલે સંયમની આરાધનાનો માર્ગ દુષ્કર છે, પણ અશક્ય નથી.

મનુષ્યના ભોગોપભોગની અન્ય ઘણીખરી પ્રવૃત્તિઓ પ્રગટ હોય છે, પરંતુ કામભોગની પ્રવૃત્તિ ગુપ્ત હોય છે એટલે તે જલદી નજરમાં આવતી નથી, પણ એની વ્યાપકતા સમગ્ર સૃષ્ટિમાં પ્રસરેલી રહે છે.

બ્રહ્મચર્ય વ્રતને અસિધારા વ્રત તરીકે ઓળખાવવામાં આવે છે. ખાંડાની ધાર પર ચાલવાનું કદાચ એટલું કઠિન નથી જેટલું કઠિન બ્રહ્મચર્યવ્રતનું પાલન છે. ઇન્દ્રિયોનાં બીજાં ક્ષેત્રો કરતાં કામવાસનાનું ક્ષેત્ર અત્યંત બળવાન છે. એના ઉપર વિજય મેળવવાનું ઘણું જ અઘરું છે, કારણ કે કામવાસનાને સ્પર્શેન્દ્રિય સાથે સંબંધ છે અને સ્પર્શેન્દ્રિયના સંસ્કાર જીવમાં અનાદિકાળથી છે. એકેન્દ્રિય જીવોમાં અન્ય કોઇ ઇન્દ્રિયો નથી હોતી, પણ સ્પર્શેન્દ્રિય તો હોય જ છે. આ અનાદિના સંસ્કારમાંથી નિવૃત્ત થવા માટે ઘણા મોટા પુરુષાર્થની અપેક્ષા રહે છે.

આહારને કામવાસના સાથે અવશ્ય સંબંધ છે. બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારા સાધુ કે ગૃહસ્થો જો સ્નિગ્ધ, પૌષ્ટિક આહાર પૂરતા પ્રમાણમાં લેવા લાગે તો એમનામાં વાસનાઓ જાગ્યા વગર રહે નહિ. વચનથી કે કાયાથી કદાચ તે ચલિત ન થાય તો પણ પોતાને ખબર પણ ન પડે એ રીતે વિકારો એમના ચિત્તમાં દાખલ થઇ જાય છે. એવા વિકારી વિચારો હજારો પ્રકારના હોય છે.

જૈન ધર્મમાં દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને સાકર એ દ્રવ્યોને 'વિગઇ' તરીકે ઓળખાવવામાં આવે છે. 'વિગઇ' શબ્દ વિકૃતિ પરથી આવેલો છે. આ પદાર્થોમાં શરીરમાં વિકૃતિ જન્માવવાની શક્તિ રહેલી છે. એટલે એનો ઉપયોગ અત્યંત મર્યાદિત પ્રમાણમાં જ કરવાનો હોય છે. એની અતિમાત્રા વિકાર જન્માવ્યા વગર રહેતી નથી, કારણ કે એથી સપ્ત ધાતુના રૂપાંતરમાં ફરક પડે છે. અને એવો ફરક શરીર ઉપર અથવા છેવટે ચિત્તની વિચારધારા ઉપર પ્રબળ અવળી અસર કરી જાય છે. જેઓ પોતાની વિચારધારાનું દિનરાત સતત અવલોકન કરતા રહે છે તેઓને આ વાત તરત સમજાય એવી છે. આથી જ કેટલાયે જૈન સાધુઓ વિગઇનો ઉપયોગ કરતા નથી અને કેટલાક તો જીવન પર્યંતનાં પચ્ચખાણ લે છે. વિગઇનો ઓછો ઉપયોગ થાય તો શરીર કુદરતી રીતે જ કૃશ રહે. સાધુ કૃશકાય હોય તો જ શોભે. સાધુ હોવું અને અલમસ્ત તગડા રહેવું એ બંને સાથે હોઇ ન શકે. (સિવાય કે જન્મજાત કોઇ ખોડ હોય). 'તમારી તબિયત બહુ ફાંકડી થતી જાય છે' એવું વચન સાધુ માટે શોભે નહિ.

જે સંન્યાસીઓ રાત પડ્યા પછી મિષ્ટાન્ન સહિત ભારે ભોજન પેટ ભરીને કરે છે તેઓને નિદ્રાવસ્થામાં વિકાર અને સ્ખલનાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. વારંવાર બનતા એવા આકસ્મિક પ્રસંગો ચિત્તને અવળી દિશામાં ધકેલે છે અને પછી પોતે પણ એમાં રાચવા લાગે છે. સંયમના પાલનને માટે સૂર્યાસ્ત પહેલાં અસ્નિગ્ધ, અમિષ્ટ આહાર અને તે પણ મિત પ્રમાણમાં હિતાવહ મનાયો છે.

જૈન ધર્મમાં ઊઠવા બેસવાની કે સૂવાની ક્રિયાઓ વિશે પણ બહુ સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવ્યો છે. સાધુઓની બેસવાની મુદ્રા પણ સંયમિત હોવી જોઇએ. જૈન ધર્મમાં સાધુઓ અને ગૃહસ્થો માટે પંચાંગ પ્રણિપાત સ્વીકારાયો છે. દંડવત્ પ્રણામનો નિષેધ છે, કારણ કે પોતે કરેલાં દંડવત્ પ્રણામ કે અન્ય સ્ત્રી કે પુરુષે કરેલા દંડવત્ પ્રણામનું અભદ્ર દર્શન ઉત્તેજનાનું નિમિત્ત બની શકે છે. જેઓ વિજાતીય વ્યક્તિનું મુખદર્શન પણ કરવા ઇચ્છતા નથી તેઓ દંડવત્ પ્રણામ ન કરે એ જ ઉચિત છે, કારણ કે એમાં પતનનાં સૂક્ષ્મ ભયસ્થાનો છે. સાધુઓએ પગ સંકોડીને પડખે જ સૂઇ જવું જોઇએ જેથી કુદરતી રીતે શારીરિક સંયમ જળવાય અને એથી મન પણ નિર્મળ રહે. દિગંબર મુનિઓ તો એક જ પડખે નિદ્રા કરી લેતા હોય છે. પડખું બદલવાનું થયું કે તરત બેઠા થઇ ધ્યાનમાં બેસી જવાનું હોય છે. વ્રતપાલનમાં શરીરની ક્રિયાઓ અને અવસ્થાઓનો પૂર્વાચાર્યોએ અભ્યાસ કરીને સંયમની દૃષ્ટિએ યોગ્ય નિયમો બતાવ્યા છે.

દરેક ધર્મમાં તેજસ્વી સાધુઓ પ્રત્યે મહિલા વર્ગનું આકર્ષણ પરાપૂર્વથી ચાલતું આવ્યું છે. પરંતુ જેઓ પોતાની સાધનામાં સ્થિર છે તેઓ એ વિશે ઉદાસીન રહે છે. કેટલાક મહાત્માઓ યુવતીજનવલ્લભ બને છે. રૂપાળી લલનાઓથી તેઓ વીંટળાયેલા રહે છે. ભક્ત મહિલાઓ તેમનો ચરણસ્પર્શ કરવા ઝંખે છે. ભોળી અને ઘેવલી ભક્તાણીઓ ગુરુમુખે પોતાનાં જરાક વખાણ થતાં રાજી રાજી થઇ જાય છે અને તેમને રાજી કરવા ગમે તે હદ સુધી જવા તૈયાર થઇ જાય છે. એમાં તેઓ પોતાને પરમ ભાગ્યશાળી, પરમ ધન્ય માનવા લાગે છે. તેઓ એમના નામની માળા ફેરવવા લાગે છે. કંઇક કાકતાલીય ન્યાયથી બનતી કે ઉપજાવી કાઢેલી ચમત્કારિક ઘટનાઓને તેઓ ગુરુએ કરેલા ચમત્કાર રૂપે માનવા લાગે છે. પરંતુ આવી આવી ઘટનાઓ ગુરુ માટે લપસણી ભૂમિકા તૈયાર કરે છે અને પોતાને અત્યંત સાવધ માનવા છતાં એવા ગુરુઓ ક્યારે લપસી પડે છે તે અગાઉથી પોતે કળી શકતા નથી. પતન પણ જ્યાં સુધી ગુપ્ત હોય ત્યાં સુધી રોચક બને છે.

સારી વક્તૃત્વશક્તિ એ સાધુના જેમ ગુણપક્ષે છે તેમ એમને માટે ભયસ્થાનરૂપ પણ છે. એથી સાવધ રહેવાનું છે. સારી વક્તૃત્વ શક્તિથી ઘણો પ્રભાવ પડે છે. અનેકના જીવનને માટે તે પ્રેરણારૂપ બને છે. પરંતુ સારી વક્તૃત્વશક્તિ મોટા ટોળાને ખેંચી લાવે છે. એમાં દુષ્ટ માણસો પણ ખેંચાઇને આવે છે. સારી વાક્છટા ક્યારેક સાધુવક્તાના મનમાં સૂક્ષ્મ માન કષાય જન્માવે છે. એ વખત જતાં મદિરાનું કામ કરે છે. તે વખતે કોઇનાં, પોતાના ગુરુનાં સુદ્ધાં, હિતવચન ગમતાં નથી. શ્રોતાભક્તો પાસે ધાર્યું કરાવવાની શક્તિ ખીલતાં આત્મવિશ્વાસ વધે છે, સ્વતંત્ર થવાના વિચારો ચાલે છે, એમ થાય તો નિર્વાહની જવાબદારી ઉઠાવી લેનારા ભક્તો મળી જ આવે છે અને એમ થતાં એક દિવસ સંયમત્યાગનો નિર્ણય લેવાય છે. સાધુ તરીકે પોતે જે જે લોકહિતનું કાર્ય કરે છે તે ગૃહસ્થ તરીકે વધારે સારી રીતે કરી શકશે એવો ભ્રમ પછી સેવાય છે. સૂક્ષ્મ આધ્યાત્મિક સ્વહિતના ભોગે લોકહિતની ભ્રામક પ્રવૃત્તિ થઇ રહી છે એવું ભાન મોહનીય કર્મ પોતાને થવા દેતું નથી અને એક ઉત્તમ જીવ પોતાનું સંસારપરિભ્રમણ વધારી દે છે. એમ થવાનું હતું માટે થયું એવી માન્યતાનું પછી સમર્થન કર્યા વગર છૂટકો નથી રહેતો.

સારી વક્તૃત્વ શક્તિને લીધે મળતી મોટાઇ ક્યારેક યુવાન મુનિને આત્મવંચના તરફ ધકેલે છે. બહારથી ધર્મની વાત ચાલે, પણ અંતરમાં માયાચાર વધવા લાગે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ લખ્યું છે :

માચે મોટાઇમાં જે મુનિ, ચલવે ડાકડમાલા;
શુદ્ધ પરૂપક ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટમાલા.
નિજ ગણ સંચે, મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ, ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે.

યુવાન શિષ્યોને સંયમના માર્ગે કેળવવાની જવાબદારી ગુરુભગવંતોની ઘણી મોટી રહે છે. ગુરુ-પારતંત્ર્ય ઉપર જૈન ધર્મમાં

ઘણો ભાર મૂકાયો છે. એક આચાર્ય ભગવંતે કહ્યું હતું કે ડૉક્ટર કે એન્જિનિયરિંગની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી અને ડિગ્રી મળી એટલે તે સારામાં સારા દાક્તર કે એન્જિનિયર થઇ જ જાય એવું નથી. એ માટે એ ક્ષેત્રના વડીલ અનુભવીની સાથે કામ કરવાથી સારું માર્ગદર્શન અને સારો અનુભવ મેળવીને સારા દાક્તર કે ઇજનેર થઇ શકાય છે. તેવી રીતે ચેલાને દીક્ષા આપવાથી તે ઉત્તમ સાધુ થઇ જશે એવા ભ્રમમાં ગુરુએ ન રહેવું જોઇએ પણ પોતાની પાસે રાખીને સંયમના સુંદર પાઠ એને ભણાવવા જોઈએ. નાની ઉંમરનાં છોકરાઓ કે છોકરીઓ માબાપને મૂકીને આવ્યાં હોય તો તેને સતત પાસે રાખીને એટલું વાત્સલ્ય આપવું જોઇએ કે માબાપની યાદ તેઓને ન આવે કે ઘરે જવાનું નામ પણ લે. તેવી જ રીતે ચેલાઓને એવી તાલીમ આપવી જોઇએ કે જેથી ભૌતિક વૈભવમાં જેટલું સુખ છે તેના કરતાં ત્યાગમાં ઘણું ચડિયાતું સુખ છે એવી સાચી શ્રદ્ધા એનામાં જન્મે અને ભૌતિક વૈભવ માટે ચિત્તમાં જરા સરખી પણ આસક્તિ ન રહે. તેવી જ રીતે બ્રહ્મચર્યના પાલન માટેનો એનો રસ એવો સરસ કેળવવો જોઇએ કે કામભોગ એને સાવ તુચ્છ, નીરસ, ધૃણાસ્પદ અને હાનિકારક તથા સંસારનું પરિભ્રમણ વધારનાર લાગે. પરંતુ આ બધું બેચાર દિવસ કે બેચાર મહિનામાં થતું નથી. શિષ્યને ચારપાંચ વર્ષ સતત પાસે રાખી, વાત્સલ્યપૂર્વક એની દેખરેખ રાખવાથી થાય છે. શિષ્યને ક્ષતિઓ માટે વારંવાર કડક શિક્ષા કરવાથી પરિણામ એટલું સારું નથી આવતું જેટલું વાત્સલ્યભાવથી પ્રસન્નતાપૂર્વક વશ રાખ્યાથી આવે છે. પરંતુ એમ કરવા માટે ગુરુ ભગવંતે પોતે પણ એટલી જ ઉચ્ચ પાત્રતા કેળવવાની રહે છે અને એટલો સમય આપવાનો રહે છે. જે ગુરુ ભગવંતમાં પોતાનામાં જ શિથિલતા હોય તે ચેલાને બહુ રોકી ન શકે. ગુરુ મહારાજને પોતાને જ ભોજનની વાનગીઓમાં રસ પડતો હોય ને તેવી વહોરી લાવવા માટે સૂચના અપાતી હોય, પોતાની યોજના માટે શ્રીમંતોએ લખાવેલી રકમોના અને યોજનામાં થતા ખર્ચના હિસાબો રાત દિવસ ચાલ્યા કરતા હોય, અન્ય સમુદાયના સાધુઓની નિંદા ચાલતી હોય, શ્રીમંત ગૃહસ્થો કે રાજદ્વારી પુરુષોની ખુશામત થયા કરતી હોય, વિજાતીય વર્ગની ઉપસ્થિતિ ગમતી હોય અથવા અન્ય કોઇ પણ પ્રકારની સ્વભાવગત નિર્બળતા હોય તો રાતદિવસ સાથે રહેનાર ચેલાઓથી એ વાત અજાણ રહેતી નથી. ક્યારેક તો આવી ગુપ્ત વાતના સાક્ષી ચેલાઓ પોતાનું ધાર્યું કરાવવા માટે ગુરુને 'બ્લેક મેઇલ' પણ કર્યા કરતા હોય છે. માટે જ દીક્ષા આપવી જેટલી સહેલી છે એથી વધુ કઠિન ગુરુ તરીકેની પોતાની પાત્રતા કેળવવાની છે.

જે ગુરુ ભગવંતો પોતે લૌકિક પ્રસિદ્ધિની ઘણી બધી પ્રવૃત્તિઓમાં પડી જાય છે અને અનેક ચાહકોથી વીંટળાયેલા રહે છે તેઓ પોતાના ચેલાઓનું બરાબર ધ્યાન રાખી શકતા નથી. એ માટે સમય રહેતો નથી. વખત જતાં એક બે ચેલાઓ માંહોમાંહે મળી જાય છે અને શિથિલાચારના વિચારો પોષાવા લાગે છે અને એમાંથી અનર્થ ઉદ્‌ભવે છે.

જે મહાત્માઓ ચેલા વધારવાની ધૂનમાં યોગ્યયોગ્યતા કે પૂરી પાત્રતા જોયા વગર જેને તેને નાની વયમાં મુંડી નાખે છે તેવા ચેલાઓ જ્યારે તારુણ્યમાં આવે છે ત્યારે પોતાના દેહમાં ઉત્પન્ન થતી વિકૃતિઓને વશ થઈ જાય છે અને અંગત રીતે શિથિલાચારી બની જાય છે. સંયમમાં એમનો રસ સ્થિર રહેતો નથી. ચિત્ત બહાવરું બની જાય છે. અસંયમની ગુપ્ત તક શોધવા માટે તેઓ ફાંફા મારે છે. જ્યારે તેઓનો લજ્જાભાવ નીકળી જાય છે, પ્રતિષ્ઠાહાનિનો ભય ચાલ્યો જાય છે, અપકીર્તિની પરવા રહેતી નથી ત્યારે તેઓ દીક્ષા છોડી દે છે. એમાં પણ ચતુર દીક્ષિતો પૂરો આર્થિક પ્રબંધ કરીને તથા ગૃહસ્થ જીવન માટે સાથી પાત્ર બનવા તત્પર વ્યક્તિ સાથે પાકું નક્કી કરીને, જરૂર પડ્યે ક્ષેત્રાંતર કરીને દીક્ષા છોડી દે છે. મોહાંધ ગુરુઓની ત્યારે આંખ ખૂલે છે.

યુવાન સાધુઓને સંયમમાં સ્થિર રાખવાના જે વિવિધ ઉપાયો છે તેમાંના મુખ્ય બે છે : (૧) તપથી કૃશ શરીર અને ઉચિત આહાર તથા (૨) સતત સ્વાધ્યાય અને શ્રુતજ્ઞાનનો ઉછળતો રસ. સાચા આરાધક ગુરુ મહારાજો યુવાન ચેલાઓના આહાર પર ચાંપતી નજર રાખતા હોય છે. તેમનામાં રસગારવ ન આવી જાય તે માટે ચીવટ રાખે છે. જે ગુરુ મહારાજો સવારના પહોરમાં છાપું વાંચવા બેસી જતા હોય છે તેઓ પછી ચેલાઓને છાપું વાંચતા અટકાવી શકતા નથી. છાપાંઓમાં વિવિધ મસાલેદાર માહિતી સછવિ આવતી હોય છે. એક વખત છાપાંઓ, ચોપનિયાંઓ વાંચવાનો અને ખૂન, અપહરણ, વ્યભિચાર, બળાત્કાર વગેરેના વૃત્તાંતો જાણવાનો ચટકો લાગે છે, પછી શ્રુતજ્ઞાનમાં એટલો રસ નથી પડતો. આપણું શ્રુતજ્ઞાન સાગર જેવું અગાધ છે. એ એટલું વિપુલ છે કે માણસ એક જિંદગીમાં પૂરું ન કરી શકે. એમાં પણ પસંદગી કરવી પડે. પણ એક વખત જો એમાં ઉત્કટ રસ પડવા લાગ્યો, અને મોક્ષાભિલાષા દઢ બનતી ગઇ તો પછી સંસારનાં ભૌતિક સુખો સાવ તુચ્છ, ક્ષણિક અને ભારે કર્મબંધ કરાવનારાં લાગશે. એટલે જે ગુરુમહારાજો પોતાના યુવાન ચેલાઓના વિષયમાં સતત સચિંત રહેતા હોય છે તેઓ તેમને શ્રુતગંગામાં સતત સ્નાન કરાવતા રહે છે.

સાધુપણામાં, સંયમમાં સ્થિર રહેવાના વિવિધ ઉપાયો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના આ ઓગણીસમા અધ્યયનનું જ ફક્ત જો ભાવપૂર્વક વારંવાર પરિશીલન થયા કરે તો પણ સાધુ ભગવંતો પોતાના સંયમમાં-ચારિત્રની આરાધનામાં હોંશપૂર્વક સ્થિર અને દઢ રહી શકે. જે યુવાન સાધુઓને પોતાનું ઘર યાદ આવતું હોય તેઓએ બનારસીદાસની નીચેની પંક્તિઓનું સ્મરણ કરવા જેવું છે:

ધીરજ-તાત, ક્ષમા-જનની,
પરમારથ-મિત, મહારુચિ-માસી;
જ્ઞાન-સુપુત્ર, સુતા-કરુણા,
મતિ-પુત્રવધૂ, સમતા-પ્રતિભાસી;
ઉદ્યમ-દાસ, વિવેક-સહોદર,
બુદ્ધિ-કલત્ર, શુભોદય-દાસી;
ભાવ-કુટુંબ સદા જિનકે ઢિગ,
યોં મુનિકો કહિયે ગૃહવાસી.

આમ તારુણ્યમાં શ્રામણ્ય દુષ્કર છે, પણ જેઓ એને સુકર બનાવી શકે છે તેઓના આનંદની તોલે જગતમાં બીજો આનંદ નથી. કહેવાય છે :

સાધુમારગ સાંકડા, જૈસા પેડ ખજૂર;
ચડે તે ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચૂર.

☐ રમણલાલ ચી. શાહ

✣ ✣ ✣

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો ઓગસ્ટ ૧૯૯૮નો તથા સપ્ટેમ્બર ૧૯૯૮નો અંક સંયુક્ત અંક તરીકે ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ પ્રગટ થશે.

☐ તંત્રી

# મુહપત્તિનું પડિલેહણ

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

મુહપત્તિને મુખવસ્ત્રિકા પણ કહેવામાં આવે છે. મુખ આગળ રાખીને બોલવાનું હોવાથી તેને મુહપત્તિ કહેવામાં આવે છે. મુહપત્તિ વાણીનો વિવેક રાખવાની શુદ્ધબુદ્ધિ પ્રેરે છે. ચોક્કસ વિધિમાં પ્રવેશ પામવા માટે મુહપત્તિનું પડિલેહણ અતિ આવશ્યક મનાયેલું છે. સામાયિક લેતાં પહેલાં, સામાયિક પાળતાં, પાંચે પ્રકારનાં પ્રતિક્રમણોમાં, ત્રીજા અને છઠ્ઠા આવશ્યક વખતે મુહપત્તિનું પડિલેહણ કરાય છે. પખ્ખી અને સંવત્સરી પ્રતિક્રમણની પૂર્ણાહુતિ પ્રસંગે પણ મુહપત્તિનું પડિલેહણ કરાય છે; કારણ કે પ્રતિક્રમણ પૂર્ણ થવા આવ્યું છે, તેના સૂચન રૂપે તથા મુહપત્તિના બોલના ભાવ સિવાય બીજો ભાવ આવી ગયો હોય તેની શુદ્ધિ માટે મુહપત્તિનું પડિલેહણ થતું જણાય છે.

મુહપત્તિના ૫૦ બોલ હોય છે, તેમાં ૨૫ બોલ શરીરના અંગોની પ્રતિલેખના કરવા માટે છે; તથા બાકીના ૨૫ બોલ મુહપત્તિના અનુસંધાનમાં ઉપયોગ માટેના છે.

પ્રતિક્રમણ ગુરુસાક્ષીએ કરવાનું છે તેથી ત્રીજા આવશ્યકની મુહપત્તિ છે; નવા પાપના પચ્ચક્ખાણ સ્વરૂપ છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ છે, તે પ્રતિક્રમણની સમાપ્તિરૂપ છે. પડિલેહણ શબ્દ પણ પ્રતિક્રમણના અંગભૂત છે.

મુહપત્તિ આદિ ઉપકરણો ધર્મારાધનામાં પ્રવેશેલા પ્રત્યેક વિવેકી આત્માને મોક્ષપુરીમાં લઇ જનારી નિસરણીના ઉત્તમ પગથિયા રૂપ છે, ચાહે તે મુહપત્તિ હોય કે ચરવળો, ઓઘો હોય કે કટાસણું કે પછી નવકારવાળી હોય.

મુહપત્તિના ૫૦ બોલમાં મનોવિજ્ઞાન સાથે ભારોભાર અધ્યાત્મ વિજ્ઞાન પણ રહેલું છે. જે સમયે જીવ જે જે કાર્ય કરે છે તેમાં કયા સ્થાને વધુ આત્મપ્રદેશોનું સંચલન થાય છે તેની જાણકારી માટે મુહપત્તિનું પડિલેહણ છે. અહીં શાસ્ત્રોક્તવિધિ સાચવવાની હોય છે, જિનેશ્વર પરમાત્માએ પ્રકાશેલા સંવિધાનના અંગભૂત વિધિનું બહુમાન સ્વયં જિનેશ્વરનું બહુમાન છે અને તેની અવગણના શ્રી જિનેશ્વરની આજ્ઞાની અવગણના સમાન છે.

આજે તથા વર્ષો પૂર્વે પણ મુહપત્તિના ૫૦ બોલ વિધિપૂર્વક કરનારાની સંખ્યા અત્યંત સ્વલ્પ રહી છે. પ્રથમ તો ૫૦ બોલ જ આવડતા નથી અને વિધિપૂર્વક કેમ પડિલેહણ કરવું તે સમજની બહાર છે. એટલું જલદી અને તે પણ ગમે તેમ પૂરું કરી દેવાની મનોવૃત્તિ સ્પષ્ટ તરી આવે છે. તે સમજપૂર્વક કરવાની દાનત તથા મનોવૃત્તિનો અભાવ જણાઇ આવે છે. વેઠ ઉતારતાં હોય તેવું લાગે!

મુહપત્તિના ૫૦ બોલમાં પ્રારંભના ૨૫ બોલ શરીરના અંગોની પડિલેહણા કરવા માટે છે. અંગાંગની પ્રતિલેખના દેહભાવ દૂર કરી ત્યાં ત્યાં આત્મભાવ પ્રતિષ્ઠિત કરવાના નિર્મળ આશયના અંગ રૂપ છે. પાપકરણ વૃત્તિના વળગાડથી જીવને નિષ્પાપ બનાવવાનો સદ્હેતુ શાસ્ત્રવિધિમાં રહેલો છે.

આવી વિધિમાં એકાકાર થઈ જવાથી શું મળી શકે તે ઇરિયાવહી કરતાં કરતાં અતિમુત્ત બાળમુનિ કેવળી થઇ શક્યા. મુહપત્તિનું પડિલેહણ ઉભડક પગે કરવાનું વિધાન જીવદયાના હેતુપૂર્વકનું છે. બે હાથને બે પગ વચ્ચે રાખી મસ્તક નીચું રાખી મુહપત્તિનું પડિલેહણ સંલીનતા તપના ભાગ રૂપ છે. ઉભડક પગે કરવાથી સૂક્ષ્મ પ્રમત્તતા પણ પરાસ્ત થાય છે. યોગના આસનોમાં આને ગોદોહનને મળતું બતાવી શકાય.

મુહપત્તિનું પડિલેહણ કરતી વખતે મુહપત્તિના બંને છેડા બંને હાથ વડે પકડી મુહપત્તિ સામે દૃષ્ટિ સ્થિર કરી સૂત્ર-અર્થ-તત્ત્વ સદ્દહું કહેવું જોઇએ. વિચારતાં એમ લાગે કે સૂત્ર અને તેના અર્થને જાણ્યા પછી સંતોષ ન પામતાં વાણીને આચરણમાં લાવી તત્ત્વ પામવાનું છે; જે આધ્યાત્મિક પ્રક્રિયા સમગ્ર પ્રતિક્રમણમાં દૂધમાં રહેલા ઘીની જેમ રહેલી છે. કેમકે ઇરિયાવહી ભણીને તત્ત્વ પામનાર અઇમુત્ત સાચો જ્ઞાની છે, જ્યારે સાડા નવ પૂર્વ ભણેલો તત્ત્વ ન પામે તો તે અજ્ઞાની છે.

પછી મુહપત્તિના જમણા ભાગને ખંખેરતી વખતે સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું આ ત્રણ બોલ બોલાય છે. પ્રત્યેક બોલમાં તત્ત્વમીમાંસા, અનુપ્રેક્ષા રહેલી છે. જેમકે એક આ ઉદાહરણ લઇએ. આઠ કર્મોમાં મોહનીય કર્મ કેન્દ્રીય સ્થાને છે. તે દૂર થતાં સાધક હરણફાળે આગળ વધી શકે છે. મોહનીય કર્મના મુખ્ય બે વિભાગો છે :- (૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય. તેમાં દર્શન મોહનીય માન્યતા મૂંઝવે છે. દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા નકારે છે, જ્યારે ચારિત્ર મોહનીય વર્તનને વિકૃત બનાવે છે. દર્શન મોહનીયના ત્રણ પ્રકારો ઉપર બતાવ્યા છે. આત્મા પોતાના અધ્યવસાયથી મિથ્યાત્વના પુદ્ગલો શુદ્ધ કરે, તે શુદ્ધ થયેલા પુદ્ગલોને સમ્યક્ત્વ મોહનીય કહેવાય. મિથ્યાના પુદ્ગલો અડધા શુદ્ધ થાય અને અડધા અશુદ્ધ રહે તેને મિશ્રમોહનીય કહેવાય. તેના ઉદયમાં અનિશ્ચિત દશા પ્રવર્તે, દૂધ અને દહીંમાં પગ રાખે. અશુદ્ધ પુદ્ગલો કે જેના લીધે આત્મા મિથ્યાત્વમાં રાચે તે મિથ્યાત્વ મોહનીય કહેવાય. આવી સમજ સાથે આ ત્રણ બોલ બોલવા. મોહનીય કર્મ તત્ત્વ પામવામાં જીવને મૂંઝવે છે, અસતમાં સતની ભ્રાંતિ કરાવી તેને ગુમરાહ બનાવે છે.

મુહપત્તિના ડાબા ભાગને ખંખેરતી વખતે 'કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું' બોલાય છે. હૈયામાં રહેલા આ ત્રણ રાગ ધર્મને સમજવામાં બાધારૂપ નીવડે છે.

મુહપત્તિને ત્રણ વાર ફેરવી તેના બે પડ વાળવા પૂર્વક મધ્યભાગથી વળાય છે અને હથેળીથી ખભા સુધી પડિલેહણ કરતાં 'સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું' બોલાય છે. ડાબા હાથને અડે તેવી રીતે ત્રણ વાર ઘસીને નીચે ઉતારતાં 'કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું' બોલાય છે. ત્યારબાદ ડાબી હથેળીથી કોણી સુધી મુહપત્તિ અદ્ધર રાખી અંદર લઇ બોલીએ છીએ 'જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.' આ ત્રણે મોક્ષમાર્ગ છે.

સમ્યગ્દર્શન એટલે વસ્તુના યથાર્થ સ્વરૂપનું દર્શન જેના વડે થાય તે દૃષ્ટિ. જિનવચનમાં જરા પણ સંદેહથી દૃષ્ટિ ડોહળાય છે. ભરત ચક્રવર્તીને અરિસા ભુવનમાં કેવળજ્ઞાન ઉપાર્જિત કરવામાં ખરી સહાય સમ્યગ્ દૃષ્ટિએ કરી. વીંટી પડી જવાથી લાગેલા ઝાટકાએ ઘાતી કર્મોનો નાશ કર્યો. સુલસાના લક્ષપાત તેલના ૩ સીશા પડી ગયા, તેલ ઢોળાઇ ગયું પણ તેલ ઢોળાઇ ગયું તેની એક રૂંવાડામાં વ્યથા નથી. વ્યથિત થયાં ખરાં પણ તે મુનિ વહોર્યા વિના પાછા ગયા તેથી હતું. સુલસાના સમ્યક્ત્વને મધ્યાહ્નના સૂર્ય જેવું ઝળહળતું વર્ણવાયું છે.

આરાધનામાં જેટલું મૂલ્ય કીકીનું છે તેટલું મહત્ત્વ સમ્યગ્ દૃષ્ટિનું છે. તે આત્માની આંખ છે, સમ્યગ્ જ્ઞાન આત્માની પાંખ છે. સમ્યગ્દર્શનમૂલક જ્ઞાનની, પરિણતિ ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરી જીવ સમ્યગ્ ચારિત્રને પાત્ર બને છે. સમ્યગ્ચારિત્રથી સર્વવિરતિપણું મળે. તેથી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રને અણમોલ રત્નત્રયીની ઉપમા આપી છે.

ત્યારપછી ત્રણ ટપ્પે મુહપત્તિ બહાર કાઢતાં 'જ્ઞાન દર્શન ચારિત્રની વિરાધના પરિહરું.' વળી એ રીતે ત્રણ ટપ્પે મુહપત્તિ અંદર લેતાં 'મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું' બોલાય છે. ત્યારબાદ ત્રણ ટપ્પે બહાર કાઢતાં 'મનોદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું,' બોલાય છે.

આમ આ ૨૫ બોલ પાતરા, કપડા, આદિના બાહ્ય ઉપયોગમાં લેવાતાં ઉપકરણોના પડિલેહણ વખતે પણ બોલાય છે, કારણ કે બાહ્ય સામગ્રીની મૂર્છા આત્માને મૂર્ચ્છિત યાને ઉપભોગભ્રષ્ટ કરે છે. આવી મૂર્છાને હઠાવવામાં આ ૨૫ બોલ મહામૂલા મંત્રતુલ્ય છે. આ ૨૫ બોલથી મંત્રેલાં કપડાં આદિ ઉપકરણો શુદ્ધ ભાવને જગાડવામાં સાહાયક બને છે; જેથી તેને બાધક પરિબળો પરાસ્ત કરી શકતા નથી, સાધકની સામગ્રી સુલભ બને છે, સાધકની સાધનાને તે સફળ બનાવે છે.

હવે પછી માત્ર મુહપત્તિમાં જ ઉપયોગી બોલ શરૂ થાય છે.

આંગળામાં ભરાવેલી મુહપત્તિથી ડાબી હથેળી ઊંધી કરી જમણી બાજુએ વાળતાં બોલીએ 'હાસ્ય, રતિ, અરતિ પરિહરું.' વિશેષમાં કહેવું હોય તો આંગળામાં ભરાવેલી મુહપત્તિથી ડાબા હાથની વચ્ચે અને બંને બાજુ ત્રણ વાર પ્રમાર્જતા આમ બોલાય છે.

આવી રીતે ડાબા હાથના આંગળાઓના આંતરામાં મુહપત્તિ રાખી જમણા હાથે વચ્ચે અને બંને બાજુ પ્રમાર્જન કરો અને બોલો 'ભય, શોક, દુગંચ્છા પરિહરું.'

આ છ બોલ હાથ અને હથેળીને ઉદ્દેશીને બોલાય છે. આ છ બોલ નોકષાયને આશ્રી રહેલા છે. જો આપણે સાવધ રહી નોકષાય ન કરીએ તો ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાય ન કરવા તે આપણા હાથની વાત છે. એવો ગર્ભિત (આશય) ઉપદેશ આ બોલમાં રહેલો છે.

પછી આંગળાના આંતરામાંથી મુહપત્તિ કાઢી લઈ બેવડી કરી મુહપત્તિના બંને છેડા હાથથી પકડી જમણ કપાળે, ડાબા કપાળે અને કપાળની વચ્ચે પ્રમાર્જના કરતાં અનુક્રમે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા કપોત લેશ્યા પરિહરું બોલાય છે. આ ત્રણ લેશ્યા નઠારી છે. મુહપત્તિ ભાલ પ્રદેશોને અડકાડવાનો આશય કષાયને નિર્મૂળ કરવાનો છે. મુહપત્તિનું પડિલેહણ લક્ષપૂર્વક કરાય તો કષાયરોગનું નિવારણ થાય.

ત્યારબાદ આ રીતે મુહપત્તિ રાખી મુખ ઉપર પ્રમાર્જન કરતાં અનુક્રમે 'રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું' બોલવાનું છે. રસ, ઋદ્ધિ અને શાતા આ ત્રણને મુખ સાથે સંબંધ છે. ગારવ શબ્દ લીનતાવાચી છે. તે આત્મગારવનો પ્રતિપક્ષી છે. રસગારવને લીધે લુખું-સુકું ભોજન મળતાં મોં કટાણું થઈ જાય છે. સંપત્તિ પણ મોં પર જોવાય છે-અભિમાન દ્વારા. અશાતાની ફરિયાદ મોં દ્વારા કરાય છે.

પછી છાતીની જમણી બાજુ, ડાબી બાજુ તેમજ વચ્ચે પ્રમાર્જન કરતાં બોલીએ છીએ 'માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.' સમ્યક્ત્વના ભયંકર આ ત્રણ શલ્યો શૂલ કરતાં ખતરનાક છે. હૈયામાંથી દૂર કરવાના આશયથી આમ બોલીએ છીએ.

માયાશલ્યથી લક્ષ્મણા સાધ્વીએ, નિયાણશલ્યથી બ્રહ્મદત્ત ચક્રવર્તીએ અને મિથ્યાત્વશલ્યથી કમલપ્રભ આચાર્યે-સંસાર વધારી દીધાના દૃષ્ટાન્તો છે. ઉત્સૂત્ર પ્રરૂપણા કરી સંસાર વધાર્યો હતો.

પછી જમણા અને ડાબા ખભા પર પ્રમાર્જના કરતાં બોલાય છે કે ક્રોધ, માન પરિહરું. ક્રોધ અને માન કષાયો જમણાં ખભા સાથે સંલગ્ન છે. જમણો ખભો ઊંચો કરી બોલનાર ક્રોધી તથા અભિમાની ગણાય છે.

ડાબા ખભા પર પ્રમાર્જના કરતાં માયા, લોભ પરિહરું બોલાય છે. માયા અને લોભ કુખમાં હોય છે. જે દેખાય નહીં તેથી માયા-લોભ ડાબા ખભા પર રાખી છે.

ત્યારબાદ જમણા પગની વચ્ચે બંને બાજુએ ચરવળાથી ત્રણ વાર પ્રમાર્જતાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની જયણા કરું બોલાય છે. તે પ્રમાણે ડાબા પગની બંને બાજુ પ્રમાર્જના કરતાં વાયુકાય, વનસ્પતિકાય ત્રસકાયની જયણા કરું (સાધુ-સાધ્વીજીઓ રક્ષ કરું બોલે) બોલીએ છીએ. પગને ચરણ કહેવાય છે. ચરણ એટલે ચારિત્ર અને ચારિત્રનો પાયો જીવદયા છે, તેથી આ છ બોલ પગને આશ્રીને બોલાય છે. જ્યારે શ્રાવક-શ્રાવિકા રક્ષા કરું ન બોલતાં જયણા કરું બોલે કારણ કે તેવો ભાવ સંસારી હોવાથી રાખવાનો છે. સાધુ-સાધ્વી રક્ષા કરે છે તેથી રક્ષા કરું બોલે. જિનાજ્ઞાબદ્ધ પ્રત્યેક સંન્યસ્ત જૈન સાધુ-સાધ્વીજીઓ છકાય જીવના રક્ષણકાર તરીકે પંકાય છે.

ઉપર્યુક્ત આમ આ ૫૦ બોલનો યથાર્થ તોલ કરી પ્રતિક્રમણાદિ કરતાં રહીશું તો પાપને પરાસ્ત કરી નિષ્પાપ જીવનનું કલ્પનાતીત સુખ માણી શકીશું.

મુહપત્તિના પડિલેહણમાં સાધુ તથા શ્રાવકે ૫૦ બોલ મનમાં બોલવા અને સાધ્વી તથા શ્રાવિકાએ ત્રણ લેશ્યા, ત્રણ શલ્ય, અને ચાર કષાય એ ૧૦ સિવાય ૪૦ બોલ બોલવા. આ ૧૦બોલ બોલતી વખતે હાથ ખભાથી ઉપર લઈ જવાથી દૃષ્ટિપથ પર અભદ્ર અવયવો ન ચડે તે કારણ ગણાવાય છે.

અનાદિકાળથી અનંતા તીર્થંકરો કેવળજ્ઞાની થયા પછી પોતાના ગણધરોને પોતાના શ્રીમુખે ત્રિપદી સૌ પ્રથમ સંભળાવે અને તેના પ્રભાવે તેમને સકળ અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન થાય છે. એટલે કહ્યું કે 'અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાગં વિશાલમ્'. તેઓ મુમુક્ષુ જીવોના હિતાર્થે દ્વાદશાંગીરૂપ બાર અંગ સૂત્રોની રચના કરે છે. તેમાં પ્રતિપાદિત તત્ત્વનું ચિંતન, અનુપ્રેક્ષાદિ કરવાથી હૈયામાં રહેલા કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, ધર્મને યથાર્થ સ્વરૂપે સમજવામાં બાધારૂપ છે કામરાગ બ્રહ્મદત્ત ચક્રવર્તીને તથા દૃષ્ટિરાગ, સ્નેહરાગ રાવણાદિને પછાડે છે. ધર્મ એ ભાવદીપક છે; ભાવ માતા છે, ભાવ પિતા છે, ભાવ બંધુ, ભાવ સખા છે. જિનોક્ત ધર્મ જ અખંડ, અવ્યાબાધ, શાશ્વત સુખ આપી શકે છે. અને તે સુદેવ, સુગુરુ, સુધર્મ દ્વારા મળી શકે છે. જ્યારે કુદેવ, કુગુરુ, કુધર્મ દ્વારા ગોશાલક, જમાલી, ૫૦૦ શિષ્યોના આચાર્ય અંગારમર્દકસૂરિ પડે છે અને પાડે છે. ત્યારપછી જોઈએ તો નવ નોકષાયમાંથી ત્રણ વેદ સિવાયના છનો અત્રે ઉલ્લેખ કરાયો છે. કષાયોને ઉદ્દીપન કરે તે નોકષાય. મોહનીય કર્મ આઠે કર્મોમાં બળવત્તર છે. તેનો ક્ષય થતાં આત્મા સમ્યક્ ચારિત્રને પાત્ર બને છે. પડિલેહણ કરતાં દૃષ્ટિગત આ છ નોકષાયોનો ઉલ્લેખ કર્યો છે કારણકે તે અધઃપતનના કારણો છે. 'આંધળાના પુત્ર આંધળા' એવું હાસ્યમાં દ્રૌપદીએ કહ્યું અને પરિણામે મહાભારતનું ભીષણ યુદ્ધ ખેલાયું.

છ લેશ્યામાંથી ત્રણ નિકૃષ્ટ લેશ્યાનો ઉલ્લેખ કર્યો છે કેમકે ભાલ પ્રદેશમાંથી લેશ્યાઓ ઉદ્ભવે છે. ત્રણે ગારવ, (આસક્તિઓ) આત્માના પતનમાં મુખ્ય કાર્ય કરે છે. રસગારવથી તંદુલિયો મત્સ્ય, ઋદ્ધિગારવથી રત્નના બે બળદ બનાવવાની ખ્વાહિશ રાખનાર પતનના પંથે વિચર્યા.

ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાયો, કષ્ એટલે સંસારમાં પાડનારા છે. આ ચારે તથા તેના પેટા વિભાગો જેવાં કે અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખાની અને સંજવલન ગણતાં ૧૬ કષાયો ગર્ભિત રીતે ધીરે ધીરે ઉચ્ચ ઉચ્ચ કક્ષાએ ચઢતાં નામશેષ કરવાના છે. ત્યાગ કરવાનો છે, પરિહરવાના છે કેમકે 'કષાયમુક્તિઃ કિલ મુક્તિરેવ.'

મુહપત્તિના પડિલેહણમાં આદરું, પરિહરું જે વારંવાર કહેવાય છે તે સૂચક છે. તેના તરફ ધ્યાન રાખી ક્રિયા કરતાં એક દિવસ તેમાંથી છૂટવાનું શક્ય થતાં સંસાર સાગર તરી જવાનું જલદી શક્ય બને.

છેલ્લે પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય અને તેઉકાયની સાથે ત્રસકાયની જયણા કરવાનું કહ્યું છે. આ કેન્દ્રિય જીવની રક્ષા, જયણામાં અહિંસાનો મર્મ છુપાયો છે. અહિંસા, સંયમ અને તપને ઉત્કૃષ્ટ ધર્મ કહ્યો છે. અહિંસા પરમો ધર્મઃ કહેવાય છે. જૈનધર્મનું હાર્દ અહિંસા છે.

મુહપત્તિ ચતુર્વિધ સંઘ સામાયિકાદિ અનુષ્ઠાનો કરતાં રાખે છે. મુહપત્તિનું વિશિષ્ટ માપ છે. તેને જમણા હાથમાં મુખ સમીપ રાખવાની હોય છે જેથી જયણા સચવાય.

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી ચાલુ-૧૩)**

## કેવળજ્ઞાન સ્વક્ષેત્રે વેદનરૂપ અને પરક્ષેત્રે પ્રકાશક હોવા સંબંધી વિચારણા :

કેવળજ્ઞાનના પ્રગટીકરણથી સ્વક્ષેત્રે તો નિતાંત અનંત આનંદવેદન, શાશ્વત આત્મસુખ વેદન છે, જે પૂર્ણકામ છે અર્થાત્ સંતૃપ્તતા છે. જ્યારે પરક્ષેત્રે સર્વ જ્ઞેય પદાર્થો તેના સર્વ ગુણ-પર્યાય એટલે કે સર્વ ભાવ સહિત કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે, તે જ્ઞેય પદાર્થોને ખ્યાતિ આપવાનું પ્રકાશક તરીકેનું કાર્ય છે. અન્ય દ્રવ્યોનું અસ્તિત્વ છે, પણ એ દ્રવ્યોનું નામકરણ કેવળજ્ઞાન કરે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયને, તે તે નામે અને તેના તથાપ્રકારના કાર્યને ઓળખાવનાર, ખ્યાતિ આપનાર, પ્રકાશમાં લાવનાર, પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન છે. (આ વિષય ઉપરની વિસ્તૃત વિચારણા, 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલ છે જેનું શીર્ષક છે-'સ્યાદ્ અને પંચાસ્તિકાય નામરહસ્ય'.) જિજ્ઞાસુને સર્વજ્ઞની સર્વજ્ઞતા અને પ્રકાશકતા ઉપર ઓવારી જવાનું, નાચી ઊઠવાનું મન થાય, તેવું સર્વજ્ઞ ભગવંતે પંચાસ્તિકાયનું નામકરણ કર્યું છે.

આમ કેવળજ્ઞાન પરક્ષેત્રે ભલે પ્રકાશક છે, પણ સ્વક્ષેત્રે તો વેદક છે. સર્વ જ્ઞેય ભલે કેવળજ્ઞાનમાં કેવળી ભગવંતને જણાય-કેવળીભગવંત જાણે સર્વ જ્ઞેયને પણ માણે (વેદે-અનુભવે) તો જ્ઞાનને-આત્માને અર્થાત્ જ્ઞાનાનંદ, આત્માનંદ, સ્વરૂપાનંદને. એ સ્વ સંવેદના-સ્વ સંવેદ્યતા છે. કેવળજ્ઞાની ભગવંત કેવળજ્ઞાનને વેદે છે. શ્રુત કેવળી ભગવંત અને કેવળજ્ઞાની ભગવંતમાં જો કોઇ ભેદ હોય તો તે વેદકતાનો જ છે. શ્રુતકેવળી ભગવંત ચૌદ પૂર્વ દ્વાદશાંગી પ્રમાણ જ્ઞાન ધરાવે, જે જ્ઞાન વડે કરીને તેઓ કેવળજ્ઞાની ભગવંત કેવળજ્ઞાનથી જે જાણે છે, તે બધું ય જાણે ખરા, પણ તે ક્રમથી જાણે પણ એમને કેવળજ્ઞાનનું વેદન હોતું નથી. જ્યારે કેવળજ્ઞાની ભગવંતને કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેય સમસમુચ્ચય અક્રમથી જણાય અને તેવા પ્રકારની જ્ઞાયકતાની સાથે સાથે વેદકતા પણ હોય, કેમકે તેઓ જ્ઞાનાનંદ-સ્વરૂપાનંદને વેદે છે. કેવળજ્ઞાની ભગવંતો 'સ્વ' રૂપને અર્થાત્ સ્વરૂપને વેદે છે, જ્યારે 'પર' રૂપ અર્થાત્ પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થતું હોય છે. અર્થાત્ જણાતું હોય છે અને તે એક સાથે સમસમુચ્ચય-અક્રમથી જણાતું હોય છે.

મતિજ્ઞાન પણ મર્યાદિત સ્વરૂપે સ્વ-પર ઉભય પ્રકાશક છે, કારણકે મતિજ્ઞાન પોતામાં સત્તાગત રહેલ કેવળજ્ઞાનના સ્વરૂપને જાણનાર છે તેમ વિશ્વના અન્ય જ્ઞેય પદાર્થોનું પણ જ્ઞાન મેળવે છે. પરંતુ સ્વ ક્ષેત્રે અનંત રસરૂપ વેદન હોતું નથી. એમાં કર્મકૃત ક્રમિક સુખ-દુઃખ રૂપ વેદન હોય છે. મતિજ્ઞાન અને કેવળજ્ઞાનમાં દીપકના પ્રકાશ અને સૂર્યના પ્રકાશમાં જેટલું અંતર-તફાવત હોય છે, તેટલું અંતર છે. સૂર્ય સ્વયં પ્રકાશરૂપ છે અને જગત આખાને પ્રકાશિત કરે છે, જ્યારે દીપક પણ પ્રકાશ આપે છે, પરંતુ તેનો પ્રકાશ મર્યાદિત છે અને તે ઘી યા તેલના કારણે છે. આત્મા-કેવળજ્ઞાન 'સ્વયં પ્રકાશવાન' છે. સૂર્યને જોવા માટે કે દીપકને જોવા માટે આંખો જોઇએ છે. બીજા દીપકની જરૂર નથી પડતી. તેવી રીતે કેવળજ્ઞાન સ્વયં પ્રકાશવાન-સ્વ આધારિત છે. જે પદાર્થો આવા સ્વભાવવાળા-સ્વયં પ્રકાશવાન નથી, તેવા દીપકાદિના પ્રકાશ વડે તે પ્રકાશનો પ્રસાર, ફેલાવો, વ્યાપ, જેટલાં ક્ષેત્રમાં હોય તેટલાં મર્યાદિત ક્ષેત્રમાં જ અને તે પ્રકાશમાં પણ આપણી જોનારની દૃષ્ટિ મર્યાદામાં હોય તેટલા જ પદાર્થોને જોઇ-દેખી શકાય છે. તું તને જાણે-જાણનારો જાણનારાને જાણે-જોનારો સ્વયંને જુએ તો સ્વ પ્રકાશકતા છે. આમ આત્મા- કેવળજ્ઞાન સ્વ પ્રકાશક અને પર પ્રકાશક ઉભય છે. આ અનુભવ સિદ્ધ વાત છે. અનાદિકાળથી જ્ઞાન આપણામાં જ છે, તે સ્વયંનો પ્રકાશ છે. એટલે એને બીજા પ્રકાશની જરૂર નથી, જેમ દીપકને જોવાં બીજાં દીપક કે સૂર્યને જોવાં બીજા સૂર્યની આવશ્યકતા રહેતી નથી. પરંતુ પ્રકાશ બાબતે એક પ્રશ્ન એવો છે કે ત્રણે કાળને વિષે તે એકરૂપ નહિ હોય. એની પ્રકાશશક્તિમાં ભેદ હોય-તરતમતા હોય. ફાનસનો પ્રકાશ, દીવાનો પ્રકાશ, ૧૫, ૨૦, ૪૦, ૬૦, ૧૦૦ વોટના બલ્બનો પ્રકાશ, ટ્યૂબ લાઇટનો પ્રકાશ, હેલોજનનો પ્રકાશ, ચંદ્રપ્રકાશ, સૂર્યપ્રકાશ ઇત્યાદિ, ઇત્યાદિ. સૂર્યની આડે વાદળાં આવી જાય, ખંડગ્રાસ, ખગ્રાસ ગ્રહણ હોય ત્યારે પણ સૂર્યપ્રકાશમાં ભેદ પડી જાય છે. વિશ્વમાં-બ્રહ્માંડમાં પ્રકાશ પરમ તત્ત્વ હોવા છતાં સૂર્ય, ચંદ્ર, આદિના પ્રકાશ અને જ્ઞાનના પ્રકાશમાં ભેદ પડી જાય છે. આપણને તો અહીં આપણાં જ્ઞાન પ્રકાશથી નિસ્બત છે, કારણ કે સંસારમાં રહેલાં જીવો જ્ઞાનપ્રકાશ સ્વરૂપ હોવા છતાં પ્રત્યેક જીવ પોતાના એક જ ભવમાં અથવા એક ભવની અનેક અવસ્થાઓમાં પ્રકાશના ભેદને અનુભવી શકે છે અથવા તો સમકાળ વિદ્યમાન અનેક જીવસમૂહ પણ એકબીજાનાં જ્ઞાનમાં અનેક ભેદો જોઇ શકે છે. જેનું જ્ઞાન મંદ પ્રકાશિત (ક્ષયોપશમ ઓછો હોય) તેણે પોતાથી અધિક પ્રકાશરૂપ (વધુ ક્ષયોપશમ) જ્ઞાનવાળાનો સહારો-આલંબન-નિશ્રા લેવાં પડે છે અને આપણા જ્ઞાનમાં આપણી મતલબ પ્રમાણે જેટલી પૂર્તિ થાય છે, તે પરના પ્રકાશ વડે હોવાથી આપણે સ્વયં પ્રકાશરૂપ હોવા છતાં પરપ્રકાશ્ય બની જઇએ છીએ.

અધ્યાત્મના મૂળ સિદ્ધાંતમાં આદિથી અંત સુધી એક મૌલિક વાત એવી છે કે, ધર્મના સ્થાપકોએ આપણી પાસે આપણું જ જ્ઞાન હોવા છતાં એનો પૂર્વ પ્રકાશ કેટલો છે ? કેવો છે ? એવું જે આપણને જણાવે છે, તે અનાદિકાળથી જાણતા નહોતા, એ પ્રકાશની ગમ-સમજ આપણને પૂર્ણ પ્રકાશક સર્વજ્ઞ કેવળી ભગવંત વડે મળે છે. માટે જ આપણે સ્વયં પ્રકાશ સ્વરૂપ હોવા છતાં આપણી ગણના પર પ્રકાશ્યમાં થઇ જાય છે. આપણે આપણા અલ્પ પ્રકાશ વડે બીજાને પ્રકાશિત કરી શકીએ છીએ અને અલ્પ પ્રકાશની પૂર્તિ કરવા માટે આપણને સ્વયંને પર પ્રકાશ્ય બનવું પડે છે. એનું જ નામ વિદ્યાભ્યાસ, અધ્યયન, જ્ઞાનસંપાદન આદિ. આવી ઘટના આપણે આપણા જીવનમાં અનુભવીએ છીએ. આ વાત જીવની જીવ સાથેની સ્વ-પર પ્રકાશકની અને પર પ્રકાશ્યની થઇ. આત્મા જ્યાં સુધી સર્વજ્ઞ નહિ બને ત્યાં સુધી અલ્પજ્ઞો(અલ્પજ્ઞાનીઓ)ને આ ઉપરોક્ત હકીકતની અપેક્ષા ઉભી રહે છે. એની ઉપેક્ષા ચાલી જ નહિ શકે. બાકી જડ પદાર્થ સંબંધી જીવ જે પર પ્રકાશક બને છે અને જડ પદાર્થ પર પ્રકાશ્ય બને છે તે તો એક જ ભેદે છે.

આમ જીવ સ્વ-પર પ્રકાશક અર્થાત્ સ્વ પ્રકાશક છે, પર પ્રકાશ્ય છે, સ્વ પ્રકાશ્ય છે, પર પ્રકાશ્ય છે અને સહજ પ્રકાશક તથા સહજ પ્રકાશ્ય છે. પૂર્વક્રિયા વિના સર્વ જ્ઞેય જ્ઞાતાના જ્ઞાનમાં સહજ જ પ્રતિબિંબિત થાય છે તે સહજપ્રકાશ્ય છે. આત્મા-કેવળજ્ઞાનની પર પ્રકાશકતાની ચમત્કૃતિ, સર્વજ્ઞતાની સાબિતી કે જેની પર આશ્ચર્યમુગ્ધ થઇ જવાય, તે તો એ છે કે પાંચેય અસ્તિકાયના પ્રદેશો એકક્ષેત્રી હોવા છતાં આત્માના કેવળજ્ઞાનમાં આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય તરીકે અને ધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાયના પ્રદેશો, તે તે રૂપે, તે તે અસ્તિકાયના પરમભાવરૂપે પ્રતિબિંબિત થતાં હોય-ઝળકતાં હોય, તે તે રૂપે આત્મા તે તે અસ્તિકાયને ઓળખાવી શકે છે. એ જ આત્માની સર્વદર્શિતા-સર્વજ્ઞતા છે. (ક્રમશઃ)

✣✣✣

# પ્રાકૃત ભાષા અંગે જૈન સમાજની ઉપેક્ષા

□ પ. પૂ. શ્રી વિજયશીલચંદ્રસૂરિજી

જૈન શાસનની માતૃભાષા પ્રાકૃત એટલે કે અર્ધમાગધી છે. પ્રાકૃત ભાષા એટલે ભગવાન મહાવીરદેવે આપેલી ધર્મદેશનાની ભાષા-લોકભાષા. અને ભગવાનની ભાષા તે જૈનોની માતૃભાષા.

સંસ્કૃતને સહુ દેવભાષા કહે છે. એ રીતે જોઇએ તો પ્રાકૃત એ દેવાધિદેવની ભાષા ગણાય. જૈન ધર્મના પૂજનીય આગમગ્રંથો આવી ભાષામાં આલેખાયા છે, જે સ્વયં એક લોકોત્તર ઘટના છે.

આજે આપણા ગુજરાતમાં એક મૂંગી પરંતુ વ્યાપક-અતિવ્યાપક અનિષ્ટ ચળવળ ચાલે છે : પોતાની માતૃભાષાને ભૂલવાની; તેનાથી વિમુખ બનવાની. આ ચળવળમાં જૈન સમાજ અગ્રેસર છે.

પોતાની માતૃભાષાને-ગુજરાતીને ભૂલવાનો સક્ષમ પ્રયત્ન આદરનાર સમાજ, પોતાની ધર્મભાષા પ્રત્યે ઉપેક્ષા સેવતો થાય તો તેમાં ન સમજી શકાય તેવું કશું નથી.

વર્તમાન જૈન ધર્મના ચાર આધાર સ્તંભો ગણાવાય છે : સાધુસંઘ, શ્રાવકસંઘ, જિનમંદિરો અને જૈનતીર્થો. દેખીતી રીતે લાગે કે આજનો જૈન ધર્મ આ ચારના આધારે જ રહ્યો છે, નભે છે અને કદાચ કોઇક રીતે પાંગરતો રહે છે.

પરંતુ આ આધારસ્તંભોનો પણ જે આધાર છે તે તો છે પ્રાકૃત ભાષા અને તેમાં ગુંથાયેલું આગમ-સાહિત્ય. આ બે વાનાં-વિહોણાં જૈન શાસનની કલ્પના કરી જુઓ ! શાસનનું અસ્તિત્વ જ જોખમાતું જણાશે. દેવાધિદેવની પોતાની પ્રકાશેલી-પ્રયોજેલી ભાષા અને તેમણે સ્વમુખે ઉદ્‌ગારેલું આગમ-સાહિત્ય એ જ આપણી ગઇકાલ હતી, આજ છે અને આવતીકાલ હશે. એના વિનાના પેલા ચારે આધારસ્તંભો કેસુડાંનાં ફૂલ જેવા-ગંધવિહોણા જ જાણવાના.

અને આમ છતાં, આ ભાષા અને સાહિત્ય પરત્વે આપણો સંઘ-સમાજ કેટલો ઉદાસીન છે ! કેટલી ઉપેક્ષા સેવે છે ! ઉપેક્ષાના આંકડા ન હોય, પરંતુ જે હદે આ બે બાબતો પરત્વે ઉપેક્ષા સેવવામાં આવે છે, તે જોતાં, ઘડીભર, હામ હારી જવાય તેવું છે.

એકવાર, વર્ષો અગાઉ, પંડિત બેચરદાસ દોશીએ મને લખેલું : 'આગમો તમારે ભણવા જોઇએ. ન ભણો તો ન ચાલે. જો કે તમે નહિ ભણો તેથી આગમને કાંઇ હાનિ નથી થવાની; તે તો ચાલ્યા જ કરવાનાં છે. હાનિ થશે તો તમને થવાની.'

નિર્મળ હૃદયના તે પંડિતજને કેવી સચ્ચાઇથી કેટલી માર્મિક ટકોર કરી દીધી ! વ્યક્તિગત ધોરણે થયેલી આ ટકોર, આજે તો, આખાયે જૈનસંઘને લાગુ પાડી દેવાનું મન થાય તેવી હાલત જણાય છે.

જો કે રણમાં મીઠી વીરડી જેવા કેટલાક 'જણ' છે કે જેઓ આગમો અને પ્રાકૃતનું પરંપરાગત તથા રૂઢ ધોરણે અધ્યયનાદિ કરે છે, પરંતુ, તેનો આંક ગર્વ કે ગૌરવ લેવા જેટલો ઊંચો તો નથી જ. તેરાપંથી સમાજ અને દિગંબર સમાજમાં પ્રાકૃત સાહિત્ય ઉપર જે કામ થાય છે અને જે વ્યવસ્થિત તથા સુઆયોજિત અધ્યયન ચાલે છે તેની સરખામણીમાં તો આપણો સંઘ-સમાજ લગભગ દરિદ્ર જ લાગે. અને દૃષ્ટિસંપન્ન તથા રુચિપૂર્ણ અધ્યયયની દિશા તો આપણે ત્યાં આજે લગભગ બંધ જ ગણાય.

થોડાંક વર્ષો પહેલાં આપણે ત્યાં આગમો અને પ્રાકૃત ભાષાઓના અધ્યેતા-અધ્યાપકોની એક ઝળહળતી, નમૂનેદાર તથા વિશ્વવિખ્યાત બની રહે તેવી આખી શ્રેણિ હતી : શ્રી પુણ્યવિજયજી, શ્રી જિનવિજયજી, પં. સુખલાલજી, પં. બેચરદાસજી, પં હરગોવિંદદાસ શેઠ, શતાવધાની શ્રી રત્નચંદ્રજી, પં. માલવણિયા અને એવા એવા તો કેટલાંય નામો લઇ શકાય. કાશીની યશોવિજયજી પાઠશાળા, શિવપુરી (ગ્વાલિયર)ની પાઠશાળા, અને બીજી તરફ મહેસાણાની પાઠશાળા ઇત્યાદિ સંસ્થાનોએ આ વિદ્વાનોની શ્રેણિ આપણને આપી હતી. આ નામો સાથે કોઇકને અન્ય કોઇ પણ મુદ્દા કે બાબત પરત્વે વાંધો-વિરોધ-મતભેદ હોઇ શકે; પરંતુ તેમના પ્રાકૃતભાષા-સાહિત્યના જ્ઞાન તથા તે માટેના તેમના પ્રદાન-આ બાબતે તો તેઓએ પણ સંમત થવું જ પડે તેમ છે. મતભેદ તો બધે જ શોધી શકાય; મતભેદની સ્થિતિમાં પણ સહમત થવાય તેવી વાત શોધવાની ક્ષમતા કે રુચિ, કદાચ, વિરલ છે.

ઉપર નોંધ્યા તે મહાનુભાવોના ચિત્તમાં પ્રાકૃત ભાષા અને તેના સાહિત્યની સેવા માટેની એક ધગશ, એક તમન્ના, એક તરવરાટ સદા પ્રવર્તમાન હતાં. તેઓ એ વાતમાં સ્પષ્ટ હતા કે જૈન સાધુ-સંઘમાં અને શ્રાવકવર્ગમાં પ્રાકૃતનું અધ્યયન વધુ ને વધુ થવું જ જોઇએ. સાથે સાથે પ્રાકૃત ભાષામાં રચાયેલાં આગમો અને અન્ય ગ્રંથોનું સંશોધનાત્મક અધ્યયન કરવા દ્વારા તેની અધિકૃત એવી સમીક્ષિત વાચના પણ જગત સમક્ષ મૂકવી જોઇએ-તે અંગે પણ તેઓ ઉત્સુક હતા.

એમની આ ઉત્સુકતા તથા નિષ્ઠાવાન પ્રયાસોનો જવાબ એમને મળ્યો-ભારત સરકાર તરફથી, એટલે કે ભારતના રાષ્ટ્રપતિ તરફથી.

બન્યું એવું કે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી સરકારના શિક્ષણ વિભાગે પ્રાચીન સાહિત્ય અને સાંસ્કૃતિક વારસાઓને જીવંત રાખવાની દિશામાં જે સંનિષ્ઠ પ્રયાસો આદર્યા હશે, તેમાં એક પ્રયાસ એ હતો કે જૈન સાહિત્યની પ્રાકૃત ભાષા અને બૌદ્ધ સાહિત્યની પાલી ભાષા-આ બન્ને ભાષાઓ તથા તેના સાહિત્યના ક્ષેત્રે વિપુલ માત્રામાં અધ્યયન-સંશોધન-પ્રકાશન વગેરે કાર્યો માટે એક રાષ્ટ્રીય મંચ ઊભો કરવો; અલબત્ત, તે તે વિષયના નિષ્ણાતોની સલાહ અને સહકારથી. આ દિશામાં પ્રથમ કદમ ઉઠાવીને સરકારે બે સંસ્થાઓની સ્થાપના કરી : ૧. પાલી ટેક્સ્ટ સોસાયટી, ૨. પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી. સ્વાભાવિક રીતે જ પહેલી સંસ્થા બૌદ્ધ ધર્મના સાહિત્યના અધ્યયન અંગે હોવાથી તે ધર્મના વિશેષજ્ઞોને હવાલે રહી. જ્યારે બીજી સંસ્થા જૈન ધર્મના સાહિત્યના અધ્યયનને અંગે હોઇ તેનો હવાલો ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી, મુનિ પુણ્યવિજયજી, પં. બેચરદાસ દોશી, પં. દલસુખ માલવણિયા વગેરે જૈન સાહિત્યના નિષ્ણાતોના હાથમાં સોંપાયો. ઇ.સ. ૧૯૫૬માં રચાયેલી આ સંસ્થાનાં સર્વ પ્રથમ માનાર્હ પેટ્રન થયા ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ.

પણ આ સંસ્થાનું સુકાન સંપૂર્ણપણે સ્વાયત્ત અને વિદ્વાનોના હાથમાં જ રહ્યું. વિદ્વાનો દ્વારા જ ચાલતી હોય તેવી કોઇ જૈન સાહિત્યિક સંસ્થા હોય તો તે એકમાત્ર પ્રા. ટે. સો. છે, તેમ અતિશયોક્તિ વિના કહી શકાય. આજે તેનું સુકાન ડૉ. હરિવલ્લભ ભાયાણી, પં. માલવણિયા વગેરે વિદ્વાનો હસ્તક છે. જો કે શેઠ શ્રેણિકભાઇ, પ્રતાપ ભોગીલાલ વગેરે તેના ટ્રસ્ટીઓ અવશ્ય છે, પરંતુ તે સંસ્થાનું સંચાલન તો વિદ્વાનો જ કરી રહ્યા છે, જે વિલક્ષણ લાગે તેવી પણ નોંધપાત્ર ઘટના છે.

આ સંસ્થાએ, તેની સ્થાપના પછી, કદાપિ સરકારનું અનુદાન માગ્યું કે લીધું નથી. સંસ્થા પોતાના પગ પર જ ઊભી રહી છે, એ પણ બહુ મહત્ત્વપૂર્ણ બીના છે. તો તેની સામે પાસે જોઇએ તો આ

સંસ્થાને વિકસાવવામાં કે તેની માવજત કરવામાં સમાજે કોઇ મહત્ત્વનું કે વિશિષ્ટ યોગદાન આપ્યું નથી. સંસ્થાને જેમ જેમ જરૂર પડતી ગઇ તેમ તેમ તે પોતાનાં આવશ્યક-પણ મર્યાદિત સાધનો ઊભાં કરતી ગઇ ને ગૂપચૂપ કહી શકાય તે ધોરણે પોતાનું કાર્ય કરતી ગઇ.

ઉપર ગણાવેલા વિદ્વાનો તથા મુનિવર્યોના તત્ત્વાધાન હેઠળ આ સંસ્થાએ અદ્યાવધિમાં ૩૪ જેટલાં માતબર અને સીમાચિહ્ન બની રહે તેવાં સંપાદનો-ગ્રંથો પ્રગટ કર્યા છે, જેમાં દશવૈકાલિક-ચૂર્ણિ, સૂત્રકૃતાંગ-ચૂર્ણિ, મૂલશુદ્ધિ પ્રકરણ, સેતુબંધ, ગૌડવહો, પઉમચરિયં, ચઉપ્પન્ન મહાપુરિસચરિયં વગેરે આગમિક તથા આગમેતર મહાન પ્રાકૃત ગ્રંથોનો સમાવેશ થાય છે.

મર્યાદિત સાધનો છતાં અને સમાજની મહદંશે ઉદાસીનતા છતાં, આગમ પ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજ વગેરેના નેતૃત્વ હેઠળ આ સંસ્થાએ જે કાર્ય કર્યું છે, તેનું મૂલ્યાંકન દેશ-વિદેશમાં વસતા પ્રાકૃત ભાષા-સાહિત્યના ધુરંધર વિદ્વાનોએ સુપેરે કર્યું છે-અને હજી પણ કરે છે. આ સંસ્થા દ્વારા આ કાર્ય, અલબત્ત ધીમી ગતિએ પણ, હજી પણ ચાલુ જ છે. છેલ્લા વર્ષોમાં ભગવતીસૂત્ર-આગમ ઉપર જાપાનનાં એક વિદુષીએ કરેલ સંશોધનનો ગ્રંથ, અંગ્રેજીમાં, તે વિદુષીના જ ખર્ચે, આ સંસ્થાએ પ્રગટ કર્યો છે, તો અપભ્રંશ સાહિત્યની પણ કેટલીક નોંધપાત્ર રચનાઓ ગ્રંથો રૂપે તાજેતરમાં પ્રકાશ પામી છે.

આ સંસ્થાનું મુખ્ય કેન્દ્ર અમદાવાદ રહ્યું છે. અને તેનું કાર્યાલય અત્યાર સુધી લાલભાઇ દલપતભાઇ વિદ્યામંદિરમાં, તેના સંચાલકોના સૌજન્યથી રહ્યું હતું, પરંતુ આ સંસ્થાનાં અધૂરાં કાર્યોને હવે વેગ મળે તેમજ નવાં કાર્યો પણ હાથ ધરી શકાય તે માટે સંસ્થાના એક સ્વતંત્ર કાર્યાલયની અગત્ય વર્તાયા કરી છે. આ માટે એક સ્વતંત્ર મકાન જોઇએ, જેને માટે આશરે ત્રીસેક લાખ રૂપિયાની રકમ હોવી જરૂરી છે. હાલ આ સંસ્થા ડૉ. હરિવલ્લભ ભાયાણી તથા પં. દલસુખભાઇ માલવણિયા વગેરે વિદ્વાનોની દોરવણી હેઠળ કાર્યરત છે.

આ વિદ્યાની ઉપાસનાનું કાર્ય છે. શ્રમણ ભગવાન મહાવીર દેવની પ્રાકૃત ભાષાના અણમોલ સાહિત્યની ઉપાસનાનું કાર્ય છે. ઘણીવાર ઘણા મિત્રો વિદ્યાના તથા સમાજહિતનાં કાર્યોમાં પોતાને રસ હોવાનું જણાવતા હોય છે. તેમના તે રસને સંપૂર્ણપણે અનુરૂપ આ કાર્ય છે. જો વિદ્યાનુરાગી દાતાઓ આ કાર્યમાં સહયોગ આપવા ઇચ્છે તો તેઓ સંપર્ક કરી શકે. આમાં અંગત પ્રોજેક્ટ કે સ્વાર્થ નથી તે સ્પષ્ટતા પણ અહીં જ કરવી જોઇએ.

વિદ્વાનોની, હવે જીવન સંધ્યાને આરે ઊભેલા વિદ્વાનોની વેદના છે કે આવા ધર્મકાર્ય માટે, ભગવાન મહાવીરની ભાષા તથા સાહિત્યની રક્ષા તથા સંવર્ધનના પુણ્યકાર્ય માટે સમાજના ધુરીણોનું ધ્યાન કેમ જતું નથી ? વિદ્યાકીય તથા સામાજિક-સાંસ્કૃતિક કાર્યો પ્રત્યે પોતાને વિશેષ લગાવ હોવાનું ઘણાં કહેતાં હોય છે, પરંતુ, આ મહાન અને અત્યંત આવશ્યક કર્તવ્ય તથા કાર્ય પ્રત્યે કોઇને રસ કેમ નથી જાગતો-તે મહદ્ આશ્ચર્યનો અને દુઃખનો વિષય છે.

વિદ્વાનોની આ વેદનાનો છેલ્લાં ઘણાં વર્ષોથી હું માત્ર સાક્ષી જ નથી રહ્યો, સહભાગી પણ બન્યો છું. મેં છેલ્લાં પાંચેક વર્ષથી આ કાર્યમાં, વિદ્વદ્‌જનોની આ ભાવના સાકાર થાય તે માટે ઘણા પ્રયાસો હાથ ધર્યા, પણ મને માત્ર નિરાશા જ સાંપડી છે.

આમાં સહાનુભૂતિ કે આશ્વાસનનો ખપ નથી. આમાં તો મારા ભગવાનની, આપણને વારસારૂપે મળેલી ભાષા-આગમવાણી પ્રત્યેના ઉત્કટ અહોભાવની તથા તેના માટે કંઇક કરી છૂટવાની બળકટ તત્પરતાની આવશ્યકતા છે.

✣ ✣ ✣

# મધ્યકાલીન ધર્મવિષયક જૈન પદ્યપરંપરા

□ ડૉ. રમણલાલ ચી. શાહ

(ગોધરા મુકામે પ. પૂ. શ્રી વિજય શીલચંદ્રસૂરિજીની નિશ્રામાં ઓક્ટોબર '૯૭માં યોજાયેલી સંગોષ્ઠીમાં રજૂ કરેલો નિબંધ)

ભારતીય સાંસ્કૃતિક પરંપરાને હજારો વર્ષથી જીવંત રાખનારા પરિબળોમાં એક મોટામાં મોટું પરિબળ ધર્મતત્ત્વ છે. જીવ, જગત અને જગદીશ્વરની એની મીમાંસાએ અને તદનુરૂપ ધર્મકરણીએ મનુષ્યજીવનના પોષણ-સંવર્ધનનું મહત્ત્વનું કાર્ય કર્યું છે અને પોતપોતાના કાળમાં વર્તમાન વિષમ પરિસ્થિતિ સામે ટકી રહેવાનું એને બળ આપ્યા કર્યું છે. જીવનનાં અન્ય ક્ષેત્રોની જેમ ધર્મના ક્ષેત્રે પણ, વિશેષતઃ એની આચારપરંપરામાં, બદલાતા જતા કાળસંદર્ભમાં કેટકેટલી વિસંવાદી કે વિઘાતક વસ્તુઓ ખરી પડી છે, તો કેટકેટલી અભિનવ અને અભિજાત વસ્તુઓ ઉમેરાઇ છે. જીવન સતત પરિવર્તનશીલ છે એની એ સાક્ષી પૂરે છે.

ભારતીય સાંસ્કૃતિક ઇતિહાસમાં બ્રાહ્મણ પરંપરા અને શ્રમણ પરંપરાનું અને શ્રમણ પરંપરામાં જૈન પરંપરા અને બૌદ્ધ પરંપરાનું યોગદાન મહત્ત્વનું છે. શિલ્પસ્થાપત્ય, ચિત્રકલા, તત્ત્વજ્ઞાન, વિવિધ વિદ્યાઓ, સાહિત્ય ઇત્યાદિ વિષયોમાં ભારતનો સાંસ્કૃતિક વારસો મૂલ્યવાન છે. સાહિત્યના ક્ષેત્રે કૃતિઓના લેખન અને જાળવણીની બાબતમાં જૈન જ્ઞાનભંડારોની સેવા અત્યંત નોંધપાત્ર છે. એટલે જ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં, જ્ઞાનભંડારોની સાચવણીને કારણે મોટો હિસ્સો જૈન કવિઓનો રહ્યો છે.

મધ્યકાલીન ધર્મવિષયક જૈન ગુજરાતી પદ્યપરંપરામાં શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુકવિઓનું અર્પણ અદ્વિતીય છે. જૈનોના મુખ્ય બે વિભાગ છે. શ્વેતામ્બર અને દિગંબર. શ્વેતામ્બરોમાં મુખ્ય ત્રણ સંપ્રદાય છે : ૧. મૂર્તિપૂજક ૨. સ્થાનકવાસી અને ૩. તેરાપંથી.

કોઈ સાંપ્રદાયિક સંકુચિતતાની દૃષ્ટિથી નહિ પણ તટસ્થ ઐતિહાસિક દૃષ્ટિએ આ વર્ગીકરણ નિહાળીશું તો પરિસ્થિતિ બરાબર સમજાશે. દિગંબરો જેટલા ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારતમાં હતા અને છે તેટલા પશ્ચિમ ભારતમાં, ગુજરાત-રાજસ્થાનમાં નહોતા અને નથી. શ્વેતામ્બરોમાં તેરાપંથી સંપ્રદાયનો ઉદ્ભવ અને વિકાસ છેલ્લા લગભગ અઢીસૈકા જેટલો છે, જ્યારે સ્થાનકવાસી સંપ્રદાયનો આશરે સાડાચાર સૈકા જેટલો છે. એટલે તેરમાથી અઢારમા સૈકા સુધીના ગુજરાતી સાહિત્યમાં મુખ્ય કાર્ય શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયનું રહે એ સ્વાભાવિક છે.

મધ્યકાલીન જૈન ગૂર્જર કવિઓએ રાસ, પ્રબંધ, રૂપક, ચરિત, ફાગુ, બારમાસી, વિવાહલુ, સ્તવન, થોય, છંદ, સજ્ઝાય, ગહુંલી, આરતી, પૂજા, દૂહા, આધ્યાત્મિક પદો વગેરે અનેકવિધ પ્રકારની રચના કરી છે, જેમાંથી ઘણી બધી હજુ અપ્રકાશિત છે. આ અનેકવિધ સાહિત્યમાંથી અહીં આપણે ફક્ત પ્રભુભક્તિ વિશેની પદ્યરચનાઓનું કેટલાક નમૂના સાથે, સંક્ષેપમાં અવલોકન કરીશું.

જૈન ભક્તિસાહિત્યમાં પ્રભુભક્તિ, ગુરુભક્તિ, દેવદેવીઓની ભક્તિ ઇત્યાદિ વિષયની રચનાઓ સાંપડે છે. એમાંથી માત્ર પ્રભુભક્તિનો વિષય આપણે લઇશું.

પ્રભુભક્તિ માટે સ્તવન, થોય, મોટી પૂજા ઇત્યાદિ પ્રકારની રચનાઓ થયેલી છે. પ્રભુભક્તિ એટલે તીર્થંકર પરમાત્માની ભક્તિ.

'તીર્થંકર' શબ્દ જૈનોમાં વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયો છે. તારે તે તીર્થ અને તીર્થ પ્રવર્તાવે તે તીર્થંકર એવી એક વ્યાપક વ્યાખ્યા આપવામાં આવે છે. તીર્થંકર માટે 'અરિહંત', 'અર્હત', 'જિનેશ્વર' જેવા શબ્દો પણ પ્રયોજાય છે અને પ્રભુ, ભગવાન, પરમાત્મા, પરમેશ્વર જેવા રૂઢ શબ્દો પણ પ્રયોજાય છે. જેમણે પોતાનાં ઘનઘાતિ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને પોતાના તીર્થંકર નામકર્મના ઉદયથી જેઓએ તીર્થ પ્રવર્તાવ્યું છે એવા ચરમશરીરી અરિહંત પરમાત્માની ભક્તિ જીવને મુક્તિ તરફ લઇ જાય છે.

કાળગણના પ્રમાણે વર્તમાન અવસર્પિણીમાં ચોવીસ તીર્થંકરો થઇ ગયા. એમાં પહેલાં તે ભગવાન ઋષભદેવ અને છેલ્લા તે મહાવીર સ્વામી. તદુપરાંત હાલ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકરો પણ છે. ગત ચોવીસી અને અનાગત ચોવીસીના તીર્થંકરોનાં નામ પણ ઉપલબ્ધ છે અને એમની ભક્તિ માટે પણ સ્તવનોની રચના થાય છે.

બધા તીર્થંકરો સ્વરૂપની દૃષ્ટિએ એક સરખા છે. એમની ભક્તિનું રહસ્ય ઘણું ઊંડું છે. દેવદેવીઓની-યક્ષયક્ષિણીઓની ભક્તિ ભૌતિક, ઐહિક સુખની અપેક્ષાથી થઇ શકે છે. જિનેશ્વર ભગવાનની ભક્તિ એક માત્ર મોક્ષની અભિલાષાથી કરવાની હોય છે. એ ભક્તિ દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ ઉભય પ્રકારે થાય છે. દ્રવ્યપૂજામાંથી ભાવપૂજા પ્રતિ જવાનું હોય છે. બધા ભક્તોની કક્ષા એકસરખી ન હોય અને એક જ ભક્તની ભાવોર્મિ પણ પ્રત્યેક પ્રસંગે એકસરખી ન હોય. એટલે ભક્તિમાં વૈવિધ્ય રહેવાનું અને ભક્તિ સાહિત્યમાં પણ વૈવિધ્ય રહેવાનું.

મધ્યકાલીન જૈન પરંપરાનું અવલોકન કરીએ તો કેટલા બધા કવિઓએ પોતાની પ્રભુભક્તિને અભિવ્યક્ત કરી, પદ્યદેહ આપી સ્તવનોની રચના કરી છે ! વિક્રમના પંદરમા શતકથી અઢારમા અને ઓગણીસમા શતક સુધીમાં વિનયપ્રભવિજયજી, લાવણ્યસમયજી, સમયસુંદરજી, ભાવવિજયજી, જિનહર્ષજી, જિનરત્નજી, વિનયવિજયજી, આનંદઘનજી, યશોવિજયજી, માનવિજયજી, નયવિજયજી, મેઘવિજયજી, પદ્મવિજયજી, ભાણવિજયજી, રામવિજયજી, જ્ઞાનવિમલજી, લક્ષ્મીસાગરજી, મોહનવિજયજી, ઉદયરત્નજી, જિનવિજયજી, દેવચંદ્રજી, દાનવિજયજી, દીપવિજયજી, પ્રમોદવિજયજી, પાર્શ્વચન્દ્રજી વગેરે ૬૦ થી અધિક સાધુકવિઓએ સ્તવનચોવીસીની રચના કરી છે જે પ્રકાશિત થઇ ગયેલી છે. હજુ ઘણી સ્તવનચોવીસીઓ અપ્રકાશિત છે. ચોવીસી એટલે પ્રત્યેક તીર્થંકર માટે એક સ્તવન, એ રીતે ચોવીસે તીર્થંકર માટે ચોવીસ સ્તવનની રચના તે સ્તવનચોવીસી. આ ઉપરાંત સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકર માટેની વીસ રચના તે 'વિહરમાનવીસી'. આ ઉપરાંત સંખ્યાબંધ કવિઓએ છૂટક સ્તવનોની રચના કરી છે. તદુપરાંત વિવિધ તીર્થોને અનુલક્ષીને સ્તવનોની રચના પણ થઇ છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ એક નહિ પણ ત્રણ ચોવીસીની રચના કરી છે, જે કવિ તરીકેના એમના સામર્થ્યની પ્રતીતિ કરાવે છે.

જૈનોમાં આ સ્તવનો ઉપરાંત મોટી પૂજાઓ પણ ગવાય-ભણાવાય છે. સ્નાત્રપૂજા, પંચ કલ્યાણકની પૂજા, અષ્ટપ્રકારી પૂજા, સત્તરભેદી પૂજા, ચોસઠ પ્રકારી પૂજા, નવ્વાણુ પ્રકારી પૂજા, વીસ સ્થાનક તપ પૂજા, નવપદ પૂજા, પંચ જ્ઞાનની પૂજા, પિસ્તાલીસ આગમની પૂજા, બાર વ્રતની પૂજા વગેરે વિવિધ પ્રકારની પૂજાઓ વીરવિજયજી, રૂપવિજયજી, દીપવિજયજી જ્ઞાનવિમલજી, સકલચંદ્રજી, ક્ષમાલાભજી, યશોવિજયજી, પદ્મવિજયજી, બુદ્ધિસાગરજી, આત્મારામજી વગેરેએ કરી છે, જેમાં તે તે વિષયનો મહિમા વિવિધ ઢાળમાં, દૃષ્ટાન્તો કે વૃત્તાન્તો સાથે દર્શાવાયો છે. આ બધી પૂજાઓમાં શ્રી વીરવિજયજી મહારાજની પૂજાઓ અત્યંત લોકપ્રિય બની ગઇ છે અને એના ગાવા-ભણાવવાનું સાતત્ય આજ પર્યંત અખંડ રહ્યું છે. એમની પૂજાની ઢાળો સૌ કોઈને ગાવી ગમે એવી સંગીતમય, સરળતાથી કંઠસ્થ થઇ શકે એવી, પ્રેરક, ઉત્સાહક, બોધક અને શાસ્ત્રીય આધારવાળી છે.

મધ્યકાળમાં જૈન સાધુકવિઓએ બધું મળીને ત્રણ હજારથી વધુ સ્તવનો લખ્યાં છે. સ્વરૂપની દૃષ્ટિએ કે ગુણલક્ષણોની દૃષ્ટિએ જોઈએ તો બધા તીર્થંકરો સરખા જ છે. જૈન મંદિરોમાં જિનેશ્વર ભગવાનની પ્રતિમાઓ એકસરખી જ હોય છે. નીચે એમનું લાંછન જોઇએ તો ખબર પડે કે તે કયા ભગવાનની પ્રતિમા છે. વળી પ્રભુભક્તિના સિદ્ધાન્તની દૃષ્ટિએ જોઇએ તો કોઇપણ એક જિનેશ્વર ભગવાનની સ્તુતિમાં બધા જ ભગવાનની સ્તુતિ આવી જાય છે. હરિભદ્રસૂરિએ કહ્યું છે :

जे एगं पूईया ते सव्वे पूईया हुंति ।

એકની પૂજામાં બધાની પૂજા આવી જાય છે. આથી જ શાન્તિનાથ ભગવાનના મંદિરમાં ઋષભદેવ ભગવાનનું સ્તવન ગાઇ શકાય છે અને પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં વિમલનાથ કે અન્ય કોઇ તીર્થંકર ભગવાનનું સ્તવન પણ લલકારી શકાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે જો સ્વરૂપની દૃષ્ટિએ આ એકત્વ હોય તો ચોવીસ સ્તવનોમાં કવિ કેવી રીતે વૈવિધ્ય આણી શકે ? પરંતુ એમાં જ કવિની કવિત્વ શક્તિની કસોટી છે. આપણે જોઇ શકીએ છીએ કે આટલી બધી ચોવીસી લખાઇ છે પણ કોઇપણ કવિની સ્તવનરચનામાં પુનરુક્તિનો દોષ એકંદરે જોવા મળતો નથી. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ તો ત્રણ ચોવીસી અને અન્ય કેટલાંક સ્તવનો લખ્યાં છે. અને છતાં એમાં પુનરુક્તિનો દોષ જોવા મળતો નથી. એ કવિપ્રતિભાનું લક્ષણ છે. વળી ભક્તિનો વિષય એવો છે કે જેમાં અંગત ઊર્મિઓની અભિવ્યક્તિ થાય છે. ઊર્મિકાવ્યના પ્રકારમાં અપાર વૈવિધ્યને અવકાશ છે. આ ઉપરથી જોઇ શકાશે કે મધ્યકાલીન જૈન ગુજરાતી સ્તવન સાહિત્ય કેટલું બધું સમૃદ્ધ છે !

સ્તવનોમાં રચયિતાની પ્રભુ પ્રત્યેની પ્રીતિ, ભક્તિ, શ્રદ્ધા, યાચના, શરણાગતિ ઇત્યાદિ વ્યક્ત થાય છે. આત્મનિવેદન, પ્રાર્થના, વિનય વગેરે રજૂ થાય છે અને પરમાત્માનાં ગુણોનું સંકીર્તન પણ થાય છે. તીર્થંકર ભગવાનના જીવનની સ્થૂલ હકીકત, જેમકે નામ, વંશ, જન્મનગરી, માતાપિતા, લાંછન, આયુષ્ય, શરીરનો વર્ણ, યક્ષ-યક્ષિણી, તદુપરાંત આઠ પ્રાતિહાર્ય, અતિશયો, વાણીના ગુણો, સમવસરણ, સમ્યગ્દર્શન, મોક્ષમાર્ગ, આંતરિક શત્રુઓ પર વિજય, ભાવની વિશુદ્ધિ, વર્તમાન પરિસ્થિતિમાં ભક્તની અસહાયતા, મોક્ષ માટેની તીવ્ર અભિલાષા ઇત્યાદિ વિવિધ વસ્તુઓમાંથી પોતાની ભાવોર્મિ અનુસાર કવિ વર્ણવે છે. કેટલાક કવિઓએ પોતાના સ્તવનોમાં તત્ત્વજ્ઞાનની છણાવટ પણ ગૂંથી લીધી છે. યશોવિજયજી, આનંદઘનજી, મોહનવિજયજી, દેવચંદ્રજી વગેરે કેટલાક સમર્થ કવિઓનાં ઉત્તમ સ્તવનો તત્ત્વજ્ઞાનગર્ભિત છે. ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા ઇત્યાદિ અલંકારયુક્ત કવિની વાણી મનોહર, સુગેય રૂપ ધારણ કરે છે. કવિની પોતાની ઉત્કટ સંવેદના અને મોક્ષપ્રાપ્તિ માટેની તીવ્ર અભિલાષા વિના આવા ઉદ્ગારો એમના મુખમાંથી સરી પડે નહિ.

સ્તવન દ્વારા એના રચયિતા કવિનું અને એ ગાનાર ભક્તોનું મુખ્ય લક્ષ્ય તો મોક્ષપ્રાપ્તિનું જ હોવું ઘટે. પણ વ્યવહારમાં હંમેશા તેમ બનતું નથી. લૌકિક ફળ માટે પણ પ્રભુભક્તિ કરનારા હોય છે અથવા ભવાન્તરમાં દેવલોકના સુખોની અભિલાષા પણ થવા સંભવ છે. ભક્તોની વિવિધ અવસ્થા અને ભાવનાને લક્ષમાં રાખીને હરિભદ્રસૂરિએ પ્રભુભક્તિના પાંચ પ્રકાર ચઢતા ક્રમે દર્શાવ્યા છે : (૧) વિષાનુષ્ઠાન, (૨) ગરાનુષ્ઠાન, (૩) અનનુષ્ઠાન, (૪) તદ્હેતુ

અનુષ્ઠાન અને (૫) અમૃતાનુષ્ઠાન. ભક્તની ભક્તિ પ્રથમ બે પ્રકારની તો ન જ હોવી જોઇએ. એની ભક્તિ પરાભક્તિ સુધી પહોંચે તો જ તે મોક્ષપ્રાપક બની શકે. સામાન્ય ભક્તિ તો પુણ્યબંધનું નિમિત્ત બની શકે અને તે સ્વર્ગનું સુખ અપાવી શકે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ શ્રી અરનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે :

ભક્તને સ્વર્ગ, સ્વર્ગથી અધિકું
જ્ઞાનીને ફળ દેઇ રે.
કાયાકષ્ટ વિના ફળ લહીએ
મનમાં ધ્યાન ધરેઈ રે.

આમ હોવા છતાં સાચા ભક્તનું મન તો ભક્તિમાં જ લીન રહેવાનું. એને શ્રદ્ધા છે કે ભક્તિ દ્વારા મુક્તિ મળવાની જ છે. માટે ભક્તિને છોડવાની જરૂર નથી. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ઋષભદેવ ભગવાનના સ્તવનમાં કહ્યું છે :

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.
જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જેમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.

એટલે જ તેઓ શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનમાં કહે છે:

નિરાગીશું રે કિમ મિલે,
પણ મળવાનો એકાન્ત;
વાચક જશ કહે મુજ મિલ્યો,
ભક્તિએ કામણ તંત.

સાચી જિનભક્તિમાં એટલું બળ છે કે પ્રથમ દર્શનવિશુદ્ધિ અપાવે છે અને અનુક્રમે મુક્તિ પણ અપાવે છે. જિનેશ્વર ભગવાનનાં ગુણગ્રામનું કીર્તન કરતાં કરતાં એવા ગુણ પોતાનામાં પણ અવશ્ય આવે જ છે જે મુક્તિ અપાવ્યા વિના રહેતા નથી. આમ ભક્તિ પરંપરાએ જ્ઞાનનું કારણ બને છે અને જ્ઞાન પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

આટલા બધા કવિઓએ આટલાં બધાં સ્તવનોની રચના કરી છે અને એમાંની કેટલીક કૃતિઓ તો કાવ્ય તરીકે પણ ખરેખર ઉત્તમ કોટિની છે. તેમ છતાં છેલ્લાં ત્રણસો-ચારસો વર્ષની સ્તવનપરંપરા નિહાળીશું તો જૈન મંદિરોમાં મુખ્યત્વે યશોવિજયજી, આનંદઘનજી, દેવચંદ્રજી, પદ્મવિજયજી, મોહનવિજયજી, માનવિજયજી, ઉદયરત્નજી, જિનહર્ષજી, વિનયવિજયજી વગેરેનાં સ્તવનો અત્યંત લોકપ્રિય રહ્યાં છે. એનાં કેટલાંક કારણોમાંનું એક મુખ્ય કારણ તે એની રચના પ્રચલિત લોકપ્રિય ઢાળમાં છે. સુગેયતા એ પણ ઊર્મિગીતનું એક મહત્ત્વનું લક્ષણ છે. ગેયત્વથી ભાવની વૃદ્ધિ થાય છે. મધુર કંઠે ગવાયેલી રચના હૃદયને સ્પર્શી જાય છે. ભક્તિગીતોનાં સૂર, લય, ઢાળ વગેરે સંવેદનાઓને આંદોલિત કરીને એને ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ કરાવવાની ક્ષમતા ધરાવે છે. મધ્યકાલીન જૈન સ્તવનોમાં (અને રાસ, ફાગુ, બારમાસી વગેરેમાં પણ) જે જે દેશીઓ પ્રયોજાઇ છે તેના પર નજર કરવાથી એ વાતની પ્રતીતિ થશે કે શાસ્ત્રીય અને સુગમ સંગીતની દૃષ્ટિએ પણ આપણાં ભક્તિગીતો કેટલાં બધાં સમૃદ્ધ છે. જૈન મંદિરોમાં તીર્થંકર પરમાત્માની સન્મુખ બેસી મધુર, ભાવવાહી સ્વરે કોઇ સ્તવન ગાતું હોય તે સાંભળીએ તો હૃદય ભાવવિભોર બની જાય છે. મધુર સંગીતમાં જન્માન્તરના સંસ્કાર જગાડવાની શક્તિ છે એની ત્યારે પ્રતીતિ થાય છે. આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી વગેરેની નીચેની પંક્તિઓ ક્યારેક સાંભળવા મળે તો હૈયું ભક્તિરસથી ઉભરાય છે:

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,
ઓર ન ચાહું કે કંથ.

x x x

અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય,
વિમલ જિન, દીઠાં લોયણં આજ
મારાં સીધ્યાં વાંછિત કાજ.

x x x

ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી
ચૌદમા જિનતણી ચરણસેવા.

x x x

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે,
મુખ દીઠે સુખ ઊપજે, દરિશણ અતિહી આણંદ, લાલ રે

x x x

સેવો ભવિયાં વિમલ જિનેસર, દુલ્લહા સજ્જન સંગાજી,
એહવા પ્રભુનું દરિશણ લહેવું, તે આલસમાંહિ ગંગાજી.

x x x

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં શિર દેઇ દોષ મેરે વાલમા.

x x x

ગિરુઆ રે ગુણ તુમ તણાં, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિરમલ થાએ કાયા રે.

x x x

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજસ લીજે.

x x x

ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા,
રસનાનો ફલ લીધો રે

x x x

હું તો માગું છું દેવાધિદેવા,
ભવોભવ તુમ ચરણોની સેવા.

x x x

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય.

x x x

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો.

x x x

માતા મરુદેવીના નંદ,
દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણું જી.

x x x

શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે.

x x x

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમ્હારો રે.

x x x

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું.

x x x

શ્રી અનંત જિનશું કરો સાહેલડિયાં,
ચોલ મજીઠનો રંગ, રે, ગુણવેલડિયાં.

x x x

મારો મુજરો લ્યો ને રાજ, સાહિબ, શાંતિ સલૂણા !

x x x

સિદ્ધિરથના રે નંદન વિનવું, વિનતડી અવધારો.

આ તો ઉદાહરણરૂપ કેટલીક પંક્તિઓ છે. આવી તો સેંકડો મનોરમ પંક્તિઓ જૈન સ્તવન સાહિત્યમાંથી સાંપડશે કે જેમાં કવિના અંતરની સ્વાભાવિક સઘન ઊર્મિઓ લયબદ્ધ શબ્દદેહ પામી હોય !

જૈન સ્તવન સાહિત્યનો ખજાનો ભરપૂર છે. જૈન સ્તવનસાગરમાં વર્ણ, જાતિ, સંપ્રદાયના ભેદ ભૂલીને જે કોઇ ડૂબકી લગાવે એના હાથમાં સાચાં મૌક્તિક આવ્યા વગર રહે નહિ.

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી બુધવાર તા. ૧૯મી ઓગષ્ટ ૧૯૯૮થી બુધવાર તા. ૨૬મી ઓગષ્ટ ૧૯૯૮ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું **પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| બુધવાર | ૧૯-૮-૯૮ | પ. પૂ. શ્રી નિર્વાણશ્રીજી | जैन धर्म की प्रासंगिकता |
| | | શ્રી શશિકાન્ત મહેતા | નમસ્કાર મહામંત્રનું જીવનવિજ્ઞાન |
| ગુરુવાર | ૨૦-૮-૯૮ | રમણલાલ ચી. શાહ | માયા-મૃષાવાદ |
| | | ડૉ. શ્રીમતી રાજમ પિલૈ | २१ वीं सदी और अहिंसानीति-स्वरूप और प्रासंगिकता |
| શુક્રવાર | ૨૧-૮-૯૮ | શ્રી જયેન્દ્ર શાહ | મુસાફિર ! રેન રહી અબ થોરી |
| | | શ્રી રશ્મિભાઈ ઝવેરી | પ્રતિક્રમણનો મર્મ |
| શનિવાર | ૨૨-૮-૯૮ | શ્રીમતી સુષમા અગ્રવાલ | न काहु से दोस्ती, न काहु से बैर |
| | | ડૉ. ગુણવંત શાહ | અહિંસાની આવતી કાલ |
| રવિવાર | ૨૩-૮-૯૮ | શ્રી સૌરભ શાહ | ધર્મમય જીવન અને જીવનમય ધર્મ |
| | | ડૉ. અશ્વિનભાઈ કાપડિયા | અનેકાન્તવાદ-શાશ્વતીનું પરિમાણ |
| સોમવાર | ૨૪-૮-૯૮ | ડૉ. ગુલાબ દેઢિયા | જયણા |
| | | શ્રી પ્રવીણભાઈ શાહ | પુણ્યના શેર ખરીદો |
| મંગળવાર | ૨૫-૮-૯૮ | ડૉ. ગૌતમ પટેલ | શ્રીમદ્ ભગવદ્ગીતા-હિંદુ ધર્મમાં ક્રાન્તિ |
| | | શ્રીમતી તારાબહેન શાહ | સમરાદિત્યની કથા |
| બુધવાર | ૨૬-૮-૯૮ | શ્રીમતી શૈલજા ચેતનભાઈ શાહ | અંતરાય કર્મ |
| | | શ્રીમતી ગીતાબહેન શાહ | કામરાગ |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે : (૧) શ્રીમતી અવનિબહેન પરીખ (૨) શ્રીમતી કોકિલાબહેન ઝવેરી (૩) શ્રીમતી હીનાબહેન મહેતા (૪) શ્રીમતી સેજલબહેન શાહ (૫) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી (૬) શ્રીમતી અલકાબહેન શાહ (૭) શ્રી ડૉ. સંજયભાઈ શાહ (૮) શ્રી જતીનભાઈ શાહ

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | |
|---|---|---|
| ચંદ્રકાન્ત દીપચંદ શાહ<br>ઉપ-પ્રમુખ<br>ભૂપેન્દ્ર ડી. જવેરી<br>કોષાધ્યક્ષ | રસિકલાલ લહેરચંદ શાહ<br>પ્રમુખ | નિરુબહેન એસ. શાહ<br>ધનવંત ટી. શાહ<br>મંત્રીઓ |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, બાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૮-૯ ● ● તા. ૧૬-૯-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ચીમનલાલ જે. શાહ

અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આધારસ્તંભરૂપ, ચાર દાયકા સુધી વિશિષ્ટ સેવા આપનાર, સંઘના ભૂતપૂર્વ મંત્રી અને ભૂતપૂર્વ ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહનું ૭૮ વર્ષની વયે પર્યુષણ પર્વ દરમિયાન, સોમવાર તા. ૨૪મી ઓગસ્ટના રોજ હૃદયરોગના હુમલાને કારણે અચાનક અવસાન થતાં એમનાં સ્વજનો ઉપરાંત સંઘના સભ્યોએ અને મિત્રો તથા ચાહકોએ શોકની ઘેરી લાગણી અનુભવી છે. મેં મારા એક વડીલ હિતેચ્છુ મિત્ર ગુમાવ્યા છે.

અવસાન થયું તેના આગલા દિવસે ચીમનભાઇને ટેકસીનો અકસ્માત નડ્યો હતો. સદ્‌ભાગ્યે તેઓ બચી ગયા હતા, પણ માથામાં અને ખાસ તો આંખ પાસે વાગ્યું હતું. આ અકસ્માતથી તેઓ બહુ અસ્વસ્થ થઇ ગયા હતા. બીજે દિવસે સવારે વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં ન જવા માટે એમનાં પત્ની મંજુલાબહેને તથા પુત્ર શ્રી નીતિનભાઇએ બહુ આગ્રહ કર્યો હતો, પરંતુ ચીમનભાઇએ એ માન્યું નહિ. કાર્યક્રમનું સંચાલન કર્યા પછી થાક લાગતાં તેઓ ઘરે વહેલા ચાલ્યા ગયા હતા. સાંજે તેમણે ડૉક્ટરને આંખ બતાવી. સદ્‌ભાગ્યે આંખની અંદર કંઇ ઇજા થઇ નહોતી. પરંતુ ડૉક્ટરને ત્યાંથી પાછાં ફરતાં ચીમનભાઇને રસ્તામાં છાતીમાં દુખવા આવ્યું. દવાવાળાની દુકાને ટેક્સી લેવડાવીને એમણે દવા લીધી, પણ દુખાવો ઓછો થયો નહિ. ઘરે પહોંચતાં તો હૃદયરોગનો હુમલો થયો અને હોસ્પિટલમાં પહોંચતાં પહેલાં એમણે પ્રાણ છોડી દીધા. બે કલાક પહેલાં હરતાફરતા ચીમનભાઇનો જીવનદીપ અચાનક બુઝાઇ ગયો.

શ્રી ચીમનભાઇને જાણે મનમાં ઊગી આવ્યું હોય તેમ છેલ્લા એક વર્ષથી તેઓ વારંવાર અનેકને કહેતા રહ્યા હતા કે પોતાનું આ છેલ્લું વર્ષ છે. ગયે વર્ષે વ્યાખ્યાનમાળાને છેલ્લે દિવસે પણ બોલ્યા હતા કે 'આવતે વર્ષે હું હોઉં કે ન હોઉં.' ત્યાર પછી તેઓ વારંવાર એવા શબ્દો ઉચ્ચારતા રહ્યા હતા.

ચીમનભાઇ પોતાના સ્વજનોને કહેતા કે પોતાના પિતાજી જેઠાલાલભાઇ પંચોતેર વર્ષે ગયા. એમના કરતાં તો પોતાને ત્રણ વર્ષ વધુ જીવવા મળ્યાં છે. એમના વડીલ બંધુ વાડીલાલભાઈ ૭૮ વર્ષની વયે ગયા એટલે પોતે પણ ૭૮ વર્ષની વયે જ જશે એમ કહેતા.

મૃત્યુ માટે તેઓ મનથી સજ્જ હતા. જગતમાંથી પ્રસન્નતાપૂર્વક વિદાય લેવા માટે તેઓ વારંવાર એવાં વાક્યો બોલતા. પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે સંચાલનની જવાબદારી એમને સોંપવાનું સમિતિની બેઠકમાં ઠરાવવામાં આવ્યું તે વખતે પણ તેઓ બોલેલા કે બીજાને એ જવાબદારી સોંપો, હું કદાચ ત્યારે હોઉં કે ન પણ હોઉં. પ્રતિ વર્ષ પર્યુષણ પછીના અઠવાડિયામાં સમિતિના સભ્યો અને નિમંત્રિતોનું એક સ્નેહસંમેલન યોજાય છે. એ માટે સૌથી વધુ ઉત્સુક ચીમનભાઇ જ રહેતા. પણ આ વર્ષે એમણે સ્નેહસંમેલન યોજવા માટે એક અથવા બીજું બહાનું બતાવીને સ્પષ્ટ ના પાડી દીધી હતી. એમના આગ્રહની ઉપરવટ જઇને એ સ્નેહસંમેલન કદાચ જો અમે રાખ્યું હોત તો તે રદ કરવાનો વખત આવત.

છેલ્લા કેટલાક સમયથી ચીમનભાઇ સંઘના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના જીવનના અંતિમ દિવસોને વારંવાર વાગોળતા. ચીમનલાલ ચકુભાઇએ મૃત્યુના બિછાનેથી લખાવેલા ત્રણ પ્રેરક લેખ ફરીથી છપાવવા માટે ચીમનભાઇ મને વખતોવખત આગ્રહ કરતા અને પર્યુષણ પહેલાં નાની પુસ્તિકારૂપે છપાઇ જાય તો તેઓ મિત્રોને આપવા ઇચ્છતા હતા. એમની ઇચ્છાનુસાર એ કામ મેં તરત હાથમાં લઇ, પર્યુષણ પહેલાં પુસ્તિકા પ્રકાશિત કરી એથી તેઓ પ્રસન્ન થયા હતા. એમની આ ઉતાવળમાં પણ જાણે કોઈ સંકેત રહેલો લાગે છે.

બે મહિના પહેલાં ચીમનભાઇએ પોતાનો ફોટો એન્લાર્જ અને લેમિનેટ કરાવીને પોતાના કબાટમાં મૂક્યો હતો. એ વિશે ઘરનાંને કશી ખબર નહોતી. પરંતુ ચીમનભાઇએ પોતાના નાના ભાઇ શ્રી મનુભાઇને કહી રાખ્યું હતું કે પોતાનો ફોટો પોતે પોતાના કબાટમાં મૂકી રાખ્યો છે.

પોતાના મૃત્યુ માટેની આટલી બધી સ્વસ્થતાપૂર્વકની તૈયારી ચીમનભાઇની ઉચ્ચ મનોદશાનો ખ્યાલ આપે છે.

સ્વ. ચીમનભાઈ સાથેનો મારો સંબંધ ચાર દાયકાથી અધિક સમયનો હતો. યુવક સંઘની સમિતિમાં એટલા સમયથી અમે સાથે હતા. યુવક સંઘનું પ્રમુખપદ ૧૯૮૨ના નવેમ્બરમાં મને સોંપાયું. ત્યારથી અમારો સંબંધ સ્વજન જેવો ગાઢ બન્યો હતો. મારા પ્રમુખપદ દરમિયાન પહેલાં મંત્રી તરીકે અને પછી ઉપપ્રમુખ તરીકે ચીમનભાઇએ સંભાળેલી જવાબદારીથી મને ઘણી રાહત રહેતી.

ધ્રાંગધ્રા (સૌરાષ્ટ્ર)ના વતની સ્વ. ચીમનભાઇએ મુંબઇની બાબુ પનાલાલ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. મેં પણ એ જ શાળામાં અભ્યાસ કર્યો હતો. મારા કરતાં તેઓ પાંચેક વર્ષ આગળ હતા. અમારા તે સમયના સંનિષ્ઠ અને નિષ્ણાત શિક્ષકોને કારણે મુંબઇ ઇલાકામાં (કરાંચીથી હુબલી સુધી) ત્યારે તે પ્રથમ નંબરની શાળા ગણાતી. અમારી શાળાનું મેટ્રિકમાં સો ટકા પરિણામ આવતું અને કોઇ ને કોઈ વિદ્યાર્થી પહેલા દસમાં આવતો. સ્વ. ચીમનભાઇ સાથે શાળાની વાત નીકળે એટલે જૂનાં સ્મરણો તાજાં થાય. પ્રત્યેક શિક્ષકની ભણાવવાની ખાસિયતો યાદ આવે અને સંસ્મરણો વાગોળાય.

આઝાદી પહેલાં કોંગ્રેસમાં સ્વયંસેવક તરીકે જોડાયેલા અને ઘણાં વર્ષો સુધી ખાદી ધારણ કરનાર, સફેદ ગાંધીટોપી પહેરનાર સ્વદેશાભિમાની ચીમનભાઇને પિતાનો વ્યવસાય વારસામાં મળ્યો

હતો, અને પ્રામાણિક ભાગીદારો મળ્યા હતા એટલે યુવાન વયથી જ જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાવાનું તેમને ગમતું. પોતાનો સ્વતંત્ર વ્યવસાય ચાલુ કર્યા પછી પણ તેમની જાહેર પ્રવૃત્તિઓ ચાલુ જ રહી હતી. એ માટેની એમનામાં સૂઝ અને આવડત પણ હતી.

ચીમનભાઈ ધ્રાંગધ્રાના વતની અને મારા સસરા શ્રી દીપચંદભાઈ ત્રિભોવનદાસ શાહનું વતન પણ ધ્રાંગધ્રા. એ રીતે સામાજિક દૃષ્ટિએ પણ અમારો પરિચય જૂનો હતો. મારા સસરા શ્રી દીપચંદભાઈ જૈન યુવક સંઘમાં મંત્રી તરીકે સાત વર્ષ કાર્ય કર્યા પછી નિવૃત્ત થયા ત્યારે એમણે નવા મંત્રી તરીકે યુવાન ચીમનભાઈની પસંદગી કરવા માટે પરમાનંદભાઈ કાપડિયાને ભલામણ કરેલી. એ સ્વીકારાતાં ચીમનભાઈ યુવક સંઘમાં સભ્ય બન્યા અને મંત્રી તરીકે જોડાયા.

શ્રી ચીમનભાઈએ ત્યાર પછી થોડાક સમયે પોતાના મિત્ર શ્રી કાન્તિભાઈ વોરા સાથે મળીને જૈન સોશ્યલ ગ્રુપ નામની સંસ્થા સ્થાપી. ત્યારે પરમાનંદભાઈએ મારા સસરાને ફરિયાદ કરેલી કે ચીમનભાઈએ બીજી સંસ્થા સ્થાપી છે તો લાગે છે કે હવે તેઓ યુવક સંઘ માટે સમય નહિ આપી શકે અને દિલ દઈને કામ નહિ કરે. મારા સસરાએ એ વાત ચીમનભાઈને કરી. તેમણે ખુલાસો કર્યો કે બીજી સંસ્થાનું ધ્યેય અને પ્રવૃત્તિક્ષેત્ર જુદું છે. યુવક સંઘના ભોગે પોતે એ સંસ્થાને નહિ વિકસાવે એવું તેમણે વચન આપ્યું. ચીમનભાઈએ એ વચનનું છેવટ સુધી પાલન કર્યું હતું. વસ્તુતઃ તેમની સમજશક્તિ, સૂઝ એટલાં હતાં કે તેઓ એક સાથે બેથી પણ વધુ સંસ્થા સંભાળી શકે એમ હતા.

ચીમનભાઈએ પોતાની યુવાનીના દિવસોમાં બાળકોની સંસ્થા 'બાલકન જી બારી' અને 'શિશુકેન્દ્ર'માં હોદ્દેદાર તરીકે સરસ સંગીન કાર્ય કર્યું હતું. એથી એમનામાં કુદરતી રીતે બાળકો માટે વાત્સલ્યભાવ રહેતો. તેઓ બાળકો સાથે એકરૂપ થઈ શકતા અને તેમને રમાડતા, ગવડાવતા, ખવડાવતા .ત્યારે એમનો કંઠ પણ સૂરીલો હતો. એમને વાંસળી વગાડતાં પણ આવડતું. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી 'ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર' નામની પ્રવૃત્તિ ચાલુ થઈ ત્યારે એના ઉદ્‌ઘાટન પ્રસંગે ચીમનભાઈએ બાળકોને સરસ બાળગીતો ગવડાવેલાં એ અવસરનું અમારું સ્મરણ તાજું છે.

સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન એ ચીમનભાઈની આગવી ખાસિયત હતી. મહિનાઓ અગાઉથી તેઓ તૈયારી કરતા. નાની નાની વિગતોની વિચારણા કરતા. નિમંત્રણ કાર્ડ, મંચવ્યવસ્થા, માઈક, સંગીત વગેરે ગોઠવવાં તથા નવા નવા કલાકારોને પ્રોત્સાહન આપવું-એ બધામાં એમની આગવી દૃષ્ટિ રહેતી. ભોજન સાથેના કાર્યક્રમો એમને વધુ ગમતા કે જેથી મહિલાવર્ગ પણ ઘરની ચિંતામાંથી મુક્ત થઈ હળવા મને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકે. એમનાં પત્ની મંજુબહેન ઘણાખરા કાર્યક્રમોમાં સાથે હોય જ. કવિઓ, લેખકો, પત્રકારો, સંગીતકારો, નાટકકારો, સામાજિક કાર્યકર્તાઓ એ બધા સાથે ચીમનભાઈ સંપર્ક રાખતા અને કાર્યક્રમોમાં નિમંત્રણ આપતા. પ્રત્યેક કાર્યક્રમનો ફોટા સાથે અહેવાલ અખબારોમાં આવે એ માટે તેઓ ઉત્સુક રહેતા કે જેથી બીજા અનેકને એ કાર્યક્રમની જાણ થાય અને પ્રેરણા મળે. એ રીતે મુંબઈના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ચીમન-ભાઈનું યોગદાન મોટું રહ્યું છે.

ચીમનભાઈ એટલે પ્રભાવનાના માણસ. મિત્રો, સગાં સંબંધીઓને, નોકરચાકરોને એમના તરફથી કંઈક ભેટ અવશ્ય મળી જ હોય. કોઈપણ નવો પરિચય થાય કે એમને પહેલો વિચાર એ આવે કે આ નવા પરિચિતને રસ પડે એવી કઈ વસ્તુ ભેટ આપું ? એમના પાકીટમાં પાંચ પંદર વસ્તુઓ પડેલી જ હોય. એ વિષયમાં એમની દૃષ્ટિ પણ ઘણી પહોંચે. Gift Novelty બનાવવાળા પણ એમની સલાહ લે અને એમની પાસેથી નવી નવી કલ્પનાઓ ગ્રહણ કરે. ભેટ આપવા લાયક કોઈ નવી સરસ વસ્તુ બજારમાં આવી હોય તો ચીમનભાઈને એક બે નંગ નહિ, પચીસ-પચાસ નંગ લેવાના હોય. તેઓ આપી આપીને રાજી થાય. બદલામાં કશી અપેક્ષા રાકે નહિ. આભારના ફોન કે પત્રની પણ અપેક્ષા તેઓ રાખે નહિ.

ચીમનભાઈને મોટા મોટા ગ્રંથો કરતાં જમાનાને અનુરૂપ નાની નાની પુસ્તિકાઓ વધુ ગમતી. શહેરી વ્યસ્ત જીવનમાં માણસ નાની પુસ્તિકા તરત વાંચે. કોઈની પણ નાની સારી, સુપથ્ય વાચન-સામગ્રીવાળી પુસ્તિકા જોવામાં આવી હોય તો તેઓ તેની પચાસ-સો નકલ લઈ મિત્રોને ભેટ મોકલાવતા. વચ્ચે તો એમણે 'ગમતાનો કરીએ ગુલાલ' એ કવિ મકરંદ દવેની પોતાને બહુ ગમી ગયેલી પંક્તિને શીર્ષક તરીકે પ્રયોજી પુસ્તિકા રૂપે સારા કેટલાક લેખોનું સંકલન કરી પ્રતિવર્ષ પ્રકાશિત કરવાનું ચાલુ કર્યું હતું. એમની એ પુસ્તિકાઓ એટલી બધી લોકપ્રિય બની ગઈ હતી કે ક્યાં ક્યાંથી માણસો તે મંગાવતા. આવું બધું ખર્ચ તેઓ પ્રેમથી સહર્ષ ઉઠાવતા.

ચીમનભાઈ પાસે કલમ હતી. પોતાના વિચારોને તેઓ વિશદ અને સચોટ રીતે રજૂ કરી શકતા. વ્યવસાય અને અન્ય જાહેર પ્રવૃત્તિઓને કારણે સળંગ, ક્રમાનુસાર લખવાનો અવકાશ એમને મળ્યો નહિ, અન્યથા તેઓ એક સારા ગ્રંથકર્તા બની શક્યા હોત.

છાપાઓમાં ટૂંકા ચર્ચાપત્રો લખવાં એ એમની એક મહત્ત્વની શોખની પ્રવૃત્તિ હતી. પોતાના વિચારો, સૂચનો તેઓ નમ્રતાપૂર્વક ચર્ચાપત્રમાં વ્યક્ત કરતા. ચાર દાયકા દરમિયાન એમણે સેંકડો ચર્ચાપત્ર લખ્યાં હશે. વચ્ચે તો એવો વખત હતો કે જ્યારે અઠવાડિયામાં એમનાં બેત્રણ ચર્ચાપત્રો છપાયાં જ હોય. આપણા લોકજીવનમાં પોતાના ચર્ચાપત્રો દ્વારા તેઓ સતત ફાળો આપતા રહ્યા હતા. જીવનના અંતિમ દિવસ સુધી એમણે ટૂંકા ચર્ચાપત્રો લખેલાં કે જેમાંનાં કેટલાંક તો એમના અવસાન પછી પ્રગટ થયેલાં.

ચીમનભાઈ પ્રકૃતિએ અત્યંત નિખાલસ હતા. મનમાં જે હોય તે સરળતાથી કહે. કહેવામાં ઉગ્રતા ન હોય. કોઈ ઉગ્ર થઈને વાત કરે તોપણ ઠંડે કલેજે જવાબ આપે અથવા હળવી રીતે લે અને હસી કાઢે. તેઓ જવલ્લે જ ગુસ્સે થયા હશે ! જૈન યુવક સંઘમાં ૨૫ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે જ્યારે એમનું અભિવાદન થયું ત્યારે એમના મોટાભાઈ વાડીભાઈએ જાહેરમાં કહ્યું હતું કે 'મેં મારા ચીમનભાઈને ક્યારેય ગુસ્સે થયેલા જોયા નથી.' કોઈપણ પ્રસંગે પોતાને ન ગમે એવું કંઈક થયું હોય, પોતે નારાજ થયા હોય તો પણ તેની પ્રતિક્રિયારૂપે તેઓ ક્યારેય ગરમ થતા નહિ. સંબંધો બાંધવાની અને તે મીઠાશપૂર્વક નભાવવાની કલા ચીમનભાઈને હસ્તગત હતી. બહારગામના કે વિદેશના મિત્રો સાથે પણ તેઓ નિયમિત પત્રવ્યવહાર રાખતા. પાકિસ્તાનના શ્રી ઈબ્રાહીમ શાહબાજ સાથેનો એમનો પત્રસંપર્ક ઘણાં વર્ષોથી રહ્યા કર્યો છે અને મને પણ શ્રી શાહબાઝનો પત્રપરિચય કરાવેલો છે.

ચીમનભાઈ સદાય હસતા માણસ. તેઓ દરેક વાતનો સરસ પ્રતિભાવ આપે. મળે એટલે કોઈ મૌલિક વાત કરે. એમનામાં રમૂજવૃત્તિ પણ સહજ અને સૂક્ષ્મ. મજાક સમજી શકે અને મજાકમાં પ્રત્યુત્તર પણ વાળી શકે. શબ્દશ્લેષ કરતાં પણ આવડે. ઘણાંની સાથે સંપર્કમાં રહેવાને કારણે તથા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી કવિ-લેખકોને સતત સાંભળતા રહેવાને કારણે, તેમની સાથેની વાતચીતમાંથી આપણને નવું નવું જાણવાનું મળે અને તાજગી અનુભવાય.

ચીમનભાઈની ડાયરીમાં અનેક મિત્રોની જન્મતારીખ ક્રમાનુસાર નોંધેલી રહેતી. એ દિવસે તેઓ અચૂક અભિનંદનનું કાર્ડ મોકલે, ફોન કરે કે પત્ર લખે અને કંઈક ભેટ મોકલાવે. મિત્રો સાતે સુગંધમય સંબંધો રાખવાની એમની પાસે સુંદર કળા હતી. કોઈ મિત્રે ઘણા વખતથી સંપર્ક ન કર્યો હોય તો માઠું લગાડતા નહિ. સામેથી પોતે યાદ કરીને સંપર્ક કરતા. એમની વાણીમાં અહંકાર નહોતો. પોતે નવું જે કંઈ જોયું જાણ્યું હોય એ વિશે બીજાઓની સાથે વિચારોની આપલે કરતા અને પોતાનો મત ખોટો હોય તો તે સુધારી લેતા.

ચીમનભાઇને એકલા રહેવું ન ગમે. ઘરે એકલા હોય તો વાંચે કે ટી.વી. જુએ કે રેડિયો સાંભળે. પરંતુ ચીમનભાઇ આખા દિવસમાં બહારની કોઇ વ્યક્તિને મળ્યા ન હોય એવું તો જવલ્લે જ બને. ઘણી જુદી જુદી સંસ્થાઓમાં પોતે સંકળાયેલા રહ્યા હતા એટલે કોઇક ને કોઇક મિટિંગ કે કાર્યક્રમ ચાલતા જ હોય. એમની ડાયરી મહિના અગાઉ ભરાઇ ગયેલી હોય. એમ છતાં કોઇ દિવસ ખાલી પડે તો પોતાના અંગત સ્નેહી મિત્રોમાંથી કોઇકની સાથે કોઈક રેસ્ટોરાંમાં મળવાનું-જમવાનું તેઓ ગોઠવી જ દેતા.

ચીમનભાઈ સમયપાલનના બહુ ચુસ્ત આગ્રહી હતા. તેઓ ક્યાંય મોડા પડ્યા હોય એવું ક્યારેય બન્યું નથી. સામાન્ય રીતે તેઓ દરેક સ્થળે અડધો કલાક કે કલાક વહેલા પહોંચે. કટોકટ સમય રાખી નીકળવાનું એમને ગમે નહિ. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સવારના સાડા સાતે ભક્તિસંગીતનો કાર્યક્રમ ચાલુ થાય, પરંતુ તેઓ સાડા છ વાગ્યામાં હોલ પર પહોંચી ગયા હોય. સંસ્થાના કાર્યક્રમો પણ સમયસર ચાલુ કરવાનો તેઓ આગ્રહ રાખતા.

ચીમનભાઈ ચીવટના માણસ. દરેક કામ ચીવટપૂર્વક કરે. સમય બગાડે નહિ. કામોની યાદી નોંધી રાખે અને દરેક કામ વેળાસર પાર પાડે. એમને સોંપેલું કામ સમયસર અવશ્ય થયું જ હોય. જો કોઈ કામ એમનાથી શક્ય ન હોય તો નિખાલસતાથી ના કહી દે. વચ્ચેનાં કેટલાંક વર્ષો દરમિયાન પોતે છાપાંમાં કે સામયિકમાં જે કંઈ વાંચ્યું હોય તેનું કટિંગ કે ઝેરોક્ષ કરી એ વિષયમાં રસ ધરાવનાર મિત્રને તેઓ અચૂક મોકલી આપે. આંખે મોતિઓ આવ્યા પછી અને ઉતરાવ્યા પછી ઝીણા અક્ષર વાંચવાની એમની તકલીફ વધી હતી એટલે એમની કટિંગ-ઝેરોક્ષની પ્રવૃત્તિ મંદ પડી હતી, પણ બંધ પડી નહોતી.

સ્વ. ચીમનભાઇ મુંબઇના ગુજરાતી સમાજની ઘણી વ્યક્તિઓ સાથે સતત સંપર્કમાં રહેતા. રોજ કેટલાયના ફોન આવે અને પોતે પણ ફોન કરતા રહે. એથી સમાજમાં જે કંઈ અવનવી ઘટનાઓ બને એનાથી પોતે સતત માહિતગાર રહેતા. કોઇ બાબત વિશે જાણવું હોય તો ચીમનભાઇનો સંપર્ક કરવાથી તરત છેલ્લામાં છેલ્લી અધિકૃત માહિતી સાંપડી રહે. કોઇનો ફોન નંબર જોઇતો હોય તો એમની પાસેથી તરત મળી રહે.

ચીમનભાઇને ભોજનની વિવિધ વાનગીઓનો શોખ ખરો. તેઓ ખાય ઓછું, પણ ભાવતી વાનગીઓ હોવી જોઇએ. વસ્તુત: તેઓ ખાવા કરતાં ખવડાવવાના શોખીન વધારે હતા. એ વિષયમાં તેમને સમજ પણ વધારે પડે અને ઓછા ખર્ચમાં વધુ સારું ભોજન કેમ મેળવી શકાય તેની ખબર પણ રાખે. કોઇક પ્રસંગે મિત્રો-સંબંધીઓને જમાડવાના હોય અને જવાબદારી ચીમનભાઇને સોંપી દીધી હોય તો પછી નિશ્ચિંત થઇ જવાય. કેટલીયે રેસ્ટોરાંના બેરરો પણ એમનાથી પરિચિત કારણ કે એમના તરફથી તે દરેકને કંઇક અવનવી ભેટ મળી જ હોય.

ચીમનભાઇ પ્રવાસના ઘણા શોખીન હતા. સ્વ. પરમાનંદભાઇ કાપડિયા સાથે તેઓ પ્રવાસનું સરસ આયોજન સંઘના ઉપક્રમે કરતા. જૈન સોશ્યલ ગ્રુપની સ્થાપના પછી એના ઉપક્રમે પણ તેઓ પ્રવાસ યોજતા. પ્રવાસ વ્યવસ્થિત અને સગવડભર્યો હોય તો તેમને વધુ ગમતું. કેટલાંક વર્ષ પહેલાં ભાવનગરમાં તેઓ પડી ગયા અને કમરમાં તકલીફ થઇ અને નીચે બેસવાનું બંધ થયું ત્યારપછી તેઓ પ્રવાસ કરવાનું ટાળતા અથવા પોતાની બધી સગવડ બરાબર સચવાશે એવી ખાતરી હોય તો જ પ્રવાસ કરતા. તેઓ ત્રણ વાર અમેરિકા જઇ આવ્યા હતા. ભારતમાં પણ ઘણાં સ્થળોનો એમણે પ્રવાસ કર્યો હતો. છેલ્લા દાયકામાં તેઓ મુખ્યત્વે દેવલાલી કહાનગરમાં જઇને રહેતા. અને આધ્યાત્મિક પ્રવચનો સાંભળતા.

મોતિયાના ઓપરેશન પછી અને દાદર ચઢવા ઊતરવાની અને નીચે બેસવાની તકલીફ ચાલુ થયા પછી, છેલ્લાં કેટલાંક વર્ષથી ચીમનભાઇ બહાર ગયા હોય તો ઘરે પાછા ફરવા માટે ગાડી કે ટેક્સીની વ્યવસ્થા અંગે હંમેશા સચિંત રહેતા ને અગાઉથી પાકું કરી લેતા કે જેથી મૂંઝવણ ન થાય. ટેક્સીમાં બેસે ત્યારે ઘણુંખરું આગળ બેસે, ટેક્સીવાળા સાથે દોસ્તી બાંધી લે અને કંઇક ભેટ આપે. એથી કેટલાક ટેક્સીવાળા તો એમના નિશ્ચિત સમયે તે સ્થળે આવીને ઊભા રહેતા. પોતાની શારીરિક મુશ્કેલીને કારણે એમનો સ્વભાવ એવો થઈ ગયો હતો કે વાહનવ્યવસ્થામાં વિલંબ થાય તો તેઓ થોડા અસ્વસ્થ થઇ જતા.

ચીમનભાઇમાં વિનમ્રતાનો ગુણ પણ સારો વિકસેલો હતો. પોતે મોટા માણસ છે એવું બીજાને ક્યારેય લાગવા ન દે. એમની વાતમાં મોટાઇ કે ઘમંડ ન વરતાય. 'હું હું' 'મેં મેં' જેવા શબ્દો એમની વાતચીતમાં આવે નહિ. એમની હાજરીમાં ભાર ન લાગે પણ હળવાશ અનુભવાય. તેઓ સંવેદનશીલ હતા અને હંમેશાં બીજાને મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા. લેખકો, પત્રકારોને તેઓ ખાનગીમાં આર્થિક સહાય કરતા. ગ્રંથપ્રકાશન માટે રકમ આપતા અને અપાવતા. કોઈ પણ કવિ-લેખકની કોઈક સરસ કૃતિ વાંચી હોય તો પ્રશંસાનો પત્ર લખતા. બહારગામના નવોદિત અજાણ્યા લેખક-લેખિકાની કૃતિ પોતાને ગમી હોય તો પ્રોત્સાહનનો પત્ર લખતા. ભેટ મોકલતા. આર્થિક સહાય પણ કરતા.

સતત જાહેર પ્રવૃત્તિઓ, ભિન્નભિન્ન સંસ્થાઓના હોદ્દેદાર તરીકે કામ કરતા રહ્યા હોવાને લીધે તથા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરતા રહ્યા હોવાને લીધે સભાસંચાલનની કુશળતા એમનામાં કુદરતી રીતે ખીલી હતી. વળી એને લીધે તેઓ અનેક લોકોના સન્માન્ય બન્યા હતા. આથી તેઓ જ્યાં જાય ત્યાં અનેક પરિચિતો મળે. સૌ કોઈ એમને મંચ પર બેસવા અને બે શબ્દો બોલવા માટે આગ્રહ કરે. એમને બોલવું ગમે. તેઓ વક્તા તરીકે પણ કુશળ હતા. પૂર્વ તૈયારી પણ સારી કરે. તેમના જાહેર કાર્યક્રમોના કલાકોનો જો સરવાળો કરવામાં આવે તો તેઓ નીચે શ્રોતાગણમાં જેટલા કલાક બેઠા હતા એના કરતાં મંચ પર વધુ સમય બેઠા હતા. આ એમની લોકપ્રિયતા અને સંનિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. એમનો પરિચિત ચાહક વર્ગ કેટલો મોટો હતો તે ત્યારે જોવા અનુભવવા મળતું. જાહેરમાં કોઇને પણ મળતી વખતે ચીમનભાઈ ઉતાવળ કે મોટાઇ બતાવે નહિ. નાનામોટા સૌની સાથે ભળી જઇને વાત કરતા.

ચીમનભાઇની ઉપસ્થિતિમાં હંમેશાં ઉષ્મા, આનંદ અને ઉત્સાહ અનુભવાય. મૂંઝવણભરી પરિસ્થિતિમાં એમની પાસેથી માર્ગદર્શન મળે. કોઇવાર પોતાને કશી વાતની ખબર કે સમજ ન હોય તો દંભ ન કરતાં નિખાલસભાવે તેઓ સ્વીકાર કરી લેતા. તેઓ સતત જિજ્ઞાસુ રહેતા. પોતાના પ્રશ્નથી કોઇ હાંસી ઉડાવશે કે 'શું આટલી પણ ખબર નથી ?' એવો ડર કે સંકોચ તેઓ ક્યારેય રાખતા નહિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે પોતાના સિત્તેર વર્ષના ઇતિહાસમાં પોતાના કોઇ હોદ્દેદારનું જાહેરમાં જો સન્માન કર્યું હોય તો તે શ્રી ચીમનભાઇનું અને તે પણ બે વખત. એક તે તેમણે મંત્રી તરીકે ૨૫ વર્ષ પૂરાં કર્યા ત્યારે અને ત્યાર પછી તેઓ ઉપપ્રમુખ તરીકે નિવૃત્ત થયા ત્યારે. સંઘના ઉપક્રમે ચીમનભાઇના સન્માનનો કાર્યક્રમ બે વાર યોજાયો તે એમની મોટી સુવાસની અને લોકાદરની પ્રતીતિ કરાવે છે. આ બીજા પ્રસંગે એમના પુત્ર શ્રી નીતિનભાઇએ સંઘને રૂપિયા એકાવન હજારની ભેટ આપી હતી.

સ્વ. ચીમનભાઇ જીવનભર સક્રિય રહ્યા હતા. અનેક કાર્યક્રમોના આયોજકે પોતાના જીવનનું આયોજન પણ દૃષ્ટિપૂર્વકનું કર્યું હતું. તેમણે જીવનને પ્રેમથી જાણ્યું હતું અને માણ્યું હતું. આનંદ એમના જીવનનો પર્યાય હતો.

સ્વ. ચીમનભાઇના પુણ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

☐ રમણલાલ ચી. શાહ

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**[ ગતાંકથી ચાલુ-૧૪ ]**

**સાધનાનો સિદ્ધાંત એવો છે કે સાધ્ય અને લક્ષ્યમાં જે સ્વરૂપ હોય તે સાધનામાં ઊતરે તો સાધ્યથી અભેદ થવાય અને લક્ષ્યની પ્રાપ્તિ થાય :**

વસ્તુ-તત્ત્વના બે ભેદ પડે છે. સામાન્ય અને વિશેષ અથવા દ્રવ્ય અને ભાવ. ભાવ કે જે ઉપયોગ છે તેની વિશુદ્ધ દશા કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ; કેવળજ્ઞાનના ભાવ ત્રણ પ્રકારે છે.

(૧) વીતરાગ જ્ઞાન એટલે કે વીતરાગતાપૂર્વકનું જ્ઞાન કે જે પ્રશાંત વેદન છે.

(૨) નિર્વિકલ્પકજ્ઞાન એટલે કે અખંડ અક્રમિક જ્ઞાન કે જે અખંડ વેદન છે.

(૩) સર્વજ્ઞ જ્ઞાન એટલે કે સર્વનું જ્ઞાન કે જે અનંતરસ વેદનરૂપ છે.

સર્વ પદાર્થોને અખંડપણે વીતરાગતાપૂર્વક જાણે તેનું નામ કેવળજ્ઞાન.

પદાર્થ જણાય-જાણે વીતરાગતાપૂર્વક એટલે કે કોઈપણ હેતુ પ્રયોજન વિના.

પદાર્થ જણાય તે અખંડ એટલે અક્રમથી જણાય. તે જ નિર્વિકલ્પક જ્ઞાન.

પદાર્થ જણાય તે સર્વ પદાર્થ જણાય. એકેય જ્ઞેય બાકાત ન રહેતાં સર્વ જણાય એ સર્વજ્ઞજ્ઞાન.

ક્રમિક અને અક્રમિક જ્ઞાન એ બે જ્ઞાન ભેગાં નહિ રહી શકે. આ ત્રણ ભાવમાંથી સાધનામાં જો કોઇ ભાવ ઉતારી શકાતો હોય તો તે વીતરાગતા છે કારણકે વીતરાગતાની વિકૃતિ મતિજ્ઞાનમાં થઇ છે.

સાધનાની પ્રક્રિયામાં જે ચૌદ ગુણસ્થાનક આરોહણ પ્રક્રિયા છે, તેમાં બારમા ગુણસ્થાનકે વીતરાગતા આવ્યા છતાં મતિજ્ઞાન તો ઊભું જ રહે છે. તેથી જ બારમા ગુણસ્થાનકે પણ સર્વજ્ઞ નિર્વિકલ્પકતા નથી પરંતુ અવિકારી નિર્વિકલ્પકતા હોય છે. કારણ કે છદ્મસ્થતા છે. અર્થાત્ સર્વજ્ઞતા નથી. આમ કેવળજ્ઞાન જે લક્ષ્ય છે, તે કેવળજ્ઞાનના ત્રણ ભાવ વીતરાગતા, નિર્વિકલ્પકતા, અને સર્વજ્ઞતામાંથી, 'વીતરાગતા' જો મતિજ્ઞાનમાં ઉતારીએ તો સાધ્યથી અભેદ થઇ-વીતરાગ થઇ, લક્ષ અર્થાત્ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકાય. અખંડ, સર્વજ્ઞ, પરિપૂર્ણ સ્વાધીન-નિરપેક્ષ બની શકાય.

વિકલ્પ પણ ત્રણ પ્રકારના છે. (૧) વિકાર વિકલ્પ (૨) આવરણ વિકલ્પ અને (૩) વેદન વિકલ્પ. 'विकल्पो नहि वस्तु नेह नानासि किंचन'. વિકલ્પ એ વસ્તુ નથી. ચૈતન્ય છે. પણ ક્ષણિક છે. બહારના બાહ્ય દશ્યો જે નાના (વિધવિધ) પ્રકારના છે તે અનિત્ય-વિનાશી છે. વિકાર વિકલ્પ દૂર થતાં મતિજ્ઞાન જે વિકારીજ્ઞાન હતું તે અવિકારીજ્ઞાન બને છે, અર્થાત્ વીતરાગ જ્ઞાન બને છે, પ્રશાંત બને છે. આવરણ વિકલ્પ દૂર થતાં નિરાવરણ થવાય છે-નિર્વિકલ્પ બનાય છે, જેથી જ્ઞાન નિર્વિકલ્પ, અવિનાશી, અક્રમિક, અખંડ બને છે. અંતે વેદનવિકલ્પ દૂર થતાં કર્મકૃત ક્રમિક સુખદુઃખ વેદન અભાવરૂપ એકાંતે અનંત સ્વરૂપ આનંદવેદનમાં નિમગ્ન થવાય છે-આત્માનુભૂતિ-સ્વરૂપાનંદાનુભવ થાય છે.

વિકાર વિકલ્પ હઠતાં 'વીતરાગતાની-પ્રશાંતતાની પ્રાપ્તિ થાય છે. છતાં સાધનાના આ તબક્કે મતિજ્ઞાન હોવાથી છદ્મસ્થતા છે અને અંતરાયનો નાશ થયો નથી હોતો એટલે જ્ઞાનની નિર્વિકલ્પકતા, અખંડિતતા, અવિનાશીતા, અક્રમિકતા, પૂર્ણતા, સર્વનું જ્ઞાન છે તેવી સર્વજ્ઞતાની પ્રાપ્તિ નથી હોતી અને એકાંતે અખંડ અનંત રસરૂપ વેદન નથી હોતું. પરંતુ વીતરાગતાને કારણે અને વીતરાગતાના પરિણામે આવરણ વિકલ્પ, વેદન વિકલ્પ હઠી જતાં જ જ્ઞાનાવરણીય-કર્મ, દર્શનાવરણીયકર્મ અને અંતરાયકર્મનો નાશ થતાં જ નિરાવરણ, નિર્વિકલ્પ બનેલ જે જ્ઞાન હોય છે તે કેવળજ્ઞાન હોય છે, પૂર્ણજ્ઞાન, સર્વજ્ઞતા હોય છે. એ અખંડ, અવિનાશી, અક્રમિક જ્ઞાન હોય છે. વેદન વિકલ્પ હઠતાં જ્ઞાન એકાંતે અનંત રસયુક્ત વેદનરૂપ બને છે. કર્મકૃત ક્રમિક સુખદુઃખ વેદનનો આત્યંતિક અભાવ થાય છે.

આમ કેવળજ્ઞાન જે લક્ષ્ય છે, તેના ત્રણ ભાવોમાંથી માત્ર વીતરાગતા જ સાધનામાં ઉતારી શકાય છે અને એ વીતરાગતા સાધકે મતિજ્ઞાનમાં ઉતારવાની છે-લાવવાની છે. મતિજ્ઞાન વીતરાગ થયેથી કેવળજ્ઞાન જે લક્ષ્ય છે તે સહજ પ્રાપ્ય બને છે. અર્થાત્ સહજ, સ્વાભાવિક આપોઆપ જ કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થાય છે.

કેવળજ્ઞાનનું સ્વરૂપ જે વીતરાગતા છે, તે વીતરાગતા સાધકે પોતાની સાધના દ્વારા લાવવાની છે, અર્થાત્ સાધકે સાધના દ્વારા નિર્મોહી-વીતરાગ બનવાનું છે. જેથી લક્ષ્ય જે કેવળજ્ઞાન છે તેનું પ્રાગટ્ય થાય અને સાધનાતીત થવાય. એટલે જ જ્ઞાનવિમલ સૂરીશ્વરજીએ વાંછ્યું છે કે...

*વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ,*

*તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહેજો એ ટેવ.*

*મનમાં આવજો રે નાથ !*

ભગવંતની સ્તવના કરતાં કેવળજ્ઞાન નહિ માંગ્યું પરંતુ વીતરાગતા માંગી.

ધ્યાન અને સમાધિ અવસ્થાને આપણે ભલે નિર્વિકલ્પ અવસ્થા કહેતાં હોઇએ પરંતુ વાસ્તવિક તે નિર્વિકલ્પક અવસ્થા નથી, કારણકે ત્યાં ધ્યેય સન્મુખ છે અને ધ્યેયથી અભેદ થવાનો વિકલ્પ ઊભેલો છે. ધ્યાન-સમાધિમાં મનોયોગ, વચનયોગ અને કાયયોગની સ્થગિતતા-સ્થિરતા છે. વિચારોની સ્થગિતતા છે, તો પણ મતિજ્ઞાનની હાજરી-અસ્તિત્વ છે અને ઊંડે ઊંડે ધ્યેય સ્વરૂપની પ્રાપ્તિના વિકલ્પ-સંકલ્પ-ઉપયોગનું અસ્તિત્વ છે. આપણે એ દશાને નિર્વિકલ્પકદશા તરીકે ઓળખાવીએ છીએ તે ઔપચારિક છે, કેમકે ધ્યાન ચાલુ છે-સમાધિ લાગી ગઇ છે તે સાધનાવસ્થા-સાધકાવસ્થાની સૂચક છે-ઉપયોગ ચાલુ છે. ઉપયોગવંતતા નથી. સહજતા નથી. કેવળજ્ઞાનનું સ્વરૂપ તો સાધનાતીત, ધ્યાનાતીત, ઉપયોગવંત, સહજ સ્વરૂપ છે. એ અવસ્થામાં કોઇ પ્રયત્ન, કોઇ ક્રિયા, કોઇ સંકલ્પ કે કોઇ વિકલ્પ યા ઉપયોગ મૂકવાપણું નથી. ક્રિયા છે ત્યાં કર્મ છે અને કર્તા છે. કેવળજ્ઞાની ભગવંતની સ્વરૂપાવસ્થા તો અક્રિય અવસ્થા-સહજાવસ્થા છે. સાકરમાં સહજ જ મીઠાશ છે. મિઠાઇમાં તો સાકર દ્વારા મીઠાશ છે. સર્વ અન્ય વિકલ્પો હઠાવીને એક માત્ર આત્મસ્વરૂપ-કેવળજ્ઞાન સ્વરૂપની પ્રાપ્તિના વિકલ્પ સાથે એકાગ્ર-એકાકાર થવાનો આત્મિક આનંદ ધ્યાન-સમાધિમાં છે પરંતુ તે સ્વરૂપાનંદ, કેવળ-જ્ઞાનાનંદ સહજાનંદિતા, સહજાવસ્થા નથી. પરંતુ ધ્યાન-સમાધિથી સહજાવસ્થા કેવળજ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય થઇ શકે છે.

प्रच्छन्नम् परमं ज्योतिरात्मनाज्ञानभस्मना ।
क्षणादपिर्भवत्युग्र ध्यान वात प्रचारतः ॥

મહામહોપાધ્યાયજી-પરમાત્મજ્યોતિ પંચવિંશતિ

આત્માના અજ્ઞાનરૂપી ભસ્મથી આત્માની પરમજ્યોતિ જે ઢંકાયેલી છે તે માત્ર એક ક્ષણમાં જ ઉગ્ર ધ્યાનરૂપ પવનના પ્રચારથી (વાવાથી-વાવાઝોડાથી) પ્રગટ થાય છે.

આત્માનું સ્વરૂપ પરમ સ્થિર છે. સર્વ આત્મપ્રદેશોની પરમ-સ્થિરતા એ આત્માનું સ્વરૂપ છે. એ સ્વરૂપને પણ સાધકે સાધનામાં ઉતારવાનું હોય છે. એટલે જ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, કાઉસગ્ગ (કાયોત્સર્ગ), ધ્યાન, સમાધિની સાધના સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ મુમુક્ષુ સાધકને બતાડી છે. યોગકંપનથી આત્મપ્રદેશ કંપન થાય છે. આત્મપ્રદેશને અકંપિત-સ્થિર બનાવવા માટે યોગ-સ્થૈર્યની સાધના બતાડી; તે સાધના એટલે સુધીની પરાકાષ્ટાની બતાડી કે, જેવું સિદ્ધ ભગવંતોનું સિદ્ધસ્વરૂપ સિદ્ધશિલા ઉપર છે તેવું પરમસ્થૈર્ય-શૈલેશીકરણ દ્વારા ચૌદમા ગુણસ્થાનકે સિદ્ધ કરવાનું હોય છે. એ સહજ જ થઈ જતી પ્રક્રિયા છે; પરંતુ જે દશા સાધ્યની છે તે સાધકાવસ્થામાં ઉતારવાની હોય છે તે તેનું તાત્પર્ય છે, જે વિષે શુકલધ્યાનના છેવટના બે પાયા વિષેની વિચારણામાં જોયું.

આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્વાધીન, નિરાલંબ, નિરપેક્ષ છે જે સ્વરૂપને સિદ્ધ કરવા સાધુધર્મ બતાડ્યો છે જે સાધુધર્મનું સાધુજીવન જેવું નિર્દોષ, નિરાલંબ, સ્વાધીન જીવન પ્રાયઃ કોઈ અન્ય ધર્મવ્યવસ્થામાં જોવા જાણવામાં આવતું નથી.

આત્માનું સ્વરૂપ અક્રિય, અકર્મ, નિષ્કર્મા છે, તેથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો ત્રણ ધર્મ બતાડ્યો. આત્મા પોતે પોતામાં જ સ્થિત-સ્થિર હોય છે. સ્વ સ્થિત, સ્વમાં સ્થિર હોય છે-સ્વસ્થ હોય છે. આત્મા સમ છે. માટે જ આત્માને પર પદાર્થોથી છૂટવા અને સ્વમાંથી સ્વનું સુખ મેળવવા ત્યાગ ધર્મ આપ્યો અને મમતા ત્યજી સમ થવા સમતા ધર્મ-સમભાવ ધર્મ આપ્યો કે શાતા-અશાતા, સુખ-દુઃખ, લાભ-ગેરલાભ જય-પરાજય, બધી પરિસ્થિતિમાં સમ રહેવા-સમતા ધારણ કરવારૂપ સ્થિતપ્રજ્ઞ થવારૂપ ધર્મ પ્રરૂપ્યો.

આત્માનું સ્વરૂપ અણાહારી છે. આત્માને એના પરમ વિશુદ્ધ એવા પરમાત્મસ્વરૂપમાં આહાર લેવાપણું હોતું નથી, માટે સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ સાધ્યના એ સ્વરૂપને સાધનામાં ઉતારવા અણાહારી થવા જણાવ્યું, તે માટે તપધર્મ પ્રરૂપ્યો. ઉણોદરી રહેવાથી લઈ અનશન સુધીની તપ-આરાધના બતાડી. આહાર સંજ્ઞા ઓછી કરતાં કરતાં આહારસંજ્ઞાના સર્વથા નાશનો ધર્મ બતાડ્યો. વાસ્તવિક તો આત્માનું પરમાત્મસ્વરૂપ અદેહી-અશરીરી છે. હવે અદેહી-અશરીરી બનવાની સાધના કરી શકાતી હોતી નથી એટલે દેહ અને અન્નનો જે સંબંધ છે કે દેહ વધે છે અને ટકે છે તે અન્નથી જ, તે સંબંધને અનુલક્ષીને તપધર્મ બતાડ્યો. જેથી દેહભાવ જાય. અદેહી થવા માટે દેહભાવ અને દેહભાન છોડી દેહની આળપંપાળથી અળગા થવાની, વિદેહી થઈ અદેહી થવાની સાધના બતાડી. આમ લક્ષ અદેહી થવાનું પણ સાધના અણાહારી થવાની-વિદેહી થવાની હોય છે.

આત્માનું પરમાત્મસ્વરૂપ એવું છે કે એ પોતે હણતો નથી કે પોતે કોઈથી હણાતો નથી, પોતે ડરતો નથી કે કોઈને ડારતો (ભય પમાડતો) નથી, પોતે બંધાતો નથી કે કોઈને બાંધતો નથી. એવું એનું નિર્ભય, નિર્ગ્રંથ, નિર્બંધ અનાહત સ્વરૂપ છે, તે સ્વરૂપને સાધનામાં ઉતારવા અભયદાનધર્મ, અહિંસાધર્મ બતાડ્યો.

આત્મા આનંદસ્વરૂપ છે તો સધનાધર્મ થયો કે સર્વ સંયોગ-પ્રસંગ-પરિસ્થિતિમાં ચિત્ત પ્રસન્ન રાખવું-સ્વસ્થ રહેવું-અખેદ રહેવું.

પાંચ અસ્તિકાયો-આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિ-કાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાયના પરમભાવરૂપ ગુણ અનુક્રમે અવગાહનાદાયિત્વ, ગતિપ્રદાનતા, સ્થિતિપ્રદાનતા, ગ્રહણ-ગુણ અને પ્રકાશકતા જે છે, તે ગુણ પોતપોતાના આગવા વિશિષ્ટ ગુણો છે, કે જે ગુણથી તે દ્રવ્યો-અસ્તિકાયોની ઓળખ થાય છે પરંતુ તે ગુણનું કાર્ય અન્યો દ્રવ્ય પ્રતિ છે, જેમકે ફળ અને છાયા આપવાનો ગુણ વૃક્ષનો, પણ તે વૃક્ષની છાયા અને ફળનો ઉપયોગ અન્યને માટે. પાણી નદીનું પણ તે પાણીનો ઉપયોગ અન્ય પશુ, પંખી, માનવીઓ માટે. એટલે સુધી કે નદી પોતે સુકાઈ ગઈ હોય તો તે નદીના તળમાં ગયેલ પાણી પણ નદીને ખોદી-કૂવા, વાવ, ગાળી મેળવવામાં આવે છે. તે પ્રક્રિયામાં નદી પોતાના અંતઃસ્તલને ચીરીને-આઘાત સહન કરીને પણ પાણી આપે છે. આમ સમગ્ર સચરાચર જાણે અજાણે પણ બીજાના ઉપયોગ માટે જીવે છે અને મનુષ્યનું જીવન પણ આ બધાના રૂડા પ્રતાપે જ ટકે છે. માનવીનો પ્રત્યેક શ્વાસોશ્વાસ, તેનું હલનચલન ઇત્યાદિ તેના જીવનની પળેપળ કોઈ ને કોઈ જીવ, પશુ, પંખી, વન્યસૃષ્ટિ-વનસ્પતિ યા તો પંચમહાભૂત આદિએ આપેલા આત્મભોગ વડે જ શક્ય બને છે. એથી જ સૂત્રો આપ્યા કે परस्परः उपग्रहो जीवानाम् અને जीवो जीवस्य जीवनम् । મત્સ્ય ગલાગલ ન્યાય. Survival of fittest એમાંથી Reverence for life જીવત્વ સ્વીકાર-જીવનાદર ઇરિયાવહિય સૂત્ર આવ્યા. પરાકાષ્ટારૂપ પરોપકાર ધર્મ જે સર્વ ધર્મને સ્વીકૃત ધર્મ છે તે પણ આ ઉપર જણાવ્યા મુજબના સાધ્યના-લક્ષ્યના સ્વરૂપની દેણ છે કે ગુણ પોતાનો પણ તે ગુણનું કાર્ય-ગુણકાર્ય અન્ય પ્રતિ !

એક કવિએ ગાયું છે...

*તરુવર-સરવર-સંતજન, ચોથા વરસે મેહ;*
*પર ઉપકારને કારણે, ચારે ધરીયો દેહ.*

આત્માના ગુણ પાંચ છે, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય. આત્માના પાંચ ગુણોનું શુદ્ધ સ્વરૂપ છે, કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતસુખ-પરમસ્થિરતા, પૂર્ણકામ (તૃપ્તતા-સંતૃપ્તતા-નિરિહિતા) અને પૂર્ણતા-અનંતતા. આ સ્વરૂપગુણો જે સાધ્યના છે, તેની પ્રાપ્તિને માટે સાધ્યના ગુણોને અનુલક્ષીને જે સાધનાધર્મ સાધકને આપ્યો છે તે પંચાચાર પાલનારૂપ ધર્મ છે-જે છે દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર જેની પ્રતિજ્ઞા, શરૂઆત અને પરાકાષ્ટા આદિ વિષે વિગતે, પંચાસ્તિકાય સંબંધી પ્રકૃતિ અને વિકૃતિનો વિચાર કરતાં, જોઈ ગયા છીએ. આત્માના જે છ લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ કહ્યાં છે તે સર્વ જીવને જીવ હોવાના ચિહ્ન-લક્ષણરૂપ છે. તે લક્ષણ અનાદિથી મલિન થયેલ છે, એને સુધારવા અને સ્વરૂપગુણરૂપે પ્રગટીકરણ કરવા માટે પંચાચાર પાલનારૂપ ધર્મ પ્રભુએ પ્રવર્તાવ્યો છે. એ પંચાચારની પાલનાથી ભાવગુણની સ્પર્શના થાય તો નવપદમાં સ્થાન મળે. પંચાચાર પાલના દ્રવ્યથી થાય તો પણ તે દુર્ગતિથી બચાવી સદ્ગતિને આપનાર છે, બાકી ભાવસ્પર્શના થાય તો મોક્ષને-કેવળજ્ઞાનને આપનાર છે.

**સ્વયંભૂ, આધારભૂ અને નિમિત્તભૂથી કેવળજ્ઞાનની સમજણ :**

જે અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી હોય તે સ્વયંભૂ કહેવાય છે. પાંચે અસ્તિકાયના પ્રદેશ સ્વયંભૂ છે. એ અસ્તિકાયના ગુણ-પર્યાય પ્રદેશના આધારે જ રહે છે. કોઈ દ્રવ્ય જગતમાં એવું નથી કે તેનો કોઈ ચોક્કસ-નિશ્ચિત ગુણધર્મ ન હોય અને તે ગુણધર્મ પ્રમાણેનું નિશ્ચિત કાર્ય નહિ હોય. તેમ કોઈ ગુણ એવો નથી જે પ્રદેશના આધાર વિનાનો સ્વતંત્ર હોય. એ પણ એટલું જ નિશ્ચિત છે કે આધાર કદિય આધેય નહિ બને અને આધેય કદિ આધાર નહિ બને.

આધાર-આધેય ભાવ બે પ્રકારના છે. સ્વાભાવિક આધાર-આધેય અભેદ છે અને નિમિત્ત નૈમિત્તિક આધાર-આધેય સાંયોગિક છે. દ્રવ્ય અને તેના સ્વ ગુણપર્યાયનો આધાર-આધેય ભાવ સ્વાભાવિક છે અને અભેદ છે. જ્યારે દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથેનો આધાર-આધેય ભાવ સાંયોગિક, નિમિત્ત-નૈમિત્તિક આધાર-આધેય ભાવ હોય છે.

ઉદાહરણ તરીકે તપેલીમાં દૂધ છે, તેમાં તપેલી એ આધાર છે અને દૂધ જે તપેલી-પાત્રના આધારે રહેલું છે તે આધેય છે. બંનેનો સંબંધ દ્રવ્યથી દ્રવ્યનો સંબંધ છે. તપેલી એક દ્રવ્ય અને દૂધ બીજું દ્રવ્ય. બંનેનો સંયોગ સંબંધ છે. જ્યાં સુધી બંનેનો સંયોગ હોય ત્યાં

સુધીના કાળનો બંનેનો અભેદ સંબંધ પણ કહેવાય. પરંતુ તે નિમિત્ત નૈમિત્તિક છે એટલે તે અભેદનો ભેદ થઇ શકે છે માટે તેવાં અભેદ સંબંધને પારમાર્થિક નહિ કહેવાય.

હવે બીજા પ્રકારના આધાર-આધેયની બાબતમાં, પાંચ અસ્તિકાયના પ્રદેશપિંડ પોતપોતાના સ્વ ગુણ-પર્યાયના આધારરૂપ છે. એ આધાર-આધેય ભાવ સાંયોગિક નથી પણ સ્વાભાવિક છે અને સ્વાભાવિક હોવાથી જો પ્રદેશપિંડ અનાદિ-અનંત છે, તો એના ગુણ-પર્યાય પણ અનાદિ-અનંત છે. એટલે પાંચ અસ્તિકાયના પ્રદેશને સ્વયંભૂ કહેવાય અથવા આધારભૂ કહેવાય જ્યારે તેમાં રહેલાં ગુણ-પર્યાયને આધેય કહેવાય.

દ્રવ્ય-અસ્તિકાય અને તેના ગુણ-પર્યાયના આધાર-આધેય ભાવમાં તથા તપેલી અને દૂધના દ્રવ્ય અને દ્રવ્યના આધાર-આધેય ભાવમાં મોટો તફાવત છે. પ્રથમ સંબંધ સ્વાભાવિક અનાદિ-અનંત સંબંધ છે-અભેદ સંબંધ છે. જ્યારે બીજો તપેલી અને દૂધનો આધાર-આધેય સંબંધ સાંયોગિક, આદિ-સાન્ત, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

આમ ઉપરોક્ત રીતે બે પદાર્થોના આધાર-આધેય સંબંધોને, સ્વયંભૂપણાને અને આધેયપણાને ઘટાવી શકાય. જે સ્વયંભૂ છે, જે આધારરૂપ છે તે આધારભૂ છે.

હવે ત્રીજું રહ્યું તે નિમિત્તભૂ. કોઈપણ એક કાર્ય થાય અથવા કરવાનું હોય તેમાં, તે કાર્યમાં જે જે દ્રવ્યનું સંગઠણપણું- સામેલપણું- સહાયપણું-કારણભૂતપણું હોય તેને નિમિત્તભૂ કહેવાય. ઉદાહરણ તરીકે એક ઘર-ઇમારત તૈયાર થઇ. તે ઇમારત બનાવવામાં જેટલી જેટલી સામગ્રી-મટીરીયલ્સ વપરાયા હોય તે સામગ્રી અને તે સામગ્રી વાપરીને કાર્ય કરનારા અર્થાત્ ઇમારતનું નિર્માણ કરનાર વાસ્તુશાસ્ત્રી, ઇજનેર, કડિયા, મિસ્ત્રી, મજૂર આદિ નિમિત્તભૂ કહેવાય. અરે ! આપણા મોક્ષરૂપી કાર્યના કર્તા દેવ-ગુરુ-ગ્રંથ-ઉપકરણ-સાધર્મિક સહાયક એ બધાંય નિમિત્તભૂ છે. ત્યારે સ્વયંમાં અંદરમાં રહેલો આત્મા અને એમાં રહેલાં સ્વ ગુણ પર્યાય એ આધારભૂ-સ્વયંભૂ છે.

આપણે બીજાને નિમિત્તભૂ બની શકીએ છીએ અને બીજાં આપણને નિમિત્તભૂ બની શકે છે. નિમિત્તભૂના સિદ્ધાંતમાં સ્વતંત્ર ઓછામાં ઓછા બે દ્રવ્યોનો સંબંધ થવો જરૂરી છે. બે દ્રવ્યોના સંબંધમાં આધાર-આધેય શબ્દનો પ્રયોગ ભલે થાય પણ તે નિમિત્તભૂમાં ખતવાય. જ્યારે સ્વયંભૂ, આધારભૂ અને આધેયમાં તો પ્રદેશપિંડ દ્રવ્ય અને તેના ગુણપર્યાય જ આવે. કેવળજ્ઞાન ગમે તેટલું સર્વોચ્ચ, સર્વશક્તિમાન હોય પણ એ ગુણ હોવાથી ગુણી એવાં પ્રદેશપિંડના આધારે જ હોય. નિરાધાર કે સ્વતંત્ર નહિ હોય. અને આધારભૂપણું પણ પરમાર્થિક છે. કારણકે મૂલાધાર જે પાંચે અસ્તિકાય છે તેનું પ્રકાશન અને નામકરણ ગુણ-પર્યાય અર્થાત્ કેવળજ્ઞાન વડે જ થાય છે. દાખલા તરીકે ચેતનનો જ્ઞાન ગુણ છે એટલે જીવાસ્તિકાયનું નામ ચેતન પડ્યું તે જ્ઞાન ગુણના કારણે. દેહધારી જીવના દેહના તે તે ભવની અપેક્ષાએ જે ભિન્ન ભિન્ન નામ છે કે નામકરણ કરવામાં આવે છે તે પરિવર્તનશીલ પર્યાયની અપેક્ષાએ છે. પર્યાયની અપેક્ષાએ દ્રવ્યના નામ બદલાયા કરે પરંતુ પરમભાવરૂપ ગુણની અપેક્ષાએ નામ અનાદિ-અનંત રહે.

આત્મા-કેવળજ્ઞાન સ્વયંભૂ છે. કેવળજ્ઞાન સ્વ છે અને તેથી એ કાંઇ આવવા જવાના સ્વભાવવાળું સાંયોગિક નથી પણ સ્વાભાવિક છે. કેવળજ્ઞાન એ આત્માનો સ્વ ગુણ છે. સ્વ છે માટે પર નથી અને તેથી જ તે આત્માની સાથે ને સાથે જ છે. વર્તમાનમાં સંસારી જીવને સત્તામાં છે અને કેવળજ્ઞાનાવરણીયકર્મના ઔદયિકભાવથી આવરાયેલ હોવાથી વેદનમાં નથી. જ્યારે કેવળજ્ઞાની ભગવંતોને ચારેય ઘાતિકર્મોનો ક્ષય કરીને આવરણ દૂર કરવાથી કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થયું છે, તેથી તેમને કેવળજ્ઞાનનું વેદન છે. પારમાર્થિક કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ ગુણ સ્વતંત્ર કાર્ય કરે છે, તે અપેક્ષાએ પણ કેવળજ્ઞાન સ્વયંભૂ છે. જ્યારે તેની એટલે કે કેવળજ્ઞાનની સામે બાકીના ચાર જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન નિમિત્તભૂ છે, વળી તે ગુરુ-ગ્રંથ-ઇન્દ્રિયો વડે છે અને ક્ષાયોપશમિક છે.

નિરાવરણ પ્રગટ કેવળજ્ઞાનનું વેદન છે, જે કેવળજ્ઞાની ભગવંત સ્વયં સ્વઆત્મપ્રદેશે-સ્વક્ષેત્રે સ્વઆત્મસુખ-સ્વરૂપસુખ-કેવળજ્ઞાનાનંદની અનુભૂતિ કરે છે તેથી 'સ્વાનુભૂતિ' છે.પોતે જ પોતાનો આનંદ વેદે છે. નથી તો કેવળજ્ઞાની ભગવંત બીજાના આનંદને વેદી શકતા, કે નથી તો બીજાં કોઇ એ કેવળજ્ઞાનીના આનંદ વેદી શકતા. માટે તે 'સ્વ સંવેદ્ય' પણ છે. ઉપરાંત કેવળજ્ઞાની ભગવંત પોતાની સર્વજ્ઞતાને-સર્વ પ્રકાશકતાના કારણે સર્વ જ્ઞેય પોતામાં પ્રતિબિંબિત કરે છે એટલે કે જણાય છે તેથી 'સર્વાનુભૂતિ' છે. આમ સ્વાનુભૂતિ, સ્વસંવેદ્ય અને સર્વાનુભૂતિ હોવાથી પણ કેવળજ્ઞાન સ્વયંભૂ છે.

સત્તાએ કેવળજ્ઞાન સ્વરૂપી આત્માની ખાણ સમગ્ર ચૌદ રાજલોક છે. ખાણમાં સોનારૂપ કેવળજ્ઞાન સ્વરૂપી જીવો પુદ્ગલરૂપી માટીના આવરણથી દબાયેલાં, ધરબાયેલાં, આવરાયેલાં પડ્યા છે. દરેક જીવને પોતાનું સ્વ સ્વરૂપ એવું કેવળજ્ઞાન એ સ્વ સંપત્તિ છે. જગતના પૌદ્ગલિક, ભૌતિક પર પદાર્થો એ કાંઇ જીવની સ્વસંપત્તિ નથી.

કેવળજ્ઞાન સિવાયના ચાર મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ જ્ઞાન એ જ્ઞાનાવરણીયકર્મથી આવૃત્ત થયેલ છે, છતાંય તે જ્ઞાનના પર્યાય છે અને કેવળજ્ઞાનનું વિકારી-વિકૃત સ્વરૂપ છે. મૂળમાં તો આવરાયેલ હોવા છતાં ય કેવળજ્ઞાન જ છે, એટલે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ જ્ઞાન, કેવળજ્ઞાનના આધારે છે. આમ કેવળજ્ઞાન આધાર-આધારભૂ જ્ઞાન છે અને બાકીના ચાર જ્ઞાન કેવળજ્ઞાનના આધારે હોવાથી આધેય છે. આમ છતાં કેવળજ્ઞાન પોતે આત્મપ્રદેશે રહેલ હોવાથી આત્મપ્રદેશ કેવળજ્ઞાનને આધારભૂ છે અને કેવળજ્ઞાન આધેય છે અર્થાત્ આત્મપ્રદેશનો ગુણ છે. જો આત્માના મૂળ સ્વરૂપમાં કેવળજ્ઞાન હોત જ નહિ અને આવરાયેલું હોત જ નહિ તો મતિ, શ્રુતાદિ ચાર જ્ઞાનનું અસ્તિત્વ હોત જ નહિ. જેવી રીતે, પ્રકાશનો વિકાર અંધકાર છે, અપૂર્ણતા એ પૂર્ણતાનો વિકાર છે, વિનાશ અવિનાશિતાનો વિકાર છે, અજ્ઞાન એ જ્ઞાનનો વિકાર છે. ખંડ એ અખંડનો વિકાર કે અંશ છે, તેવી રીતે મતિ-શ્રુતાદિ ચાર જ્ઞાન, કેવળજ્ઞાનનો વિકાર છે. વિકાર કે વિકૃતિ સ્વયંભૂ નથી, તેથી જ તેનો સર્વથા નાશ થઇ શકે છે. અને વિકૃતિનો નાશ થયા બાદ જેની વિકૃતિ થઇ હોય તે મૂળાધાર-પ્રકૃતિ બને, એટલે કે વિનાશીના નાશે અવિનાશી બને.

કેવળજ્ઞાન ધરાવનાર કેવળીભગવંત અન્ય આત્માઓને કેવળજ્ઞાનના પ્રગટીકરણમાં, પોતાના ઉપદેશાદિથી નિમિત્ત બને છે, માટે કેવળજ્ઞાન અને કેવળીભગવંત નિમિત્તભૂ છે. કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાંથી શાસ્ત્રજ્ઞાન નીકળે છે, જે શાસ્ત્રજ્ઞાન વાંચીને, સાંભળીને, ભણી ગણીને જીવ પોતામાં રહેલ પોતાના કેવળજ્ઞાનને અનાવૃત્ત કરે છે.

જીવાસ્તિકાય ઉપરાંતના બાકીના ચાર અસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને એક પુદ્ગલ પરમાણુ કહેતાં પુદ્ગલાસ્તિકાય પણ અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી હોવાથી સ્વયંભૂ છે. વળી પોતપોતાના પરમભાવરૂપ ગુણ અનુક્રમે ગતિસહાયકત્વ, સ્થિતિસહાયકત્વ, અવગાહનત્વ અને ગ્રહણત્વ ગુણના આધારભૂ છે અને તે તે ગુણ પ્રમાણેનું જે કાર્ય છે તે અન્ય પ્રતિ હોવાના કારણે નિમિત્તભૂ પણ છે.

(ક્રમશઃ)

**સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી**

# લોક સ્વાસ્થ્ય મંડળ, શિવરાજપુર (પંચમહાલ)ને આર્થિક સહાય કરવા માટે નોંધાવાયેલી રકમની યાદી

*(આ પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરીને પંચમહાલ જિલ્લાની સેવાભાવી સંસ્થા લોક સ્વાસ્થ્ય મંડળને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે રૂપિયા દસ લાખ એકત્ર કરવાનું અમારું લક્ષ્યાંક પૂર્ણ થયું છે...મંત્રીઓ)*

૩૧,૦૦૦ શ્રી શાંતિલાલ નાનચંદ કોઠારી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે ચંદ્રાબેન અને પીયૂષભાઇ કોઠારી
૨૬,૦૦૦ શ્રી કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫,૦૦૦ શ્રી લાલજી વેલજી એંકરવાલા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે દામજીભાઇ એંકરવાલા
૨૫,૦૦૦ શ્રી છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૧,૦૦૦ શ્રી રામજી તેજશી ગાલા અને લાખાણી ચેરિટેબલ ટ્રસ્ટ (નવનીત પ્રકાશન)
૨૦,૦૦૦ શ્રી રમાદેવી કાંતિલાલ દેસાઇ
૧૫,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ શાહ ટ્રસ્ટ
૧૫,૦૦૦ ડૉ. રાજૂ નટવરલાલ શાહ તથા શ્રી વર્ષા શાહ પરિવાર
૧૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૧૨,૦૦૦ શ્રી લક્ષ્મીચંદ ડાહ્યાભાઇ એક્સપોર્ટ કં.
૧૧,૦૦૦ શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧,૦૦૦ શ્રી ગિરનાર એક્સપોર્ટ (શર્મીબહેન અને પ્રવીણભાઇ ભણશાલી)
૧૧,૦૦૦ શ્રી સુરેશભાઈ ઉત્તમભાઈ પેથાણી
૧૦,૦૦૦ શ્રી એ. આર. ચોકસી H.U.F
૯,૦૦૦ શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ (હસ્તે મુકુંદભાઇ)
૯,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબેન ર. શાહ
૯,૦૦૦ સ્વ. ચીમનલાલ જે. શાહના સ્મરણાર્થે હસ્તે શ્રી નીતિન સી. શાહ
૯,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૯,૦૦૦ માતુશ્રી કમલાબેન દીપચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ અને ચંદ્રકાંત ડી. શાહ
૯,૦૦૦ શ્રી નીરૂબહેન તથા સુબોધભાઇ એમ. શાહ
૯,૦૦૦ શ્રી ભૂપેન્દ્ર ડી. જવેરી
૯,૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૯,૦૦૦ શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૯,૦૦૦ શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે વિનુભાઇ ઉમેદચંદ શાહ
૯,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી મુકેશ પ્રાણલાલ શાહ (હીરાલક્ષ્મી પ્રાણલાલ શાહ અને ફેમિલી
૯,૦૦૦ સ્વ. રતનબહેન લખમશી, સ્વ. વસનજી લખમશી તથા સ્વ. વીરલ વ્યાસના સ્મરણાર્થે
૯,૦૦૦ શ્રી શાહ વિદ્યુત એન્ટરપ્રાઇઝ (હસ્તે ગુલાબચંદ કરમચંદ શાહ)
૯,૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા
૯,૦૦૦ શ્રી રમાબહેન નરેન્દ્રભાઇ કાપડિયા
૬,૦૦૧ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૬,૦૦૦ શ્રી વસુબહેન ભણશાલી
૬,૦૦૦ શ્રી વિક્રમ રમણલાલ શાહ
૬,૦૦૦ શ્રી હર્ષા વિક્રમ શાહ
૬,૦૦૦ શ્રી મૃદુલાબહેન અનિલભાઇ શાહ
૬,૦૦૦ શ્રી મીરાબહેન (હીરાલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ)
૬,૦૦૦ સ્વ. શ્રીકાંતલાલ મણિલાલ સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી પંકજ વીશરીયા
૬,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૬,૦૦૦ સ્વ. અદિતિ સાવલાના સ્મરણાર્થે (હસ્તે ઇલા સાવલા)
૬,૦૦૦ શ્રી રમણલાલ નગીનદાસ શાહ
૬,૦૦૦ શ્રી મહેતા ફેમિલી
૬,૦૦૦ શ્રી કાશીબહેન સંઘરાજકા હસ્તે સુરેશભાઇ
૬,૦૦૦ શ્રી શાંતિલાલ એમ. મહેતા
૬,૦૦૦ શ્રી નગીનદાસ પી. શેઠ અને ઊર્મિલા એન. શેઠ
૬,૦૦૦ શ્રી પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા
૫,૧૦૦ એક બહેન તરફથી
૫,૦૦૧ શ્રી શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ (હસ્તે કાંતિલાલ કેશવલાલ શેઠ)
૫,૦૦૦ શ્રી યશોમતી હીરાલાલ શાહ
૫,૦૦૦ શ્રી ગુણવંતીબહેન ગુલાબચંદ ઝવેરી
૫,૦૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી પ્રભુદાસ ભાણજી હેમાણી
૫,૦૦૦ સ્વ. રમણીકભાઇ ઝવેરીના સ્મરણાર્થે
૫,૦૦૦ શ્રીમતી પ્રભાવતી અને આર. પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી જીતેન્દ્ર કે. ભણશાલી
૫,૦૦૦ શ્રી બાંગુબહેન કીર્તિલાલ ભણશાલી (હસ્તે જીતુભાઇ)
૫,૦૦૦ શ્રી પ્રવીણભાઇ શાહ
૫,૦૦૦ શ્રી માતુશ્રી ગુણવંતી ટ્રસ્ટ
૩,૩૩૩ શ્રી નીતિનભાઇ કુવાડીયા
૩,૩૩૩ શ્રી નીલાબહેન કુવાડીયા
૩,૩૩૩ કુ. કૃપાબહેન કુવાડીયા
૩,૦૦૦ શ્રી પ્રદીપભાઇ ડાહ્યાભાઇ કોઠારી
૩,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠીયા ફેમીલી ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી મીનાક્ષીબહેન કિરણભાઇ ગાંધી
૩,૦૦૦ શ્રી મૃદુલા કિશોર શાહ
૩,૦૦૦ શ્રી ભાનુબહેન વિમળભાઇ શાહ
૩,૦૦૦ શ્રી રસીલાબહેન મહેન્દ્રભાઇ ઝવેરી
૩,૦૦૦ શ્રી પુણ્ય યાત્રિક ઝવેરી
૩,૦૦૦ શ્રી ચીમનલાલ ઠાકોરદાસ ઝવેરી
૩,૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રી હંસા સંઘવી
૩,૦૦૦ શ્રી રમીલાબહેન મહાસુખલાલ શાહ
૩,૦૦૦ શ્રી કાન્તિ કરમશી વિક્રમશી
૩,૦૦૦ શ્રી સુવર્ણા જીતુભાઇ દલાલ
૩,૦૦૦ સ્વ. કંચનબહેન ઘડીઆલીના સ્મરણાર્થે
૩,૦૦૦ શ્રી પ્રવીણાબહેન રજનીકાન્ત ઘડીઆલી
૩,૦૦૦ શ્રી લાલભાઇ જેઠુભાઇ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી મધુસૂદન હીરાલાલ શાહ
૩,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ મણીયાર
૩,૦૦૦ શ્રી નિર્મલા રસિકલાલ ચેરિટી ટ્રસ્ટ
૩,૦૦૦ ડૉ. કાન્તિલાલ કલ્યાણજી સાવલા
૩,૦૦૦ શ્રી ચીનુભાઇ સી. શાહ
૩,૦૦૦ શ્રી અરુણા ચોકસી
૩,૦૦૦ શ્રી મૃદુલા વકીલ
૩,૦૦૦ શ્રી રાજેન્દ્ર અમૃતલાલ
૩,૦૦૦ શ્રી કિરણ શાહ
૩,૦૦૦ શ્રી રસીલાબહેન રસિકલાલ શાહ
૩,૦૦૦ શ્રી ગેલેક્ષી ડિસ્ટ્રીબ્યુટર્સ
૩,૦૦૦ શ્રી કલાબહેન વિશાલ શાહ
૩,૦૦૦ શ્રી દિલીપભાઇ એમ. શાહ
૩,૦૦૦ શ્રી મણિબહેન ખુશાલચંદ (લતાબહેન સુરેશ ધ્રુવ)
૩,૦૦૦ શ્રી કેતકી મૃદુલા મહેતા
૩,૦૦૦ શ્રી શકુન્તલાબહેન અરવિંદભાઈ શાહ
૩,૦૦૦ શ્રી કુન્દનલાલ રવિચંદ શાહ
૩,૦૦૦ ઉપેન્દ્રભાઇ જયંતીલાલ સંઘવી (વેન્ગાર્ડ સ્ટુડીઓ)
૩,૦૦૦ શ્રી અપૂર્વ લાભુભાઇ સંઘવી
૩,૦૦૦ શ્રી રસીલાબહેન દિલીપભાઇ કાકાબલીયા

૩,૦૦૦ શ્રી સમર્પણ ટ્રસ્ટ (હસ્તે હસમુખભાઈ શાહ)
૩,૦૦૦ શ્રી ભાનુબહેન નવીનભાઈ શાહ
૩,૦૦૦ એક બહેન તરફથી
૩,૦૦૦ શ્રી નંદિતા એ. શેઠ
૩,૦૦૦ શ્રી ઊર્મિ એ. શેઠ
૩,૦૦૦ એક બહેન તરફથી
૩,૦૦૦ માતુશ્રી રતનબહેન જેઠાલાલ માલદે
૩,૦૦૦ શ્રી લક્ષ્મીચંદ નાનજી વિસારીયા
૩,૦૦૦ શ્રી શોભના લક્ષ્મીચંદ વિસારીયા
૩,૦૦૦ શ્રી ભારતી ભૂપેન્દ્ર શાહ
૩,૦૦૦ શ્રી ઝેનીબાઈ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી બી. સી. તોલાટ
૩,૦૦૦ શ્રી મહાવીર મહેતા અને રાજેશ મહેતા
૩,૦૦૦ શ્રી હરીલાલ તારાચંદ શાહ
૩,૦૦૦ શ્રી રમણીકલાલ ગોસલિયા
૩,૦૦૦ શ્રી અતુલ સી. શેઠ
૩,૦૦૦ શ્રી નયના એ. શેઠ
૩,૦૦૦ શ્રી સંજના આર. શેઠ
૩,૦૦૦ શ્રી નંદિતા જયંત છેડા ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી તનસુખભાઈ દલીચંદ કામદાર
૩,૦૦૦ શ્રી રમીલાબહેન રમેશભાઈ
૩,૦૦૦ એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી ભગવતીબહેન પન્નાલાલ સોનાવાલા
૩,૦૦૦ શ્રી નરેન્દ્ર હરગોવનદાસ ભણશાલી પરિવાર
૩,૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રી સરસ્વતીબહેન રસિકલાલ શાહ
૩,૦૦૦ શ્રી જે. એલ. મહેતા
૩,૦૦૦ શ્રી સુરેશભાઈ કે. ભણશાલી
૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત શાહ
૩,૦૦૦ શ્રી જમનાદાસ હીરાચંદ વોરા
૩,૦૦૦ શ્રી એસ. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રીમતી રસીલા જે. પારેખ
૩,૦૦૦ શ્રી જયંતીલાલ ફતેહચંદ શાહ
૩,૦૦૦ ડૉ. હેમંત કુવાડીયા
૩,૦૦૦ શ્રી રક્ષા હેમંત કુવાડીયા
૩,૦૦૦ શ્રી એસ. સી. દેઢીયા
૩,૦૦૦ શ્રી શાહ પ્રવીણચંદ્ર જવેરચંદ
૩,૦૦૦ શ્રી નમ્રતા જગદીશ શાહ
૩,૦૦૦ શ્રી અપર્ણા મનીષ શાહ
૩,૦૦૦ શ્રી અપર્ણા બી. શાહ
૩,૦૦૦ શ્રી સરોજ એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી જીતેશ નટવરલાલ મહેતા
૩,૦૦૦ શ્રી સેવંતીલાલ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી અમિતકુમાર કુંદનલાલ શાહ
૩,૦૦૦ એક ભાઈ તરફથી
૩,૦૦૧ શ્રી એન. સી. કુવાડીયા
૩,૦૦૦ બહેનો તરફથી
૩,૦૦૦ શ્રી રાજુલબહેન સંતીષકુમાર દોશી
૩,૦૦૦ શ્રી ભરતકુમાર જયંતીલાલ શાહ
૩,૦૦૦ શ્રી કપાસી ભારતી ગજેન્દ્રભાઈ
૩,૦૦૦ શ્રી વસા ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી ઊર્મિલાબહેન ધોળકીયા
૩,૦૦૦ શ્રી કાન્તાબહેન મણિલાલ શાહ
૩,૦૦૦ એક મિત્ર તરફથી
૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત ગણપતલાલ ઝવેરી
૩,૦૦૦ શ્રી એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ (હસ્તે કલ્પાબહેન એચ. શાહ)
૩,૦૦૦ શ્રી આર. વર્ષા દલાલ તથા રમેશ ર. દલાલ
૩,૦૦૦ શ્રી પોલીથીન પ્રિન્ટીંગ એન્ડ સીલીંગ વર્ક્સ
૩,૦૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી હરજી જયરામ ભદ્રેસા
૩,૦૦૦ શ્રી નટુભાઈ સી. પટેલ
૩,૦૦૦ શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ
૩,૦૦૦ ચિ. મીતાબહેનની તપસ્યા નિમિત્તે (હસ્તે હેમંત શાહ)
૩,૦૦૦ શ્રી શાંતાબહેન કાંતિલાલ કાપડિયા
૩,૦૦૦ શ્રી પ્રમિલાબહેન આર. દલાલ
૩,૦૦૦ શ્રી પ્રતિમા ચક્રવર્તી
૩,૦૦૧ સ્વ. તારાબહેન ચંદુલાલ જીવરાજ કોઠારી (હસ્તે શશિકાંત)
૩,૦૦૦ શ્રી ઉદયભાઈ એલ. શાહ
૩,૦૦૦ એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી અનિલા શશિકાન્ત મહેતા
૩,૦૦૦ શ્રી સૂર્યાબહેન પ્રતાપભાઈ
૩,૦૦૦ શ્રી શશિકાંત મણિલાલ મહેતા
૩,૦૦૦ શ્રી મણિબહેન ગોવિંદજી હીરજી હરીયા ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રીમતી ગુણવંતીબહેન મહાસુખલાલ દેવડાવાલા
૩,૦૦૦ શ્રી પરેશ દેસાઈ
૩,૦૦૦ શ્રી જ્યૂથિકા દેસાઈ
૩,૦૦૦ શ્રી ડાહ્યાભાઈ કકલભાઈ શાહ
૩,૦૦૦ શ્રી ઉષાબહેન જે. મહેતા
૩,૦૦૦ સ્વ. દેવકાબહેનના સ્મરણાર્થે એમના પુત્ર તરફથી (હસ્તે મહેન્દ્રભાઈ)
૩,૦૦૦ એક બહેન તરફથી
૩,૦૦૦ શ્રી એમ. બ્રધર્સ
૩,૦૦૦ ત્રણ બહેનો તરફથી
૩,૦૦૦ શ્રી મિતેન મહેતા
૩,૦૦૦ શ્રી શાંતિલાલ એન્ડ બ્રધર્સ મેન્યુ. ડીપાર્ટમેન્ટ હસ્તે શેઠ ભાઈલાલ તારાચંદ
૩,૦૦૦ શ્રી ઉષા દિલીપ એસ. શાહ
૩,૦૦૦ શ્રી મોદી ટેક્સટાઈલ
૩,૦૦૦ શ્રી હંસુબહેન કૃષ્ણકાંત પટેલ
૩,૦૦૦ શ્રી પ્રદીપ એ. શાહ
૩,૦૦૦ શ્રી મધુરીબહેન એ. શાહ
૩,૦૦૦ શ્રી મધુકાંતા ધીરજલાલ અજમેરા
૩,૦૦૦ શ્રી રમેશ જે. શાહ
૩,૦૦૧ શ્રી પુષ્પાબહેન પ્રેમચંદ બાવીશી
૩,૦૦૧ શ્રી અનિતાબહેન મુકેશભાઈ સંઘવી
૩,૦૦૦ શ્રી કે. એન્ડ જી. આર. માલદે ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી હરકીશન એન. ઉદાણી
૩,૦૦૦ શ્રી શ્રીકાંત વી. શાહ
૩,૦૦૦ શ્રી સારાલાલ નગીનદાસ (હસ્તે મફતલાલ)
૩,૦૦૦ શ્રી મેઘજી ખીમજી સંઘોઈ
૩,૦૦૦ શ્રી હર્ષા મહેન્દ્ર સંઘોઈ
૩,૦૦૦ શ્રી મધુબહેન ચંદ્રકાંત તલસાણિયા
૩,૦૦૦ શ્રી વિનોદ એમ. મહેતા
૩,૦૦૦ શ્રી કે. પી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી રસિકલાલ એમ. નરેચાનિયા
૩,૦૦૦ એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી સરોજબહેન નગીનભાઈ
૩,૦૦૦ શ્રી કાન્તિલાલ વાડીલાલ શાહ
૩,૦૦૦ શ્રી ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૩,૦૦૦ શ્રી કિશોરભાઈ વર્ધન
૩,૦૦૦ શ્રી કનુભાઈ રસિકલાલ શાહ (કોલસાવાલા)
૩,૦૦૦ ડૉ. ધીરૂભાઈ શાહ અને ડૉ. પ્રવીણભાઈ શાહ
૩,૦૦૦ શ્રી હિંમતલાલ ડાહ્યાભાઈ કોઠારી ટ્રસ્ટ હસ્તે શૈલેશભાઈ
૩,૦૦૦ શ્રી ઉષાબેન અને પ્રવીણભાઈ શાહ
૩,૦૦૦ શ્રી પ્રભાવતી હિંમતલાલ શાહ (હસ્તે અશ્વિનભાઈ)
૩,૦૦૦ શ્રી મીનાબેન શાહ
૨,૫૦૦ શ્રી ચીમનલાલ કેશવજી
૨,૫૦૦ શ્રી મ્યુઝીક માસ્ટર્સ
૨,૦૦૦ એક બહેન તરફથી
૨,૦૦૦ શ્રી મધુબહેન સુરેશભાઈ કોઠારી
૩,૦૦૦ શ્રી ભાનુબહેન નવીનભાઈ શાહ
૨,૦૦૦ શ્રી સોનલબહેન ભૂચર
૧,૫૦૦ શ્રી દિનેશભાઈ દેવચંદ ગાલા
૧,૫૦૦ શ્રી કુસુમબેન પરીખ
૧,૧૦૦ શ્રી પંકજભાઈ એચ. શાહ HUF
૧,૧૦૦ શ્રી રમણીક રતનશી કારીયા
૧,૦૦૧ શ્રી સરોજ શેઠ
૧,૦૦૧ શ્રી ભગવતીબહેન શેઠ
૧,૦૦૧ શ્રી માણેકબહેન બી. શાહ
૧,૦૦૧ શ્રી તારાબહેન શાહ
૧,૦૦૧ શ્રી જમનાબેન મૂળચંદ વડાલ
૧,૦૦૧ એક બહેન તરફથી
૧,૦૦૦ શ્રી સંયુક્તા પ્રવીણ કે. મહેતા
૧,૦૦૦ શ્રી મંજુલાબહેન મહેતા
૧,૦૦૦ શ્રી રતિકાન્તાબહેન શાહ
૯,૩૧૩ એક હજારથી નીચેની મળેલી કુલ રકમ

# હરિયાળીનો કાવ્યપ્રકાર

☐ ડૉ. કવિન શાહ

મધ્યકાલીન સાહિત્યમાં ધીરાનાં પદો અવળવાણી કહેવાય છે. હિન્દી સાહિત્યમાં કેટલાક સંત કવિઓ ગોરખનાથ, સુંદરદાસ અને કબીરની રચનાઓ વિચિત્ર લાગે તેવી છે જેને 'ઉલટબાંસી' નામથી ઓળખવામાં આવે છે. તે જ રીતે જૈન કવિઓએ આ સમયમાં કેટલીક કાવ્યરચનાઓ કરી છો તેને 'હરિયાળી' નામ આપવામાં આવ્યું છે. જૈન કાવ્યપ્રકારોની વિવિધતામાં કાવ્યકલાની દૃષ્ટિએ ઊંચી ગુણવત્તા ધરાવતો એક કાવ્યપ્રકાર બહુ પરિચિત નથી. તેના વિશેની કેટલીક રસપ્રદ માહિતી રસિકજનોને નવીનતાનો અનેરો આનંદ આપશે. 'હરિયાળી'નો શબ્દાર્થ વિચારીએ તો 'લીલોતરી' લીલીવાડી કહેવાય, પણ કાવ્યજગતમાં આધ્યાત્મિક અનુભૂતિની હરિયાળીનો સંદર્ભ સમજવાનો છે. તેમાં શબ્દાર્થ કવિગત વિચારો આત્મસાત કરવામાં ઉપયોગી નથી પણ તેના રહસ્યને પામવા માટે અધ્યાત્મમાર્ગના વિચારોની ભૂમિકા અનિવાર્ય બને છે. તેને કોયડો કે સમસ્યા નામથી પણ ઓળખવામાં આવે છે. હરિયાળીમાં કોયડો કે સમસ્યા નથી પણ તેવા પ્રકારની અભિવ્યક્તિ સ્થાન ધરાવે છે. પ્રથમ દૃષ્ટિએ ચિત્ર-વિચિત્ર ઉક્તિ કે વિરોધાભાસને કારણે આશ્ચર્ય થાય છે પણ મૂળ અર્થ સમજાય ત્યારે કાવ્યાનંદની અનુભૂતિ બ્રહ્માનંદ સમાન બને છે.

સાધુ-સંતોએ અધ્યાત્મસાધના કરી છે તેમાં નિર્ગુણ ઉપાસના કરનાર વર્ગના સાધુઓએ પોતાની અનુભૂતિને વ્યક્ત કરવા માટે અધ્યાત્મિક પરિભાષાના શબ્દોને વિચિત્ર રીતે ક્યારેક અતાર્કિક પ્રયોગ કરીને પ્રગટ કર્યા છે. એટલે વિચિત્રતા અને તાર્કિક સુસંગતતાનો અભાવ એ હરિયાળીના લક્ષણમાં જોવા મળે છે. કવિઓએ પોતાની અભિવ્યક્તિમાં લોકવ્યવહારની વિરુદ્ધ રીતિનો પણ આશ્રય લીધો છે. પ્રતીકાત્મક શબ્દ પ્રયોગો ને દૃષ્ટાંતોનો સંદર્ભ હરિયાળીને રહસ્યમય કાવ્યરચના બનાવવામાં પૂરક બને છે. અર્થગંભીરતા એ હરિયાળી માટે આવશ્યક અંગ છે. નાથ સંપ્રદાય અને બૌદ્ધ ધર્મની કેટલીક રચનાઓ હરિયાળી પ્રકારની મળી આવે છે. ભાષા એ અભિવ્યક્તિનું સમર્થ માધ્યમ છે. તેમાં માત્ર અભિવ્યક્તિ નથી. તેની સાથે સર્જક પ્રતિભાના અંશ રૂપે કલ્પનાશક્તિ અને બુદ્ધિનો સમન્વય સધાયેલો હોય છે. આધ્યાત્મિક અનુભૂતિ રહસ્યમય છે. તેનું પૂર્ણ નિરૂપણ થઇ શકતું નથી, તેમ છતાં કંઇક અવ્યક્ત છે તેને વ્યક્ત કરવાની ભાવનામાંથી હરિયાળીનો ઉદ્‌ભવ થયો હોય તેવો સંભવ છે. તેમાં કવિએ પ્રયોજેલાં પ્રતીકો સીધાસાદાં નથી હોતાં પણ તેના દ્વારા અપ્રસ્તુત વિધાન કરીને લોકોનું ધ્યાન ખેંચવામાં આવે છે. સાનંદ આશ્ચર્યની અનુભૂતિ કરાવવાની સમર્થતા હરિયાળીમાં છે. ઉદાહરણ જોઇએ તો એક જાપાનીઝ ધર્મગુરુને શિષ્યે પ્રશ્ન પૂછ્યો કે ભગવાન બુદ્ધ કોણ છે ? ગુરુએ પ્રત્યુત્તર આપ્યો કે 'દુલહિન ગધે પર બૈઠી હૈ ઔર ઉસકા સાસ લગામ પકડા હુએ હૈ.'

તેનો અર્થ એ છે કે તું અને હું બન્ને અજ્ઞાન છીએ.

કબીરનું એક ઉદાહરણ જોઇએ તો

પહિલે પૂત પિછે ભઈ માઈ

ચેલા કે ગુરુ લાગે પાઈ

કવિ એમ કહેવા માંગે છે કે પ્રથમ જીવાત્મારૂપી પુત્રનો જન્મ થયો અને પછી 'માયા'રૂપી માતા પેદા થઇ. હરિયાળીમાં કોઇ વસ્તુ કે વિષયનો નામોલ્લેખ કર્યા વગર તેના ગુણોનું કે બાહ્ય અંગોનું વર્ણન કરવામાં આવે છે. તે ઉપરથી વર્ણ્ય વિષયનું નામ શોધવાનું હોય છે. તેમાં ચમત્કૃતિનું તત્ત્વ રહેલું છે તે દૃષ્ટિએ બુદ્ધિને કસોટીએ ચઢાવીને કાવ્યાનંદ પ્રાપ્ત કરવો પડે છે. હરિયાળીને ટૂંકમાં સમજવા માટે નીચેનું વિધાન યથાર્થ લેખાશે.

'પરોક્ષ રીતે સાનંદાશ્ચર્ય અનુભવ કરાવતી પ્રતીકાત્મક રહસ્યમય આધ્યાત્મિક અનુભૂતિની અભિવ્યક્તિ.' જૈન સાહિત્યમાં આવો સંદર્ભ 'પ્રબંધ ચિંતામણિ' ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. આ પ્રકારની રચનાઓમાં નિર્ગુણ ઉપાસનાની અનુભૂતિ કેન્દ્ર સ્થાને છે. તેમાં કૂટપ્રશ્નની પદ્ધતિનો પણ આશ્રય લેવામાં આવે છે.

જૈન સાહિત્યમાં તેનો વિકાસ થયેલો જોવા મળે છે. કવિ દેપાલની પ્રથમ હરિયાળી 'વરસે કંબલ ભીંજે પાની'માં મળે છે. તદુપરાંત સમયસુંદર, ભાવપ્રભસૂરિ, વિનયસાગર, જ્ઞાનવિમલસૂરિ, જશવિજય, સુધનહર્ષ, આનંદઘનજી, વીરવિજયજી ઉદયરત્ન વગેરે કવિઓની હરિયાળીઓ ઉપલબ્ધ થાય છે.

આકારની દૃષ્ટિએ હરિયાળી પદ સ્વરૂપનું જ અનુસરણ કરે છે તો વક્તવ્યની દૃષ્ટિએ પ્રતીકાત્મક કાવ્યનું અનુસંધાન કરે છે. જૈન કાવ્યપ્રકારોમાં જે પરંપરાગત લક્ષણો જોવા મળે છે તે કરતાં તેમાં નવીનતા, કલ્પનાનો વૈભવ, પ્રતીકો દૃષ્ટાંતો ને વિરોધમૂલક અભિવ્યક્તિનાં વિશિષ્ટ લક્ષણો રહેલાં છે. અહીં નમૂનારૂપે આનંદઘનજીની હરિયાળીનો સાર્થ પરિચય આપવામાં આવ્યો છે.

'મૂલડો થોડો ભાઇ વ્યાજડો ઘણો રે, કેમ કરી દીધો રે જાય ?

તલપદ પૂંજી મેં આપી સઘળી રે, તો હે વ્યાજ પૂરું નવિ થાય' ॥ ૧ ॥

કર્મની કેવી વિચિત્ર ગતિ છે કે મૂળ કર્મ થોડું હોય છે પરંતુ જ્યારે તે ઉદયમાં આવે છે ત્યારે જીવ જાગૃતિ કે ઉપયોગ રાખતો નથી. એટલે કે પારિણામિક ધર્મનું ભાન ન રહેવાથી નવું કર્મબંધ તથા તેના કર્મફળની પરંપરા નિરંતર સર્જાતી હોય છે. આનું મૂળ કારણ જીવનું પોતાના અસલ સ્વરૂપનું અજ્ઞાન રાગદ્વેષ છે. મૂળ કર્મફળની નિર્જરા થતાં સુધીમાં અનેકગણાં કર્મબંધન જીવ અજ્ઞાનતાથી બાંધે છે. મૂળ કર્મની પૂંજી ચૂકવતી વખતે તેમાંથી અનેકગણું કર્મબંધરૂપ વ્યાજ પૂરું થતું નથી. એટલે કે અનાદિકાળથી કર્મની પરંપરા ચાલ્યા જ કરે છે :

'વ્યાપાર ભાગો જલવટ થલવટેં રે, ધીરે નહીં નિસાની માય;

વ્યાજ છોડાવી કોઇ ખંદા પરકવે રે, તો મૂલ આપું સમ ખાય ॥ ૨ ॥

પ્રમાદ કે આત્મજાગૃતિના અભાવથી જીવ ધર્મને અનુસરતો નથી. પરિણામે તેનો વ્યાપાર રૂપી ધર્મ પડી ભાંગે છે. તેને કોઇ ઉધાર ધીરનારો દેખાતો નથી. વેપારમાં ધનની વૃદ્ધિ થલવટ (Inland Trade) અને જલવટથી (Overseas Trade) થાય છે તેવી જ રીતે ધર્મધનની વૃદ્ધિ શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધનાથી થાય છે. આ વ્યાપાર પ્રમાદ અને અજ્ઞાનતાથી ભાંગી પડ્યો છે. જો સદ્‌ગુરુના કૃપાપાત્ર થવાય તો સાચો માર્ગ પ્રાપ્ત થાય. પરિણામે કર્મફળ ભોગવતી વખતે નવાં કર્મો ઉપાર્જન થાય નહિ. તેમ છતાં અજ્ઞાનતાથી કર્મની પરંપરા વધે છે તેમાંથી છુટકારો જ્ઞાન દ્વારા થાય. જીવ ખાત્રી આપે છે કે જો સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થાય તો મૂળ કર્મની હપ્તાથી ચૂકવણી સંવર અને નિર્જરાથી ભરપાઇ કરી દઉં.

'હાટડું માંડું રૂડા માણેકચોકમાં રે, સાજનીયાનું મનડું મનાય;

આનંદઘન પ્રભુ શેઠ શિરોમણિ રે, બાંહડી ઝાલજો રે ચાય. ॥ ૩ ॥

કોઇ જ્ઞાની પુરુષના સમાગમથી સ્વ-સ્વરૂપનો બોધ થાય તો શ્રદ્ધા અને વિવેકરૂપ માણેકચોકમાં હું ધર્મારાધનાની દુકાન માંડું.

એટલે કે જ્ઞાનદર્શન અને ચારિત્રરૂપ સ્વજનોનું મન મનાવીને મારો વ્યાપાર શરૂ કરું. આનંદના ઘનભૂત અને ધર્મમાં શ્રેષ્ઠ શિરોમણિ એવા સર્વજ્ઞદેવ ? તમો કૃપા કરી મારા મનમંદિરમાં બિરાજો અને મારો હાથ ઝાલો...એટલે કે મને ધર્મવ્યાપારમાં સહાય કરો. મને પણ આપના જેવા બનાવો એવી મારી હૃદયપૂર્વકની પ્રાર્થના કૃપા કરીને આપ સ્વીકારો.

આ ઉદાહરણ ઉપરથી હરિયાળીના સ્વરૂપ અને તેનાં લક્ષણોનો સહજ રીતે ખ્યાલ આવી શકે તેમ છે. કવિની સમર્થ કલ્પનાશક્તિ, વેપારનું રૂપક, કર્મબંધનું પરિણામ, લોકવ્યવહારમાં પ્રચલિત શબ્દ-પ્રયોગો, પૂંજી, વ્યાજ, હાટડું, માણેકચોક, સાજનીયા દ્વારા ઘડીભર વ્યવહારજીવનની અનુભૂતિ કરાવે, પણ તેનો સાચો અર્થ ધર્મવ્યાપાર દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સમજાય એટલે આધ્યાત્મિક આનંદની ચરમ સીમાએ પહોંચી જવાય છે.

જૈન સાહિત્યમાં વિવિધ પ્રકારની હરિયાળીઓ છે. એ સાહિત્ય-રસિક અને સંશોધનપ્રિય વર્ગને માટે નવી દિશામાં પુરુષાર્થ કરવાનો અવકાશ પૂરો પાડે છે. એ ધાર્મિક સાહિત્ય છે એમ સમજી એની ઉપેક્ષા કરવા જેવું નથી.

# જાહેર ખબરનું એક સૂત્ર

☐ ડૉ. ગુલાબ દેઢિયા

મને જાહેર ખબરો ગમે છે. જાહેર ખબરનો તો હાલ જમાનો છે. તેઓ બોલીને બોર વેચે છે. મને જાહેર ખબરો ગમે છે તે એમના સર્જનાત્મક નિર્માણ માટે. એમને આપણું મન જીતતાં આવડે છે. પ્રથમ આંખોને આકર્ષે છે. પછી ચિત્ત પર અસર કરે છે. સારી જાહેર ખબરોમાં માત્ર માલની જાહેરાત, વસ્તુનાં વખાણ, ભાવ-તાલ કે ઉપયોગિતાનું લખાણ નથી હોતું. એ બધું હોય છે ત્યારે પણ અતિ કલાત્મક રીતે આવે છે. જાહેર ખબરોમાં ચાલાકી, ચબરાકી, માનવ મનનો ઊંડો અભ્યાસ, વર્તમાન પરિસ્થિતિનો તાગ, ગ્રાહકને પોતાનો કરવાની કળા એવું એવું કેટલુંય હોય છે. જાહેર ખબરો એમ જ નથી બનતી. એમની પાછળ હોય છે ભેજાંબાજ, સર્જક કલાકારો.

હું રસ્તે જતાં આવતાં નવી જાહેરાતનાં પાટિયાં વાંચું છું. હાલ શું ફેશનમાં છે તે એ હોર્ડિંગો મને સમજાવે છે. એમણે જાહેરાત કરેલી વસ્તુ ખરીદવાથી કેટલો લાભ આપણને થશે તે પણ મિત્રભાવે આપણા ભલા માટે સમજાવે છે. હું સારી જાહેર ખબરોની મજા જોઈ વાંચીને માણું છું. પણ ગમી ગયેલી જાહેરાતની વસ્તુ ખરીદવા લલચાતો નથી એ મારી અંગત ખામી છે.

જાહેર ખબરના પાટિયા પર નજર ગઇ અને ત્યાં રોકાઇ ગઇ. કહો ને, મજા આવી ગઇ. કંપનીએ માત્ર પોતાની બ્રાન્ડનું નામ એક જગાએ લખ્યું હતું. એકાદ ચિત્ર હતું. પરંતુ મૂળ વાત હતી તે તો 'ટેઇલ લાઇન'નું એક વાક્ય. ત્રણ શબ્દનું એ વાક્ય જ નહોતું. એક સ્વતંત્ર સૂત્ર હતું. વાંચીને વાગોળતાં મનમાં એ મંત્ર બનીને રમતું રહ્યું. લખનારે જાદુ કર્યો હતો. લખ્યું હતું : 'Attitude is everything' (એટિટ્યૂડ ઇઝ એવરીથિંગ).

અભિગમ એ જ બધું છે. વૃત્તિ કે વલણ એ જ સર્વસ્વ છે.

માણસની મનોવૃત્તિ એ જ મુખ્ય વસ્તુ છે. સામેની વસ્તુ, વ્યક્તિ, પ્રસંગ, સમય, સ્થળ ગમે તે હોય એ તરફ મારું વલણ કેવું છે, તે ખાસ મહત્ત્વની વાત બની રહે છે. મન માને તે સાચું. મન સારું હોય, વૃત્તિ અનુકૂળ હોય તો કથરોટમાં ગંગાની પવિત્રતા માણી શકાય. અન્યથા ગંગા પણ પાણી ભરેલી નદી જ દેખાય.

જેટલું દ્વન્દ્વ છે, જેટલા વિરોધ છે, જેટલા આઘાત-પ્રત્યાઘાત છે એ બધાંનો મહદ્ અંશે આધાર તો મનના અભિગમ પર છે. આપણે વસ્તુલક્ષી કે પરલક્ષી નથી, આત્મલક્ષી છીએ. એટલે જ એક વસ્તુ કે ઘટના એક માટે એક છે તે અન્ય માટે બીજું જ કંઇ છે. ત્રીજા માટે ત્રીજું.

એક વૃદ્ધ માણસ, એક અશક્ત માંદો માણસ, એક મૃત દેહ અને એક સંન્યાસી એમ ચાર દશ્યો એક રાજકુમારના મન પર એવો કબજો લઇ લે છે કે એ ગૃહત્યાગ કરે છે. મહાભિનિષ્ક્રમણ કરે છે. આ ચાર દશ્યોનો બહુ પ્રભાવ નહોતો. એ રાજકુમારના વલણનો પ્રભાવ હતો, કારણ આવું આવું કે એથી ય તીવ્ર અનેક માનવીએ જોયું છે. પરંતુ એમની મનોવૃત્તિ એવી નથી બનતી. ચિત્ત જે ચિત્ર ઝીલે તે એનું પોતાનું બની જાય છે.

આપણે ત્યાં મન, ચિત્ત, વર્તન, વલણ, દૃષ્ટિકોણ, અભિગમ, મનોવૃત્તિ વગેરેને જે મહત્ત્વ અપાયું છે તે યોગ્ય છે. બંધન અને મોક્ષ-મુક્તિનું કારણ મન તેથી તો છે.

જગતનું મહત્ત્વ છે; પદાર્થનું, પરિસ્થિતિનું, સામે જે છે તેનું મહત્ત્વ છે. એની જગાએ એ યથાયોગ્ય છે. પરંતુ મારા માટે તો એ મારી મનોવૃત્તિએ જે લીધું તે મારું છે.

એક જ વસ્તુ કે દશ્યનો ફોટો પાડવાનું પચાસ ફોટોગ્રાફરોને કહેવામાં આવે ત્યારે દરેક પોતાની રીતે છબી પાડશે. પદાર્થ એક પણ ઝીલાય ઝીલનારની રીતે.

જે વાક્ય મારા મનમાં વસ્યું, મને ગમ્યું, મહત્ત્વનું લાગ્યું, તે તમને સામાન્ય લાગે, નકામું લાગે. કારણ કે 'એટિટ્યૂડ ઇઝ એવરીથિંગ' એમ માનવાનું મન થાય છે.

આપણે જગત નથી બદલી શકવાના તો દૃષ્ટિકોણ બદલીએ. મન આપણું છે. એ વિધાયક બને, તો એને માટે નકારાત્મક કંઇ નથી.

સ્વભાવની તાસિરને એટલે તો અકળ, અગમ્ય, અતલ, અતાગ કે અદ્ભુત કહેલ છે. બધું જ વ્યક્તિગત છે. સર્વમાન્ય, જોડ કશાંની હોતી જ નથી. સરખામણી થઇ નથી શકતી.

આ વલણ તો લવણ જેવું છે. માફકસર હોય તો ભોજનને મીઠું બનાવે અન્યથા ખારું કરી દે.

જાહેરખબરકારે ભલે પોતાના ઉત્પાદનના સંદર્ભમાં આ સૂત્ર ઘટાવવા લખ્યું હશે. પણ આ સૂત્ર તો જીવનલક્ષી છે. જીવન જેટલું વ્યાપક છે ! એ અજ્ઞાત કોપીરાઇટરને સલામ !


## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાનાં રોગોની નિશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી શ્રી પરમાણંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, રસધારા કૉ-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪, (ફોન : ૩૮૨૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિના મૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક

નિરૂબેન એસ શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
માનદ્ મંત્રીઓ

# પ્રારબ્ધનાં પૂર

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

કવિવર ન્હાનાલાલનું એક ગીત છે, એની એક કડી આ મતલબની છે :-

'જગના જોદ્ધા ! તું આટલું સૂણી જજે :

પ્રારબ્ધનાં પૂર સામે ઝૂઝશો મા

મારા હૈયાની વાતડી પૂછશો મા.'

કવિના આ, પ્રારબ્ધ-પુરુષાર્થના સનાતન પ્રશ્નની ચર્ચા કરતા ગીતની રચ્યા-સાલની મને ખબર નથી, પણ અનુમાન કરું છું કે જીવનની પાકટ વયે લખાયું હોવું જોઇએ. વોલ્ટર જેવો વોલ્ટર કહે છે : 'માણસ જેમ જીવનને આરે પહોંચતો જાય છે તેમ તેને લાગે છે કે આ દુનિયામાં પોણા ભાગના બનાવો દૈવ યોગથી થતા હોય છે.' દૈવકર્મ, પ્રારબ્ધ, વિધિ-વિધાતા ભાગ્ય કે નિયતિ જેવા શબ્દોથી ભારતીય માનસ સાવ અનભિજ્ઞ ન જ હોય ! અરે ! જીવનમાં સંતોષ એ જ પરમસુખ છે એ વિભાવનાને સ્પષ્ટ કરવા અને પુષ્ટ કરવા માટે પણ કવિ જે કેટલાંક દૃષ્ટાંતો આપે છે તે 'દૈવયોગ'ને જાણે નિર્દેશતાં ન હોય ! દા. ત. :-

'સર્પો પીએ પવન તો ય ન દૂબળા એ !

સૂકાં તૃણે વનગજો બળવાન થાય !

ગાળે દિનો મુનિગણો વળી કંદમૂળે,

સંતોષ એ જ પુરુષે નિધિ છે સુશ્રેષ્ઠ.'

'અજગર કરે ન ચાકરી' એ સુખ્યાત પંક્તિમાં પણ સંતોષ કરતાં 'દૈવયોગ'ને જ લક્ષિત કરેલ છે અને 'સબકે દાતા રામ'ની દુહાઇ દીધી છે ! રાજવી સંન્યાસી કવિ ભર્તૃહરિનો એક શ્લોક છે તેમાં જેનું ભાગ્ય, દૈવ ફૂટેલું છે તેની વાત કરી છે. એક ટાલિયો, ઓતરાચીતરાના આકરા તાપમાંથી બચવા માટે તમામ વૃક્ષનો આશ્રય લે છે ત્યાં એના દુર્ભાગ્યે ઝાડ પરથી તાડનું ફળ પડે છે ને ટાલિયાનો ટાલકો તૂટી જાય છે. આ દૃષ્ટાંત બાદ કવિ કહે છે :-

प्रायोगच्छति यत्र भाग्यरहित स्तत्रैव यांत्यापदः ।

મતલબ કે આપત્તિઓ અભાગિયાનો છાલ છોડતી નથી !

કોણે ક્યાં ક્યારે જન્મ લેવો તે તેના હાથની વાત નથી. કહેવાય છે કે જન્મ-મરણ લગ્નની ઘટના પૂર્વ નિર્ણિત હોય છે. સૂતને ત્યાં જન્મેલો કર્ણ (?) છે તો કુંવારી કન્યા કુન્તાનો પુત્ર; પણ સૂતને ત્યાં મોટો થયો છે. તે જ્યારે કહે છે :-

सूतो वा सूतपुत्रोवा यो वा को वा भवाम्यहम् ।

दैवायत्तं कुले जन्म महायत्तं तु पौरुषम् ॥

મતલબ કે :

'સૂત કે સૂતનો પુત્ર, જે ગણો તે ભલે જ હું,

દૈવાધીન કુળે જન્મ, મુજ અધીન પૌરુષ.'

ભર્તૃહરિના ભાગ્યરહિત 'ટાલિયા'ની વાત અને કર્ણના 'દૈવાયત્ત' ની વાતમાં આસમાન જમીનનો ફેર છે. 'ભાગ્ય' અને 'દૈવ' એવા લચીલા અર્થના દ્યોતક શબ્દો છે કે સમજણમાં સંભ્રમ પેદા કરે !

કર્ણ દૈવવાદી નથી, પરમ પુરુષાર્થી છે. ભર્તૃહરિનો ભાગ્યશાળી માટે એક શ્લોક છે જેનો ભાવાર્થ કૈંક આવો છે : મોટા મજબૂત કરંડિયામાં પૂરાયેલો સર્પ ઘણા દિવસનો ભૂખ્યો છે. ક્ષુધાતૃષાથી વ્યાકુળ સર્પ કરંડિયામાં મૃત્યુની પ્રતીક્ષા કરી રહ્યો છે ત્યાં જીહ્વા-લોલુપ ખાઉધરો એક મસ મોટો મૂષક એના તીક્ષ્ણ દાંતથી કરંડિયાને કોચી નાખી મોટું બાકોરું પાડે છે. મૂષક કરંડિયામાં પ્રવેશ કરે છે. ત્યાં સર્પનો ભક્ષ બને છે. કવિ કહે છે કે સર્પ કેવો ભાગ્યશાળી કે ખાદ્ય અને મુક્તિ બંનેની પ્રાપ્તિ એકી વખતે થઇ ! પણ દર વખતે બગાસાં આવે ને મુખમાં લાડવા પડતા નથી.

અમારી જમીન પર ઘણા મોર હતા. એકવાર અમારા પાળેલા કૂતરાએ મોરને પકડ્યો. જિજિવિષાને જોરે શ્વાનના મુખમાંથી છટકી મોર અમારા કૂવામાં પડ્યો. અમારા ઉઘાડિયાએ કૂવામાં ડોલ ફાંસી મોરને બહાર કાઢ્યો. મારા પિતાજીએ એને અમારા આંબાની ડાળ ઉપર ઊંચે બેસાડ્યો. રાત્રિના સમયે વાઘર બિલાડો આવ્યો. સવારે જોયું તો મોરનાં પીંછા ધરતી પર પડેલાં ને મોર બિલાડાના પેટમાં પહોંચી ગયેલો. મારા પિતાજી કહે : 'બિલાડા અને મોરના પેલા ભવના ઋણાનુબંધ...બાકી શ્વાન અને કૂવાની બબ્બે ઘાતોમાં બચેલો મોર બિલાડાનો ભક્ષ્ય કેમ બને ? જેવી જેની નિયતિ ! जीवो जीवस्य जीवनम् એ સૃષ્ટિનો ક્રમ છે. હરિ ! હરિ !'

મોરની આ નિયતિને સમર્થન આપતો સંસ્કૃતમાં એક શ્લોક છે જેનો ભાવાર્થ કૈંક આવો છે : 'પાતાલમાં જાવ અગર સુરેન્દ્રલોકે ચઢો, કદી પર્વતરાજ મેરુ પર વસો, મંત્રના ઔષધથી બચવા માટે ગમે તેટલી મથામણ કરો તો પણ : 'માંડ્યું થશે જ; નહીં કો છૂટકો થવાનો.' વિધિના લખ્યા લેખ મિથ્યા થાય જ નહીં એવી એક વિચારસરણી, 'પ્રારબ્ધના પૂર સામે ઝૂઝશો મા' માં રહેલી છે.

ઇસ્વીસનના સત્તરમા સૈકાનો ઉત્તરાર્ધ અને અઢારમા સૈકાનો પૂર્વાર્ધ : એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષકાળના ત્રિમૂર્તિ જેવા પ્રધાન કવિઓ ત્રણ. અખો, પ્રેમાનંદ ને શામળ. લોકકવિ શામળ-'વાણિયાનો કવિ' કહેવાતો-સંસાર બુદ્ધિવાળાઓનો કથાકવિ કહેવાતો. તેણે 'ઉદ્યમ વડું કે કર્મ ?' નામે એક સંવાદ-કાવ્ય લખ્યું છે. અહીં કર્મ એટલે કરમ અથવા ભાગ્ય-પ્રારબ્ધ. આ 'ઉદ્યમ કર્મસંવાદ'માં પંડિત શિવશર્મા અને ગણિકા કામકળા વચ્ચે સંવાદ નિરૂપ્યો છે, જેમાં શિવશર્મા પ્રારબ્ધનો પક્ષ લે છે તો ગણિકા ઉદ્યોગનો-પુરુષાર્થનો.

લાંબા સંવાદને અંતે, સાર રૂપે કામકળા ગણિકા કહે છે :-

કોપ કરી કહે કામિની, ઉદ્યમ મોટો થાય ;

વખાણું હું તો તેહને, સાંભળો પંડિતરાય. (૧૪૩)

ઉદ્યમ કરતાં નિરખિયાં સૌ કો રાંક ને રાય;

કોણ રહ્યાં એવું કહી (જે) કર્મ કરે તે થાય ? (૧૪૪)

ઉદ્યમ, ઉદ્યમ એ જ છે. અદકો સૌથી આપ;

કર્મ બિચારું બાપડું, ઉદ્યમ પૂર પ્રતાપ. (૧૪૬)

ઘણાં વર્ષો પૂર્વે મારા વાંચવામાં બે અંગ્રેજી કાવ્યો આવ્યાં હતાં. એકનું નામ હતું 'લોટસ-ઇટર્સ' (Lotus-Eaters) જ્યારે બીજાનું નામ હતું યુલિસિસ (Ulysis). લોટર્સ-ઇટર્સ, 'ખાવ પીઓ ને મજા કરો-કશું જ કરવાની જરૂર નથી, 'સકલ રચના છે, કુદરતી', 'તારું ધાર્યું કશું જ થવાનું નથી'...એવા પ્રમાદી-વૃત્તિવાળા છે જ્યારે 'યુલિલિસ' પ્રાપ્ત પરિસ્થિતિથી અસંતુષ્ટ કૈંક નવું કૈંક વિરલની સતત મૃગયામાં પ્રવૃત્ત...જંપીને પોતે બેસે નહીં ને સાથીઓને બેસવા પણ દે નહીં, નવી ક્ષિતિજોને આંબવા કાજે અતંદ્ર જાગૃતિ દાખવનાર પ્રવીર પ્રહરી જેવો...પુરુષાર્થની જીવંત પ્રતિમા સમો છે. પ્રારબ્ધનાં પ્રલયકારી પૂર સામે નિર્ભયતાથી ઝૂઝનાર જોદ્ધા સમાન. શામળના 'ઉદ્યમ વડું કે કર્મ ?'ની યાદ અપાવે એવાં આ બે કાવ્યો છે.

છ દાયકા પૂર્વે એક કવિએ 'ધનતેરસ' નામે કાવ્ય લખ્યું છે જેમાં ધનતેરસે મંદિરનો પૂજારી પૂર્ણ વિધિપૂર્વક શાસ્ત્રીય રીતિએ લક્ષ્મીની પૂજા કરી એને ઉપાલંભ આપે છે કે 'અમો તારી શ્રદ્ધા અને ભક્તિથી પૂજા કરીએ છીએ પણ તું અમારા પર પ્રસન્ન નથી જ્યારે પશ્ચિમના નાસ્તિકો તારી પૂજા કરતા નથી તો ય તું ત્યાં નિવાસ કરે છે !' ત્યારે લક્ષ્મીદેવી પૂજારીને જવાબ આપે છે.

'છે 'ઉદ્યોગ' પતિ હું પત્ની, સઘળા યોગોથી જે ઉન્નત

વાસો પશ્ચિમમાં ન હોય વદ ત્યાં ? ઉદ્યોગ શો યોગ જ્યાં ?

ઉદ્+યોગ-ઊંચામાં ઊંચો યોગ તે ઉદ્યોગ-આવો જ્યાં યોગ સધાતો હોય ત્યાં લક્ષ્મીજીનો વાસ હોય જ.

સાચું કહું તો મને 'ઉત્તરરામચરિત'ના કર્તા ભવભૂતિની અને ટીટોડીનાં ઇંડાંને તાણી જનાર સમુદ્ર જેવા સમુદ્રને પડકાર ફેંકનાર ટીટોડીની ખુમારી ખૂબ ગમે છે. કાલિદાસ પછી ભવભૂતિને યાદ કરવા જ પડે, પણ એના સમયમાં સહેજ ઉપેક્ષા જેવું લાગતાં તે ખુમારીપૂર્વક કહે છે : 'કાળ અનંત છે અને પૃથ્વી બહુરત્ના છે. અનંત કાળને કાંઠે કો'ક 'સમાનધર્મા' પાકશે જ પાકશે ને મારી કદર થશે જ.' એવી જ રીતે પોતાનાં ઇંડાં ગુમાવનાર ટીટોડી સમુદ્રને શોષી નાખવા ઉદ્યુક્ત થઇ છે ત્યારે અન્ય દ્વિજગણો એને નિજી મર્યાદાનું ભાન કરાવે છે ત્યારે તે ખુમારીપૂર્વક બોલે છે : 'ઉત્સાહ એ લક્ષ્મીનું મૂળ છે. મારી ચાંચ લોહ જેવી છે અને રાત્રિ-દિવસ ખૂબ લાંબા છે તો પછી સમુદ્ર કેમ નહિ શોષાય ? જ્યાં સુધી પુરુષ પુરુષાર્થ કરતો નથી ત્યાં સુધી તે ઉત્તમ સંપત્તિને મેળવી શકતો નથી; સૂર્ય પણ તુલામાં આરૂઢ થાય છે (તુલા રાશિનો થાય છે અથવા શત્રુપક્ષની તુલનાએ સરસાઇ પ્રાપ્ત કરે છે) ત્યારે મેઘના પટલો ઉપર વિજય મેળવે છે.' યાદ કરો પેલું અતિ-ખ્યાત સંસ્કૃત-સુભાષિત :-

उद्यमेन हि कार्याणि सिद्ध्यन्ति न मनोरथै : ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

'સધાય ઉદ્યમે કાર્યો, ના ના મનોરથે કદી,

સૂતેલા સિંહના મોંમાં આવી ના હરણાં પડે.'

એટલે જ ગવાયું છે :-

બેઠાનું બેસતું ભાગ્ય, ઊઠતું ઊઠનારનું;

સૂનારાનું સૂતું ભાગ્ય, ચાલે છે ચાલનારાનું.

चराति चरतो भगः । એ જ ચરમ-પરમ સત્ય છે. ભગવાન બુદ્ધે પ્રમાદને મૃત્યુ કહેલ છે. સંસ્કૃત-સુભાષિતમાં પણ :-

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः । કહેલ છે અને ઉદ્યમને બંધુ કહેલ છે. પ્રમાદીઓ પ્રારબ્ધને દોષ દે એનો શો અર્થ? કારણ કહ્યું છે કે :-

पौरुपात् जायते सिद्धिः पौरुषात् धीमताम्क्रमः ।
दैवम् आश्वासनंमात्रं दुःखपन्नेव बुद्धिषुः ॥

મતલબ કે પુરુષાર્થથી જ સિદ્ધિ સાંપડે છે, પુરુષાર્થથી જ બુદ્ધિનો વિકાસ થાય છે, બાકી તો દુઃખે દુભેલ બુદ્ધિનું, દૈવ તો કેવળ પાંગળું આશ્વાસન માત્ર છે. ખરું સત્ય તો છે कोऽतिभारः समर्थानां । સમર્થને કાજે કશું જ અશક્ય નથી.

તા. ૧૧-૧૧-૯૭, મંગળના રોજ સવારના સવા છના સુમારે હું પડી ગયો. ચચ્ચાર ડૉક્ટરોની દવાથી પણ ચક્કરની તકલીફ મટે નહીં, ત્રણ ત્રણ કાર્ડિયોગ્રામ કઢાવ્યા, પરિણામ શૂન્ય. પછી એક પાંચમા મોટા ડૉક્ટરને મેં બતાડ્યું. ચાર ડૉક્ટરોનો રીપોર્ટ વાંચી મને કહે : 'પ્રોફેસર સાહેબ ! તમો ગ્રહોમાં માનો છો ?' મેં સાફ ના ભણી એટલે એ મૌન રહ્યા અને કહે : 'કશું જ કરવાની જરૂર નથી. સમય સરતાં બધું સરખું થઇ જશે ! પછી અંગ્રેજીમાં બોલ્યા: 'The natural healing force within each one of us, is the greatest force in getting well.' મંગળવાર કરવાનું ન કહ્યું એની મને નવાઇ લાગી !

આ બધું હોવા છતાં પણ એ સાચું છે કે-

कर्मायत्तं फलं पुंसां बुद्धिः कर्मानुसारिणी ।
तथा पि सुधिया भाव्यं सुविचार्यैव कुर्वता ॥

મતલબ કે : 'કર્માધીન ફળો પામે, બુદ્ધિ કર્માનુસારિણી, બુદ્ધિમાને છતાં ખૂબ સાચવીને જ વર્તવું.'

દુર્યોધન ઓછો બુદ્ધિમાન નહોતો. ધર્મ શું, અધર્મ શું; તે બધું જ સમજતો હતો, પણ ધર્મમાં રમમાણ રહી શકતો નહોતો અને અધર્મથી અળગો રહી શકતો નહોતો કેમ જે કો'ક અદષ્ટ તત્ત્વ એનું દૈવ એને વિપથ માર્ગે દોરી જતું હતું. દૈવ પણ સહાયભૂત થઇ શકે જો વિધેયાત્મક આટલી વાતો અંકે થાય તો :-

उद्यमः साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः ।
षडेते यत्र वर्तन्ते तत्र दैवं सहायकृत ॥

પ્રારબ્ધ અને પુરુષાર્થની ગમે તેટલી વાતો કરીએ પણ મને તો ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની કર્મ-મીમાંસામાં જ આ સનાતન દ્વિધાવૃત્તિનો સાચો ને શ્રદ્ધેય ઉકેલ લાગે છે. તમારું કર્મ જ તમારું સર્વસ્વ છે. સ્વર્ગ, નર્કની વાતો બધી ગૌણ છે. આપણા નાના મોટા પ્રત્યેક કર્મમાં, વ્યક્તિગત, સામાજિક કે વૈશ્વિક વ્યવહારમાં અતંદ્ર જાગૃતિ દાખવી, ધર્મ અને પુણ્યથી ઘોઇ ઘોઇ પ્રત્યેક ડગલું ભરીએ તો, પ્રારબ્ધ, ભાગ્ય કે દૈવની કશી જ ચિંતા કરવાની જરૂર જણાતી નથી. ખુદ-વફાઇ જેવી બીજી કોઇ નીતિ નથી, પરોપકાર જેવો કોઇ ધર્મ નથી અને સમ્યક્ કર્મ જેવો કોઇ રાજમાર્ગ નથી.

જ્યારે જ્યારે હું પ્રારબ્ધ-પુરુષાર્થના દ્વૈધીભાવમાં અટવાઇ જાઉં છું ત્યારે ત્યારે કવિ લોંગફેલોની આ ચાર પંક્તિઓ મને ચાનક ચઢાવે છે ને 'પ્રારબ્ધનાં પૂર સામે પણ ઝઝૂમવાની શક્તિ-પ્રેરણા આપે છે.

Trust no future, however pleasant !

Let the dead fast bury its dead !

Act,-act in the living present !

Heart within, and God overhead !

અતંદ્ર જાગૃતિપૂર્વક જો વર્તમાનની ક્ષણેક્ષણને જાળવી લેવામાં આવે તો 'God overhead'ના વિકલ્પમાં આપણે ગીતાનો આ શ્લોક શ્રદ્ધાપૂર્વક ગાઇ શકીએ :-

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धर्नुधरः ।
तत्र श्री विजयो भूति ध्रुवा नीतिर्मतिर्मम ॥

## અગત્યની સૂચના

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પેટ્રન, આજીવન અને સામાન્ય સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક ગ્રાહકોની સરનામા-સૂચિ નવેસરથી તૈયાર કરવાની હોઇ જે સભ્યો તથા ગ્રાહકોના સરનામા તથા પીન કોડ નંબરમાં ફેરફાર થયો હોય તેમણે તરત જ ૧૫ દિવસની અંદર સંઘના કાર્યાલયમાં જાણ કરવી જેથી 'પ્રબુદ્ધ જીવન'ના અંકો આપને નિયમિત અને વખતસર મળી શકે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, બાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૧૦ ● ● તા. ૧૬-૧૦-૯૮ ● ● Regd. No. MH / MBI-South / 54 / 98
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૮૦ ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## વૈમાનિક અસભ્યતા

સ્થળ અને જળમાં ઝડપી ગતિ કરવાનાં સાધનો વિકસાવવાની સાથે માનવજાતે આકાશમાં વિચરવાનું પણ શોધી કાઢ્યું છે. છેલ્લા એક સૈકામાં હવાઈ માર્ગે ગતિ કરવા માટે માનવે જે સંશોધનો કર્યાં છે તે અદ્ભુત છે.

ઓગણીસમી સદી સુધી જેનું નામનિશાન નહોતું એવા કેટલાયે પ્રકારના પ્રશ્નો વીસમી સદીમાં ઉદ્ભવ્યા છે અને તે વધતા ચાલ્યા છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાને જાણે હરણફાળ ભરી છે એમ કહેવાય છે. જો કે હરણફાળ શબ્દ પણ હવે નાનો પડે એટલી પ્રગતિ વૈજ્ઞાનિક ક્ષેત્રે થઈ છે.

વર્તમાન જગતની નવી સમસ્યાઓમાંની એક સમસ્યા તે વધતી જતી વૈમાનિક અસભ્યતાની છે. વિમાન સેવાનું ક્ષેત્ર દિન પ્રતિદિન વધી રહ્યું છે. દુનિયામાં સેંકડો વિમાન કંપનીઓ છે. મોટી મોટી વિમાન કંપનીના પ્રત્યેકના હજારો કર્મચારીઓ છે. હજારો એરપોર્ટ છે. રોજ સવારથી સાંજ સુધીના બાર કલાકમાં આખી દુનિયામાં મળીને એક લાખથી વધુ વિમાન જમીન પરથી આકાશમાં ઊડે છે અને પાછાં જમીન પર ઊતરે છે. સમગ્ર જગતમાં રોજ સરેરાશ ત્રણ કરોડથી વધુ પ્રવાસીઓ એક સ્થળેથી ઊડીને અન્ય સ્થળે પહોંચી જાય છે. આટલા બધાં વિમાનોની અને પ્રવાસીઓની આટલી મોટી અવરજવર હોય અને લાખો કર્મચારીઓ તેમાં સંકળાયેલા હોય તો ત્યાં કંઈક તો એવી ઘટનાઓ બનવાની કે જે સુખદ ન હોય.

દરેક પ્રવૃત્તિક્ષેત્રમાં પોતાની લાક્ષણિક એવી કેટલીયે સમસ્યાઓ ઉદ્ભવે છે અને તેના ઉપાયો વિચારાય છે. વિમાન-વ્યવહારના ક્ષેત્રે વિમાનના અકસ્માતની, વિમાનના અપહરણની, વિમાનમાં બોમ્બ મૂકી એને ઉડાવી દેવાની કે હવાઈ સીમાના ઉલ્લંઘન માટે વિમાનને તોડી પાડવાની ઘટનાઓ ગંભીર પ્રકારની છે. આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા-મંડળો તે વિશે ઉપાયો વિચારે છે અને અમલમાં મૂકે છે. પરંતુ વ્યવસ્થાપકો કરતાં ગુનેગારોનું ભેજું વધુ ફળદ્રુપ હોય છે એટલે નવી નવી તરકીબો વખતોવખત અમલમાં આવે છે.

વિમાન-વ્યવહારના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય મંડળોને મૂંઝવતી વર્તમાન સમયની બીજી એક નાની સમસ્યા તે અસભ્યતાની છે. છેલ્લા કેટલાક સમયથી ઉતારુઓની અને કર્મચારીઓની ગેરવર્તણૂકના કિસ્સા વધતા જાય છે. આવા કિસ્સાનું પ્રમાણ ધનાઢ્ય દેશોમાં વધુ જોવા મળે છે.

આપણા ભારત દેશમાં કુલ પ્રજાના એક ટકા જેટલા માણસો પણ વિમાનમાં બેસતા નથી. એટલે આપણે માટે આ પ્રશ્ન તદ્દન ગૌણ ગણાય, પરંતુ જે વર્ગ વિમાનમાં સફર કરે છે તે વર્ગની દૃષ્ટિએ આવી સભ્યતાનો પ્રશ્ન વિચારણીય છે.

વિમાનપ્રવાસ એટલો મોંઘો છે કે તેમાં બેસનારો વર્ગ એકંદરે સાધનસંપન્ન હોવાનો. કેટલાક મધ્યમ કે ઉચ્ચ મધ્યમ કક્ષાના લોકો પણ પોતાની કંપનીના ખર્ચે વિમાનની સફર કરતા હોય છે. સરકારી ખાતાઓના પ્રધાનો, અમલદારો વગેરે સરકારના ખર્ચે પ્રવાસ કરે છે. વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, દાક્તરો, ઇજનેરો, પ્રોફેસરો વગેરે પણ આવા પ્રવાસનો લાભ મેળવે છે. સંક્ષેપમાં કહીએ તો જે વર્ગ વિમાનમાં પ્રવાસ કરે છે તે એકંદરે સુશિક્ષિત હોય છે અને તેથી જ તે સંસ્કારી અને સારી વર્તણૂકવાળો હોવાની અપેક્ષા બંધાય છે. વિમાનમાં કર્મચારીઓ પણ સુશિક્ષિત જ હોય છે. તેમના પગારો સારા હોય છે. એટલે નોકરીમાં પસંદગીનું ધોરણ ઊંચું રહે છે. આમ છતાં સ્વભાવની વિચિત્રતા કહો કે લાક્ષણિકતા કહો તે કેટલીક વાર તેમનામાં પ્રગટ થયા વગર રહેતી નથી.

કેટલાક મોટા મોટા ઉદ્યોગપતિઓ, કંપનીઓના મેનેજિંગ ડાયરેક્ટરો, દાક્તરો, અધ્યાપકો, અમલદારો, રાજદ્વારી નેતાઓ, સંસદના સભ્યો વગેરેને અસભ્ય વર્તન કરતા જોવા હોય તો દિલ્હી, મુંબઈ, કલકત્તા જેવા એરપોર્ટ પર એક ફ્લાઈટ રદ થયા પછી બીજી ફ્લાઈટમાં નંબર લગાવવા માટે તેઓ જે ઘૂસણખોરી, ધક્કાધક્કી, બોલાચાલી, રાડારાડી, ગાળાગાળી, લાંચ માટેની સાંકેતિક ભાષાના પ્રયોગો વગેરે કરતા હોય છે ત્યારે તેમના અસભ્ય વર્તનનું દૃશ્ય જોવા જેવું બને છે. કોઈક વાર કોઈ એક ફ્લાઈટ મોડી થવાની વારંવાર જાહેરાત થયા પછી મુસાફરો ટોળે વળી સત્તાવાળાઓ સમક્ષ જે તોફાન મચાવે છે, રાડારાડ કરે છે, ક્યારેક ગુસ્સામાં આવી ભાંગફોડ કરે છે ત્યારે તેઓમાં રહેલી અસભ્યતાનો પરિચય થાય છે. શ્રીમંતાઈનો ઘમંડ ત્યારે છતો થાય છે, કારણ કે પોતે અઢળક કમાણી કરનાર છે અને સામે પક્ષે કર્મચારી એક નોકરિયાત મધ્યમ કક્ષાનો માણસ છે એ વિશે તેઓ સભાન બની જાય છે. ઉહાપોહ અને ધાંધલ-ધમાલ વગર સત્તાવાળાઓની આંખ ખૂલતી નથી એવી ધારણા પણ તેમાં કામ કરે છે.

વસ્તુતઃ સાચી શ્રીમંતાઈથી સંસ્કાર અવશ્ય આવવા જોઈએ. પરંતુ વાસ્તવમાં શ્રીમંતાઈ આવી એટલે સંસ્કાર આવી ગયા એવું નથી. ક્યારેક શ્રીમંતાઈના જોરે જ માણસ અસંસ્કારી કે અસભ્ય બની જાય છે.

બીજી બાજુ વિમાની કંપનીઓના કર્મચારીઓનાં મંડળો થયાં છે. એ મંડળો એટલાં જબરાં હોય છે કે એકાદ કર્મચારીને વધુ પડતો ઠપકો મળ્યો હોય, નોકરીમાંથી રજા અપાઈ હોય તો કર્મચારીઓ અનેક પ્રવાસીઓને પડનારી હાડમારીનો વિચાર કર્યા વગર અચાનક

હડતાલ પર ઊતરી જાય છે અથવા વિમાનસેવાને ઇરાદાપૂર્વક અનિયમિત કરી નાખે છે. ધૂમ કમાણી કરતી કેટલીક વિમાન કંપનીઓ એના કર્મચારીઓની અયોગ્ય હડતાલને કારણે, ગેરશિસ્તને કારણે કે ઇરાદાપૂર્વકના અસહકારને કારણે અચાનક ખોટ કરતી થઇ જાય છે અને કોઇકને માટે તો તે બંધ કરી દેવાનો વખત આવ્યો છે. વિમાની કર્મચારીઓમાં પણ અસભ્ય વર્તનના આવા બનાવો ઉત્તરોત્તર વધતા જાય છે.

પ્રવાસીઓને અસભ્ય થવા માટેનાં કારણોમાં મુખ્ય કારણ તે અસંતોષ છે. વિમાનનો પ્રવાસી ઘણી મોટી રકમ ખર્ચે છે. એટલે એ સંતોષકારક કામગીરીની અપેક્ષા રાખે છે. બેદરકારી, અનિયમિતતા, અછત વગેરેને કારણે તથા સ્વાર્થની અતૃપ્તિને કારણે થતા ઘર્ષણમાંથી ઉતારુ અને ઉતારુ વચ્ચે, ઉતારુ અને કર્મચારી વચ્ચે, કર્મચારી અને કર્મચારી વચ્ચે, કર્મચારીઓ અને સત્તાવાળાઓ વચ્ચે વિવાદ કે સંઘર્ષ થાય છે. જ્યારે-બોલાચાલી, જીભાજોડી, અપમાન-જનક વચનો કે હાથોહાથની મારામારીના પ્રસંગો બને છે ત્યારે ત્યાં અસભ્યતાનું, અસંસ્કારિતાનું, અશિષ્ટતાનું પ્રદર્શન થાય છે.

દુનિયાના ઘણા દેશોમાં, વિશેષતઃ આપણા દેશમાં રેલવેના બીજા-ત્રીજા વર્ગમાં પ્રવાસ કરનારાઓમાં ઝઘડા, મારામારી વારંવાર થતાં હોય છે. સ્વાર્થનું ઘર્ષણ થતાં માણસ રોષે ભરાય છે, અવિનયી બની જાય છે, અસંસ્કારી કે અસભ્ય વર્તન કરવા લાગે છે. ગીચ વસ્તી અને અછતવાળા દેશોમાં આવી ઘટના ઘણી બને છે. એની સરખામણીમાં વિમાન સેવા વધુ વ્યવસ્થિત હોવાને કારણે જગ્યા માટે પડાપડીના કે એવા બીજાં કારણો એમાં નથી હોતાં કે જેથી ઝઘડા થાય. પરંતુ અધીરા કે ઉતાવળિયા મુસાફરોને કારણે બીજાને વાગી ગયું હોય અને બોલાચાલી થઇ હોય એવા બનાવો તો વારંવાર બનતા રહે છે. વિમાન ઊતરીને મથકના દરવાજે આવે ત્યાં સુધીમાં ઊભા ન થવાની સૂચના આઈ હોવા છતાં કેટલા બધા ઉતારુઓ ઊભા થઇ જાય છે.

વિમાનની અંદર ધાંધલધમાલ મચાવવાના ઘણાખરા બનાવો માટે એરહોસ્ટેસોની અસંતોષકારક સેવા જવાબદાર ગણાય છે. કેટલીક વિમાન કંપનીના વિમાનોમાં મુસાફરોની સંખ્યાના પ્રમાણમાં એર હોસ્ટેસોની સેવા બહુ ધીમી હોય છે અથવા બેદરકારીભરી હોય છે. તેઓ બધાને ચા-નાસ્તો, ભોજન વગેરે આપવામાં જલ્દી પહોંચી વળતી નથી. આથી કોઇક પ્રવાસીઓ મિજાજ ગુમાવી બેસે છે. તેઓ અપમાનજનક શબ્દો ઉચ્ચારે છે અને અસભ્યતાથી વર્તે છે. ક્યારેક એરહોસ્ટેસો પણ વધારે પડતા રૂઆબથી વર્તતી હોય છે. પ્રવાસી એટલે પોતાનો નોકર એવા ભાવથી તેઓ પટો બાંધવા માટે હુકમથી કહેતી હોય છે. પરિણામે કોઇક રોષે ભરાયેલો પ્રવાસી ઇરાદાપૂર્વક પટ્ટો મોડો બાંધે અથવા ન બાંધે અને બંને વચ્ચે ચકમક ઝરતી હોય છે.

જૂના વખતમાં જ્યારે પંખાવાળાં નાનાં વિમાનો હતાં ત્યારે તે બહુ હાલકડોલક થતા. એથી વિમાનમાં ઊલટી થવાના બનાવો ઘણા બનતા. કેટલાયને વિમાનમાં ડર લાગતો. એ વખતે કુંવારી, દેખાવડી, ચબરાક કન્યાઓની એરહોસ્ટેસ તરીકે પસંદ કરવામાં આવતી કે જેથી ડર લાગવાવાળાને બીજા કહી શકતા કે 'આટલી નાની છોકરીને ડર નથી લાગતો અને તમને શાનો ડર લાગે છે ?' એરહોસ્ટેસો ડરવાળા, ગભરાતા, ઊલટી કરવાવાળા મુસાફરોનું ધ્યાન સારી રીતે રાખી શકતી, તેમને સાંત્વન આપતી. પરંતુ બહુ દેખાવડી એરહોસ્ટેસો રાખવાના બીજા ગેરલાભ થવા લાગ્યા હતા. મુસાફરોએ એરહોસ્ટેસો સાથે અડપલાં કર્યાં હોય એવા બનાવો ઘણા બનતા. આપણાં એક પ્રધાને જર્મનીમાં એક એરહોસ્ટેસ સાથે અડપલાં કર્યાના બનાવનો અહેવાલ ત્યારે છાપાઓમાં પ્રસિદ્ધ થયો હતો.

જેટ વિમાનો આવ્યા પછી વિમાનમાં ઊલટી થવાના બનાવો નહિવત્ બની ગયા છે. મોટા સમુદાયને કારણે મુસાફરોનો ડર નીકળી ગયો છે. સભાગૃહમાં બેઠા હોઇએ એવું લાગે. આકાશમાં ચડતાં ઊતરતાં આંચકાઓ આવતા બંધ થઇ ગયા. ક્યારે વિમાન ઉપર ચડી ગયું તે પણ ખબર ન પડે. આથી એરહોસ્ટેસોની પસંદગીમાં અપરિણીત, દેખાવડી અને આકર્ષકની અનિવાર્યતા નીકળી ગઇ. હોંશિયાર, કામગરી, વિનયી તે હોવી જોઇએ એવું ધોરણ સ્વીકારાયું.

પુરુષ પ્રવાસીઓના એરહોસ્ટેસ સાથેના અસભ્ય વર્તન ઉપરાંત વિમાનના પુરુષ કર્મચારીના એરહોસ્ટેસ સાથેના અસભ્ય વર્તનની ઘટનાઓ વધુ બને છે. ક્યારેક તો કોર્ટ સુધી મામલા ગયા છે. કોઇકે આપઘાત કર્યા છે. લાંબી સફરને અંતે એક જ હોટેલમાં બાજુબાજુના રૂમમાં એક બે રાત રોકાવાનું થાય, સાથે શરાબ પણ પીવાય. એમાંથી લફરાં પણ થાય.

આ બાબતમાં પુરુષ પ્રવાસીઓને કે કર્મચારીઓનો જ વાંક હોય છે અને એરહોસ્ટેસોનો નથી હોતો એવું નથી. કેટલીક કુંવારી એરહોસ્ટેસો મોજમજા માટે શિકારની શોધમાં હોય છે અને ક્યારેક તો લગ્ન કરવા માટે વારંવાર સફર કરતા કુંવારા શ્રીમંત વેપારી, રાજકુમાર કે અન્યની પાછળ પડતી હોય છે અને પોતાની મોહજાળમાં તેને ફસાવે છે.

આંતરરાષ્ટ્રીય વિમાનસેવામાં તો આવાં પ્રેમપ્રકરણો ઉપરાંત કર્મચારીઓ પોતાની નાની બેગમાં સમાઇ જાય એવી ચીજવસ્તુઓની-દવાઓ, સ્પેર પાર્ટ્સ, ઘરેણાં વગેરેની દાણચોરીમાં સંડોવાય છે, માંહોમાંહે તકરાર થતાં એકબીજાની ચાડી ખવાય છે અને એમાંથી ગેરવર્તણૂકના પ્રસંગો બને છે.

પાંચેક દાયકા પહેલાં અગિયાર કે એકવીસ બેઠકવાળાં પંખાવાળા ડાકોટા વિમાન હતાં ત્યારે દરેક પ્રવાસીના સામાનના વજન ઉપરાંત દરેક પ્રવાસીનું પોતાનું વજન પણ કરવામાં આવતું. વિમાન માટેના નિર્ધારિત વજન કરતાં જો કુલ વજનનો સરવાળો વધી જાય, તો જે પ્રવાસીનું સૌથી વધુ વજન હોય તેને વિમાનમાં લેવાતો નહિ. બહુ જાડા, બમણા વજનવાળા પ્રવાસીઓ ચિંતિત રહેતા કે વિમાનમાં પોતાનો નંબર લાગશે કે નહિ. એ વખતે એવા જાડા પ્રવાસીઓને સમજાવવા-મનાવવા જતાં ઝઘડા થતાં, બોલાચાલી થતી, અસભ્ય વર્તન થતું. એવી જ રીતે સામાનની વજનની બાબતમાં પણ ઝઘડા થતા, લાંચ અપાતી, લાગવગ લગાડાતી.

જૂના વખતમાં શ્રીમંતો જ મુખ્યત્વે વિમાનની સફર કરતા. રાજકુટુંબના સભ્યો, મિલમાલિકો, ઉદ્યોગપતિઓ વિમાનમાં બેસે ત્યારે ઘણો રુઆબ બતાવતા. ઘણાં વર્ષો પહેલાં હું ભાવનગરથી મુંબઇ વિમાનમાં આવતો હતો. ઉનાળાના દિવસો હતા. બપોરે એક વાગે ફ્લાઈટ ઊપડવાની હતી. જૂના વખતનાં ૨૧ ઉતારુનાં નાનાં વિમાન હતાં. પ્રવાસીઓ વિમાનમાં બેસી ગયા હતા, પણ વિમાન ઊપડવાને હજુ વાર હતી. મારી બેઠક બારી પાસે હતી. મારી બાજુમાં કોઇ એક શ્રીમંત વેપારી આવીને બેઠા હતા. તેમને પરસેવો થતો હતો. એમણે કહ્યું, 'ભાઈ સાહેબ, જરા બારી ખોલી કાઢોને, બહુ ઘામ થાય છે.'

મેં કહ્યું, 'તમે વિમાનમાં પહેલી વાર બેસો છો ?' તેમણે રુઆબથી કહ્યું, પહેલી વાર કે બીજી વાર, તેની તમારે શી પંચાત? બારી ખોલી કાઢો એટલે હવા આવે.'

મેં કહ્યું, 'આ બારી મારાથી ખૂલે એવી નથી. એ માટે એરહોસ્ટેસને કહો.'

એમણે એરહોસ્ટેસને કહ્યું. તે હસી પડી અને સમજાવ્યું. એ સમજીને એ શ્રીમંત વેપારી ભોંઠા પડી ગયા હતા.

કેટલાક સમય પહેલાં અમેરિકામાં એક બેંકના માલિકને એના અસભ્ય વર્તન માટે સજા થઇ હતી. તે વિમાનમાં પ્રથમ વર્ગમાં મુસાફરી કરતો હતો. એરહોસ્ટેસ પાસે વારંવાર જાતજાતની વાનગીઓ મંગાવતાં એથી કંટાળેલી એરહોસ્ટેસે ઉદ્ધતાઇભર્યા શબ્દ કહ્યા. એથી ઉશ્કેરાયેલા તે બેંકરે ખાવાનું ભરેલી પ્લેટો લઇ આવતી હતી તે એરહોસ્ટેસને એવો જોરથી ધક્કો માર્યો કે બધી પ્લેટો પડી ગઇ. ખાવાનું એરહોસ્ટેસ પર અને બીજા પ્રવાસીઓ પર પડ્યું. ધમાલ મચી ગઈ. શ્રીમંત બેંકરને એથી કંઇ ચિંતા થઇ નહિ. વિમાનમાંથી પોલીસને સંદેશો અપાઇ ગયો. વિમાન ઊતરતાં એની ધરપકડ કરવામાં આવી. જામીન પર છોડવામાં આવ્યો. કોર્ટમાં કેસ ચાલ્યો. એણે તરત ગુનો કબૂલ કરી લીધો. કોર્ટે એને એરહોસ્ટેસ, કેટલાક પ્રવાસીઓ અને વિમાન કંપનીને જે નુકશાન થયું તે ભરપાઇ કરી આપવાનું ફરમાવ્યું અને તદુપરાંત પાંચ હજાર ડોલરના દંડની સજા કરી. એ બેંકરે હસતે મોંઢે એ બધાને ચેક મોકલી આપ્યા. દુનિયામાં આવા માણસો પણ હોય છે ! એના મનમાં હતું કે જે થશે તે ભોગવી લઇશ, પણ એરહોસ્ટેસને તો સીધી કરવી જ જોઇએ.

એક વખત એક વિમાનમાં મુસાફર અને વિમાનના કર્મચારીઓ વચ્ચે ઝઘડો થયો. મુસાફર 'ઇમરજન્સી બારણા' પાસે બેઠો હતો. એણે ધમકી આપી કે હવે વધુ ગરબડ કરશો તો 'ઇમરજન્સી બારણું' ખોલી નાંખીશ. એમ કહીને એણે બારણું ખોલવા માંડ્યું. એથી કર્મચારીગણે ગભરાઇને એની માફી માગી. પણ પછી વિમાન ઊતર્યું ત્યારે અસભ્ય વર્તન માટે એની ધરપકડ કરાવી અને એને સજા થઇ.

અમેરિકામાં એક યુનિવર્સિટીના સ્નાતક થયેલા દોઢસો જેટલા વિદ્યાર્થીઓએ મેક્સિકોમાં જઇ ઉત્સવ મનાવવા માટે પોર્ટલેન્ડથી ફોલ્કન એરલાઇનની ચાર્ટર્ડ ફ્લાઇટ કરી. બધા જ વિદ્યાર્થીઓ યુવાન, છોકરા-છોકરીઓ હતાં. પછી પૂછવું જ શું ? છોકરાઓએ 'Wet T Shirt'ની રમત શરૂ કરી અને છોકરીઓ પર પાણીની પિચકારીઓ ઉડાડવા લાગ્યા. આ રંગોત્સવમાં વિમાનના કર્મચારીઓ પણ ભળ્યા. તેઓએ પણ પિચકારીઓ ઉડાવી. કઇ છોકરી વધારે ભીની થઇ છે એનો નિર્ણય કેપ્ટન આપે એમ નક્કી થયું. એટલે ભીની છોકરીઓ કેપ્ટનની કેબીનમાં ધસી ગઇ. નિર્ણાયક તરીકે માન કેપ્ટનને મળ્યું એટલે એ પણ પલળી ગયો. વિમાનમાં ઉડ્ડયન માટે બધું ગોઠવાયેલું હોય અને વિમાન સીધી દિશામાં સરખી ગતિએ ઊડતું જતું હોય તો પંદરપચીસ મિનિટ કેપ્ટન ધ્યાન ન આપે તો ચાલે. કેપ્ટન અને સાથી પાયલોટ નિર્ણાયક તરીકે ભીની છોકરીઓને નિહાળવામાં લાગી ગયા. એવું એમનાથી થાય નહિ. ફરજ ચૂક્યા એમ ગણાય. પણ આનંદનો નશો ચડે ત્યારે કોણ વિચારે ? એમ કરવામાં પંદર વીસ મિનિટ નીકળી ગઇ. આનંદોત્સવ થઇ ગયો. પણ પાછા ફર્યા પછી કોઈક છોકરીના માબાપે આ વાત જાણી અને કાયદેસરની ફરિયાદ કરી. પરિણામે કેપ્ટન સહિત વિમાનના બધા કર્મચારીઓના લાયસન્સ અમુદ મુદત માટે રદ થયા.

કેટલાક વખત પહેલાં સાઉથ આફ્રિકન એરવેઝના એક વિમાનમાં રાતની સફર દરમિયાન એક્સિક્યુટિવ ક્લાસમાં પ્રવાસ કરનાર એક શ્રીમંત દંપતી, એ ક્લાસમાં બીજા કોઇ મુસાફર ન હોવાથી, એકાન્ત મળતાં પ્રણયચેષ્ટા કરવા લાગ્યાં, એરહોસ્ટેસો શરમાઇને બહાર નીકળી ગઇ. પણ તેઓની પ્રણયચેષ્ટા વધતી ગઈ અને વસ્ત્રવિહીન થઇ તેઓ કામક્રીડા કરવા લાગ્યા. કેપ્ટને આવીને તેમને ધમકી આપી. પણ તેઓ માન્યા નહિ. છેવટે વિમાનના ઊતરાણ પછી તેમની ધરપકડ થઈ અને તેમને દંડ કરવામાં આવ્યો.

ટ્રેન કે બસમાં ધાંધલધમાલ થાય તો એને રસ્તામાં વચ્ચે થોભાવી દઇ શકાય છે. ઉતારુઓને બહાર કાઢી શકાય છે. પચીસ હજારથી પાંત્રીસ હજારની ઊંચાઇએ પાંચસો-છસો માઇલની ગતિએ ઊડતા વિમાનને અચાનક રોકી શકાતું નથી કે અધવચ્ચે કોઇને ઉતારી શકાતા નથી. મામલો અતિશય ગંભિર કે જોખમકારક હોય અને છૂટકો ન હોય તો નજીકના એરપોર્ટ પર ઉતરાણ કરી લેવું પડે છે. એટલે ઘણું ખરું તો પોતાના એરપોર્ટ પર પહોંચ્યા પછી જ ગુનેગારોને પકડવામાં આવતા હોય છે.

જેમ હીંચકા ખાતાં કોઈકને ચક્કર આવે છે, મોટરકાર કે બસમાં મુસાફરી કરતાં કોઇકને બેચેની લાગે છે, સમુદ્રમાં જહાજમાં સફર કરતાં કોઇકને સામુદ્રિક માંદગી (Sea Sickness) થાય છે કે સામુદ્રિક ગાંડપણ (Sea Madness) થાય છે તેવી જ રીતે કોઇકને-(લાખો કે કરોડોમાં કોઇકને-)હવાઇ ઉન્માદ (Aerial Imbalance અથવા air-craziness) પણ થાય છે. અલબત્ત, મોટાં જેટ વિમાનેની શોધ પછી જેમ ઊલટીનું પ્રમાણ નહિવત્ થઇ ગયું છે તેમ હવાઇ ઉન્માદનું પ્રમાણ પણ નહિવત્ થઇ ગયું છે. છતાં કોઇક વાર આવા કિસ્સા બને છે ખરા.

કેટલાક સમય પહેલાં એક ઘટના એવી બની હતી કે વિમાનમાં એક માણસ ઉન્માદમાં આવી ગયો. તે ટોયલેટમાં ગયો અને ત્યાંથી પછી તદન નગ્નાસ્થામાં બહાર આવ્યો અને બરાડા પાડતો આમથી તેમ આંટા મારવા લાગ્યો. તે એવો જબરો હતો કે કોઇ તરત એને વશ કરી શક્યું નહિ. એરહોસ્ટેસો ગભરાઇ ગઇ. બીજા મુસાફરો પણ મારામારી થઇ જવાની બીકે ચૂપ રહ્યા. કેપ્ટન કે સ્ટાફના માણસો ચાલુ વિમાને કશું કરી શકે એમ નહોતા. એને સમજાવવા પ્રયત્ન કર્યા, પણ તે સમજવા માગતો જ ન હતો. છેવટે એરપોર્ટ ઉપર વિમાન ઊતર્યું ત્યારે સંદેશો મળતાં હાજર રહેલાં પોલીસોએ એને પકડી લીધો. એના પર કેસ ચાલ્યો અને સજા થઇ પણ થોડા કલાક એણે વિમાનમાં હાહાકાર મચાવી દીધો હતો.

આમ, વૈમાનિક અસભ્યતાના, ગેરવર્તણૂકના પ્રસંગો વધતા જાય છે. પરંતુ આ મોંઘી સેવાને સુરક્ષિત સલામતભરી અને આરામદાયક બનાવવા માટે વિમાન કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય મંડળો પોતે જ વધુ સચિંત હોય છે. એટલે જે જે ઘટનાઓ નોંધાય છે તે માટે કેવાં પગલાં લેવાં જોઇએ તેની તરત વિચારણા થાય છે અને યોગ્ય ઉપાયોનો અમલ થાય છે. જેમ કે જૂના વખતમાં વિમાનમાં ૧૩ નંબરની અપશુકનિયાળ બેઠક જેને મળી હોય તે ઝગડો કરે અને બેસે નહિ. એટલે વિમાન કંપનીઓએ ત્યારે વિમાનમાંથી ૧૩ નંબરની બેઠક જ કાઢી નાખી હતી.

આકાશમાં નિશ્ચિત દિશામાં નિશ્ચિત ગતિએ નિશ્ચિત અંતર સુનિશ્ચિત સમયમાં કાપીને નિર્ધારિત સ્થળે અવતરણ કરવું એ વિજ્ઞાનની બહુ મોટી સિદ્ધિ છે. આકાશમાં અડધી ડિગ્રીનો ફરક પડે તો વિમાન ક્યાં ને બદલે ક્યાં પહોંચી જાય. પરંતુ વિમાનો આકાશમાં ભૂલાં પડી ગયાં હોય એવા બનાવો બનતા નથી. વિજ્ઞાનની આ સિદ્ધિ અને એના વધતા જતા પ્રચારની સાથે નાની મોટી સમસ્યાઓ જે ઊભી થાય છે એમાં અસભ્યતાની સમસ્યા તો આપણા જેવા માટે તો તદ્દન સામાન્ય ગણાય. પરંતુ વિમાન-વ્યવસ્થાવાળા આંતરરાષ્ટ્રીય મંડળો એનો ગંભીરતાથી વિચાર કરે છે તે યોગ્ય જ છે.

અહીં તો વૈમાનિક અસભ્યતાની યત્કિંચિત વાત કરી છે. એ ક્ષેત્રના વ્યવસાયી અનુભવી કર્મચારીઓ અને એ વિષયના નિષ્ણાતો આ વિષયમાં ઘણી બધી વિગતો આપી શકે.

પ્રાચીન ભારતીય માન્યતા પ્રમાણે દેવો વિમાનમાં ઊડતા. એમાં પણ વૈમાનિક પ્રકારના દેવો તો ઘણા સંયમી મનાય છે. હવે મનુષ્ય વૈમાનિક બન્યો છે, એટલે એણે પોતાની વૈમાનિકતાની યોગ્યતા સમજવી જોઇએ અને એને શોભાવવા માટે પ્રયત્નો કરવા જોઇએ.

☐ રમણલાલ ચી. શાહ

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી ચાલુ-૧૫)**

**સ્થૂલ, સૂક્ષ્મ અને શૂન્યથી કેવળજ્ઞાનની સમજણ :**

આ વિશ્વ પાંચ અસ્તિકાયમય છે. અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ, એ અસ્તિકાયનો વ્યાવહારિક અર્થ છે. અસ્તિ એ ધાતુ છે અને કાય એટલે શરીર એ નામ છે. અસ્તિ અને ધાતુ બંને મળી શબ્દ થયો છે. વ્યાકરણશાસ્ત્રની અપેક્ષાએ અસ્તિ ક્રિયાપદ છે અને કાય નામ છે. તો પછી અહીં અસ્તિનો અર્થ 'પ્રદેશ' કેમ કર્યો? એનું સમાધાન લક્ષ્ય અર્થથી થઇ શકે. અસ્તિનો અર્થ છે 'હોવું' Being-Existence-અસ્તિત્વ હોવું. 'અસ્તિ'નો લક્ષ્યાર્થ એ છે કે જેનું હોવું (અસ્તિત્વ) ત્રણે કાળ હોય, જે અનાદિ, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ હોય, એવું જેનું હોવું છે, તેને પ્રદેશ કહેવાય છે. હવે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે પ્રદેશ એટલે શું ? કોઇપણ એક જથ્થાનો અવિભાજ્ય નાનો વિભાગ તેનું નામ પ્રદેશ કહેવાય છે. દેશ અને રાષ્ટ્રના સંદર્ભમાં જેમ દેશના એક વિભાગને પ્રદેશ કહીએ છીએ અને વ્યક્તિને પૂછી છીએ કે કયા પ્રદેશના છો ? એ વ્યવહાર લક્ષમાં રાખીશું તો પ્રદેશનો જે અર્થ ઉપર કર્યો છે તે સુસ્પષ્ટ થશે. કોઇપણ મુકરર કરેલ જથ્થાની ધારણા-કલ્પના કરો. એ કલ્પિત જથ્થો, અખંડ એક જથ્થો છે, જેને જૈન આધ્યાત્મિક દ્રવ્ય, ગુણ, પર્યાયની પરિભાષામાં 'સ્કંધ' કહેવાય. એ અખંડ સ્કંધના આગળ-પાછળ, ઉપર-નીચેના જે વિભાગ કલ્પો તેને તે સ્કંધનો દેશ કહેવાય છે. એ દેશની અંદર પણ જે અવિભાજ્ય સૂક્ષ્મ ભાગ કલ્પવામાં આવે છે તેને પ્રદેશ કહેવામાં આવે છે. ભારતવર્ષ-ભારત રાષ્ટ્રના સ્થૂલ ભાગ ઉત્તર ભારત, દક્ષિણ ભારત, પશ્ચિમ ભારત, પૂર્વ ભારત. વિશેષ વિભાગ પ્રાંત, જિલ્લા, તાલુકા આદિમાં કરાય છે અને તાલુકાનું વિભાજન ગામમાં થાય છે. ગામ જેમ રાષ્ટ્રનું મૂળ એકમ છે તેમ 'પ્રદેશ' એ દ્રવ્યના જથ્થા-સ્કંધનું સૂક્ષ્મ અવિભાજ્ય એકમ છે.

સમગ્ર વિશ્વ સૂક્ષ્મ અને બાદર પ્રદેશોનો સમૂહ છે. એવા પ્રદેશોના સમૂહને પાંચ વિભાગમાં વહેંચી તેનું નામકરણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એમ કરવામાં આવેલ છે. આ પાંચે પ્રદેશના સમૂહરૂપ છે, છતાં ય એ પાંચેમાં નીચે જણાવ્યા મુજબનો મુખ્ય તફાવત-ભેદ છે.

એક પ્રદેશસમૂહ અસીમ છે અને બાકીના ચાર પ્રદેશસમૂહ અથવા અસ્તિકાય સીમાંત છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય એ ચાર સીમાંત છે, જ્યારે એકમાત્ર આકાશાસ્તિકાય અસીમ છે, એટલે એની કોઇ સીમા નથી-હદ નથી. જે ચાર અસ્તિકાય સીમાંત છે, એમાં પણ બે અસ્તિકાય ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશ સીમાંત હોવા છતાં નિત્ય અને સ્થિર છે. આકાસ્તિકાય પણ અસીમ હોવા સાથે તેના પ્રદેશ નિત્ય અને સ્થિર છે. હવે પ્રદેશ સ્વયં અનાદિ, અનુત્પન્ન, અવિનાશી અને સ્વયંભૂ છે અને ઉપર 'અસ્તિ'ની વ્યાખ્યા કર્યા મુજબ ત્રણે કાળમાં સર્વદા તેનું અસ્તિત્વ છે. આમ પાંચેય પ્રદેશસમૂહો નિત્ય છે. આ પ્રદેશસમૂહો-અસ્તિકાય વિષે હવે પ્રશ્ન એ જ વિચારવાનો રહે છે કે શું તે અસ્તિકાય (પ્રદેશ-સમૂહ)ના પ્રદેશો સ્થિર છે કે જે અસ્થિર ? નિત્ય કે અનિત્ય એ કાળવાચક, કાળસૂચક વિશેષણો છે. જ્યારે સ્થિર કે અસ્થિર એ ક્ષેત્રવાચી-ક્ષેત્રસંબંધી વિચારણા છે, જે દ્રવ્ય પ્રદેશસમૂહને ધારણ કરે છે તે પછી સીમાંત હોય કે અસીમ હોય તેની આકૃતિ નક્કી થતી હોય છે, પછી તે સૂક્ષ્મ હોય કે બાદર હોય. આકૃતિ હોય એટલે મૂર્ત કહેવાય પણ અમૂર્ત નહિ કહેવાય. આ અપેક્ષાએ પાંચેય અસ્તિકાય મૂર્ત છે. આકાશાસ્તિકાય ભલે અસીમ હોય પણ અસીમ ગોળ હોય, વ્યાપક હોય. તેમ અસ્તિકાયનો અવિભાજ્ય અંશ જે પ્રદેશ કહેવાય તે પણ આકારમાં ગોળ હોય. ત્રિકોણાકાર કે ચોરસ આકારમાં નહિ હોય. કારણ કે ગોળ સિવાયના બાકીના આકારના ભાગ પડતા હોય છે. રેખા પણ બિંદુઓથી બનેલ છે. નાનામાં નાનો સૂક્ષ્મ અવિભાજ્ય પ્રદેશ એ ગોળાકાર જ હોય. પ્રદેશ અવિભાજ્ય છે. દેશ-સ્કંધ ભાજ્ય છે. દેશના ત્રણ ભાગ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ હોય છે, જેમ બે આંકડાની જઘન્ય-નાનામાં નાની સંખ્યા દશ (૧૦) છે. મધ્યમ સંખ્યા અગિયારથી લઇ અઠ્ઠાણુ (૧૧ થી ૯૮) છે અને ઉત્કૃષ્ટ સંખ્યા નવ્વાણુ (૯૯) છે.

જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ચાર અનાદિ નિષ્પન્ન સ્કંધ છે, જેનું ત્રણ પ્રકારનું અખંડત્વ છે. સંલગ્ન અખંડત્વ, જાતિ અખંડત્વ અને સંખ્યા અખંડત્વ. આ ચારેય અનાદિ નિષ્પન્ન સ્કંધનું આ અખંડત્વ કાયમ રહે છે. ગણત્રીમાં સંખ્યાના સ્થૂલ ત્રણ ભેદ છે. સંખ્ય, અસંખ્ય અને અનંત. જીવાસ્તિકાય-આત્મા અસંખ્ય આત્મપ્રદેશોનો સમૂહ છે. આત્મપ્રદેશો જે અસંખ્યાતા છે, તે નિત્ય-અસંખ્ય જ રહે છે, એ તેનું સંખ્યા અખંડત્વ છે. વળી આ આત્મપ્રદેશો એકમેક સંલગ્ન નિત્ય રહે છે, તે તેનું સંલગ્ન અખંડત્વ અને આત્મા-જીવ એ જીવ મટી ધર્મ, અધર્મ, આકાશ કે પુદ્‌ગલ થતો નથી, જીવ મટી જઇ અજીવ થતો નથી અને જીવત્વ જાતિનો જ નિત્ય રહે છે, તે તેનું જાતિ અખંડત્વ છે. આ પ્રદેશસમૂહો-અસ્તિકાયો પ્રદેશથી સામાન્ય છે પરંતુ પોતપોતાના ગુણધર્મથી-ભાવથી ભિન્ન ભિન્ન છે. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના અનુક્રમે સ્વ-પર પ્રકાશકતા, ગતિપ્રદાનતા, સ્થિતિપ્રદાનતા, અવગાહના પ્રદાનતા અને ગ્રહણત્વ એ પાંચ આગવા પરમભાવ છે. જીવાસ્તિકાય એ ચેતન છે, તેને છોડીને બાકીના ચાર જડ છે. પુદ્‌ગલાસ્તિકાયમાં નામ-નામાંતરતા અને રૂપ-રૂપાંતરતા તથા ક્ષેતાંતરતા છે તેથી તે રૂપી છે, જ્યારે જીવાસ્તિકાય એના શુદ્ધ સ્વરૂપમાં અને ધર્મ-અધર્મ-આકાશ એ ચાર અરૂપી છે-એટલે કે નિત્ય તેમનું એકરૂપ, એક સરખો જ એક આકાર હોય છે. એ અર્થમાં જ એ ચાર અનામી, અરૂપી, અમૂર્ત, નિરાકાર કહેવાય છે. પુદ્‌ગલ સંયોગી જીવ સંસારી છે અને પુદ્‌ગલમુક્ત શુદ્ધ જીવ શિવ-પરમાત્મા છે. અવિભાજ્ય પુદ્‌ગલ સ્વતંત્ર હોય ત્યારે પરમાણુ કહેવાય છે. જ્યારે સ્કંધના એક ભાગ-અંશ તરીકે તે પ્રદેશ કહેવાય છે. ધર્મ, અધર્મ અને આકાશ એક એક દ્રવ્ય છે, જ્યારે જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય સંખ્યામાં એકથી અધિક હોય છે અને તે અનંતા છે.

કેવળદર્શનમાં આ પાંચે અસ્તિકાય પ્રદેશો દેખાય છે તે કેવળજ્ઞાની ભગવંતનો સામાન્ય નિરાકાર ઉપયોગ છે અને કેવળજ્ઞાનમાં આ પાંચે અસ્તિકાયના ભાવ ગુણ-પર્યાય-ગુણધર્મ જણાય છે તે કેવળજ્ઞાની ભગવંતનો વિશેષ ઉપયોગ છે જે સાકાર ઉપયોગ છે. કેવળીભગવંતને એકક્ષેત્રી રહેલ પાંચે અસ્તિકાયો કેવળદર્શનમાં દેખાય છે પણ એ પાંચ અસ્તિકાય ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ જીવ રૂપે જે જુદા જુદા જણાય છે એ, તે તે અસ્તિકાયના ગુણ-પર્યાયથી જણાય છે જે કેવળીભગવંતનું કેવળજ્ઞાન છે.

દર્શન એ જ્ઞાનનો અંશ છે અને જ્ઞાન એ દર્શનનો વિસ્તાર છે. દર્શન, પ્રદેશપિંડને જુએ છે અને જ્ઞાન પ્રદેશપિંડને એના ગુણધર્મથી જાણે છે. દ્રવ્ય અને ગુણના કલ્પિત સંવાદમાં ગુણ દ્રવ્યને અર્થાત્

પ્રદેશપિંડને જણાવે છે તે તારું નામકરણ કરનાર હું છું, કેમકે તારી તારાપણાની ઓળખ મારા (ગુણ) વડેછે. તો ઉત્તરમાં વળી દ્રવ્ય પણ ગુણને જણાવે છે કે તને (ગુણને) સ્થાન મેં (દ્રવ્યે) મારામાં આપ્યું છે. તને (ગુણને) આધાર મેં (દ્રવ્યે) આપ્યો છે. જોવું, જાણવું, વેદવું, ચેતવું એ જ્ઞાનધર્મ છે, એ આત્મધર્મ છે. આગ લાગતા જીવ ભાગંભાગી, દોડાદોડી કરશે અને બચવાના સર્વ પ્રયત્નો કરશે. ઘરનું રાચરચીલું કાંઇ દોડાદોડી કરવાનું નથી. દર્શન પણ જ્ઞાનમૂલક છે. મૂળમાં જ્ઞાન ન હોય તો દર્શન નહિ હોય. સાકર અને ફટકડી એ બે દ્રવ્યોને જોઇએ છીએ તે દર્શનનું કાર્ય છે. પરંતુ સાકરને સાકર તરીકે તેની મીઠાશથી અને ફટકડીને ફટકડી તરીકે તેની તુરાશથી જાણવાનું અને જુદા પાડવાનું જે કાર્ય છે તે જ્ઞાનનું કાર્ય છે. આજ વાત આનંદઘનજી મહારાજશ્રીએ વાસુપૂજ્ય સ્વામિના સ્તવનમાં બે લીટીમાં કહી દીધી છે કે...

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે.

વાસુપૂજ્ય જિન ત્રિભુવન

પુદ્ગલ પરમાણુ સ્કંધમાં ભળે પણ છે અને સ્કંધથી છૂટો પણ પડે છે. પુદ્ગલ પરમાણુ સ્કંધમાં ભળતાં તેના દેશ-પ્રદેશ- સ્કંધ એવાં વિભાગ પડે છે. તેમ પુદ્ગલ પરમાણુ જે સૂક્ષ્મ છે અને કેવળીભગવંતના કેવળજ્ઞાનનો વિષય છે, એ પરમાણુ સ્કંધમાં ભળતાં સ્થૂલ બને છે. આમ સ્થૂલ અને સૂક્ષ્મ એ પુદ્ગલના ભેદ છે. જ્યારે આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં શૂન્ય છે. પરંતુ વર્તમાનમાં આપણે છદ્મસ્થ સંસારી જીવો પુદ્ગલ સંયોગે સ્થૂલ અને સૂક્ષ્મ છીએ. કારણ કે સંસારી જીવ કર્તા-ભોક્તા ભાવે પુદ્ગલના અર્થાત્ કર્મના બંધનથી બંધાયો છે. જીવ પુદગલથી બંધાયો છે તેથી પુદ્ગલના બધાય ગુણધર્મો જીવને લાગુ પડે છે. જીવની કાયા પુદ્ગલથી બનેલી છે માટે જીવનું ઔદારિક કે વૈક્રિય શરીર સ્થૂલ છે જ્યારે તેજસ, કાર્મણ અને આહારક શરીર સૂક્ષ્મ છે. ઔદારિક શરીરથી વૈક્રિય શરીર સૂક્ષ્મ છે. વૈક્રિય શરીરથી આહારક શરીર, આહારક શરીરથી તેજસ શરીર અને તેજસ શરીરથી કાર્મણ શરીર ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ છે.

સ્થૂલ અને સૂક્ષ્મ એ જે પુદ્ગલના ભેદ છે તેના પાછા વિશેષે પેટાભેદ પડે છેઃ (૧) સ્થૂલ-સ્થૂલ, (૨) સ્થૂલ, (૩) સ્થૂલ-સૂક્ષ્મ, (૪) સૂક્ષ્મ-સ્થૂલ, (૫) સૂક્ષ્મ અને (૬) સૂક્ષ્મ-સૂક્ષ્મ.

સ્થૂલ સ્થૂલ પુદ્ગલનું ઉદાહરણ છે 'પથ્થર', કે જે દેખી શકાય છે, સ્પર્શી શકાય છે અને તે પથ્થરના બે ટૂકડા કરવામાં આવે તો ફરી એક કરી શકાતા નથી.

સ્થૂલ પુદગલનું ઉદાહરણ છે 'પાણી' કે જે દેખી શકાય છે, સ્પર્શી શકાય છે પરંતુ તેના બે ભાગ પાડ્યા બાદ, એ બે ભાગ ભેગાં કરવામાં આવે તો ભેળાં થઇ શકે છે.

સ્થૂલ-સૂક્ષ્મ પુદ્ગલનું ઉદાહરણ છે 'પડછાયો' જે દેખી તો શકાય છે પણ સ્પર્શી શકાતો નથી અને પથ્થર કે પાણીની જેમ ઉપાડી શકાતો નથી.

સૂક્ષ્મ-સ્થૂલ પુદ્ગલનું ઉદાહરણ છે 'ભોગ્ય પદાર્થનો ભોગ'.. ભોગ-સ્વાદ એ સૂક્ષ્મ-સ્થૂલ છે જે અનુભવી-માણી શકાય છે- આસ્વાદી શકાય છે પણ દેખી શકાતો નથી. ભોગ્ય પદાર્થ પોતે સ્થૂલ છે પણ એનો ભોગ સૂક્ષ્મ-સ્થૂલ પ્રકારનો છે. વેદી તો શકાય છે પણ એને આકાર આપી શકાતો નથી. માત્ર ઇન્દ્રિયોથી જ તે પકડી શકાય છે. એક વ્યક્તિનું વેદન, તે કર્મજનિત તો છે, પણ બીજી વ્યક્તિ તે વ્યક્તિનું વેદન કરી શકતી નથી.

સૂક્ષ્મ પુદ્ગલનું ઉદાહરણ છે 'કર્મવર્ગણા', જે દેખી શકાતી નથી, પકડી શકાતી નથી. અનુભવી શકાતી નથી છતાં જીવાત્માના રાગાદિ ભાવોએ કરીને તે આત્મપ્રદેશે ચોંટી જઇ શકે છે અને કર્મરૂપે પરિણમી શકે છે.

સૂક્ષ્મ સૂક્ષ્મ પુદ્ગલનું ઉદાહરણ છે 'એક પુદ્ગલ પરમાણુ' જે દેખી શકાતો નથી, સ્પર્શી શકાતો નથી એટલે પકડી શકાતો નથી. ઇન્દ્રિયોથી અનુભવી શકાતો નથી અને એક પુદ્ગલ પરમાણુ સ્વતંત્રપણે અન્ય પુદ્ગલ પરમાણુ સાથે ભળ્યા વગર આત્મ પ્રદેશે ચોંટી શકતો નથી. એક પુદ્ગલ પરમાણુને માત્ર કેવળજ્ઞાની ભગવંતો જ તેમના કેવળજ્ઞાનમાં જોઇ શકે છે અને જાણી શકે છે એટલે કે કેવળીગમ્ય છે.

પુદગલદ્રવ્ય ઉત્પાદ-વ્યય, સંયોગ-વિયોગ, સર્જન-વિસર્જન અને સંકોચ-વિસ્તારના ગુણધર્મો ધરાવે છે. પુદ્ગલનો ઉત્પાદ થાય છે અને વ્યય પણ થાય છે. દેહનો જન્મ થાય છે અને દેહનું મૃત્યુ પણ થાય છે, રાખ બની જાય છે કે પછી માટી, માટીમાં ભળી જાય છે. પુદ્ગલદ્રવ્યની બનેલ સાધન સામગ્રી, ભોગ્ય પદાર્થો આદિ આવી મળે છે એટલે કે સંયોગ થાય છે અને એ સઘળું ચાલી પણ જાય છે. અર્થાત્ ટળી જાય છે એટલે કે વિયોગ થાય છે. પુદગલદ્રવ્યનું સર્જન પણ થાય છે અને વિસર્જન પણ થાય છે. માંડવાનું મંડપારોપણ પણ થાય છે અને માંડવાનું વિસર્જન-ઉત્થાપન પણ થાય છે. મૂર્તિનું સર્જન પણ થાય છે અને વિસર્જન પણ થાય છે. ગણપતિ, દુર્ગાદેવી આદિનું સર્જન, સ્થાપન પણ થાય છે અને ઉત્થાપન, વિસર્જન પણ થાય છે. એ જ પ્રમાણે પુદ્ગલદ્રવ્યનો સંકોચ વિસ્તાર પણ થાય છે. કળી ખીલી ફૂલ પણ બને છે જે વળી કરમાય, ચીમળાઈ પણ જાય છે. બાળક, કિશોર, યુવાન, પ્રૌઢ અને પછી વૃદ્ધ પણ થાય છે. શરીર વધી વધીને, ફૂલી જઇ, સોજા ચઢી જઇ સ્થૂલ, જાડું પણ થાય છે અને શોષાઈ જઇને, ગળી જઇને પાતળું પણ થઇ જાય છે. ફળ વધે છે, પાકે છે અને પાછું પડ્યું પડ્યું શોષાઈ પણ જાય છે. આમ પુદગલ પોતે પોતામાં અને પોતામાં પણ પરિવર્તનને પામે છે, રૂપાંતર થયાં કરે છે અને પાછું પુદ્ગલ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં પરિભ્રમણ, સ્થાનાંતર કર્યા કરે છે. રૂપરૂપાંતરતા, ક્ષેત્રક્ષેત્રાંતરતા એટલે કે પરિવર્તનશીલતા અને પરિભ્રમણશીલતા એ પુદ્ગલાસ્તિકાય અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ગુણ છે. અસ્થિરતા, અનિત્યતા, ચંચળતા, ક્ષણિકતા, બહુરૂપીપણું, વિનાશિતા, વિચિત્રતાનું જ નામ છે પુદ્ગલદ્રવ્ય ! સ્થૂલ એવી સીગારેટનો ધૂમાડો થઇ સૂક્ષ્મ બની જાય છે તો સૂક્ષ્મ એવા પુદ્ગલ પરમાણુ બાવા, જાળા, કચરારૂપે પરિણમતા આપણે બારી બારણા બંધ રાખવામાં આવેલા અવાવરુ ઘરમાં જોતાં આવ્યા છીએ. એ ક્યારે જમા થઇ જાય છે તેનો પત્તો જ લાગતો નથી.

જે સ્થૂલ છે તે સખત છે, કડક છે, કઠણ છે અને સૂક્ષ્મ છે તે મૃદુ છે, મુલાયમ છે, વ્યાપક છે એ આપણે ચિદાદિત્યાદિથી કેવળજ્ઞાનની સમજણના પ્રકરણમાં 'ચિદાદર્શ' અંતર્ગત જોઇ ગયા છીએ.

(૧) એક સમય (૨) એક પુદ્ગલ પરમાણુ અને (૩) ચૈતન્યમય જીવનું ક્ષણિક મન એટલે કે ચિદશક્તિ એ ત્રણે ય તત્ત્વ જો સમજાય તો સમસ્ત જગત-સચરાચર સમજાઈ જાય. સમસ્ત વિશ્વ આ ત્રણેય તત્ત્વોનો વિસ્તાર છે. એકમાત્ર કેવળજ્ઞાની ભગવંતો જ આ ત્રણ તત્ત્વને સમજી શકે છે.

આત્માનું દર્શન એ જ આત્માનું વેદન, આત્મ સાક્ષાત્કાર ! ઉભય સમકાળ, યુગપદ છે. અભેદ છે. જ્યારે પુદ્ગલદ્રવ્ય બાબતમાં પ્રથમ પુદ્ગલપદાર્થનું દર્શન છે અને પછી જીવ તેનું વેદન કરે છે. પુદ્ગલદર્શન ઇન્દ્રિયગ્રાહ્ય છે જે બધાંય કરી શકે છે. આત્મદર્શન ઇન્દ્રિયાતીત અર્થાત્ અતીન્દ્રિય છે. જે દર્શન કરે છે તે જ વેદન કરે છે. જેને આત્મદર્શન થયું છે તે બીજાને આત્મદર્શન કરાવી શકતો

નથી. હા ! એ જ્ઞાની ભગવંત આત્મ સાક્ષાત્કારનો માર્ગ-મોક્ષમાર્ગ જરૂર બતાડી શકે છે.

પુદ્‌ગલ વિનાશી છે તો આત્મા અવિનાશી છે. પુદ્‌ગલ હાનિ, વૃદ્ધિ, ઉત્પાદ-વ્યયવાળું છે તો આત્મા અક્ષય છે. પુદ્‌ગલ હલકું-ભારે, ગુરુ-લઘુ છે તો આત્મા અગુરુ-અલઘુ છે. પુદ્‌ગલમાં બાધ્ય બાધક ભાવ છે તો આત્મા અવ્યાબાધ છે. પુદ્‌ગલ રૂપી-મૂર્ત-નામી છે તો આત્મા અરૂપી, અમૂર્ત, અનામી છે. પુદ્‌ગલ જડ, અજીવ, અબ્રહ્મ છે તો આત્મા ચેતન, જીવ, બ્રહ્મ છે. પુદ્‌ગલ સ્થૂલ સૂક્ષ્મ છે તો આત્મા શૂન્ય છે. શૂન્ય એટલે આત્માનો અભાવ નહિ પણ અસરનો અભાવ. સ્વરૂપસ્થ સિદ્ધાત્મા પરમાત્માને નથી તો કોઇ બહારના દ્રવ્યોની અસર પહોંચતી કે નથી તો તેઓ કોઇને કશી અસર પહોંચાડતા. અન્ય દ્રવ્યો સાથે એકક્ષેત્રી હોવા છતાં ન તો સિદ્ધાત્મા કશી કોઇને બાધા પહોંચાડે છે કે કોઇ કશી એમને બાધા પહોંચાડી શકવા સમર્થ બને છે. આ જ આત્માનું શૂન્યત્ત્વ છે. માટે જ પુદ્‌ગલયુક્ત સંસારી જીવોએ સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જઇને શૂન્ય થવું તે પુદ્‌ગલના ગુણધર્મોના બંધનથી એટલે કે આવરણથી પર થઇ જઇ છૂટી જવું-મુક્ત થઇ જવું અર્થાત્ આત્માના શુદ્ધ ક્ષાયિક સિદ્ધ-સ્વરૂપને પામવું.

શુદ્ધ આત્મા જેમ શૂન્ય છે તેમ આકાશ પણ શૂન્ય છે. પુદ્‌ગલદ્રવ્યના સર્વ ભાવોનો નિષેધ કરી બાકી રહે તે અરૂપી. દૃષ્ટાંત તરીકે આકાશ તત્ત્વને દૃષ્ટિ સન્મુખ રાખી એમાં જો જ્ઞાન અને આનંદ એટલે કે જ્ઞાયકતા-વેદકતા ભેળવી દઇશું-ઉમેરી દઇશું તો પરમાત્મ તત્ત્વ-સિદ્ધાવસ્થા બુદ્ધિપ્રત્યક્ષ થઇ શકશે.

**દર્પણ, ચિત્રામણ અને છાયાથી કેવળજ્ઞાનની સમજણ :**

દર્પણ-અરીસો એ બિંબ છે. સન્મુખ રહેલો પદાર્થ એ બિંબ્ય છે અને અરીસામાં ઉપસતી પ્રતિકૃતિ એ બિંબ્યનું બિંબમાં ઉપસતું પ્રતિબિંબ છે. કેમેરા દ્વારા ઉપસાવવામાં આવતું છાયાચિત્ર, પાડવામાં આવતો ફોટો-તસવીર અને બિંબ-અરીસામાં, બિંબ્યનું પડતું પ્રતિબિંબ જેવું બિંબના રંગરોગાન, કદ, આકૃતિ સહિત અદલોદલ-હૂબહૂ Exact Similar હોય છે, ટી.વી. કેમેરા દ્વારા પ્રસારિત થતાં જીવંતચિત્ર Live Telecast જેવું હોય છે. એવું જ કેવળજ્ઞાની ભગવંત-જ્ઞાતાના કેવળજ્ઞાન-જ્ઞાનમાં જ્ઞેય (સર્વ પદાર્થો) ઝળહળે છે. અર્થાત્ પ્રતિબિંબિત થાય છે-દેખાય છે-જણાય છે. વળી તે ત્રિપરિમણી Three dimentional હોય છે અને જ્ઞેય પદાર્થના કદ જેવડાં જ કદનું હોય છે.

ચિત્રકાર દ્વારા થતું ચિત્રાંકન કે નિર્માણ કરાતી ચિત્રકૃતિ, શિલ્પકાર દ્વારા નિર્માણ કરવામાં આવતી શિલ્પકૃતિ અર્થાત્ ઘડવામાં આવતી મૂર્તિ Object-પદાર્થના જેવી હોય છે. પરંતુ અદલોદલ-હૂબહૂ નખશીખ તે પદાર્થ-Objectના જેવી નથી હોતી. એ તો By and by ક્રમિક હોય છે. ચિત્રાંકન-રેખાંકન હોય છે. એક એક રેખા દોરીને Line Out કરીને પછી ચિત્ર ઉપસાવવામાં આવે છે. ટાંકણાથી પાષાણને ટાંચી ટાંચીને મૂર્તિ-પ્રતિમાને ઘડવામાં આવે છે. All at a time તત્કાળ સમસમુચ્ચય હોતું નથી.

પૂર્વે 'ચિદાદિત્ય-ચિદાકાશ, ચિદાદર્શ-ચિદાનંદના વિશેષણથી કેવળજ્ઞાનની સમજણ'માં ચિદાદર્શ-અરીસા અને કેવળજ્ઞાન-ચિદ્ વિષે વિસ્તારથી વિચારી ગયાં છીએ. એમાં જણાવ્યા મુજબ શંકરની કસોટીમાંથી પસાર થવા માટે નામી ચિતારાએ પણ અરીસાનો સહારો લેવો પડ્યો હતો. કેવળજ્ઞાનમાં જ્ઞેય પ્રતિબિંબ રૂપે ઝળહળે છે, તે અપેક્ષાએ અરીસા જેવું છે તેથી ચિદાદર્શનના વિશેષણથી નવાજેલ છે. બાકી કેવળજ્ઞાન તો અરીસા કરતાંય ચડિયાતું છે. કેમકે અરીસામાં પ્રતિબિંબિત થવા માટે બિંબ્યનું બિંબ-અરીસાની સન્મુખ હોવું જરૂરી છે. જ્યારે કેવળજ્ઞાનમાં તો જ્ઞેય પદાર્થ, જ્ઞાતા એવા કેવળી ભગવંતથી ગમે તેટલો દૂર ગમે ત્યાં હોય, ગમે તેટલો મોટો કે નાનો-વિરાટ કે વામન હોય, ગમે તેવો હોય તે કેવળીભગવંતના કેવળજ્ઞાનમાં પ્રતિબિંબ રૂપે ઝળહળે છે. સૃષ્ટિના સર્વ જ્ઞેયો એક સમયમાં સમસમુચ્ચય અક્રમથી જણાય છે-દેખાય છે અને તે પણ જ્ઞેય તેના ગુણ-પર્યાય (ભાવ) સહિત જણાય છે.

બ્રહ્મ તો ખાડા ટેકરા વિનાનું સરળ, સપાટ, લીસું, સ્વચ્છ, ચકચકીત, શુભ્ર, ઉજ્જ્વળ, તેજસ્વી છે. તેથી જ સર્વ જ્ઞેય તેમાં ઝળહળે છે-બ્રહ્મજ્યોતથી ઝળાહળાં થાય છે- જ્ઞાનપ્રકાશમાં પ્રકાશિત થાય છે, જ્યારે અબ્રહ્મમાં તો ચિત્ર વિચિત્ર વિકલ્પોના ચિત્રામણો ચાલુ જ હોય છે.

પ્રકાશમાં, તડકામાં સર્વ પદાર્થોની છાયા પડે છે. છાયા સર્વની કાળી જ હોય છે. જ્યારે અરીસામાં પડતું પ્રતિબિંબ તો બિંબ્ય જેવા રંગનું હોય છે તેવા જ રંગનું પડે છે. ગોરો હોય તે ગોરો, કાળો હોય એ કાળો, જેવો હોય તેવો, દર્પણમાં દેખાય છે. ચિત્રમાં તો પાછળ રંગ પૂરવા પડે છે ત્યારે તે ચિત્ર રંગીન બને છે. અરીસામાં પડતું પ્રતિબિંબ તો બિંબ્ય જેવું રંગીન હોય તેવું રંગીન વગર રંગપુરણીએ હોય છે. એવું જ કેવળજ્ઞાનમાં જ્ઞાતાના જ્ઞાનમાં પ્રકાશિત થતા જ્ઞેયનું છે.

**નેત્ર, મગજ, આકાશ, ચિણદ્ધિ, નિદ્રા અને દ્રવ્યદ્રવ્યાંતરાદિ પાંચથી કેવળજ્ઞાનની સમજ :**

પ્રશ્ન મહત્ત્વનો એ ઉદ્‌ભવે છે કે કેવળજ્ઞાનમાં ગુણપર્યાય સહિત સમય માત્રમાં પ્રતિબિંબિત કેમ કરીને થાય ? સર્વજ્ઞેય પદાર્થો તેના સર્વભાવ સહિત કેવી રીતે સમાય ? આ કાંઇ સમજમાં આવતું નથી. તો એ વિશે વિચારીએ.

આપણી આંખો કેટલી નાનકડી છે ! નાનકડાં એવાં નેત્રમાં મોટામાં મોટો પહાડ, સારીય એવી સૃષ્ટિ દૃષ્ટિગોચર તો થાય છે ને? સહુ કાંઇ, નાની નાની આંખો જોઇ શકે છે ને ? જેમ નાનકડાં એવાં નેત્ર દ્વારા વિરાટ અને વિશાળ એવાં પહાડ, સાગર, સૃષ્ટિને તેના રંગરૂપ સહિત જોઇ શકીએ છીએ-દર્શન કરી શકીએ છીએ તેમ જ સર્વ જ્ઞેય પદાર્થો તેના સર્વ ગુણપર્યાય સહિત કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થઇને સહજ જ જણાય છે.

આપણાં નાનકડા અમથા મગજ Brainમાં કેટકેટલાં વર્તમાન-કાળના અને ભૂતકાળના બનાવો-ઘટના-પ્રસંગોનો સંગ્રહ થાય છે ! સ્મૃતિમાં સંગ્રહિત તે સર્વ ચિત્તમાં કેવાં તાદૃશ થાય છે ! આપણી બાવીસ ઈંચની ખોપરીમાં પૂર્વજન્મની વાત બાજુ પર રાખીએ તો પણ વર્તમાનકાળમાં જન્મીને સમજણ આવ્યા બાદ અને બાલ્યાવસ્થામાં સ્મૃતિતત્ત્વ-સ્મરણશક્તિ તેજ થયા બાદ, આપણું જ્ઞાન ક્ષણે ક્ષણે જાણવાનું ચાલુ જ રાખે છે. તે ક્ષણેક્ષણના પ્રત્યેક વિકલ્પો બાવીસ ઈંચની નાની અમથી ખોપરીમાં કેવાં સમાય છે ! આપણે શિક્ષણ લેવાનું ચાલુ કર્યા પછી કેટકેટલું ભણતર, શિક્ષા, પુસ્તકો વાંચ્યાં તે, વર્તમાનપત્રો વાંચ્યાં તેની સામગ્રીનો જો હિસાબ માંડીએ તો તે શિક્ષા, પુસ્તકો આદિની સામગ્રીથી કબાટોના કબાટો ભરાઈ જાય, તે સઘળું આપણે આપણા ચિત્તતંત્રમાં-મગજમાં Brainમાં જેમ સમાવ્યું છે, તેમ કેવળજ્ઞાની ભગવંતના બ્રહ્માંડના કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેયો તેના સર્વ ભાવ સાથે સમાય છે અને તાદૃશ થાય છે. પૂર્વધર મહર્ષિઓએ ચૌદ પૂર્વનું જ્ઞાન સંકલ્પ કરી મસ્તિકમાં સમાવ્યું હતું.

આકાશમાં આકાશપ્રદેશનો અવગાહના આપવાનો ગુણ છે અને તે ગુણ પ્રમાણે આકાશપ્રદેશ અવગાહના આપવાનું કાર્ય કરે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય આકાશપ્રદેશમાં અવગાહના લે છે. તેવી જ રીતે સર્વ જ્ઞેય પદાર્થો તેના સર્વ ભાવ સહિત કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. ખૂબી તો એ છે કે આકાશમાં અવગાહના લેવા માટે આકાશના આકાશપ્રદેશ સાથે સંલગ્ન થવું પડે છે, જ્યારે કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાં તો પદાર્થ ક્યાંય પણ રહ્યો હોય તેની સાથે સંલગ્ન થવાની કોઇ આવશ્યકતા રહેતી નથી. પદાર્થ કેવળજ્ઞાન સાથે સંલગ્ન થયા વિના જ કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે તે મહત્ત્વનું છે.

કેવળજ્ઞાની ભગવંત તો નિર્વિકલ્પ છે. તો પછી સંકલ્પ-વિકલ્પ વિના નિર્વિકલ્પદશામાં કેવળજ્ઞાની ભગવંત ક્રિયા કેવી રીતે કરી શકે છે ? શું આશ્ચર્ય નથી ? ના નહિ જ ! નિર્વિકલ્પદશામાં પણ સહજ જ ક્રિયા થતી રહેતી હોય છે. શું ક્યારેય નિદ્રિત વ્યક્તિની ચેષ્ટાનો વિચાર કર્યો છે ? નિદ્રિત વ્યક્તિનું નિરીક્ષણ કર્યું છે ? નિદ્રામાં અને નિદ્રામાં જ-ઊંઘમાં જ નિદ્રિત વ્યક્તિની પડખા ફેરવવાની ક્રિયા કે ધાબળો કાઢી લેવાની ક્રિયા જેમ સંકલ્પ-વિકલ્પ વિના સહજ રીતે થતી હોય છે, નિદ્રામાં જ સ્વપ્ન રચાય છે અને નિદ્રિત વ્યક્તિ નિદ્રાવસ્થામાં જ સ્વપ્નાવસ્થામાં એટલે કે સ્વપ્નાની દુનિયામાં સહજ જ સંકલ્પ-વિકલ્પ વિના સરકી જતી હોય છે. સ્વપ્નું કાંઇ નિદ્રિત વ્યક્તિ રચતી નથી, ઘિણદ્ધિ નિદ્રામાં નિદ્રાધીન વ્યક્તિ બડબડાટ કરે છે, બોલે છે, ચાલે છે. કોઇક કાર્ય પણ ઊંઘમાં ને ઊંઘમાં જ કરી આવીને પાછી નિદ્રાધીન થઇ જાય છે, તે સર્વ બોલવા, ચાલવા આદિની ક્રિયા જેમ સહજ સ્વયંસંચાલિત સંકલ્પ-વિકલ્પ વિના આપોઆપ જ થાય છે. તેમ સર્વજ્ઞ કેવળીભગવંતની સર્વ ક્રિયા-સર્વ કાંઇ સહજ સ્વયં સંચાલિત તથા ભવ્યતાનુસાર આપોઆપ જ થાય છે. નિદ્રાધીન વ્યક્તિ જે કાંઇ વિવિધ ક્રિયા કરે છે તે કાંઇ ઉપયોગ મૂકવાપૂર્વકની ક્રિયા નથી હોતી. એ તો સર્વના પોતાના જીવનાનુભવની વાત છે. આજનું વિજ્ઞાન પણ એ વાતને માન્યતા આપે છે. નિદ્રાધીન વ્યક્તિને કોઇ કહે ત્યારે ખબર પડે છે કે નિદ્રામાં એ શું બોલ્યો, ચાલીને ક્યાં ગયો, અને શું કર્યું. એને પોતાને તો જરાય હોશ, ભાન કે ખબર હોતી નથી કે પોતે નિદ્રામાં શું બોલ્યો, ક્યાં ગયો, અને શું ક્રિયા કરી.

કેવળજ્ઞાની અરિહંત ભગવંત અને કેવળજ્ઞાની અરિહંત તીર્થંકર પરમાત્મ ભગવંતને પણ કેવળજ્ઞાન થયા બાદ દેહ-આયુષ્ય હોય ત્યાં સુધી શેષ રહેલ ચાર અઘાતિકર્મ વિષેની સર્વ ક્રિયા આપોઆપ સ્વયંસંચાલિત Automatic સહજ જ તથાભવ્યાતાનુસાર થયા કરે છે. જાગૃતાવસ્થામાં-ઉજાગર દશામાં સંકલ્પ-વિકલ્પ રહિત, ઉપયોગ મૂક્યા વગર ઉપયોગવંત દશામાં કેવળજ્ઞાની ભગવંતને ત્રણે યોગ મન, વચન, કાયાની ક્રિયા સહજ ભાવે થયા કરે છે. ક્રિયા તેઓ દ્વારા કરાતી નથી પણ સહજ જ વીતરાગભાવે થયા કરે છે. એટલે જ તો કહ્યું છે કે 'જ્ઞાનીને બધું થયાં કરે અને અજ્ઞાની બધું કર્યા કરે !'

સ્વપ્નાવસ્થામાંથી બહાર આવી જાગીએ ત્યારે જેમ ભાન થાય છે કે, 'હું જ હતો' અને સ્વપ્નમાં જોયેલું એ માહ્યલું કશું જ નથી, તેમ સાધકે જાગૃતાવસ્થામાં જ્ઞાનદશાએ જગત વિષે વિચારવું જોઇએ કે...

'હું જ છું'-'હું સિદ્ધ સ્વરૂપ છું'-'હું બ્રહ્મસ્વરૂપ છું' 'અહં બ્રહ્માઽસ્મિ' । બાકી આ દેખાતું દશ્ય જગત કાંઇ નથી. સ્વપ્નાવસ્થામાં જીવે ભયંકર દુઃખ વેઠ્યું હોય પરંતુ જાગૃત થયા પછી તે દુઃખ ઊભું રહેતું નથી. તેમ કેવળી ભગવંતને કેવળજ્ઞાન થયા પછી-જ્ઞાનદશામાં આવ્યા પછી જગતનું દુઃખ લાગે ક્યાંથી ?

यत्क्षणं दश्यते शुद्ध, तत्क्षणं गतविभ्रमः ।
स्वस्थचितं स्थिरिभूतं, निर्विकल्पं समाधये ॥

પરમાનંદ પંચવિંશતિ

આપણું મતિજ્ઞાન જે જ્ઞાનાવરણીયકર્મથી આવૃત છે તે કેવળજ્ઞાનની તુલનામાં અનંતગુણી અલ્પ શક્તિ ધરાવે છે. એવાં એ અલ્પશક્તિશાળી મતિજ્ઞાનમાં પણ એક દ્રવ્ય જે જડ દ્રવ્ય છે, તેની વિચારણા ચાલી રહી હોય અને તે જડદ્રવ્યની વિચારણામાંથી ચેતનદ્રવ્યની વિચારણામાં પરાવર્ત કરવું હોય તો તે સમય માત્રમાં થાય છે. જડ અને ચેતન દ્રવ્યોની વચ્ચે કેટલી મોટી અને કેવી ખાઇ છે અર્થાત્ ભેદ-ભિન્નતા છે તો ય નિર્બળ એવું મતિજ્ઞાન સમયમાત્રમાં જડદ્રવ્યની વિચારણામાંથી ચેતનદ્રવ્યની વિચારણામાં ઉપયોગને સમય માત્રમાં પરાવર્ત કરી શકવા શક્તિમાન છે. એ જ પ્રમાણે ક્ષેત્ર વિષેનું ગમે તેટલું લાંબું અંતર હોય તો પણ ભિન્ન ભિન્ન ક્ષેત્રો ગમે તેટલા અંતરે હોય તો પણ મતિજ્ઞાનના ઉપયોગનું એક સમય માત્રમાં પરાવર્તન થઈ શકે છે. મુંબઇમાં બેસી સુરત, અમદાવાદ, ધ્રાંગધ્રા કે લંડનના ક્ષેત્રની વિચારણામાં રહેલો મતિજ્ઞાનનો ઉપયોગ સમયમાત્રમાં દિલ્હી કે ન્યૂયોર્ક ક્ષેત્રની વિચારણામાં પરાવર્ત કરી શકે છે. મહાવીર સ્વામી ભગવંતના કાળની વિચારણામાં રહેલો મતિજ્ઞાનનો ઉપયોગ સમયમાત્રમાં આદિનાથ ભગવંત-ઋષભદેવ સ્વામીનો કાળ જે ક્રોટાકોટી સાગરોપમ કાળના અંતરે છે તે કાળમાં પરાવર્ત પામી શકે છે. શાંત બેસી રહેલ વ્યક્તિ કારણ મળતાં કે કારણ વગર પણ ક્યારેક સમયમાત્રમાં શાંતભાવમાંથી રૌદ્રસ્વરૂપ ધારણ કરી ક્રોધિત થઇ ક્રોધના ભાવમાં પરાવર્ત થવામાં સમયમાત્ર લાગે છે. રતિમાંથી અરતિમાં, હર્ષમાંથી શોકમાં કે ઉદાસીનતામાંથી કામાતુર બની જવામાં વાર લાગતી નથી. આ સૂચવે છે કે મતિજ્ઞાનનો ઉપયોગ સમયમાત્રમાં ભાવપરિવર્તન કરી શકે છે.

આમ મતિજ્ઞાન જે કેવળજ્ઞાનની તુલનામાં નિર્બળ, અલ્પશક્તિવાળું હોવા છતાં દ્રવ્ય-દ્રવ્યાંતર, ક્ષેત્ર-ક્ષેત્રાંતર, કાળ-કાળાંતર, ભાવ-ભાવાંતર સમયમાત્રમાં કરી શકવા શક્તિમાન છે, તો પછી કેવળજ્ઞાન જે મતિજ્ઞાનની અપેક્ષાએ તો અનંત શક્તિશાળી છે તેવા કેવળજ્ઞાનમાં સમય માત્રમાં સર્વક્ષેત્રના, સર્વકાળના, સર્વદ્રવ્યો તેના સર્વગુણપર્યાય સહિત દેખાય-જણાય, એક સમયમાં પ્રતિબિંબિત થાય તેમાં નવાઇ શી છે ? આકાશમાં અવગાહના લેવા માટે તો, તે તે આકાશ પ્રદેશમાં, દ્રવ્યના પ્રદેશે પ્રવેશ મેળવવો પડે છે, ત્યારે અવગાહના મળે છે. જ્યારે જ્ઞેય તો ગમે તે આકાશપ્રદેશે, ગમે તે કાળમાં રહેલ હોય તો પણ તે કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે, તે કેવળજ્ઞાનની સર્વોચ્ચતા છે-સર્વોપરિતા છે. કબીરજીએ પણ ગાયું છે કે...

બુંદ સમાના સમુદ્ર મેં, જાનત હૈ સબ કોય;
સમુદ્ર સમાના બુંદ મેં, જાને વિરલા કોય.

અને મહામહોપાધ્યાયજીએ પણ શ્રી પરમાત્મ જ્યોતિ પંચવિંશતિમાં ગાયું છે કે...

प्रभा चंद्रार्कमादीनां, मितक्षेत्र प्रकाशिका ।
आत्मवस्तु परम् ज्योति–लोकालोक प्रकाशकः ॥

(ક્રમશઃ)

## લોક સ્વાસ્થ્ય મંડળ, શિવરાજપુર (પંચમહાલ)ને આર્થિક સહાય કરવા માટે નોંધાવાયેલી રકમની યાદી (ગતાંકથી ચાલુ)

ગતાંકમાં રૂા. ૨૫૦૦૦/-શ્રી છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ લખેલું તે રકમ સ્વ. શ્રી વ્રજલાલ મલુકચંદ મોદી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી દયાગૌરીના નામે સહાય આવેલી છે.

૬૦૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી પ્રવીણભાઇ એસ. શાહ
૩૦૦૦ શ્રી ધીરજલાલ તલકચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦ ડૉ. ડી. વી. શાહ
૩૦૦૦ શ્રી લીના શાહ
૩૦૦૦ શ્રી ઇન્દુલાલ એમ. શેઠ
૩૦૦૦ શ્રી નિર્મળાબહેન ઇન્દુલાલ શેઠ
૩૦૦૦ ડૉ. એચ. એ. શાહ
૩૦૦૦ ગં. સ્વ. વિજયાબાઇ લ. નાગડા
૩૦૦૦ શ્રી જનાર્દન એન. ભટ્ટ
૩૦૦૦ શ્રી ભુદરમલ યુ. શાહ
૩૦૦૦ શ્રી એન. એ. શાહ
૩૦૦૦ શ્રી પ્રિન્ટ આકાર પ્રા. લી.
૩૦૦૦ શ્રી સી. એ. દોશી
૩૦૦૦ શ્રી સરલા એચ. દોશી
૩૦૦૦ શ્રી ચંદ્રાવતી સી. દોશી
૩૦૦૦ શ્રી પદ્માબહેન ભગવાનદાસ શાહ
૩૦૦૦ મોદી ફાઉન્ડેશન ટ્રસ્ટ
૧૦૦૧ શ્રી પ્રકાશ એસ. દોશી

# આપણી અટકો

☐ ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)

આપણી અટકો વિશિષ્ટ, રહસ્યદર્શક અને સહેતુક હોય છે. એના પર કોઇ ને કોઇ સામાજિક, સાંપ્રદાયિક, વ્યાવસાયિક, ભૌગોલિક કે ઐતિહાસિક પ્રભાવ પડેલો હોય છે અને તેનું અવલોકન રસપ્રદ થઇ પડે છે.

આપણી કેટલીક અટકો નોકરીના પ્રકાર પરથી પડેલી હોય છે. એ નોકરી કાં તો પોતે કરતો હોય કે બાપ-દાદા આદિ પૂર્વજોએ અગાઉ કરી હોય છે. માસ્તર, કંપાઉન્ડર, મુનીમ, ગોલંદાજ, તલાટી, મુનસફ, મામલતદાર, મંત્રી, દાસ, દીવાન, પ્રધાન, મહેતા, કામદાર, ફોજદાર, કેપ્ટન, તારવાળા, ભંડારી, મુનશી, ભટ્ટ, (લડવૈયા), કોટવાલ, ગાર્ડ, ગાર્ડી, તારમાસ્તર, પે-માસ્તર, ડ્રાઇવર, પાયલોટ, માર્શલ, દસ્તુર, અધિકારી, રાઇટર, કલાર્ક, એંજિનિયર, આચાર્ય, રાજપુરોહિત વગેરે આ પ્રકારની છે.

કેટલીક અટકો પોતે યા પોતાના પૂર્વજોએ કરેલા ધંધાનો પ્રકાર સૂચવે છે. કાપડિયા, સુતરિયા, મણિયાર, ઝવેરી, શાસ્ત્રી, પુરોહિત, કંદોઇ, પેન્ટર, નાણાવટી, જોષી, દલાલ, પ્રજાપતિ, પરીખ, પારેખ, પ્રેસવાલા, બ્રોકર, મોદી, ઉપાધ્યાય, મિસ્ત્રી, રાજગોર, કોઠારી, પટેલ, યાજ્ઞિક, સોદાગર, તંત્રી, ગાંધી, વણઝારા, છીપા, રંગરેજ, વાળંદ, સુથાર, લુહાર, મોચી, દરજી, કપાસી, પૂજારી, શાહ, નાયક, પંચાલ, રેશમવાલા, ઉનવાળા, વૈદ્ય, ડૉક્ટર, હકીબ, અધ્વર્યુ, કોન્ટ્રાક્ટર, મશરૂવાળા, બાટલીવાળા, ખાંડવાળા, ગોળવાળા, કાથાવાલા, દૂધવાળા, મોતીવાલા, સોપારીવાલા, રેતીવાલા, મિઠાઇવાળા, લાયવાળા, બિસ્કીટવાળા, તોલાટ (તોળનાર), મર્ચન્ટ, શેર દલાલ, વીમાદલાલ, વીમાવાળા, વકીલ, તિજોરીવાલા, સાબુવાળા, ભૂતવાળા, સિનેમાવાળા, શ્રોફ-શરાફ, હીંગવાળા, તકતાવાળા, કોલસાવાળા, અફીણવાળા, દારૂવાળા, લોખંડવાળા, રંગવાળા, વાસણવાળા, પતરાવાળા, તારવાળા, તેલી, શાહીવાળા, દવાવાળા, રૂવાળા, ઘીવાળા, કાજી, ચોકસી, ઘડિયાળી, બેન્કર, લાકડવાળા, રંગવાળા, બંગડીવાળા, ડ્રેસવાળા, કેળાવાળા, સુખડિયા, ચોખાવાળા, લાખાણી, માવાણી, લોટવાળા, બરફીવાળા, પીઠાવાળા, કોઠાવાળા, કાંટાવાળા (તોલવાનો કાંટો રાખનાર), બારદાનવાળા, હલવાઇ, ટ્રકવાળા, ટોપીવાળા, તંબોળી, ખારવા, ટંડેલ, ભરવાડ જેવી સંખ્યાબંધ અટકો આપણે ત્યાં મળી આવે છે.

કેટલીક અટકો મોટી પદવી (પાયરી) કે હોદ્દો પણ દર્શાવી જાય છે. મહારાજા, નવાબ, મુખી, શેઠ, રાજા, જાગીરદાર, ઠાકોર, નગરશેઠ, રાયજાદા, શાહજાદા, દીવાન, પ્રધાન વગેરે અટકો આનાં દૃષ્ટાંતરૂપ છે.

કેટલીક અટકો વંશ કે જ્ઞાતિ કે ગોત્રનું સૂચન કરી જાય છે. ખત્રી, બ્રહ્મક્ષત્રિય, નીલકંઠ, રઘુવંશી, વૈષ્ણવ, વસિષ્ઠ, કશ્યપ, નાગર, સુર, ભટનાગર, માહ્યાવંશી, ચૌધરી, રબારી, ખાલપા, પ્રજાપતિ, મોઢ, ઇરાની, કુંભાર, લાડ, ભાટિયા, વસાવા, સોનીગરા, ચંદારાણા, ઘાંચી, ધોબી, સુથાર, લુહાર, મોચી, માછી, જાદવ, તડવી, આહીર, પઢિયાર, ભાવસાર, કાયસ્થ, જાટ, ભૈયા, દરજી, દાધીચ, ટેલર, છીપા, ભીલ, ભોઇ, બ્રહ્મભટ્ટ, રાવ, ચારણ, ગઢવી, ભાટ, સ્માર્ત,રાણા, ગોળા, સોની, કહાર, કંસારા, ખલાસી, કાછિયા, સૂર્યવંશી, ખારવા, વણકર, બારોટ, બારિયા, ગરાસિયા, મરાઠે, દેવકુલ, માળી, કાશ્યપ, રાવળ, રાવળજી, ઔદિચ્ય આદિ અટકો જ્ઞાતિસૂચક છે તો ચૌહાણ, ચાવડા, સોલંકી, સિસોદિયા, ઝાલા, વાઘેલા, જાડેજા, યાદવ, જાદવ, મોગલ, નિઝામ, ગોહિલ, પરમાર, રાઠોડ, અગ્નિહોત્રી અને રાજપૂત જેવી અટકો વંશસૂચક છે.

કેટલીક અટકો મિલકત, જાગીર કે ઇનામ બક્ષિસ યા શ્રીમંતાઇનું સૂચન કરતી હોય છે. બક્ષી, દેસાઇ, મહાજન, ઇનામદાર, નગરી, કુલ-શ્રેષ્ઠ, પાટીદાર, જાગીરદાર, જમીનદાર, મજમુદાર, લખપતિ, માણેક, ગામી, લાખાણી, વખારિયા, હવેલીવાળા, ઠાકર, વજીફદાર આદિ અટકો આ પ્રકારની છે.

કેટલીક અટકો અમુક પ્રકારના જ્ઞાનની ભૂમિકા કે હોંશિયારી યા ક્રિયાકાંડની પ્રવીણતાની સૂચક હોય છે. આવી અટકોમાં પંડિત, ચતુર્વેદી, ત્રિવેદી, દ્વિવેદી, એકવેદી, વેદી, વેદ, વેદિયા-(એક, બે, ત્રણ ને ચાર વેદ જાણનાર), સ્માર્ત (સ્મૃતિના જાણકાર), જોગી, યોગી (યોગમાં પારંગત), રાજ્યગુરુ, ઉપાધ્યાય, અધ્વર્યુ, પુરાણી, પુરાણીક (પુરાણો જાણનાર), સહસ્ત્રબુદ્ધે, શતબુદ્ધે, પૂજારી, શાસ્ત્રી (શાસ્ત્રોમાં નિપુણ), શુક્લ, દીક્ષિત, ત્રિપાઠી, દ્વિપાઠી, એકપાઠી, પાઠક, જ્ઞાની, વ્યાસ, આચાર્ય, યાજ્ઞિક, કવિ, રાજકવિ, કવીશ્વર, ખબરદાર આદિને ગણાવી શકાય.

કેટલીક અટકો ગુણદર્શક યા વિશિષ્ટ લક્ષણ દર્શાવનાર હોય છે. વિશ્વાસ, સાધુ, ત્યાગી, તિલક, હરિભક્ત, સંતોષી, ભક્ત, દેશભક્ત, હર્ષ, નાયક, ભગત, ભોગી, દયાલ, આઝાદ, ધ્યાની, ઋષિ, ગોંસાઇ, સ્વામી, ગોસ્વામી, બહુગુણા, આદિ આવી અટકો છે તો બીજી તરફ ખલીફા, નાથબાવા, બુદ્ધદેવસ્વામી, મિયાંદાદ, દેવમુરારી, ઇસમાઇલી, જરથોસ્તી, ખોજા, મામીન, શેખ, હાજી (હજ કરી આવનાર), બુદ્ધ, જૈન, સંઘવી (ધર્મસંઘ લઇ જનાર), મેમણ, વ્હોરા, મનસુરી, તપોધન, રામાનુજ, રામૈયા, હનુમંતૈયા, દસ્તુર, ખ્રિસ્તી, ક્રિશ્ચિયન, બુદ્ધ, આર્ય, ગોર, દરગાહવાળા, યાત્રિક, વૈશ્ય, વૈષ્ણવ, સ્વામીનારાયણ જેવી અટકો ચોક્કસ ધર્મસૂચક હોય છે.

કેટલીક અટકો વ્યક્તિ પોતે કે તેના પૂર્વજો જ્યાંના મૂળ વતની કે રહેવાસી હોય તે ગામ, દેશ, રાજ્ય કે સ્થળનો નિર્દેશ કરે છે, ભરૂચા, કચ્છી, સુરતી, સુરતવાલા, વાંકાનેરી, મલબારી, દાદરાવાળા, વડોદરિયા, સાયણિયા, નગ્રાસના, ટંકારવા, નવસારવી, બલસારા, ઉદવાડિયા, આણંદપુરા, પેટલીકર, સુણાવકર, દૂધરેજિયા, કનોજિયા, માંડલિયા, માલવિયા, ભાલિયા, સિહોરી, ધંધુકિયા, મ્હૈસુરી, નડિયાદી, કનોડિયા, કોઠીવાળા, નડિયાદવાળા, નહેરૂ, શેખડીવાળા, ગણદેવિયા, માવલિયા, તલસાણિયા, પાદરાકર, પીલવાઇકર, ધોળકિયા, પુનાવાલા, રાંદેરિયા, રાંદેરી, બાબરિયા, ત્રાપજકર, જસાપરા, પોરબંદરી, ચીખલીકર, સિનોરવાળા, શાહપુરકર વગેરે. આ પ્રકારની અસંખ્ય અટકો જોવા મળે છે. જેટલાં ગામ તેટલી અટકો થઇ શકે.

આમાં એક બીજો એવો જ પ્રકાર મળે છે કે કોઇ વ્યક્તિનું કુટુંબ કમાવા કે નોકરી ધંધા માટે પરદેશ થોડાં વર્ષો માટે જઇ આવ્યું હોય તે પછી ત્યાંથી સારી એવી કમાણી-ધન-દોલત ઉપાર્જન કરીને સ્વદેશ પાછું આવ્યું હોય તેમની અટકોમાં એ દેશના નામનો નિર્દેશ થયેલો નજરે પડે છે. બર્માવાળા, ચિનાઇ, એડનવાલા, પરદેશી, રંગુનવાળા, બગદાદવાળા, લંડનવાળા, વિલાયતી, ઇરાની, સિંગાપોરિયા, જિંજીવાળા, આફ્રિકાવાળા, ફીજીવાળા, ઇરાક જેવી અટકો આ જાતની છે.

આમ, આપણી અટકો પર નોકરી, વંશપરંપરાગત ધંધા-રોજગાર પદવી-હોદ્દા-માનઅકરામ, ખાનદાન, કુટુંબ, વંશ, ધર્મજ્ઞાતિ, જ્ઞાન પાંડિત્ય, ગુણાઢ્યતા, વતન, જન્મસ્થાન કે પરદેશ-ગમનની ઓછીવત્તી અસર પડેલી હોય છે.

# આર્ય વજ્રસ્વામી

☐ પ્રો. તારાબહેન રમણલાલ શાહ

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી એમના શાસનકાળમાં સુધર્મસ્વામીની પરંપરાએ લગભગ પાંચસો વર્ષે આવનાર આર્ય વજ્રસ્વામી છેલ્લા દસપૂર્વધર મહાત્મા હતા. આર્ય સુહસ્તિના ગચ્છમાં તેઓ તેરમા પટ્ટધર હતા.

વજ્રસ્વામી જૈન શાસનની મહાન વિભૂતિઓમાંના એક ગણાય છે.

જૈન ધર્મ પ્રમાણે પૂર્વની સંખ્યા ચૌદની છે. છેલ્લા શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વના જાણકાર હતા. સ્થૂલિભદ્ર ચૌદ પૂર્વમાંથી છેલ્લા ચાર પૂર્વના માત્ર સૂત્રથી જાણકાર હતા, અર્થથી નહિ. એમનામાં ઉદ્‌ભવેલા ક્ષણિક માનકષાયને કારણે ભદ્રબાહુસ્વામીએ એમને બાકીનાં ચાર પૂર્વ અર્થથી ભણાવ્યાં નહોતા. ચૌદમાંથી દસ પૂર્વના જાણકાર અથવા ધારણહાર સાધુ ભગવંત દસપૂર્વધર કહેવાય છે. વજ્રસ્વામી એવા દસપૂર્વધર હતા. પૂર્વ અથવા પૂર્વશ્રુત એટલે શું ? પ્રત્યેક તીર્થંકરના શાસનકાળમાં તેમની પૂર્વે થયેલા તીર્થંકરના કાળનું ચાલ્યું આવતું શ્રુતજ્ઞાન અથવા શ્રુતસાહિત્ય તે પૂર્વશ્રુત કહેવાય છે. એ પૂર્વશ્રુતમાં તે સમયે પ્રવર્તમાન તીર્થંકરના કાળનું શ્રુતસાહિત્ય અથવા ધર્મવિષયક સાહિત્ય ઉમેરાય છે. એમ પ્રત્યેક તીર્થંકરના સમયનું સાહિત્ય ઉમેરાઇને ધર્મસાહિત્યનો રાશિ વિશાળ બનતો જાય છે. આ રીતે કુલ ચૌદ પૂર્વ બન્યાં છે, કારણ કે તે શ્રુતરાશિ ચૌદ વિષય વિભાગમાં વહેંચાયેલો છે.

પ્રાચીન પ્રાગૈતિહાસિક કાળમાં લેખન-મુદ્રણનાં સાધનો નહોતાં. ગુરુમુખેથી સાંભળીને શિષ્યો જ્ઞાન ગ્રહણ કરતા. શ્રુત એટલે સાંભળેલું. તેથી તે શ્રુતસાહિત્ય કહેવાયું. તીર્થંકર ભગવાન જે દેશના આપે તે ગણધર ભગવંતો ઝીલીને દ્વાદશાંગીની રચના કરે. દ્વાદશાંગી એટલે બાર અંગમાં અથવા વિભાગમાં વહેંચાયેલો તીર્થંકર ભગવાનનો ઉપદેશ. બારમા અંગનું નામ છે દષ્ટિવાદ. તે અત્યારે લુપ્ત છે. આ વિશાળ પૂર્વશ્રુત તે દષ્ટિવાદનો ભાગ છે. તેમાં જીવન અને જગતના મહત્ત્વના તમામ વિષયોની અત્યંત સૂક્ષ્મ રીતે છણાવટ કરવામાં આવી છે.

ચૌદ પૂર્વના નામ આ પ્રમાણે છે: ૧. ઉત્પાદપ્રવાદ, ૨. અગ્રાયણીયપ્રવાદ, ૩. વીર્યપ્રવાદ, ૪. અસ્તિનાસ્તિપ્રવાદ, ૫. જ્ઞાનપ્રવાદ, ૬. સત્યપ્રવાદ, ૭. આત્મપ્રવાદ, ૮. કર્મપ્રવાદ, ૯. પ્રત્યાખ્યાનપ્રવાદ, ૧૧. કલ્યાણપ્રવાદ, ૧૨. પ્રાણ-આયુપ્રવાદ, ૧૩. ક્રિયાવિશાલપ્રવાદ અને ૧૪. લોકબિંદુસારપ્રવાદ.

આપણા પૂર્વશ્રુતનું કદ આપણે કલ્પી ન શકીએ એટલું મોટું છે. એ કેટલું મોટું છે તે બતાવવા માટે એમ કહેવાય છે કે ફક્ત પ્રથમ પૂર્વશ્રુત લખવા માટે એક હાથીના વજન જેટલી શાહી જોઇએ. બીજા પૂર્વમાં બે હાથીના વજન જેટલી, ત્રીજા પૂર્વમાં ચાર હાથીના વજન જેટલી, એમ ઉત્તરોત્તર બમણી બમણી ગણીને, શાસ્ત્રકારોએ બતાવ્યું છે તે પ્રમાણે ચૌદ પૂર્વ લખવા માટે સોળ હજાર ત્રણસો ત્યાશી, અંકે ૧૬૩૮૩ હાથીના વજન જેટલી શાહી વપરાય. ચૌદ પૂર્વમાં લખાયેલા પદોની સંખ્યાનો કોઇ હિસાબ નથી. આ કરોડો પદો યાદ રાખે તે પૂર્વધર કહેવાય. જેની ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ અને ધારણાશક્તિ એ ત્રણે શક્તિ આશ્ચર્યજનક રીતે વિકસી હોય તે જ વ્યક્તિ આ વિશાળ શ્રુત ધારણ કરી શકે. દરેક તીર્થંકરના કાળમાં મુનિઓની સંખ્યા ઘણી મોટી હોય છે, પરંતુ પૂર્વધર સાધુની સંખ્યા ઘણી મર્યાદિત હોય છે, કારણ કે પૂર્વશ્રુત માટેની યથાયોગ્ય ધારણાશક્તિ બહુ ઓછા મુનિઓમાં હોય.

પૂર્વધર બનવા માટે પાત્રતા જોઇએ. આત્માને ઉજ્જ્વળ કરે એવું આધ્યાત્મિક જ્ઞાન મેળવવા માટે અસાધારણ પ્રજ્ઞા ઉપરાંત મહત્ત્વની આવશ્યકતા તે મુનિપણું છે અને મુનિપણામાં નિર્મળ, નિરઅતિચાર ચારિત્ર છે. જીવ માત્ર પ્રત્યે કરુણાસભર હૃદય તથા મન, વચન, કાયાથી બ્રહ્મચર્યપાલન આ પૂર્વધરનાં અત્યંત મહત્ત્વનાં લક્ષણો છે.

ભગવાન મહાવીર સ્વામીના શાસનકાળમાં એક હજાર વર્ષ સુધી પૂર્વશ્રુતની પરંપરા ચાલી હતી. ત્યાર પછી પૂર્વનો વિચ્છેદ થયો. આર્ય વજ્રસ્વામી ભગવાન મહાવીર પછી લગભગ પાંચસો વર્ષે થયા. વજ્રસ્વામીનો જન્મ વિ. સં. ૨૬માં (વીર સં. ૪૯૬માં) થયો હતો. તેમને બાલવયે દીક્ષા આપવામાં આવી હતી. શાસનમાં જે બાલદીક્ષિત મહાત્માઓ થઇ ગયા છે એમાં વજ્રસ્વામીનું જીવન અદ્‌ભુત છે. એમના જીવનની બહુ વિગતો આપણને મળતી નથી. પણ જે મળે છે તે ઘણી રસિક છે અને એમના ઉજ્જ્વળ જીવનને સમજવામાં સહાયરૂપ છે.

વજ્રસ્વામીના પૂર્વભવનો પ્રસંગ પણ અત્યંત પવિત્ર અને પ્રેરક છે. તે આ પ્રમાણે છે: ભગવાન મહાવીરસ્વામીના પ્રથમ ગણધર ગુરુ ગૌતમસ્વામી જ્યારે પવિત્ર તીર્થ અષ્ટાપદ પર્વતની યાત્રાએ ગયા હતા ત્યારે સ્વર્ગમાંથી વૈશ્રમણ જૃંભકદેવ પણ પોતાના એક દેવ મિત્રને લઇને તે જ સ્થળે યાત્રાએ આવ્યા. બન્નેએ ગૌતમસ્વામીના દર્શન કર્યા, પરંતુ અદ્‌ભુત કાંતિવાળા ગૌતમસ્વામીનું પુષ્ટ શરીર જોઇને મિત્ર દેવના મનમાં પ્રશ્ન થયો કે 'સાધુ તે કંઇ આવા ભરાવદાર શરીરવાળા હોય ? સાધુ તો તપ કરે, કષ્ટ સહન કરે એટલે તે કૃશકાય હોય. પરંતુ ગૌતમસ્વામીનું શરીર તો સુખી માણસ જેવું ભરાવદાર છે !'

એ દેવના ચહેરા પરથી એની મૂંઝવણનો ખ્યાલ મનઃપર્યવજ્ઞાની એવા ગૌતમસ્વામીને તરત જ આવી ગયો. મનઃપર્યવજ્ઞાન એટલે બીજાના મનના ભાવો જાણવાની શક્તિ. ગૌતમસ્વામીને થયું કે હવે આ દેવના મનનું સમાધાન કેવ રીતે કરવું ?

સીધેસીધો ખુલાસો કરવાને બદલે ગૌતમસ્વામીએ દેવોને પાસે બેસાડીને કંડરીકપુંડરીકનો વૃત્તાન્ત કહ્યો. એ વૃત્તાન્ત નીચે પ્રમાણે છે :

કંડરીક અને પુંડરીક નામના બે રાજકુમાર ભાઇઓ હતા. બન્ને ભાઇઓ દીક્ષા લેવાનો પ્રબળ ભાવ ધરાવતા હતા, પરંતુ તેમના પિતાનું મૃત્યુ થતાં રાજ્ય ચલાવવાનો ભાર તેમના શિરે આવી પડ્યો. નાના ભાઇ કંડરીકે મોટાભાઇ પુંડરીકને રાજા બનવા મહામહેનતે સમજાવ્યા. પુંડરીકની સંમતિ મળતાં કંડરીકે દીક્ષા લીધી. દીક્ષા-જીવનમાં અતિ દુષ્કર તપ કરવાને લીધે અને પરીષહો સહન કરવાને કારણે કંડરીકને કોઇક અસાધ્ય રોગ લાગુ પડ્યો. વિહાર કરતાં કરતાં સાધુ કંડરીક એક દિવસ પોતાના ભાઇ પુંડરીકના રાજ્યમાં આવી પહોંચ્યા. રાજા પુંડરીકે એમનું સ્વાગત કર્યું અને પોતાના રાજમહેલમાં મુકામ કરાવ્યો. એમણે પોતાના સાધુ બનેલા ભાઇને આવી દશામાં જોઇને દુ:ખ થયું. એમણે રાજવૈદ્યની સલાહ અનુસાર યોગ્ય ઔષધોપચાર કરાવ્યા અને ઉત્તમ ખોરાક આપી કંડરીક મુનિને રોગમુક્ત બનાવ્યા. પરંતુ લાંબા સમય સુધી ઉત્તમ પૌષ્ટિક ખોરાક મળવાથી અને રાજમહેલની સગવડો મળવાથી મુનિ કંડરીકનું મન પ્રમાદી થઇ ગયું. દીક્ષાપાલન માટેના તેમના ભાવ બદલાઇ ગયા. રાજા થયેલા પોતાના મોટાભાઇ પુંડરીક કેવું સરસ સુખ માણે છે એ

જોઇ તેના મનમાં ઇર્ષાનો ભાવ જાગ્યો. મોટાભાઇ પુંડરીક નાના ભાઇના મનની આ વાત સમજી ગયા. એમને પણ પહેલાં તો દીક્ષા જ લેવી હતી. પણ રાજ્યની જવાબદારી આવી પડતાં રાજગાદી સ્વીકારી હતી. એમણે પોતાની દીક્ષા લેવાની ભાવનાની યાદ અપાવીને પોતાનું રાજ્ય નાના ભાઈ કંડરીકને સમજાવીને સોંપી દીધું.

હવે મુનિ કંડરીક રાજા થયા અને રાજા પુંડરીક મુનિ થયા. મુનિ પુંડરીક દીક્ષા ગ્રહણ કરીને તરત વિહાર કરી જંગલમાં પહોંચ્યા. ત્યાં એક વૃક્ષ નીચે બેસીને રાજા તરીકેના પોતાનાં કર્તવ્યોને કારણે બંધાયેલાં અશુભ કર્મોને માટે તથા પોતાના સંસારી જીવન માટે તેઓ ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. એમ કરતાં કરતાં તેઓ શુભ-ધ્યાનની ઉત્કૃષ્ટ શ્રેણીએ ચડી ગયા. એથી તેમનાં ઘાતી કર્મોનો ક્ષય થયો અને તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એ વખતે તેમનું માત્ર એક જ દિવસનું સાધુપણું હતું.

ગૌતમસ્વામીએ પેલા બે દેવોને કહ્યું કે 'પુંડરીક રાજા હતા એટલે ભરાવદાર શરીર અને તેજસ્વી મુખ કાંતિવાળા હતા. હવે એ જ વખતે જો કોઇ તેમને જુએ તો મનમાં શંકા જાગે કે સાધુ તે કાંઇ આવા ભરાવદાર દેહવાળા હોય ? એટલે બધા સાધુઓ હંમેશાં દુર્બળ શરીરવાળા અને ઓછી કાન્તિવાળા જ હોય તેવું નથી.'

ગૌતમસ્વામીએ કહેલું આ કંડરીક-પુંડરીક-અધ્યયન સાંભળીને એ દેવની શંકા નિર્મૂળ થઇ ગઇ. રાજા પુંડરીકની દીક્ષાનો પ્રસંગ અને એ કહેનાર ગૌતમસ્વામીનું તેજસ્વી સ્વરૂપ અને અગાધ જ્ઞાન એમને એટલા બધાં તો સ્પર્શી ગયાં કે દેવલોકમાં પાછા ફર્યા પછી પણ તેઓ રોજ કંડરીક-પુંડરીકના અધ્યયનનું વારંવાર સ્મરણ કરવા લાગ્યા. કેટલી વાર ? આપણને આશ્ચર્ય થાય પણ તેઓએ રોજ પાંચસો વાર સ્મરણ કર્યું. આ રીતે દેવલોકનાં પોતાના શેષ પાંચસો વર્ષ સુધી એમણે ગૌતમ સ્વામીને વંદન કરવાપૂર્વક આ કંડરીક-પુંડરીક-અધ્યયનનું સ્મરણ કર્યા કર્યું. પોતે દેવભવમાં હતા એટલે દીક્ષા લેવાનું તેમને માટે શક્ય નહોતું. પરંતુ દીક્ષાના તેમના ભાવ એટલા પ્રબળ અને ઊંચા હતા અને ગૌતમસ્વામી પ્રત્યેની એમની ભક્તિ એટલી દઢ હતી કે દેવભવના સુખોપભોગ ભૂલી તેઓ જાણે ગૌતમસ્વામીમય બની ગયા હતા. તેથી જ્યારે એ દેવનું સ્વર્ગમાંથી ચ્યવન થતાં, ભરતક્ષેત્રમાં મનુષ્ય તરીકે અવતરણ થયું ત્યારે તે વજ્રકુમાર તરીકે જન્મ્યા. પરિણામે તેઓ જાણે ગૌતમસ્વામીનું જ બીજું રૂપ હોય તેવા તેજસ્વી હતા.

વજ્રસ્વામીના પૂર્વ ભવનું ઉપર પ્રમાણે પ્રમાણે વૃત્તાન્ત મળે છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી પાંચસો વર્ષે (એટલે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં) ભારતવર્ષમાં અવંતિ-નગરીમાં તુંબવન નામના ગામમાં ધનગિરિ નામના એક અત્યંત ધાર્મિકવૃત્તિવાળા યુવાન શ્રાવક રહેતા હતા. લગ્નને યોગ્ય એમની વય થતાં એમનાં માતાપિતાએ એમને ઘણી કન્યાઓ બતાવી, પરંતુ ધનગિરિને દીક્ષા લેવાની ભાવના હતી. તેથી તેઓ દરેક કન્યાનાં માતાપિતાને પોતાની દીક્ષા લેવાની સાચી વાત કહી દેતા. એટલે એમના વિવાહ થતા અટકી જતા.

એ જ ગામમાં ધનપાલ નામના એક શ્રેષ્ઠી રહેતા હતા. તેમને સમિત નામનો એક દીકરો હતો અને સુનંદા નામની એક દીકરી હતી. તેઓ બંનેને પણ દીક્ષા લેવાની ભાવના હતી. પરંતુ તેમનાં માતાપિતાનો બંને સંતાનોને અને તેમાં પણ સુંદર પુત્રી સુનંદાને પરણાવવાનો ખૂબ આગ્રહ હતો. કુમાર ધનગિરિની હકીકત જાણતાં સુનંદા તેમની સાથે લગ્ન કરવા સંમત થઇ કે જેથી લગ્ન પછી તેઓ બન્ને દીક્ષા લઇ શકે. આવી રીતે લગ્ન કરવાથી બન્નેનાં માતા-પિતાને સંતોષ થાય અને લગ્ન પછી દીક્ષા લેવાની બન્નેની અભિલાષા પણ પૂરી થાય. આમ પરસ્પર અનુકૂળતા મળી જતાં અને બંનેના માતા-પિતા સંમત થતાં ધનગિરિ અને સુનંદાનાં લગ્ન થયાં.

હવે બન્યું એવું કે બંનેનાં ભોગાવલી કર્મ કંઇક બાકી હશે કે જેથી લગ્ન પછી સુનંદા સગર્ભા બની. અષ્ટાપદ પર્વત પર ગૌતમસ્વામીએ જે દેવને પુંડરીક-કંડરીક અધ્યયન સંભળાવ્યું હતું તે દેવનો જીવ ચ્યવીને સુનંદાના ઉદરમાં ગર્ભરૂપે આવ્યો. ઉદરમાં રહેલા આ જ્ઞાનવાન અને પુણ્યશાળી જીવના પ્રતાપે અને પ્રભાવે ધનગિરિના ઘરમાં આનંદનું વાતાવરણ છવાઇ ગયું.

એક દિવસ ધનગિરિએ સુનંદાને કહ્યું, 'સુનંદા ! તારા ઉદરમાં કોઇ અસાધારણ પુણ્યશાળી જીવ આવ્યો છે. તું માતા બનશે. ઘરમાં બાળક હશે એટલે તને એક આધાર મળી રહેશે. આપણે લગ્ન પહેલાં પરસ્પર નિર્ણય કર્યો હતો એ પ્રમાણે મને તું દીક્ષા લેવાની હવે રજા આપ.'

ધનગિરિ અને સુનંદાની ધર્મભાવના ઊંચી હતી. એટલે સુનંદાએ ધનગિરિને દીક્ષા લેવા માટે સહર્ષ સંમતિ આપી. ધનગિરિના સાળા સમિત પણ દીક્ષા લેવા તૈયાર થઇ ગયા. બંનેએ સિંહગિરિ નામના આચાર્ય પાસે દીક્ષા લીધા. ધનગિરિ શ્રેષ્ઠી હવે ધનગિરિ અણગાર અને સમિત હવે સમિત અણગાર બન્યા. દીક્ષા લીધા પછી પોતાના ગુરુ મહારાજ સાથે તેઓ ત્યાંથી વિહાર કરી ગયા.

સગર્ભાવસ્થાના નવ માસ પૂરા થતાં સુનંદાએ એક અત્યંત સુંદર, તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. આનંદિત થયેલી સુનંદાની સખીઓ નવજાત શિશુને જોઇ કહેવા લાગી, 'બેટા, જો તારા પિતાજીએ દીક્ષી લીધી ન હોત તો તેઓ તને જોઇને બહુ જ રાજી થાત અને એમણે તારો જન્મોત્સવ બહુ ધામધૂમથી ઊજવ્યો હોત!'

બાળક તો નાનું હતું. બોલતાં પણ તે શીખેલું નહિ. પણ એ સ્ત્રીઓના આ વાક્યમાં બોલાયેલો 'દીક્ષા' શબ્દ સાંભળતાં જ બાળકને જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમને કારણે જાતિસ્મરણજ્ઞાન (પૂર્વભવનું જ્ઞાન) થયું.

જ્ઞાનવરણીય કર્મો એટલે જ્ઞાનનું આવરણ કરે, જ્ઞાનને ઢાંકી દે તેવા પ્રકારનાં કર્મો. એવાં કર્મો કેવી રીતે બંધાય ? શાસ્ત્રકારો કહે છે કે જ્ઞાન કે જ્ઞાનીનો અવિનય કરવો, અકાળે ભણવું, જ્ઞાનની આશાતના કરવી, જ્ઞાનીની નિંદા કરવી કે ઇર્ષ્યા કરવી, બહુમાન કે ભક્તિભાવ વિના, મન વગર અધ્યયન કરવું, જ્ઞાનને સ્વાર્થ, દંભ કે અહંકારથી છુપાવવું, સૂત્રનો ઇરાદાપૂર્વક ખોટો અર્થ કે ખોટો ઉચ્ચાર કરવો, પોતાના જ્ઞાનનું અભિમાન કરવું, અજ્ઞાન કે અજ્ઞાનીની હાંસી કરવી, બીજાની જ્ઞાન પ્રાપ્તિમાં વિઘ્નો નાંખવા વગેરેથી અશુભ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. બીજી બાજુ જ્ઞાન કે જ્ઞાની તરફ ભક્તિભાવ રાખવો, તેમનું બહુમાન કરવું, વિનયપૂર્વક, શુદ્ધ ભાવપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો, જેઓ અધ્યયન કરતા હોય તેમને વિવિધ પ્રકારે સહાય કરવી તથા તેમની જ્ઞાનોપાસનાની અનુમોદના કરવી, તેમને તે માટે અનુકૂળતા કરી આપવી, જ્ઞાનનો સદુપયોગ કરવો વગેરે કરવાથી જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય છે. ક્ષય એટલે કર્મો ખરી પડવા અને ઉપશમ એટલે શાંત થઇ જવાં.

વજ્રસ્વામીનાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષમોપશમ ઘણો મોટો હતો. એટલે જ તેમને પોતાના પૂર્વના દેવભવમાં આનંદપ્રમોદ ભોગવવાને બદલે અષ્ટાપદજીની તીર્થયાત્રાએ જવાના ભાવ થયા હતા. ત્યાં ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીના દર્શનનો લાભ મળ્યો હતો. તેમની પાસેથી સાંભળેલા કંડરીક-પુંડરીક અધ્યયનનું તેઓ રોજ સ્મરણ કરતા અને મનુષ્યભવની તેઓ ઝંખના કરતા, કારણકે

માનવભવ સિવાય દીક્ષા શક્ય નથી. પછીના ભવની તેમની સિદ્ધિ અને આશ્ચર્યજનક, અપાર શક્તિ જોતાં એમ લાગે કે માત્ર છેલ્લા દેવભવમાં જ નહિ પરંતુ એથીયે પહેલાંના ભવમાં તેમણે જ્ઞાનની અને તપની આરાધના કરી હશે.

બાળક વજ્રકુમારે માતાની સખીઓના મુખેથી 'દીક્ષા' શબ્દ સાંભળતાં જ મનમાં સંકલ્પ કરી લીધો કે પોતાને હવે જો મનુષ્ય ભવ મળ્યો જ છે, તો પોતે અવશ્ય જલદીમાં જલદી દીક્ષા ગ્રહણ કરવી. વળી પોતાની માતાને પણ દીક્ષા લેવાના ભાવ છે. જો પોતે દીક્ષા લેશે તો એથી દીક્ષા લેવા માટે માતાને પણ અનુકૂળતા મળી રહેશે. બાળક વજ્રકુમારે વિચાર્યું કે પોતે હજુ બાળક છે, માતાનો એક માત્ર આધાર છે. વત્સલ માતા પોતાને તરત જ દીક્ષા લેવા નહિ દે. પરંતુ બીજી બાજુ દીક્ષા લેવામાં જ માતા-પુત્ર બન્નેનું કલ્યાણ રહેલું છે. માટે માતા થોડી દુઃખી થાય તો પણ પોતે દીક્ષા તો લેવી જ. એ માટે માતાનો પોતાના પરનો વાત્સલ્યભાવ ઓછો કરવાનો ઉપાય તેમણે શોધી કાઢ્યો. માતા એમને ખોળામાં લે કે તરત જ તેઓ રડવા લાગે. આમ રાત દિવસ તેઓ રડીને માતાને જાણી જોઇને સતાવવા લાગ્યા. માતાએ તેમને રાજી રાખવા રમકડાં, કપડાં, ખાદ્યપદાર્થો, મીઠાં હાલરડાં વગેરે દ્વારા અનેક ઉપાયો કર્યા, પણ તે બધા નિષ્ફળ ગયા. ક્યારેક બહુ કંટાળીને માતા જ્યારે તેમને ધમકી આપતી કે, 'બસ હવે, બહુ રડીશ તો તને તારા પિતાને સોંપી દઇશ.' પરંતુ આટલું સાંભળતાં જ તેઓ તરત છાના રહી જતા. અને થોડી વાર પછી પાછું રડવાનું ચાલુ કરી દેતા. આ ત્રાસથી વજ્રકુમારની માતા બહુ થાકી ગઇ. તેમની સખીએ તેમને કહ્યું : 'સુનંદા, આ આખો દિવસ રડતા બાળકને જોતાં અમારી તને સલાહ છે કે તારા સાધુ પતિ જ્યારે આ ગામમાં પધારે ત્યારે તું આ બાળક એમને સોંપી દેજે.' સુનંદાને પણ લાગ્યું કે આ સિવાય હવે બીજો કોઇ ઉપાય નથી. એથી તે પોતાના સાધુ થયેલા પતિના આગમનની રાહ જોવા લાગી.

થોડા સમય પછી સાધુ આર્ય ધનગિરિ અને સાધુ આર્યસમિત પોતાના ગુરુ મહારાજ સાથે વિહાર કરતા તે નગરમાં પધાર્યા. ગુરુની રજા લઇ બંને સુનંદાના ઘરે વહોરવા પધાર્યા. સુનંદાને આર્ય ધનગિરિના આગમનના સમાચાર મળ્યા હતા, તેથી તે બાળકને વહોરાવવા ઉત્સુક હતી. ધનગિરિ સુનંદાના ઘરે વહોરવા પધાર્યા તે વખતે સુનંદાએ બાળક માટે ફરિયાદ કરતાં કહ્યું, 'આપણા પુત્રનું મેં અત્યાર સુધી કાળજીપૂર્વક પાલણ-પોષણ કર્યું છે, પરંતુ તે દિવસરાત રડ્યા જ કરે છે. તેથી હું બહુ કંટાળી ગઇ છું. એ તમારો પણ પુત્ર છે. તમે એના પિતા છો. માટે તમે જો એને લઇ જાવ તો હું ત્રાસમાંથી છૂટું.'

તે દિવસે મુનિ ધનગિરિ જ્યારે વહોરવા નીકળતા હતા ત્યારે ભાવિના જાણકાર તેમના ગુરુએ કહ્યું, 'ધનગિરિ, આજે તમને જે કોઇ અચિત કે સચિત વસ્તુ વહોરાવે તે લઇ લેજો.'

સુનંદાએ બાળકને વહોરાવવાની વાત કરી ત્યારે ધનગિરિ વિમાસણમાં પડી ગયા, પરંતુ ગુરુ મહારાજના શબ્દો યાદ આવ્યા. બાળક સચિત કહેવાય. એટલે ધનગિરિએ બાળકને વહોરવા માટે સુનંદાને સંમતિ આપી, પણ કહ્યું, 'તમે બાળકને વહોરાવો ભલે, પણ એ માટે ચાર-પાંચ વ્યક્તિને સાક્ષી તરીકે રાખીને મને વહોરાવો કે જેથી પાછળથી કોઇ પ્રશ્ન ઊભો ન થાય.' સુનંદાએ પોતાની સખીઓને સાક્ષી તરીકે રાખી. પછી ખૂબ દુઃખ સાથે રડતા બાળકને વહોરાવી દીધું. મુનિ ધનગિરિએ જેવું બાળકને પોતાની ઝોળીમાં મૂક્યું કે તરત જ એ શાંત થઇ ગયું. સુનંદા આશ્ચર્યથી તે જોઇ રહી. મુનિ ધનગિરિએ ઝોળી ઊંચકી તો બાળક બહુ જ વજનવાળું લાગ્યું. આટલા નાના બાળકના વજનથી ધનગિરિના હાથ નીચા નમી ગયા. બાળકને વહોરીને તેઓ ઉપાશ્રયે પહોંચ્યા. જે બન્યું તે વિશે ગુરુ મહારાજને વાત કરી અને તેમના હાથમાં બાળક આપ્યું. બાળકને હાથમાં લેતાં જ ગુરુ મહારાજના હાથ પણ ભારથી નમી ગયા. તેમનાથી બોલાઇ ગયું કે 'અરે આ તે બાળક છે કે વજ્ર છે ?'

બાળકની અત્યંત તેજસ્વી મુખમુદ્રાને જોઇને આર્ય સિંહગિરિએ તેનું ભવિષ્ય ભાખતાં પોતાના શિષ્યોને કહ્યું, 'આ કાંતિમાન બાળક મોટો થઇને મહાન ધર્મપ્રવર્તક થશે. જૈન શાસનનો શણગાર થશે, સિદ્ધગિરિ શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધારક પણ થશે. માટે એનું ખૂબ જતન કરજો.'

બાળક વજ્ર જેવું બળવાન અને વજનદાર હતું એટલે આર્ય સિંહગિરિએ એનું નામ 'વજ્રકુમાર' રાખ્યું. તે બહુ નાનો હોવાથી તેની સંભાળની વ્યવસ્થાની જવાબદારી પોતાના સમુદાયની સાધ્વીઓને સોંપી. સાધ્વીઓ બાળકને સ્પર્શી ન શકે એટલે તેઓએ નગરની કેટલીક શ્રાવિકાને બોલાવીને એની સાર-સંભાળ રાખવાનું કહ્યું. સાધ્વીઓએ અને શ્રાવિકાઓએ આ રીતે બાળક વજ્રકુમારની ખૂબ વાત્સલ્યપૂર્વક સંભાળ લેવી શરૂ કરી. પૂર્વજન્મના સંસ્કારને લીધે વજ્રકુમારમાં કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓ જન્મથી જોવા મળતી હતી. તેઓ જાણે સંયમી સાધુઓના આચારને જાણતા હોય એમ દેખાતું. તેઓ પોતાના શરીરના નિર્વાહ પૂરતાં આહારપાણી લેતા. આહારપાણી પણ અચિત હોય તો જ લેતા. તેઓ મળ-મૂત્ર વિસર્જન માટે સંજ્ઞા કરી જણાવતા. તેઓ ક્યારેય પોતાનાં કે અન્યનાં કપડાં કે કશું બગાડતા નહિ. રમકડે રમવાને બદલે સાધુઓનાં નાનાં નાનાં ઉપકરણોથી તેઓ રમતા. બાળકની આવી સરસ ચેષ્ટાઓ જોઇને સાધ્વીઓને અને શ્રાવિકાઓને આશ્ચર્ય સહિત આનંદ થતો. લાખો કરોડોમાં કોઇક જ જોવા મળે તેવું આ બાળક હતું.

આ બાજુ બાળક વજ્રકુમારની આવી સરસ સરસ વાતો સુનંદાના કાને આવી. આવું અણમોલ રત્ન જેવું બાળક આપી દેવા માટે એને ખૂબ પશ્ચાત્તાપ થયો. પોતે મોટી ભૂલ કરી છે એમ એને લાગ્યું. બાળકને પાછું મેળવવા એણે શ્રાવિકાઓ પાસે જઇને વિનંતી કરી. પરંતુ શ્રાવિકાઓએ બાળક આપ્યું નહિ અને કહ્યું કે 'આ તો અમારા ગુરુ મહારાજે અમને સોંપેલી જવાબદારી છે. ગુરુ મહારાજે અમને બાળક સાચવવા આપ્યું છે. તેથી અમે તમને એ આપી શકીએ નહિ. પરંતુ મા તરીકે તમારે અહીં આવીને બાળકની સંભાળ લેવી હોય તો જરૂર લઇ શકો.' સુનંદાને વજ્રકુમારને મળવાની છૂટ મળી તેથી તે શ્રાવિકાની સાથે રોજ જઇને વજ્રકુમારને સ્તનપાન કરાવતી, રમાડતી, જમાડતી અને આનંદ પામતી. વજ્રકુમાર પણ પોતે માતાને હેતુપૂર્વક ત્રાસ આપ્યો હતો તેનો બદલો વાળવા ઇચ્છતા હોય તેમ સુનંદા સાથે આનંદથી રહેવા લાગ્યા. ચાતુર્માસ પૂર્ણ થતાં સાધુ-સાધ્વીઓ બીજે વિહાર કરી ગયા.

આમ કરતાં કરતાં ત્રણ વર્ષ વીતી ગયા. વજ્રકુમાર ત્રણ વર્ષના થયા. વિહાર કરતાં કરતાં મુનિ ધનગિરિ અન્ય સાધુ સમુદાય સાથે પાછા એ જ નગરમાં આવી પહોંચ્યા. તે વખતે સુનંદાએ પુત્રને પોતાને પાછો આપવા હકપૂર્વક અને હઠપૂર્વક માગણી કરી. આર્ય ધનગિરિએ કહ્યું, 'હવે બાળક તમને પાછું આપી શકાય નહિ. સખીઓની સાક્ષીએ વજ્રકુમારને તમે મને સોંપ્યો છે, હવે તેના પર તમારો કોઇ હક રહેતો નથી. તમે એને સાધુ બનાવવા વહોરાવ્યો છે. અમે તેને હવે સાધુ બનાવીશું.'

આ સાંભળી સુનંદા નિરાશ થઇ ગઇ. તે હઠે ભરાઇ. બાળકના માલિકીપણા અંગે બન્ને વચ્ચે વિવાદ થયો. એ દિવસોમાં આવા પ્રશ્નોમાં જો કંઇ સમાધાન ન થાય તો છેવટે રાજદરબારમાં વાત લઇ જવી પડતી. અંતે બન્ને વચ્ચે નક્કી થયું કે આ બાળક અંગે રાજા જે નિર્ણય કરે તે બન્નેએ સ્વીકારવો.

બંને પક્ષ રાજસભામાં ગયા. રાજાએ મંત્રીઓની સલાહ અનુસાર એક કસોટી મૂકી કે રાજસભામાં એક બાજુ સુનંદા હોય, બીજી બાજુ આર્ય ધનગિરિ હોય. બંને બાજુ બન્ને પક્ષના માણસો બેઠાં હોય.

વચમાં બાળક વજ્રકુમારને ઊભા રાખવા. ત્યાર પછી બાળક પોતાની મેળે જેની પાસે જાય તેને સોંપી દેવો.

રાજસભા ભરાઈ. બન્ને પક્ષે માણસો આવીને બેઠાં. વજ્રકુમારની પાલક શ્રાવિકા વજ્રકુમારને સુંદર વસ્ત્રોમાં, વિવિધ અલંકારોથી શણગારીને લાવી હતી. તેના નાનકડા પગમાં ઘૂઘરીઓ પણ પહેરાવી હતી. વજ્રકુમારને બોલાવવા માટે પહેલો માતાનો હક્ક સ્વીકારવામાં આવ્યો. સુનંદાએ બાળકને પોતાના તરફ આકર્ષવા માટે ભાતભાતનાં સુંદર વસ્ત્રો, રંગબેરંગી રમકડાં અને જાત જાતની મીઠી વાનગીઓ બતાવી અને મીઠા સ્વરે વહાલથી બોલાવ્યો; પરંતુ વજ્રકુમાર તેમની પાસે ગયા નહિ. પછી સુનંદા પ્રેમભર્યા વચનો બોલવા લાગી, 'હે વજ્રકુમાર, તું મારો પુત્ર છે. તને જન્મ આપીને હું ધન્ય બની છું. તું મારું સર્વસ્વ છે. મારા ઉદરમાં તેં નવ માસ વાસ કર્યો છે. આવ, મારા ખોળામાં બેસ અને મારા હૈયાને આનંદથી છલકાવી દે.'

સુનંદાના આવાં લાડકોડભર્યાં વચનો સાંભળવા છતાં વજ્રકુમાર તેના તરફ ગયા નહિ. વજ્રકુમાર બાળક હોવા છતાં તેમનામાં કોઈક ગૂઢ દૈવી સમજશક્તિ હતી. તેમણે મનમાં વિચાર્યું, કે 'મારી અવજ્ઞાથી મારી માતાને દુઃખ જરૂર થશે. તેનો મારા પર અસીમ ઉપકાર છે. પરંતુ જો હું હવે માતાને સ્વીકારીશ તો સંઘની અને સાધુત્વની ઉપેક્ષા થશે. વળી મારે સંસારનાં બંધનમાં રહેવું પડશે. દીક્ષા લેવાની મારી ભાવના અપૂર્ણ રહેશે. વળી, મારી માતા હળુકર્મી છે તથા દીક્ષા લેવાના ભાવવાળી છે. હું તેની પાસે નહિ જાઉં તો પહેલાં તેને અનહદ દુઃખ થશે, પણ પછીથી તેના ચિત્તનું સમાધાન જરૂર થશે અને તે અવશ્ય દીક્ષા ગ્રહણ કરશે.' આવા વિચારથી વજ્રકુમાર માતા પાસે ગયા નહિ. એથી માતા સુનંદા અત્યંત નિરાશ થઈ રડી પડી.

હવે સાધુ ધનગિરિનો વારો આવ્યો. તેમણે માત્ર પોતાનું રજોહરણ ઊંચું કર્યું. તેઓ બોલ્યા. 'હે નિર્દોષ, નિષ્પાપ બાળ વજ્રકુમાર ! જો તું તત્ત્વજ્ઞ હોય અને તારે સંયમવ્રત ધારણ કરવું હોય તો ધર્મના ધ્વજ જેવું રજોહરણ તું લઇ લે.' મુનિ પિતા ધનગિરિનો અવાજ સાંભળતાં જ વજ્રકુમાર ઘૂઘરીનો મધુર રણકાર કરતા કરતા હર્ષપૂર્વક ધનગિરિ પાસે દોડી ગયા. જેમ બાળહાથી કમળને હળવેથી પોતાની સૂંઢમાં લઇ લે તેવી રીતે મુનિ ધનગિરિ પાસેથી રજોહરણ લઇને તેઓ નાચવા લાગ્યા. ત્યાર પછી તેઓ સાધુપિતાના ખોળામાં બેસીને રજોહરણને ભાવપૂર્વક જોવા લાગ્યા. વજ્રકુમારના આવા વર્તનથી રાજાએ ચુકાદો જાહેર કર્યો કે 'વજ્રકુમારને આર્ય ધનગિરિ રાખે.'

રાજાના આ ચુકાદાથી સુનંદાના દુઃખનો પાર રહ્યો નહિ. પરંતુ ત્યાર પછી થોડા દિવસમાં જ તે કંઇક સ્વસ્થ થઇ ગઈ. તેણે વિચાર્યું કે 'મારા પતિએ દીક્ષા લીધી છે, પુત્ર પણ દીક્ષાની ઇચ્છાવાળો છે અને લગ્ન પહેલાં મારી પોતાની પણ દીક્ષાની જ ભાવના હતી. વળી વજ્રકુમારે તો ઊલટાની દીક્ષા લેવાની મને અનુકૂળતા કરી આપી.' આમ વિચારી સુનંદાએ પણ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. ત્યાર પછી અનુકૂળ સમયે સુનંદાએ ગચ્છના આચાર્ય પાસે દીક્ષા લીધી.

ભગવાન મહાવીરસ્વામીના જૈન શાસનની પરંપરામાં ત્રણ વર્ષના બાળકને દીક્ષા આપવામાં આવી હોય એવું એક માત્ર અપવાદરૂપ ઉદાહરણ તે વજ્રકુમારનું છે. સામાન્ય રીતે જૈન શાસનમાં પાત્રની યોગ્યતા વિચારીને વહેલામાં વહેલી દીક્ષા બાળકની આઠ વર્ષની ઉંમર પૂરી થયા પછી આપવાની પરંપરા છે. પરંતુ વજ્રકુમારે જન્મથી તે ત્રણ વર્ષની ઉંમરમાં ઊંડી સમજશક્તિ, સંયમની ભાવના, જ્ઞાનની અભિરુચિ, ચિત્તની સ્વસ્થતા અને વર્તનની પુખ્તતા જે અસાધારણ રીતે દર્શાવી તે જોતાં તેઓ નિરતિચાર દીક્ષાજીવનનું પાલન કરી શકશે એમ એમના ગુરુભગવંતને સ્પષ્ટપણે સમજાયું હતું. દીક્ષાર્થી વ્યક્તિની પુખ્ત ઉમ્મર હોય, પરિપક્વ વિચાર હોય, સંયમમાં સ્થિરતા હોય પછી જ દીક્ષા દેવાય. પરંતુ યોગ્યાતાનુસાર બાળદીક્ષા પણ આપવામાં આવે છે. બાળદીક્ષાના કેટલાક લાભ પણ છે. બાલદીક્ષાર્થીની તીવ્ર યાદશક્તિ હોય, કુશાગ્ર બુદ્ધિ હોય, વિદ્યા પ્રાપ્ત કરવાની અદમ્ય ધગશ હોય તો હજારો શ્લોકો બહુ નાની ઉંમરમાં તે કંઠસ્થ કરી શકે છે. જો દીર્ઘ આયુષ્ય મળે અને લાંબો દીક્ષા પર્યાય હોય તો તે ઉત્તમ આરાધના અને સ્વપર કલ્યાણનાં અનેક કામો કરી શકે.

વજ્રકુમારને દીક્ષા ત્રણ વર્ષે આપવામાં આવી, પરંતુ તેમના સાધુપણાના આચારો તો નિયમ પ્રમાણે આઠમે વર્ષે શરૂ થયા. દીક્ષા લીધા પછી તેઓ વજ્રસ્વામી તરીકે ઓળખાયા. ત્રણ વર્ષના વજ્રસ્વામીની સંભાળ રાખવા માટે સાધ્વીજીઓની દેખરેખ નીચે ગૃહસ્થોને જવાબદારી સોંપાઇ.

જન્મથી જ વજ્રસ્વામીને પદાનુસારી લબ્ધિ પ્રાપ્ત થઈ હતી. આ લબ્ધિ એટલે એવી શક્તિ કે સૂત્રનું એક જ પદ સાંભળતાં આખું સૂત્ર આવડી જાય. ઉપાશ્રયમાં સાધ્વીજીઓ અગિયાર અંગનો અભ્યાસ કરતાં તે માત્ર સાંભળીને અગિયારે અંગનું જ્ઞાન વજ્રસ્વામીએ મેળવી લીધું. તીર્થંકર ભગવાન સમોવસરણમાં ત્રિપદીમાં દેશના આપે. તે ગણધર ભગવંતો ઝીલે અને ઔત્પાતિકી બુદ્ધિ વડે તેનો વિસ્તાર કરી તેને દ્વાદશાંગીમાં ગૂંથે. દ્વાદશાંગી એટલે કે બાર અંગ. ગણધર ભગવંતોની દેશના દ્વારા તે લોકો સુધી પહોંચે. આ બાર અંગમાંથી અગિયાર અંગનું જ્ઞાન વજ્રસ્વામીને બાલવયમાં જ પ્રાપ્ત થયું.

વજ્રસ્વામી આઠ વર્ષના થયા ત્યારે સાધ્વીઓ પાસેથી તેમને સાધુસમુદાય પાસે લઇ આવવામાં આવ્યા. વય ઘણી નાની હતી છતાં વજ્રસ્વામી ચારિત્રપાલનમાં જાગૃતિપૂર્વક ચીવટવાળા હતા અને પ્રલોભનોથી ચલિત થાય તેવા નહોતા. એક વખત વજ્રસ્વામી પોતાના વડીલ સાધુસમુદાય સાથે અવંતિકાનગરી તરફ વિહાર કરી રહ્યા હતા. એ સમયે તેમના પૂર્વભવના મિત્ર દેવોએ તેમના ચારિત્ર-પાલનની કસોટી કરવાનો વિચાર કર્યો. તેઓએ શ્રાવકોનું રૂપ ધારણ કરીને રસ્તામાં મોટો પડાવ નાંખ્યો. હાથી, ઘોડા, રથ, તંબૂઓ, સેવકો વગેરે એ પડાવમાં હતા. વળી તેમની પાસે વિવિધ પ્રકારની ખાદ્ય સામગ્રી પણ હતી. એવામાં ધીમે ધીમે વરસાદ પડવો ચાલુ થયો. એટલે વજ્રસ્વામી એક સ્થળે આશ્રય લઇને ઊભા રહી ગયા. એ વખતે શ્રાવક વેશધારી દેવોએ તેમને વહોરવા પધારવા વિનંતી કરી. વજ્રસ્વામી વહોરવા નીકળ્યા, પરંતુ વરસાદ ફરી ચાલુ થયો. હોવાથી અપકાયની વિરાધના થશે એમ વિચારી તેઓ પાછા ફર્યા. દેવોએ પોતાની શક્તિથી વરસાદ બંધ કરાવ્યો અને ફરીથી વજ્રસ્વામીને વહોરવા માટે પધારવા વિનંતી કરી. વજ્રસ્વામી ગોચરી વહોરવા ગયા. દેવોએ કુષ્માંડપાક (કોળાપાક) વહોરાવવા માટે હાથમાં લીધો. મિષ્ટાન્ન જોઇને બાલસાધુનું મન લલચાય છે કે નહિ તે તેમને જોવું હતું. પરંતુ વહોરતાં પહેલાં વજ્રસ્વામીએ વિચાર્યું કે અત્યારે વર્ષાઋતુ ચાલે છે. એટલે આ કાળે અવંતિનગરીમાં આ ફળ ઉત્પન્ન થવાની શક્યતા નથી. તો પછી આ લોકોએ કોળાપાક કેવી રીતે બનાવ્યો હશે ? આમ પોતે વિચારતા હતા તે દરમિયાન વજ્રસ્વામીએ વહોરાવનાર શ્રાવકો સામે જોયું. એમના પગનો સ્પર્શ પૃથ્વીને થતો નહોતો. તેમની આંખો અનિમેષ હતી એટલે કે મટકું મારતી નહોતી. આ ચિહ્નો પરથી તેઓ તરત સમજી ગયા કે આ શ્રાવકવેશધારી દેવો છે. જો તેઓ દેવો છે તો દેવોએ વહોરાવવા તૈયાર કરેલી વાનગી એટલે કે દેવપિંડ તો સાધુઓને ખપે નહિ. તેથી વજ્રસ્વામી વહોર્યા વિના જ ત્યાંથી પાછા ફરી ગયા. સાધુ તરીકેનું તેમનું આવું કડક ચારિત્ર પાલન જોઇને દેવો પ્રસન્ન થયા. દેવોએ પ્રગટ થઇ પોતાની સાચી ઓળખાણ આપી. અને વજ્રસ્વામીને વૈક્રિય લબ્ધિ (ઇચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરવાની શક્તિ) આપી. વજ્રસ્વામીએ પાછા ફરીને પોતાના ગુરુ મહારાજને બનેલી હકીકતની જાણ કરી. ગુરુ મહારાજે એમના ચારિત્રપાલનની અનુમોદના કરી.

(ક્રમશઃ)

# દીક્ષાના પ્રકારો

☐ પ. પૂ. સાધ્વી શ્રી મોક્ષગુણાશ્રીજી મ. સા.

જિનેશ્વર ભગવંતે જે માનવ જન્મને દુર્લભ કહ્યો છે તે માનવ જન્મ મળ્યા પછી તેને સારી અને સાચી રીતે સફળ કરવો હોય તો તે માટે જિનશાસનમાં ત્યાગવૈરાગ્યમય દીક્ષાનો બોધ અપાયો છે. દીક્ષા એટલે સર્વવિરતિ; ત્યાગવૈરાગ્યમય ગૃહસ્થજીવન એટલે દેશવિરતિ. ગૃહસ્થજીવનનો પણ ત્યાગ એટલે સર્વવિરતિ. કંચન-કામિનીનો ત્યાગ, વિષયોનું વમન, કષાયોનું શમન, ઇન્દ્રિયોનું દમન દીક્ષામાં અનિવાર્ય ગણાય છે. પરંતુ બધા દીક્ષા લેનારા એક જ આશયવાળા નથી હોતા. દીક્ષા પણ જુદા જુદા હેતુથી લેવાય છે.

'ઉપદેશ ચિંતામણિ' નામના પોતાના ગ્રંથમાં કવિચક્ર ચક્રવર્તી શ્રી જયશેખરસૂરિએ આગમશાસ્ત્રોના આધારે 'दिक्खं जयंति सोलसहा' દીક્ષાના જે સોળ પ્રકાર બતાવ્યા છે તે નીચે પ્રમાણે છે : ૧. છંદા, ૨. રોષા, ૩. પરિધૂના, ૪. સ્વપ્ના, ૫. પ્રતિશ્રુતા, ૬. સ્મારણિકા, ૭. રોગિણી, ૮. અનદૈતા, ૯. દેવસંજ્ઞપ્તિ, ૧૦. વત્સાનુબંધિકા, ૧૧. જનિતકન્યકા, ૧૨. બહુજન સંમુદિતા, ૧૩, આખ્યાતા, ૧૪. સંગરા, ૧૫. વૈયાકરણી, ૧૬. સ્વયંબુદ્ધા.

દીક્ષાના આ પ્રકારો વિષે આપણે વિગતે જોઇએ :

**૧. છંદા દીક્ષા :** પોતાના અભિપ્રાયથી ગોવિંદ વાચકની જેમ અથવા બીજાની ઇચ્છાથી એટલે કે ભાઇને વશ થયેલા ભવદેવની જેમ વૈરાગ્યના ભાવ વગર જે દીક્ષા લે તે છંદાદીક્ષા કહેવાય છે.

શાક્યમતનો ગોવિંદ નામનો મોટો વાદી હતો. કોઇક સમયે અનેક શાસ્ત્રોમાં પારંગત શ્રીગુપ્ત નામના જૈન આચાર્ય પરિવાર સહિત ત્યાં પધાર્યા. તેઓએ જિનેશ્વરોએ કહેલ કર્મક્ષય કરનાર ધર્મ સંભળાવ્યો. નગરલોકમાં આનંદ વ્યાપી ગયો. નગરમાં વાત ફેલાઇ કે 'આ સૂરિ જેવા બીજા કોઇ શ્રુતરત્નના સમુદ્ર નથી.' આ સાંભળી ગોવિંદ વ્યાકુળ બન્યો. ગર્વથી ઊંચી ગ્રીવા કરતો વાદયુદ્ધ કરવા તે આચાર્યની સમીપે પહોંચ્યો. વાદયુદ્ધ થયું, પરંતુ આચાર્યે યુક્તિયુક્ત વચનોથી વાદી ગોવિંદને નિરુત્તર કર્યો. પછી ગોવિંદ વિચારવા લાગ્યો કે જ્યાં સુધી આચાર્યના જૈન સિદ્ધાંતનાં ઊંડાં રહસ્યનું અધ્યયન ન કર્યું હોય, ત્યાં સુધી આચાર્યને જીતી શકાશે નહિ. એટલે તે બીજા પ્રદેશોમાં રહેલ બીજા એક જૈન આચાર્યની પાસે ગયો. ત્યાં એમનો વિશ્વાસ ઉત્પન્ન કર્યો. પરંતુ શાસ્ત્રના અભ્યાસ માટે દીક્ષા અંગીકાર કરવી પડે એમ હતી એટલે ગોવિંદે દીક્ષા લીધી. તેમની પાસે તે શાસ્ત્રો ભણવા લાગ્યો. પરંતુ વિપરીત શ્રદ્ધા હોવાથી તે સમ્યક્ રીતે બોધ ન પામ્યો. કેટલાક દિવસો બાદ પેલા આચાર્ય પાસે વાદ કરવા ગયો પણ તે આચાર્યે તેને નિરૂત્તર કર્યો. ફરી બીજી દિશામાં જઇ આગમો ભણીને વાદ કરવાની તેને ઇચ્છા થઇ. પરંતુ તે વખતે પણ આચાર્યે તેને નિરૂત્તર કર્યો. આમ વાદ કરવા માટે તેણે સ્વેચ્છાએ દીક્ષા લીધી હતી. પરંતુ તેમાં વૈરાગ્યનો સાચો ભાવ નહોતો.

ભવદેવનું દૃષ્ટાંત : આ કથા જંબુસ્વામીના પૂર્વભવની છે. ભવદત્ત અને ભવદેવ એ બે સગા ભાઇ હતા. ભવદત્તે નાની ઉંમરમાં આર્ય સુસ્થિતસૂરિ પાસે દીક્ષા લીધી. થોડા વખતમાં જ તેઓ ભણી ગણી હોંશિયાર સાધુ થયા. ઘણા સમય પછી ભવદત્તમુનિ પોતાના નાના ભાઇને પ્રતિબોધવાના આશયથી પોતાના ગામમાં આવ્યા. તે સમયે ભવદેવનાં લગ્ન નાગિલા નામની કન્યા સાથે થવાની તૈયારી ચાલતી હતી. મુનિ થયેલા પોતાના ભાઇના આવવાના સમાચાર સાંભળી ભવદેવ દોડતો આવ્યો. તે મુનિને પગે લાગ્યો. મુનિએ 'ભવદેવ ! લે આ પાત્ર' એમ કહી સાથે રહેલું ઘીનું પાત્ર ભવદેવના હાથમાં આપ્યું. ભવદત્તમુનિ ગોચરી વ્હોરાવી ગુરુમહારાજ પાસે જવા નીકળ્યા. ભાઇ સાથે જ ચાલે છે. રસ્તામાં વાતો કરતાં કરતાં ગુરુ પાસે પહોંચ્યા. ગુરુ ભગવંતને ગોચરી બતાવી ત્યાં ગુરુ પાસે બેઠેલા સાધુઓ બોલ્યા, 'કેમ ભવદત્તમુનિ ! ભાઇને દીક્ષા આપવા લઇ આવ્યા છો ?' ગુરુદેવે ભવદેવને પૂછ્યું, 'કેમ ભદ્ર ! દીક્ષા લેવી છે ને ?'

ભવદેવ મુંઝાયો. તેની સામે નાગીલા તરવરી. પરંતુ હું એમ કહું કે, 'મારે વ્રત નથી લેવું' તો મારા ભાઇની તેમના સાધુઓ આગળ શી કિંમત ? એમ વિચાર કરી ભાઇને વશ થયેલા ભવદેવે હા પાડી. એટલે ભવદેવને દીક્ષા આપી. આમ, ભવદેવે દીક્ષા લીધી, પણ તે પોતાની ઇચ્છાથી નહિ, પણ ભાઇની ઇચ્છાથી.

**૨. રોષા દીક્ષા :** માતાદિકના તિરસ્કારથી ઉત્પન્ન થયેલા રોષથી શિવભૂતિની જેમ જે દીક્ષા લેવાય તે રોષાદીક્ષા કહેવાય.

શિવભૂતિનું કથાનક આ પ્રમાણે છે : શિવભૂતિ રથનગરનો નિવાસી હતો. તેની શૂરવીરતાથી ખુશ થઇને રાજાએ તેને 'સહસ્રમલ'નું બિરૂદ આપ્યું હતું. તે સ્વભાવે સ્વતંત્ર હતો. અને રોજ રાતે ઘણે મોડેથી ઘરે આવતો. તેની આ ટેવથી દુઃખી થઇને તેની પત્નીએ સાસુને વાત કહી. સાસુએ વહુને કહ્યું: 'તું આજે સૂઈ જા. તે આવશે ત્યારે હું જ બારણું ઉઘાડીશ.'

રોજની જેમ સહસ્રમલે મોડી રાતે ઘરનાં બારણાં ખટખટાવ્યાં. બારણાં ખોલ્યા વગર માએ કહ્યું, 'આ કંઇ ઘરે આવવાનો સમય છે ? જા, જ્યાં બારણાં ખુલ્લાં હોય ત્યાં જા. હું અત્યારે બારણું નહીં ખોલું.' શિવભૂતિને આથી રોષ ચડ્યો. ત્યાંથી તે ચાલી નીકળ્યો. ઘણું રખડ્યો પણ કોઇના બારણાં ખુલ્લાં ન જોયાં. ફરતાં ફરતાં તે એક ઉપાશ્રય પાસે આવ્યો. ત્યાંના બારણાં ખુલ્લાં જોતાં તે અંદર ગયો. સાધુ ભગવંતને જોઇ વંદન કર્યા અને દીક્ષા લેવાની ભાવના જણાવી. ગુરુભગવંતે સ્વજનોની સંમતિ મેળવ્યા પછી દીક્ષા લેવા કહ્યું. માતા તથા પત્નીની સંમતિ શિવભૂતિએ ન લીધી જેથી ગુરુ ભગવંતે દીક્ષા ન આપી. આથી તેણે જાતે જ કેશનો લોચ કર્યો. આ જોઇને શ્રી કૃષ્ણસૂરિજીએ તેને મુનિવેશ આપ્યો. શિવભૂતિ હવે મુનિ બન્યા. તેમણે દીક્ષા રોષે ભરાઇને લીધી હતી.

**૩. પરિધૂના દીક્ષા :** નિર્ધનપણાને લીધે કઠિયારાની જેમ જે દીક્ષા લેવાય તે પરિધૂના દીક્ષા કહેવાય. રાજગૃહીમાં શ્રેણિકનું ધર્મનિષ્ઠ રાજ્ય હતું. તેનો મુખ્ય પ્રધાન બુદ્ધિશાળી અભયકુમાર હતો. એક વખત સુધર્મા ગણધર ભગવંત રાજગૃહી નગરીમાં ઘણા શિષ્યો સહિત પધાર્યા. આ શિષ્યોમાં એક નૂતન દીક્ષિત સાધુ હતા. આ સાધુ હતા તો પૂર્ણ વૈરાગી પણ તે ગૃહસ્થ જીવનમાં દુઃખી હોવાથી કઠિયારાનો ધંધો કરી પોતાનું જીવન નિર્વાહ કરતા. એમણે કોઇ એક વખત સુધર્મા ગણધર ભગવંતની દેશના સાંભળી. તેથી તેને વૈરાગ્ય જાગ્યો અને દીક્ષા લીધી. આખું રાજગૃહી નગર આ કઠિયારાને ઓળખતું. કોઇ લોકોએ તેની પાસેથી લાકડાં લીધેલા અને ખાવાનું આપી તેની કિંમત ચૂકવેલી. પરંતુ હવે તો તેઓ દીક્ષા લઇ સાધુ થયા. તેમને ગોચરી મળવા લાગી. પરંતુ એમણે દુઃખ અને કષ્ટમાંથી મુક્ત થવા માટે દીક્ષા લીધી હતી.

**૪. સ્વપ્ના દીક્ષા :** પુષ્પચૂલાની દીક્ષાની જેમ જે દીક્ષા લેવાય તે સ્વપ્ના દીક્ષા કહેવાય છે.

પૃથ્વીપુર નગરમાં પુણ્યકેતુ રાજા રાજ્ય કરતા હતા. તેમને પુષ્પાવતી નામની રાણી હતી. તેઓને જોડિયાં બાળક અવતર્યાં. બંનેનાં નામ રાખ્યાં પુષ્પચૂલ અને પુષ્પચૂલા. જોડલા રૂપે ભાઇ-બહેનનો એવો સ્નેહ હતો કે તેઓ એકબીજાથી ક્યારેય જુદા પડતા નથી. જેમ વય વધતી ગઇ તેમ તેમનો સ્નેહ પણ વધતો ગયો. ભાઈ-બહેન સાથે રહી સુખી થાય એ માટે રાજાએ પુત્ર-પુત્રીને પરસ્પર પરણાવી દીધાં. એ જમાનામાં ક્યારેક આવાં લગ્ન પણ

ન મળી. આથી તે ઘણો ખિન્ન થયો ત્યારે મામાએ તેને કહ્યું, 'જો તને કોઇ કન્યા નહીં આપે તો મારી સાત કન્યામાંથી એક તને આપીશ.' પછી મામાએ એક પછી એક સાતે યુવાન કન્યાઓને નંદિષેણ સાથે પરણવા સમજાવ્યું. પણ એકે ન માની. તેઓએ કહ્યું કે 'આત્મહત્યા કરીશું, પણ આ તમારા ઊંટ જેવા ભાણાને પરણશું નહીં.' આ જાણી નંદિષેણ સાવ હતાશ અને સૂનમૂન થઇ ગયો. 'ખાવું-પીવું ભાવે નહીં ને રાતે ઊંઘ આવે નહીં.' આખરે ઘર છોડી જંગલનો રસ્તો લીધો. કાંઇ પણ ન સૂઝવાથી તેણે પર્વત પરથી મરવાનું નક્કી કર્યું. પર્વતના શિખર પરથી પડવા જતો હતો ત્યાં અવાજ આવ્યો. 'નહીં...નહીં, આ દુઃસાહસ ન કર.' તેણે આસપાસ જોયું તો સમીપના વૃક્ષ નીચે એક મુનિને જોયા. પાસે જઇને તે બોલ્યો, 'ભગવંત ! હું નિર્ભાગ્યવાન છું. મારા દુઃખનો કોઇ પાર નથી. જન્મથી સુખ જોયું જ નથી.' મુનિએ કહ્યું, 'મરવાથી દુઃખ નાશ થતું નથી. પોતાના જીવનો ઘાત કરવાથી પાપ લાગે છે. એક પાપનું ફળ તો તું ભોગવે છે અને પાછું બીજું કરવા તૈયાર થયો છે ?' તેણે ગુરુને પૂછ્યું કે 'દુઃખથી છૂટવા મારે શું કરવું ?' તેમણે જણાવ્યું કે 'સર્વ સુખનું કારણ અને દુઃખનું નિવારણ એક માત્ર અરિહંતનો ધર્મ છે. એનું શરણ લેવું જોઇએ.' આ સાંભળી નંદિષેણ બોધ પામ્યો અને તેણે તેમની પાસે દીક્ષા લીધી.

૯. દેવસંજ્ઞપ્તિ દીક્ષા : દેવતાના પ્રતિબોધવાથી જે દીક્ષા લેવાય તે, દેવસંજ્ઞપ્તિ દીક્ષા કહેવાય. એ માટે મેતાર્ય મુનિનું દૃષ્ટાન્ત છે. એક રાજપુત્ર અને પુરોહિતપુત્ર એમ બે મિત્રો હતા. તેમણે સાગરચંદ્ર મુનિ પાસે દીક્ષા લીધી. રાજપુત્ર સ્વેચ્છાથી સંયમ પાળતો હતો જ્યારે પુરોહિત પુત્ર અનિચ્છાથી પાળતો હતો. અંતે અનશન કરી તે બંન્ને મુનિઓ દેવલોકમાં દેવતા થયા. ત્યાં પરસ્પર પ્રતિજ્ઞા કરી કે જે સ્વર્ગથી પ્રથમ ચ્યવે તેને સ્વર્ગમાં રહેલા દેવતાએ પ્રતિબોધ પમાડવો. હવે કર્મવશાત્ પુરોહિતપુત્રનો જીવ સ્વર્ગથી પહેલો ચ્યવી ચાંડાલણીને ત્યાં પુત્રપણે અવતર્યો. ચાંડાલણીએ તે નગરની શેઠાણીને પુત્ર ન હોવાથી તે પુત્ર શેઠાણીને આપ્યો.

શેઠાણીના ઘરમાં રહેલો આ ચાંડાલણી પુત્ર મેતાર્ય યુવાવસ્થાને પામ્યો. તે મેતાર્યને પૂર્વભવનો મિત્ર દેવ સ્વપ્ન વગેરેથી પ્રતિબોધવા લાગ્યો. છતાં મેતાર્ય પ્રતિબોધ પામ્યો નહીં. પછી તેનો વિવાહ મહોત્સવ થયો ત્યારે પણ દેવે તે વિવાહ અટકાવ્યો. છતાં પણ પ્રતિબોધ ન પામ્યો. ત્યારપછી મેતાર્ય નવ શ્રેષ્ઠીપુત્રીઓ અનુક્રમે પરણ્યો. ત્યારપછી ફરી દેવે આવીને જાગૃત કર્યો. ત્યારે પત્નીઓએ દેવતાને વિનંતી કરતાં કહ્યું, 'અમારો પતિ બાર વર્ષ સુધી ઘરમાં રહ્યા પછી દીક્ષા લે એવી આજ્ઞા આપો.' દયાથી આર્દ્ર બનેલા દેવતાએ એ પ્રમાણે આજ્ઞા આપી એટલે મેતાર્ય બાર વર્ષ ઘરમાં રહ્યો. બાર વર્ષ પૂર્ણ થયા પછી વૈરાગ્યવાસિત મેતાર્યે દીક્ષા લીધી. દીક્ષા મહોત્સવ પણ મિત્રદેવે કર્યો.

૧૦. વત્સાનુબંધિકા દીક્ષા : વત્સ એટલે પુત્ર. વત્સના અનુબંધવાળી દીક્ષા તે વત્સાનુબંધિકા નામની દીક્ષા. દા. ત. વજ્રસ્વામીની માતાની જેમ. (ઉપલક્ષણથી પિતાદિના અનુબંધવાળી દીક્ષા પણ ગણાય. મનક વગેરેની દીક્ષા એવી જાણવી.)

વજ્રસ્વામીનું દૃષ્ટાંત : વજ્રકુમાર નાના હતા અને પિતાના દીક્ષાની વાત સાંભળતા જ એમને જાતિસ્મરણ જ્ઞાન થયું. એમને દીક્ષા લેવાના ભાવ જાગ્યા. તેમણે વિચાર્યું કે 'હું બાળક છું જેથી હમણાં વ્રત ન લઇ શકું, પણ હું એવું કરું કે જેથી મારી માતા સુનંદા મારા પરથી સ્નેહ ઉતારી નાખે.' એમ વિચારી તે રડવા લાગ્યા. માતાએ ઘણાં ઉપાયો કર્યા છતાં તે શાંત થયા નહીં. એમ છ મહિના પસાર થયા. તેટલામાં વજ્રકુમારના પિતા મુનિ નગરમાં પધાર્યા ને સુનંદાના ઘરે ગોચરી વ્હોરવા પધાર્યા. માતા સુનંદા પુત્રથી કંટાળેલી હોવાથી ગોચરીમાં પુત્રને વ્હોરાવી દીધો. પિતામુનિએ તે બાળકને લઇને પોતાના ગુરુ સિંહગિરિમુનિને સોંપ્યો. 'આ તેજસ્વી રત્ન છે, જેથી તેનું પાલન કરવા યોગ્ય છે.' એમ કહી સૂરિએ પાલન માટે શ્રાવિકાઓને સોંપ્યો. અનુક્રમે ત્રણ વર્ષ પસાર થતાં માતાએ પુત્રની માંગણી કરી ત્યારે ગુરુએ કહ્યું 'હવે પુત્ર પાછો શા માટે માંગે છે?' સુનંદાએ કહ્યું કે, 'હું ન્યાયથી પુત્ર મેળવીશ' એમ કહી રાજદરબારે વાત કરી. રાજ દરબારમાં એક બાજુ રમકડા લઇ માતા ઊભી છે ને બીજી બાજુ પિતા ગુરુ ઓઘો લઇ ઊભા છે. વચમાં વજ્રસ્વામી છે. બાળકને બોલાવતાં જેની પાસે બાળક જાય તે બાળકનો માલિક થાય. માતા મીઠા વચનોથી બાળકને બોલાવવા લાગી તે વખતે માતાના વચનો સાંભળીને વ્રત લેવા માટે દૃઢ બુદ્ધિશાળી વજ્રકુમાર વિચારવા લાગ્યા કે માતા ઉપકારી છે એમ વિચારી જો હું માતા પાસે જાઉં તો આ ચતુર્વિધ સંઘ દુભાય. વળી હું વ્રત લઉં તો માતા પણ કદાચ વ્રત લે. એટથે વજ્રકુમારે ઓઘો ગ્રહણ કર્યો. તેથી માતાને પણ વૈરાગ્ય ઉત્પન્ન થતાં સંયમ લેવાની ભાવના જાગી.

મનકનું દૃષ્ટાંત : શય્યંભવ વિપ્રનો પુત્ર મનક હતો. શય્યંભવ વિપ્રે (મનકના જન્મ પહેલાં જ) જૈન દીક્ષા ગ્રહણ કરી હતી. આઠ વર્ષનો મનક પિતાની શોધ કરવા નીકળ્યો. તે વખતે ફરતાં ફરતાં પુણ્યથી ખેંચાયો હોય તેમ મનક ચંપાનગરીમાં આવ્યો. આ વખતે શય્યંભવ આચાર્ય કાયચિંતા માટે જતા હતા. તેમણે નિર્દોષ ચળકતા લલાટવાળા બાળકને જોયો. અને પૂછ્યું, 'બાળક ! તું કોણ છે ? ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે ?' બાળક બોલ્યો, 'મહારાજ ! હું રાજગૃહી નગરીથી આવું છું. ત્યાંના વત્સ ગોત્રવાળા શય્યંભવ બ્રાહ્મણનો પુત્ર છું. મારા પિતાએ હું ગર્ભમાં હતો ત્યારે જૈન દીક્ષા લીધી છે. તેમને શોધવા હું આવ્યો છું.' મુનિ કહ્યું, 'ભદ્ર ! તારા પિતાને હું સારી રીતે જાણું છું. મારા તે મિત્ર છે. મારો દેખાવ અને તેમનો દેખાવ બરાબર એક સરખો છે. તું મારી સાથે ચાલ. મને તારો પિતા સમજજે. હું તને પુત્ર સમજીશ.' ભોળો બાળક ભોળવાયો અને ઉપાશ્રયે આવ્યો. શય્યંભવસૂરિએ તેને દીક્ષા આપી. અહીં પણ તેમનું નામ મનકમુનિ જ રાખવામાં આવ્યું. આમ પિતાના આલંબનથી પુત્ર મનકે દીક્ષા લીધી.

૧૧. જનિતકન્યકા દીક્ષા : અપરિણીત કન્યાથી ઉત્પન્ન થયેલી વ્યક્તિ જે દીક્ષા લે તે જનિતકન્યકા દીક્ષા. કેશિકુમારની જેમ. (ઉપલક્ષણથી અન્ય રીતે નિંદિત જન્મવાળાની પણ દીક્ષા જાણવી.)

ગંગાકાંઠે સ્મશાનનો સ્વામી બલકોટ નામનો ચાંડાળ હતો. તેને ગૌરી અને ગાંધારી નામની બે સ્ત્રી હતી. તેમાં ગૌરીને એક પુત્ર થયો. પૂર્વ ભવે જાતિમદ કર્યો હતો તેથી તે પુત્ર કદરૂપો અને શ્યામ થયો. ચાંડાલોને પણ ઉપહાસ કરવા લાયક તે થયો. તે લોકોમાં બહુ નિંદિત બન્યો. તેનું નામ બળ પાડ્યું. વિષવૃક્ષની જેમ સૌને દ્વેષ કરવા લાયક તે થયો. ઘણા લોકોને ઉદ્વેગ પમાડતો તે મોટો થવા લાગ્યો. એકદા બંધુવર્ગ સાથે ભાંડચેષ્ટા કરીને તેણે સર્વની સાથે કલહ કર્યો. તેથી તેઓએ તેને પોતાનાથી દૂર કર્યો. તે દૂર જઇને બેઠો તેવામાં ત્યાં એક સર્પ નીકળ્યો. એ જોઇને સર્વ ચાંડાલોએ એકદમ ઉઠીને 'આ ઝેરી સર્પ છે' એમ કહીને તેને મારી નાંખ્યો. થોડીવાર પછી બીજો સર્પ નીકળ્યો. તે વિષ રહિત છે એમ જાણીને તેઓએ તેને જવા દીધો.

તે જોઇને 'બળે' વિચાર્યું કે વિષધારી સર્પ હણાય છે અને નિર્વિષ સર્પ મૂકી દેવાય છે. માટે સર્વ કોઇ પોતાના જ દોષથી કલેશ પામે છે એમ સિદ્ધ થયું. તો હવે પોતે ભદ્ર પ્રકૃતિ રાખવી તે જ યોગ્ય છે. એમ વિચારતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વ ભવનો વિચાર કરતો તે બળ ગુરુભગવંત પાસે ગયો. તેમની પાસે ધર્મશ્રવણ કરીને તેણે દીક્ષા લીધી.

૧૨. પ્રમોદહેતુ દીક્ષા : બહુ માણસોને હર્ષિત કરનારી જે દીક્ષા તે પ્રમોદહેતુ દીક્ષા. એ માટે જંબુસ્વામીનું દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે.

જંબુકુમાર રાજગૃહી નગરીનાં ઋષભદત્ત અને ધારિણીનાં એકના એક પુત્ર હતા. કોઇ વખત સુધર્મા સ્વામી ગણધર ભગવાનની દેશના

સાંભળી જંબુકુમાર પ્રતિબોધ પામ્યા અને દીક્ષા લેવા માતા-પિતાની રજા લેવા ગયા. માતાએ પરણવા માટે આગ્રહ કર્યો. જંબુકુમારે નિશ્ચય કર્યો કે પરણ્યા પછી બીજે જ દિવસે પોતે દીક્ષા લેવી. આઠ કન્યા સાથે જંબુકુમારનાં લગ્ન આરંભાયા અને એકેક કન્યા દસ દસ ક્રોડ કરિયાવર લઇ જંબુકુમારને ત્યાં આવી. આમ એક જ દિવસમાં જંબુકુમાર એંશી ક્રોડ સોનૈયાનો સ્વામી થયો. પરંતુ નિર્મોહી, નિર્વીકારી, ત્યાગી થવાની જીજ્ઞાસાવાળા ત્યાગ-વૈરાગ્ય સભર કથાઓ દ્વારા આઠે કન્યાઓને પ્રતિબોધી. તે જ રાત્રે પ્રભવાદિ પાંચસો ચોરો, પોતાના માતા-પિતા અને આઠે કન્યાના માતા-પિતા એમ પાંચસો સત્યાવીસને પ્રતિબોધ પમાડી જંબુકુમારે એ બધાં સાથે દીક્ષા લીધી.

**૧૩. આખ્યાતા દીક્ષા :** બીજાએ કહેલાં ધર્મને સાંભળીને જે દીક્ષા લેવાય તે આખ્યાતા દીક્ષા. પ્રભવની જેમ.

જયપુરના રાજા વિંધ્યને બે પુત્ર હતા. એક પ્રભવ અને બીજો પ્રભુ. પ્રભવ મોટો હતો છતાં વિંધ્ય રાજાએ પ્રભુને રાજ્ય આપ્યું આથી પ્રભુવનું મન દુભાયું. તે નગર છોડી એક લૂંટારાની પલ્લીમાં ભળ્યો. ધીમે ધીમે તે મોટો લૂંટારો થયો. તેણે કોઇના મુખેથી સાંભળ્યું કે રાજગૃહીના ઋષભદત્ત શેઠનો પુત્ર એંશી ક્રોડ સૌનૈયા કરિયાવરમાં જેમને મળેલ એવી આઠ શ્રેષ્ઠી પુત્રીઓને પરણી પોતાના મહેલમાં આવી ગયો છે. તે જાણી પ્રભવ ચોર પોતાના પાંચસો સાથીદારો સાથે જંબુકુમારની હવેલીએ આવ્યો. હવેલીમાં પેસતાં જ એણે બધા ઉપર અવસ્વાપિની વિદ્યાનો પ્રયોગ કર્યો. એથી બધાને ઊંઘ આવવા લાગી. પણ જંબુકુમારને તે વિદ્યા મૂર્છિત ન કરી શકી. પ્રભવે પાંચસો સાથીદારો સાથે ધનનાં પોટલા બાંધવા લાગ્યા. તે જોઇને જંબુકુમારે તે બધાંની સામે સ્તંભિની વિદ્યાથી નજર નાંખી એટલે તે બધા હતા ત્યાં ને ત્યાં સ્થંભિત થઇ ગયા. પ્રભવે જંબુકુમારને કહ્યું, 'ભાગ્યવંત! મારે તમારે ત્યાં ચોરી નથી કરવી, પણ મને તમે તમારી આ સ્તંભિની વિદ્યા આપો તો હું તમને બદલામાં અવસ્વાપિની અને તલોદ્‌ઘાટિની બે વિદ્યા આપું.' જંબુકુમારે કહ્યું, 'ભાઇ ! હું તો કાલે દીક્ષા લઇશ. મારે કોઇ વિદ્યાની જરૂર નથી. પરંતુ હે પ્રભવ ! વિષયસુખ દુઃખદાયક છે અને તે દેખાવમાં મીઠું અને પરિણામે ભયંકર છે એમ સમજ.' જંબુકુમારે મધુબિન્દુ, અઢારનાતરાં, મહેશ્વરદત્ત વગેરેનાં દૃષ્ટાંતો આપી પ્રભવ ચોરને પ્રતિબોધ પમાડ્યો. આમ પ્રભવ ચોર જંબુકુમારનાં ઉપદેશથી પ્રતિબોધ પામ્યો ને દીક્ષા લીધી. એથી એ દીક્ષાનો પ્રકાર 'આખ્યાતા દીક્ષા'નો કહેવાય.

**૧૪. સંગરા દીક્ષા :** પૂર્વ ભવમાં કરી રહેલા સંકેતથી જે દીક્ષા લેવાય તે, સંગરા દીક્ષા કહેવાય.

ઇષુકાર અધ્યયનમાં વર્ણવેલા પુરોહિતના બે પુત્રની દીક્ષા એવી હતી. ઇષુકાર નગરના ઇષુકાર રાજાને ભૃગુ પુરોહિત મંત્રી હતો. મોટી ઉંમર થવા આવી છતાં ઘરે સંતાન ન હોવાના કારણે તે ખેદ કરતો. એક વખત દેવે આવીને ભૃગુ પુરોહિતને કહ્યું કે 'તમારે ઘરે બે પુત્ર ઉત્પન્ન થશે. તમે ચિંતા ન કરો. પણ તે નાની વયમાં દીક્ષા લઇ આત્મકલ્યાણ કરશે.' પુત્ર થવાની વધામણીથી પુરોહિત રાજી થયો. અનુક્રમે તેના ઘરે બે પુત્રોનો જન્મ થયો. પુત્રો સમજણા થયા. એટલે પિતાએ એમના મનમાં ભય બેસાડી દીધો કે 'તમારે જૈન સાધુનો પરિચય કરવો નહીં. તેઓ છોકરાઓને લઇ જઇ મારી નાંખે છે.' તેથી પુત્ર ડરવા લાગ્યા. કોઇવાર બન્ને પુત્રો ફરવા ગયા હતા. ત્યાં પુરોહિતને ત્યાં જૈન મુનિઓ ગોચરીએ આવ્યા. ગોચરી લઇ મુનિઓ ગામ બહાર જતા હતા ત્યાં આ બે પુત્રોએ તેમને જોયા. પુત્રો મુનિને જોઇ ગભરાયા. તેઓ એક વડ વૃક્ષ પર ચડી સંતાઇ ગયા. મુનિઓ પણ એ જ વડ નીચે આવ્યા. અનુકૂલ જગ્યા જાણી મુનિ ત્યાં જ આહાર વાપરવા બેઠા. તે બંને ભાઇઓએ જ્યારે મુનિઓને નિર્દોષ આહાર કરતા જોયા ત્યારે પોતે વિચાર કરવા લાગ્યા કે, 'આવું આપણે ક્યાંક જોયેલું છે.' એમ વિચારતાં બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેઓએ પૂર્વના એક જન્મમાં સાધુપણું પાળેલું અને તેના પ્રભાવે તેઓ પોતે દેવ થયેલા. તે સર્વ તેમના જોવામાં આવ્યું. તરત વડની નીચે ઊતરી મુનિઓને વંદન કર્યા. પોતે મુનિ માટે જે અશુભ કલ્પના કરી હતી તે માટે ક્ષમા યાચી અને દીક્ષા લેવાની પોતાની અભિલાષા જણાવી. ત્યાર પછી માત્ર એમણે જ નહિ એમના માતા-પિતા તથા રાજા-રાણી એમ છએ જીવોએ વૈરાગ્યવાસિત બની સાથે દીક્ષા લીધી.

**૧૫. વૈયાકરણી દીક્ષા :** સંદેહવાળા અર્થને જિનાદિકે કહ્યા છતાં જે દીક્ષા લેવાય તે વૈયાકરણી નામની દીક્ષા કહેવાય. ગૌતમ સ્વામીની દીક્ષા એનું ઉદાહરણ છે.

ગોબર ગામમાં ઇન્દ્રભૂતિ નામના વેદાદિના જાણકાર પંડિત હતા. તેમને પોતાના જ્ઞાનનું અભિમાન હતું. તે પોતાને સર્વજ્ઞ માનતા. કોઈ વખતે પ્રભુ મહાવીર તે ગામ બહાર સમવસર્યા હતા. સમવસરણમાં દેવોને જતા જોઇને ઇન્દ્રભૂતિએ પૂછ્યું તો જાણવા મળ્યું કે કોઇ સર્વજ્ઞ આવ્યા છે ત્યાં દેવો જાય છે. 'અરે, સર્વજ્ઞ તો હું છું. એ પણ દેવોને ખબર નથી. હું એ ધૂર્તની પાસે જઇ વાદ કરીને પરાજિત કરી આવું' એમ વિચારી સંકલ્પ કરી ઇન્દ્રભૂતિ પાંચસો શિષ્ય સાથે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ ઇન્દ્રભૂતિનું નામ લઇ બોલાવ્યા અને કહ્યું કે, 'હે ગૌતમ ! તમને આત્માના અસ્તિત્વ સંબંધી, વેદના પરસ્પર વિરુદ્ધ વાક્યોથી ઘણા વખતથી શંકા છે. તે શંકાનું મૂળ વેદના વાક્યના અર્થને યથાર્થ રૂપે ન સમજવામાં રહેલું છે.' એવી રીતે પ્રભુએ તેમના અનેક સંશયો ટાળ્યા. એટલે પાંચસો શિષ્ય સહિત એ જ વખતે તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

**૧૬. સ્વયંબુદ્ધા દીક્ષા :** સર્વ તીર્થંકરો ભગવાન સ્વયંબુદ્ધા નામની દીક્ષા ગ્રહણ કરે છે.

જગતમાં સર્વોત્કૃષ્ટ સૌંદર્યવાળા અને બાલ્યવયમાં પણ અબાલ બુદ્ધિવાળા પ્રભુ જિતેન્દ્રિય અને સ્થિર આત્માવાળા હોય છે. જન્મથી ત્રણ જ્ઞાનયુક્ત એવા પ્રભુ સંસારના સુખમાં આસક્ત બનતા નથી. તીર્થંકર પરમાત્મા જ્ઞાનથી પોતાની દીક્ષાનો સમય જાણે છે છતાંય તે સમયે લોકાંતિક દેવતા તેમની પાસે આવીને નમસ્કાર કરીને ત્રણ લોકના કલ્યાણ માટે ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે વિનંતી કરે છે. દીક્ષા લેવાના સમયને એક વરસ બાકી હોય ત્યારે તીર્થંકર પરમાત્મા વાર્ષિક દાન આપે છે. દાન દીધા પછી માતા-પિતાની અનુજ્ઞા લઇને જેમનો શકેન્દ્ર તથા રાજા વગેરેએ ભક્તિથી મહાભિનિષ્ક્રમણોત્સવ કરેલો છે, એવા પ્રભુ સ્વહસ્તે દીક્ષા લે છે. શિબિકામાં બેસી પ્રભુ દીક્ષા લેવા નીકળે છે ત્યારે મનુષ્યો તેમની વિવિધ પ્રકારે સ્તુતિ કરે છે અને સૌ પ્રભુ સાથે વનમાં આવે છે ત્યાં અશોકવૃક્ષ નીચે પાલખી ઉતારે છે. પ્રભુ તેમાંથી બહાર નીકળી આભૂષણો ઉતારે છે. તે સમયે કુળની વડિલ સ્ત્રી હંસ લક્ષણવાળા વસ્ત્રમાં તે આભૂષણો લઇ લે છે. આભૂષણો ઊતર્યા પછી એક મુષ્ટિથી દાઢી-મૂછના અને ચાર મુષ્ટિથી મસ્તકના કેશનો એમ પંચમુષ્ટિ લોચ કરે છે. શકેન્દ્ર તે કેશને લઇને પ્રભુને જાણ કરીને ક્ષીરસાગરમાં પધરાવી દે છે. પછી ઇન્દ્ર પ્રભુના સ્કંધ ઉપર દેવદૂષ્ય નાંખે છે. ત્યારબાદ પ્રભુ 'નમો સિદ્ધાણં' બોલી સામાયિકનો પાઠ ભણે છે. (આ પાઠમાં 'ભંતે' એ પદ જિનેશ્વર ભગવંત બોલતા નથી.) દીક્ષિત થતાં એ સમયે જ પ્રભુને ચોથું જ્ઞાન પ્રગટ થાય છે.

આમ દીક્ષાના આવા સોળ પ્રકાર શાસ્ત્રકારોએ બતાવ્યા છે.

✣ ✣ ✣

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, બાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૧૧ ● ● તા. ૧૬-૧૧-૯૮ ●

Licence to post without prepayment No. 37
● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## કચરો વીણનારા

દિવાળીનું પર્વ આવે એટલે અગાઉથી ઘરોમાં, દુકાનોમાં સાફસૂફી ચાલે, રંગરોગાન થાય, સ્વચ્છ અને ઊજળા થઈને તે પર્વ ઊજવવાનું ગમે. દિવાળીમાં કેટલી બધી જૂની વસ્તુઓ અને નકામો કચરો ઘરમાંથી નીકળે. કેટલાકને કચરો કાઢવાનો આનંદ હોય છે, તો કેટલાકને કચરો મેળવ્યાનો આનંદ થાય છે. ઉભય પક્ષે પર્વોત્સવ હોય છે. આપણાં કેટલાંક પર્વો સાથે કચરો (સ્થૂલ અને સૂક્ષ્મ) કાઢવાની પ્રથા સંકળાયેલી છે એમાં કેટલું બધું દૂરંદેશીપણું રહેલું છે! આવાં પર્વો ન હોય તો જીવન અસ્વચ્છ અને પ્રમાદી બની જાય.

કચરો એ મનુષ્ય જીવનનું સનાતન અંગ છે. મૃત્યુની ઘટના તમામ જીવોના શરીરને કચરામાં રૂપાંતરિત કરી નાખે છે. પદાર્થોને નકામા બનાવી દેવાની શક્તિ વાયુ, જલ, તેજ અને અગ્નિ ધરાવે છે. ધરતીકંપ, વાવાઝોડું, પૂર, આગ વગેરેનો ઉપદ્રવ થાય ત્યારે તો કેટકેટલી વસ્તુ ભાંગી જાય છે, તૂટીફૂટી જાય છે. આવા મોટા ઉપદ્રવો ન હોય તો પણ વસ્તુને જીર્ણ કરવાની તાકાત કાળમાં રહેલી છે. જૂની વસ્તુનો નિકાલ અને નવી વસ્તુના ઉત્પાદનમાં વિપુલ માનવશક્તિ સતત વપરાતી રહે છે.

જગતમાં સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા હંમેશાં એવી ત્રુટિવાળી રહેવાની કે જેથી એક માણસનો કેટલાક પ્રકારનો કચરો તે બીજાને માટે ઉપયોગની વસ્તુ બની રહે છે. જૂનાં કપડાં, જૂનાં વાસણો, જૂનું રાચરચીલું, જૂનાં સાધનો, જૂની મોટરકાર, અરે જૂનાં વિમાનો સુદ્ધાં એકને કાઢી નાખ્યાનો આનંદ છે તો બીજાને તે મેળવ્યાનો આનંદ છે. ક્યારેક તેમાં નાણાંની લેવડદેવડ હોય છે, ક્યારેક નહિ.

ફેંકી દેવાયેલો કચરો ફેંદીને તેમાંથી પોતાને કામની વસ્તુ મેળવનારા પણ પછાત દેશોમાં ઘણા બધા માણસો જોવા મળશે. બીજાના એંઠવાડમાંથી ખાનારા ભૂખ્યા ગરીબ માણસો પણ ધરતી પર ઓછા નથી. રસ્તા પર રાખવામાં આવેલા કચરાના ડબ્બામાંથી દાણા વીણીને ખાનારા માણસો પણ ક્યાંક જોવા મળશે. સભ્ય સંસ્કૃતિને માટે કલંકરૂપ આવી ઘટનાઓ છે. એ નથી બનતી એવું નથી.

ફેંકી દેવા લાયક કચરામાંથી વસ્તુઓ મેળવીને તેમાંથી કલાત્મક વસ્તુઓ બનાવનારો વર્ગ પણ દુનિયામાં ઘણે સ્થળે છે, પણ તેનો આશય નિરાળો છે. જૂની-પુરાણી ચીજ વસ્તુઓની લે-વેચનું ક્ષેત્ર પણ અત્યંત વિશાળ છે. તેનો વિષય પણ મોટો છે. અહીં તો આપણે ફેંકી દેવાયેલો કચરો વીણીને આજીવિકા રળનાર (Rag-Pickers) વિશે થોડું વિચારીશું.

આ વિશ્વમાં દરેકે દરેક વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાની શક્તિ અને પાત્રતા અનુસાર વ્યવસાય મળી રહે અને દરેકને એનાથી સંતોષ રહે એવું બનવાનું શક્ય નથી, કારણ કે તક કરતાં ઉમેદવારો હંમેશાં વધુ રહેવાના અને ઇચ્છામાં વધઘટ થતી રહેવાની. અસંખ્ય લોકોને તો આજીવિકા મળી, બેકાર નથી બેસી રહેવું પડતું એટલી વાત પણ સંતોષ-સમાધાન કરાવનાર નીવડે છે. માણસનો રસનો વિષય એક હોય ને વ્યવસાયનું ક્ષેત્ર ભિન્ન હોય એવું અનેક લોકોની બાબતમાં બનતું રહે છે. થોડાક ભાગ્યશાળી માણસોને પોતાનાં રસ-રુચિ, ઇચ્છા, પાત્રતા અનુસાર વ્યવસાય મળી રહે છે અને એનો એમને પરમ સંતોષ પણ હોય છે.

આર્થિક દૃષ્ટિએ પછાત દેશોમાં જ્યાં અનેક લોકોને નોકરી ધંધો ન મળતાં, આજીવિકાનું સાધન પ્રાપ્ત ન થતાં બેરોજગાર બનીને બેસી રહેવું પડે છે, ભીખ માગવી પડે છે, ચોરી લૂંટફાટનો આશ્રય લેવો પડે છે, આપઘાત કરવો પડે છે ત્યાં પરિસ્થિતિ બહુ વિષમ હોય છે. માણસ સશક્ત હોય, કામ કરવા માટે ઉત્સુક હોય ને છતાં રોજી ન મળતી હોય એ વખતનું નૈરાશ્ય તો જેણે અનુભવ્યું હોય તેને જ વધુ સમજાય. સુશિક્ષિત માણસોની આવા કપરા કાળની સંવેદના વધુ ઘેરી હોય છે. જ્યાં ગરીબી અને બેરોજગારીનું પ્રમાણ વધુ હોય છે ત્યાં ગુનાખોરીનું પ્રમાણ પણ વધુ હોય છે. પેટનો ખાડો પૂરો કરવા માટે ગમે તેવું હલકું, ગંદુ, જોખમભરેલું કામ માણસ સ્વીકારી લે છે અને પછી એનાથી ટેવાઈ જાય છે.

માણસ ઘરબાર વગરનો હોય, લાચાર હોય, ભૂખે મરતો હોય તો એ આજીવિકા મેળવવા માટે કચરામાંથી પણ બીજા કોઈકને કામ લાગે એવી વસ્તુ શોધી કાઢે છે, એકઠી કરે છે અને એ વેચીને નજીવી કમાણી કરી લે છે. બેસી રહેવું અને ભૂખે મરવું એના કરતાં એટલું કરીને પણ પેટ ભરવું એ સારું છે એમ તે સમજે છે.

દરેક દેશમાં દરેક વખતે કચરાને લગતા આવા જુદા જુદા કામધંધા લોકો શોધી કાઢે છે. લશ્કરી તાલીમ કેન્દ્રોમાં તાલીમ લેતી વખતે રાઈફલ કે મશીનગનના ફાયરિંગ પછી એ જગ્યાએ ફૂટેલાં કારતૂસોના ધાતુના ઝીણા ટુકડા વીણવા માટે આસપાસના ગરીબ સ્ત્રીપુરુષો જાનના જોખમે પડાપડી કરતાં હોય. રોજેરોજ એકઠા કરેલા ધાતુના ટુકડા પછી ભંગારવાળાને તેઓ વેચીને ગુજરાન ચલાવતા હોય. કોલસાથી ચાલતા રેલવેના એન્જિનોમાંથી પડેલી કોલસાની ભૂકી કે રાખ વીણનારા પણ કેટલા બધા હોય છે. ઢોરોનું છાણ વીણી છાણાં થાપનારાં માણસો હજુ પણ વસે છે.

જૂના વખતમાં ધૂળધોયાનો ધંધો કરનારા માણસો ઘણા ગામોમાં રહેતા. આજે પણ એવો વ્યવસાય કરનારા ક્યાંક ક્યાંક હોય છે.

તેઓ જ્યાં સોના-ચાંદીનું કે મોતી-ઝવેરાતનું કામ થતું હોય એ રસ્તા પરથી ધૂળ તગારામાં એકઠી કરી લે છે અને પછી તળાવ કે નદી કિનારે જઇ એમાં પાણી નાખી ધીમે ધીમે નીતારતા જાય. ધૂળ બધી ધોવાઇ જાય અને કાંકરા અને બીજી નક્કર વસ્તુ રહે તેમાંથી જે કંઇ મળે તે વેચીને આજીવિકા ચલાવે. ઘણી વાર તો દિવસો સુધી કશું જ ન મળે. મહેનત માથે પડે. કોઇની કોઇ કિંમતી ચીજવસ્તુ ખોવાઇ ગઇ હોય ને ધૂળધોવાને પહેલેથી કહી રાખ્યું હોય તો તેઓ પ્રમાણિક એવા કે તે વસ્તુ મળે તો એના માલિકને આપી દે. પછી તે માલિક રાજીખુશીથી જે બક્ષિસ આપે તે સ્વીકારી લે. (અમે અમારા કિશોરકાળમાં કેટલાંયે ગામોમાં આવા ધૂળધોયા જોયા છે.) ધૂળધોયાનો વ્યવસાય હવે લુપ્તપ્રાયઃ થઇ ગયો છે. કેટલાંક કુટુંબોની અટકમાં તે શબ્દ રહ્યો છે અને બહુ મહેનતે અત્યંત અલ્પ ફળ આપનારા કામના અર્થમાં રૂઢિપ્રયોગમાં તે રહ્યો છે. ધૂળધોયા કરતાં કચરો વીણનારાઓનો વ્યવસાય ચડિયાતો છે, કારણ કે સાંજ સુધીમાં પેટ પૂરતી થોડીક રોજગારી તો અવશ્ય મળે છે.

માણસને કચરો વીણવાનો વ્યવસાય કેમ ગમતો હશે ? ગરીબ, અભણ, બેકાર, લાચાર, નિરાધાર માણસ તરત શરૂ કરી શકે એવું આ કામ છે. વળી તેનું કારણ એ છે કે આ એક એવો ધંધો છે કે જેમાં બીજી કોઇ શૈક્ષણિક લાયકાતની જરૂર નથી. તેમાં મૂડીરોકાણ નથી. તેમાં કોઇની લાગવગ કે ભલામણની જરૂર નથી. તે સ્વેચ્છાએ ગમે ત્યારે, ગમે તે સ્થળેથી ચાલુ કરી શકાય છે. એમાં કામના નિશ્ચિત કલાકો નથી કે કોઇ બંધન નથી. તેમાં રજા લેવા માટે કોઇ નિયમ કે બંધન નથી. તેમાં સ્ટોક રાખવાનો કે બગડવાનો, સડવાનો કે ચોરાઇ જવાનો ભય નથી. તેમાં રોજેરોજની કમાણી રોકડી મળી જાય છે. તેમાં પોતે જ શેઠ અને પોતે જ નોકર જેવી સ્થિતિ હોય છે.

ધનાઢ્ય દેશોમાં કેટકેટલી સારી વસ્તુઓ કચરામાં નાખી દેવામાં આવે છે. તેમાં પણ વાંચી લીધેલા સારા સારા ગ્રંથો કોઇ લેનાર ન હોવાથી કચરામાં નખાતાં જોઇને જીવ બળે. કાચની કે પ્લાસ્ટિકની બાટલીઓ, ખોખાં, રાચરચીલું, અરે, જૂની મોટરકાર સુદ્ધાં કચરામાં નાખી દેવાય છે. પણ તેઓનો સૌથી મોટો કચરો કાગળનો હોય છે. હવે ત્યાં પર્યાવરણની દૃષ્ટિએ જાગૃતિ આવી છે. Recyclingનો કચરો જુદો એકઠો થાય છે. તેમ છતાં પાર વગરનો કાગઝી કચરો ધનાઢ્ય દેશોમાં દરિયામાં કે અન્યત્ર ઠલવાય છે. ત્યાં કચરો કાઢનારા બધા જ હોય છે, કચરો વીણનારા કોઇ નથી હોતા, કારણ કે ત્યાંનું જીવનધોરણ એટલું સમૃદ્ધ છે. કચરો વીણનારા મુખ્યત્વે અર્ધવિકસિત દેશોમાં જોવા મળે છે.

કચરો વીણનારાઓમાં મુખ્યત્વે તો કાગળિયા વીણનારા હોય છે, પરંતુ વર્તમાન સમયમાં પ્લાસ્ટિકની કોથળીઓ, ખાલી બાટલીઓ, ઇલેક્ટ્રિક વાયરના ટુકડા, ચીંથરાં, લોખંડ, પિત્તળ અને અન્ય ધાતુઓનાં ભંગાર પણ વીણે છે. સાંજે તેઓ પોતાની વીણેલી વસ્તુઓ છૂટી પાડે છે અને પસ્તીવાળા, રદ્દી કાગળવાળા, ભંગારવાળાને તેઓ વેચી આવે છે.

કચરો વીણનારાઓમાં છેલ્લા કેટલાક વખતથી કાગળિયાં વીણનારાનો વ્યવસાય ઠીક ઠીક ફેલાયો છે. ભારતમાં ગરીબી અને બેકારી એટલી બધી છે કે આવા વ્યવસાય તરફ એવા માણસો ખેંચાય એ સ્વાભાવિક છે. જૂની પસ્તીનો વેપાર કરનારની વાત જુદી છે. આ તો રસ્તામાં કચરા તરીકે પડેલાં કાગળિયાં વીણનારાની વાત છે. ફક્ત મુંબઇ શહેરમાં જ દોઢ લાખથી વધુ માણસો આવું કામ કરે છે. એમાં ગરીબ સ્ત્રીઓ પણ છે અને કુમળી વયના છોકરાઓ પણ છે. મુંબઇ ઉપરાંત દિલ્હી, કલકત્તા, મદ્રાસ જેવાં મોટાં શહેરો અને નાનાં નાનાં નગરોમાં પણ ખભે કોથળો લઇને નીકળી પડેલ માણસો જોવા મળે છે. ભારત જેવા અર્ધવિકસિત દેશમાં લાખો માણસો ચીથરાં-કાગળિયાં વીણનાર (Rag-Pikers) તરીકે કામ કરે છે.

રોજેરોજ કાગળિયાં વીણનારા માણસો સામાજિક દૃષ્ટિએ ઉપકારક પણ છે. નગરોની સ્વચ્છતામાં તેમનો ફાળો હોય છે, (તેઓ પોતાના વિસ્તારમાં ગંદકી કરે તેની વાત જુદી છે) પણ તદુપરાંત પર્યાવરણની દૃષ્ટિએ પણ તેઓ ઉપયોગી કામ કરે છે. ધનાઢ્ય દેશોમાં Recyclingનો પ્રચાર તો હવે ચાલુ થયો, પણ આપણાં દેશમાં તો પહેલેથી જ એ ચાલે છે. કાગળિયાં વીણનારાઓને કારણે કાગળ, પૂઠાં વગેરે બનાવનારી મિલોને આવો કાચો માલ સસ્તા ભાવે મળે છે અને એથી જંગલનાં વૃક્ષો ઓછાં કપાય છે.

સમૃદ્ધ રાષ્ટ્રોમાં રસ્તાઓ એટલા બધા સ્વચ્છ હોય છે કે એક ચબરખી જોવા ન મળે. કાગળિયાં વીણવાનો વ્યવસાય કરનારા ત્યાં ભૂખે મરે. આપણે ત્યાં રસ્તામાં ગમે ત્યાં કાગળનો કચરો ફેંકવાની ટેવને લીધે લાખો લોકોને આજીવિકા મળે છે. એથી એવો કુતર્ક કરવાનો નથી કે કરુણાભાવથી વધુ કચરો રસ્તામાં નાખીએ તો વધુ લોકોને કમાણીનું સાધન મળે, કારણ કે અસ્વસ્છતાના બીજા અનર્થો ઘણા છે. વર્તમાન સમયમાં તો એક અનિષ્ટ આવશ્યકતા (Necessary Evil) તરીકે જ એનો વાસ્તવિક સ્વીકાર કરવો પડે છે. એની હિમાયત ન થઇ શકે. વસ્તુતઃ રસ્તાઓ સ્વચ્છ હશે તો ગંદકી, માંદગી નહિ થાય અને કચરો વીણનારને બીજો વ્યવસાય મળી રહેશે.

કાગળિયાં વીણનારા ઘણું ખરું સવારમાં નીકળી પડતા હોય છે. રસ્તાઓ પર અને શેરીઓમાં નગરપાલિકાના ઝાડુવાળા કર્મચારીઓ કચરો સાફ કરી નાખે એ પહેલાં તેઓ નીચું જોતાં જોતાં ચક્કર મારી લે છે કે જેથી છૂટાછવાયાં પડેલાં કાગળિયા હાથ લાગી જાય.

પોતાનો કોથળો ભરાય એટલે એક ચક્કર પૂરું થાય. જો કોઇ સાચવનાર હોય તો પોતાના મુકામે કોથળો મૂકીને બીજો કોથળો લઇને તે નીકળી પડે છે. કેટલાક વીણનારા દિવસ દરમિયાન ફક્ત એક ચક્કર લગાવે છે. કેટલાક બે કે ત્રણ ચાર ચક્કર લગાવે. કોથળો ભરાતાં તેઓ એવી રદ્દીનો વેપાર કરનારને વેચી આવે છે. કેટલાક એટલી આવકથી સંતોષ માને છે, તો કેટલાક મજૂરીના પ્રકારનું બીજું પરચુરણ કામ પણ કરી લે છે.

કચરો વીણનારાને પણ વર્ષાઋતુમાં ઓછી આવક મળે છે. કાગળો ભીના થઇ જાય છે. બીજો કચરો પણ ભીનો થઇ ગયો હોય તો કામમાં આવતો નથી. એવે વખતે રાતના આશ્રયનો પ્રશ્ન પણ ઊભો થાય છે. પોતાનું ઠામઠેકાણું ન હોવાથી આવા કેટલાક લોકો વર્ષાઋતુમાં સ્થળાંતર કરી જાય છે. કેટલાક પોતાના વિસ્તારમાં જ બીજું કોઇક કામ શોધી લે છે જે વર્ષાઋતુમાં જ પ્રાપ્ત થતું હોય છે.

કચરા સાથે કામ પાડનાર વ્યક્તિ જો તદ્દન તંદુરસ્ત હોય તો પણ માંદી પડી જવાનો સંભવ છે, તો પછી જેઓને પૂરતો પોષક ખોરાક મળતો નથી અને જેઓને આરોગ્ય વિશે કશી ગતાગમ નથી એવા લોકો અવારનવાર માંદા પડે તેમાં નવાઇ શી ? માંદા પડે ત્યારે દવાના પૈસા તો હોય નહિ, એટલે આવા લોકો થોડા દિવસ પડ્યા રહે છે અને સાજા થાય એટલે ફરી પાછા કામે લાગી જાય છે.

કાગળિયાં વીણીને રોજી મેળવનારા નાની વયના છોકરાઓની પણ એક જુદી જ દુનિયા છે. તેમના જીવન અને કાર્યનો અભ્યાસ યુનિવર્સિટીઓના સમાજશાસ્ત્રના અને સમાજકાર્યના વિભાગો તરફથી થાય છે અને તેઓના અહેવાલો અને ભલામણો નગરપાલિકા કે સરકારી ખાતાઓને સોંપાય છે અને તેના અમલ દ્વારા કેટલાક સુધારા પણ થાય છે.

ગરીબ, અભણ અને લાચાર માણસો કચરો વીણવાનો ધંધો કરતા હોવાથી તેમનો કચરો લેનાર વેપારીઓ પણ તેમનું શોષણ

કરે એ સ્વાભાવિક છે. ક્યારેક વજનમાં કે ભાવમાં પણ છેતરપિંડી થાય છે. કચરો વીણનારાઓ તો વેપારી આપે તે રકમ લઇ લેતા હોય છે. હિસાબ કરતાં તેઓને આવડે નહિ, પણ કેટલાકને અંદાજે સમજ પડે છે. તેમને સરખો વ્યાજબી ભાવ આપે અને બિલકુલ છેતરપિંડી ન કરે, એવા પણ કેટલાક વેપારીઓ હોય છે. જ્યાં વિશ્વાસ બેસે ત્યાં જ કાગળિયાં આપનારા વારંવાર જાય છે. વખત જતાં એકબીજાથી પરિચિત પણ થઇ જાય છે.

કચરો વીણનારા લોકો વર્ષો સુધી એ જ કામ કર્યા કરે એવું બનતું નથી. અડધાથી વધુ લોકોને પોતાનું આ કામ ગમતું નથી. મનથી તે નારાજ હોય છે, પણ લાચારીથી તે કરવું પડે છે. તેમને પ્રતિષ્ઠાનો કોઇ પ્રશ્ન હોતો નથી, પણ કામ જ ન ગમે એવું હોય છે. બીજી જરાક સારી તક મળતાં તેઓ ચાલ્યા જાય છે. ક્યારેક સામાન ઊંચકવાની મજૂરીનું કામ, રેલ્વે, બસ સ્ટેશન કે શાક મારકીટ કે એવા કોઇ સ્થળે મળતાં કે હોટેલમાં વાસણ ધોવાનું કામ મળતાં તેઓ તે તરફ વળી જાય છે. ઓછી અક્કલવાળા, શારીરિક ખોડવાળા, માનસિક ગ્રંથિવાળા કેટલાક આવા વ્યવસાયમાં વધુ ટકે છે. રોજે રોજ કચરો વીણનારા તરીકે કામ કરી અનિશ્ચિત આવક મેળવવા કરતાં નગરપાલિકાના સફાઇ કામદાર તરીકે નોકરી મળી જાય તો તે તેમાં જોડાઇ જાય છે, તો કેટલાકને પોતાના કામધંધામાં મળતી સ્વતંત્રતા વધુ વહાલી લાગે છે.

વાસ્તવિકતાનો સ્વીકાર કરીને, વર્તમાન પરિસ્થિતિને વધુ સારી કેમ કરી શકાય એ વિશે સરકારે અને સેવાભાવી સંસ્થાઓએ નક્કર વિચારણા કરવી ઘટે. કચરો વીણનારાઓનું વેપારીઓ દ્વારા થતું શોષણ અટકાવવા માટે પ્રયાસો થવા જોઇએ. કચરો વીણનારા બહુધા ઘરબાર વિનાના હોય છે. તેમને વ્યવસ્થિત આશ્રયસ્થાન મળી રહે એવી વ્યવસ્થા વિચારાવી જોઇએ. તેઓને યોગ્ય ખોરાક સસ્તાં ભાવે મળી રહે એવી વ્યવસ્થા પણ થવી ઘટે. રોટરી, લાયન્સ કે અન્ય કેટલીક સેવાભાવી સંસ્થાઓ કે વ્યક્તિઓ આવા લોકોને સારા મોટા કોથળા આપવાનો તથા કંઇક ખાવાનું આપવાનો પ્રબંધ કરે જ છે. કુમળી વયનાં બાળકો હોય તો તેમને રસ પડે એ પ્રકારની કેળવણી આપવાનો પ્રબંધ થવો જોઇએ. એવો પ્રબંધ ક્યાંક ક્યાંક થયો પણ છે. તેઓ પોતાની કમાણી સિગરેટ, શરાબ, જુગાર, વેશ્યા વગેરેમાં ન વેડફી નાખે એ માટે સેવાકાર્ય કરતી સંસ્થાઓએ આવા છોકરાઓનાં મંડળો રચીને કાર્ય કરવાની આવશ્યકતા છે. એવું કેટલુંક કાર્ય સારી રીતે ચાલી રહ્યું પણ છે. કચરો વીણનારાઓમાં પણ તેજસ્વી છોકરાઓ હોય છે. તેવાને વધુ સારી તક પૂરી પાડવામાં આવે તો તેઓ જીવનમાં ઘણી પ્રગતિ સાધી શકે. એ અંગે પણ વ્યવસ્થિત પ્રયાસ થવાની જરૂર છે.

પોતાના અનેક નાગરિકો કચરો વીણવાના વ્યવસાયમાં પડેલા હોય એ કોઇ પણ રાષ્ટ્ર માટે શોભાસ્પદ વાત નથી. પરંતુ જે રાષ્ટ્રોમાં આર્થિક અવ્યવસ્થાને કારણે અનેક લોકો વ્યવસાયવિહીન હોય, ભૂખે મરતા હોય ત્યાં આ વ્યવસાય પણ ખોટો નથી એમ લાગે. પ્રત્યેક રાષ્ટ્ર સમૃદ્ધ થાય અને એના નાગરિકોને આવો અણગમતો વ્યવસાય સ્વીકારવાનો વખત ન આવે એવી શુભ ભાવના આપણા સૌના અંતરમાં રહેલી હોવી જોઇએ.

□ રમણલાલ ચી. શાહ

❖❖❖

# ઉત્ક્રાન્તિ-સંસ્કાર

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

વિખ્યાત થિયોસોફિસ્ટ સી. ડબ્લ્યુ લેડબીટરનું પુસ્તક 'Man visible and invisible' વાંચતો હતો તેમાં પૃ. ૩૪ ઉપર એક આ વાક્ય વાંચવામાં આવ્યું: 'The duckling, the moment it is set free from the egg seeks the water and can swim fearlessly' -- મતલબ કે 'બતકનું બચ્ચું જેવું ઈંડામાંથી બહાર નીકળે છે કે તરત જ એ પાણી શોધે છે ને તેમાં નિર્ભયપણે તરી શકે છે.' બકરી, ગાય કે વાંદરીનાં બચ્ચાં પણ ગણતર દિવસોમાં જ પગભર થઇ જાય છે. એમની સ્ફૂર્તિ જોઈ દંગ થઇ જવાય છે. નવજાત માનવશિશુને સ્તન-પાન કરવા માટે ખાસ ટ્યુશનની જરૂર પડતી નથી. આ બધું સ્વાભાવિક છે. આને આપણે ઉત્ક્રાંતિ-સંસ્કાર કહીશું ? એનાથી પૂર્વજન્મની પ્રતીતિ નથી થતી ?

આપણાં ધર્મશાસ્ત્રો ને ઇતિહાસમાં આપણે વાંચીએ છીએ કે મહામુનિ કપિલ, જન્મની સાથે જ માતાને ઉપદેશ આપવા લાગ્યા. ગર્ભજોગી શુકદેવ જન્મથી જ પરમજ્ઞાની હતા. માંડ આઠ વર્ષની કુમળી વયે, આદિશંકરાચાર્ય વેદનો અભ્યાસ પૂર્ણ કરી ભાષ્ય લખવા લાગ્યા. શિષ્યે આ વાતની શંકા કરી તો ગુરુએ પરખાવ્યું કે 'શંકરાચાર્ય અક્કલના જરા કમ હતા એટલે આઠ જેટલાં વર્ષ લાગ્યાં ! જ્ઞાનદેવે, અગિયારમે વર્ષે જ્ઞાનેશ્વરી લખી હતી. તેર સાલની બંગાળી કવિયત્રી તોરુદત્તે દીર્ઘકાવ્યો લખેલાં ને ૧૯૯૭ના ઓગસ્ટ માસમાં બી.બી.સી. લંડનના સમાચાર હતા કે સાત વર્ષની બાળાએ ૧૫-૧૬ વર્ષના વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા પસાર કરી. ચાર વર્ષની બાળા મોટર ચલાવે કે બાર વર્ષની વિમાન ચલાવે એ અર્વાચીન ઘટનાઓ છે.

મે મહિનો સને ૧૯૩૩-'કેન્યા ડેલિમેલ'માં એક સત્ય ઘટનાના સમાચાર હતા. નૈરોબીમાં એક પ્રસૂતિગૃહમાં એક આફ્રિકન મહિલાએ પુત્રને જન્મ આપ્યો. જન્મ બાદ થોડા જ સમયમાં બાલકે સ્વાહિલી ભાષામાં એની માતાને કહ્યું : 'મીમી અપાના કુલા મઝી યાકો, વેવેના કુલા ન્યામા'...મતલબ કે 'હે મા ! હું તારું દૂધ પીવા માગતો નથી કારણ કે તું માંસ ખાય છે !' બાળકનો પિતા કેન્યા સરકારના ન્યાય ખાતામાં ઉચ્ચ અધિકારી હતો અને તેની સાથેના નેવું ટકા અધિકારીઓ હિંદીઓ હતા. પિતાને થયું કે મારું આ સંતાન પૂર્વભવમાં કોઇ હિન્દી હોવું જોઇએ ! તરત જ એણે ગાય ખરીદીને બાળકને ગાયનું દૂધ પાવાનું શરૂ કર્યું. આ બાળક મોટો થતાં એના મિત્રો અને સ્નેહીઓને કહેતો કે માંસાહારી જીવન કરતાં શાકાહારી જીવન ઉત્તમ છે.

સંત વિનોબાએ 'ગાંધી-જેવા જોયા-જાણ્યા' પુસ્તકમાં ગાંધીજીને 'ગુજરાતની સંસ્કૃતિરૂપી આંબાનું ફળ'-ગણાવ્યા છે. તેઓ લખે છે : 'આ પ્રદેશમાં જે તપસ્યા થઈ, તેને પરિણામે ગાંધીજી અહીં પેદા થયા હતા. ગાંધીજી ગુજરાતમાં પાક્યા એ કાંઇ અકસ્માત નથી કે ખાલી નસીબની બલિહારી નથી. એની પાછળ એક તત્ત્વ છે. ગુજરાતના દહીંમાં જ એવું કંઇક છે જેમાંથી આવું માખણ નીકળી શકે. ગુજરાતનો સૌથી વધુ તરી આવે તેવો ગુણ છે, ત્યાંની આમજનતાઓએ અપનાવેલી સાર્વત્રિક અહિંસા. આને લીધે જ ગાંધીજીનો જન્મ ગુજરાતમાં થયો છે, એમ હું માનું છું... ગુજરાતની આમજનતાએ માંસાહારનો પૂરેપૂરો ત્યાગ કર્યો છે એવી ઘટના દુનિયામાં બીજે ક્યાંય જોવા મળતી નથી.' (પૃ. ૯૭) હું તો આનું પ્રધાન શ્રેય જૈન ધર્મને આપું. જૈન ધર્મ, જૈન પ્રજા અને ગુજરાતના જૈન ધર્મી રાજાઓએ આ દિશામાં પાયાનું કામ કરેલ છે.

ઉપર્યુક્ત કેટલીક વાતોમાં આપણે શ્રદ્ધા રાખીએ વા ન રાખીએ, પરંતુ એક વાત તો સ્પષ્ટ જ છે કે ઉત્ક્રાંતિના ક્રમમાં, જન્મજન્માન્તરના સંસ્કારનું બેન્ક બેલેન્સ' નવજાત શિશુને પ્રાપ્ત થતું જ હોય છે, બાકી 'ઉત્તરરામચરિત' નામના સંસ્કૃત નાટકમાં નાટકકાર ભવભૂતિ કહે છે તેમ :

'ગુરુજી શિખવે એકી રીતે, ગુણી જડ બેઉને' પણ સૌ પોતપોતાની સ્મૃતિ અને શક્તિ પ્રમાણે જ્ઞાનને ઝીલે છે, સમજે છે, પચાવે છે. મલિન અને સ્વચ્છ દર્પણમાં જેમ પ્રતિબિંબ ઝીલાય છે તેમ.

કયા માતાપિતાને ઘરે જન્મ લેવો એ કોઇના હાથની વાત નથી. સામાન્ય ખેડૂતને ઘરે જન્મીને પણ સરદાર વલ્લભભાઇ બની શકાય અને સામાન્યમાં સામાન્ય બુદ્ધિ ધરાવતા મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી સમગ્ર માનવજાતિના મેરુ સમાન મહાત્મા ગાંધી પણ બની શકાય. ગમે તેવાં વાતાવરણ અને પરિસ્થિતિને પણ પ્રબળ પુરુષાર્થ પલટી શકે, નડતરરૂપ પથ્થર શિલાઓને પ્રગતિના પગથિયાં બનાવતાં આવડે તો ! ગુપ્તસુપ્ત શક્તિના સ્રોતને આવરણરૂપ બની બેઠેલી શિલાને દૂર કરવાની જ આવશ્યકતાઓ અને આવડત હોવાં જોઇએ. 'વાદળ અને વાવાઝોડાં વિના મેઘધનુષ્ય હોઇ શકે નહીં.'

વિશ્વના નૃવંશશાસ્ત્રીઓએ, વૈજ્ઞાનિક તત્ત્વોને આધારે આ પૃથ્વી પર માનવીના અવતરણની મર્યાદા આશરે દશેક લાખ વર્ષ પૂર્વેની આકારી છે. હજી એ 'શુદ્ધ બુદ્ધિચલિત અને સ્વસ્થ વિવેકસંપન્ન' માનવ થઇ શક્યો નથી. ઉત્ક્રાંતિના ક્રમમાં અમીબાથી આત્મા-બ્રહ્મ-દેવતા સુધીની એની ઉર્ધ્વ વિકાસયાત્રા અદ્યાપિ ચાલુ છે. બુદ્ધ, મહાવીર, જીસસ ક્રાઇસ્ટ, મુહમ્મદ સાહેબ પયગમ્બર અને મહાત્મા ગાંધી સુધીની એની વિકાસયાત્રા થઇ હોવા છતાં હજી એનો આદિ જીવ સાથેનો નાડી-સંબંધ તૂટ્યો નથી. ઉત્ક્રાંતિની વિકાસ-યાત્રામાં આરોહણ-અવરોહણના અનેક તબક્કાઓ આવતા જતા હોય છે. કાં તો વૈશ્વિક વિપરીત પરિસ્થિતિને કારણે વા માનવ પ્રકૃતિની નિજી મર્યાદાઓને કારણે તે અમીબાથી બ્રહ્મ-દેવતા સુધીની વિકાસ યાત્રામાં અટવાતો જતો દેખાય છે, અને વિશ્વ-ઇતિહાસના કેટલાક તબક્કાઓનાં ચંગીસખાન, હિટલર અને ઇદી અમીનો જેવા નર-પિશાચો પણ એ તરંગ-રેખામાં દેખા દેતા હોય છે. આવી વરવી વાસ્તવિકતા હોવા છતાં પણ એની વિકાસની સંભવિતતાનો આશાવાદ માનવતાના મજનુઓએ હજી ખોયો નથી અને માનવ-જાતિની ઉત્ક્રાંતિના અનુલક્ષમાં હજી બીજાં દશથી બાર હજાર વર્ષો એની માનવતાની વિકાસયાત્રાને લાગશે એવું જીવશાસ્ત્રીઓનું અનુમાન છે, અને ગર્ભ-સંસ્કારની વાત પણ કેવડી મોટી છે ! માતાના ગર્ભમાં જ અભિમન્યુને યુદ્ધનું કોઠા-જ્ઞાન પ્રાપ્ત થયું હતું...અને 'ધર્મવર્ણન'માં આચાર્ય આનંદશંકર ધ્રુવ મહાવીર સ્વામી અંગે લખે છે : 'એમ કહેવાય છે કે એ (વર્ધમાન) દેવાનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમાં હતા, ત્યાંથી ત્રિશલા ક્ષત્રિયાણીના ગર્ભમાં એમને લઇ જવામાં આવ્યા હતા. આથી એમ અનુમાન થાય છે કે એમની પ્રકૃતિ નાનપણથી જ ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ જેવી, એટલે કે શાન્ત, સુશીલ, અને રાજ્યના ભોગ કરતાં તપશ્ચર્યાને અધિક પસંદ કરનારી હશે.'

નાની વયમાં સિદ્ધાર્થ ગૌતમને ધ્યાનમાં બેસવાની ટેવ હતી. એક દિવસ ઉદ્યાનમાં લટાર મારતાં મારતાં ધ્યાન-સમાધિ લાગી ગઇ. પિતા શુદ્ધોદન શોધવા આવ્યા...સમાધિમાંથી જાગેલા સિદ્ધાર્થ કહે છે : 'પિતાજી ! આજે લટાર મારતાં મારતાં આ જાંબુના ઝાડ નીચે પલાંઠી વાળીને જરા બેઠો એટલામાં તો કોણ જાણે શાથી પણ કમળની જેમ મારી આંખો બીડાઇ ગઇ. બરફની જેમ મારું મન ઓગળી ગયું. સ્વચ્છ સરોવરમાં તરતા રાજહંસની જેમ મારો ય હંસ જાણે કે શુભ્ર-શીતલ ચૈતન્ય ચાંદનીમાં લીલયા તરવા લાગ્યો. અણુએ અણુને રસતો શો એ દિવ્ય આનંદ ! પિતાજી ! કોઇ દિવસ નહીં ને આજે જ મને સહસા આ શું થઇ ગયું ?' ('ત્રણ વૈશાખી પૂર્ણિમા')

હઝરત મહમ્મદની ખુદાની લગની દિન પ્રતિદિન પ્રબળ બનતી ગઇ. એક દિવસ ખુદાના ધ્યાનમાં હતા ત્યાં એક દિવ્ય પુરુષે આવી કહ્યું : 'વાંચ.' બીજી વાર કહ્યું 'વાંચ.' મહમ્મદ સાહેબે કહ્યું : 'પણ મને તો વાંચતાં જ નથી આવડતું.' ફિરશ્તાએ ત્રીજી વાર કહ્યું : 'વાંચ, ખુદાતાલાનું નામ દઇ વાંચ.'... ફિરશ્તો તો ઊડી ગયો...જતાં જતાં કહેતો ગયો : 'આજથી તું ખુદાતાલાનો પયગમ્બર થયો છે.' - અને પછી ખુદાતાલાના સંદેશવાહકનું કાર્ય શરૂ થયું ! આવાં તો અનેક દૃષ્ટાંતો આપી શકાય અને સાથોસાથ પૂછી પણ શકાય કે જો એ બધી જ ઘટનાઓ સાચી હોય તો એની શ્રદ્ધેયતા કેટલી ? અને જો એ શ્રદ્ધા રાખવા યોગ્ય હોય તો એ ઘટનાઓ પરત્વેનું રહસ્ય શું ? કારણ વિના કાર્ય ન બને. આપણી ઐતિહાસિક દૃષ્ટિ કેટલી મર્યાદિત છે ! વીસમી સદીનો વિજ્ઞાની જેમ સમજે કે એણે જ એટમ-કોબાલ્ટ-અણુબોમ્બની શોધ કરી છે તો તે ખાંડ ખાય છે. મનુષ્ય જાતિની પાસે બહુ બહુ તો દશબાર હજાર વર્ષનો સંસ્કૃતિ-વિકાસનો લિખિત ઇતિહાસ હશે, પણ આજથી લગભગ બત્રીસ હજાર વર્ષ પૂર્વે એટલાન્ટિસ અને એનીય પૂર્વે લેમુરિયન જાતિની સંસ્કૃતિનો વિકાસ અત્યારના વિકાસથી પણ વિશેષ હતો. બારસો વર્ષના ઉત્થાન અને ત્રણ હજાર વર્ષના પતનના તબક્કાઓ વટાવ્યા પછી છેલ્લે બાર હજાર વર્ષ પૂર્વે-વિજ્ઞાનની શક્તિનો મૂર્ખાઇભરી સ્વાર્થી રીતે ઉપયોગ કરતાં સમગ્ર એટલાન્ટિસ મહાખંડ એટલાન્ટિક મહાસાગરમાં ગરકાવ થઇ ગયો ! આ મહાવિનાશ પૂર્વે ચીન, તિબેટ, માંગોલિયા અને ભારતમાં પ્રવેશેલા એટલાન્ટિયનો આર્યપ્રજાના નામથી ઓળખાયા. અત્યારે એશિયામાં આર્યો અને યુરોપ અમેરિકામાં વસતા લોકો પાંચમી મહાજાતિ (Root- Race)ના છે. ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે દરેક Root Race, પાછલી Root Race કરતાં વધુ વિકસિત હોય છે. કેટલીક વાર એવું બને છે કે અનિચ્છનીય દિશામાં પ્રગતિ વધુ ઝડપી થતી હોય છે પરન્તુ ઉન્નતિ અને અવનતિ તબક્કાવાર થતી જ હોય છે. અત્યારના તબક્કાની ઉન્નતિ-અવનતિ સમાન્તર ચાલતી દેખાય છે. થિયોસોફિસ્ટો, મહર્ષિ અરવિંદ ઘોષ અને કેટલાક નૃવંશશાસ્ત્રીઓ અને ઉત્ક્રાન્તિવાદીઓની વિચારણા પ્રમાણે અન્તે તો ઉન્નતિ તરફ-ઉર્ધ્વગમન થતું હોય છે. Man is destined to be good - નર નારાયણ થવા તરફ અચૂક ગતિ કરી રહેલ છે...વચ્ચે વચ્ચે જે અનિચ્છનીય ઘટનાઓ ઘટે છે તે તો Passing Phase છે. મતલબ કે ઉત્ક્રાન્તિ તરફ ગતિ કરી રહેલ મનુષ્ય જાતિના ઇતિહાસમાં કેટલાક અદ્ભુત વિરલ સંસ્કારનું અવતરણ આપણને દંગ કરી દે છે. જન્મ-જન્માંતરની આપણી શ્રદ્ધાને દૃઢ કરી દે છે.

✣ ✣ ✣

## શિવરાજપુરની મુલાકાત

ગત પર્યુષણ પર્વ દરમિયાન સંઘે શિવરાજપુરની સેવાભાવી સંસ્થા લોકસ્વાસ્થ્ય મંડળને આર્થિક સહાય કરવાની યોજના હાથ ધરી હતી. એ માટે એકત્ર થયેલ નિધિ એ સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૦મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ શિવરાજપુર મુકામે યોજવામાં આવ્યો છે. શનિવાર તા. ૯મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ રાત્રે વડોદરા એક્સપ્રેસમાં નીકળી ૧૦મીએ સવારે વડોદરા ઊતરી શિવરાજપુર જવાનું અને તે જ દિવસે રાત્રે વડોદરા એક્સપ્રેસમાં મુંબઇ પાછા ફરવાનું ગોઠવવામાં આવ્યું છે. જે સભ્યો, દાતાઓ આ કાર્યક્રમમાં જોડાવા ઇચ્છતા હોય તેઓએ પોતાના નામ અને ટેલિફોન નંબર, રૂપિયા પચાસ ભરીને સંઘના કાર્યાલયમાં ૩૦મી નવેમ્બર સુધીમાં નોંધાવી દેવા વિનંતી છે.

☐ મંત્રીઓ

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી ચાલુ-૧૬)**

**પ્રાપ્તની પ્રાપ્તિ અને અપ્રાપ્તની પ્રાપ્તિથી કેવળજ્ઞાનની સમજ:**

જે વસ્તુ આપણી પાસે નથી તે આપણને અપ્રાપ્ત છે. એ વસ્તુ આપણને આવી મળે છે અર્થાત્ પ્રાપ્ત થાય છે ત્યારે તેવી વસ્તુની પ્રાપ્તિને, 'અપ્રાપ્તની પ્રાપ્તિ' કહેવાય છે. જે વસ્તુ આપણા સ્વરૂપથી પર હોય તેની પ્રાપ્તિને 'અપ્રાપ્તની પ્રાપ્તિ' કહેવાય છે, જે પરિણામે તો પાછી અપાય કે અભાવમાં જ પરિણમતી હોય છે. પરંતુ જે પ્રચ્છન્નપણે એટલે કે સ્વમાં સત્તાગત સ્થિત છે, તેનું પ્રગટીકરણ કરીને વેદનમાં લાવીએ તો તે 'પ્રાપ્તની પ્રાપ્તિ' કહેવાય. અપ્રાપ્તની પ્રાપ્તિ એટલે અભાવનો ભાવ અને અંતે પાછો તે ભાવનો અભાવ. મિથ્યાત્વનો કદી ભાવ હોતો નથી અને સતનો કદી અભાવ થતો નથી.

જેનો ઉત્પાદ અને વ્યય છે, ઉત્પત્તિ અને લય છે, સંયોગ અને વિયોગ છે, જે આવવા અને જવાના સ્વભાવવાળું છે, જ્યાં આદાન અને પ્રદાન છે, જ્યાં ક્રય અને વિક્રય છે, જે વહોરાય છે અને વેચાય છે, જે બને છે અને બગડે છે, જે મળે છે અને ટળે છે તે સર્વ બાબતમાં અપ્રાપ્તની પ્રાપ્તિ છે એટલે કે અભાવની પૂર્તિ છે.

પરંતુ જે અનાદિ, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે; જે આત્મપ્રદેશે સાથે ને સાથે રહે છે એ તો નિત્ય પ્રાપ્ત જ છે. ફેર એટલો જ કે એ પ્રાપ્તનું વેદન નથી, કારણ કે તેની ઉપર કર્મના પડળ-આવરણ ચડી ગયેલ છે. એ આવરણોને જો હટાવી દેવાય તો એ પ્રાપ્તનું વેદન થાય અર્થાત્ 'પ્રાપ્તની પ્રાપ્તિ' થાય. એટલે કે ભાવનો ભાવ થાય. કેવળજ્ઞાન જે ભાવ છે તેનું પ્રગટીકરણ એ પ્રાપ્તની જ પ્રાપ્તિ છે; એ ભાવ (સ્વરૂપગુણ કેવળજ્ઞાન)નો ભાવ (વેદન) છે. કેવળજ્ઞાન કાંઇ બહારથી આવી મળનાર ચીજ નથી. કેવળજ્ઞાન તો સર્વ જીવાત્મામાં મોજુદ છે, જેની ઉપર ચઢી ગયેલ આવરણોને દૂર હટાવીને તેને વેદનમાં આણવાનું છે. જ્યાં સુધી સ્વરૂપગુણ કેવળજ્ઞાનને વેદનમાં આણતો નથી ત્યાં સુધી તે 'પ્રાપ્તની અપ્રાપ્તિ' છે.

'પ્રાપ્તની પ્રાપ્તિ' કદી ટળે નહિ અને 'અપ્રાપ્તની પ્રાપ્તિ' કદી ટળ્યા વિના રહે નહિ. અપ્રાપ્તની પ્રાપ્તિ સાદિ-સાન્ત હોય છે. પ્રાપ્તની પ્રાપ્તિ વેદનરૂપ હોય છે. વેદનની અપેક્ષાએ પ્રાપ્તિ છે, બાકી ભૂતકાળમાં જઇએ તો સત્તાગત જે પ્રાપ્ત છે, તે કેવળજ્ઞાન-પરમાત્મ તત્ત્વ પ્રચ્છન્નપણે જે આપણા આત્મામાં ધરબાઇને પડેલ છે, તે તો અનાદિકાળથી આત્માનું છે, આત્મામાં છે અને આત્માની સાથે જ છે. આપણે જે જે કર્મો બાંધીએ છીએ તે સત્તામાં જાય છે, પરંતુ તથાપ્રકારના તે કર્મની સત્તા કાંઈ અનાદિકાળથી નથી. પૂર્વે આત્મામાં હતું નહિ અને ભાવિમાં તે કર્મનો વિપાકોદય થતાં ભોગવાઈને અથવા માત્ર પ્રદેશોદયથી તે ખરી જનાર છે, નિર્જરી જનાર છે. છૂટું પડી જતાં તેનો અભાવ થઇ જનાર છે. જ્યારે કેવળજ્ઞાનની અનાદિકાળથી સત્તા છે. બાંધેલાં કર્મો સત્તામાં જવાથી કે સત્તાગત કર્મો હોય છે તેની શરૂઆત એટલે કે આદિ હોય છે. ઉદયકાળમાં ઉદયમાં આવે છે અને પછી તે ખપી જાય છે-ખરી પડે છે-ભોગવાઈ જાય છે અને એનો અંત આવે છે. માટે જ દરેક કર્મની ગમે તેટલી સ્થિતિ જઘન્યથી કે ઉત્કૃષ્ટથી કહી હોય તો પણ તે સાદિ-સાન્ત કહી છે, જે ટળે છે. ચક્રવર્તીના ચક્રવર્તીપણાનો પણ અંત છે. લાખો રૂપિયા ચોપડે બોલે છે, લેણા નીકળે છે એ મૂડી ગણાય, એ આવક ગણાય અને એની ઉપર ટેક્ષ પણ ભરવો પડે. પરંતુ એ લાખો રૂપિયાની વસુલી થાય નહિ અને હાથમાં રોકડ રકમ આવે નહિ ત્યાં સુધી એનો ઉપયોગ કરી શકાય નહિ. કેવળજ્ઞાનનું એવું જ છે. કેવળજ્ઞાન આત્મામાં પ્રચ્છન્નપણે સત્તાગત રહેલ છે. પરંતુ જ્યાં સુધી આવરણ હટાવીને એનું નિરાવરણ કરીએ નહિ ત્યાં સુધી ઉપયોગમાં આવે નહિ અર્થાત્ વેદન થાય નહિ. એનું પ્રગટીકરણ કરવા દ્વારા એને રોકડું કરવું પડે. ઘરમાં લગ્ન લીધાં હોય અને લગ્નપ્રસંગે દસ લાખનો ખર્ચ કરીને બેઠાં હોઇએ ત્યારે માંડવાવાળો, ડેકોરેશનવાળો, બેન્ડવાળો, માળી, કેટરર્સ વિગેરે જે કોઈ આવે તેને કહીએ કે ફલાણા ફલાણા પાસે મારે લેણાં નીકળે છે તો તને હવાલો પાડીને હુંડી લખી આપું છું, જે દ્વારા તેની પાસેથી પૈસા વસૂલ કરી લેજે. આવો હવાલાનો વ્યવહાર થઇ શકશે ? કે પછી એ રોકડા માંગશે ? કોઇ હવાલા સ્વીકારે નહિ, એ તો રોકડા જ માંગે. એ તો 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે' જે કહેવત પડી છે તેના જેવું છે.

કૂવો પણ ખાડો છે અને હોજ પણ ખાડો છે. કૂવામાં પાણી આપોઆપ નીકળે છે. ભૂતળમાં વહેતા જળસ્રોતમાંથી પાણીની સરવાણી કૂવામાં આપોઆપ ફૂટે છે. જ્યારે હોજમાં કૂવાનું પાણી નાંખવું પડતું હોય છે. કૂવામાં કદી પાણી નાંખવું પડતું નથી. આજ તફાવત સાવરણ અને નિરાવરણનો છે. હોજ જે છે તે ક્ષયોપશમ ભાવ છે, જ્યારે માટી હટાવીને અર્થાત્ કૂવો ખોદીને પાતાળમાં રહેલ પાણીને સપાટી ઉપર લાવવાનું છે એટલે કે પ્રગટ કરવાનું છે. એજ પ્રમાણે આવરણો હટાવીને ક્ષાયિક ભાવે નિરાવરણતાએ પ્રાપ્ત એવા પોતાના જ કેવળજ્ઞાનનું ઉદ્‌ઘાટન કરવાનું છે. અનાવરણ કરવાનું છે, અનાવૃત કરવાનું છે, પ્રગટીકરણ કરવાનું છે. એ જે છે તે ક્ષાયિકભાવ છે, ક્ષાયિકસુખ છે અને તે પ્રાપ્તની પ્રાપ્તિ છે. અર્થાત્ જે પ્રાપ્ત હતું પણ વેદન-અનુભવનમાં ન હતું તેનું વેદન થાય છે.

નિધિ (ખજાનો) તો ખાણમાં એટલે કે અંધારામાં દટાયેલો પડ્યો જ છે. એને ખાણમાંથી ખોદી કાઢી પ્રકાશમાં આણીએ તો ભોગ થાય. તેમ કેવળજ્ઞાનરૂપી નિધિ આપણામાં દટાયેલો પડ્યો જ છે. આવરણ હટાવીને એનું પ્રગટીકરણ કરીને પ્રકાશમાં લાવીએ તો એનો ભોગવટો થાય, વેદન-અનુભવન થાય. જમીનમાં દટાયેલા ચરૂની પ્રાપ્તિને માટે ક્રિયા જમીન ખોદવાની કરવાની છે અને લક્ષ ચરૂની પ્રાપ્તિનું રાખવાનું છે. એજ પ્રમાણે આધ્યાત્મક્ષેત્રે દોષોને અર્થાત્ મોહનીયકર્મોને ઉલેચવાની એટલે કે દૂર કરવાની ક્રિયા-યોગક્રિયા કરવાની છે અને લક્ષ્ય અંદરમાં સત્તાગત રહેલ કેવળજ્ઞાનના પ્રગટીકરણનું રાખવાનું છે. પરમાત્મ તત્ત્વ-કેવળજ્ઞાન એ ચરૂ સમાન છે. જ્યારે દોષો અર્થાત્ મોહનીયકર્મો તે ચરૂ ઉપરના થર સમાન કે ધૂળ માટી સમાન છે. એ સર્વ આવરણને મારી હટાવવાના છે, એટલે કે દૂર કરવાના છે.

એ તો પાડ (ઉપકાર) માનો પરમતારક તીર્થંકર પરમાત્મ ભગવંત શાસનપતિ શ્રી મહાવીર સ્વામી પ્રભુનો, ગણધર ભગવંતોનો, જ્ઞાની ગુરુ ભગવંતોનો કે આપણા આત્મપ્રદેશોએ રહેલ કેવળજ્ઞાનરૂપી ચરૂની આપણને જાણ-પિછાન કરાવી-ઓળખાણ કરાવી. એ તીર્થંકર પરમાત્મા શાસનપતિ મહાવીર સ્વામી ભગવંત પ્રતિ, ગણધર ભગવંતો પ્રતિ, જ્ઞાની ગુરુ ભગવંતો પ્રતિ અર્પણતા, કૃતજ્ઞતા, ભક્તિના ભાવ ધરીને, અહોભાવ વ્યક્ત કરીને, એમણે બતાડેલા માર્ગે ચાલીને, એમણે દેખાડેલા ચરૂને પ્રાપ્ત કરવાનો છે. આપે જ આપને મળવાનું છે. આત્માએ જ આત્માને મળવાનું છે અર્થાત્ આત્માએ આત્માનું જ વેદન કરવાનું છે.

વિશ્વખાણ, આત્મખાણ, વર્ણખાણ, સુવર્ણખાણ. તારું નામકરણ ૐ. વિશ્વખાણમાં તું મિશ્ર ! જીવ અને પુદ્‌ગલનું મિશ્રણ. (જેમ ખાણમાં સોના અને માટીનું મિશ્રણ). ખાણામાંથી તું તને બહાર કાઢ ! તું શુદ્ધ વર્ણ સુવર્ણ ! તું જ ખાણ ! ખાણમાં પણ તું ! બહાર કાઢનાર તું ! મિશ્ર પણ તું ! શુદ્ધ પણ તું ! સુવર્ણ (પરમાત્મા) પણ તું !

આપૈ મૈ તબ આપ નીરખ્યા, અપનમેં આયા સુમન્યા;
આપૈ કહત સુનત પુનિ અપનાં, અપન પૈ આપા બૂઝ્યા;
અપનૈ પરચૈ લાગી તારી, અપન પૈ આપ સમાંનાં
કહે કબીર જે આપ વિચારૈ મિટિ ગયા આવન જાંનાં.

તેરા સાહિબ હૈ ઘટ માંહિ, બાહર નૈના ક્યોં ખોલૈ ?
કહે કબીર સુનો ભાઈ સાધો ! સાહિબ મિલ ગયે તિલ ઓલૈ.

પરમાનંદ સંપન્નં, નિર્વિકારં, નિરામયં;
ધ્યાનહીના ન પશ્યન્તિ, નિજદેહે વ્યવસ્થિતં.
('પરમાનંદ પંચવિંશતિ' મહાપહોપાધ્યાયજી)

आनंदरुपं परमात्मत्त्वं, समस्तसंकल्पविकल्पमुक्तं ।
स्वभावलीना निवसन्तनित्यं, जानाति योगी स्वयमेवतत्त्वं ॥
('પરમાનંદ પંચવિંશતિ' મહાપહોપાધ્યાયજી)

એક આનંદમય જ રૂપ છે જેનું એવો પરમાત્મ સ્વરૂપી, મનના સર્વ સંકલ્પવિકલ્પથી રહિત પોતાના સ્વભાવને વિષે જ નિરંતર વસનાર એવો જે શુદ્ધ આત્મ પદાર્થ, તેને જ યોગીપુરુષો સહજ, શુદ્ધ તત્ત્વ કરી જાણે છે.

એ ભૂલવા જેવું નથી કે...

મોહનીય કર્મના ઉદયનો આનંદ એ પુણ્યનો આનંદ, દેહ-ભાવનો; સાધનસામગ્રીનો આનંદ છે.

મોહનીયકર્મના ક્ષયોપશમનો આનંદ એ આત્માનો શુદ્ધાશુદ્ધ આનંદ છે.

જ્યારે મોહનીયકર્મના ક્ષયનો આનંદ એ આત્માના શુદ્ધ જ્ઞાન-દર્શનનો આનંદ છે.

સત્તામાં જો કેવળજ્ઞાન હોત નહિ તો વર્તમાનકાળમાં છદ્મસ્થ જીવોના જ્ઞાનની દશા; જે પ્રકૃતિની વિકૃતિરૂપ છે, પૂર્ણના અપૂર્ણરૂપમાં છે, અવિકારીના વિકારીરૂપમાં છે, અક્રમના ક્રમરૂપમાં છે, અક્રિયના સક્રિયરૂપમાં છે, અવિનાશી, વિનાશીરૂપમાં છે, અક્ષય, ક્ષયરૂપમાં છે, અખંડ, ખંડરૂપે છે, અકાલ, કાલરૂપે છે, એવા પ્રકારનું પરિણમન હોઈ શકત નહિ. કોઈપણ વિકૃતિ, અપૂર્ણતા, અનિત્યતા સ્વયંભૂ ન હોય. એના મૂળમાં પૂર્ણતા, નિત્યતા, પ્રકૃતિનો આધાર હોય જ! વિકૃતિનો સર્વથા નાશ થઈ શકે પણ પ્રકૃતિનો કદિ નાશ નહિ થઈ શકે. સૂર્યના ઉદાહરણથી વિષય સુસ્પષ્ટ થશે. સૂર્ય ગરમી અને પ્રકાશ ઉભય આપે છે. ગરમીથી વાદળાં ઉત્પન્ન થાય છે અને એ સૂર્યની ગરમીથી જ નિર્માણ થયેલ વાદળો એ જ સૂર્યના પ્રકાશને ઢાંકે છે, આવરે છે તે એટલી હદ સુધી કે બપોરે બાર વાગ્યે મધ્યાહ્નને પણ સંધ્યાનો આભાસ થાય છે. છતાં દિવસ અને રાત્રિનો ભેદ તો ઊભો જ રહે છે, કારણ કે સંધ્યાનો સમય જે અલ્પ હોય છે તેની સાથે જ રાત્રિ છવાઈ જાય છે અને અંધકાર વ્યાપી જાય છે. જ્યારે બપોરે બાર વાગ્યે વાદળાંઓને કારણે સંધ્યાનો આભાસ થાય છે તેવી સંધ્યા એવી ને એવી કલાકો સુધી, રાત્રિ છવાઈ જાય ત્યાં સુધી દેખાય છે. આમ વાદળ છતાં દિવસ અને રાત્રિનો જે ભેદ રહે છે તે જ સૂર્યના અસ્તિત્વની જાણ કરે છે.

હે જીવ ! આ ઉપરોક્ત દ્દષ્ટાંતથી તું સમજ કે પુદ્‌ગલસંગે તારી ચેતના કર્માવરણથી ગમે તેટલી આવરાઈ ગઈ હોય-ઢંકાઈ ગઈ હોય, તો પણ તું સત્તાગત પરમાત્મપણાથી આત્મરૂપ અસ્તિત્વને ધરાવે છે. હે જીવ ! તું જડ નથી થઈ ગયો માટે જ તું તારા આત્માને તારા મૂળ શુદ્ધ પરમાત્મસ્વરૂપ તરફ પ્રયાણ કરાવ તો તું સ્વયં પરમાત્મા બની જઈ શકે છે. રામ જેવા રામે એક સીતા ખાતર રાવણના આખાય કુટુંબનો નાશ કર્યો. શા માટે ? જો સીતા રાવણની થઈ ગઈ હોત તો રામ લડવા જાત નહિ અને રાવણ જેવા રાવણ સહિતનો મહાનરસંહાર થાત નહિ. સીતા રાવણની નહિ થઈ જતાં, રામની જ સીતા રહી માટે જ રામે સીતાને છોડાવ્યા સિવાય છૂટકો નહોતો. જીવ-આત્મા પુદ્‌ગલથી આવરાયો છે જરૂર, પણ જીવ કાંઈ પુદ્‌ગલનો નથી થઈ ગયો કે પુદ્‌ગલરૂપે પરિવર્તિત થઈ ચેતન મટી જડ નથી થઈ ગયો. માટે જ આત્માએ પરમાત્મા બન્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. મરણમુખે પડેલ જીવનો ઘડિયો ચાલતો હોય તો તેને કાંઈ સ્મશાને લઈ જઈ અગ્નિસંસ્કાર નહિ કરાય. જીવ જીવ જ રહ્યો છે અને જીવ મટી જડ પુદ્‌ગલ નથી થયો. એ જ મહત્ત્વની વાત છે કે કર્મ ઉપર જીવ સત્તાધીશ છે, ભલે કર્મે તેને કચડી નાંખ્યો હોય !

જો સત્તામાં જ્ઞાનની પૂર્ણતા આદિ ભાવો ન હોય તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયમાં પણ સત્તામાં જ્ઞાન કે જ્ઞાનની પૂર્ણતા નથી તો તે અસ્તિકાયોમાં પણ આપણા જેવું મતિજ્ઞાન ઘટી શકે. પરંતુ તેમ નથી. માટે જ સ્વીકારવું પડશે કે કેવળજ્ઞાન સત્તાગત પ્રાપ્ત જ છે અને એનું પ્રગટીકરણ એ પ્રાપ્તની જ પ્રાપ્તિ છે અર્થાત્ પ્રાપ્ત જે આજ 'દિ સુધી વેદનમાં નહોતું તેનું વેદન-અનુભવન છે. અનાદિ-અનંત ભાંગો સાદિ-સાન્ત પૂર્વક હોય. જો તે સાદિ-સાન્ત પૂર્વક નહિ હોય તો અનાદિ-અનંત થઈ જાય. એજ પ્રમાણે સાદિ-અનંત ભાંગો સાદિ-સાન્ત પૂર્વક હોય. જો તે સાદિ-સાન્તપૂર્વક નહિ હોય તો કોઈ કાળે સાદિ-અનંત થઈ શકે નહિ. અભવિ જીવનું અભવિપણું જે અનાદિ-અનંત છે તે સાદિ-સાન્ત પૂર્વક છે. અભવિનું સંસારમાં પરિભ્રમણ સાદિ-સાન્ત પૂર્વક અનાદિ-અનંત છે. સંસારી જીવો સમષ્ટિની અપેક્ષાએ પ્રવાહથી અનાદિ-અનંત છે પણ વ્યક્તિગત ભવિ જીવનો સંસાર અનાદિ-સાન્ત છે અને સિદ્ધત્વ-સિદ્ધાવસ્થા સાદિ-અનંત છે.

**છદ્મસ્થને કેવળજ્ઞાન સમજાવવા માટે નેતિ નેતિનો પ્રયોગ :**

આપણું છદ્મસ્થનું જીવન ત્રણ પ્રકારના વ્યવહારથી ચાલે છે. વ્યવહારમાં કેટલુંક સાંભળીને-શ્રવણ કરીને ચલાવીએ છીએ, કેટલુંક નરી આંખે જોઈને-નજરો નજર જોઈને ચલાવીએ છીએ તો કેટલુંક અનુભવમાં આણીને જાણીએ સમજીએ છીએ. વાસ્તવિક જ્ઞાનનો ક્રમ એજ પ્રમાણે છે કે...પ્રથમ શ્રુત, પછી દૃષ્ટ અને અંતે અનુભૂત.

પ્રભુને કેવળજ્ઞાન થયું તે શાસ્ત્ર વાંચીને કે શાસ્ત્રશ્રવણ કરીને-સાંભળીને જાણીએ છીએ. પરંતુ વર્તમાનકાળમાં કેવળજ્ઞાની ભગવંતના અભાવે તે કેવળજ્ઞાની વ્યક્તિનો સંપર્ક શક્ય નથી. અને વાંચી કે સાંભળીને જ્ઞાન યા કેવળજ્ઞાન કાંઈ દેખી શકાતું નથી. અથવા તો દેખાડી શકાતું નથી. કેવળજ્ઞાન એ કાંઈ જોવાની કે દેખાડવાની ચીજ નથી. એ તો અવસ્થા છે, હાલત છે, અનુભવદશા છે અને તેથી ભલે તે જોઈ કે બતાડી નહિ શકાય પણ અનુભવ જરૂર કરી શકાય છે.

આમ કેવળજ્ઞાન એ અનુભવથી જ પૂર્ણપણે સમજી શકાય એમ છે. છતાં છદ્મસ્થનું મતિજ્ઞાન એની કાંઈક ઝલક મેળવી શકે, એની કંઈક ઝાંખી કરી શકે એ હેતુથી, જ્ઞાનનું જ્ઞાન થાય તે એકમાત્ર ઈરાદાથી વિધવિધ દૃષ્ટિકોણથી કેવળજ્ઞાનની આટઆટલી વિષદ મીમાંસા કરવામાં આવેલ છે, જેથી કરીને તે અલખનું લક્ષ થાય, કેવળજ્ઞાનના પ્રગટીકરણની તાલાવેલી જાગે અને એ દિશામાં યથાપ્રવૃત્તિકરણ થાય. જ્ઞાનના જ્ઞાનથી જ્ઞાનદશામાં જવાય, કેવળજ્ઞાની બનાય.

એક બહુ જાણીતી કથા છે. વનવગડામાં વસતા એક ભરવાડે, રાજ્યના રાજા જે શિકાર ઉપર ગયેલા અને રસાલાથી વિખૂટા પડી જઈ વનમાં અહીં તહીં રખડતા રખડતા ખૂબ ખૂબ ભૂખ્યા તરસ્યા થયા હતા, તે રાજાની સરભરા કરી અને ભૂલા પડી ગયેલ રાજાને રસાલા ભેગા કર્યા. ભરવાડ ઉપર પ્રસન્ન થઈ રાજાએ ભરવાડને પોતાના રાજમહેલમાં આમંત્રીને ખૂબ ખૂબ સુંદર રીતે આતિથ્ય સત્કાર કર્યો. વિવિધ રસવતીઓના રસથાળનો સ્વાદ ચખાડ્યો. ભરવાડ પોતાના વતનના ગામમાં પાછો ફરતાં સાથીઓએ તેને આસ્વાદેલ વાનગીઓના રસાસ્વાદ વિષે પૂછતાં તે ભરવાડ તે વાનગીઓના રસાસ્વાદનું વર્ણન કરી શક્યો નહિ. આપણા રોટલા જેવું નહિ, એનાથી પણ સ્વાદિષ્ટ, આપણી ખીચડી જેવું નહિ, પણ એનાથી ય અધિકું સ્વાદિષ્ટ એમ આવું નહિ, આવું નહિ કહીને જે કાંઈ આછો પાતળો ખ્યાલ આપી શકાતો હોય તે આપ્યો, પરંતુ એણે જે માણ્યું, આસ્વાદ્યું, અનુભવ્યું તે એ શબ્દથી વર્ણવી શક્યો નહિ. એ તો 'આપ મૂઆ વિના સ્વર્ગે જવાય નહિ' જે કહેવત પડી છે તેના જેવું છે કે...'માંહી પડ્યા તે માણે.' અન્ય આર્યદર્શનમાં પણ યમ અને નચિકેતના સંવાદની વાત આવે છે જેમાં યમ, નચિકેતને કહે છે કે માણસ મરીને ક્યાં જાય છે ને એનું શું થાય

છે એ પ્રશ્નને છોડીને, બીજાં બધાંય પ્રશ્ન પૂછવા કહે છે પરંતુ તે પ્રશ્નનો જવાબ નથી આપતા.

માટે જ મોક્ષસુખ શું છે ? મોક્ષસુખ કેવું છે ? કેવળજ્ઞાન શું છે? જ્ઞાનાનંદ, સ્વરૂપાનંદ, સચ્ચિદાનંદ, આત્માનંદ શું છે-કેવો છે? એ કેમ કરીને સમજાવવું તે એક વિકટ સમસ્યા છે. જેમકે બુદ્ધિ શું છે ? બુદ્ધિ કેવી છે ? દુઃખ કેવું છે ? પીડા કેવી છે ? એ કેમ કરીને જોવી, માપવી અને જેવી છે એવી જે જે કક્ષાની, જેટલી જેટલી કક્ષાની તીવ્રતાની છે તે શું સમજાવી શકાય એમ છે ? આજકાલ I.Q. બુદ્ધિઆંક માપવાની કસોટી થઇ રહી છે પરંતુ તે કાંઇ બુદ્ધિને માપવાનો સાચો માપદંડ નથી. બુદ્ધિની કાંઇ લંબાઇ, પહોળાઈ, ઊંડાઇ કે કોઇ ફૂટપટ્ટીથી માપી શકાતી નથી કે તોલ કરીને બુદ્ધિનું વજન થઇ શકતું નથી. એ કાંઇ ચીજ વસ્તુ થોડી છે કે દેખાડી શકાય. એ તો અનુભૂતિની વાત છે અને તે સ્વસંવેદ્ય છે. જે સ્વસંવેદ્ય હોય તેને સમજાવી નહિ શકાય. સંતોએ, કવિઓએ આજ વાત ગાઇ બજાવીને ઠેર ઠેર કહી છે...

यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।
शुद्धानुभवसंवेद्य, तद्रूपं परमात्मनः ॥

પરમાત્મદર્શન પંચવિંશતિ મહોપાધ્યાયજી

જ્યાં વાણી એટલે સર્વ પ્રકારના વચનોનું બોલવું પાછું પડે છે, અર્થાત્ જ્યાં કોઇ પણ વાણીનું પ્રયોજન નથી, જ્યાં મનની ગતિ લેશ માત્ર પણ પ્રવૃત્તિ કરી શકતી નથી, અર્થાત્ જ્યાં મન નિરર્થક છે, કેવળ શુદ્ધ નિર્મળ ચિદાનંદ સ્વરૂપી એવા આત્માના પ્રગટ અનુભવ વડે કરીને જ જે આત્માને ગમ્ય છે તે પરમાત્મ ભગવંતને નમસ્કાર હો !

अतद्व्यावृत्तितोभीतं, सिद्धान्तः कथयन्ति तम् ।
वस्तुतस्तु न निर्वाच्यं, तस्य रूपं कथंचन ॥

મહોપાધ્યાયજી

સિદ્ધાન્તો જાણે ભય પામ્યા હોય તેવી રીતે પરમાત્માનું સ્વરૂપ કથે છે, વસ્તુતઃ પરમાત્મ સ્વરૂપ વચનને કથંચિત્ અગોચર છે, સારાંશ કે, શાસ્ત્ર તો માત્ર દિશાના દેખાડનારા છે અને અનુભવ જ ખરું કામ કરી આપે છે.

છતાંય મોક્ષસુખ શું છે, તેનો આછો ખ્યાલ નેતિ નેતિથી એટલે કે અતદ્વ્યાવૃત્તિથી, આવું નહિ, આવું નહિ એમ કહીને નિષેધાત્મક ખ્યાલ આપવામાં છે. જેમકે ત્યાં શરીર નથી, ત્યાં કાંઇ કરવાપણું નથી, ત્યાં કાંઇ થવાપણું નથી, ત્યાં કાંઇ બનવાપણું નથી, ત્યાં કાંઇ બગડવાપણું નથી એટલે કે ત્યાં કોઇ ક્રિયા નથી હોતી, ત્યાં જનમ નથી, ત્યાં મરણ નથી, કોઇ કર્મ નથી કેમકે કોઇ ક્રિયા નથી, ત્યાં કોઇ આપણે માની લીધેલી સુખ કે ભોગની સામગ્રી નથી, કોઇ વસ્તુ નથી, કોઈ વ્યક્તિ નથી. પાસે કંઇ નથી અને સાથે પણ કોઇ કે કાંઇ નથી છતાં તૃપ્તતા, સંતૃપ્તતા, ઇચ્છા રહિતતા-નિરીહતા, પૂર્ણકામ છે, દુઃખાન્ત એટલે કે સદંતર દુઃખના અભાવવાળી જે સ્થિતિ છે તે જ સુખ ભરપૂર સ્થિતિ મોક્ષસુખ, આત્મસુખ, જ્ઞાનાનંદ, સ્વરૂપાનંદ, આત્માનંદ છે !

આપણે વસ્તુ અને વ્યક્તિ તથા સમાજ વચ્ચે રહેવાના આદિ હોવાથી અહીં આપણને પ્રશ્ન એ થાય કે...'કાંઇ જ નથી અને સુખ કેમ હોઈ શકે ?' હોઈ શકે ! ભાઇ હોઈ શકે ! વસ્તુ, વ્યક્તિ અને સમાજ વચ્ચે પરાધીન સુખમાં રહેલાં છીએ અને સ્વનું સ્વને આધીન, નિજમાંથી (પોતામાંથી) સ્ફુરિત થતું, નિજસંપન્ન, નિજી સ્વાધીન સુખ માણ્યું નથી માટે જ આવો પ્રશ્ન ઉદ્ભવે છે. વસ્તુ, વ્યક્તિ અને સમાજ વચ્ચે રહેવા છતાંય આપણે નિદ્રા તો લઇએ છીએ ને? તો એ નિદ્રા દરમિયાન આપણી પાસે અને આપણી સાથે શું હોય છે ? હોય છે કાંઇ ? નહિ ! કાંઇ જ નહિ, કશું જ પાસે કે સાથે નિદ્રા દરમિયાન હોતું નથી. ન રેડિયો, ન મ્યુઝિક સિસ્ટમ, ન ટેપ રેકોર્ડર, ન ટી.વી., ન પુસ્તકો, ન નાટક, ન ચેટક, ન ભોજનથાળ, ન પતિ, ન પત્ની, ન પુત્ર, ન પુત્રી, ન પરિવાર, ન મિત્ર આદિ આપણી અનુભવેલી અને માની લીધેલી ભોગસુખાદિ સામગ્રીઓમાંથી કે વિલાસાદિના સાધનમાંથી કાંઇ કરતાં કાંઇ, કશું જ નિદ્રા દરમિયાન હોતું નથી. છતાંય નિદ્રા પૂરી થયે જાગૃત થતાં કેવું સુખ, સ્ફૂર્તિ, તાઝગી અનુભવાય છે ! જાગૃતાવસ્થામાં આવી સુખ સામગ્રી માણી છે છતાં તે સઘળી સુખસામગ્રી છોડીને નિદ્રાને કેમ સ્વીકારીએ છીએ? નિદ્રાસેવન વડે જ જાગૃતાવસ્થાનો ભોગ સ્વસ્થતાપૂર્વક નિરામયપણે માણી શકાય છે અને તે સજીવ લાગે છે. માટે સાધક જ્ઞાનીએ વિચારવું જોઇએ, ચિંતન, મનન, મંથન કરવું જોઇએ કે નિદ્રા ચઢે યા જાગૃતાવસ્થા ? જ્યાં કાંઇ નથી તે નિદ્રા ચઢે કે જ્યાં કાંઇક છે એવી જાગૃતાવસ્થા ચઢે ? યાદ રાખો કે જે કાંઇક કાંઇક છે તે છદ્મસ્થાવસ્થા, કાંઇ નથી તેવી પૂર્ણાવસ્થાની શક્તિ વડે જીવંત છે. આ તો આપણા સહુના જીવન અનુભવનની વાત છે. નિદ્રાવસ્થા તો દર્શનાવરણીય કર્મના વિપાકોદયવાળી કર્મજનિત અવસ્થા છે. જો આવી કર્મજનિત અવસ્થામાં પણ જીવની સ્થિતિ આવી હોય, તો પછી સર્વથા કર્મમુક્ત એવી મુક્તાવસ્થામાં, મોક્ષસુખમાં, સ્વરૂપસુખમાં, આત્મસુખમાં, જ્ઞાનસુખમાં કાંઇ ન હોવા છતાં જે સુખ છે, એ શાશ્વત સુખ છે તે કેટલું ઊંચું, અનુપમ, અદકેરું સુખ હશે ! માનવું જ પડશે કે નિદ્રામાં કાંઇ ન હોતે છતે સુખ છે તેનાથી અનંતુ સુખ મુક્તિમાં છે. નિદ્રા તો અનંતુ સુખ મુક્તિમાં છે તેનું સ્વાનુભવ ગમ્ય જીવંત દૃષ્ટાંત છે. નિદ્રા નહિ આવે અને અનિદ્રાનો રોગ લાગુ પડે તો નિદ્રા આવે એવા ઉપાય કરવા પડે છે. નિદ્રા આવે તેવી દવા, ગોળી લેવી પડે છે. છતાંય જો નિદ્રા નહિ આવે તો વ્યક્તિ એટલી ત્રાસી જાય છે કે આપઘાત કરવા સુધી પહોંચી જાય છે. એ જ દર્શાવે છે કે નિદ્રામાં સુખ છે, કે જે નિદ્રામાં કોઇ પાસે કે સાથે નથી. એટલે જ આત્મસુખ કે જ્ઞાનાનંદ નેતિ નેતિ આવું નહિ, આવું નહિ કહીને જ સમજાવાય છે. શાસ્ત્રમાં પણ 'અતદ્વ્યાવૃત્તિ' કહીને જ આત્મસુખ સમજાવેલ છે. અર્થાત્ વર્તમાન-કાળમાં આપણે જે અનુભવીએ છીએ એ માહ્યલું કાંઇ નહિ. વેદના તો પ્રસૂતાને જ થાય. સુયાણી કે ડૉક્ટર કંઇ કેટલાયને પ્રસૂતિ કરાવી દે પણ પ્રસૂતિની વેદના તો ન જ અનુભવે.

વિશેષણોની કેવળજ્ઞાની ભગવંત અને કેવળજ્ઞાનની સમજની વિચારણામાં જણાવ્યા મુજબ સંસારી જીવના પુદ્ગલસંગે જે ગુણધર્મો છે તેથી વિરુદ્ધના ગુણધર્મથી જ નિષેધાત્મક 'અ' ઉપસર્ગ લગાવીને જ કેવળજ્ઞાન સમજાવાય છે. જેમકે અરૂપી, અગુરુલઘુ, અક્ષય-અવિનાશી, અવ્યાબાધ.

વર્તમાનમાં જે સુખો અનુભવાય છે તે પણ કાંઈ દેખાડી કે સમજાવી શકાતાં નથી. તેમ તેની આપ લે કે ક્રય-વિક્રય પણ શક્ય નથી. જે આપ લે થાય છે તે સુખની સાધન સામગ્રીની થાય છે અને નહિ કે સુખની. દુઃખ પહોંચાડવાની ચેષ્ટા થાય છે પણ દુઃખ આપી કે લઇ શકાતું નથી. એ જ પ્રમાણે કેવળજ્ઞાન એ એવું જ્ઞાન છે-એવી જ્ઞાનદશા છે? અનુભવી તો શકાય છે પણ કહી કે દેખાડી શકાતી નથી. એ અનિર્વચનીય છે માટે જ નેતિ નેતિની સમજણ અપાય છે. શ્રી સિદ્ધશિલાનું સ્તવન છે કે...શ્રી ગૌતમ પૃચ્છા કરે, વિનય કરી શીશ નમાય હો પ્રભુજી. .એમાં પણ વર્ણન નેતિ નેતિથી કર્યું છે કે...

*જીહાં જનમ નહિ મરણ નહિ, નહિ જરા નહિ રોગ હો ગૌતમ,*
*વૈરી નહિ મિત્ર નહિ, નહિ સંજોગ નહિ વિજોગ હો ગૌતમ.*
*શિવપુર નગર સોહામણું.*
*ભૂખ નહિ, તૃષા નહિ, નહિ હર્ષ નહિ શોક હો ગૌતમ;*
*કર્મ નહિ, કાયા નહિ, નહિ વિષય રસ ભોગ હો ગૌતમ.*
*શિવપુર નગર સોહામણું.*
*શબ્દ રૂપ રસ ગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો ગૌતમ,*
*બોલે નહિ, ચાલે નહિ, મૌન જીહાં નહિ ખેદ હો ગૌતમ.*
*શિવપુર નગર સોહામણું.*
*અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિ સમૂહ હો જિનજી;*
*વર્ણ ગંધ રસ ફરસ વિણ, નિજ ભોક્તા ગુણવ્યૂહ હો જિનજી*
(સુપાર્શ્વ સ્તવન, શ્રીમદ્ દેવચંદ્રજી)

**સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી** (ક્રમશઃ)

# આર્ય વજ્રસ્વામી

☐ પ્રો. તારાબહેન રમણલાલ શાહ

**[ ગતાંકથી સંપૂર્ણ ]**

દેવોએ ફરી એકવાર વજ્રસ્વામીની કસોટી કરી હતી. એકવાર ઉનાળાના દિવસોમાં દેવોએ શ્રાવકનો વેશ ધારણ કર્યો અને વજ્રસ્વામીને વહોરવા પધારવા વિનંતી કરી. દેવોએ ઘેબર વહોરાવવા માંડ્યા, પરંતુ વજ્રસ્વામીએ તેઓના દેખાવ પરથી જાણી લીધું કે આ દેવો જ છે. તેથી તેમણે ઘેબર કે બીજી કોઇ વાનગી વહોર્યાં નહિ. આથી પ્રસન્ન થએલા દેવો પ્રગટ થયા અને તેમને આકાશગામિની વિદ્યા આપી. આમ બાળસાધુ વજ્રસ્વામી બે વખત દેવોની કસોટીમાંથી સારી રીતે પાર ઊતર્યા હતા.

વજ્રસ્વામી સાથેના સાધુસમુદાયમાં અગિયાર અંગનું અધ્યયન ચાલતું હતું. વજ્રસ્વામીએ સાધ્વીજીઓને અગિયાર અંગ ભણતાં સાંભળીને પોતાની પદાનુસારી લબ્ધિ વડે તે કંઠસ્થ કરી લીધાં હતાં. હવે સાધુઓને એ અંગોનું અધ્યયન કરતા સાંભળીને તેમનું એ જ્ઞાન વધુ ને વધુ દઢ બનતું ગયું. વળી જેટલું પૂર્વગત શ્રુત હતું તે પણ તેમણે સાંભળીને પ્રાપ્ત કરી લીધું હતું. બીજા સાધુઓની જેમ એક આસને બેસીને એ અંગોનું અધ્યયન કરવાની વજ્રસ્વામીને ખાસ જરૂર નહોતી એટલે તેઓ અધ્યયન કરવા બહુ બેસતા નહિ. પોતાને પ્રાપ્ત થયેલી પદાનુસારી લબ્ધિની જાણ તેઓ કોઇને થવા દેતા નહિ. તેથી અન્ય સાધુઓ તેમને ભણવામાં આળસુ ગણતા અને તેમને ભણવા માટે બેસવા સમજાવતા. એટલે બીજા સાધુઓના માત્ર મનના સમાધાનને માટે વજ્રસ્વામી ઘણીવાર એક આસને બેસીને જાણે ભણતા હોય તેમ દેખાવ પૂરતો ગણગણાટ કરતા. પરંતુ તે વખતે તેમનું ધ્યાન તો અન્ય સાધુઓ જે કંઇ વિશેષ અધ્યયન કરતા હોય તો એ સાંભળીને ગ્રહણ કરવામાં જ રહેતું હતું.

વળી, આ વખત દરમિયાન એક દિવસ એક અનોખી ઘટના બની હતી. એક દિવસ બપોરના સમયે અન્ય સાધુઓ ભિક્ષા માટે બહાર ગયા હતા. ગુરુ મહારાજ પણ બહાર ગયા હતા. તે વખતે વજ્રસ્વામી એકલા જ ઉપાશ્રયમાં હતા. બાલસહજ કુતૂહલથી તેમને કંઇક નવું કરવાનો ઉત્સાહ આવ્યો. તેમણે પોતાની આસપાસ વર્તુળાકારે થોડે છેટે સાધુઓનાં વસ્ત્રોને વીંટાળીને સાધુની જગ્યાએ ગોઠવી દીધાં જાણે ત્યાં સાધુઓ બેઠા છે તેવું લાગે, પછી શિષ્યોની વચ્ચે આચાર્ય મહારાજ જેમ બેસે તેમ તેઓ બેઠા. સામે શિષ્યોને બેઠેલા કલ્પીને મેઘગંભીર અવાજે તેઓ વાચના આપવા લાગ્યા. વળી વચ્ચે વચ્ચે તેઓ સૂત્રના અર્થની ચર્ચા કરવા લાગ્યા. આવું દશ્ય તેઓ ભજવતા હતા તે સમયે ગુરુ મહારાજ બહારથી પાછા ફરી રહ્યા હતા. તેમણે વાચના આપતો કોઇક અવાજ દૂરથી સાંભળ્યો. તેમને આશ્ચર્ય થયું કે શું બધા સાધુઓ જલદી પાછા આવીને સ્વાધ્યાય કરવા લાગ્યા હશે !

ગુરુ મહારાજે દૂર ઊભા રહીને ધ્યાનથી બરાબર સાંભળ્યું. તેઓ આશ્ચર્યથી મનમાં બોલી ઊઠ્યા. 'અરે ! આ તો વજ્રસ્વામીનો અવાજ! એ તો અગિયાર અંગની વાચના આપે છે.' ગુરુ મહારાજ વિચારમાં પડી ગયા કે વજ્રસ્વામીએ અધ્યયન તો કર્યું નથી, તો પછી શું માતાના ઉદરમાં રહીને જ આ જ્ઞાન પામ્યા હશે ! ખરેખર! આ તો મહાન આશ્ચર્ય કહેવાય ! વજ્રસ્વામી શા માટે ભણવામાં આળસુ લાગતા હતા તેનું કારણ પોતાને સમજાયું. પોતાના બાળ શિષ્યની આવી અદ્ભુત અને અનોખી સિદ્ધિ જોઇને તેમના આશ્ચર્ય અને આનંદનો કોઇ પાર ન રહ્યો.

ગુરુ મહારાજે વિચાર્યું કે પોતે જો અચાનક ઉપાશ્રયમાં પ્રવેશ કરશે તો વજ્રસ્વામી શરમાઇ જશે. એટલે પ્રવેશતાં પહેલાં દૂરથી તેઓ મોટેથી 'નિસ્સિહી' બોલ્યા. ગુરુ મહારાજનો અવાજ સાંભળીને વજ્રસ્વામીએ ઝડપથી સાધુઓનાં વસ્ત્રો સહુ સહુને ઠેકાણે મૂકી દીધાં. પછી તેઓ દોડતા ઉપાશ્રયની બહાર આવ્યા. વિનયપૂર્વક ગુરુ પાસેથી દંડો લીધો. ગુરુ આસન પર બેઠા એટલે તેમના ચરણ ધોઇ, તેમને વંદન કર્યા. વજ્રસ્વામીના વિનય અને વિદ્વતા જોઇ ગુરુએ વિચાર્યું કે શ્રુતવિદ્યામાં નિપુણ એવા આ મહાન આત્માની યોગ્ય સંભાળ લેવાવી જોઇએ. બીજા સાધુઓ વજ્રસ્વામીની આ શક્તિથી અજ્ઞાત છે. એટલે તેઓ તેમને બાળક ગણીને તેમની અવજ્ઞા ન કરે તે પણ જોવું જોઇએ.

વજ્રસ્વામીની શક્તિથી સહુ પરિચિત થાય તે માટે કેટલાક સમય પછી આચાર્ય ભગવંતે એક યોજના વિચારી. તેમણે શિષ્યોને કહ્યું, 'બે ત્રણ દિવસ માટે મારે અન્ય સ્થળે વિચરવાનું થયું છે, માટે મારી અનુપસ્થિતિમાં તમારા વાચનાચાર્ય તરીકે વજ્રસ્વામી જવાબદારી સંભાળશે.' આ સાંભળી શિષ્યોને બહુ આશ્ચર્ય થયું. પરંતુ આ તો જ્ઞાની ગુરુ-ભગવંતની આજ્ઞા હતી. માટે જરૂર એમાં કંઇક રહસ્ય હશે એમ સમજી તેઓએ ભક્તિભાવપૂર્વક તે આજ્ઞા સ્વીકારી લીધી.

ગુરુ મહારાજ પોતાની યોજના પ્રમાણે વિહાર કરીને અન્ય સ્થળે ગયા. બીજે દિવસે શિષ્યોએ વજ્રસ્વામી પાસેથી વાચના લેવા માટે એમને સૌની મધ્યમાં મુખ્ય સ્થાને બેસાડ્યા. પછી વિનયપૂર્વક તેઓ સૌએ વજ્રસ્વામીને વંદન કર્યાં. વજ્રસ્વામી પણ ગુરુઆજ્ઞાને માન આપી સાધુઓને શાસ્ત્રપાઠ આપવા લાગ્યા. વાચના આપનાર સાધુ નાની ઉમ્મરના હતા અને વાચના લેનાર સાધુઓ મોટી ઉમ્મરના હતા, પરંતુ વજ્રસ્વામીના જ્ઞાનની અને ચારિત્રની એવી અદ્ભુત અસર પડી કે જે બુદ્ધિશાળી સાધુઓ હતા તેઓ તો અત્યંત ઝડપથી શીખવા લાગ્યા, પરંતુ જેઓ અલ્પ બુદ્ધિવાળા અને અલ્પ રુચિવાળા હતા તેઓ પણ સારી રીતે રુચિપૂર્વક અભ્યાસ કરવા લાગ્યા. વળી કુદરતી મંદબુદ્ધિ કે જડ બુદ્ધિવાળા સાધુઓ હતા તેઓ પણ હોંશપૂર્વક ભણવા લાગ્યા. આ વાચના દરમિયાન કેટલીકવાર માત્ર કસોટી કરવા ખાતર જ કેટલાક સાધુઓ વજ્રસ્વામીને પોતે શીખેલા પાઠ ફરી પૂછતા. વજ્રસ્વામી સૂત્રોની યોગ્ય વ્યાખ્યા આપીને તેને અનુરૂપ અર્થ કરી બતાવતા. એથી સાધુઓને સંતોષ થતો. કેટલાક એવા અલ્પ બુદ્ધિવાળા સાધુઓ હતા કે જેઓ આચાર્ય ભગવંત પાસે પહેલાં કેટલીકવાર શીખ્યા હોવા છતાં બરાબર નહોતા સમજી શકતા. તેઓ હવે વજ્રસ્વામી પાસેથી ફક્ત એક જ વારની વાચના લેવાથી તરત શીખી લેવા લાગ્યા હતા. આથી સમગ્ર સાધુ સમુદાય અત્યંત પ્રસન્ન થઇ ગયો હતો. આચાર્ય ભગવંત પાછા પધારે એ પહેલાં શક્ય તેટલું વધુ શીખી લેવા તેઓ ઉત્સુક હતા. વજસ્વામી હજુ તો બાળક હતા. છતાં તેમની આવી અનુપમ સિદ્ધિને કારણે સાધુઓ તેમને ગુરુ ભગવંત જેટલું જ માન આપવા લાગ્યા. વજસ્વામીના વડીલ ગુરુબંધુઓ વજ્રસ્વામીને એમના ગુણો અને વિશેષતાઓને કારણે પોતાના ગુરુ મહારાજ જેવા જ ગણે તે ખરેખર ગૌરવભરી હકીકત ગણાય.

વજ્રસ્વામીની શક્તિથી પોતાનો સાધુસમુદાય હવે સુપરિચિત થઇ ગયો હશે એમ વિચારી થોડા દિવસ પછી આચાર્ય ભગવંત પાછા ફર્યા. વજ્રસ્વામી સહિત સૌએ વિનયપૂર્વક ગુરુવંદન કર્યાં. ગુરુ મહારાજે તેમના સ્વાધ્યાય વિશે પૂછ્યું ત્યારે સૌ શિષ્યોએ બહુ ઉમળકાથી પોતાની સંતોષકારક પ્રગતિના સમાચાર આપ્યા. વળી શિષ્યોએ સ્વીકાર પણ કર્યો કે વજ્રસ્વામી બાળક છે એમ માની શરૂઆતમાં તેમની અવજ્ઞા કરવાનો ભાવ હતો. પોતાની ભૂલ બદલ તેઓએ ગુરુ મહારાજ પાસે ક્ષમાયાચના કરી. તેઓએ કહ્યું, 'વજ્રસ્વામી ઉંમરમાં ભલે નાના હોય, પણ પોતાની જ્ઞાનશક્તિ વડે તેઓ સમસ્ત ગચ્છના ગુરુ થવાને પાત્ર છે. અમે સહુ આપને આપીએ છીએ એવું જ માન તેમને આપતા હતા. હવેથી અમારા વાચનાદાતા વજ્રસ્વામી રહે તેવી આપને વિનંતી કરીએ છીએ.'

આવાં વચનો સાંભળી ગુરુ મહારાજે પ્રસન્નતા અને ધન્યતા અનુભવી. એમણે શિષ્યોને કહ્યું, 'વજ્રસ્વામી ભલે બાળક હોય, પણ તેઓ વિદ્યાવૃદ્ધ છે. માટે મારી અનુપસ્થિતિમાં હું હવે તેમને જ વાચનાચાર્ય તરીકે સ્થાપીને જઇશ.'

જૈનશાસનની પરંપરા પ્રમાણે વજ્રસ્વામીને કાયમ માટે વાચનાચાર્ય તરીકે નીમી શકાય નહિ, કારણ કે તેમણે ગુરુ મહારાજ પાસેથી વિધિસર વાચના લીધી નહોતી. તેઓ તો માત્ર પરોક્ષ રીતે શ્રવણ કરીને જ શ્રુત ભણ્યા હતા. એટલા માટે વજ્રસ્વામીને વિધિસરની વાચના આપવાની આવશ્યકતા હતી. વજ્રસ્વામી જાણકાર હતા, એટલે ગુરુએ 'સંક્ષેપાનુષ્ઠાનરૂપ ઉત્સારકલ્પ' (એટલે કે સંક્ષેપમાં અનુષ્ઠાન) કરાવી લીધું. તદુપરાંત પૂર્વે અપઠિત એટલે કે વજ્રસ્વામીએ પૂર્વે નહિ શીખેલું એવું શ્રુતજ્ઞાન પણ અર્થસહિત શીખવાનું ચાલુ કર્યું. વજ્રસ્વામીએ બાકી રહેલું શ્રુતજ્ઞાન બહુ ઝડપથી ગ્રહણ કરી લીધું.

આ અધ્યયન દરમિયાન ક્યારેક એવું પણ બનતું કે વજ્રસ્વામીને ભણાવતાં ભણાવતાં અને તેમની સાથે ચર્ચા કરતાં કરતાં ગુરુ મહારાજની પોતાની કેટલીક શંકાઓ નિર્મૂળ થવા લાગી. આવું થવાનું એક કારણ એમ મનાય છે કે વજ્રસ્વામી પાસે પદાનુસારી લબ્ધિ હતી. એટલે સૂત્રની શરૂઆત થાય ત્યાં જ વજ્રસ્વામીને ગણધર ભગવંતોએ રચેલું મૂળ સૂત્ર આવડી જાય. ગુરુ મહારાજ પાસે શ્રુત-પરંપરાથી પ્રાપ્ત થયેલો પાઠ હોય, એથી એમાં પરંપરાપ્રાપ્ત શ્રવણ-ઉચ્ચારણ દોષને કારણે કોઇક સ્થળે કાંઇક પાઠફેર થઇ ગયો હોય એવો સંભવ રહેતો. આવી કેટલીક શંકાઓનું સમાધાન વજ્રસ્વામીની પદાનુસારી લબ્ધિના કારણે થયું હતું.

ગુરુ મહારાજે દૃષ્ટિવાદ નામના બારમા અંગનો જેટલો ભાગ પોતે જાણતા હતા તે પણ વજ્રસ્વામીને શીખવી દીધો, કારણ કે વજ્રસ્વામીના વખતમાં બારમું અંગ લુપ્ત થવા લાગ્યું હતું.

ત્યારપછી એક વખત ગુરુ મહારાજ આચાર્ય ભગવંત સિંહગિરિ પોતાના શિષ્ય સમુદાય સાથે વિહાર કરતાં કરતાં દસપુર નામના નગરે પધાર્યા. ત્યાં તેમણે જાણ્યું કે ભદ્રગુપ્ત નામના આચાર્ય ઉજ્જયિની નગરીમાં બિરાજમાન છે. તેઓ દસ પૂર્વના જ્ઞાતા છે. વળી આર્ય સિંહગિરિના જાણવામાં આવ્યું કે તેઓ કોઇ સાધુને દસ પૂર્વ ભણાવવાની ભાવના ધરાવે છે, પરંતુ એવી કોઇ સુપાત્ર વ્યક્તિ તેમને હજુ સુધી મળી નથી, કારણ કે દસ પૂર્વ શીખવાં એ ઘણી જ કઠિન વાત હતી. આચાર્ય સિંહગિરિએ વિચાર્યું કે પોતાના શિષ્ય વજ્રસ્વામી પાસે પદાનુસારી લબ્ધિ છે. તેથી તેઓ અવશ્ય દસ પૂર્વ બહુ ઝડપથી ભણી લેશે. પોતાના બીજા કોઇ શિષ્યોમાં એટલી શક્તિ જણાતી નહોતી. આમ વિચારી આચાર્ય સિંહગિરિએ વિદ્યાપ્રાપ્તિ અર્થે વજ્રસ્વામીને ભદ્રગુપ્તાચાર્ય પાસે મોકલ્યા. વજ્રસ્વામીએ ઉજ્જયિની નગરી તરફ વિહાર કર્યો.

આ બાજુ એવી ઘટના બની કે ભદ્રગુપ્તાચાર્યને એક શુભ સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં કોઇ અતિથિએ આવીને પોતાના હાથમાં રાખેલા પાત્રમાંથી ખીરનું પાન કર્યું અને પરમ તૃપ્તિ અનુભવી. પ્રભાતે ભદ્રગુપ્તાચાર્યે સ્વપ્નની વાત પોતાના શિષ્યોને કહી. તેમણે શિષ્યોને કહ્યું કે 'આ સ્વપ્નનો સંકેત મને એવો લાગે છે કે કોઇ બુદ્ધિમાન તેજસ્વી મુનિ અતિથિ રૂપે આવીને મારી પાસેથી દસ પૂર્વના સર્વ સૂત્રો અર્થ સાથે શીખી લેશે.'

વજ્રસ્વામી વિહાર કરતાં કરતાં ઉજ્જયિની નગરી પાસે આવી પહોંચ્યા. નગરીની બહાર રાત્રે રોકાઇને પ્રભાતે તેઓ ભદ્રગુપ્તાચાર્યના ઉપાશ્રયે જવા નીકળ્યા. તેઓ ઉપાશ્રય તરફ ચાલી રહ્યા હતા બરાબર તે જ વખતે ઉપાશ્રયમાં બિરાજમાન ભદ્રગુપ્તાચાર્યને દૂરથી જાણે તેજના પુંજ જેવું કોઇ આવતું હોય એવું જણાયું. ત્યાર પછી જાણવા મળ્યું કે કોઇ બાલમુનિ ઉપાશ્રય તરફ આવી રહ્યા છે. એ સમયે વજ્રસ્વામીની એક તેજસ્વી બાલમુનિ તરીકેની ખ્યાતિ ચારે બાજુ પ્રસરી ગઇ હતી. એટલે આવનાર મુનિની દેદીપ્યમાન આકૃતિ જોઇને તે વજ્રસ્વામી જ હોવા જોઇએ એવી તેમને ખાતરી થઇ. વજ્રસ્વામીને આવકારવા ભદ્રગુપ્તાચાર્ય બહુ આતુર થઇ ગયા. વજ્રસ્વામી જેવા પાસે આવી પહોંચ્યા કે વંદન કરવાનો સમય પણ તેમને આપ્યા વિના ભદ્રગુપ્તાચાર્યે બાલમુનિને ઊંચકી લીધા. પોતાના ખોળામાં બેસાડ્યા. અત્યંત વાત્સલ્યભાવ દર્શાવ્યો. પછી કુશળ સમાચાર પૂછ્યા. તે પછી વજ્રસ્વામીએ વિનયપૂર્વક વંદન કરીને કહ્યું, 'ભગવંત, મારા ગુરુ મહારાજની આજ્ઞાથી અહીં આપની પાસે હું દસ પૂર્વનું અધ્યયન કરવા આવ્યો છું. માટે કૃપા કરીને મને એની વાચના આપશો.'

આવી સુપાત્ર વ્યક્તિ મળતાં ભદ્રગુપ્તાચાર્યના હર્ષનો કોઇ પાર રહ્યો નહિ, કારણ કે સુપાત્રના અભાવે સમગ્ર જૈન સમાજમાં દસ પૂર્વનું જ્ઞાન લુપ્ત થતું જતું હતું. દસ પૂર્વના જ્ઞાતા એક માત્ર ભદ્રગુપ્તાચાર્ય જ હવે વિદ્યમાન હતા. તેમણે વજ્રસ્વામીને અત્યંત ભાવથી અને ઉલ્લાસપૂર્વક દસ પૂર્વનું અધ્યયન ચાલુ કરાવ્યું.

કેટલાક સમય પછી અધ્યયન પૂર્ણ થતાં ભદ્રગુપ્તાચાર્યની અનુજ્ઞા લઇ વજ્રસ્વામી સિંહગિરિ આચાર્ય પાસે પાછા આવ્યા. ગુરુ મહારાજને પોતાના શિષ્ય દસ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરીને આવ્યા તેથી અત્યંત આનંદ થયો, કારણ કે પોતાના કરતાં પોતાના બાલ શિષ્યે ઘણી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી. તેમણે સમારંભ યોજાવીને વજ્રસ્વામીને દસપૂર્વી અથવા દસપૂર્વધર તરીકે વિધિસર જાહેર કર્યા. દસપૂર્વધરની માન્યતા મળતાં જ તે અવસરે જૃંભકદેવોએ વજ્રસ્વામી ઉપર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરી. આ રીતે દેવોએ જ્ઞાનપ્રાપ્તિનો અદ્ભુત મહિમા કર્યો.

કેટલોક કાળ પસાર થતાં વયોવૃદ્ધ થયેલા આચાર્ય ભગવંત સિંહગિરિએ પોતાની અસ્વસ્થ રહેતી તબિયતને લક્ષમાં લઇને ગચ્છના નાયક તરીકેની જવાબદારી વજ્રસ્વામીને સોંપવાનું વિચાર્યું. એમના સર્વ શિષ્યોએ એ પ્રસ્તાવ સહર્ષ સ્વીકાર્યો. વજ્રસ્વામીને ગચ્છનાયક તરીકે જાહેર કરવામાં આવ્યા અને એમના હાથ નીચે પોતાના પાંચસો સાધુઓને મૂક્યા.

વજ્રસ્વામી તે બધાથી વયમાં ઘણા નાના હતા, પરંતુ જ્ઞાનમાં સૌથી મોટા હતા. કેટલાક સમય પછી આચાર્ય ભગવંતની તબિયત વધુ અસ્વસ્થ થઇ. પોતાના સાધ્વાચારમાં શિથિલતા ન આવે એ માટે આચાર્ય ભગવંત અનશન સ્વીકારી કાળધર્મ પામ્યા.

વજ્રસ્વામી ગચ્છના અધિપતિ તરીકે પોતાના પાંચસો શિષ્યોના સમુદાય સાથે જુદે જુદે સ્થળે વિહાર કરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં લોકો તેમનું બહુમાનપૂર્વક સ્વાગત કરતા. તેઓ એટલા તેજસ્વી અને ગૌરવવંત લાગતા કે એમને જોવા, એમનાં દર્શન કરવા લોકો દોડતા. તેમના ઉજ્જ્વલ શીલ અને લોકોત્તર શ્રુતજ્ઞાનથી બધા બહુ જ પ્રભાવિત થઇ જતા. તેઓ દેખાવમાં જાણે બીજા ગૌતમસ્વામી વિહરતા હોય તેમ સૌને લાગતું. તે સમયે પાટલીપુત્રમાં ધન નામના એક મોટા શ્રેષ્ઠી રહેતા હતા. તેમણે વિહાર કરતાં-જતાઆવતાં સાધુ-સાધ્વીઓ માટે પોતાની યાનશાળામાં ઊતરવાની વ્યવસ્થા કરી હતી. એક વખત વજ્રસ્વામીના સમુદાયની કેટલીક સાધ્વીજીઓએ ત્યાં મુકામ કર્યો હતો. તે વખતે ધન શ્રેષ્ઠીની યુવાન રૂપવતી પુત્રી રુક્મિણી વંદન કરવા આવી. સાધ્વીજીઓએ વાતચીતમાં તેની આગળ પોતાના યુવાન ગુરુ ભગવંત વજ્રસ્વામીની તેજસ્વિતાની બહુ પ્રસંશા કરી. રુક્મિણીને સાધુજીવનની બહુ ખબર નહોતી, પરન્તુ વજ્રસ્વામીના ગુણગાન સાંભળીને એણે મનમાં એવો દૃઢ સંકલ્પ કર્યો કે 'હું પરણીશ તો વજ્રસ્વામીને જ પરણીશ.' સાધ્વીજીને આ વાતની જાણ થઇ. તેઓએ રુક્મિણીને સમજાવી કે 'વજ્રસ્વામી તો પંચમહાવ્રતધારી સાધુ છે. એ તને કેમ પરણે ?' ત્યારે રુક્મિણીએ કહ્યું, 'વજ્રસ્વામી જો સાધુ હશે તો હું પણ એમની પાસે દીક્ષા લઇશ. જેવી તેમની ગતિ હશે તેવી જ મારી થશે.'

થોડા સમય પછી વજ્રસ્વામી પાટલીપુત્ર પધાર્યા. એમના આગમનના સમાચાર જાણી રાજા પોતાના પરિવાર સાથે નગર બહાર તેમનું સ્વાગત કરવા ગયા. પરંતુ ત્યાં તેઓ મૂંઝવણમાં પડ્યા, કારણ કે તેજસ્વી પ્રતિભાવાળા, આકર્ષક આકૃતિવાળા, મધુરભાષી,

સમતાવંત એવા ઘણાં સાધુઓમાં વજ્રસ્વામી કોણ છે તે તેઓ તરત પારખી શક્યા નહિ. જે જે સાધુઓ આવતા ગયા તેમને તેઓ પૂછતા કે 'આપ વજ્રસ્વામી છો ?' દરેક કહેતા કે 'ના જી ! પૂજ્ય આચાર્ય ભગવંત વજ્રસ્વામી તો પાછળ આવે છે. અમે એમના શિષ્યો છીએ.'

છેવટે જ્યારે વજ્રસ્વામી પોતે આવ્યા ત્યારે રાજા તો એમને અનિમેષ નયને જોઈ જ રહ્યા. નજર ખસેડવાનું મન ન થાય એવા પ્રભાવશાળી તેઓ હતા. રાજાએ ભક્તિભાવથી એમને વંદન કર્યાં. વજ્રસ્વામીએ રાજા અને તેમના પરિવારને જે ઉપદેશ આપ્યો તે સાંભળીને સૌએ ધન્યતા અનુભવી.

એ વખતે રુક્મિણીએ વજ્રસ્વામીને જોતાં જ પોતાના પિતાને વિનંતી કરી કે 'વજ્રસ્વામી સાથે મારાં લગ્ન કરાવી આપો. એ સિવાય હું જીવી નહિ શકું.'

પિતાએ પુત્રીને ઘણી સમજાવી પણ તે માની નહિ. છેવટે પુત્રીની ઇચ્છાને માન આપી, તેને લગ્નને યોગ્ય શણગાર સજાવ્યા. પછી તેઓ તેને લઇને વજ્રસ્વામી પાસે જવા નીકળ્યા. લગ્ન માટે વજ્રસ્વામી જેટલું ધન માગે તેટલું ધન આપવું એમ વિચારી તેમણે સાથે ધન પણ લઇ લીધું.

વજ્રસ્વામીને આ વાતની અગાઉથી જાણ થઇ ગઇ હતી. રુક્મિણી તો શું પણ કોઇ પણ સ્ત્રીને પોતાના પ્રત્યે કામાકર્ષણ ન થાય તે માટે તેમણે પોતાની લબ્ધિનો ઉપયોગ કરીને પોતાના સમગ્ર દેખાવને થોડો વિરૂપ બનાવી દીધો. એ વખતે વજ્રસ્વામીની ઉપદેશવાણી સાંભળવા ઘણા લોકો આવતા. તેઓ એ સાંભળીને ખૂબ પ્રભાવિત થતા. પરંતુ તેઓ માંહોમાંહે વાતો કરવા લાગ્યા હતા કે 'આ મહાત્માનો ઉપદેશ તો અદ્દભુત છે. પરંતુ ઉપદેશ પ્રમાણે એમની મુખાકૃતિ જો આકર્ષક હોત તો કેવું સારું ?'

વજ્રસ્વામીએ લોકોના મનના ભાવ જાણી લીધા. બીજે દિવસે એમણે વૈક્રિય લબ્ધિથી એક વિશાળ સહસ્ત્રદળ કમળ બનાવ્યું. પછી પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી રાજહંસની જેમ તે કમળ પર બેઠા. લોકો તેમનું સ્વરૂપ જોઇ આનંદ અને આશ્ચર્યથી મુગ્ધ બની ગયા.

ધન શ્રેષ્ઠી પણ વજ્રસ્વામીનું આવું અલૌકિક સ્વરૂપ જોઇને આશ્ચર્યચક્તિ થઇ ગયા. પોતાની દીકરીએ વગર જોયે પણ યોગ્ય પસંદગી જ કરી હતી એમ એમને લાગ્યું. તેઓ મોહવશ થઇ ગયા હતા. એટલે વજ્રસ્વામી સાધુ છે એ વાત તેઓ વિસરી ગયા. વજ્રસ્વામીનો વૈરાગ્યવાસિત ઉપદેશ તેમને સ્પર્શ્યો નહિ. તેમણે પોતાની કન્યા સાથે લગ્ન કરવા માટે વજ્રસ્વામી પાસે પ્રસ્તાવ મૂક્યો અને એ માટે બહુ આગ્રહ કર્યો. પોતે સાથે જે ધન લાવ્યા હતા તે સ્વીકારવા માટે કહ્યું અને લગ્ન સમયે બીજું ઘણું વધારે ધન પોતે આપશે એવી વાત પણ કરી. ગમે તેવો માણસ છેવટે ધનને વશ થઇ જાય છે એવી શ્રેષ્ઠી તરીકે તેમની માન્યતા હતી. વજ્રસ્વામીએ કહ્યું, 'ભાઇ, હું તો દીક્ષિત છું. પંચમહાવ્રતધારી સાધુ છું. એટલે મેં આજીવન બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલું છે. પરણવાની વાત તો બાજુ પર રહી, પણ સ્ત્રી માત્રનો સ્પર્શ કે સહવાસ પણ અમારે સાધુઓને વર્જ્ય હોય છે. તમારી કન્યા ખરેખર મારા પ્રત્યે અનુરાગવાળી હોય તો એને સમજાવો કે લગ્ન તો ભવભ્રમણ કરાવનાર છે. એમાંથી છૂટવા માટે દીક્ષા લઇ સંયમ ધારણ કરે.'

ધન શ્રેષ્ઠીએ રુક્મિણીને વાત કરી. એનો જીવ હળુકર્મી હતો. વજ્રસ્વામીના ઉપદેશની વાત સાંભળતાં જ તેના મન ઉપર ભારે અસર થઇ. એણે વજ્રસ્વામીની વાત મંજૂર રાખી. એણે માતાપિતાની સંમતિ લઇ વજ્રસ્વામી પાસે ધામધૂમપૂર્વક દીક્ષા લીધી.

એક વખત વજ્રસ્વામીએ ઉત્તર દિશામાં વિહાર કર્યો હતો. તે વખતે ત્યાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. અન્નની અછતના કારણે લોકોને પેટપૂરતું ખાવા મળતું નહોતું. આવી પરિસ્થિતિમાં લોકોની આતિથ્યભાવના ઘટી જાય એ સ્વાભાવિક છે. શ્રીમંતોએ પોતાની દાનશાળાઓ બંધ કરી હતી. અન્નના અભાવે એવી ભીષણ પરિસ્થિતિ પ્રવર્તતી હતી કે ગરીબ માણસો દહીં વેચવાના ખાલી થયેલાં માટલાં ફોડીને તેના તૂટેલાં ટૂકડામાંથી દહીં ચાટતા હતા. કેટલાક લોકો તો એટલા દુબળા થઇ ગયા હતા કે જાણે જીવતા હાડપિંજર ફરતાં હોય તેવું લાગે. કોઇ સાધુ ગોચરી વહોરવા આવે ત્યારે વહોરાવવું ન પડે એ માટે શ્રાવકો આઘાપાછા થઇ જતા કે જાત જાતનાં બહાનાં બતાવતા. નગર શૂન્યવત્ બની ગયું હતું. લોકો શારીરિક અશક્તિને કારણે બહાર જઇ શકતા નહિ એથી રસ્તાઓ પદસંચારના અભાવે નિર્જન બની ગયા હતા.

આવા ભીષણ દુષ્કાળમાંથી લોકોને ઉગારવા સંઘે વજ્રસ્વામીને વિનંતી કરી. લોકોના કલ્યાણાર્થે વિદ્યાનો ઉપયોગ કરવામાં કોઇ દોષ નથી એમ વિચારી વજ્રસ્વામીએ પોતાની વિશિષ્ટ લબ્ધિથી એક વિશાળ પટનું નિર્માણ કર્યું. તેના પર નગરના બધા લોકોને બેસાડીને એ પટને આકાશમાર્ગે ઉડાડ્યો. પટ થોડો ઊંચે ઊડ્યો એવામાં નીચે દંત નામનો એક શ્રાવક આવી પહોંચ્યો. તે પોતાના સ્વજનોને બોલાવવા ગયો હતો એટલે પાછળ રહી ગયો હતો. વજ્રસ્વામીએ પટ પાછો નીચે જમીન ઉપર ઉતાર્યો. દંતને એના સ્વજનો સહિત પટ પર બેસાડી દીધો. પટ ઉપર બેસીને આકાશમાં ઊડવાનો લોકો માટે આ એક અદભુત અનુભવ હતો. તેઓ જાણે આંબાના વૃક્ષ નીચે બેઠાં હોય તેવી શાંતિ અનુભવતા હતા. મૃત્યુમાંથી બચી જવાને કારણે લોકોનો ભક્તિભાવ ઊભરાતો હતો. પોતે આકાશમાં ઊડતા હતા તે વખતે નીચે પૃથ્વી પર દેખાતાં મંદિરો જોઇને તેઓ જિનેશ્વર ભગવાનને બે હાથ જોડી વંદન કરતા હતા. ઊડતાં ઊડતાં નીચે માર્ગમાં પૃથ્વી પરના પર્વતો, નદીઓ અને નગરો જોતાં તેઓ આશ્ચર્ય પામતા હતા. આકાશમાર્ગે આવા વિશિષ્ટ પટને ઊડતો જોઇને વ્યંતર દેવો, જ્યોતિષ્ક દેવો, વિદ્યાધરો વગેરે આશ્ચર્ય પામ્યા હતા. આકાશમાર્ગે ઊડીને વજ્રસ્વામી બધાં નગરજનોને પુરી નામની સમૃદ્ધ નગરીમાં લઇ આવ્યા અને ત્યાં બધાને ઉતાર્યા.

ધનધાન્યથી સુખી એવી આ પુરીનગરીના રાજાએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો, પરંતુ રાજ્યની મોટા ભાગની પ્રજા જૈન ધર્મ પાળતી હતી. ધર્મની બાબતમાં જૈન અને બૌદ્ધ લોકો વચ્ચે સ્પર્ધા કે વિવાદનો એ જમાનો હતો. પુરી નગરીમાં ફૂલ જેવી બાબતમાં પણ ચડસાચડસી થતી હતી. માળીને વધારે નાણાં આપીને જૈનો સારાં સારાં ફૂલો ખરીદી લે છે એવી બૌદ્ધોની ફરિયાદ હતી. એથી બૌદ્ધ મંદિરોમાં પૂજા માટે સસ્તાં સામાન્ય ફૂલો વપરાતાં હતાં. બૌદ્ધોએ રાજાને ફરિયાદ કરી. એટલે બૌદ્ધધર્મી રાજાએ જૈનોને ફૂલો ખરીદવા પર પ્રતિબંધ ફરમાવ્યો. જૈનોએ વજ્રસ્વામીને પોતાની આ મુશ્કેલીની વાત કહી. પર્યુષણ પર્વ નજીકમાં આવતાં હતાં. પુષ્પપૂજા વગર પોતાની જિનપૂજા અધૂરી રહેતી હતી. નગરના બધા જૈનોને જો પુષ્પ મળી શકે તો પર્યુષણ પર્વ સારી રીતે ઊજવી શકાય.

વજ્રસ્વામીએ તેઓને સહાય કરવાનું વચન આપ્યું. તેઓ પોતાની આકાશગામિની વિદ્યાથી દેવની જેમ આકાશમાં ઊડ્યા. માહેશ્વરી નગરીમાં હુતાશન નામના વિશાળ સુંદર પુષ્પઉદ્યાનમાં તેઓ ઊતર્યા. ત્યાંનો માળી વજ્રસ્વામીના પિતા ધનગિરિનો મિત્ર હતો. માળીએ તેમનો ખૂબ આદરપૂર્વક સત્કાર કર્યો. આટલે વર્ષે પણ વજ્રસ્વામી તેમને ભૂલ્યા નહોતા તેથી તેને બહુ આનંદ થયો. માળીએ પોતાના ઉદ્યાનમાંથી વીસ લાખ જેટલાં સુંદર સુવાસિત, રંગબેરંગી તથા જિનેશ્વર ભગવાનની પ્રતિમાને ચડાવવા યોગ્ય ફૂલો એકત્ર કરી આપવાનું કહ્યું. વજ્રસ્વામી ત્યાંથી ઊડીને હિમવંતગિરિ પર ગયા. ત્યાં પદ્મસરોવર લહેરાતું હતું. દેવતાઓ પણ જ્યાં દર્શન કરવા જતા એવાં સિદ્ધાયતનો ત્યાં શોભા હતા. ચમરી ગાયના અવાજથી ગુફાઓ ગુંજતી હતી. વિદ્યાધરકુમારો જિનમંદિરમાં દર્શન કરવા જતા હતા. વજ્રસ્વામીએ પણ જિનમંદિરમાં જઇ દર્શન કર્યાં. પછી તેઓ પદ્મસરોવરે ગયા. તે વખતે લક્ષ્મીદેવી પૂજા કરવા જઇ રહ્યાં હતાં. વજ્રસ્વામીને જોઇને લક્ષ્મીદેવીએ તેમને વંદન કર્યા. વજ્રસ્વામીએ તેમને 'ધર્મલાભ' કહ્યા. લક્ષ્મીદેવીએ પોતાનું સહસ્ત્રદલ કમળ તેમને અર્પણ કર્યું. તે લઇને તેઓ પાછા હુતાશન ઉદ્યાનમાં ગયા. ત્યાં પોતાની વિદ્યા વડે તેમણે વિવિધ પ્રકારની શોભાવાળા એક વિમાનનું નિર્માણ કર્યું. તેમાં વચમાં કમળ મૂક્યું. તેની આજુબાજુ ફૂલો ગોઠવ્યા.

એ માટે જૂંભકદેવોએ તેમને સહાય કરી. વજ્રસ્વામીનું વિમાન ત્યાંથી ઊડ્યું. એ વિમાનની સાથે સાથે પોતપોતાના વિમાનમાં બેસીને ગીતો ગાતા, વાદ્યો વગાડતા જૂંભકદેવો પણ તેમની સાથે ચાલ્યા. તેઓ બધા પુરી નગરી પહોંચ્યા. ફૂલો મળવાથી નગરના જૈનોએ પર્યુષણ પર્વની ભવ્ય ઊજવણી કરી. દેવોએ પણ આ મહોત્સવમાં ભાગ લીધો. આ અસાધારણ ચમત્કારિક ભવ્ય ઘટનાથી પુરીના રાજા પ્રસન્ન થયા એટલું જ નહિ તેમણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો. વજ્રસ્વામીના પ્રતાપે જૈન ધર્મના થયેલા મહિમાથી લોકો પણ બહુ આનંદિત થયા.

જૈન શાસનની પરંપરામાં વજ્રસ્વામી છેલ્લા દસ પૂર્વધર ગણાય છે. તેઓ પોતે કોઇ સુયોગ્ય પાત્રને દસ પૂર્વનું જ્ઞાન આપવા ઇચ્છતા હતા. તે વખતે આર્યરક્ષિતસૂરિ નામના આચાર્યમાં એવી પાત્રતા હતી. વજ્રસ્વામીએ તેમને પૂર્વશ્રુતનું અધ્યયન કરાવ્યું, પરંતુ સંજોગવશાત્ આર્યરક્ષિતસૂરિ દસમું પૂર્વ પૂરું કરી શક્યા નહિ. એટલે વજ્રસ્વામીના કાળધર્મ પામ્યા પછી દસ પૂર્વનો ઉચ્છેદ થયો.

આર્ય રક્ષિતસૂરિનો પ્રસંગ નીચે પ્રમાણે છેઃ

દસપુર નગરમાં સોમદેવ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ રૂદ્રસોમા હતું. તેમને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામે બે પુત્રો હતા. આર્યરક્ષિત વિદ્યાભ્યાસ માટે પાટલીપુત્ર ગયા હતા. ત્યાં ચૌદ વિદ્યા, છ અંગ, ચાર વેદ, મીમાંસા, ન્યાય, પુરાણ, ધર્મશાસ્ત્ર વગેરેનું અધ્યયન કરીને તેઓ પાછા આવતા હતા. આટલી બધી વિદ્યાઓમાં પારંગત થવા માટે પોતાનો આનંદ દર્શાવવા રાજાએ તેમને હાથી પર અંબાડીમાં બેસાડી, બહુમાનપૂર્વક તેમનો નગરપ્રવેશ કરાવ્યો. તેમના સ્વાગત માટે રાજાએ તોરણો બંધાવ્યાં અને તેમને ઘણી ભેટસોગાદો આપી. નગરમાં પ્રવેશતાં જ આવા સન્માન સમારંભમાં રોકાવાને કારણે આર્યરક્ષિત પોતાને ઘરે પહોંચવામાં મોડા પડ્યા. વળી કિંમતી વસ્ત્રાદિ અલંકારો ભેટ મળવાને લીધે તેઓ સારી રીતે સજ્જ થઇને પોતાને ઘરે ગયા કે જેથી તે જોઇને પોતાનાં માતાપિતા બહુ રાજી થાય. પરંતુ ઘરે ગયા ત્યારે માતાએ એટલું જ કહ્યું, 'બેટા, તું કુશળ છે ને ? આયુષ્યમાન થજે !' માતાએ હર્ષ ન બતાડ્યો તેથી આર્યરક્ષિતને આશ્ચર્ય થયું. તેમણે માતાને તેનું કારણ પૂછ્યું. માતાએ કહ્યું, 'બેટા, તું ઘણી સરસ વિદ્યા ભણીને આવ્યો છે. પરંતુ તું જે વિદ્યા ભણીને આવ્યો છે તે વિદ્યાનો ઉપયોગ બરાબર સમજીને નહિ કરે તો તે તને દુર્ગતિમાં લઇ જશે. માટે તારા જીવનને જો ખરેખર સાર્થક કરવું હોય તો તારે જૈન ધર્મના બાર અંગ પણ ભણવાં જોઇએ. એમાં પણ દૃષ્ટિવાદ નામનું છેલ્લું બારમું અંગ ભણી લેવું જોઇએ, કારણ કે એ અત્યંત કઠિન મનાતું અંગ ભણવાની તારામાં શક્તિ અને યોગ્યતા છે. પરંતુ એ ભણવા માટે તારે શ્રાવક બનવું પડશે.'

આર્યરક્ષિત વિદ્યાપ્રેમી હતા. માતાની સૂચનાનુસાર તેઓ શ્રાવક થયા. તે સમયે બારમું અંગ કોઇકને જ આવડતું હતું. તોસલીપુત્ર નામના આચાર્ય દૃષ્ટિવાદ નામનું બારમું અંગ ભણાવતા હતા. એટલે તેમની પાસે ભણવા જવાની આર્યરક્ષિતે તૈયારી કરી. તોસલીપુત્ર દૃષ્ટિવાદના નવ પૂર્વ સંપૂર્ણ જાણતા હતા પરંતુ દસમું પૂર્વ તેમને પૂરું આવડતું નહોતું. આચાર્ય તોસલીપુત્ર પાસે જઇને આર્યરક્ષિતે એમને અત્યંત ભાવથી, વિનયથી વંદન કર્યા અને પોતે દૃષ્ટિવાદ ભણવા આવ્યા છે તેમ જણાવ્યું. તોસલીપુત્રે કહ્યું, 'ભાઇ, એ ભણવાનો અધિકાર માત્ર સાધુઓનો જ છે. એટલે એ માટે તમારે પહેલાં જૈન ધર્મમાં સાધુ તરીકે દીક્ષા ગ્રહણ કરવી પડે, ત્યારપછી તમારે સાધુ જીવનના આચારનું પાલન કરવા સાથે શાસ્ત્રસિદ્ધાન્તોનું અધ્યયન કરવાનું રહે. ત્યાર પછી મને તમારી યોગ્યતા બરાબર જણાય તે પછી જ હું તમને દૃષ્ટિવાદ ભણાવી શકું.'

આર્યરક્ષિતે એમની પાસે દીક્ષા લેવાની અને શાસ્ત્રો ભણવાની પૂરી તૈયારી બતાવી, પણ સાથે સાથે અંગત વિનંતી કરી કે 'દીક્ષા લીધા પછી આ સ્થળ તરત જ છોડીને મારે બીજે વિહાર કરવો પડશે, કારણ કે હિંદુ રાજાનો અને નગરજનોનો મારા પ્રત્યે એવો અનુરાગ છે કે તેઓ મારી પાસે જૈન સાધુપણાનો ત્યાગ કરાવશે.'

ગુરુ તોસલીપુત્રે એ વાત સ્વીકારી લીધી.

આર્યરક્ષિતને દીક્ષા આપ્યા પછી ગુરુ તોસલીપુત્ર પોતાના શિષ્યો સાથે તરત ત્યાંથી વિહાર કરી ગયા. દીક્ષા લઇને આર્યરક્ષિતે અધ્યયન માટે એવો તો પુરુષાર્થ કર્યો કે અગિયારે અંગ તેમણે ગુરુ મહારાજ પાસે ભણી લીધાં. તેઓ ગીતાર્થ બન્યા. ગુરુ પાસે હવે દૃષ્ટિવાદ નામનું બારમું અંગ ભણવાનું ચાલુ કર્યું. તેમની યોગ્યતા જોઇને તોસલીપુત્ર બહુ પ્રસન્ન થયા. દૃષ્ટિવાદ અંગનું જેટલું જ્ઞાન પોતાને હતું તે તેમણે આર્યરક્ષિતને આપ્યું. આર્યરક્ષિતની યોગ્યતા અને સામર્થ્ય જોઇને તેમણે કહ્યું કે 'તમારામાં દૃષ્ટિવાદનું દસમું પૂર્વ ભણવાની પૂરી યોગ્યતા છે. માટે એ પણ તમારે ભણી લેવું જોઇએ. પરંતુ હાલમાં એ માત્ર ભદ્રગુપ્તાચાર્યને અને વજ્રસ્વામીને એ બેને જ આવડે છે. પરંતુ ભદ્રગુપ્તાચાર્ય હવે વયોવૃદ્ધ થયા છે. અધ્યયન કરાવવા માટે તેઓ અશક્ત થતા જાય છે. માટે તમારે એ ભણવા વજ્રસ્વામી પાસે જવું જોઇએ.'

આર્યરક્ષિતનો અધ્યયન માટેનો ઉત્સાહ વધતો ગયો હતો. દસમું પૂર્વ ભણવાની હવે તેમને તાલાવેલી લાગી હતી. તેથી તેમણે વજ્રસ્વામી પાસે જવા પુરી નગરી તરફ વિહાર કર્યો.

આર્યરક્ષિત વિહાર કરતા પુરી નગરી તરફ જતા હતા ત્યાં માર્ગમાં તેમને જાણવા મળ્યું કે વજ્રસ્વામીને દસ પૂર્વ ભણાવનાર વયોવૃદ્ધ સ્થવિર ભદ્રગુપ્તાચાર્યે તબિયતના કારણે હવે એક સ્થળે સ્થિરવાસ કર્યો છે. એની તપાસ કરી તેઓ દસપૂર્વી ભદ્રગુપ્તાચાર્ય પાસે પહોંચ્યા. તેમને વંદન કરી ત્યાં રોકાયા. આર્યરક્ષિત દસ પૂર્વ ભણવા નીકળ્યા છે એ જાણીને ભદ્રગુપ્તાચાર્યને બહુ જ આનંદ થયો. તેમણે આર્યરક્ષિતનું શાસ્ત્રજ્ઞાન માટેનું સામર્થ્ય તરત પારખી લીધું. અને તેમની જ્ઞાનોપાસનાની ખૂબ અનુમોદના કરી. તેમણે આર્યરક્ષિતને ભલામણ કરતાં કહ્યું, 'મારું આયુષ્ય હવે પૂરું થવા આવ્યું છે. મારે અનશનવ્રત લેવું છે. આ વ્રત માટે નિર્યામણા કરાવનાર કોઇ હોય તો તે વધારે સારી રીતે પાર પડે. તમે ગીતાર્થ સાધુ છો. એટલે તમારામાં એ યોગ્યતા મને જણાય છે. તમે અહીં જો થોડા દિવસ વધુ રોકાઇ જાવ તો હું અનશનવ્રત સારી રીતે લઇ શકું.'

ભદ્રગુપ્તાચાર્ય જેવા મહાન દસપૂર્વી સ્થવિરાચાર્યની પાસે એમના અંતકાળે રહેવા મળે એ પણ મોટું સદ્ભાગ્ય ગણાય. આર્યરક્ષિતે અત્યંત ભક્તિભાવથી ભદ્રગુપ્તાચાર્યની વિનંતીનો સ્વીકાર કર્યો. તેઓ તેટલો સમય ત્યાં જ રોકાયા.

ભદ્રગુપ્તાચાર્યે એક દિવસ આર્યરક્ષિતને એક એવી શિખામણ પણ આપી કે 'હે વત્સ ! તમે પાંચસો શિષ્યો સાથે વિચરતા વજ્રસ્વામી પાસે જઇ દસ પૂર્વનું જ્ઞાન પામો તે અત્યંત આવશ્યક છે. હાલ મારા પછી દસ પૂર્વધર એકમાત્ર તેઓ જ છે. પરંતુ તમે વજ્રસ્વામી પાસે એમના ઉપાશ્રયમાં રાત્રે સંથારો કરવાનું રાખશો નહિ. બીજા જુદા ઉપાશ્રયમાં રાખજો.'

આચાર્યના આવા સૂચનથી આર્યરક્ષિતને બહુ આશ્ચર્ય થયું. તેમણે ભદ્રગુપ્તાચાર્યને એનું કારણ પૂછ્યું. ભદ્રગુપ્તાચાર્યે કહ્યું કે 'વજ્રસ્વામીનો આત્મા એટલી બધી ઊંચી કોટિનો છે, તથા એવી લબ્ધિવાળો છે કે સોપક્રમ આયુષ્યવાળી કોઇપણ વ્યક્તિ એક રાત પણ વજ્રસ્વામી સાથે રહે તો વજ્રસ્વામીને જેવા ભાવ જાગે તેવા ભાવ એ વ્યક્તિમાં પણ જાગે. વજ્રસ્વામીને હવે ઉંમર થતાં રાત્રે સંથારો કરતી વખતે અનશન કરી દેહ છોડવાના ભાવ રહે છે. એટલે તેમની નજીક સૂનાર વ્યક્તિને પણ એવા જ અનશન કરવાના ભાવ જાગે. તેમની સાથે જ તે કાળધર્મ પામે. પરંતુ તમે હજુ યુવાન છો. તમે શાસનના મહાન કાર્યો કરી શકો તેમ છો. માટે તમારે તમારા દીર્ઘ આયુષ્યનો વિચાર કરીને એમની સાથે રાત્રે સંથારો ન કરવો એવી મારી ભલામણ છે.' આર્યરક્ષિતે એ ભલામણનો સ્વીકાર કર્યો.

ભદ્રગુપ્તાચાર્યના અનશનવ્રત લેવામાં નિર્યામક તરીકે આર્યરક્ષિતે કર્તવ્ય બજાવ્યું. ભદ્રગુપ્તાચાર્ય કાળધર્મ પામ્યા. ત્યારપછી આર્યરક્ષિત વિહાર કરતા કરતા પુરી નગરીમાં પહોંચ્યા. સાંજ થવા આવી હતી એટલે તેઓ વજ્રસ્વામીના ઉપાશ્રયે ન જતાં ભદ્રગુપ્તાચાર્યની સલાહ અનુસાર નગર બહાર એક સ્થળે રાત રોકાયા.

એ રાત્રે વજ્રસ્વામીને એક શુભ સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એમણે જોયું કે કોઈ એક અતિથિ તેમની પાસે આવ્યો છે. એ અતિથિએ તેમના પાત્રમાંથી દૂધ પીધું, પરંતુ થોડુંક દૂધ પાત્રમાં બાકી રહી ગયું.

પ્રભાતે વજ્રસ્વામીએ પોતાના શિષ્યોને સ્વપ્નની વાત કરી અને એનું રહસ્ય સમજાવ્યું કે 'કોઈ પ્રજ્ઞાશીલ સાધુ મારી પાસે અહીં આવશે, તે મારી પાસેથી પૂર્વશ્રુત ગ્રહણ કરશે પરંતુ તે પોતાનું અધ્યયન પૂરું નહિ કરી શકે. છેલ્લું થોડુંક અધ્યયન બાકી રહી જશે.'

આ સ્વપ્નની વાત થયા પછી થોડી વારમાં જ આર્યરક્ષિત ત્યાં આવી પહોંચ્યા. વજ્રસ્વામીને દ્વાદશાવર્તપૂર્વક વંદન કરીને તે તેમની પાસે બેઠા. પોતે તોસલીપુત્રના શિષ્ય છે અને પૂર્વશ્રુતનું જ્ઞાન મેળવવાની ભાવનાથી આવ્યા છે એ વાત કરી. એ જાણીને વજ્રસ્વામીને અત્યંત આનંદ થયો. વાતવાતમાં ખબર પડી કે આર્યરક્ષિત તો આગલી સાંજે જ આવી ગયા હતા, અને નગરની બહાર રહ્યા હતા. વળી તેઓ ત્યાં જ રહીને રોજેરોજ ભણવા આવવા ઇચ્છે છે. વજ્રસ્વામીએ કહ્યું, 'નગર બહાર રહીને તમે કેવી રીતે ભણશો ? અધ્યયન માટે તો અહીં મારી પાસે જ આવીને રહો તો વધુ અનુકૂળતા રહે.' આર્યરક્ષિતે તરત જ ભદ્રગુપ્તાચાર્યે આપેલી શિખામણની વાત કહી. સાધુ મહાત્માઓને કશું છુપાવવાનું ન હોય. તેમનામાં માયાચાર ન હોય. આર્યરક્ષિતે જ વજ્રસ્વામીને ભદ્રગુપ્તાચાર્યના કાળધર્મના સમાચાર આપ્યા. ભદ્રગુપ્તાચાર્યે જ પોતાને બહારના ઉપાશ્રયમાં રહેવાની ભલામણ કરી છે એ પણ જણાવ્યું. ભદ્રગુપ્તાચાર્યે આવી સલાહ કેમ આપી હશે તે વજ્રસ્વામીને તરત સમજાયું નહિ. એટલે આ વાતનું રહસ્ય સમજવા માટે વજ્રસ્વામી અંતર્મુખ બની ગયા. એમને પોતાની જ્ઞાનલબ્ધિથી તરત જાણવા મળ્યું કે પોતાના જીવનનો અંતકાળ હવે નજીકમાં છે અને પોતાને જો અનશન કરવાનો ભાવ જાગશે તો આર્યરક્ષિતને પણ પોતાની સાથે રહેવાથી એવો ભાવ જાગશે. જો એમ થાય તો આર્યરક્ષિત પોતે મેળવેલા પૂર્વશ્રુતના જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરી શકે ? યુવાન આર્યરક્ષિત દીર્ઘજીવન જીવે તો જ તેઓ બીજાઓને પૂર્વશ્રુત ભણાવી, શાસનની સેવા સારી રીતે કરી શકે. માટે ભદ્રગુપ્તાચાર્યે આ કારણથી જ આર્યરક્ષિતને પોતાનાથી જુદા રહેવાનું કહ્યું છે એમ તેમને તરત સમજાઇ ગયું. ભદ્રગુપ્તાચાર્યની આવી દીર્ઘદૃષ્ટિથી વજ્રસ્વામીને ઊલટાનો આનંદ થયો. આર્યરક્ષિતના નિર્ણયથી તેઓ પ્રસન્ન થયા અને આર્યરક્ષિતને રાત્રિ મુકામ બીજે કરવા માટે સહર્ષ સંમતિ આપી.

વજ્રસ્વામીએ આર્યરક્ષિતને અભ્યાસ કરાવવાનું શરૂ કરી દીધું. બુદ્ધિમાન અને તેજસ્વી આર્યરક્ષિતે ઝડપથી નવપૂર્વનો અભ્યાસ પૂરો કરી લીધો. ત્યારપછી દસમા પૂર્વના યમકોનો અભ્યાસ શરૂ કર્યો. આ અભ્યાસ ઘણો જ કઠિન અને દીર્ઘકાળ ચાલે એવો હતો. એમાં વાચના લેવામાં, અર્થ સમજવામાં તથા સૂક્ષ્મ રહસ્યો ગ્રહણ કરવામાં ઠીક ઠીક વાર લાગતી હતી.

આર્યરક્ષિતને અહીં આવ્યાને ઘણો વખત થઇ ગયો હતો. બીજી બાજુ એમનાં માતાપિતા તથા ગુરુ મહારાજ તોસલીપુત્ર આતુરતાપૂર્વક તેમના પાછા ફરવાની રાહ જોતાં હતાં. આર્યરક્ષિતને પોતાના મુકામે પાછા ફરવા વારંવાર તેઓ સંદેશા મોકલાવવા લાગ્યા. પરંતુ દસમા પૂર્વનો અભ્યાસ પૂરો કરાવવાની ભાવનાથી ગુરુ વજ્રસ્વામી રજા આપતા નહોતા, કારણ કે ભદ્રગુપ્તાચાર્યના કાળધર્મ પછી દસપૂર્વધર તરીકે હવે માત્ર વજ્રસ્વામી પોતે એકલા જ રહ્યા હતા. છેવટે આર્યરક્ષિતને લેવા એમના ભાઇ ફલ્ગુરક્ષિત જાતે આવ્યા. તો પણ આર્યરક્ષિત ગયા નહિ. પરંતુ ત્યારપછી તો ઉપરાઉપરી સંદેશાઓ દ્વારા દબાણ આવવા લાગ્યાં તેથી તેઓ નિરૂપાય થઇ ગયા. એટલે આર્યરક્ષિતે વજ્રસ્વામી પાસે એક વખત પોતાના નગરમાં જઇને પાછા આવવા માટે આજ્ઞા માંગી. વજ્રસ્વામીએ પોતાના વિશિષ્ટ જ્ઞાનથી જાણી લીધું કે આર્યરક્ષિત અહીંથી ગયા પછી પાછા આવી શકશે નહિ. વળી પોતાનું આયુષ્ય પણ હવે બહુ ઓછું બાકી રહ્યું છે. એટલે દસમા પૂર્વનો કેટલોક ભાગ ભણાવ્યા વિનાનો જ રહી જશે. પરંતુ એ તો બનવાનું નિર્માયેલું લાગે છે. વજ્રસ્વામીએ આર્યરક્ષિતને જવા માટે રજા આપી.

વજ્રસ્વામીની રજા લઇ આર્યરક્ષિત પોતાના નગરમાં પહોંચ્યા. એમનાં માતાપિતા અને સ્વજનોને બહુ આનંદ થયો. આર્યરક્ષિતે રાજાને તથા પ્રજાજનોને જૈનધર્મની મહત્તા સમજાવી. એમના ઉપદેશથી પ્રભાવિત થઇ તેમનાં માતા રુદ્રસોમાએ તથા પિતા સોમદેવે એમની પાસે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી.

છેવટે વજ્રસ્વામીએ ધાર્યું હતું તે પ્રમાણે જ થયું. આર્યરક્ષિત પોતાના નગરમાં ગયા પછી એવા કાર્યોમાં પરોવાઇ ગયા કે તેઓ તરત આટલો લાંબો વિહાર કરીને આવી શક્યા નહિ.

આમ છતાં વજ્રસ્વામીએ આર્યરક્ષિતસૂરિને નવપૂર્વનું અધ્યયન કરાવી દીધું એ એક મોટું અને મહત્ત્વનું કાર્ય થયું. આર્યરક્ષિત દસપૂર્વધર થઈ શક્યા નહિ. એટલે વજ્રસ્વામી જ છેલ્લા દપૂર્વધર રહ્યા.

વજ્રસ્વામીના હાથે જે એક બીજું મહત્ત્વનું કાર્ય થયું તે શત્રુંજય તીર્થના ઉદ્ધારનું હતું. શત્રુંજય તીર્થનો અધિષ્ઠાતાદેવ કદર્પી યક્ષ પ્રભુનો ભક્ત હતો. પરંતુ મોહનીય કર્મના કારમા ઉદયને કારણે તેની બુદ્ધિ ભ્રમિત થઇ ગઇ હતી. જે રક્ષક હતો તે જ ભક્ષક બની ગયો હતો. તેનાં અપકૃત્યો વધવા લાગ્યાં. તીર્થભૂમિમાં મદ્યપાન, માંસભક્ષણ, શિકાર જેવી ઘણી પાપલીલાઓ ચાલવા લાગી. એટલે લોકોની ત્યાં યાત્રાએ જવાની હિંમત ચાલતી નહિ. જેઓ હિંમત કરીને ત્યાં જવાનો પ્રયત્ન કરતા તેઓ જીવતા પાછા આવતા નહિ. વજ્રસ્વામીએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમને થયું કે હવે તીર્થના ઉદ્ધારનો સમય પાકી ગયો છે. તેઓ પંચ મહાવ્રતધારી સાધુ મહાત્મા હતા. તેમની ઉમ્મર પણ વધતી જતી હતી. વળી, આવા ભગીરથ કાર્ય માટે સુપાત્ર અને સમર્થ ગૃહસ્થ એવા કોઇ સહાયકની જરૂર રહે. એવી વ્યક્તિ કોણ છે તેનો વિચાર કરતાં તેમની નજરમાં ભાવડશાના પુત્ર જાવડશા જણાયા. પરંતુ તે સમયે જાવડશાને મ્લેચ્છો ઉપાડી ગયા હતા અને બંદીવાન બનાવ્યા હતા. તેથી તેમની મદદની કોઇ આશા નહોતી. વળી આર્યરક્ષિતને નવ પૂર્વ સુધી ભણાવવામાં પણ ઘણો સમય વીતી ગયો હતો. છેવટે અનુકૂળ સંજોગો પ્રાપ્ત થતાં વજસ્વામીએ સંઘ લઇને જાવડશાની નગરી મધુમતી તરફ પ્રયાણ કર્યું.

જૈન ઇતિહાસમાં જાવડશા નામના બે મહાન શ્રેષ્ઠી થઇ ગયા. વજ્રસ્વામીના સમયના જાવડશાનો પરિચય આ પ્રમાણે છે: મધુમતી નગરીના મુખ્ય શ્રેષ્ઠી ભાવડશા શેઠ અને સૌભાગ્ય શેઠાણીના પુત્ર જાવડશા સંસ્કારી, શીલવાન, શૂરવીર, પ્રજાવત્સલ અને પ્રબળ ધર્મભાવનાવાળા હતા. તેમના જન્મ સમયે જ્યોતિષીઓએ એવું ભવિષ્ય ભાખ્યું હતું કે 'આ બાળક ભવિષ્યમાં મોટો થઇને માનવકલ્યાણનાં મોટાં મોટાં કાર્યો કરશે; તે લોકોનો બહુ આદર પામશે અને તે શત્રુંજય તીર્થનો ઉદ્ધારક બનશે.'

જાવડશા યુવાન થતાં સુશીલા નામની સંસ્કારી કન્યા સાથે તેમનાં લગ્ન થયાં. પિતા ભાવડશાએ જાવડશાની અપ્રતિમ વીરતા, વ્યવહારકુશળતા, કારભાર ચલાવવાની દક્ષતા અને માનવકલ્યાણ માટેની ભાવના જોઇને પોતાની પછી મધુમતીના વારસદાર તરીકે જાવડશાને જાહેર કર્યા હતા. તેમના કારભાર દરમિયાન મ્લેચ્છો બાહુબલીજીએ ભરાવેલી ઋષભદેવ ભગવાનની પ્રતિમાને ઉપાડી ગયા હતા અને જાવડશાને પણ બંધનમાં રાખ્યા હતા. પરંતુ જાવડશાએ ઉગ્ર તપશ્ચર્યા સહિત ચક્રેશ્વરીદેવીની આરાધના કરી. એથી ચક્રેશ્વરીદેવી પ્રસન્ન થયા. તેમની સહાયથી જાવડશાએ તક્ષશિલા

નગરી નજીક મ્લેચ્છો પાસેથી ઋષભદેવ ભગવાનની પ્રતિમા પાછી મેળવી હતી અને ત્યાંથી તેઓ ક્ષેમકુશળ મધુમતી નગરીમાં પાછા ફર્યા હતા. તેઓ બાર વર્ષે પાછા આવ્યા હતા, તેથી નગરીના લોકોએ ખૂબ ઉમળકાભેર ઉત્સવપૂર્વક જાવડશાનું સ્વાગત કર્યું હતું. એક દિવસ જાવડશા રાજસભા ભરીને બેઠા હતા. એ વખતે એક સાથે બે શુભ સમાચાર તેમને મળ્યા. એક સમાચાર તે ગુરુ વજ્રસ્વામી ગામની નજીક સંઘ સાથે પધાર્યા હતા. બીજા સમાચાર એ હતા કે કરિયાણાથી ભરેલાં એમનાં વહાણો જે સમુદ્રમાં ઘણા વખતથી ગુમ થઈ ગયેલાં મનાતાં હતાં તે પાછાં ફર્યાં હતાં એટલું જ નહિ, તેજમતુરી નામની, સોનું બનાવવામાં કામ લાગે એવી કિંમતી માટી ભરીને પાછાં આવ્યા હતાં. જાવડશાએ વિચાર કર્યો કે પહેલાં કોનું સ્વાગત કરવું ? પરમ ઉપકારી ગુરુ ભગવંતનું કે લક્ષ્મીથી ભરેલાં વહાણોનું ? એ વખતે તેમને ભરત ચક્રવર્તીના પ્રસંગનું સ્મરણ થયું.

એક વાર ભરત ચક્રવર્તીને પણ આવી જ વિમાસણ થઇ હતી. તેમને બે સમાચાર સાથે મળ્યા હતા. એક તે ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું અને બીજા સમાચાર તે પોતાને ચક્રરત્નની પ્રાપ્તિ થઇ. આ બેમાં પહેલાં કોનો મહોત્સવ કરવો ? તેમણે શીઘ્ર નિર્ણય લીધો કે ચક્રરત્ન તો ભૌતિક સુખમાં લપટાવે અને નરક ગતિમાં પણ લઇ જાય, પરંતુ કેવળજ્ઞાન તો મોક્ષગતિનું દુર્લભ સાધન કહેવાય. તેથી તેમણે ભગવાન ઋષભદેવના કેવળજ્ઞાનનો મહોત્સવ પહેલાં કર્યો અને ચક્રની પૂજા પછી કરી. એ પ્રસંગને યાદ કરી જાવડશાએ પણ પહેલાં ગુરુ ભગવંત વજ્રસ્વામી અને તેમના સંઘનું બહુમાન સાથે સ્વાગત કર્યું. ત્યારપછી તેઓ વહાણોની વ્યવસ્થા કરવા ગયા.

નગરમાં પધારેલા આર્ય વજ્રસ્વામીએ પોતાના વ્યાખ્યાનમાં શત્રુંજય તીર્થનો મહિમા સમજાવ્યો: 'ઋષભદેવ ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી નવ્વાણું વાર યાત્રાર્થે શત્રુંજય પર ગયા હતા. ભગવાનના મુખ્ય ગણધર પુંડરીક સ્વામીએ પાંચસો સાધુઓ સાથે ત્યાં અનશન કર્યું હતું. અનેક જીવો ત્યાં સિદ્ધગતિને પામ્યા હોવાથી એ સિદ્ધગિરિ તરીકે વિખ્યાત છે. અસંખ્ય સાધુ-સાધ્વીઓનાં પગલાંથી તે પવિત્ર બન્યો છે. આવા મહાન તીર્થની અત્યારે ભયંકર આશાતના થઇ રહી છે. ત્યાં ઘોર પાપાચાર થઇ રહ્યો છે. માટે તેનો હવે ઉદ્ધાર કરવાની આવશ્યકતા છે. આ કાર્ય કોઇ સમર્થ પુરુષ જ ઉપાડી શકે.'

વજ્રસ્વામીની પ્રેરક ઉપદેશવાણી સાંભળીને તે કાર્ય કરવા માટે જાવડશાએ ઉત્સાહપૂર્વક તરત પોતાની તૈયારી દર્શાવી. તેજ વખતે કદર્પી નામનો કોઇ એક યક્ષ ત્યાં આવ્યો. તે એક લાખ યક્ષનો સ્વામી હતો. તેણે પોતાની ઓળખ આપી. વજ્રસ્વામી તેના જીવન-પરિવર્તનના નિમિત્ત બન્યા હતા તેથી તે તેમની કંઇક સેવા કરીને ઋણમુક્ત થવા આવી પહોંચ્યો હતો.

આ કદર્પી યક્ષ પૂર્વભવમાં ધનવાનનો પુત્ર હતો. તેને દારૂના ભારે નશાની ટેવ પડી ગઇ હતી. પિતા એને આ દુરાચારમાંથી છોડાવવા વજ્રસ્વામી પાસે લઇ ગયા હતા. વજ્રસ્વામીએ તેને ઉપદેશ આપી વ્યસનોમાંથી મુક્ત થવા સમજાવ્યું હતું અને કદી દારૂ ન પીવાનાં પચ્ચખાણ લેવડાવ્યાં હતાં. પરંતુ મિત્રોની હલકી સોબતને કારણે પચ્ચખાણનો ભંગ કરીને પણ તે ફરી દારૂ પીતો થઇ ગયો હતો. એક વાર તે પોતાના ઘરની અગાશીમાં બેસી દારૂ પીતો હતો તે સમયે આકાશમાં ત્યાંથી ઊડતી એક સમડીની ચાંચમાં પકડેલા સર્પના મુખમાંથી ઝેરનું ટીપું સીધું નીચે એના દારૂના પ્યાલામાં પડ્યું, પરંતુ એની તેને ખબર પડી નહિ. દારૂ પીતાં યુવાનને ઝેર ચડવા લાગ્યું. તે તરફડવા લાગ્યો. દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞાનો પોતે ભંગ કર્યો તેથી તે ખૂબ પસ્તાયો. પણ ઝેરને કારણે તે મૃત્યુ પામ્યો. મૃત્યુ સમયે તેણે કરેલા પશ્ચાત્તાપના પ્રબળ ભાવથી તેના અશુભ કર્મો હળવાં થયાં. તે મૃત્યુ પામીને કદર્પી નામે યક્ષ થયો. અત્યારે તે કદર્પી યક્ષ વજ્રસ્વામીએ કરેલા ઉપકારના બદલામાં તીર્થોદ્ધારના કાર્યમાં મદદ કરવા આવી પહોંચ્યો હતો.

વજ્રસ્વામી શત્રુંજય તીર્થની દુર્ગમ, જોખમભરેલી યાત્રા સુલભ કરવા માંગતા હતા. તે કાળમાં શત્રુંજય તીર્થને સુરક્ષિત કરવાનું કાર્ય ઘણું જ કપરું હતું. કોઇ મહા ભાગ્યવાન અને સાહસિક વ્યક્તિ જ આવા કલ્યાણકારી કાર્ય માટે હિંમત દર્શાવી શકે. વજ્રસ્વામી પાસે જાવડશાએ ખૂબ આનંદ અને શ્રદ્ધાથી આ કાર્ય કરવાની પોતાની તૈયારી દર્શાવી. લોકોએ જાવડશાને આ શુભ કાર્ય માટે આશિષ આપ્યા. તેમના કાર્યમાં કોઈ વિઘ્ન ન નડે એ માટે શાસનદેવની પ્રાર્થના કરવામાં આવી. શુભ દિવસે અને શુભ મુહૂર્તે વજ્રસ્વામીએ પોતાના શિષ્યો સાથે શત્રુંજય તરફ પ્રયાણ કર્યું. સાથે જાવડશા, તેમનો પુત્ર જાજનાગ, તેમના પરિવારના સભ્યો તથા સમસ્ત સંઘના માણસો તેમાં જોડાયા. નવો કદર્પી યક્ષ પણ પોતાના યક્ષો સાથે આકાશમાર્ગે આવવા નીકળ્યો. શાસનનું આ પુનિત કાર્ય કરવાનો ઉત્સાહ સહુના હૃદયમાં ઊભરાતો હતો. આનંદમગ્ન બનીને લક્ષ્યસ્થાન પ્રતિ યાત્રાસંઘ આગળ વધવા લાગ્યો.

શત્રુંજય પરના અસુર અને જુલ્મી કદર્પીને તેના સેવકોએ સમાચાર આપ્યા કે જાવડશા સંઘ લઈને શત્રુંજય તરફ આવી રહ્યા છે. આથી અસુરે જાવડશાને આવતા અટકાવવા પોતાના અનુચરોને મોકલ્યા. પણ વજ્રસ્વામીના પ્રભાવને કારણે અનુચરો તેમને અટકાવી શક્યા નહિ. કદર્પીને જાણવા મળ્યું કે વજ્રસ્વામી નામના લબ્ધિધારી પ્રભાવક આચાર્યને કારણે પોતાના પ્રયત્ન નિષ્ફળ જાય છે. એટલે તેણે પોતાના અનુચરોની સંખ્યા વધારીને જાવડશાને આવતા રોકવા ફરી પ્રયત્નો કર્યા. અનુચર અસુરોએ વારંવાર ભયંકર યુક્તિઓ અજમાવી, પરંતુ વજ્રસ્વામીની લબ્ધિથી તેમના બધા આક્રમક પ્રયત્નો ફરીથી નિષ્ફળ ગયા. અસુરોએ મેઘ ઉત્પન્ન કર્યો તો વજ્રસ્વામીએ મેઘને વિખેરવા ભયંકર વંટોળિયો ઉત્પન્ન કર્યો. અસુરોએ વંટોળિયો ઉત્પન્ન કર્યો તો વજ્રસ્વામીએ તેને અટકાવવા પર્વતો સર્જ્યા. અસુરોએ પર્વતો ઉત્પન્ન કર્યા તો વજ્રસ્વામી વજ્રથી તે પર્વતોના ટુકડા કર્યા. તદુપરાંત વજ્રસ્વામીએ પોતાની લબ્ધિથી અસુરોએ ઉત્પન્ન કરેલા હાથીઓની સામે સિંહ, સિંહની સામે અષ્ટાપદ, દાવાનળની સામે મુશળધાર મેઘ, સર્પોની સામે ગરુડ ઉત્પન્ન કર્યા. વળી દરેક વિઘ્ન વખતે નવા કદર્પીએ પણ પોતાના યક્ષો સાથે સહાય કરી અને અસુરના ભયંકર ઉપસર્ગોનો સામનો કર્યો. આમ, વારંવાર પરાજિત થવા છતાં શરમ અને દંડના ભયથી અસુર કદર્પીના અનુચરોએ પોતાના સ્વામી કદર્પીને કહેવા જવાની હિંમત બતાવી નહિ. તેઓ બધા અન્ય સ્થળે ભાગી ગયા.

અસુરોના ત્રાસમાંથી સંઘ હવે નિર્ભય બની ગયો હતો. સંઘે શત્રુંજય પાસે આદિપુરમાં પડાવ નાખ્યો પરંતુ હજુ તેની કસોટી પૂરી થઇ નહોતી. પર્વત પરના કદર્પી અસુરને પોતાના સાથીઓની હારની ખબર પડી. એટલે હવે તેણે પોતે સંઘને આવતો અટકાવવા જાત જાતના ભયંકર ઉપાયો અજમાવ્યા. તેણે જાવડશાનાં પત્ની સુશીલાદેવીના શરીરમાં તીવ્ર જ્વર પેદા કર્યો. સુશીલાદેવી અસહ્ય વેદનાથી તરફડવા લાગ્યાં. વજ્રસ્વામીએ પવિત્ર મંત્રથી સુશીલાદેવીનો જ્વર દૂર કર્યો. અસુરે શત્રુંજય પર્વતને કંપાયમાન કર્યો. એથી લોકો ભયભીત બની ગયા. પરંતુ વજ્રસ્વામીએ પવિત્ર જળ, અક્ષત અને કુંકુમથી પર્વતની પૂજા કરાવી. એથી પર્વત સ્થિર થઇ ગયો.

ત્યારપછી શુભ મુહૂર્તે વજ્રસ્વામી, જાવડશા અને સંઘ ઋષભદેવ ભગવાનની પ્રતિમા લઇને પર્વત પર ચડવા લાગ્યા. આકાશમાર્ગે નવો કદર્પી યક્ષ અને તેના સાથીઓ પણ આવી પહોંચ્યા. માર્ગમાં અસુરે ભૂત, પ્રેત, ડાકણ વગેરેનાં ભયંકર રૂપ લઇને લોકોને ભયભીત કરવાના પ્રયાસો કર્યા. પરંતુ નવા કદર્પી યક્ષે તે બધાંનો હિંમતથી સામનો કરીને સહુને ક્ષેમકુશળ પર્વત ઉપર ચડવામાં મદદ કરી.

આમ, કેટલાંયે વર્ષો પછી શત્રુંજય મહાતીર્થની આ રીતે ફરીથી યાત્રા ચાલુ થતી હતી. લોકોના ઉત્સાહનો કોઇ પાર નહોતો. ભગવાનનાં દર્શનપૂજન થશે એ વિચારે અપૂર્વ આનંદ પ્રવર્તતો હતો. પરંતુ ઉપર પહોંચ્યા પછી ગિરિરાજ પરનાં દશ્યો જોઇને લોકોના દુઃખનો કોઇ પાર ન રહ્યો. ચારે બાજુ માણસોનાં તથા પશુ અને

પંખીઓનાં હાડકાં, ચામડાં અને મૃત કલેવરો પડેલાં હતાં. કેટલેક સ્થળે જમીન લોહી અને માંસથી ખરડાયેલી હતી. વળી મંદિરો તો ખંડિયેર જેવી હાલતમાં હતાં. જાવડશાએ એ બધો કચરો ઉપડાવીને ભૂમિને ચોખ્ખી કરાવી. ચારે બાજુ પવિત્ર જળ છંટાવ્યું અને મંદિરોનાં પુનર્નિર્માણનો દૃઢ સંકલ્પ કર્યો.

કદર્પી અસુરે વિચાર્યું કે તેની વારંવાર હાર થાય છે તેનું કારણ કદાચ જાવડશા સાથે આવેલી ચમત્કારી પ્રતિમા હોઇ શકે. તેથી તેણે રાત્રિ દરમિયાન પર્વત પરથી પ્રતિમાને નીચે ઉતારી તળેટીમાં મૂકી દીધી. પ્રાતઃકાળે પ્રતિમાને તેના સ્થળ ન જોતાં વજ્રસ્વામીએ વિશિષ્ટ જ્ઞાનથી જાણ્યું કે અસુર પ્રતિમાને નીચે મૂકી આવ્યો છે. વજ્રસ્વામીની આજ્ઞાથી નવો કદર્પી યક્ષ પ્રતિમાને ઉપર લઇ આવ્યો. બીજી રાત્રે પણ પ્રતિમાને અસુર નીચે લઇ ગયો. પરંતુ પ્રભાતે નવો કદર્પી યક્ષ તે ફરી ઉપર લઇ આવ્યો. એકવીસ દિવસ સુધી રોજે રોજ આ પ્રમાણે ઘટના બન્યા કરી.

અસુરોને હરાવવાનો એક ઉપાય વજ્રસ્વામીએ વિચાર્યો. તેમણે ધર્મપરાયણ અને પવિત્ર એવા જાવડશાને કહ્યું કે તમે પતિપત્ની બન્ને શીલવાન છો, ધર્મજ્ઞ છો, બ્રહ્મચર્યના આરાધક છો. તમે બન્ને ભગવાન ઋષભદેવનું ધ્યાન ધરી, પંચપરમેષ્ઠીનું સ્મરણ કરી પ્રતિમા જે રથમાં પધરાવ્યાં છે તે રથના આગલા બે ચક્રો પાસે રાત્રે સૂઇ જાવ. તમે રાત્રે અંધારામાં જરા પણ ગભરાશો નહિ. ગમે તેવા બળવાન અસુરો પણ તમને કશું નુકશાન નહિ કરી શકે. હું, મારા શિષ્યો તથા સકળ સંઘના સભ્યો ભગવાનનું સ્મરણ કરીને પ્રાતઃકાળ સુધી કાઉસગ્ગ ધ્યાને રહીશું.' સહુએ આ વાતનો ખૂબ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કર્યો. વજ્રસ્વામીની સૂચના પ્રમાણે સૌએ આરાધના કરી. રાત્રે અસુર આવ્યો. પ્રતિમા સુધી પહોંચવા પ્રયત્ન કર્યા. પરંતુ તેનું બળ નિષ્ફળ ગયું. નાસીપાસ થઇને તે ચાલ્યો ગયો. પ્રાતઃકાળે સૌએ કાઉસગ્ગ પાર્યો અને જોયું તો પ્રતિમાજી હેમખેમ ત્યાં જ હતાં. એથી સૌ હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યા.

જાવડશાએ નવા પ્રતિમાની સ્થાપના કરાવવા માટે પવિત્ર જલ, ઔષધિ, સુગંધી દ્રવ્યો દ્વારા મંદિરને પવિત્ર કરાવ્યું. પછી જૂનાં જર્જરિત પ્રતિમાનું ઉત્થાપન કરવાનું કામ ચાલુ કર્યું. ત્યાં વળી અસુરોએ જૂનાં પ્રતિમાને એ જગ્યાએથી ખસવા ન દીધાં. વજ્રસ્વામીએ મંત્ર ભણી પવિત્ર વાસક્ષેપ નાખ્યો એટલે અસુરોનું બળ નષ્ટ થયું. એથી જૂનાં પ્રતિમાને ખસેડી શકાયાં. જાવડશાએ જૂનાં પ્રતિમાને મંદિરની બહાર લાવીને મૂક્યાં ત્યારે અસુરોએ એટલા બધા ભયંકર પોકારો કર્યા કે વજ્રસ્વામી, જાવડશા અને નવા કદર્પી યક્ષ સિવાયના બાકીના બધાં માણસો ભયભીત થઇ ભાગાભાગ કરવા લાગ્યા. નવા કદર્પી યક્ષે અસુરોનો પ્રતિકાર કરી લોકોને નિર્ભય બનાવ્યા.

જાવડશાએ આદિનાથ ભગવાનનાં નવાં પ્રતિમાજીની વજ્રસ્વામીના હાથે પ્રતિષ્ઠા કરાવી. મુખ્ય પ્રાસાદની બહાર જૂનાં પ્રતિમાજીની બીજા મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી. તે પ્રતિમાજીના અધિષ્ઠાતા દેવોની પ્રતિમા પણ જૂના પ્રતિમાની સાથે જ પ્રસ્થાપિત કર્યા. બન્ને ઠેકાણે આરતી, પૂજા વગેરેની વ્યવસ્થા કરાવી. આમ, શત્રુંજય તીર્થ પર મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય પૂરું થયું એટલે છેલ્લે મંદિરના શિખર પર ધજા ચડાવવા આજીવન ચતુર્થ-વ્રતધારી જાવડશા અને તેમનાં પત્ની સુશીલાદેવી સાથે ચડ્યાં. અકલ્પ્ય વિઘ્નો વચ્ચે પણ નિર્ધારિત કાર્ય પાર પડ્યું, અને પ્રભાવક ગુરુદેવ વજ્રસ્વામીના પોતાને આશીર્વાદ સાંપડ્યા, અમૂલ્ય સહાય મળી એનો અપૂર્વ આનંદોલ્લાસ બન્ને અનુભવતાં હતાં. તેઓ બંનેએ જીવનનું એક અણમોલ કાર્ય પાર પડ્યાની ધન્યતા મંદિરના શિખર ઉપર અનુભવી. આવા વિચારે બન્ને એટલાં બધાં ભાવવિભોર બની ગયાં કે તેમનાં હૃદય એટલો અકલ્પ્ય આનંદ જીરવી શક્યાં નહિ. બન્ને ત્યાં ને ત્યાં જ હૃદય બંધ પડવાને કારણે સ્વર્ગવાસ પામ્યાં. શત્રુંજય તીર્થનો ઉદ્ધાર થયો. પ્રતિષ્ઠા થઈ, પરંતુ ઉદ્ધારના કાર્યે કોઇ સંકેતપૂર્વકનો વળાંક લીધો. રક્ષક દેવોએ તેમનાં પવિત્ર શરીરને ક્ષીરસાગરમાં પધરાવ્યાં.

મંદિરમાં નીચે રંગમંડપમાં વજ્રસ્વામી અને સકળ સંઘ, જાવડશા અને તેમના પત્નીનાં ઉપરથી પાછાં આવવાની રાહ જોતાં હતાં. સમય ઘણો થયો તેથી સૌને ચિંતા થઇ. વજ્રસ્વામીએ પોતાના વિશિષ્ટ જ્ઞાનથી જાણ્યું કે અદ્ભુત હર્ષના કારણે બન્નેના જીવનનો અંત આવ્યો છે. તેઓ બન્નેના જીવ મહેન્દ્ર દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે.

વજ્રસ્વામીએ બધાંને આ હકીકતની જાણ કરી. જાવડશા અને તેમનાં પત્નીના સ્વર્ગવાસના સમાચારથી સકળ સંઘમાં તીવ્ર દુઃખની અને નિરાશાની લાગણી પ્રસરી. થોડી ઘડી પહેલાં જ્યાં અપૂર્વ હર્ષોલ્લાસ પ્રવર્તતો હતો ત્યાં તીવ્ર શોક પ્રવર્ત્યો. જાવડશાનો પુત્ર જાજનાગ તો મૂર્છિત થઇ ગયો. વજ્રસ્વામીએ મંત્ર ભણીને તેને જાગ્રત કર્યો અને સાંત્વન આપતાં કહ્યું કે તારાં માતાપિતા તો દેવલોકમાં પરમ સુખમાં છે. તેઓ બન્નેએ પોતાનું જીવન સફળ અને ધન્ય કર્યું છે. તેઓએ એક મહાન કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે. તું પણ આવાં મહાન કાર્યો કરી તારા માતાપિતાના વારસાને દીપાવજે. તું તારાં શક્તિ, સમય અને સમૃદ્ધિનો સદુપયોગ કરજે. ધર્મની મહત્તા વધારવામાં સાધુઓની જેમ શ્રાવકો પણ મહત્ત્વનું કાર્ય કરી શકે છે.'

વજ્રસ્વામીની આવી પ્રોત્સાહક વાણી સાંભળી જાજનાગ સ્વસ્થ થયો. ધૈર્ય ધારણ કરી પોતાનાં માતાપિતાનાં નામને ઉજ્જ્વળ કરવા એણે સંકલ્પ કર્યો. શત્રુંજય તીર્થક્ષેત્રમાં યાત્રિકો માટે જરૂરી એવી બધી જ વ્યવસ્થા તેણે કરાવી. બંધ પડી ગયેલી યાત્રિકોની અવરજવર ફરી પાછી ચાલુ થઇ. ત્યાર પછી જાજનાગ ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી, ધર્મનો મહિમા વધારી સ્વગૃહે પાછો ફર્યો.

શત્રુંજય ઉદ્ધારનું મહત્ત્વનું કાર્ય પૂરું કર્યા પછી સંયમધર્મના આચારને અનુસરનાર વજ્રસ્વામી દક્ષિણ દેશમાં પધાર્યા. ત્યાંના લોકોના આનંદનો કોઇ પાર નહોતો. ધર્મના સાક્ષાત્ અવતાર સમા અને ધર્મતત્ત્વને પ્રકાશનાર વજ્રસ્વામી પ્રત્યે લોકો અપાર આદર દર્શાવતા.

વજ્રસ્વામી હવે વૃદ્ધ થતા જતા હતા. એક વખત એમને શરદી થઇ હતી. તેમના એક શિષ્ય તેમને માટે સૂંઠનો ગાંઠિયો વહોરી લાવ્યા. આહાર લીધા પછી સૂંઠ લઇશ એમ વિચારી વજ્રસ્વામીએ પોતાના કાનની પાછળ તે ગાંઠિયો ભરાવી દીધો કે જેથી આઘોપાછો મુકાઇ ન જાય અને તરત હાથવગો રહે. પરંતુ આહાર લીધા પછી તેઓ સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન થઇ ગયા. સૂંઠ લેવાનું તેઓ ભૂલી ગયા. સૂંઠનો ગાંઠિયો કાનની પાછળ ભરાવ્યો છે તે પણ તેમને યાદ ન રહ્યું. સાંજે પ્રતિક્રમણની ક્રિયામાં મૂહપત્તીનું પડિલેહણ કરતી વખતે મસ્તક નીચું નમાવતાં સૂંઠનો ગાંઠિયો નીચે પડ્યો. તરત જ તેમને પોતાને થયેલી વિસ્મૃતિનો ખ્યાલ આવ્યો. પોતે આચાર્ય છે. આવી વિસ્મૃતિ થવી, પ્રમાદ થવો એ તેમના પદને અનુરૂપ નથી એમ તેમને લાગ્યું. વિસ્મૃતિ અને પ્રમાદ થાય તો નિરતિચાર સંયમ જીવનનું પાલન બરાબર થઇ શકે નહિ. પોતાના નિરતિચાર સંયમ જીવનનું પાલન દેહની અવસ્થાને કારણે હવે થઇ શકે એમ નથી એમ જણાય ત્યારે મહાન આત્માઓ અનશન વ્રત ધારણ કરી દેહનો અંત આણવાનું વધુ પસંદ કરતા હોય છે. પોતાના જીવનનો અંતકાલ નજીકમાં છે તેમ વજ્રસ્વામીએ જાણ્યું એટલે એમણે પણ યોગ્ય સમયે અનશન લેવાનો નિર્ધાર કર્યો.

આ સમય ગાળા દરમિયાન બીજી એક ઘટના બની.

ભયંકર દુષ્કાળ ચાલુ થયો હતો. તે ક્યારે પૂરો થશે તે કહી શકાય તેમ નહોતું. વજ્રસ્વામીએ પોતાના શિષ્ય વજ્રસેન સ્વામીને કહ્યું, 'આ દુષ્કાળ સતત બાર વર્ષ સુધી ચાલશે. દિવસે દિવસે અન્ન મોંઘું થતું જશે. ઘણાં લોકો મૃત્યુ પામશે. અનાજ ત્યાંસુધી વધતું વધતું મોંઘું થશે કે છેવટે એક લાખ દ્રવ્યના ચોખામાંથી માત્ર એક હાંડલી જેટલો ભાત રંધાશે. જે દિવસે એટલા બધા મોંઘા ભાવે ચોખા રંધાશે ત્યાર પછી બીજા દિવસથી સુકાળ ચાલુ થશે એમ સમજવું. માટે તમે તમારા શિષ્યો સાથે અન્યત્ર વિહાર કરી જાવ.'

ગુરુ ભગવંતની આજ્ઞાનુસાર કેટલાયે શિષ્યો ત્યાંથી ઝડપથી વિહાર કરી ગયા.

દુષ્કાળના દિવસોમાં વજ્રસ્વામી પોતાના બાકીના શિષ્યોને લઇને વિહાર કરતા હતા. પરંતુ તેમને ક્યાંયથી ગોચરી મળતી નહોતી. તેથી કેટલાક શિષ્યો વિદ્યાપિંડનો ઉપયોગ કરવા લાગ્યા હતા. વજ્રસ્વામીએ શિષ્યોને કહ્યું, 'અપવાદરૂપ કોઇક દિવસ ધર્મના કારણે, શાસનના હિત માટે પોતાની વિદ્યાથી ઉત્પન્ન કરેલો પિંડ લેવો પડે તે જુદી વાત છે. પરંતુ સતત વિદ્યાપિંડનો ઉપયોગ કરવો પડે તો તે આપણા સંયમધર્મને બાધક ગણાય. માટે આવા વિષમ ભયંકર સંજોગોમાં જો તમને બધાને યોગ્ય લાગતું હોય તો આપણે આપણા શરીરનો અનશન કરીને સ્વેચ્છાએ ત્યાગ કરીએ.'

ધર્માનુરાગી જ્ઞાની સાધુઓ વજ્રસ્વામી સાથે અનશન કરી શરીરનો ત્યાગ કરવા સંમત થયા. નિર્ણય કર્યા પ્રમાણે અનશન કરવા માટે શુભ દિવસે શુભ મુહૂર્તે સૌને લઇને વજ્રસ્વામી એક પર્વત ઉપર ચડવા લાગ્યા. તેમની સાથે એક બાળ સાધુ પણ ચાલ્યા. પોતાના ગુરુની સાથે જઇ અનશન કરવાની તેમની પણ તીવ્ર ભાવના હતી. એટલે તેઓ પાછળ રોકાયા નહિ. પરંતુ વજ્રસ્વામીએ જ્યારે જાણ્યું કે બાલમુનિ પણ અનશન કરવા સાથે જોડાઇ ગયા છે ત્યારે તેમણે એ બાલમુનિને પોતાની સાથે હવે ન આવવા માટે આજ્ઞા કરી. બાળમુનિ ગુરુ મહારાજના આશયને સમજી ગયા. પરંતુ તેમના મનમાં ધર્મસંકટ ઊભું થયું. એક તરફ સાથે ન આવવા માટે ગુરુમહારાજની આજ્ઞા હતી અને બીજી બાજુ અનશન લેવાની પોતાની ભાવના હતી. તેઓ પોતે ગુરુમહારાજની આજ્ઞા માન્ય રાખીને પર્વત ઉપર વધુ આગળ ન ગયા, પણ ત્યાં જ રોકાઇને એમણે આહારનો ત્યાગ કર્યો. અનશનવ્રત લઇ એક શિલા પર બેસીને તેઓ ધ્યાનસ્થ થઇ ગયા. બપોરના સૂર્યના પ્રખર તાપથી શિલા પર બેઠેલા બાળમુનિનો દેહ માખણના પિંડની જેમ ઓગળી ગયો. તેઓ કાળધર્મ પામ્યા. એ બાળમુનિનો જીવ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. એટલે દેવોએ હર્ષ પામી સ્વર્ગમાં તેમનો સત્કાર કર્યો. ત્યાર પછી દેવો પૃથ્વી પર તેમના શરીરત્યાગનો મહિમા કરવા આવ્યા. દેવોને નીચે આવતા જોઇ કોઇક સાધુઓએ વજ્રસ્વામીને તેનું કારણ પૂછ્યું. વજ્રસ્વામીએ કહ્યું કે 'આપણી સાથે જે બાલમુનિ હતા અને એમને ઉપર ન આવવા મેં આજ્ઞા કરી હતી તેમણે ત્યાં જ અનશન કરીને દેહત્યાગ કર્યો છે. એટલે એમનો મહિમા કરવા દેવો આવી રહ્યા છે.' આ પ્રેરક વાત જાણીને અન્ય સાધુઓની અનશન લેવાની ભાવના વધુ દૃઢ થઇ.

વજ્રસ્વામીની સાથે એમના શિષ્યોએ અનશન લેવાનો સંકલ્પ કર્યો હતો. તેઓ પર્વતના શિખર પર ચઢી રહ્યા હતા. તેઓ આગળ પાછળ ચાલતા હતા. તે વખતે કેટલાક સાધુઓની પરીક્ષા કરવા માટે એક મિથ્યાદષ્ટિ દેવ વણિકનું રૂપ ધારણ કરીને, હાથમાં લાડુ અને પાણી લઇને સાધુઓને લલચાવવા આવી પહોંચ્યો. પરંતુ સ્વાદિષ્ટ આહાર જોવા છતાં કોઈ પણ સાધુ જરા પણ ચલિત થયા નહિ.

સાધુઓ ત્યાંથી બીજા પર્વત પર ગયા. વજ્રસ્વામી ત્યાં પહોંચી ગયા હતા. વજ્રસ્વામીની સાથે સર્વ સાધુઓએ ત્યાં બેસીને અનશનવ્રત ધારણ કર્યું. થોડા દિવસમાં વજ્રસ્વામી અને અન્ય સર્વ સાધુઓ કાળધર્મ પામતા ગયા અને દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થતા ગયા. તે વખતે ઈંદ્રરાજા રથમાં બેસી સાધુઓના શરીરનો મહિમા કરવા ત્યાં આવી પહોંચ્યા. પોતાનો પૂજ્ય ભાવ વ્યક્ત કરવા ઈંદ્રે રથમાં બેસી પર્વત ફરતી ચારે બાજુ પ્રદક્ષિણા કરી. એટલે એ પર્વતનું 'રથાવર્ત' એવું નામ પ્રસિદ્ધ થયું હતું. ઈંદ્રરાજાએ કાળધર્મ પામેલા સર્વ સાધુઓને ભક્તિભાવપૂર્વક વંદન કર્યા. એ વખતે પર્વત પરનાં વૃક્ષો પણ ભક્તિભાવથી નીચાં નમ્યાં.

વજ્રસ્વામી છેલ્લા દસ પૂર્વધર હતા. તેમના કાળધર્મ થવાની સાથે દસમું પૂર્વ વિચ્છેદ પામ્યું. વળી ચોથું સંઘયણ પણ વિચ્છેદ પામ્યું.

આ બાજુ દુકાળનાં વર્ષો પૂરાં થતાં હતાં. વજ્રસ્વામીએ સુકાળ વિશે જે આગાહી કરી હતી તે સાચી પડી. વજ્રસ્વામીના મુખ્ય શિષ્ય વજ્રસેનસ્વામી પોતાના શિષ્યો સાથે વિહાર કરી સોપારા નામની નગરીમાં પધાર્યા. નગરીના રાજાનું નામ જિતશત્રુ હતું અને રાણીનું નામ ધારિણી હતું. નગરમાં જિનદત્ત નામના અત્યંત ધનાઢ્ય શ્રેષ્ઠી રહેતા હતા. એમનાં પત્નીનું નામ ઇશ્વરી હતું. એ વખતે સોપારા નગરીમાં પણ ભીષણ દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તતી હતી. અનાજ દિવસે દિવસે મોંઘું અને દુર્લભ બનતું જતું હતું. વધારે ધન આપવા છતાં શ્રીમંતો પણ અન્ન મેળવી શકતા નહોતા.

આ દુઃખદ પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવા ઇશ્વરીએ પોતાના કુટુંબીજનોને કહ્યું, 'આ ભયંકર દુકાળ હવે અસહ્ય બની ગયો છે. મને લાગે છે કે હવે કોઇ ઉપાય નથી માટે આપણે અન્નમાં વિષ ભેળવીને તે ખાઇ લઇએ અને એ રીતે આપણે બધાં જીવનનો અંત આણીએ.' ઇશ્વરીની વાત સર્વ સ્વજનોએ સ્વીકારી. તેઓએ અનાજ મેળવવા પ્રયત્ન કર્યો. એક લાખ દ્રવ્યનું એક હાંડલી જેટલું અનાજ ખરીદ્યું. તે રાંધીને ઇશ્વરી તેમાં વિષ નાંખવા જતી હતી ત્યાં જ વજ્રસેન આચાર્ય વહોરવા પધાર્યા. સાધુ મહારાજને પોતાના આંગણે આવેલા જોઇને ઇશ્વરીને અનહદ આનંદ થયો. તેણે વિચાર્યું કે ભવિષ્યમાં સાધુ જેવા સુપાત્રને વહોરાવવાનું સદ્‌ભાગ્ય મળે કે ન મળે. આવો લાભ જતો કેમ કરાય ? તેણે આચાર્ય મહારાજને અત્યંત ભાવપૂર્વક અન્ન વહોરાવ્યું. તેની સાથેની વાતચીત દરમિયાન વજ્રસેન સ્વામીને ત્યાંની વિકટ પરિસ્થિતિ વિશે જાણવા મળ્યું. એક લાખ દ્રવ્યનું મૂલ્ય ચૂકવીને તેઓ એક હાંડલી ચોખા લાવ્યા હતા. તેમાં વિષ ભેળવીને પરિવારના સહુ સભ્યો જીવનનો અંત આણવા ઇચ્છતા હતા. વજ્રસેન આચાર્યને ગુરુ મહારાજ વજ્રસ્વામીના શબ્દો યાદ આવ્યા. તેમણે ઇશ્વરીને હિંમત આપી અને કહ્યું, 'બહેન, હવે ચિંતા ન કરશો. આવતી કાલે સવારે અનાજ આવી પહોંચશે અને ફરી સુકાળની સ્થિતિ પ્રવર્તશે.'

ઇશ્વરીએ પૂછ્યું, 'ભગવંત, આપ એ કેવી રીતે એ કહી શકો?'

આચાર્ય મહારાજે કહ્યું, 'બહેન, અમારા ગુરુ મહારાજ પૂજ્ય વજ્રસ્વામીએ અમને કહ્યું હતું કે જ્યારે તમને લક્ષમૂલ્યના ભાતની ગોચરી મળશે ત્યારે તેના બીજા દિવસે સવારે સુકાળ ચાલુ થશે. માટે એક દિવસ રાહ જુઓ.'

વજ્રસ્વામીની આગાહી સાચી પડી. બીજે દિવસે સુપ્રભાતે ધનધાન્યથી ભરેલાં વહાણોનો કાફલો સોપારા બંદરે આવી પહોંચ્યો. બંદરે અનાજ ઊતર્યું. એથી અન્નની બાબતમાં સૌ કોઇ હવે નિશ્ચિંત બની ગયાં. ચારે બાજુ આનંદ આનંદ ફેલાયો. દુકાળમાં બચી ગયેલા લોકોના જીવમાં જીવ આવ્યો.

જિનદત્ત શેઠે વજ્રસેનસ્વામીને સોપારામાં વધુ દિવસ રોકાવા વિનંતી કરી. તેઓ ત્યાં રોકાયા. જિનેશ્વર ભગવંતની પૂજાનો મહોત્સવ કર્યો. દીન-દુઃખીને અન્નનું દાન દેવામાં આવ્યું. વજ્રસેનસ્વામીએ સહુના કલ્યાણ માટે ઉપદેશ આપ્યો. એમની પ્રેરણાથી શેઠ-શેઠાણીએ વિચાર કર્યો કે 'આમ તો આપણે વિષ ખાઇને જીવનનો અંત આણવાના હતાં. ગુરુ મહારાજના સુયોગથી અને ઉપદેશથી આપણે બચી ગયા છીએ. તો પછી બાકીનાં વર્ષો ધર્મમય જીવનમાં કેમ પસાર ન કરવાં ?' આમ વિચારી જિનદત્ત શેઠ અને ઇશ્વરી શેઠાણીએ વજ્રસેનસ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. આમ, આર્ય વજ્રસ્વામીની સાચી ભવિષ્યવાણીના પ્રતાપે જ જિનદત્ત શેઠના પરિવારનું રક્ષણ થયું. એટલે જ શેઠ-શેઠાણીએ પંચમહાવ્રત ધારણ કરી પોતાનું જીવન ઉજ્જ્વળ બનાવ્યું .

આર્ય વજ્રસ્વામીના જીવનની થોડીક માહિતી જાણવા મળતાં પણ કેવો હર્ષ-રોમાંચ અનુભવાય છે ! એવી મહાન વિભૂતિના સાક્ષાત્ દર્શનથી કે એમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું મળે તો કેટલો બધો હર્ષોલ્લાસ થાય ! આવા મહાન જ્ઞાની, તપસ્વી, દસ પૂર્વધર, સંયમના આરાધક, લબ્ધિધારી અને ધર્મોપદેશક આર્ય વજ્રસ્વામીને નત મસ્તકે કોટિશઃ વંદન !

# આપણા આગમગ્રંથો માટે આવું ન થઇ શકે ?

□ પ. પૂ. શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ. સા.

મારા હાથમાં આ લખું છું તે પળે બૌદ્ધ ધર્મના પાલિ ભાષામાં રચાયેલા 'તિપિટકો'નો એક અદ્યતન-પ્રકાશિત ગ્રંથ છે. તેનું નામ છે : खद्दक निकाये बुद्धवंस–अट्ठकथा । ધમ્મગિરિ-પાલિ-ગ્રંથમાળા, વિપસ્સના વિશોધન વિન્યાસ, ઇગતપુરી (નાસિક) દ્વારા પ્રકાશિત થઇ રહેલ બૌદ્ધ આગમો (તિપિટકો)ની એક વિરાટ ગ્રંથશ્રેણિ, આશરે ૧૪૦ આસપાસ ગ્રંથોમાં પથરાયેલી જણાય છે. અત્યંત સુઘડ, શુદ્ધ છપાઇ; ઉત્કૃષ્ટ કાગળ તેમજ બાંધણીને કારણે આ ગ્રંથો આદર્શ પ્રકાશન બન્યા છે, તે નિઃસંદેહ છે.

આથી પણ વધુ મહત્ત્વપૂર્ણ તો એ છે કે આ ગ્રંથો ત્રણ લિપિઓમાં (જુદા જુદા) છાપવામાં આવ્યા છેઃ રોમન, દેવનાગિરી અને બર્મી લિપિમાં. અને આ ગ્રંથો વેચાતા તો મળે જ છે; પરંતુ જો કોઇ ગ્રંથાગાર, જ્ઞાનભંડાર, શોધસંસ્થા, શિક્ષણસંસ્થા વગેરે પ્રકારની સંસ્થાઓના સંચાલકો આ ગ્રંથોના સદુપયોગની ખાતરી આપે તો તેમને આ આખી ગ્રંથશ્રેણિ વિના મૂલ્યે ભેટ પણ અર્પણ કરવામાં આવે છે. જેને જે લિપિમાં અપેક્ષિત હોય તેને તે રીતે મળે. પાર્સલોનો ખરચ પણ ધમ્મગિરી જ ભોગવે.

સમજી શકાય છે કે બૌદ્ધ ધર્મના વિશ્વભરમાં પથરાયેલા ઉપાસકગણ તરફથી મળતાં અનુદાનને કારણે જ આવી ભેટ આપી શકાય; પરંતુ તેમ છતાં, બજારના ધોરણે આમાંનો એકેક ગ્રંથ, નાખી દેતાં પણ ૪૦૦ થી ૫૦૦ રૂપિયાનો પડે, અને એવા ૧૪૦ ગ્રંથો ! એ આમ સેંકડો સંસ્થાઓને ભેટ આપી દેવા કે તેમ કરવા માટે માતબર અનુદાન પ્રાપ્ત કરવું, એ કોઇ નાની સૂની ઘટના અને સિદ્ધિ તો નથી જ.

ધર્મ પ્રત્યેની નિષ્ઠા, ધર્મગ્રંથો જ ધર્મના સાચા પ્રકાશક તથા પ્રચારક છે તેવી પાકી સમજ, ધર્મને દિગ્દિગંત સુધી ફેલાવવાની ઊંડી તમન્ના તથા દૂરંદેશી ભરેલી સૂઝ, આ બધાં તત્ત્વો જ આ સાહસ પાછળનાં ચાલકબળ હોવા વિશે, મને તો, સહેજ પણ શંકા નથી.

પ્રત્યેક ગ્રંથના પ્રારંભમાં એક નેત્રદીપક અવતરણ મૂકવામાં આવ્યું છે, જેનો અનુવાદ પણ ત્યાં જ છાપ્યો છે. એ વાંચતાં જ આ પ્રકાશન પાછળની વિભાવના આપોઆપ સ્પષ્ટ થાય તેમ છે :

'भिक्षुओं, दो बातें हैं जो कि सद्धर्म के कायम रहने का, उसके विकृत न होने का, उसके अंतर्धान न होने का कारण बनती हैं. कौन सी दो बातें ? धर्मवाणी सुव्यवस्थित, सुरक्षित रखी जाय और उसके सही, स्वाभाविक, मौलिक अर्थ कायम रखे जायं. भिक्षुओं, सुव्यवस्थित, सुरक्षित वाणी से अर्थ भी स्पष्ट, सही कायम रहते हैं.'

આપણે ત્યાં જેમ વાચના-પદ્ધતિ હતી, તેમ બૌદ્ધોમાં 'સંગીતિ'ની પ્રથા હતી. આ સંસ્કરણને 'છટ્ઠા સંગાયન' તરીકે ઓળખવામાં આવેલ હોવાનું સમજાયું છે. (ભૂલ ક્ષમ્ય).

પ્રત્યેક પૃષ્ઠની નીચે આ સંસ્કરણના આધારરૂપ 'પાલી-ટેક્સ્ટ-સોસાયટી'ના સંસ્કરણનો પત્રાંક છાપવામાં આવેલ છે, જે ખાસ ધ્યાનાર્હ બીના છે.

ઘણી જૈન સંસ્થાઓએ આની ભેટ-યોજનાનો લાભ લીધાનું જાણવા મળે છે. તો જેમને આ યોજનાની જાણ નથી તેમણે વેચાણ દ્વારા પણ આ ગ્રંથો મેળવ્યા હોય તેવી સંભાવના છે.

હવે મારે જે વાત કરવી છે તે આ છે :

આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ જેની સાથે સર્વભાવે સંકળાયેલ હતા તે બે સંસ્થાઓ-મહાવીર જૈન વિદ્યાલયની આગમ ગ્રંથમાળા તથા પ્રાકૃત-ટેક્સ્ટ-સોસાયટીની પ્રાકૃત ગ્રંથમાળા; આ બન્ને સંસ્થાઓ/ગ્રંથમાળાઓ દ્વારા, ઘણાં વર્ષોના તથા ઘણા ઘણા વિદ્વજ્જનોના અથાગ શ્રમપૂર્વક, પ્રકાશિત થયેલાં આગમો તથા આગમેતર પણ બહુમૂલ્ય પ્રાકૃત ગ્રંથોની આજે શી સ્થિતિ છે ? એ ગ્રંથમાળાઓનાં કાર્યો હજીયે બાકી પડ્યાં છે, તેની શી દશા છે ? આ ગ્રંથમાળાઓ દ્વારા પ્રગટ થયેલા ગ્રંથોના સંપુટો ખરીદી લઇને વિવિધ સંસ્થાઓમાં આ પ્રકારે ભેટ આપવાની ભાવના જૈન સમાજમાં ક્યારેય કોઇનેય થાય/થઇ ખરી ? એકલદોકલ સામાન્ય અપવાદની વાત જવા દેવી પડે. બૌદ્ધ ગ્રંથોની જે યોજના ઉપર વર્ણવી તેવી કોઇ નક્કર, માતબર યોજના થઇ છે ખરી ? કોઇને સૂઝે કે રુચે ખરી ?

ઉપર બૌદ્ધ ગ્રંથનું જે અવતરણ ટાંક્યું છે, તે શું જૈન ધર્મ માટે લાગુ પડે તેમ નથી ? માત્ર મંદિરો તથા તીર્થો જ જૈન શાસનને ચિરકાળ ટકાવશે અને વૃદ્ધિ પમાડશે ? મોક્ષમાર્ગમાં જિનબિંબની સાથે જિનાગમનું પણ આલંબન તરીકે એટલું જ મહત્ત્વ મનાયું છે, પણ વર્તમાનકાળમાં તેની ઉપેક્ષા થતી હોય એમ નથી લાગતું ?

થાય છે, વેરવિખેર અને જેના મનમાં જેમ આવ્યું તેમ પ્રયાસો ને પ્રકાશનો અઢળક થાય છે. પણ તે આધુનિક સંદર્ભો સાથે તથા દૃષ્ટિકોણ સાથે તાલમેલ ધરાવતા હોવા વિશે શંકા જ રહે. ધર્મનો પ્રભાવક પ્રચાર વ્યાપક બનાવવાનો હોય ત્યારે આવા બાલિશ કે સામાન્ય પ્રયાસો માત્ર ઘરગથ્થુ ઉપચારો જ બની રહેવાના.

આજે તો શી સ્થિતિ છે ? ઉપર વર્ણવી તેવી બે ગ્રંથમાળા પણ લગભગ શાંત-સુષુપ્ત દશામાં પડી રહી છે. વહીવટકર્તાઓને જે તે સંસ્થાઓમાં વહીવટ કરવાનાં કાર્યો અને ચૂંટણી જીતવાનાં કાર્યો એટલાં બધાં વધી પડ્યાં હોય છે કે એ બાપડાઓને આવાં કાર્યો માટે વિચારવાનો અવકાશ જ નથી હોતો ! કદીક, એકાએક કોઈક સમારંભ ઊભો થઇ જશે તો આ વહીવટકર્તાઓ માઇક પરથી ભાષણ ગુજારવા માંડશે કે સાધુઓને પડી નથી; આગમનું કામ કોઇ કરતું નથી ઇત્યાદિ. આનો શો મતલબ ?

મારી જાણમાં આવ્યું છે કે બૌદ્ધ સંસ્થાનો હજી આટલે જ અટકવાનાં નથી. તે તો તિપિટક ગ્રંથોના અનુવાદો પણ કરાવીને પ્રકાશિત કરનાર છે.

આપણે ત્યાં આગમો તથા જૈન ગ્રંથોના અનુવાદો માટે અપેક્ષાઓ વ્યક્ત થાય છે, પણ દેશ-વિદેશના જૈન બંધુઓની નજર આ મા' કોઇ નક્કર આયોજન ભણી, કોણ જાણે કેમ, પણ પડતી જ નથી. ક્યારેક નાનું મોટું ભંડોળ કરીને કોઇ સંસ્થાને સોંપાય, પણ તે પછી બેંકમાં ડિપોઝીટ થઇને પડી રહે ને વ્યાજવૃદ્ધિ થતી રહે; જ્ઞાનવૃદ્ધિની શી જરૂર ?

મહાવીર વિદ્યાલયની આગમ ગ્રંથમાળાને તથા પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીને પુનર્જીવિત કરવી અથવા એવી કોઇ નવી પ્રાણવાન સંસ્થાની સ્થાપના કરવી એ આ સમયની માંગ છે, એ જેટલું વેળાસર સમજાશે તેટલું જૈન શાસનનું વધુ શ્રેય હશે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

● વર્ષ : (૫૦) + ૯ ● અંક : ૧૨ ● ● તા. ૧૬-૧૨-૯૮ ●
Licence to post without prepayment No. 37
● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ડૉ. શિવાનંદ અધ્વર્યુ

સમગ્ર રાષ્ટ્ર જેમને માટે ગૌરવ અનુભવી શકે એવા, ગુજરાતની એક મહાન વિભૂતિ સમા ડૉ. શિવાનંદ અધ્વર્યુ (પૂ. સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી) દિવાળી પછી ભાઈબીજના દિવસે તા. ૨૨મી ઓક્ટોબર ૧૯૯૮ના રોજ સાંજે ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં ૯૨ વર્ષની વયે દેહ છોડી બ્રહ્મલીન થયા. એમના જવાથી ગુજરાતે પોતાનું એક નરરત્ન ગુમાવ્યું છે.

બીજે દિવસે સવારે ગંગાતટે એમના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. એમના અંતિમ સમયે એમનાં સ્વજનો-એમનાં પત્ની જયાબહેન (મૈત્રેયીદેવી), પુત્રી ઉષાબહેન, એમનાં પુત્રીસમ કાર્યમંત્રી અનસૂયાબહેન વગેરે પાસે હતાં.

સ્વામીજીનું આ જાણે ઈચ્છામૃત્યુ હતું. તેઓ ઋષિકેશમાં પોતાના આશ્રમમાં સ્વામી ચિદાનંદજીના સાંનિધ્યમાં ગંગાકિનારે દેહ છોડવા ઈચ્છતા હતા અને એ પ્રમાણે જ થયું. જાણે એ માટે જ તેઓ વીરનગરથી ઋષિકેશ પરિવાર સાથે ગયા હતા.

સૌરાષ્ટ્રમાં વીરનગરની શિવાનંદ મિશન હોસ્પિટલના સૂત્રધાર, નેત્રયજ્ઞો દ્વારા અને હોસ્પિટલોમાં આંખના અઢી લાખથી વધુ ઓપરેશન મફત કરનાર, વિવિધ પ્રકારની વિદ્યાકીય પ્રવૃત્તિઓના સંયોજક, કુશળ વહીવટકર્તા, અનેક સંતો, મહંતો, શ્રેષ્ઠીઓ, મંત્રીઓ વગેરે સાથે આત્મીયતાભર્યો સંબંધ ધરાવનાર, મહાન યોગસાધક ડૉ. શિવાનંદ અધ્વર્યુ (સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી)ને છેલ્લાં ઘણાં વર્ષોથી અમારી જેમ સૌ 'બાપુજી' કહીને બોલાવતા. બાપુજી જેવું વાત્સલ્ય એમના સાંનિધ્યમાં હંમેશાં અનુભવવા મળતું.

છેલ્લાં કેટલાંયે વર્ષથી બાપુજી દર વર્ષે દિવાળી ઋષિકેશના શિવાનંદ આશ્રમમાં જ ઊજવતા. તેઓ કહેતા કે ત્યાં જવાથી સ્થાનિક ધાંધલમાંથી થોડા દિવસ મુક્તિ મળે, ગંગાના પવિત્ર કિનારે પવિત્ર પર્વના દિવસો પસાર થાય, થોડી યોગસાધના થાય અને આશ્રમ સાથેનું પોતાનું અનુસંધાન સતત ચાલુ રહે. આશ્રમમાં એમનું પોતાનું ઘર છે. એ ઘર પણ પાછું વ્યવસ્થિત થઈ જાય. ઋષિકેશ જવા માટે બાપુજીને ટ્રેનની મુસાફરી કરતાં મોટરકારની મુસાફરી વધુ પસંદ પડે, કારણ કે યથેચ્છ જઈ શકાય. એકાદ બે દિવસ આગળપાછળ કરવા હોય કે એકબે વ્યક્તિ વધારે-ઓછી સાથે લેવી હોય તો લઈ શકાય.

ટ્રેનના રિઝર્વેશનમાં પડતી તકલીફને લીધે આમ કરવું જરૂરી તો ખરું જ, પણ મોટરકારના પ્રવાસની મઝા જુદી. રસ્તામાં મિત્રોને, પરિચિતોને મળવું હોય તો મળતા જવાય. એમના ડ્રાઈવર પણ એવા હોંશિયાર અને રસ્તાઓના ભોમિયા. હજાર કિલોમિટર કરતાં વધુ લાંબા મોટરકારના પ્રવાસથી બાપુજી ટેવાઈ ગયા હતા. નેત્રયજ્ઞોને નિમિત્તે અને અન્ય કાર્યક્રમોને નિમિત્તે બાર મહિને એક લાખ કિલોમિટર કરતાં વધુ પ્રવાસ તેઓ મોટરકારમાં કરતા રહ્યા હતા.

સપ્ટેમ્બર ૧૯૯૮ના બીજા અઠવાડિયામાં હું અને મારાં પત્ની તારાબહેન સાયલાના રાજસોભાગ આશ્રમમાં હતાં. એ આશ્રમમાં દર મહિનાની ૧૪મી તારીખે શિવાનંદ મિશન દ્વારા નેત્રનિદાન શિબિર અને ૧૪મી જાન્યુઆરીએ નેત્રયજ્ઞનું આયોજન થાય છે. આ વખતે ૧૪મી સપ્ટેમ્બરે અમે આશ્રમમાં હતાં એટલે પૂ. બાપુજી-ડૉ. અધ્વર્યુ સાહેબને વીરનગરમાં મળવાની અમારી ભાવના હતી. ડૉ. અધ્વર્યુ સાહેબે એક દાક્તર બહેન સાથે સંદેશો મોકલાવ્યો એટલે તે દિવસે અમે સાયલાથી વીરનગર પહોંચ્યાં અને રાત ત્યાં રોકાયાં. બાપુજીનું આ છેલ્લું પ્રત્યક્ષ મિલન અમારે માટે છે એવી ત્યારે કલ્પના નહોતી. બાપુજી સશક્ત હતા અને ઉંમરને કારણે આંખે ઓછું દેખાતું હતું છતાં બધું કામ બરાબર નિયમિત કરતા હતા. શિવાનંદ પરિવારની બધી પ્રવૃત્તિઓ બાપુજીની સાથે ફરીને અમે નિહાળી. પૂ. બાને હૃદયરોગની થોડી તકલીફ થઈ હતી એની વાત પણ નીકળી. બાનું સારું સ્વાસ્થ્ય જોઈને અમને આનંદ થયો. તેઓ બધાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઋષિકેશમાં દિવાળી કરવા માટે થોડા દિવસમાં નીકળવાનાં હતાં તેની પણ વાત થઈ. દિવાળી પછી બાપુજી મુંબઈ આવવાનું વિચારતા હતા અને ત્યારે અમારા ઘરે પધારવા માટેની અમારી વિનંતી સ્વીકારી હતી.

અમે મુંબઈ આવ્યા પછી બાપુજીનો પત્ર આવ્યો હતો. એમાં અમારી વીરનગરની મુલાકાત માટે એમણે આનંદ વ્યક્ત કર્યો હતો. પણ સાથે એમાં એક વાક્ય લખ્યું હતું કે પોતાનો જીવનદીપ હવે બુઝાઈ જવાની તૈયારીમાં છે. બાપુજીને વીરનગરમાં સ્વસ્થપણે હરતાફરતા જોયા પછી એમનું આ વાક્ય અમને એટલું ગંભીર લાગ્યું નહોતું, પરંતુ તા. ૨૩મીએ સવારે છાપામાં એમના સ્વર્ગવાસના સમાચાર વાંચતાં એમણે કરેલી આગાહીના આ વાક્યની યથાર્થતા સમજાઈ હતી. મહાન સંતોના હૃદયમાં કેટલીક વાતો ઊગી આવતી હોય છે.

દિવાળી માટે ઋષિકેશ જવા માટે બાપુજી જ્યારે હોસ્પિટલના પ્રાંગણમાંથી પ્રયાણ કરવાના હતા ત્યારે એમને વિદાય આપવા માટે શિવાનંદ મિશનના-પરિવારના સૌ સભ્યો એકત્ર થયા હતા. એ વખતે બાપુજીએ કહ્યું, 'અમે બધાં જઈએ છીએ, પણ પાછા ફરતાં એક સંખ્યા ઓછી પણ હોય.'

આ સાંભળી બાએ ટકોર કરતાં કહ્યું, 'આવું કેમ બોલો છો ? શું હું પાછી નથી આવવાની ?'

હૃદયરોગની બીમારીને કારણે બાને એમ લાગ્યું કે પોતાને માટે બાપુજીએ આવો સંકેત કર્યો છે, પણ બાપુજીએ કહ્યું, 'એવું કોણે કહ્યું ? કદાચ હું જ પાછો ન આવું. મારો જીવનકાળ હવે પૂરો થવામાં છે. મૃત્યુ તો મંગળ છે.'

બાપુજીના મુખમાંથી સહજ રીતે નીકળેલા ઉદ્‌ગારો કેવા સાચા પડ્યા !

બાપુજીનું સમગ્ર જીવન અત્યંત સક્રિય અને જનસેવાની સુરભિથી મઘમઘતું રહ્યું હતું.

ડૉ. શિવાનંદ અધ્વર્યુનો જન્મ ઇ.સ. ૧૯૦૬ના ડિસેમ્બરની ૧૮મી તારીખે સૌરાષ્ટ્રમાં ગોંડલ પાસેના બંડારા નામના ગામમાં થયો હતો. એમનું જન્મ નામ ભાનુશંકર હતું. એમના પિતાનું નામ ગૌરીશંકર અધ્વર્યુ હતું અને માતાનું નામ પાર્વતીબહેન હતું. એમના પિતા ગોંડલ રાજ્યના પોલિસખાતામાં પોલિસ ઓફિસર તરીકે નોકરી કરતા હતા.

ભાનુશંકરે ગોંડળની શાળામાં અભ્યાસ કર્યો હતો. એ જમાનામાં સૌરાષ્ટ્રના દેશી રાજ્યોમાં શિક્ષણ-સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રે ગોંડળ રાજ્ય અગ્રસ્થાને હતું. તે વખતે ગોંડળની શાળામાં ત્રણ શિક્ષકો પાસે ભાનુશંકરને અધ્યયન કરવા મળ્યું હતું, જેઓ પછીથી ખ્યાતનામ સાહિત્યકારો થયા હતા. એ ત્રણ તે સમર્થ વાર્તાકાર-નવલકથાકાર ગૌરીશંકર જોશી-ધૂમકેતુ, કુમારના તંત્રી બચુભાઇ રાવત અને કવિ દેશળજી પરમાર. (સમર્થ પત્રકાર, જન્મભૂમિના ભૂતપૂર્વ તંત્રી રવિશંકર મહેતા પણ આ ત્રણેના સમવયસ્ક હતા અને ગોંડળમાં એમની સાથે જ વિદ્યાભ્યાસ કર્યો હતો.)

ભાનુશંકરે મેટ્રિક પાસ થયા પછી કૉલેજની વિજ્ઞાન શાખાની કેળવણી અમદાવાદમાં લીધી. તેઓ ત્યાર પછી તબીબી કૉલેજમાં દાખલ થયા. એ જમાનામાં એલ.સી.પી.એસ. અને એમ.બી.બી.એસ. એમ બે ડિગ્રી અપાતી. એમાં એમ.બી.બી.એસ. વધારે ચડિયાતી ડિગ્રી ગણાતી. ભાનુશંકર ૧૯૩૦માં એલ.સી.પી.એસ. થયા. તે વખતે કરાંચીથી હુબલી (કર્ણાટક) સુધીનો પ્રદેશ મુંબઇ ઇલાકા તરીકે તરીકે ગણાતો. આખા ઇલાકામાં તેઓ એલ.સી.પી.એસ. પરીક્ષામાં પ્રથમ નંબરે આવ્યા હતા. દાક્તર થયા પછી તેઓ સરકારી ખાતામાં દાક્તર તરીકે જોડાયા.

યુવાનવયે ભાનુશંકરનાં લગ્ન જયાબહેન સાથે થયાં. તેમને એક દીકરી થઇ. એનું નામ ઉષા રાખવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લામાં અને પછી ડાંગ જિલ્લામાં ડૉ. ભાનુશંકરે સરકારી દાક્તર તરીકે ચાર વર્ષ કાર્ય કર્યું અને ત્યાર પછી તેઓ મુંબઇની સરકારી હોસ્પિટલમાં જોડાયા. તેમણે કેટલોક વખત પાટણમાં પણ કામ કર્યું. દાક્તરી સેવા સાથે તેમણે એમ.બી.બી.એસ. થવા માટેનો પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો અને ૧૯૪૦માં તેઓ એમ.બી.બી.એસ. થયા હતા. એ સાથે તેમણે આંખના દાક્તર તરીકે પણ અભ્યાસ કરીને તાલીમ લઇ લીધી હતી.

ભાનુશંકર જ્યારે અમદાવાદની કૉલેજમાં વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારે યુવાન હતા. એ દિવસોમાં એમણે સાંભળ્યું કે મહાત્મા ગાંધીજી સાબરમતી આશ્રમમાંથી પગપાળા દાંડીયાત્રા માટે નીકળવાના છે અને ત્યાં જઇ મીઠા માટે સત્યાગ્રહ કરવાના છે ત્યારે એ યાત્રાનું પ્રયાણ નજરે નિહાળવા માટે તેઓ પણ સાબરમતી આશ્રમ પાસે ગયા હતા. ત્યારે એ જોવા ત્યાં હજારો માણસો એકત્ર થયા હતા. પોતાને યાત્રા સરખી રીતે જોવા મળે એટલા માટે યુવાન ભાનુશંકર બીજા કેટલાયે લોકોની જેમ એક વૃક્ષ પર ચડી ગયા હતા. પોતે નજરે જોયેલી એ યાત્રાથી અને મહાત્મા ગાંધીજીથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા હતા કે દેશની આઝાદી માટે અને ગરીબો માટે કશુંક કરી છૂટવાની ભાવના એમના મનમાં જાગ્રત થઇ હતી અને ઉત્તરોત્તર એ દૃઢ થતી ગઇ હતી.

ડૉ. અધ્વર્યુની જુદે જુદે સ્થળે બદલી થતી. પાટણમાં તેઓ હતા ત્યારે જૈન મુનિ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી મહારાજમાંના એક અને 'જૈન દર્શન' ગ્રંથના લેખક)ના સંપર્કમાં આવ્યા હતા. એમની પાસેથી ડૉ. અધ્વર્યુને ઘણી પ્રેરણા અને માર્ગદર્શન મળતાં. એમની સાથેના સંબંધથી ધર્મનો, જનકલ્યાણનો રંગ લાગ્યો હતો.

ડૉ. ભાનુશંકર અધ્વર્યુ સરકારી નોકરીમાં હતા એટલે એમની વખતોવખત જુદે જુદે સ્થળે બદલી થતી. આથી તેઓને નવાં નવાં સ્થળ અને નવા નવા લોકોને પોતાના બનાવી લેવાની તથા ઠેર ઠેર ફરવાની સારી ફાવટ આવી ગઇ હતી. એટલે જ તેઓ પ્રવાસથી ક્યારેય થાકતા નહિ.

પોતે સરકારી દાક્તર હતા ત્યારે એક વખત એમની બદલી ધંધુકા ખાતે થઈ હતી. એ વખતે એમણે જોયું કે એ વિસ્તારમાં-ખારાપાટમાં પાણી વગેરેને કારણે લોકોની આંખ પર વધારે અસર થતી હતી. એવામાં એ ભાલ નળકાંઠા વિસ્તારમાં ધર્મબોધ સાથે લોકસેવાનું કાર્ય કરતા જૈન મુનિ પૂજ્ય સંતબાલજીના સંપર્કમાં તેઓ આવ્યા. તેઓ સંતબાલજીની ઉદાત્ત ભાવનાઓથી અને નિર્મળ ચારિત્ર્યથી પ્રભાવિત થયા અને સંતબાલજીની જ પ્રેરણાથી એમણે નેત્રયજ્ઞનું ત્યાં આયોજન કર્યું. ગામડાના ગરીબ દર્દીઓને વિના મૂલ્યે દાક્તરી સેવા આપવામાં આવે તો જ ગરીબ લોકો લાભ લઇ શકે. જ્યાં પૂરતો પોષક ખોરાક ન પરવડે, ત્યાં દવાના પૈસા તો ક્યાંથી કાઢી શકે ? આ રીતે નેત્રયજ્ઞની એક યોજના આકાર લેવા લાગી. એવા નેત્રયજ્ઞના આયોજનથી કેટલાયે દર્દીઓને લાભ થયો. સમાજના આગેવાનોની, ધનિક વેપારીઓની તથા બીજા કેટલાયની કરુણાભરી નજર ગરીબો પ્રત્યે વળી અને નેત્રયજ્ઞોનો પ્રચાર થયો. (આવા નેત્રયજ્ઞોનું આયોજન પૂ. સંતબાલજી પ્રેરિત ગુંદી આશ્રમ અને વિશ્વવાત્સલ્ય ઔષધાલય તરફથી આજ દિવસ સુધી સતત ચાલી રહ્યું છે.)

સરકારી ખાતામાં બઢતી પામતાં પામતાં ડૉ. ભાનુશંકર અધ્વર્યુને મુંબઇ ઇલાકાના આંખના મુખ્ય સર્જ્યન તરીકે સ્થાન મળ્યું. અંગ્રેજોના વખતમાં પહેલી જ વાર એક ભારતીય નાગરિકને આ સ્થાન અપાયું. આ માન જેવું તેવું નહોતું. તેઓ એ માટે ત્રણ વર્ષ મુંબઇમાં રહ્યા હતા. એમની સરકારી કારકિર્દીનો આ એક ઉત્તમ કાળ હતો.

ભારતને આઝાદી મળી ત્યારે ડૉ. ભાનુશંકર હજુ સરકારી નોકરીમાં જ હતા. આઝાદી પછી સૌરાષ્ટ્રમાં સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઇ. (ત્યારે મુંબઇનું જુદું રાજ્ય હતું જેમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત છૂટાં પડ્યાં નહોતાં.) એ વખતે શેઠ વીરચંદ પાનાચંદ શાહ નામના એક અગ્રણી ગાંધીવાદી સામાજિક કાર્યકર્તાની સૌરાષ્ટ્ર સરકારમાં કેળવણી અને આરોગ્ય ખાતાના મંત્રી તરીકે નિયુક્તિ થઈ હતી. શ્રી વીરચંદ પાનાચંદ શાહ સૌરાષ્ટ્રમાં રાજકોટથી ૪૭ કિલોમિટર દૂર આવેલા જામ સમઢિયાળા નામના નાનકડા ગામના વતની હતા. દેશી રાજ્યના તાબાનું એ ગામ હતું.

ગાંધીજીનાં ગ્રામસેવાનાં કાર્યોમાંથી પ્રેરણા લઇ સ્વ. વીરચંદ પાનાચંદ શાહે પોતાના ગામમાં ગામસુધારણા મંડળીની રચના ૧૯૩૩માં કરી હતી. ત્યારપછી આ મંડળીની પ્રવૃત્તિઓનો વ્યાપ વધતાં જામ સમઢિયાળામાં સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હોસ્પિટલની સ્થાપના ૧૯૩૭માં કરવામાં આવી હતી. દેશી રાજ્યનું એક નાનું ગામડું હોવાથી એની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર ત્યારે મર્યાદિત હતું, પરંતુ એ ગ્રામ વિસ્તારમાં બીજી કોઇ હોસ્પિટલ ન હોવાથી એની જરૂરિયાત લોકોમાં ઉત્તરોત્તર વધતી જતી હતી.

ડૉ. ભાનુશંકર અધ્વર્યુ ઇ.સ.૧૯૫૦માં ઋષિકેશ ગયા હતા. ત્યાં શિવાનંદ આશ્રમના સ્વામી શિવાનંદ સરસ્વતીના સંપર્કમાં તેઓ આવ્યા. તેમને આશ્રમ, ગંગામૈયાનો કિનારો અને સ્વામી શિવાનંદજીનું સાંન્નિધ્ય વગેરે એટલા બધાં ગમી ગયાં કે તેઓ ત્યાં વારંવાર જવા લાગ્યા અને પછી તો એવો રંગ લાગ્યો કે ૧૯૫૬માં એમણે સ્વામીજીની સલાહ અનુસાર સરકારી નોકરી છોડી દીધી અને આજીવન બ્રહ્મચર્ય વ્રત લઇ, સંન્યાસ ધારણ કરી સ્વામીજીના શિષ્ય થઇ ગયા. એમનું નામ 'શિવાનંદ' રાખવામાં આવ્યું. પોતાના ગુરુ પૂ. સ્વામી શિવાનંદ સરસ્વતીની આજ્ઞા અનુસાર એમણે ગૃહસ્થ જીવનમાં જ રહી, આંખના દાક્તર તરીકે જ સૌરાષ્ટ્રમાં આવી તબીબી ક્ષેત્રે લોકસેવાનું કાર્ય ચાલુ કર્યું.

શ્રી વીરચંદ પાનાચંદ શાહે લોકસેવાનું જે સંગીન કાર્ય કર્યું હતું એથી પ્રેરાઇને સૌરાષ્ટ્ર સરકારે જામ સમઢિયાળાને નવું નામ આપ્યું 'વીરનગર'. ડૉ. અધ્વર્યુ એમના સંપર્કમાં આવ્યા અને વીરનગરની હોસ્પિટલમાં જોડાઇ ગયા. શેઠ વીરચંદ પાનાચંદ બહુ ઉદાર મહાનુભાવ હતા. ડૉ. અધ્વર્યુ હંમેશાં એમની પ્રશંસા કરતાં થાકે નહિ.

ડૉ. અધ્વર્યુએ સંન્યાસ સ્વીકાર્યા પછી પોતાની અંગત કમાણી છોડી દીધી હતી. ૧૯૫૬માં તેઓ વીરનગર આવી ગયા અને શિવાનંદ મિશનના નામથી હોસ્પિટલ ચાલુ થઇ. ઉત્તરોત્તર આ હોસ્પિટલનો વિકાસ થતો રહ્યો અને ચાર દાયકામાં તો એણે દેશવિદેશમાં ખ્યાતિ મેળવી લીધી. હોસ્પિટલમાં હવે આશરે અઢીસો જેટલી પથારીની વ્યવસ્થા થઇ ગઇ. આંખના દર્દીઓ ઉપરાંત અન્ય રોગના દર્દીઓને પણ દાખલ કરવાનું ચાલુ થયું અને સૌથી મહત્ત્વનું બીજું એક કાર્ય ચાલુ થયું તે ચરસ-ગાંજો વગેરેના વ્યસનીઓને વ્યસનમુક્ત કરવા માટેના ઉપચારની સુવિધા પણ ત્યાં દાખલ કરવામાં આવી.

સ્વામી શિવાનંદ સરસ્વતી બ્રહ્મલીન થયા ત્યારપછી ઋષિકેશના શિવાનંદ આશ્રમનું સુકાન પૂ. સ્વામી ચિદાનંદજીએ સ્વીકાર્યું છે. બાપુજી માટે એમને અપાર લાગણી હતી. બાપુજીને જ્યારે ૮૦ વર્ષ થયાં ત્યારે પૂ. ચિદાનંદજીએ બાપુજી અને બાને ઋષિકેશ આશ્રમમાં બોલાવી ખાસ આશીર્વાદ આપ્યા હતા અને ત્યારે બાપુજીનું નામ 'સ્વામી યાજ્ઞવલ્કયાનંદજી અને પૂ. બાનું નામ એમણે 'મૈત્રેયીદેવી' રાખ્યું હતું. એમાં આપણાં પૌરાણિક નામોની પૂરી સાર્થકતા રહેલી છે. બાપુજીએ ત્યારથી ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

ડૉ. અધ્વર્યુ 'સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી' બન્યા, પરંતુ શિવાનંદ આશ્રમના અંતેવાસી હોવાથી અને સ્વામી શિવાનંદના શિષ્ય હોવાથી તેઓ ડૉ. શિવાનંદ અધ્વર્યુ તરીકે જ વધુ જાણીતા રહ્યા હતા.

વીરનગરની હોસ્પિટલ દ્વારા તેમણે નેત્રયજ્ઞોનું વિવિધ સ્થળે, વિવિધ સંસ્થાઓને ઉપક્રમે આયોજન ચાલુ કર્યું અને એક મિશનરીની જેમ તેઓ ગરીબ દર્દીઓની સેવામાં લાગી ગયા. ચાર દાયકાથી અધિક સમય સુધી તેઓ આંખના ઓપરેશન મફત કરતા રહ્યા અને પોતે એકલા આશરે અઢી લાખથી વધુ ઓપરેશન કર્યા. સમગ્ર ભારતમાં આંખના કોઇ દાક્તરે આટલાં બધાં ઓપરેશન કર્યા નથી. (ડૉ. શિવાનંદ અધ્વર્યુ પછી બીજે નંબરે ચિખોદરાના ડૉ. રમણીકલાલ દોશી આવે કે જેમણે અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ ઓપરેશન કર્યા છે અને હાલ ૮૦ વર્ષની વયે પણ રોજેરોજ સવારે ઓપરેશન કરતા રહ્યા છે.)

ડૉ. અધ્વર્યુ સાહેબે ક્રમે ક્રમે વીરનગરની શિવાનંદ મિશન હોસ્પિટલ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રમાં નેત્રનિદાન શિબિરો અને નેત્રયજ્ઞો દ્વારા એવું સરસ વ્યવસ્થા તંત્ર ગોઠવ્યું કે જેથી રોજેરોજ નિશ્ચિત સ્થળે નિયમિત તારીખે એનું આયોજન ચાલ્યા કરે. પાળિયાદ, સાયલા, બાંટવા, શિવરાજગઢ, ધોરાજી વગેરે ભિન્ન ભિન્ન સ્થળે, દરેક જિલ્લામાં સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરોના સહયોગથી દર મહિનાની ચોક્કસ તારીખે નેત્રનિદાન શિબિર હોય અને એમાંથી જે દર્દીઓને ઓપરેશનની જરૂર હોય તેઓને વીરનગર તે જ દિવસે વાહનમાં લઇ આવવામાં આવે, બીજે દિવસે ઓપરેશન થાય, ચાર દિવસ એમને રાખવામાં આવે, મફત ચશ્મા આપવામાં આવે અને દરેકને વાહનમાં પાછા એમના સ્થળે પહોંચાડવામાં આવે. દર્દીએ એ માટે કશું જ આપવાનું ન રહે. પૈસાના અભાવે કોઇ દર્દી પાછો જવો ન જોઇએ. દર મહિનાની તારીખો નિશ્ચિત હોય એટલે લોકો આપોઆપ જાણતા જ હોય. એટલે એ માટે પ્રચારપત્રિકાઓ, જાહેરાતો કે બીજા કશાની જરૂર ન રહે અને ખર્ચ પણ ન થાય. એ રીતે દરેક સ્થળે નિશ્ચિત દિવસે બસો-ત્રણસો દર્દીઓ આંખ બતાવવા આવી પહોંચ્યા જ હોય.

શિવાનંદ મિશન એક સેવાભાવી સંસ્થા એટલે એના દાક્તરો અને કર્મચારીઓની દર્દીઓ સાથેની રીતરસમ પણ એટલી સરળ, સહજ અને સહાનુભૂતિ ભરેલી હોય કે દર્દી ગભરાય નહિ. એ માટે ડૉ. અધ્વર્યુ સાહેબે બધાંને સારી રીતે તૈયાર કરેલા છે.

આ રીતે વીરનગરની હોસ્પિટલમાં મોતિયો વગેરેનાં મહિને સરેરાશ દોઢ-બે હજાર જેટલાં ઓપરેશન થાય અને દરેક જિલ્લામાં નેત્રયજ્ઞોમાં થાય તે ઓપરેશન વધારામાં. આ રીતે સમગ્ર સૌરાષ્ટ્રમાં અંધત્વ નિવારણનું કાર્ય એટલું બધું સરસ થયા કરે છે કે ત્યાં મોતિયા વગેરેના કારણે થતા અંધત્વની ટકાવારી સાવ ઓછી થઇ ગઇ છે.

કેટલાંક વર્ષથી બાપુજીને પોતાના કાર્યમાં મદદરૂપ થાય એવાં, એમનાં અંગત મંત્રી જેવા એક બહેનની સેવાનો લાભ મળતો રહ્યો છે. એ છે અનસૂયાબહેન. બાપુજીની બધી જ વહીવટી જવાબદારી એમણે ઉપાડી લીધી છે. અનસૂયાબહેન એક સુશિક્ષિત, સંસ્કારી, કાર્યદક્ષ અને વ્યવહારકુશળ સન્નારી છે. એમણે અંગત રીતે તો બાપુજીની દીકરીનું સ્થાન લીધું છે અને બાપુજીના વાત્સલ્યનો સૌથી વધુ લાભ અનસૂયાબહેનને મળ્યો છે. તેઓ બાપુજીના કાર્યનો ભાર સંભાળે, બાપુજીની તબિયતની દેખરેખ રાખે અને બાપુજી બહારગામ ક્યાંય પણ જવાના હોય તો સાચવીને લઇ જાય. બાપુજીની વૃદ્ધાવસ્થામાં અનસૂયાબહેન એમની લાકડી સમાન હતા.

બાપુજીનો એક શિરસ્તો સરસ આવકાર્ય રહ્યો હતો. રોજ સવારે ફરજ પર જતાં પહેલાં બધા ડૉક્ટરો અને સ્ટાફના અન્ય મહત્ત્વના સભ્યો સાથે બાપુજી ચા-નાસ્તો લેતા. એ વખતે બધાંની પ્રવૃત્તિઓ, ફરજો વગેરેની વાતચીત તો થાય, પણ સૌના ખબરઅંતર પુછાય અને કોઇને પોતાના કાર્યમાં કે ઘરની બાબતમાં કંઇ મુશ્કેલી હોય તો તરત નિવારણ થાય. બધાંની સાથે હળીમળીને રહેવું. શેઠ-નોકર જેવો નહિ પણ સમાન સ્વજન જેવો સંબંધ રાખી, આત્મીયતા કેળવી કાર્યને વધુ દીપાવવાની ભાવના બાપુજીના અને સૌના અંતરમાં રહેતી. બાપુજી વારંવાર કહેતા કે 'અમારી સંસ્થા સેવાભાવી છે, પરંતુ તેમ છતાં દાક્તરોને ઓછો પગાર આપવાનું હું માનતો નથી.' એથી એકંદરે દાક્તરો અને સ્ટાફના અન્ય સભ્યો સંતુષ્ટ અને પ્રસન્ન રહ્યા કર્યા છે. દરેકને પોતાના કામની સ્વતંત્રતા. કોઇના કાર્યમાં દખલગીરી નહિ કે ઠપકો આપવાની પદ્ધતિ નહિ. પ્રેમથી કામ લેવાની અનોખી પદ્ધતિ ત્યાં જોવા મળે. આથી જ બાપુજીના સ્વર્ગવાસ પછી સૌ દાક્તરોએ પ્રતિજ્ઞા લીધી કે 'પોતે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવશે અને શિવાનંદ મિશનનું કામ એવું જ શોભી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહેશે.'

ઋષિકેશના શિવાનંદ આશ્રમ અને ડિવાઇન લાઇફ સોસાયટી સાથે સંલગ્ન થવાને કારણે ડૉ. અધ્વર્યુ-સ્વામી શ્રી યાજ્ઞવલ્ક્યાનંદજીને એક વિશિષ્ટ લાભ થયો. શિવાનંદ આશ્રમની શાખાઓ દેશવિદેશમાં છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા આ આશ્રમમાં વિદેશોમાંથી કેટલાયે સાધકો આવીને રહે છે. એમાંની સ્વિત્ઝરલેન્ડની કેટલીક વ્યક્તિઓ સાથે-ખાસ તો આંખના દાક્તરો સાથે ડૉ. અધ્વર્યુને પરિચય થયો. એમના નિમંત્રણથી એવા કેટલાક સ્વિસ દાક્તરોએ વીરનગરની શિવાનંદ મિશનની હેસ્પિટલની મુલાકાત લીધી અને એના સેવાભાવી કાર્યથી બહુ રાજી થયા. કોઇક દાક્તરોએ તો ત્યાં રહીને પોતાની સેવા આપવી ચાલુ કરી. એક દાક્તર તો વર્ષોથી દર વર્ષે એક મહિનો વીરનગર આવીને ઓપરેશન કરતા રહ્યા છે અને હવે એમના પુત્ર પણ આવે છે. વીરનગર આવે ત્યારે તેઓ વીરનગરના થઇને જ રહે. બાપુજીની સાથે શુદ્ધ શાકાહાર ગ્રહણ કરે અને રોજેરોજ પ્રાર્થનામાં જમીન પર પલાંઠી વાળીને બેસે. સ્વિસ ડૉક્ટરોના સહકાર લીધે સ્વિત્ઝરલેન્ડ તરફથી વીરનગરની હોસ્પિટલને આંખની તપાસ અને શસ્ત્રક્રિયા માટે મોંઘામાં મોંઘાં અદ્યતન સાધનો ભેટ મળતાં રહ્યાં છે. વીરનગરના કાર્યથી સ્વિસ ડૉક્ટરો એટલા બધા પ્રભાવિત થયા છે કે એક દાક્તરે તો લખ્યું છે કે શિવાનંદ મિશન હોસ્પિટલનું ધોરણ જોતાં કહેવું પડે કે હવેથી કોઈ ભારતીય નાગરિકે આંખની

શસ્ત્રક્રિયા માટે વિદેશ જવાની આવશ્યકતા નથી. ભારતમાં સારામાં સારાં ઓપરેશન થાય છે.

મારા મિત્ર અને શિવાનંદ મિશનના એક ટ્રસ્ટી, રાજકોટના શ્રી શશિકાન્તભાઇ મહેતા મને ડૉ. અધ્વર્યુ સાહેબને મળવા માટે કહેતા. પણ એવો અવસર પ્રાપ્ત થતો નહોતો. રાજકોટમાં હું હોઉં અને તપાસ કરાવીએ તો ડૉ. અધ્વર્યુ સાહેબ બહારગામ હોય. એવો અવસર ૧૯૯૨માં મળ્યો હતો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કોઇ એક સંસ્થાને આર્થિક સહાય માટે શ્રોતાઓને અપીલ કરવામાં આવે છે અને એકત્ર થયેલ નિધિ તે સંસ્થાને અર્પણ કરવામાં આવે છે. એ માટે પહેલાં સમિતિના સભ્યો તે સંસ્થાની મુલાકાત લે છે. અમે કેટલાક સભ્યો એ પ્રમાણે શિવાનંદ મિશનની મુલાકાત માટે મુંબઇથી નીકળ્યા હતા.

મુંબઇથી સૌરાષ્ટ્ર મેઇલમાં નીકળી અમે રાજકોટ પહોંચ્યા ત્યારે સ્ટેશન પર અમારું સ્વાગત કરવા બાપુજી પોતે આવ્યા હતા. એથી અમે બધાંએ સાનંદાશ્ચર્ય અનુભવ્યું હતું. બાપુજીનું દાક્ષિણ્ય, એમની ઉદારતા, એમની વ્યવહારકુશળતા, એમનું સૌજન્ય, એમનો વિવેક આ બધાં ગુણોના મઘમઘાટનો આ એક નાની ઘટનાથી જ પ્રથમ દર્શને પરિચય થઇ ગયો હતો. એમના અવાજમાં પ્રેમ અને વાત્સલ્ય હતાં.

અમારી મુલાકાત પછી મારે મુંબઇ, સાયલા અને વીરનગરમાં બાપુજીને મળવાનું વારંવાર થતું. પૂજ્ય બાપુજી મને અને મારાં પત્ની તારાબહેનને પોતાનાં સંતાનોની જેમ રાખતા. એમના વ્યક્તિત્વમાંથી, એમના ગોરા પ્રભાવશાળી ચહેરામાંથી, એમની ઊંચી સમપ્રમાણ કાયામાંથી, એમનાં નેહનીતરતાં નયનોમાંથી અને એમનાં ભગવાં વસ્ત્રોમાંથી પવિત્રતાની સુરભિ સતત વહેતી રહેતી.

આ મુલાકાત પછી બાપુજી ૧૯૯૩માં મુંબઇ પધાર્યા હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એમણે સરસ ઉદ્‌બોધન કર્યું હતું. એ વખતે અગિયાર લાખ રૂપિયા અમે શિવાનંદ મિશન માટે એકત્ર કરી શક્યા હતા. એ નિધિ અર્પણ કરવાનો કાર્યક્રમ વીરનગરમાં શાનદાર રીતે યોજાયો હતો.

એક વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મારે પીએચ.ડી.ના એક વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા (Viva) લેવા જવાનું હતું. બાપુજીને એની જાણ થતાં તરત મુંબઇ મને ફોન કર્યો અને કહ્યું કે યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં રાત ન રોકાતાં વીરનગરમાં રાત રોકાવ. યુનિવર્સિટી પર ગાડી તમને તેડવા આવી જશે અને બીજે દિવસે એરપોર્ટ પર મૂકી જશે. બધી વ્યવસ્થા થઇ જશે.'

બાપુજીનું નિમંત્રણ મળે પછી વિચારવાનું જ શું હોય ? હું વીરનગર પહોંચ્યો. અને એમનું આતિથ્ય માણ્યું. આવા સંત મહાત્માનો યોગ મળવો એ પણ દુર્લભ.

બાપુજીએ ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં યોગાસનો કર્યાં હતાં, સંસ્કૃત ભાષાના અભ્યાસ ઉપરાંત એમણે પાતંજલ યોગસૂત્રનો અભ્યાસ કર્યો હતો અને અષ્ટાંગયોગની સાધના કરી હતી. પાતંજલ યોગસૂત્ર જીવનભર એમનો પ્રિય ગ્રંથ રહ્યો હતો અને એ વિશે એમણે અનેક સ્થળે પ્રવચનો આપ્યાં હતાં. બાપુજીનો જીવ વસ્તુતઃ અધ્યાપકનો જીવ હતો. પોતે અઠવાડિયે એક દિવસ રાજકોટની એક સંસ્થામાં જીવનના અંત સુધી ભણાવવાનું ચાલુ રાખ્યું હતું. સણોસરાની લોકભારતી સંસ્થામાં 'અહિંસા' વિશે મારું પ્રવચન હતું એ વાત જાણીને તેઓ અનસૂયાબહેન સાથે સણોસરા આવી પહોંચ્યા હતા. વ્યાખ્યાનને અંતે એમણે મને કહ્યું કે 'અહિંસા વિશે ભગવાન પતંજલિનું અવતરણ તમે ટાંક્યું તે મન બહુ જ ગમ્યું છે.' તે સમયે એમણે મને કહ્યું હતું કે 'યોગસૂત્ર' એમનો અત્યંત પ્રિય વિષય છે. ક્યાંય પણ એ વિશે પ્રવચન આપવાનું આવે તો એ માટે પોતાને કશી પૂર્વ તૈયારીની જરૂર નથી, કારણ કે બધું કંઠસ્થ છે.

છેલ્લાં કેટલાંક વર્ષથી બાપુજીએ પોતાની લોકકલ્યાણની પ્રવૃત્તિઓનો વ્યાપ વધાર્યો હતો. ખેતી, સીંચાઇ, પશુકેન્દ્ર, છાશકેન્દ્ર, અનાજ રાહત અને ગરીબ દર્દીઓને તબીબી સેવા આપવા ઉપરાંત એમણે શિક્ષણના ક્ષેત્રે પોતાની પ્રવૃત્તિઓ શિવાનંદ પરિવારના ઉપક્રમે ચાલુ કરી. શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલય તથા બાળમંદિરની પ્રવૃત્તિ વીરનગરના સંકુલમાં જ નવા સરસ મકાનો બંધાવી ચાલુ કરાવી છે. તદુપરાંત શિક્ષકો માટે ભિન્ન ભિન્ન સ્થળે શિબિરોનું આયોજન કરાય છે કે જેથી શિક્ષકોનું અને શિક્ષણનું અને સાથે સાથે સંસ્કારિતાનું સ્તર ઊંચું આવે. આવી શિબિરોમાં બાપુજી જાતે હાજર રહીને પ્રવૃત્તિઓની દેખરેખ રાખતા અને માર્ગદર્શન આપતા રહેતા. દેશને સુધારવો હોય તો શિક્ષકોને સુધારવા જોઇશે. તો જ આવતી પેઢીમાં શિસ્ત, વિનય, નિયમિતતા, પ્રામાણિકતા, ધર્મશ્રદ્ધા વગેરે ગુણો ખીલશે. શિક્ષણ ક્ષેત્રે આવા આવા આવશ્યક ગુણોની હાલ ઓટ સમગ્ર દેશમાં વરતાય છે.

શિવાનંદ મિશન અને શિવાનંદ પરિવારની પ્રવૃત્તિઓમાં બાપુજીને વર્તમાન અને ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ સ્વ. જગુભાઇ સંઘવી, શ્રી શશિકાન્ત મહેતા, શ્રી ચીનુભાઇ છગનલાલ, શ્રી ધીરુભાઇ મહેતા, શ્રી ધીરુભાઇ દેસાઇ વગેરેનો અનન્ય સહકાર મળ્યો છે. દાક્તરોમાં ડૉ. વર્મા, ડૉ. રાજેશ પટેલ અને અન્ય દાક્તરોની તથા વહીવટીતંત્રમાં શ્રી અનસૂયાબહેન, શ્રી અંતાણી, શ્રી ધોળકિયા વગેરેની કુશળ સેવાઓ મળતી રહી છે.

બાપુજી જાહેર જનતાનાં નાણાંથી ચાલતી સેવાભાવી સંસ્થાનું સંચાલન જૂનવાણી પદ્ધતિથી કે કરકસરના ભ્રામક વિચારોથી કરતા નહિ. એમની પાસે આધુનિક પરિણામલક્ષી અભિગમ હતો. કામ જલદી થતું હોય તો ટપાલને બદલે ટેલિફોનનું ખર્ચ કરવું વ્યાજબી છે અને ટેલિફોન કરતાં રૂબરૂ મુલાકાતથી કામ વધારે સારું થતું હોય તો એટલું પ્રવાસ ખર્ચ કરવાનું વધુ ઉચિત છે. વસ્તુતઃ સંસ્થાની સુવાસ પ્રસરવી જોઇએ. તેઓ માનતા કે સારું કામ પૈસાના અભાવે ક્યારેય અટકતું નથી. કામ નિષ્ઠાથી અને સારી, સંતોષકારક રીતે થવું જોઇએ. નિયમોમાં જડતા ન આવી જવી જોઇએ.

બાપુજી સાચા અર્થમાં એક ઉત્તમ કર્મયોગી હતા. તેઓ જીવનભર સતત અનાસક્તભાવે કાર્ય કરતા રહ્યા હતા. ૯૨ વર્ષની જિંદગીમાં એમણે સવાસો વર્ષ જેટલું કાર્ય કર્યું હશે. તેઓ પોતાના સમયનો ક્યારેય દુર્વ્યય કરતા નહિ. પોતે સવારમાં ચાર વાગે ઊઠી જાય અને આખો દિવસ કામ કરતા રહે. એકલા પડે ત્યારે તે સતત પોતાના કાર્યમાં ગૂંથાયેલા રહે. પરંતુ બીજી બાજુ તેઓ 'પોતાને સમય નથી' એવી કૃત્રિમ મોટાઇ પણ ક્યારેય બતાવતા નહિ. કોઇની સાથે મળવામાં, વાતો કરવામાં તેઓ કૃત્રિમ સભાન ઉતાવળ દાખવતા નહિ. સૌને સંતોષ થાય એવી સહજ રીતે સમય આપતા. રોજ સાંજે ભોજન પહેલાં તેઓ ઘરના આંગણામાં ખુલ્લામાં સ્વચ્છ વાતાવરણમાં બેસતા. જેમણે આવીને મળવું હોય, વાતો કરવી હોય તે નિઃસંકોચ આવી શકે. બહારગામ પોતે ગયા હોય તો સ્થાનિક કાર્યકર્તાઓ, નેતાઓ, મહાનુભાવોને તેઓ નિરાંતે મળતા, વાર્તાલાપ કે વિચારવિનિમય કરતા. એમના સાન્નિધ્યમાં વાતાવરણ પ્રેરક અને પ્રોત્સાહક બની રહેતું. એમનું નિઃસ્વાર્થ, સેવાપરાયણ, પ્રભુમય પવિત્ર જીવન એમાં મહત્ત્વનું કાર્ય કરતું.

સ્વામી શિવાનંદ સરસ્વતીએ સેવા અને અધ્યાત્મનો સમન્વય કર્યો છે. દિવ્ય જીવન સંઘમાં સેવા દ્વારા અધ્યાત્મના માર્ગે આગળ વધવા માટે છ પગથિયા બતાવવામાં આવ્યાં છે. (૧) સેવા (૨) પ્રેમ (૩) દાન (૪) પવિત્રતા (૫) ધ્યાન અને (૬) આત્મસાક્ષાત્કાર. બાપુજીએ સેવા અને અધ્યાત્મના સમન્વયની આ દીક્ષા પોતાના જીવનમાં ચરિતાર્થ કરી હતી.

બાપુજીને દીર્ઘાયુષ્ય મળ્યું હતું. લોકજીવનના ભૌતિક અને આધ્યાત્મિક ઉત્કર્ષમાં એમનું નિઃસ્વાર્થ, ત્યાગપરાયણ યોગદાન ઘણું મોટું રહ્યું છે. દેશ અને વિશેષતઃ ગુજરાત એમનું હંમેશાં એ માટે ઋણી રહેશે.

પૂ. બાપુજીના પુણ્યાત્માને નતમસ્તકે અંજલિ અર્પીએ છીએ !

☐ રમણલાલ ચી. શાહ

# કેવળજ્ઞાન--સ્વરૂપ ઐશ્વર્ય

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી સંપૂર્ણ)**

**પરમાત્માની શ્રુતિથી પ્રીતિ :**

અનાદિકાળથી સંસારમાં જે વિકૃતિ છે તે પ્રકૃતિરૂપ બની ગઇ છે. જીવના અજ્ઞાન અને મોહ જે છે તે વિકૃતિ છે. જ્યારે નિર્મળજ્ઞાન -વીતરાગજ્ઞાન-નિર્વિકલ્પકજ્ઞાન-પૂર્ણજ્ઞાન એ જીવની પ્રકૃતિ છે. વિકૃતિ કદિ ય સ્વયંભૂ હોઈ શકે નહિ. જ્યારે પ્રકૃતિ તો સ્વયંભૂ જ હોય. વિકૃતિ, પ્રકૃતિનો આધાર લઇને જ ઉત્પન્ન થાય અને પછી પ્રકૃતિને જ આચ્છાદિત કરે, પ્રકૃતિને જ ઢાંકે છે-આવરે છે. ઉદાહરણ તરીકે સૂર્યના તાપથી ઉત્પન્ન થતાં વાદળાં પાછાં સૂર્યના જ પ્રકાશને રુંધતા હોય છે. તેના જેવું આ પ્રકૃતિનું વિકૃતિથી આવૃત થવું છે.

અસ્તિત્વ પરમાર્થથી ભાવરૂપ હોય અને જીવને ભાસરૂપ હોય. પરંતુ દુઃખ એ વાતનું છે કે જીવ વિકૃતિને જ સ્વરૂપ માની બેઠો છે. એથી જ જે પદાર્થ અભાવરૂપ છે, તે જ જીવને ભાવરૂપ દેખાય છે.અને જે પદાર્થ ભાસરૂપ છે, ભ્રમરૂપ છે, તેને જ જીવ સત્ય માની રહ્યો છે. વિકૃતિનું અસ્તિત્વ પ્રવાહથી ચાલુ રહે છે અને અનેકરૂપ ધારણ કરી ચિત્ર-વિચિત્ર દશ્યરૂપે અસ્તિત્વ ધરાવે છે, તેમ તે રૂપે જીવને તે દેખાય છે. જ્યારે જે મૂલાધાર પ્રકૃતિ છે તે ત્રણેય કાળમાં એકરૂપ જ હોય છે. એને એક આર્યદર્શને નિત્ય કુટસ્થ કહેલ છે. પ્રશ્ન એ થાય કે નિત્ય કુટસ્થ એટલે શું ? લુહાર લોઢાના અનેક ઓજારો બનાવે છે. ઓજાર બનાવતાં પહેલાં લુહાર લોઢાને તપાવે છે અને પછી હથોડા વડે એરણ ઉપર ટીપી ટીપીને જુદા જુદા ઘાટ ઘડે છે. ઓજારના અનેક પ્રકારના ઘાટ એરણ ઉપર ઘડાય પરંતુ એરણ તો એવી ને એવી જ રહે છે. કુટાવા છતાં, એની ઉપર જ લોખંડના અનેક પ્રકારના ઓજારો ઘડાવા છતાં ય એરણનું નિત્ય એવું ને એવું જ રહેતું તેનું નામ 'નિત્ય કુટસ્થ' ! એજ પ્રમાણે પ્રકૃતિને આવૃત (આચ્છાદિત) કરીને વિકૃતિ અનેક રૂપો ધારણ કરે છે, છતાં મૂળ પ્રકૃતિ જે ઢંકાઈ ગયેલ છે, આવૃત થઇ ગયેલ છે, દબાઇ ગયેલ છે તો યે તે મૂળપ્રકૃતિ એ જ રૂપે રહે છે. મૂળાધારનો-પ્રકૃતિનો કદિ નાશ થઇ શકે નહિ. જ્યારે વિકૃતિનો નાશ થઇ શકે છે.

જેનો સર્વથા નાશ થઇ શકે તે વિકૃતિ હોય અને જે કોઇ જીવ ચાહે તે વિકૃતિનો સર્વથા નાશ કરી પ્રકૃતિમય પરમાત્મા બની શકે છે. જે 'મોહ' અને 'અજ્ઞાન' જીવની વિકૃતિ છે તે તેના મૂળ સ્વરૂપમાં પ્રકૃતિ રૂપે તો 'પ્રેમ' અને 'પ્રકાશ' છે. પરંતુ અનાદિકાળથી જીવને 'પ્રેમ' જે એની પ્રકૃતિરૂપે છે તે જ વિકૃત થઇને 'મોહ' રૂપે પરિણમેલ છે અને 'પ્રકાશ' (જ્ઞાન- કેવળજ્ઞાન) જે જીવની પ્રકૃતિરૂપે છે તે જ વિકૃત થઇને 'અજ્ઞાનરૂપી અંધકાર' રૂપે પરિણમેલ છે. પ્રેમ શબ્દના સમાનાર્થી પર્યાયવાચી શબ્દો સ્નેહ, વાત્સલ્ય, વહાલ, રાગ, મોહ ઈત્યાદિ છે. છતાંય એ બધાંય શબ્દોના અર્થથી 'પ્રેમ' શબ્દનો અર્થ જુદો પડે છે. 'પ્રેમ'નો એક આગવો વિશિષ્ટ અર્થ છે, એ શબ્દની એક આગવી 'અભિવ્યક્તિ' છે. 'પ્રેમ' એ વ્યાપક તત્ત્વ છે, અસીમ તત્ત્વ છે, મૂળાધાર છે, પ્રકૃતિ છે. ખૂબી તો જોવાની એ છે કે જ્યાં 'પ્રેમ' તત્ત્વ 'મોહ' અથવા 'રાગ' રૂપે વિકૃત બને છે ત્યાં વિકૃતિ અનેક ભેદે હોવાથી એ જ 'રાગ', 'દ્વેષ' રૂપે પણ પરિણમે છે. પરંતુ જીવ મૂળમાં પ્રેમસ્વરૂપ હોવાથી પહેલાં શરૂઆતમાં તો કોઇ પદાર્થ ઉપર દ્વેષ કરતો જ નથી. પરંતુ શરૂ શરૂમાં તો જીવ 'રાગ' અને 'મોહ' જ કરે છે. 'રાગ' અને 'મોહ' પોતે તથા જે પદાર્થ પ્રતિ 'રાગ' અને 'મોહ' થયેલ છે, તે પદાર્થ પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ એવો, અનિત્ય-વિનાશી હોવાથી જીવને 'રાગ' અને 'મોહ'માં સફળતા સાંપડતી નથી. 'રાગ'માં સફળતા મળતી નથી કે 'રાગ' પોષાતો નથી એટલે જીવ 'દ્વેષ' કરે છે. એટલે જ આપણા પરમાત્મા 'રાગ' અને 'દ્વેષ' ઉભયથી રહિત હોવા છતાંય પરમાત્મ ભગવંત, કેવળજ્ઞાની ભગવંતનું વિશેષણ એક માત્ર 'વીતરાગ' જ રાખ્યું છે. પરમાત્માને 'વીતરાગ' સાથે સાથે 'વીતદ્વેષ' નથી કહેલ. આપણી અંદરની આંતરદશાનું-આંતરભાવનું નિરીક્ષણ કરીએ, તો આપણને થશે કે આ કેટલું બધું વિસ્મયકારક વૈજ્ઞાનિક અનુભવગમ્ય સત્ય છે કે પરમાત્મ ભગવંતનું વિશેષણ 'વીતરાગ' રાખ્યું છે. 'રાગ-મોહ'ની નિષ્ફળતાએ જ આપણે 'દ્વેષ' કરીએ છીએ. વાસ્તવિકતા તો એ છે કે આપણી વિકૃતિ 'રાગ' અને 'મોહ' સર્વત્ર, સર્વદા, સફળ થઇ જ ન શકે. એટલે 'દ્વેષ' વાચક અનેક દોષોની ઉત્પત્તિ થાય છે. એટલા માટે થઇને જ મૂળમાં 'રાગ' અને 'મોહ'નો નાશ કરવાનો છે કે જેથી 'રાગ' અને 'મોહ'ના નાશે દ્વેષાદિ-બધાંય દોષોનો આપોઆપ જ નાશ થઇ જાય.

એક અપેક્ષાએ સંસારની ઘટમાળ પણ એવી વિચિત્ર છે કે 'રાગ' વિકૃતિરૂપ અને દોષરૂપ હોવા છતાં ય સંસારમાં એકબીજા અરસપરસ 'રાગ' વડે જીવે છે અને જીવાડે છે. આ અપેક્ષાએ 'રાગ' એ દ્વેષની સરખામણીમાં સારો કહી શકાય. બાકી અંતે તો 'રાગ' દ્વિપક્ષી ખરાબ જ છે અને હેય છે. 'રાગ' કેમ ખરાબ છે ? કારણ કે 'રાગ'ની નિષ્ફળતાએ દ્વેષાદિ અનેક દોષોની ઉત્પત્તિ થાય છે. આમ 'રાગ' ખરાબ હોવાથી એનો સર્વથા નાશ કરવો જ જોઇએ. 'રાગ' કે જેના મૂળમાં 'વીતરાગતા' છે તે 'વીતરાગતા' પરમ શાંતરસ રૂપ જીવને આનંદપ્રદ છે. એટલું જ નહિ પણ જીવ પોતે જે સુખને હરપળ ઇચ્છી રહ્યો છે-ઝંખી રહ્યો છે તે સુખ જીવને વીતરાગતામાંથી જ મળી શકે. વીતરાગતા સ્વયંભૂ છે. અક્ષય, અવિનાશી અને પરમરસરૂપ છે. 'રાગ' હંમેશા પર પદાર્થ ઉપર જ કરવાનો હોય છે કે થતો હોય છે. તેથી તેમાં હંમેશા પરાધીનતા હોય છે. 'વીતરાગતા' તો સ્વગુણ છે, સ્વરૂપ ગુણ છે, સ્વ આધારિત છે અને સ્વાધીન છે. જો 'સ્વ'નો કદી નાશ નહિ થાય તો 'સ્વાધીનત'નો પણ કદી નાશ ન થાય. 'સ્વ' એટલે કોણ ? 'સ્વ' એટલે 'તું' પોતે જ, જે પોતાને 'હું' તરીકે સંબોધે છે. એ અનાદિ-અનંત ચેતન પ્રવાહ ! પોતાનો એટલે કે 'સ્વ'નો કદી નાશ ન થાય તો 'સ્વ'ને આધીન એવાં 'સ્વાધીન'નો પણ કદી નાશ નહિ થાય. 'હું'-'સ્વ' એ અસ્તિત્વ છે. અસ્તિત્વનો કદી નાશ થતો નથી. એટલે કે 'સ્વ', 'અસ્તિત્વ', 'આત્મા'નો કદિ ય નાશ થતો નથી.

માનવ સ્વભાવ એવો છે કે 'રાગ' હોય ત્યાં તેને 'પ્રીતિ' સહજ થતી હોય છે. અને જ્યાં 'પ્રીતિ' છે ત્યાં 'સ્મૃતિ' સહજ જ છે. 'સ્મૃતિ' અને 'પ્રીતિ' એ બે જીવભાવ છે, જે જીવ માત્રમાં છે. એ બે ભાવમાં 'પ્રીતિ' સાધ્ય છે અને 'સ્મૃતિ' સાધન છે. જે પદાર્થ ઉપર રાગ હોય એની સ્મૃતિ અને પ્રીતિ ઉભય હોય છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે અનાદિકાળથી જીવને પર એવાં પુદ્ગલદ્રવ્ય સાથે વગર સ્મૃતિએ પ્રીતિ થઇ ગઇ છે, કારણ કે જીવે પોતાનો સર્વ ભાવ, પોતાનું સર્વસ્વ એટલે કે પોતાનો સ્વભાવ, પોતાના સર્વ સ્વરૂપગુણો અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચેય સ્વ સ્વરૂપ શક્તિ પુદ્ગલદ્રવ્યમાં ઠાલવી દીધી છે. એટલે જ પુદ્ગલદ્રવ્યો, ભૌતિક દુન્યવી પદાર્થો પ્રત્યે વગર સ્મૃતિએ પ્રીતિ થઈ ગયેલ છે. વાસ્તવિક પ્રીતિનો વિષય તો પરમાત્મા છે અને પરમાત્મ તત્ત્વ છે. પરંતુ પુદ્ગલ અને પૌદ્ગલિક સામગ્રીઓ પ્રત્યે જેવી પ્રીતિ છે એવી પ્રીતિ જીવને પરમાત્મા પ્રત્યે કે પરમાત્મતત્ત્વ પ્રત્યે થતી નથી. માટે જ તો પરમાત્માના પરમાત્મ તત્ત્વને, કેવળજ્ઞાનને, વીતરાગતાને, પરમાત્માના સ્વભાવને, પરમાત્માના સ્વરૂપગુણને સમજીને એનું વારંવાર રટણ કરીને, સ્મરણ કરીને, ફરી ફરી ઘૂંટીને, પરમાત્મભાવથી મનને ભાવિત કરીને, પરમાત્માનું

નામસ્મરણ કરીને, જાપ જપીને સ્મૃતિ કરવાથી પ્રીતિ થાય છે. માટે જ પરમાત્માનું સ્મરણ એ પરમાત્માની એવી સ્મૃતિ છે, કે જે સ્મૃતિની દઢતાથી પરમાત્મા પ્રત્યેની પ્રીતિ નિષ્પન્ન થાય છે. આ સ્મૃતિથી નિષ્પન્ન થતી પરમાત્મપ્રીતિ જ આપણી જાતને, આપણા આત્માને પરમાત્મા સાથે એકમેક કરવા, લીન કરવા, તદાકાર કરવા સમર્થ છે અને એજ 'સાધ્ય' છે. આપણને આશ્ચર્ય પમાડનારી વાત તો એ છે, કે વિકૃતિ એટલે કે 'રાગ' અને 'મોહ'માં એટલી તાકાત છે કે પુદ્‌ગલ દ્રવ્યમાં, પૌદ્‌ગલિક દુન્યવી પદાર્થોમાં વગર સ્મૃતિએ પ્રીતિ થઇ ગઇ છે, જ્યારે પ્રકૃતિ, સ્વભાવ કે જે પોતાના ઘરની ચીજ છે એટલું જ નહિ, પણ સ્વયં પોતે જ છે એને સંભારી સંભારીને, જાપ જપી જપીને, પ્રયત્ન કરી કરીને સ્મૃતિથી પ્રીતિ કવી પડે છે. કાન્તા (પત્ની)ને કંથ (પતિ)ની સહજ જ પ્રાકૃતિક પ્રીતિ હોય અને એથી એ પ્રીતિને કારણે રમાનું (પત્નીનું) મન ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, સૂતા-જાગતાં, ઘરના કામ કરતાં કરતાં સદાય એના રામ (પતિ)માં રમતું હોય-રમણ કરતું હોય એવી એ પત્ની પતિ પ્રતિની પ્રાકૃતિક પ્રીતિ ભૂલી જઇને તેની જગાએ પારકા મરદને-ગેરમરદને પ્રીતિ કરવા માંડે કે પ્રીતિ કરી બેસે તો તે 'સતી' નહિ કહેવાતાં 'કુલટા'-'પતિતા'-'વ્યભિચારિણી' કહેવાય છે. એવી જ આપણાં આત્માની વર્તમાન વિપરીત પતિતદશા છે કે, સ્વયંને-આત્માના પરમાત્મતત્ત્વને અને પરમાત્માને ભૂલી જઇને પૌદ્‌ગલિક, ભૌતિક, દુન્યવી સાધન સામગ્રી જે પર છે-પારકી છે, એંઠવાડ છે તેનો રાગી થઇ એની સાથે પ્રીતડી બાંધી બેઠો છે તે શું આશ્ચર્યની વાત નથી? આત્માની આ અવળી ચાલ છે. એ અવળી ચાલ પછી આત્માને રોવડાવે, રવડાવે, રઝળાવે નહિ તો શું અજવાળે ? યોગદષ્ટિની કાન્તાદષ્ટિ એટલે કે કાન્તાભાવ અથવા સ્ત્રૈણભાવમાં એ ભાવવર્ણન કરતાં મહિલાના કાન્તાભાવ-પત્નીધર્મ-પત્નીભાવ સાથે તુલના કરતાં ગાયું છે કે...

*મન મહિલાનું વહાલા ઉપરે ઘરના કામ કરતં,*
*પણ શ્રુતધર્મે રે એમાં મન ઠરે જ્ઞાના ક્ષેપકવંત.*

અનાદિની એ અવળી ચાલને સવળી કરવા તારક તીર્થંકર વીતરાગ પરમાત્માની સ્મૃતિથી પરમાત્માની પ્રીતિ કરવી જ પડશે! પ્રીતલડીથી બંધાવું જ પડશે ! કાન્તાભાવ ધારણ કરી કાન્તા બની, પરમાત્માને કંથ બનાવી સ્ત્રૈણભાવથી પ્રેમલક્ષણા ભક્તિ કરવી જ પડશે અને તેમ કરીશું ત્યારે સંસારથી વિભક્ત થઈ સ્વરૂપથી, પરમાત્મતત્ત્વથી અને પરમાત્માથી યુક્ત થઇશું-અભેદ બનીશું. એટલે જ આપણા તીર્થંકર ભગવંતોને આપણે 'નાથ' અને 'સ્વામી' થી જ સંબોધીએ છીએ.

## કેવળજ્ઞાન અને અપેક્ષાકારણ :

### દ્રવ્ય વિષયક અપેક્ષા કારણ :

ચાર ગતિમાં મનુષ્યયોનિમાં જ કેવળજ્ઞાન થઇ શકે છે. એમાં પણ ત્રસકાયપણું અને સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તતાની અપેક્ષા રહે છે. એમાં પણ પહેલું કાયબળ હોય છે. શરીરબળમાં વજ્રઋષભ નારાચ સંઘયણ અપેક્ષિત છે. આ વજ્રઋષભ નારાચ સંઘયણબળ મનોયોગનું મહાન સહકારી કારણ છે. ઘોર પરિષહ અને ઉપસર્ગો વચ્ચે પણ આ કાયબળને કારણે મનોબળ એટલું ટકી રહે છે કે સર્વથા દેહભાન ભૂલીને મુમુક્ષુ જીવ ક્ષપકશ્રેણિ માંડીને કેવળજ્ઞાન પામી શકતો હોય છે. સંઘયણ દેહાશ્રિત હોવા છતાં ધ્યાનની તાકાતમાં દેહભાન ભૂલવા માટે આ સંઘયણ-બળની અપેક્ષા રહે છે. અહીં એ ખાસ યાદ રહે કે સંઘયણ અને સંસ્થાનમાં તફાવત છે. સંઘયણ એ શરીરનું બળાબળ છે. જ્યારે સંસ્થાન એ શરીરની સુડોળ કે બેડોળ આકૃતિનો ભેદ બતાડે છે. શરીરની સુડોળ કે બેડોળ આકૃતિના ભેદોને કેવળજ્ઞાન પ્રાપ્તિ સાથે કોઇ સંબંધ નથી. સંસ્થાનના ભેદમાં બેડોળમાં બેડોળ આકૃતિવાળું સંસ્થાન હુંડક સંસ્થાન કહેવાય છે. જીવને કર્મના વિપાકોદયે આવું બેડોળ સંસ્થાન અર્થાત્ હુંડક સંસ્થાન મળ્યું હોય તો પણ જો વજ્રઋષભ નારાચ મળ્યું હોય તે તેવો જીવ કેવળજ્ઞાન પામી શકે છે. આ વજ્રઋષભ નારાચ સંઘયણ એક એવું અપેક્ષા કારણ છે કે જેને નિષેધાત્મક અભિગમ (Negative approach) કહેવાય. એનો અર્થ એ થાય કે જો વજ્રઋષભ નારાચ સંઘયણ હોય તો કેવળજ્ઞાન પ્રગટ કરી જ શકાય એવું નહિ, પરંતુ જો વજ્રઋષભ નારાચ સંઘયણ નહિ હોય તો સાધક જીવ પંચાચાર સંબંધી ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ કેવળજ્ઞાન પ્રગટ કરવા સુધીનો પુરુષાર્થ નહિ કરી શકે. એજ પ્રમાણે જો કાયા બે હાથથી ઓછી હોય કે પાંચસો ધનુષ્યથી વધુ હોય તો કેવળજ્ઞાન પામી નહિ શકાય. મૂંગા, બહેરા, તોતડા અને જન્માંધને પણ કેવળજ્ઞાન થઇ શકવાની સંભાવના છે કારણ કે આ બધામાં બાહ્ય સાધન (ઉપકરણ) એટલે કે કરણ (શરીર) ભલે દૂષિત હોય તો પણ આંતરિક ક્ષયોપશમ તદ્‌વસ્થ હોવાથી કેવળજ્ઞાન પ્રાપ્તિમાં કોઇ બાધા જણાતી નથી. બાકી તો ચરમ શરીરી જીવને સામાન્યથી આવાં દૂષણો હોવાની સંભાવના પ્રાયઃ ઓછી હોય છે. સિવાય કે નિકાચિત કર્મના છેડે આવેલા હોય.

### ક્ષેત્ર વિષયક અપેક્ષા કારણ :

ક્ષેત્રની અપેક્ષાએ વિચારીએ તો માત્ર પંદર કર્મભૂમિ અર્થાત્ જૈન દર્શનની ભૂગોળ પ્રમાણેના પાંચ ભરતક્ષેત્રમાં, પાંચ ઐરાવત ક્ષેત્રમાં અને પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. આ પંદર કર્મભૂમિની બહાર કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી. તેજ પ્રમાણે પૂર્વ ભવના અમુક ક્ષેત્રેથી ઉપરોક્ત પંદર કર્મભૂમિમાં સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યપણે જન્મેલ હોય અર્થાત્ પાંચમી, છઠ્ઠી અને સાતમી નરકમાંથી આવેલ હોય, વિકલત્રિક, સૂક્ષ્મત્રિક અને તેઉકાય, વાઉકાયમાંથી આવેલ હોય તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી.

### કાળ વિષયક અપેક્ષા કારણ :

આઠ વર્ષથી ઓછી ઉંમર હોય અને પૂર્વ ક્રોડ વર્ષથી વધુનું આયુષ્ય હોય તો પણ કેવળજ્ઞાન પ્રાપ્તિ શક્ય નથી. અવસર્પિણીમાં ત્રીજા આરામાં અંતે અને એને ચોથા આરામાં જન્મેલ સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય જીવને તેમજ ઉત્સર્પિણી કાળમાં ત્રીજા આરામાં અને ચોથા આરાની શરૂઆતમાં જન્મેલ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. અર્થાત્ ટૂંકમાં દુઃખમ, સુખમ અને સુષમ દુઃખમના આરામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે.

### ભાવવિષયક અપેક્ષા કારણ :

ભવિ જીવ હોય, કાળ પરિપાક થયેલ હોય અથવા તો ભવિતવ્યતાનો પરિપાક થયેલ હોય, ચરમ શરીર હોય, સહજમલનો હ્રાસ થયેલ હોય તો કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. ચરમશરીરી હોય તેને તો નિયમા (નિશ્ચિત) કેવળજ્ઞાન થાય જ.

## સ્વરૂપ ઐશ્વર્ય અર્થાત્ તીર્થંકરનામ કર્મ, તીર્થંકરપુણ્ય તત્ત્વ અને તીર્થંકર વ્યક્તિ :

આખું ય જગત જેમ નામ રૂપાત્મક છે અને દ્રવ્ય ભાવાત્મક છે તેમ આખું ય જગત શબ્દાનુરક્ત અને દશ્યાનુરક્ત છે. નામનો સંબંધ શબ્દ સાથે છે અને રૂપનો સંબંધ દશ્ય સાથે અર્થાત્ વર્ણ (રંગ) અને સંસ્થાન (પિંડાકૃતિ-આકાર) સાથે છે. વળી નામ-શબ્દનો સંબંધ શ્રવણેન્દ્રિય (કાન) સાથે છે, જ્યારે રૂપનો, દશ્યનો સંબંધ ચક્ષુરેન્દ્રિય (આંખ) સાથે છે. બે જ્ઞાનેન્દ્રિયો છે. એ બે મહત્ત્વની ઇન્દ્રિયોની પ્રાપ્તિ જ સંજ્ઞિ પંચેન્દ્રિ મનુષ્યપણાની પૂર્ણતા છે. ઇન્દ્રિય પ્રાપ્તિના ક્રમમાં શ્રવણેન્દ્રિયની પ્રાપ્તિ જ પૂર્ણ પંચેન્દ્રિયપણાની પ્રાપ્તિ છે. બાકીની ત્રણે ઇન્દ્રિયો જે ઘ્રાણેન્દ્રિય (નાક), રસનેન્દ્રિય (જીભ) ને સ્પર્શેન્દ્રિય (ત્વચા) છે તે ત્રણે ભોગેન્દ્રિયો છે. એ ભોગેન્દ્રિયો ભોગના સંબંધે કાર્યાન્વિત છે અને તેથી તે ઇન્દ્રિયોનું કાર્ય મર્યાદિત સમય પૂરતું છે. જ્યારે શ્રવણેન્દ્રિય અને ચક્ષુરેન્દ્રિય એ બે જ્ઞાનેન્દ્રિયો તો ચોવીસે કલાક કાર્યાન્વિત છે. જંગલના એકાન્તમાં પણ શ્રવણેન્દ્રિયનું કાર્ય, હવા આદિના સૂસવાટા, નદીના નીરનો ખળખળ

ધ્વનિ, ઝાડપાનનો ફફડાટ, પક્ષીઓનો કલરવ, જીવજંતુના સંચારનો સળવળાટ, ધ્યાનાદિમાં સ્ફૂરતા અનાહતના નાદને, નાદબ્રહ્મને આદિને સાંભળવારૂપ સતત ચાલુ જ રહે છે. એજ પ્રમાણે ઊંઘમાં પણ સ્વપ્નાવસ્થામાં, બંધ આંખની દુનિયાના દશ્યો જોવાનું કાર્ય સતત આંખ દ્વારા થયા જ કરતું હોય છે. ધ્યાનમાં પણ બંધ આંખ સામે વિવિધ રંગો ઉભરાતા હોય છે અને વિવિધ દિવ્ય દર્શનો થતાં રહેતાં હોય છે.

દશ્ય જગત આંખથી દેખાય છે અને એના નામાદિ સાંભળવા દ્વારા તેની વિશેષે ઓળખ થાય છે અથવા તો પ્રથમ નામથી જાણ્યા બાદ આગળ વસ્તુ અગર વ્યક્તિનો સંબંધ સ્થપાય છે. વર્તમાન સમયના યાંત્રિક વૈજ્ઞાનિક યુગમાં તો દશ્ય-શ્રાવ્ય (Audiovision) નું વિશેષે મહત્ત્વ છે. સિનેમા, નાટક, ટી.વી. સ્લાઇડ શો ઇત્યાદિ દશ્ય-શ્રાવ્ય પ્રકારના પ્રચલિત લોકપ્રિય માધ્યમો છે.

જેમ દષ્ટિ, દશ્ય વિનાની નથી, પછી તે બંધ હોય કે ઉઘાડી, તેમ વસ્તુ કે વ્યક્તિ નામવિહોણી નથી. જગત આખાનો પ્રત્યેક જીવનવ્યવહાર, એ જ પ્રમાણેનો ગોઠવાયેલ છે. જે જીવનનો વ્યવહાર છે, તેમાંથી જ સાધ્ય પ્રાપ્તિ માટેના સાધનનું નિર્માણ થતું હોય છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર નિક્ષેપોથી ઉપાસ્ય વ્યક્તિની ઉપાસનાની સાધનાના સાધનનું નિર્માણ આપણા જીવનવ્યવહારની જે પ્રતિકૃતિ, પ્રતીક, પ્રતિનિધિ અર્થાત્ સ્થાપના નિક્ષેપો અને નામ, જીવનકથા-આત્મકથા, ગુણવૈભવાદિ જે છે તેમાંથી જ નિષ્પન્ન થયેલ છે. નામનિક્ષેપો એ નામસ્મરણ છે. સ્થાપના નિક્ષેપો એ દર્શન-સ્મરણ છે. દ્રવ્ય નિક્ષેપો એ કથાશ્રવણ સ્મરણ છે અને ભાવનિક્ષેપો એ ગુણ સ્વરૂપ સ્મરણ છે યા તો પ્રત્યક્ષ સાક્ષાત યોગ છે. આમ ચાર નિક્ષેપો છે કે જેના વડે જીવનવ્યવહાર ચાલતો હોય છે અને ઉપાસક પણ ઉપાસ્યની ઉપાસના ચાર નિક્ષેપોના આલંબનથી કરતો હોય છે તે દશ્ય-શ્રાવ્યરૂપ હોવાથી ચક્ષુરેન્દ્રિય અને શ્રવણેન્દ્રિય સાથે જોડાયેલાં છે.

જીવ જે શિવસ્વરૂપ છે, તે જેમ અરૂપી છે એમ અનામી છે. નામ અને રૂપ જે છે તે પુદ્ગલના કે પંચભૂતનાં છે. જીવ જે શિવસ્વરૂપ છે તે તો અનાદિ નિષ્પન્ન સ્વરૂપસંપન્ન છે. જ્યારે પુદ્ગલ સાદિ ઉત્પન્ન અને રૂપરૂપાંતરિત થનાર દ્રવ્ય છે. એટલે જ અન્ય એક આર્યદર્શને જણાવેલ છે કે સત્તા બ્રહ્મની છે અને ક્રિયા માયાની છે. સત્તા બ્રહ્મની છે એટલે કે સત્તા પરમાત્મ સ્વરૂપ આત્માની છે અને ક્રિયા માયાની છે એટલે કે ક્રિયા પુદ્ગલની છે, કેમકે પુદ્ગલ સાદિ ઉત્પન્ન, વિનાશી અને રૂપરૂપાંતરને પામનારું બહુરૂપી દ્રવ્ય છે તેથી માયાવી છે ને ક્રિયાશીલ એવું સક્રિય તત્ત્વ છે. માટે જ ક્રિયા દ્વૈત છે અને ક્રિયાના ભેદ અનંતા છે. પરમાત્મ સ્વરૂપ આત્મા જે પુદ્ગલ સંયોગે કર્મજનિત અવસ્થામાં છે તે જીવ છે. એણે પુદ્ગલથી સર્વદા અને સર્વથા મુક્ત થઇ, કર્મસંયુક્ત અવસ્થામાંથી કર્મમુક્ત થઈ પોતાના પરમાત્મ સ્વરૂપને પ્રગટાવી શિવ બનવાનું છે.

પરમાત્મસ્વરૂપ આત્મા જ પૂછતો ફરે છે કે આત્મા છે કે નહિ? પ્રકૃતિ તો મહાન છે, સત્તાધીશ છે. પ્રકૃતિ પોતામાંથી વિકૃતિ કાઢી નાંખીને, વિકૃતિનો નાશ કરીને પ્રકૃતિને એના મૂળ શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ કરવાને માટે સમર્થ છે. જીવની જાત અરૂપીની છે પણ પુદ્ગલ સંયોગે ભાત રૂપીની છે. પોત અરૂપીનું પણ ભાત રૂપીની છે. મૂળમાં કપડું હોય છે. કપડું હોય તો તેના મેલાઘેલા થવાનો પ્રશ્ન ઉદ્ભવે છે. મેલું થયેલું કપડું પણ મેલ કાઢી નાંખીને ઉજળું, સાફ, સ્વચ્છ, ધોળું દૂધ જેવું બનાવી શકાય છે. મૂળમાં પરમાત્મસ્વરૂપ આત્મા છે. અહીં આત્માને પરમાત્મસ્વરૂપ કહ્યો છે. કારણ કે જો મૂળમાં આત્મા પરમાત્મસ્વરૂપ હોય જ નહિ તો તે તેનું પરમાત્મસ્વરૂપ પ્રગટ કેમ કરી શકે ? પરમાત્મસ્વરૂપ કાંઇ બહારથી આવનારી સ્થિતિ તો છે નહિ. સંયોગ હોય તેનો તો વિયોગ થાય. પરમાત્મ સ્વરૂપ તો સ્વભાવ છે. સ્વભાવમાં વિભાવ આવે પણ તેનો વિયોગ કદિ ન થાય. મૂળમાં જો પ્રકૃતિ પરમાત્મસ્વરૂપ હોય નહિ તો વિકૃતિ થઇ ક્યાંથી ? ઘણાંને પ્રશ્ન થાય છે કે રૂપી તો રૂપીને જ ચોંટે પછી રૂપી એવું પુદ્ગલ અરૂપી એવાં આત્માને ચોંટ્યું કેમ ? સંસારી જીવ અરૂપી હતો ક્યારે ? સંસારી જીવ તો અનાદિથી રૂપી જ છે પણ તે અનાદિથી પુદ્ગલ સંયોગે રૂપી છે જેમ કે સોનાની ખાણમાં રહેલ સોનું. મૂળમાં જીવની જાત અરૂપીની છે પણ અનાદિથી પુદ્ગલ સંયોગે તેની ઉપર ભાત રૂપીની છે. જાત્યાંતર થતું નથી તેથી જીવનું જીવપણું નિત્ય જળવાય રહે છે. આપણે કોણ ? આપણે વર્તમાનમાં પરમાત્મસ્વરૂપનું ખંડિયેર, અવશેષ ભંગાર છીએ !

પરમાત્મસ્વરૂપ આત્માએ જ પોતે પુદ્ગલ જે દુઃખનિમિત્ત છે અને વિનાશી છે તેમાં સુખબુદ્ધિ કરી, વિનાશી એવાં પુદ્ગલમાંથી કે પુદ્ગલ દ્વારા અવિનાશીપણાની ઇચ્છા કરી જે વિપરીત બુદ્ધિથી-અર્થાત્ અવિદ્યા, અજ્ઞાન, મૂઢતા, મિથ્યાત્વતાએ કરીને સ્વાત્મ સ્વરૂપની પાંચે ય શક્તિઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર તપ અને વીર્યને કાર્મણ વર્ગણા એટલે કે પુદ્ગલમાં સીંચીને-હોમીને કર્મબંધ કર્યો છે. આમ કર્મબંધ થવામાં કારણભૂત આત્મા પોતે જ છે અને કર્મનિર્જરા કરી કર્મમુક્ત થવામાં પણ કારણભૂત પરમાત્મસ્વરૂપ આત્મા છે, જેમ આગળ ઉપર જણાવ્યા મુજબ વાદળાંની ઉત્પત્તિ સૂર્યના નિમિત્તે જ અને વાદળાના વિખેરાઈ જવામાં પણ સૂર્ય જ કારણભૂત છે. કર્મને જો શક્તિ આપી હોય તો તે આત્માએ પોતે જ પોતાના શુભાશુભ ભાવ અને શુભાશુભ કરણીથી શક્તિ આપી છે. આત્માએ પોતે જ પોતાને બાંધ્યો છે અને પોતે જ પોતાને છોડાવવાનો છે, મુક્ત કરવાનો છે. આ સંદર્ભમાં જ વિધાન થયેલ છે કે સત્તા બ્રહ્મની અને ક્રિયા માયાની.

એક માત્ર મનુષ્ય યોનિ જ એવી છે કે જે યોનિમાં આત્મા પોતાના મૂળ સ્વરૂપને પ્રગટ કરી પરમાત્મા બની શકે છે. માટે જ આપણે મનુષ્યયોનિને પ્રધાનતાએ લઇને તત્ત્વનો અને સત્યનો ઉકેલ કરવાનો છે. કોઇનો પણ એવો અનુભવ નથી કે કોઇ વસ્તુને જોઈ જ નથી કે તે વસ્તુ વિષે કશું સાંભળ્યું જ નથી તે વસ્તુ, તે વ્યક્તિ કે તે ચીજ ઉપર તે રાગ કે દ્વેષ કરતો હોય. કારણકે જેને કદિ જોયેલ જ નથી તેની કદિ સ્મૃતિ થતી જ નથી અને જેને વિષે કદિ કાંઇ સાંભળેલ નથી કે કદિ કાંઇ વાંચેલ નથી તેના સંબંધી પણ કદિ કોઇ વિચાર આવતો હોતો નથી. જ્યાં જેની કોઇ સ્મૃતિ જ નથી, જેના વિષે કોઈ વિચારતું જ નથી તેના વિષે રાગ કે દ્વેષ થાય કેમ કરીને? જેની કોઇ સ્મૃતિ નથી, જેનો કોઇ વિચાર કે વિકલ્પ નથી તેના પ્રતિ રાગદ્વેષ થતાં નથી. આજ સંદર્ભમાં તો આપણે ત્યાં કહેવત છે કે 'જે ગામ જવું નહિ તેનો વિચાર શું કરવો ?' જે કાંઇ રાગદ્વેષ કરીએ છીએ તે જોયેલી અને સાંભળેલી વસ્તુ કે વ્યક્તિ પ્રતિ જ કરીએ છીએ ! જેને પરિણામે કર્મબંધ બાંધીએ છીએ અને બંધનમાં પડીએ છીએ. કર્મબંધ થવાના મૂળમાં આ જ કારણભૂત સિદ્ધાંત છે. 'દેખવું ય નહિ અને દાઝવું ય નહિ' એ ઉક્તિ પણ આ જ સંદર્ભમાં છે. જે સાંભળતો જ નથી, જે બહેરો છે તેને ગાળ શું અને પ્રસંશા શું?

અનાદિકાળથી જીવને 'દેહ હું છું !' એ ભાવે એ જે કાંઇ જુએ છે, જે કાંઇ સાંભળે, વાંચે, વિચારે છે તે બધું જ દેહ અને ઇન્દ્રિય સંબંધી પ્રધાન હોય છે અને રાગદ્વેષ કરી કર્મ બાંધે છે. હવે આ કર્મબંધમાંથી છૂટકારો કરવા માટે જેમ લોઢાથી લોઢું કપાય, કાંટાથી કાંટો કઢાય તેવી રીતે વિશ્વમાં કોઇ એવાં દશ્યનું અને કોઇ એવા શ્રવણનું નિર્માણ હોવું જ જોઇએ કે જેથી કરીને આજ દિ' સુધી દેહ સંબંધી જે દશ્ય અને શ્રાવ્યથી કર્મબંધ કર્યાં તે કોઇ એવાં અલૌકિક દશ્ય અને શ્રાવ્યથી એ એવો તો મુગ્ધ થઇ જાય, એ એવો તો ચકિત થઇ જાય, એ એવો તો પ્રભાવિત થઇ જાય કે દેહ અને ઇન્દ્રિયોના ભોગને ભૂલી જઇને એવો ભાનમાં આવી જાય, એનું ઘેન ઊતરી જાય અને ત્યાં જ તેને આત્માના અસ્તિત્વનું, આત્માના પરમાત્મસ્વરૂપનું ભાન થઇ જાય અને એ જાગૃત થઇ જાય.

જો આ જીવે પોતાના સ્વરૂપની વિકૃતિ કરીને આખો સંસાર ઊભો કર્યો છે તો તે વિકૃતિના મૂળમાં રહેલ પ્રકૃતિ જે મૂળાધાર છે અને સત્તારૂપ છે તેને પ્રગટ થવા માટે શું કોઈ વ્યવસ્થા, શું કોઇ આયોજન આ વિશ્વમાં ન હોય ? એવી કોઇ અલૌકિક વ્યવસ્થા

વિશ્વમાં હોવી જ જોઇએ. આજે કોઇ નવો રોગ ઉત્પન્ન થાય તો તેના મારણરૂપ, રોગનું નિવારણ કરવા માટે દવાનું-ઔષધનું પણ નિર્માણ થાય છે.

દ્વૈત ક્ષેત્રમાં પણ અનેક પ્રકારની વ્યવસ્થા છે તો અદ્વૈત જે સત્તાસ્વરૂપ છે તો શું એની પાસે કોઇ બળ, કોઇ એવી તાકાત નથી કે બધી વિકૃતિને, બધાં ય કર્મોને ફેંકી દઇને, નાશ કરીને જેવો સ્વયંભૂ છે એવો સ્વયં પોતાના મૂળ રૂપમાં, સ્વરૂપમાં પ્રગટ નહિ થઇ શકે ? સૂર્યના તાપ અને પ્રકાશથી જે વાદળાં ઉત્પન્ન થયાં છે તે સૂર્યની શું તાકાત નથી કે એ વાદળાંઓને વેરવિખેર કરી ખતમ કરી શકે ? આમ પ્રકૃતિનું જે અનંતા બળ છે, આત્માની જે અનંતા શક્તિ છે તેને વીર્ય ફોરવીને જગાડવાની જરૂર છે.

આ જ જે તત્ત્વ છે તે જ પુણ્ય તત્ત્વના ભેદરૂપ તીર્થંકર નામકર્મ છે. વળી પુણ્ય નવતત્ત્વમાંનું જેમ એક તત્ત્વ છે તેમ સત્કાર્યથી બંધાતું પુણ્ય અને અસત્કાર્યથી બંધાતું પાપ એ કર્મ હોવાથી તીર્થંકર તત્ત્વ કર્મ છે અને તીર્થંકર નામકર્મનો, પુણ્યતત્ત્વનો આ જગતમાં જે કર્તા આત્મા છે તે તીર્થંકર વ્યક્તિ છે.

॥ परस्परोपग्रहो जीवानाम् ॥ અને '॥ जीवो जीवस्य जीवनम् ॥' એવા બે સૂત્રો છે. પરસ્પર એકમેક ઉપર ઉપગ્રહ કરવો, ઉપકાર કરવો તે જીવોનું જીવન છે. એમ મત્સ્ય ગલાગલ ન્યાય, એ ઉક્તિથી મોટો જીવ નાના જીવને એનું જીવન બનાવે તેવો જે 'જીવો જીવસ્ય જીવનમ્'નો મર્યાદિત અર્થ કરીએ છીએ તે અપૂર્ણ અર્થ છે. વાસ્તવિક તો મોટા જીવોના જયણાપૂર્વકના જીવનથી જ નાના જીવોનું જીવન છે. પરમાર્થથી તો જીવના બે ભેદ છે. એક તો કર્મમુક્ત સિદ્ધ પરમાત્માના જીવો અને બીજા કર્મયુક્ત એવાં સંસારી જીવો. એમાં સિદ્ધ પરમાત્માઓના જીવોનું જે જીવસ્વરૂપ છે, જે જીવન છે તેવું જ સંસારી જીવોનું મૂળ શુદ્ધ સ્વરૂપ જીવન છે એવો લક્ષ્યાર્થ કરવો જોઇએ જે વ્યાપક અને પૂર્ણ અર્થ છે.

આમ આત્મા જે સ્વરૂપથી અરૂપી છે, અનામી છે, અશબ્દ છે, અક્રિય છે, અમૂર્ત છે, અવિનાશી છે તે જ પોતે પોતાની ભૂલ વડે પુદ્‌ગલને રવાડે ચડી, પુદ્‌ગલ સંયોગે કર્મજનિત અવસ્થાને પામ્યો અને નામ ને રૂપમાં, શબ્દ ને દૃશ્યના ચક્રવ્યૂહમાં ફસાયો. પોતે જ-બાંધેલી જાળમાં પોતે જ ફસાયો અને ગૂંચવાયો. જીવ ક્યારેક દૃશ્યની-રૂપની પાછળ ઘેલો બની દોટ મૂકે છે તો ક્યારેક નામ-શબ્દ-વર્ણન સાંભળીને દૃશ્યને પકડવા રઘવાયો થાય છે.

જેમ શબ્દ તેમ દૃશ્ય. દૃશ્યો પણ એવાં એવાં હોય છે કે ચિત્ર, તસ્વીર, ફોટા, યા તો તાદૃશ જીવંત દૃશ્યો જોવા માત્રથી જ જીવો દિવાના થઇ જાય છે. રાજા ભરથરીના નાટકે કંઇક જોનારા દર્શકોને સન્યાસના માર્ગે ચઢાવી દીધાં હતાં કે જેના કારણે મુંબઇમાં તે નાટકના ખેલ બંધ કરાવવા પડ્યાં હતાં. 'દેવદાસ' ચિત્રપટ જોનારા કંઇક દર્શકો દેવદાસ થઇ જવાના પણ દાખલા બન્યા છે. વર્તમાનમાં ટેલીવીઝને જગત આખા ઉપર જે કામણ કર્યું છે અને જગત આખાને અતૃપ્તિના, અસંતોષના, અશાંતિના અધોગતિના માર્ગે લઇ જઇ રહ્યું છે તે તો સહુને સુવિદિત છે. બાળમાનસ ઉપર તો તેની એટલી બધી ઘેરી અસર હોય છે કે હવે તો ટીવીના કારણે બાળકો દ્વારા પણ અકલ્પનીય આઘાતજનક કૃત્યો થઈ રહ્યાંના સમાચાર વારંવાર સાંભળવામાં આવે છે. સરકારે પણ સેન્સરબોર્ડની રચના કરી સેન્સરશિપ લાદવી પડતી હોય છે. દૃશ્ય -શ્રાવ્ય જાહેરાતો તો હિમાલયમાં ફ્રીઝ વેચવાની અને રણમાં હીટર વેચવાની કમાલ કરી બતાવતી હોય છે. એ જૂઠી જાહેરખબરોએ કંઇકના ઘરે બીનજરૂરી ચીજસામગ્રીઓના ખડકલા ખડકી દીધા છે.

દૃશ્ય અને શ્રાવ્યની આ અસરોથી આપણે કોઇ, કાંઇ અજાણ નથી. સિક્કાની બે બાજુ હોય છે. નબળી બાજુ હોય છે તો ઉજળી બાજુ પણ હોય છે. નરસાની સામે સારું પણ હોય છે. અજીવની સામે જીવ છે, પાપની સામે પુણ્ય છે, આશ્રવની સામે સંવર, નિર્જરા છે, બંધની સામે મુક્તિ છે તો હવે આ દૃશ્ય-શ્રાવ્ય ક્ષેત્રે કોઇ એવું ઊંચું અલૌકિક દૃશ્ય અને શ્રાવ્ય, ઊંચો શબ્દ, ઊંચું નામ હોવું જ જોઇએ કે જે દૃશ્યથી, જેના શ્રવણથી, જેના નામોચ્ચારથી જેના જાપથી, જે શબ્દોચ્ચારથી, જીવનો વિકાસ થાય. જીવનું કલ્યાણ થાય, જે જોતાં અને જે સુણતાં, આત્માના તાર રણઝણે, આત્મા ભાનમાં આવી જાગૃત થઇને ઉહાપોહ કરે અને આત્મા પરમાત્મા બને, કેવળજ્ઞાન પામે.

હવે વિચારવાનું એ રહે છે કે જગતમાં એવું ક્યું દૃશ્ય છે અને એવું કયું શ્રવણ કે જે દૃશ્યને નિહાળવાથી અને જે વાણીને સાંભળવાથી સાચી દિશા સાંપડી શકે, એ દિશા મળતાં તે દિશામાં આગળ વધતાં, દશા બદલી શકાય અને આત્માના પરમાત્મસ્વરૂપને પ્રગટ કરી શકાય છે ! એવું દૃશ્ય પણ છે અને એવું શ્રવણ પણ છે.

જે મનુષ્યયોનિમાંનો જીવ પોતાના રોમેરોમથી વિશ્વકલ્યાણની, વિશ્વમંગળની ભાવના ભાવે છે, જીવ માત્રનું કલ્યાણ વાંછે છે, 'સવિ જીવ કરું શાસનરસી', 'સવિ જીવ ભવ શિવ'ની સર્વના કલ્યાણની સર્વોચ્ચ ભાવના ભાવે છે, તે જીવના એક એક આત્મપ્રદેશ એ ભાવનાથી ભાવિત થાય છે, એ વાસનાંથી એવા વાસિત, સુવાસિત, સંસ્કારિત થાય છે કે તે જીવ સર્વ જીવોનું કલ્યાણ કરી શકાય, જગત આખાનું, વિશ્વ સમગ્રનું કલ્યાણ કરી શકાય, વિશ્વ સમસ્તનું મંગળ થઇ શકે તેવાં વિશ્વકલ્યાણકારી, વિશ્વહિતકારી, ઉત્કૃષ્ટ, સર્વોચ્ચ પુણ્યકર્મનો બંધ બાંધી તેવાં સંસારના સર્વશ્રેષ્ઠ પુણ્યનો તે સ્વામી બને છે. એ વ્યક્તિ તીર્થંકર પુણ્યનો, તીર્થંકર નામકર્મનો પુણ્યબંધ બાંધે છે કે જે સર્વ પુણ્ય પ્રકૃતિમાંની સર્વશ્રેષ્ઠ પુણ્યપ્રકૃતિ છે. એવા ભાવ વડે, એ વ્યક્તિ વડે એવી જાતનું કર્મ બંધાય છે કે જગતના જીવોને તારવા માટે તે સ્વયં તીર્થરૂપ બને છે. તીર્થ શબ્દનો અર્થ જ એ છે કે જેહથી તરીએ તે તીર્થ ! તારે તે તીર્થ ! તારક ભાવ છે, જે સ્વયંને તો તારે છે પણ અન્ય પણ તેની છાયામાં તરી જાય. એ તીર્થંકર નામકર્મનો પુણ્યબંધ જ્યારે વિપાકોદયમાં આવે છે ત્યારે તે તીર્થંકરનામકર્મ તો પહેલાં તે પનોતા પુણ્યના સ્વામીને જ તારે છે, જીવમાંથી શિવ બનાવે છે, તીર્થસ્વરૂપ બનાવી જગતના સ્વામી પદે, જગન્નાથના પદે કેવળજ્ઞાન પમાડી પરમાત્મપદે, અરિહંતપદે, તીર્થંકરપદે સ્થાપિત કરી જિનેશ્વર બનાવે છે. ઇન્દ્રજીત એવાં જિતેન્દ્ર, જિનેન્દ્ર બનાવે છે. જીવ, શિવ બન્યા બાદ, કેવળજ્ઞાનના પ્રગટીકરણ બાદ જ તીર્થંકર નામકર્મ વિપાકોદયમાં આવે છે. એ તીર્થંકર નામકર્મનો ઉદય એક એવું આકર્ષણ પેદા કરનારું અદ્‌ભુત, અલૌકિક દિવ્ય દૃશ્ય સર્જે છે કે જે ચૌદ રાજલોકમાં ક્યાંય નહિ મળે. એ પશુપંખી, માનવોને જ નહિ પણ દેવલોકના દેવદેવીઓને પણ આકર્ષીને તે તારક તીર્થંકરની સન્મુખ કરે છે.

સર્વોચ્ચ પુણ્ય તીર્થંકર નામકર્મના વિપાકોદયમાં જેણે પોતાનું આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે તેનું ઐશ્વર્ય સ્વરૂપઐશ્વર્ય અલૌકિક અષ્ટ પ્રતિહાર્યોથી પ્રભાવિત, ચોંત્રીસ અતિશયોથી યુક્ત અને વાણી પાંત્રીસ ગુણોથી અલંકૃત હોય તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ જ નથી પણ એ તો વિશ્વમંગળ, વિશ્વકલ્યાણની ભાવેલી ભાવના સાકાર થાય તે માટે નિર્માણ થયેલું દૃશ્યશ્રાવ્ય છે કે જેથી દૂર દૂરથી જીવો આકર્ષાઇને તીર્થંકર ભગવંતની અભિમુખ થઇ ધર્મ પામે, સમક્તિ પામે, સિદ્ધપદે પહોંચે !

તીર્થંકર ભગવંતના એકેએક કલ્યાણકના દૃશ્યો અલૌકિક છે, કલ્યાણ કરનારા છે. મંગળ કરનારા છે. ચ્યવનકલ્યાણક, જન્મકલ્યાણક, દિક્ષાકલ્યાણક અને નિર્વાણકલ્યાણક એકેક દિવસના છે જ્યારે કેવળજ્ઞાન કલ્યાણકથી નિર્માણ થતાં દૃશ્યશ્રાવ્ય તો તીર્થંકર ભગવંત નિર્વાણ પામે ત્યાં સુધી જીવોનું કલ્યાણ કરનારા કલ્યાણકારી દૃશ્યશ્રાવ્ય છે જે જીવોને ખૂબ ખૂબ ઉપકારરક છે. માટે જેટલું તીર્થંકર ભગવંતોનું દીર્ઘ આયુષ્ય હોય તેટલો તે કાળના જીવનો ઊંચો પુણ્યોદય અને તેટલો વધુ લાભ જગત ઉપર એ જગન્નાથ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંત દ્વારા થતો હોય છે.

**સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી** (સંપૂર્ણ)

(નોંધ : આ લેખમાળા હવે ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થઈ છે. સંપર્ક - સંકલનકાર : ફોન : ૮૦૭૭૭૮૭ અથવા ૩૬૮૦૪૬૬.)

# મને સાંભરે રે

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

(૧)

મારા સરલ સ્વભાવના દાદા અને સંસાર-ડાહ્યા પિતાજીના ઇષ્ટદેવ કોણ હશે તેની મને મારી સાતઆઠ વર્ષની વયે કશી જાણ નહીં; પણ એ બંનેય દંતધાવનક્રિયા પતાવ્યા બાદ, ભક્તિભાવપૂર્વક બે હાથ જોડી, આંખો બંધ કરી સૂર્યદેવતા તરફ મસ્તક ઊંચું રાખી, મને ન સમજાય એવી ભાષામાં કૈંક ગણગણે ! સ્નાનવિધિ કર્યા બાદ પણ પણિયારે રાખેલા ગોખલામાંના દેવને પ્રાર્થના-સ્તુતિ કરે. મને કશું જ સમજાય નહિ, પણ કુતૂહલવશાત્ ને કૈંક અનુકરણવૃત્તિથી હું ય એમની પાછળ બે હાથ જોડી આંખો બંધ કરી હોઠ ફફડાવું ! 'સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ' એ ભાવની તો કલ્પના પણ ક્યાંથી ?

સાત વર્ષની વયે મને અમારા ગામ (ડભોડા-જિલ્લો ગાંધીનગર) ની કુમારશાળામાં (૧૯૨૩) પ્રવેશ મળ્યો ત્યારે જીવનમાં પ્રથમવાર સમૂહ-પ્રાર્થનાનો અનુભવ થયો. શ્રી રામજીભાઇ દેસાઇ નામના એક શિક્ષક ગવડાવે ને શિષ્યગણ ઝીલે :-

'પ્રિયતમ પ્રભુ ! નમીએ આપને, જપીએ તું જ શુભ સુંદર નામને ;
પ્રિયતમ પ્રભુ ! નમીએ આપને.

અથવા ગાઈએ કે 'નિંદ્રા મહીં નહીં હતું તન ભાન જ્યારે'- ત્યારે હે દયાળુ દેવ ! તેં અમારી રક્ષા કરી એવા ભાવનું એ સરલ પ્રાર્થના-ગીત હતું. મોટા થતાં 'પ્રભો ! અન્તર્યામી' અને 'ઊંડા અંધારેથી' એ ગંભીર-ઘોષી સ્તુતિ-ગીતો આવ્યાં. ઇ.સ. ૧૯૨૯માં અંગ્રેજી ધોરણ બીજામાં આવ્યો ત્યારે ઉત્તર ગુજરાતની કડીની આદર્શ શાળા 'સર્વ વિદ્યાલય'માં દાખલ થયો. આ આશ્રમિક-શાળામાં એક મઝાનો તંદુરસ્ત નિયમ હતો. સવાર-સાંજ જમતી વખતે પીરસાય તે દરમિયાન ગીતાના સંસ્કૃત શ્લોક બોલવાનો ફરજિયાત નિયમ. આશ્રમની પ્રભાતની તથા સાયંકાળની અને વિદ્યાલયની પ્રાર્થનાઓ તો જુદી. સવાર-સાંજના સમયને અનુકૂળ કેટલાક શ્લોકોની વરણી કરી, એને ઠીકઠીક જાડા, મોટા કાગળની બંને બાજુએ છાપવામાં આવતા. પીરસણ પહેલાં આ કાગળિયાં પ્રત્યેક વિદ્યાર્થીને વહેંચાતાં. પીરસણ ચાલુ થાય એટલે નક્કી કરેલા બે વિદ્યાર્થીઓ ક્રમમાં અક્કેક શ્લોકની પ્રથમ પંક્તિ ઉચ્ચ સ્વરે ઉચ્ચારે, એટલે તરત જ બાકીના બીજા બધા એને ચીવટપૂર્વક અને શુદ્ધિપૂર્વક ઝીલે. એ દશ્ય ખરેખર હૃદયંગમ અને મનોહારી હતું.

એનાથી એક પ્રકારનું આશ્રમિક વાતાવરણ જામતું. પીરસનારને ચાનક ચઢતી, શ્લોક બોલાવનારનું ગૌરવ થતું અને ઝીલનાર, ગણગણાટ કે ઘોંઘાટ કરવામાંથી કે કરનારથી બચી જતા ! આ તો એની ગૌણ બાજુ થઇ, પણ એનાથી શિસ્ત જાળવવામાં પણ સુગમતા થતી. શાસ્ત્રીય સંગીત નહીં તો ય રાગના ઘરમાં રહીને પણ સંસ્કૃત શ્લોકો લલકારવાની લિજ્જત આવતી અને વાક્યશુદ્ધિની કેળવણી સહજ રીતે મળતી. સંસ્કૃત ભાષાના શુદ્ધ અને શાસ્ત્રીય પઠનની કેળવણી સાથે આપણા હજ્જારો વર્ષોના સાંસ્કૃતિક વારસાનું કલ્યાણકારી અને બલપ્રદ ધાવણ લીલયા મળતું. એ કાળે, સામાન્ય રીતે વધુ ભાર ઝીલવાની ક્ષમતા ધરાવનાર સ્મૃતિ અત્યંત સતેજ અને ધારદાર બનતી. ગીતાના બીજા અધ્યાયમાંથી 'સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા, સમાધિસ્થસ્ય કેશવ'થી 'એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ, નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ' - સુધીના શ્લોકોનું પઠન-પારાયણ મારા જેવા અનેક વિદ્યાર્થીઓને આજેય તે યાદ હશે. એ સમયે તો 'અમો સ્થિત-પ્રજ્ઞ'નો અને 'બ્રાહ્મી સ્થિતિ'નો બ્રહ્માક્ષરેય જાણતા નહોતા (અને આજે ય ?) છતાંયે એ દેવ ભાષાને લલકારવામાં એક પ્રકારનો સૂક્ષ્મ ને સાત્ત્વિક આનંદ આવતો. એમાંના બે શ્લોક મને અત્યંત પ્રિય હતા-આજે ય તે એટલા જ અને વિશેષ પ્રિય છે. તે છે :-

'ધ્યાયતો વિષયાન્પુંસઃ સંગસ્તે ષૂપજાયતે ।
સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥
ક્રોધાદ્‌ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ ।
સ્મૃતિભ્રંશાત્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥

અદ્યતનમાં અદ્યતન માનસશાસ્ત્ર, ગૂઢમાં ગૂઢ યોગશાસ્ત્ર, ગહનમાં ગહન જીવશાસ્ત્ર અને સર્વકાલીન તથા સર્વજનીન ઊંચી કવિતાની દષ્ટિએ પણ એ શ્લોકોનું મહત્ત્વ મારે મન ઘણું જ મોટું છે.

ન-જાણે કેમ પણ અમારા સમયની આશ્રમિક-પ્રાર્થનાઓએ મારું મન ભરી દીધું હતું. પ્રાતઃકાળની અને સાયંકાલની એમ બંનેય સમયની પ્રાર્થનાઓ નિયમિત રીતે અચૂક થતી. વય, રુચિ અને અધિકાર પ્રમાણે એના પ્રતિભાવની માત્રા વધતી-ઘટતી હશે પણ, એકંદરે, હૃદયની સાચી કેળવણી આપવામાં એ તંદુરસ્ત ચુસ્ત નિયમે ઘણો જ મોટો ભાગ ભજવ્યો છે.

સ્વામીશ્રી વિવેકાનંદ અને પૂ. ગાંધીજીની અસરને પરિણામે આપણે ત્યાં વ્યક્તિગત મોક્ષના પુરુષાર્થની ભાવના સ્હેજ મોળી પડી અને આધ્યાત્મિક સાધના કાજે સામૂહિક પુરુષાર્થની દિશા જડી. સામૂહિક પ્રાર્થનાની પ્રણાલીને વિશાળ ફલક સાંપડ્યું. કડી-સર્વ વિદ્યાલયની જેમ ગુજરાતભરની અનેક આશ્રમિક-શાળાઓની સમૂહગત પ્રાર્થનાઓ પાછળ સંભવ છે કે, પૂ. ગાંધીજીના આશ્રમની પ્રાર્થનાઓ અને 'આશ્રમ ભજનાવલિ'નું પ્રેરક-પોષક બળ હોય ! આ પ્રણાલીએ નીતિ અને ધર્મની અને સરવાળે હૃદયની જે સાચી કેળવણી આપી છે તેનો યોગ્ય ખ્યાલ તો પાકટ વયે જ આવે-આવી શકે. હવા, પાણી ને અન્ન વિના આપણને ચાલતું નથી. આ બધી દેહની જરૂરિયાતો છે. ધર્મ એ જીવનનો પ્રાણ છે, અને પ્રાર્થના એ આત્માનો આહાર છે. વ્યવહાર-જીવનને નીતિમય કરવા અને આત્માને પોષક આનંદનો આહાર આપવા પ્રાર્થનામય જીવન અનિવાર્ય છે.

દુન્યવી પ્રેમ-સંવનનમાં ત્રીજી વ્યક્તિની ઉપસ્થિતિ કે દખલગીરી ડખલરૂપ કે દુઃખદ હોય છે-અનિચ્છનીય પણ. કિન્તુ પ્રાર્થના એ તો આત્માનું પરમાત્મા સાથેનું પ્રેમ-સંવનન છે. નિર્વેદ, પ્રમાદ, ઉપેક્ષા, ટાઢાશ, મોળાશ, નિદ્રા એમાં ન ખપે, ન નભે.

'યહ પ્રીત કરન કી રીત નહીં, સબ જાગત હૈ તુ સોવત હૈ'

પણ સમૂહ-પ્રાર્થનાની ય તે બલિહારી છે ! પૂ. વિનોબાએ એકવાર વડોદરાની એક વિરાટ સભામાં (મારા અંદાજ મુજબ લાખેકની સંખ્યા તો હશે) જે પ્રાર્થના કરાવેલી એને હું મારા જીવનનો વિરલ-પરમ લ્હાવો સમજું છું. 'કામયે દુઃખતપ્તાનામ્ પ્રાણિનામ્ આર્તિ-નાશનમ્ ' સાર્વજનીન દુઃખ વિમોચનની ભાવનાઓનો પરિપાક આવી સાંઘિક પ્રાર્થનાનું શ્રેય હોય.

અમારી એ પ્રાર્થનાઓએ ત્યારે તો અમને કેવળ શુક-પાઠી બનાવ્યા, પણ ઉત્તર જીવનમાં અંતર્મુખ થવા પ્રેર્યા. પરમતત્ત્વની સાધનામાં આપણે બધા જ સાથે છીએ એ ભાવના જીવનમાં કેવી તો ઉષ્મા આપે છે ! અને પ્રાપ્તવ્યનો વિવેક પ્રાપ્ત થયો તે ! ગભરુ-હૃદયોને પ્રાર્થના-જીવન પ્રત્યે અભિમુખ કરતાં ઉદાત્ત ગુરુ-હૃદયોની આત્મ-સમૃદ્ધિનો ખ્યાલ કેવો તો સુખદ છે ! એ 'વાઙ્મયી ઉપાસના' દ્વારા આપણી સંસ્કૃતિની સાત્ત્વિકમાં સાત્ત્વિક શ્રી-સમૃદ્ધિ પામ્યાનો અંદાઝ તો કોણ કાઢી શકે તેમ છે ?

ક્ષર-અક્ષર શ્રેય-પ્રેય અને સારાસારના વિવેકનું મૂળ આ પ્રાર્થનાઓમાં પડેલું નથી એમાં કોણ કહી શકશે ?

અમારા પલસાણિયા-કુટુંબની પાંચ-પેઢી-દર્શનનો અવસર કે સુયોગ મને પ્રાપ્ત થયો છે. દાદા-દાદીનો ભક્તિભાવ સાવ સરળ ને સ્વાભાવિક હતો. ભીતિ-લાલચની એમાં રજમાત્ર ભેળસેળ નહોતી. પિતાજીના ચિત્તનો કબજો 'રાજબોધ' અને કબીરે લીધેલો. મોટાભાઇને આખી 'આશ્રમ-ભજનાવલિ' કંઠસ્થ પણ શ્રદ્ધા ભગવાન શિવમાં. આદિમાં મારી પ્રકૃતિ અજ્ઞેયવાદીની પણ ઉત્તરવયમાં શાંકરવેદાન્તે કૈંક સમાધાન આપ્યું. મારા પુત્રો અને પૌત્રો ઘરમાં ને બહાર, ૐ શિવાય નમઃ । જયશ્રી કૃષ્ણ કે જય સ્વામીનારાયણ પણ બોલે. વ્યક્તિગત રીતે, નિજી પ્રકૃતિ અનુસાર પ્રાર્થના દ્વારા, અધ્યાત્મ-સંપદા રળે અને શાંતિ સાધે-પામે. સવારસાંજની સમૂહ-પ્રાર્થનાનો શરૂઆતમાં મેં આગ્રહ રાખેલો પણ કેટલાકને એ અનુકૂળ ન આવતાં જતો કર્યો. આજે તો કુટુંબના સૌ સભ્યો દેશમાં કે વિદેશમાં પોતપોતાની રીતે પરમતત્ત્વ સાથેનો મેળ સાધી નાતો નિભાવી લે છે !

અધ્યાત્મ-વાયુ મંડળનો પ્રાણવાયુ જેટલો નિર્મલ હશે તેટલો જ વ્યક્તિ, કુટુંબ કે સમાજ માટે પ્રાણપ્રદ નીવડવાનો.

(૨)

એ સાલ હતી ૧૯૩૮ની. મને બરાબર યાદ છે, કેમજે અમદાવાદની ગુજરાત કૉલેજમાં ત્યારે હું પ્રથમ વર્ષમાં (પ્રીવિયસ) ભણતો હતો અને મારા વિદ્યાગુરુ પ્રો. અનંતરાય રાવલ સાહેબની પ્રસ્તાવના સાથે મારો પ્રથમ કાવ્યસંગ્રહ નામે 'કાવ્યસંહિતા' પ્રગટ થયેલ. ૧૯૮૩માં પ્રગટ થયેલ મારા સાતમા કાવ્યસંગ્રહ 'રટણા'ના ફ્લેપ પરના લખાણમાં જણાવ્યા પ્રમાણે, વિવેચક તરીકેનો પ્રો. રાવળ સાહેબનો, 'કાવ્યસંહિતા'ની પ્રસ્તાવના રૂપે લખાયેલ પ્રથમ લેખ હતો. ' 'કાવ્યસંહિતા'ના સ્વાગત-લેખથી જેના પ્રવેશક લેખનનો પણ પ્રારંભ થયો એવા મારા (અને એમનાય તે 'અનામી'ના) દુકાન વધાવવા-બેસવાના સમયે, એમના આ સાતમા સુપુષ્ટ કાવ્યસંગ્રહને આત્મીયભાવે આવકારવાનું બને છે, એને એક મધુરયોગ લેખું છું.' ('રટણા' પ્રો. અનંતરાય મ. રાવળ). ૧૯૩૮ના ડિસેમ્બર માસમાં, પ્રો. બળવંતરાય ઠાકોર અમદાવાદમાં એમના પરમ મિત્ર લાખિયાને બંગલે ઊતરેલા. પ્રો. રાવળ સાહેબના કહેવાથી 'કાવ્યસંહિતા'ની એક નકલ, પ્રો. બ. ક. ઠાકોરને ભેટ આપવા હું શ્રી રતિલાલ લાખિયાને બંગલે ગયો તો એમની દેહયષ્ટિ દેખીને જ ડઘાઇ ગયો! પ્રોફેસર સાહેબને પગે લાગી પ્રણામ કરી મારા પ્રથમ કાવ્યસંગ્રહની ભેટ ધરી. હાથમાં લઇ ફેરવી જોઇ અને પછી કહે : 'તમારી જેમ મારો ભાણો પણ કાવ્ય લખવા લાગ્યો. મેં એને કહ્યું: 'અલ્યા ! આ હું એક લખનાર ઓછો છું, તે તું ય પાછો મંડી પડ્યો ?' એ પછી મેજ પર 'કાવ્યસંહિતા'ને ઠીક ઠીક ઠપકારી મને કહે : 'બ્રહ્મચર્ય પાળો, બ્રહ્મચર્ય !... કલમનું સ્તો ! આટલી બધી અધીરાઇ શાની પ્રગટ કરવાની ?' હું છોભીલો પડી ગયો પણ શાન્ત રહ્યો. જવા હું તત્પર થયો એટલે મને કહે: 'જુવાન ! હવે તું ક્યાં જવાનો ? મેં કહ્યું: 'કૉલેજમાં.' એટલે કહે : 'મારે મારા મિત્ર આનંદશંકર ધ્રુવને મળવા જવું છે. આંબાવાડીમાં રહે છે. તું તારો ખભો મને ધીરીશ ?' મેં કહ્યું: 'એક નહીં બે'. એ પછી સાંપ્રત સાહિત્યની, સઘન અભ્યાસની અને એમના મિત્રની વાતો કરતા કરતા અમો 'વસન્ત' બંગલે પહોંચ્યા. બંનેય સાક્ષરવર્યોને પૂજ્યભાવે પ્રણામ કરી, 'બ્રહ્મચર્ય પાળો, બ્રહ્મચર્ય...કલમનું સ્તો' એના ભણકારા સાથે હું મારી હોસ્ટેલે પહોંચ્યો.

(૩)

આ પ્રસંગ બન્યા બાદ, ૧૯૪૦માં પ્રો. ઠાકોરનાં 'મ્હારાં સોનેટ', પ્રો. યશવંત શુકલે, માર્મિક રસિકતાથી બી.એ.માં શિખવ્યા. 'પ્રો. ઠાકોરની અર્થઘન કવિતા ઉપર મેં ગુજરાત કૉલેજમાં અને ૧૯૪૫માં વડોદરામાં ભાષણો આપ્યાં. વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં 'આપણી કવિતાસમૃદ્ધિ' અને 'ભણકાર' ભણાવ્યાં. 'પ્રો. ઠાકોર શતાબ્દી ગ્રંથ'માં, કવિ 'કાન્ત' અને પ્રો. ઠાકોરની મૈત્રી પર 'ભવ વૈજયંતી મૈત્રી' નામે લાંબો લેખ લખ્યો. એમની અસર નીચે અનેક પૃથ્વી છંદી અર્થઘન સોનેટો પણ લખ્યાં. જૈફ વયે તેમણે સંપાદિત કરેલ 'અંબડ વિદ્યાધરરાસ' ઠીકઠીક માણ્યો અને ઉદયભાનુ વિરચિત 'વિક્રમચરિત' રાસનું એમનું અધૂરું રહેલું કાર્ય, મ.સ.યુનિ.ના આમંત્રણથી, 'પ્રસ્તાવના' લખી અને શબ્દકોષ તૈયાર કરી આપી પૂરું કર્યું અને એ ગ્રંથ પ્રગટ કર્યો જે મ.સા. યુનિ.માં એમ.એ.માં પાઠ્યપુસ્તક તરીકે રહ્યો. છેલ્લે પ્રો. ઠાકોરે એમની લાયબ્રેરી અને બધું જ પ્રગટ-અપ્રગટ સાહિત્ય-ધન અમારી યુનિ.ને અર્પણ કર્યું. ને યુનિ.એ એમનું મોટા ભાગનું સાહિત્ય પ્રગટ કરી સાચા અર્થમાં 'તર્પણ' કર્યું. પ્રો. ઠાકોર વિષયક શોધપ્રબંધ અને એમના સાહિત્યનું શાસ્ત્રીય સંપાદન કરવામાં પ્રો. હર્ષદ મ. ત્રિવેદીએ (પ્રાસન્નેય) વિરલ સહયોગ આપ્યો. આમ 'કલમના બ્રહ્મચર્ય'નો ઋણાનુબંધ ક્યાં જઇને વિરમ્યો!

(૪)

૧૯૩૯માં, પ્રો. અનંતરાય રાવળ સાહેબે મારી ઓળખાણ કવિવર ન્હાનાલાલને કરાવી ત્યારે તેઓ અમદાવાદના ટાઉનહોલ પાસે શેઠ માણેકલાલ જે લાયબ્રેરીની પાછળ આવેલ શ્રી લાલભાઇના બંગલામાં રહેતા હતા. એમની સામે શેઠ ભાલકિયા (ભાલકિયા મિલના માલિક)નો બંગલો હતો ને ત્યાંથી માંડ બેત્રણ ખેતરવા ગુજરાત કૉલેજ. ઓળખાણ થયા બાદ હું અવારનવાર એમના દર્શને જતો. ઠીક ઠીક બેસતો. એમના સાહિત્યમાં મને ૧૯૨૮ થી રસ પડેલો. મુંબઇમાં, કબીબાઇ હાઇસ્કૂલમાં એકવારના અધ્યાપક, 'ફાર્બસ સભા'ના એકવારના મંત્રી, કેવળ એક જ ઉપલબ્ધ હસ્તપ્રતને આધારે માંડણની 'પ્રબોધબત્રીસી'નું સંપાદન કરનાર અને 'દયારામ રસસુધા'ના સંપાદક શ્રી શંકરપ્રસાદ રાવળ, અમારા ગામ નજીકના. એમણે ૧૯૨૮માં અમારા ગામમાં અંગ્રેજી નિશાળ ખોલેલી. અવારનવાર તેઓ અમદાવાદ જાય ત્યારે ખાસ કરીને કવિવર ન્હાનાલાલને અને સાક્ષરવર્ય શ્રી રમણભાઇ નીલકંઠને મળે. 'જયાજયંત' અને 'રાઇનો પર્વત'ની વર્ગમાં વાતો કરે. ૧૯૩૨માં અંગ્રેજી ધોરણ પાંચમામાં અમારે 'રાઇનો પર્વત' ભણવાનો આવ્યો અને કૉલેજમાં 'ઇન્દુકુમાર' અને 'જયાજયંત'. કૉલેજકાળ દરમિયાન (૧૯૩૮ થી ૧૯૪૪) મેં કવિવર ન્હાનાલાલનું લગભગ બધું જ સાહિત્ય વાંચી નાંખેલું. એમનાં ગીતોએ મારા પર પ્રબળ અસર કરી છે. કવિને બંગલે હું જતો ત્યારે શ્રી મેઘાણીભાઇ, 'ધૂમકેતુ', બાલાભાઇ (જયભિખ્ખુ), શ્રી બાલચન્દ્ર પરીખ, પ્રો. ફિરોજ કાવસજી દાવર સાહેબ, કવિશ્રી ઉમાશંકર જોષી અને પાટડી સ્ટેટના દરબાર અવારનવાર આવતા. મેઘાણીભાઇ લોકસાહિત્યની અને 'ધૂમકેતુ' એમની ઐતિહાસિક નવલકથાઓની ચર્ચા કરતા. બાલચંદ્ર પરીખ કવિના રાસગીતોની અને દાવર સાહેબ એમના અપદ્યાગદ્ય (ડોલનશૈલી)ની ચર્ચા કરતા. એકવાર હું કવિને બંગલે હતો અને પાટડી દરબારનું આમંત્રણ આવ્યું. સહજભાવે મને કહે : 'ચાલ, તારે આવવું છે ?' મેં સંકોચથી વિનયપૂર્વક ના ભણી એટલે કહે: 'દરબાર સાહેબ સાહિત્યરસિક જીવ છે. મારા 'પેટ્રોન' છે. પૈસા હું લેતો નથી પણ મારા સાહિત્યને એ ખૂબ ઉત્તેજન આપે છે.' દરબાર સાહેબ સંબંધે મેં ઝાઝી પૃચ્છા કરી નહીં. પણ હું માનું છું કે અંબિકા મિલ્સના માલિક શ્રી જયકૃષ્ણભાઇના સસરા અને શ્રીમતી પદ્માબહેન જયકૃષ્ણભાઇના પિતાજી શ્રી પ્રતાપસિંહ દેસાઇ એ હોવા જોઇએ. પાટડી દરબારના એક ભાયાત શ્રી નારાયણસિંહજી દેસાઇ ગુજરાત કૉલેજ પાસે રહેતા હતા, જેમણે ઇ.સ.૧૯૩૮માં પ્રગટ થયેલ મારા પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યસંહિતા'ની પચાસ નકલો ખરીદેલી. પાટડીના

રહીશ ને 'ધરતી' માસિકના વિદ્વાન તંત્રી, 'જ્ઞાતિરત્ન' શ્રી પ્રભાતકુમાર દેસાઇ મને દરબાર સાહેબ પાસે લઇ ગયેલા.

કવિશ્રી ન્હાલાલાલનો કોઇ દિવસ ભાગ્યે જ કંઇ લખ્યા વિનાનો ગયો હોય ! પ્રતિભાસંપન્ન તો એ હતા જ. પણ જ્યારે પ્રેરણાથી કંઇ ન લખાય ત્યારે કોઇ ને કોઇ શિષ્ટ ગ્રંથનો અનુવાદ કરે, અને જ્યારે એમાંનું કશું જ ન થાય ત્યારે એમના આદર્શ ગૃહિણી શ્રીમતી માણેકબાને કહે : 'બાઇ ! આજે મેં તારા રોટલા મફતના ટીચ્યાં ! પૂ. માણેકબાને તેઓ 'બાઇ !' કહીને બોલાવતા. 'બાઇ ! અંતુભાઇ આવ્યા છે,' 'બાઇ અનામી આવ્યા છે'; આમ કહેવા પાછળનો આશય 'સક્રિય આતિથ્ય'નો જ હોય. કવિદમ્પતીનું આતિથ્ય અદ્ભુત હતું. માત્ર સાહિત્યલેખન દ્વારા એ જમાનામાં ગુજરાન ચલાવનારની આર્થિક સ્થિતિ કેવી હોય !

એકવાર એમણે એમનાં બે નવાં પ્રકાશનો મને ભેટ આપ્યાં. હું એનું મૂલ્ય આપવા ગયો તો કહે, 'તું હજી સાચ્ચો પટેલ નથી. અલ્યા ! તારા ખળામાં ધાન્ય લેવાતું હોય અને બેચાર સૂંપડાં જરૂરિયાતવાળાને આપે એના પૈસા લેવાય ? આ પણ મારા ખાળાનો પાક છે, સમજ્યો ?'

૧૯૪૪માં એકવાર પ્રો. બ. ક. ઠાકોરની કવિતાની વાત નીકળી તો કહે : 'પ્રો. ઠાકોરે બે જ સારાં કાવ્યો લખ્યાં છે. એક 'ખેતી' અને બીજું 'આરોહણ'. મેં 'ભણકાર', 'રાસ' અને એમનાં પ્રણયવિષયક સોનેટોની વાત કરી તો તેમણે તે માન્ય રાખી નહીં ને 'ખેતી' અને 'આરોહણ'ની વિશેષતાઓ સમજાવવા લાગ્યા !

એકવાર એમના બંગલાની બહાર મુખ્ય રસ્તા ઉપર કોઇ સેવ-મમરા વેચનાર આવ્યો. એમના બંગલામાંથી બે ન્હાનાં બાળકોએ કવિનાં કેટલાંક પુસ્તકો આપી સેવ-મમરા લીધા. કવિને આની જાણ થઈ એટલે કહે : 'જીવતેજીવત મારાં પુસ્તકોથી સેવ-મમરા ખરીદાય છે.' કવિની વાણીમાં ભારોભાર વ્યથા હતી પણ તેમણે ઘરમાં કોઇને કશું જ કહ્યું નહીં.

કવિના અવસાન બાદ, લગભગ બે દાયકા પછી એમના મોટા દીકરાનો પુત્ર એકવાર વડોદરે મને મળવા આવ્યો અને કહે : 'દાદાજીના લગભગ ૮૦ પુસ્તકોના કેટલાક 'સેટ' મૂળ કિંમતથી પણ ઓછા મૂલ્યે વેચવાના છે. આમાં તમે મને મદદ કરો.' તે વખતે શ્રીમતી કુસુમબહેન શંકરભાઈ પટેલ, વડોદરા જિલ્લાનાં શિક્ષણાધિકારી કે ગુજરાત રાજ્ય-કેળવણી શાખાનાં ડેપ્યુટી- ડાયરેક્ટર હતાં. એમની મદદથી, વડોદરા જિલ્લાની શાળાના આચાર્યોનું એક સંમેલન 'વાકળ કેળવણી મંડળ'ના વિશાળ ભવનમાં રાખવામાં આવ્યું. કવિવર ન્હાનાલાલના સાહિત્ય ઉપર મેં લગભગ દોઢ કલાક સુધી પ્રવચન આપ્યું. એનો એવો સાનુકૂળ પ્રતિભાવ સાંપડ્યો કે મોટા ભાગના 'સેટ' હાઇસ્કૂલો ખાતે ખરીદાયા ને ૧૫-૨૦ સેટ વ્યક્તિઓએ ખરીદ્યા. બે સેટ મેં પણ લીધા જેમાંનો એક 'કલાપી'ના મિત્ર 'સાગર' મહારાજની ચિત્રાલ ખાતે આવેલી હાઇસ્કૂલને ભેટ આપ્યો.

૧૯૪૩માં કૉલેજમાં ઉનાળાની રજાઓ પડી. મારે એક ચોપડી એમ.એ. માં ભણતી એક બહેનને આપવાની હતી જે બહેન કવિની દીકરી ચિ. ઉષાની ખાસ બહેનપણી હતી. એ સંપેતરુ મેં ચિ. ઉષાને વળગાડ્યું. કવિને આની જાણ થઇ એટલે મારે વતન ત્રણ પૈસાના કાર્ડમાં લખ્યું : 'એક કહું ? જુવાન છોકરીઓ સાથે ઝાઝો સંબંધ રાખવો નહીં.' સારું થયું કે પોસ્ટમેને એ પત્ર મને આપ્યો, બાકી કુટુંબના અન્ય સભ્યો પાસે ગયો હોત તો ? કવિવર કેવા Puritan હતા તેનો ખ્યાલ આપવા આ અંગત વાત લખી છે.

એમના અવસાન ટાણે સ્મશાનયાત્રામાં ખાસ જોડાવા માટે હું પેટલાદથી અમદાવાદ ગયેલો. અમદાવાદના મોટા ભાગના સાહિત્યકારો અગ્નિસંસ્કાર ટાણે હાજર હતા; પણ તે સમયનું એક હૃદયસ્પર્શી દશ્ય હજી અર્ધી સદી વીત્યા બાદ પણ મારા ચિત્તફલક પર એટલું જ તાદશ-જીવંત છે. ચિતાની પાછળ, બે હસ્ત ભાવ-ભક્તિપૂર્વક જોડી, નમનની મુદ્રામાં બેત્રણ ફેરા ફરી ઠરેલી રાખમાંથી કેટલીક પડીકે બાંધી કો'ક અગમ્ય સંકલ્પપૂર્વક ગજવે ઘાલી; જાણે સદ્ગતની પ્રતિભાને યોગ્ય અંજલિ આપી એમાંથી પ્રેરણા ન લેતા હોય ! એ વ્યક્તિ બીજી કોઇ નહીં પણ કવિવરની પ્રતિભાનું સતત સ્મરણ કરાવે તેવી અનોખી પ્રતિભા-એ પ્રતિભાનું શુભ નામ શ્રી ઉમાશંકર જોષી.

(૫)

વાત છે ઇ. સ. ૧૯૬૧ની. વડોદરાની અમારી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રેપરેટરી આર્ટ્સ-સાયન્સ-કોમર્સની ત્રણેય શાખાઓમાં ગુજરાતીના વિષયમાં, ગુજરાતના પરમ સંત શ્રી રવિશંકર મહારાજે વર્ણવેલ ને શ્રી ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યિક રંગે આલેખેલ 'માણસાઇના દીવા' પાઠ્યપુસ્તક તરીકે ચાલે. આ ત્રણેય વિદ્યા-શાખાઓના પ્રિન્સિપાલ તરીકે હતા શ્રી કિશોરકાન્ત એસ. યાજ્ઞિક. યાજ્ઞિક સાહેબે, વડોદરાના જ નહીં પણ સમગ્ર ગુજરાતના સેવાભાવી આંખોના દાક્તર શ્રી ઝવેરભાઇ પટેલને વિનંતી કરી કે તેઓ પૂ. મહારાજને ફેકલ્ટીમાં પધારવા ને 'માણસાઇના દીવા' પર બે બોલ બોલવા, યુનિવર્સિટી વતી વિનંતી કરે. ડૉ. ઝવેરભાઇએ આ પ્રકારની વ્યવસ્થા કરીને પૂ. મહારાજનું વ્યાખ્યાન ગોઠવવાની મને સૂચના આપી. લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે ગુજરાતના સંત પધાર્યા. એક કલાક સુધી પૂ. મહારાજે 'માણસાઇના દીવા'ના પ્રસંગોને જીવંત બનાવી દીધા. એક કલાક સુધી, ટાંકણી પડે તો પણ સંભળાય એવી શાંતિ હતી. મારી જિન્દગીમાં મેં સેંકડો વ્યાખ્યાનો ગોઠવ્યાં છે. મૂર્ધન્ય સાક્ષરોનાં ને લોકપ્રિય સાહિત્યકારોનાં; પણ પૂ. મહારાજના પ્રવચન દરમિયાન જે 'દિવ્ય શાંતિ' હતી એવો અનુભવ મને ક્યારેય થયો નથી. સાત્ત્વિકતાની વાત જ નિરાળી છે!

તે કાળે, વ્યાખ્યાનના પુરસ્કાર પેટે રૂપિયા એકસો (રૂા. ૧૦૦/-) આપવાનો નિયમ હતો. પૂ. મહારાજ પાસે સહી માટે બિલ ધર્યું તો કહે : 'વ્યાખ્યાનના તે પૈસા હોય ? હું ક્યારેય પૈસા લેતો નથી.'

પણ નિયમ પ્રમાણે સંસ્થાએ તો આપવા રહ્યા. છેવટે એવો તોડ કાઢ્યો કે ડૉ. ઝવેરભાઇ સહી કરી એ પૈસા સ્વીકારે ને કોઇ ગરીબ લાયક વિદ્યાર્થીને મદદરૂપે આપે.

કાર્યક્રમ પત્યા બાદ પૂ. મહારાજ ને હું ગૌતમનગરમાં આવેલા ડૉ. ઝવેરભાઇને બંગલે ગયા. ત્યાં પૂ. મહારાજ મને પૂછે : 'તમારે ત્યાં કોઇ સુરેશ જોષી નામે અધ્યાપક છે ?' મેં કહ્યું : 'હા, ગુજરાતી વિભાગમાં અમો સાથે જ છીએ !' મહારાજ કહે : 'મેં એમ સાંભળ્યું છે કે 'માણસાઇના દીવા' ભણાવતાં, એક ડાકુને ફાંસીને માંચડેથી બચાવવા માટે મારે વડોદરે પોલિસ કમિશ્નરને મળવાનું હતું ને એક રાતમાં મેં વિના ચંપલે ૪૦ માઇલ ચંપલાટી નાંખેલું...એ પ્રસંગના અનુસંધાનમાં એ સુરેશભાઇએ વર્ગમાં એમ કહેલું કે 'આ વાત તદ્દન અશક્ય છે.'

મહારાજને કોઇ વિદ્યાર્થીએ જ આ વાત કરી હશે. એ વાતના અનુસંધાનમાં, સહેજ ટટ્ટાર થઈ, જમણી જાંઘ પર જોરથી હાથ પટકી મહારાજ કહે : 'એ વખતે તો હું યુવાન હતો...પણ એમને જોવું હોય તો આજે આ વૃદ્ધાવસ્થામાં પણ હું એટલું ચાલી બતાવું એમ છું. મારો આટલો સંદેશો તમો એ ભાઇને કહેજો.'

પૂ. મહારાજની 'ચેલેન્જ માટે મને તો રજમાત્ર શંકા હતી જ નહીં. દક્ષિણ આફ્રિકામાં પૂ. બાપુ, ઘાયલ થયેલ સૈનિકોને ઉપાડી એથી પણ વધુ ચાલતા ન હતા ? પૂ. મહારાજ પૂ. બાપુના જ અનુયાયીને !

✤✤✤

# वैराग्यमेवाभयम्

□ પૂ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરિજી મહારાજ

ભૂખનું દુઃખ દૂર કરવું, એ જેટલી મહત્ત્વની બાબત છે, એથી કંઇ ગણી વધુ મહત્ત્વની બાબત ભૂખનું આ દુઃખ દૂર કરવા કેવું ભોજન આવકારવું, એ છે ! ભૂખનું દુઃખ દૂર કરવા કાજે સામે દૂધપાકના વાટકા ભરેલા પડ્યા હોય, પણ એ જો વિષમિશ્રિત હોય, તો કોઇ એની પર નજર પણ કરતું નથી. આની સામે બાજરાના બે સૂકા રોટલાનું નિર્વિષ ભાણું પીરસાયું હોય, તો ય ભૂખનું દુઃખ દૂર કરવા એને હોંશ અને હૈયાથી આવકાર આપવામાં આવતો હોય છે.

માનવ-માત્રની આ તાસીર જ એ સત્યની સચ્ચાઇની વધુ પ્રતીતિ કરાવી જાય છે કે, ભૂખના દુઃખને દૂર કરવું એ જરૂર મહત્ત્વનું છે, પણ એથી ય વધુ મહત્ત્વની ચીજ આહાર-ભોજનના પરિણામની વિચારણા છે ! એથી જ ઝેરમિશ્રિત દુધપાકથી ભૂખનું દુઃખ દૂર થતું હોવા છતાં, આના વિપાકરૂપે આવી પડનારા મોતના મહાદુઃખનો વિચાર જ માનવ પાસે એ દૂધપાકને જાકારો અપાવીને સૂકા રોટલાને આવકાર અપાવે છે.

આપણી સમક્ષ બે જાતના સુખ પ્રત્યક્ષ છે : એક ભોગસુખ, બીજું ત્યાગસુખ. સંસારી ભલે ભોગસુખને જ સુખ માને. પણ ત્યાગ દ્વારા ય એક અનુપમ સુખ અનુભવાય છે, આ હકીકત છે. આની વિચારણાને હાલ બાજુ પર રાખીને પ્રસ્તુતમાં ઊંડાણથી વિચારવા જેવું એ છે કે, ભોગસુખ સરસ જણાતું હોવા છતાં વિષમિશ્રિત દૂધપાકની સાથે સમાનતા ધરાવે છે. એથી એના વિપાકરૂપે દુઃખોનો ભોગવટો અવશ્યંભવિ બની જતો હોય છે. ત્યાગસુખ દેખીતી રીતે રોટલાના ભાણા સમું નીરસ ભાસે છે, પણ આના પ્રભાવે સાચા સુખની સૃષ્ટિનું અવતરણ અવશ્યંભવિ બને છે. એક સુભાષિતે આ જ વાતને બીજી રીતે રજૂ કરી છે કે એવા ભોગસુખોથી સર્યું, જે પરિમામે દુઃખોની વણઝારને ખેંચી લાવનારા હોય !

કણ જેટલી સુખની મજા, ટન જેટલી દુઃખ સજા ! ભોગ-સુખોના ભાલે લાગેલી આ એક એવી કાળી ટીલી છે કે જેને કોઇ જ ધોઇ શકે એમ નથી. ભોગનું કોઇપણ એવું મોજથી ભોગવાતું સુખ મળવું અશક્ય છે, જે પરિણામે દુઃખોમાં પલટાતું ન હોય ! માથાનો દુઃખાવો દૂર કરી આપતી દવા, જો હાર્ટ-છાતીની મજબૂતાઇને તોડી નાખવામાં નિમિત્ત બનીને એક દહાડો 'હાર્ટફેઇલ'નો વિપાક નોતરી લાવતી હોય, તો આવી દવાને કયો ડાહ્યો માણસ આવકારે ? તત્કાળ દર્દ દૂર કરવા છતાં 'રીએક્શન'નો વિપાક આણનારા 'ઇંજેક્શન'થી આરોગ્ય-પ્રેમીઓ સો ગાઉ દૂર રહેતા હોય છે. તો પછી આત્માના આરોગ્યને ઇચ્છનારાઓ દુર્ગતિ દુઃખોનું 'રીએક્શન' લાવનારા ભોગસુખોને ભેટી પડવાનું ભોળપણ દાખવે થરા ?

ભોગનું સુખ 'રીએક્શન' રહિત નથી, જ્યારે ત્યાગના સુખને કોઈ 'રીએક્શન' અભડાવી શકતું નથી. લોભનું સુખ કે મૂર્છા-ગૃદ્ધિ, સાચવવાની તકેદારી, ચોરીનો ભય અને વધુ ને વધુ મેળવવાની નિત્ય-યૌવના તૃષ્ણા વગેરે કેટલા બધા દુઃખોથી વીંટળાયેલું-ઘેરાયેલું છે ! જ્યારે લોભ-ત્યાગના સુખને આમાનાં કોઇ પણ દુઃખનો ઓછાયોય અભડાવી શકે એમ છે ખરો ?

ક્રોધ, માન, માયા, લોભ : આ ચાર ચીજો દ્વારા થતા સુખાનુભૂતિના આભાસની આસપાસ-ચોપાસ દુઃખોનો દરિયો ઘૂઘવી રહ્યો છે, જ્યારે ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ : આ ચીજો જે નક્કર સુખનો ભોગવટો કરાવી જાય છે, એને દુઃખનો એકાદ-અંશ પણ અભડાવી શકવા સાવ અશક્ત છે એ સત્યનો કોણ ઇન્કાર કરી શકે એમ છે ?

ભર્તૂહરિનું પેલું વૈરાગ્ય-ગાન કાન આગળ ગૂંજી ઊઠે છે: ભોગમાં રોગનો, વંશ-વેલામાં એની વૃદ્ધિ અટકી જવાનો, ધન... રાજાના કરવેરાનો, માનમાં દીનતાનો, બળમાં શત્રુનો, રુપ... જરાનો, વિદ્વત્તામાં વિવાદનો, ગુણમાં નિંદાનો અને કાયામાં મૃત્યુ... ભય રહેલો છે. આવી આ બધી જ ચીજો ભયની ભૂતાવળથી ઘેરાયેલી છે. આમાં નિર્ભય જો કોઇ હોય, તો તે એક વૈરાગ્ય જ છે.

વૈરાગ્યને વરેલી નિર્ભયતા જો બરાબર સમજાઇ જાય તો પ... દુઃખમાં પરિણમનારા 'ભોગ-સુખ'માં આપણને થતી ભોગ અ... સુખની ભ્રમણાનો ભાંગીને ભૂક્કો થઇ ગયા વિના ન રહે !

किं भोगसुखैः परिणाम–दुःखैः ?
વિપાકો દુઃખના જેના, સર્યું એ ભોગસુખથી.

✣ ✣

## કાર્યવાહક સમિતિ ૧૯૯૮-૯૯

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા બુધવારે તા. ૨૫-૧૧-૯૮ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી જેમાં ૧૯૯૮-૯૯ના વર્ષ માટે કાર્યવાહક સમિતિની નીચે પ્રમાણે રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ કાર્યવાહક સમિતિએ કો-ઓપ્ટ સભ્યોની તથા સહમંત્રીની નિમણૂંક કરી હતી.

### હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ : | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ઉપપ્રમુખ : | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| મંત્રીઓ : | શ્રીમતી નિરૂબેન સુબોધભાઇ શાહ |
| | ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ |
| સહમંત્રી : | શ્રીમતી વર્ષાબેન રાજુભાઇ શાહ |
| કોષાધ્યક્ષ : | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઇ ઝવેરી |
| સભ્યો : | ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ |
| | પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ |
| | કુ. વસુબહેન ભણશાલી |
| | શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઇ શાહ |
| | શ્રી સુબોધભાઇ મોહનલાલ શાહ |
| | કુ. મીનાબહેન શાહ |
| | શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |
| | શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ |
| | શ્રી નેમચંદ મેઘજીભાઇ ગાલા |
| | શ્રી ગાંગજીભાઇ શેઠીયા |
| | શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઇ ભાઉ |
| | શ્રી વી. આર. ઘેલાણી |
| | શ્રી નટુભાઇ પટેલ |
| | શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા |
| કો-ઓપ્ટ સભ્યો : | શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ |
| | શ્રીમતી રમાબેન જયસુખભાઇ વોરા |
| | શ્રી શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી |
| | શ્રીમતી રમાબેન વિનોદભાઇ મહેતા |
| | કુ. યશોમતીબહેન શાહ |

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઇ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ...
: ૩૮૨૦૨૮૯. મુદ્રણસ્થાન : ફ્મરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઇ-૪૦૦ ૦...